
# સમયસાર વૈભવ

ભાગ – 3







પ્રકાશક

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર
## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
## ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૩)

(ગાથા-૧૪થી ૩૧, શ્લોક-૧૦થી ૨૬, પ્રવચન-૬૩થી ૯૨)

પ્રકાશક
સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

વિક્રમ સંવંત ૨૦૭૩

વીર સંવંત ૨૫૪૩

ઈ. સન ૨૦૧૭


**પ્રકાશન**

તા. ૨૩-૩-૨૦૧૭

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૫મી સમ્યક્જયંતિ


**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.

મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨


**ટાઈપ સેટિંગ :**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧



**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।**
**एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।**

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ


૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

આ પ્રવચનોના પ્રથમ ચાર ભાગ પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૫મી સમ્યક્ત્વ જયંતિ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યાં છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી સુનીલભાઈ શાહ, મુંબઈ, શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધીનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મુકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ<br>
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ<br>
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ<br>
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

## સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત

વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર

કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૬૩ | ૦૧-૧૦-૧૯૬૬ | શ્લોક-૧૦, ગાથા-૧૪ | ૦૦૧ |
| ૬૪ | ૦૨-૧૦-૧૯૬૬ | ગાથા-૧૪ | ૦૧૬ |
| ૬૫ | ૦૩-૧૦-૧૯૬૬ | ગાથા-૧૪ | ૦૩૧ |
| ૬૬ | ૦૪-૧૦-૧૯૬૬ | ગાથા-૧૪ | ૦૪૬ |
| ૬૭ | ૦૫-૧૦-૧૯૬૬ | ગાથા-૧૪ | ૦૫૮ |
| ૬૮ | ૦૬-૧૦-૧૯૬૬ | ગાથા-૧૪ | ૦૭૨ |
| ૬૯ | ૦૭-૧૦-૧૯૬૬ | ગાથા-૧૪, શ્લોક-૧૧-૧૨ | ૦૮૬ |
| ૭૦ | ૦૮-૧૦-૧૯૬૬ | શ્લોક-૧૨, ગાથા-૧૫ | ૦૯૯ |
| ૭૧ | ૦૯-૧૦-૧૯૬૬ | ગાથા-૧૫ | ૧૧૩ |
| ૭૨ | ૧૦-૧૦-૧૯૬૬ | ગાથા-૧૫ | ૧૨૫ |
| ૭૩ | ૧૧-૧૦-૧૯૬૬ | ગાથા-૧૫, શ્લોક-૧૪-૧૫ | ૧૩૮ |
| ૭૪ | ૧૨-૧૦-૧૯૬૬ | ગાથા-૧૬ | ૧૫૨ |
| ૭૫ | ૧૩-૧૦-૧૯૬૬ | શ્લોક-૧૭-૧૯ | ૧૬૬ |
| ૭૬ | ૧૫-૧૦-૧૯૬૬ | ગાથા-૧૭-૧૮ | ૧૮૦ |
| ૭૭ | ૧૬-૧૦-૧૯૬૬ | ગાથા-૧૭-૧૮ | ૧૯૪ |
| ૭૮ | ૧૭-૧૦-૧૯૬૬ | ગાથા-૧૭-૧૮ | ૨૦૮ |
| ૭૯ | ૧૮-૧૦-૧૯૬૬ | ગાથા-૧૭-૧૮, શ્લોક-૨૦ | ૨૨૩ |
| ૮૦ | ૧૯-૧૦-૧૯૬૬ | ગાથા-૧૭-૧૮-૧૯ | ૨૩૭ |
| ૮૧ | ૨૦-૧૦-૧૯૬૬ | ગાથા-૧૯ | ૨૫૧ |
| ૮૨ | ૨૨-૧૦-૧૯૬૬ | ગાથા-૧૯, શ્લોક-૨૦ થી ૨૨ | ૨૬૬ |

| | | | |
|---|---|---|---|
| ૮૩ | ૨૩-૧૦-૧૯૬૬ | ગાથા-૨૦ થી ૨૨ | ૨૮૦ |
| ૮૪ | ૨૪-૧૦-૧૯૬૬ | ગાથા-૨૦ થી ૨૨ | ૨૯૫ |
| ૮૫ | ૨૫-૧૦-૧૯૬૬ | ગાથા-૨૦ થી ૨૨<br>શ્લોક-૨૨<br>ગાથા-૨૩ થી ૨૫ | ૩૧૦ |
| ૮૬ | ૨૭-૧૦-૧૯૬૬ | ગાથા-૨૩ થી ૨૫ | ૩૨૫ |
| ૮૭ | ૨૮-૧૦-૧૯૬૬ | ગાથા-૨૩ થી ૨૫ | ૩૩૯ |
| ૮૮ | ૨૯-૧૦-૧૯૬૬ | ગાથા-૨૩ થી ૨૫ | ૩૫૨ |
| ૮૯ | ૩૦-૧૦-૧૯૬૬ | શ્લોક-૨૬ | ૩૬૬ |
| ૯૦ | ૩૧-૧૦-૧૯૬૬ | ગાથા-૩૧ | ૩૮૧ |
| ૯૧ | ૦૧-૧૧-૧૯૬૬ | ગાથા-૩૧ | ૩૯૪ |
| ૯૨ | ૦૨-૧૧-૧૯૬૬ | ગાથા-૩૧ | ૪૦૮ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૩)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**ભાદરવા વદ ૨, શનિવાર, તા. ૧-૧૦-૧૯૬૬**
**શ્લોક-૧૦, ગાથા-૧૪, પ્રવચન નં. ૬૩**

આ સમયસાર જીવ-અજીવ અધિકારની ૧૪મી ગાથાનો ઉપોદ્ઘાત છે. ૧૦મો કળશ, ૧૦મો કળશ છે. જુઓ! શું કહે છે? '**શુદ્ધનય...**' અર્થાત્ શુદ્ધ આત્મા ધ્રુવ પરમ જ્ઞાયકભાવ પરમપારિણામિકભાવને અહીંયાં શુદ્ધનય કહે છે. અથવા એ શુદ્ધનય એવો પરમ સ્વભાવ આત્માને કહે છે, પ્રગટ કરે છે, બતાવે છે. '**પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે.**' શુદ્ધનય આત્મસ્વરૂપ એકરૂપ બતાવીને એકરૂપતાને પ્રગટ કરે છે. '**તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે?**' અંતર દૃષ્ટિનો વિષય અથવા એ શુદ્ધનય નામ આત્મસ્વભાવ પરદ્રવ્યથી આત્મા ભિન્ન છે. કર્મ અને શરીરથી ભિન્ન છે. અને '**પરદ્રવ્યના ભાવો...**' કર્મ આદિનો ઉદય આદિ ભાવ જે પર્યાય તેનાથી પણ ભિન્ન છે. પરદ્રવ્યથી ભિન્ન છે અને પરદ્રવ્યનો જે ઉદય, કર્મનો ઉદય, જે ઉદય છે એ પરભાવ છે, એ તો કર્મનો ભાવ છે. એનાથી પણ ભિન્ન '**તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો...**' નિમિત્ત પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થનારા પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ, શુભાશુભ આદિ ભાવ (થાય છે) તે વિભાવ છે. '**એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે.**' એ બધાને પરભાવમાં લીધા. '**आत्मस्वभावं परभावभिन्न**'. પરભાવની આવી વ્યાખ્યા કરી. સમજાય છે કાંઈ?

આત્મા-આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્ય તેનાથી (ભિન્ન) પરભાવ. '**आत्मस्वभावं परभावभिन्न**'. પરભાવમાં ત્રણ બોલ લીધાં. પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવ અને પરદ્રવ્યના નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયેલાં વિકારી ભાવ, એ બધાને અહીંયાં પરભાવ કહ્યું. કહો, સમજાય છે કાંઈ?

'**आत्मस्वभावं**' **અસ્તિ** '**परभावभिन्न**' નાસ્તિ. સમજાય છે કાંઈ? જ્ઞાયક પરિપૂર્ણ પરમાત્મ સ્વભાવ પારિણામિકભાવ ત્રિકાળ જ્ઞાયકભાવ એ '**आत्मस्वभावं**'. '**परभावभिन्न**' કર્મ, શરીર આદિ પરદ્રવ્યથી ભિન્ન અને એના પર્યાયો, પરદ્રવ્યના ભાવો, એનાથી કર્મનો ઉદય છે એ પરદ્રવ્યનો ભાવ છે, એનાથી જુદો. અને કર્મના ઉદયને લક્ષે થયેલા વિકારોથી જુદો. એટલે પરભાવમાં ત્રણ બોલ લીધા. પરદ્રવ્ય, પરદ્રવ્યનો ભાવ અને પરદ્રવ્યના નિમિત્તથી થતાં પોતાનો વિકારી ભાવ. કહો, સમજાય છે આમાં? '**એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે.**' અંતરમાં પરવસ્તુથી ભિન્ન શુદ્ધનય અંતર્મુખ દૃષ્ટિ દેવાથી આત્મા પોતાનો જ્ઞાયકભાવ પરભાવથી જુદો અનુભવ કરે છે. સમજાય છે કાંઈ? પ્રગટ કરે છે, એનો અર્થ અંદરમાં અનુભવ કરે છે કે મારો સ્વભાવ પરિપૂર્ણ પરથી ભિન્ન (છે). એવો અનુભવ કરવો તેનું નામ પરભાવોથી ભિન્ન આત્માને પ્રગટ કરે છે, એમ કહેવામાં આવ્યું. કહો, સમજાય છે કાંઈ?

'**વળી તે, આત્મસ્વભાવ...**' પરભાવથી ભિન્ન કહ્યું. હવે, '**आपूर्णम्**' એ વિશેષણ છે. આત્મસ્વભાવ '**आपूर्णम्**'. અનંત ગુણો સંપૂર્ણપણે પડ્યા છે. '**आत्मस्वभावं परभावभिन्नं आपूर्णम्**'. સમસ્ત પ્રકારે અનંત ગુણોથી પરિપૂર્ણ આત્મા છે. સમજાય છે કાંઈ? આત્મસ્વભાવ '**आपूर्णम्**' સંપૂર્ણ રૂપે પૂર્ણ. વ્યાખ્યા કરી. '**સમસ્ત લોકાલોકને જાણનાર છે...**' એટલે કે બધાને જાણવા-દેખવાનો એનો ત્રિકાળ સ્વભાવ, ત્રિકાળ સ્વભાવ તેને શુદ્ધનય દેખાડે છે, પ્રગટ કરે છે, અનુભવ કરાવે છે. અસ્તિત્વની વાત છે ને? અસ્તિત્વ. કર્તા-કર્મનો અધિકાર બપોરે ચાલે છે. આ તો અસ્તિત્વ. પોતાનું વિદ્યમાનપણું આત્મ સ્વભાવ, વિદ્યમાનપણું પરભાવથી ભિન્ન, વિદ્યમાનપણું સંપૂર્ણ ગુણોથી પૂર્ણ, સંપૂર્ણ ગુણોથી પૂર્ણ. જીવતત્ત્વનું વર્ણન છે ને. જીવતત્ત્વ. જીવતત્ત્વનું વર્ણન છે. જીવતત્ત્વ કોને કહે છે? જીવ સ્વભાવ પરિપૂર્ણ, પરભાવથી ભિન્ન એનું નામ જીવસ્વભાવ આત્મતત્ત્વ કહેવામાં આવ્યું. એ આત્મતત્ત્વ એ જ શુદ્ધનય છે. અને એ આત્મતત્ત્વ બતાવનાર પણ શુદ્ધનય છે. સમજાય છે કાંઈ?

'(**કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધનયમાં કર્મ ગૌણ છે**).' ઈ પર્યાયની વાત કરવા માગે છે. પણ અંદરમાં વસ્તુમાં કાંઈ (ભેદ નથી). '**आपूर्णम्**' વસ્તુ પૂર્ણ, ગુણથી પરિપૂર્ણ. જ્ઞાનથી પરિપૂર્ણ, દર્શનથી પરિપૂર્ણ, આનંદથી પરિપૂર્ણ, ચારિત્રથી પરિપૂર્ણ. અનંત અનંત ગુણ '**आपूर्णम्**', '**आपूर्णम्**', '**आपूर्णम्**'. સમસ્ત પ્રકારે પૂરો છે. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મસ્વભાવનો અનુભવ શુદ્ધનય પ્રગટ કરે છે. '**વળી તે, આત્મસ્વભાવને...**' ઈ ને ઈ વાત છે. '**आत्मस्वभावं परभावभिन्नं आपूर्णम् आद्यन्तमुक्तमेकम्**'. જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ કેવો છે? '**આદિ-અંતથી રહિત...**' આત્મસ્વભાવ એકરૂપ છે. આદિ નહિ, અંત નહિ. એવો પરિપૂર્ણ આત્મસ્વભાવ પરથી ભિન્ન શુદ્ધનય બતાવે છે. '**આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી...**)' કોઈથી ઉત્પન્ન કરાયો નથી કે કોઈ, ઈશ્વર કર્તા છે દ્રવ્ય સ્વભાવનો.

‘**(અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી...)**’ આદિ અને અંત વિના અનાદિ છે. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. જ્ઞાયક સ્વભાવ આત્મ સ્વભાવ પરમભાવ એવો અનાદિ.. અનાદિ.. અનાદિ... આદિ અને અંત વિનાની ચીજ છે. ઉત્પન્ન થઈ નથી, નાશ થઈ નથી એવી વસ્તુ છે. કહો, સમજાય છે કાંઈ?

‘**(એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે).**’ એવો જ્ઞાયકભાવ ત્રિકાળ પરમપારિણામિક, જેમાં ચાર પર્યાય ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે–એ પણ એમાં નથી. કહો, અહીંયાં તેને જીવતત્ત્વ કહેવામાં આવ્યું છે. એ ખરું–વાસ્તવિક–આત્મતત્ત્વ છે. બાકી બધા વ્યવહાર. પર્યાય વ્યવહારઆત્મા. રાગ તો ક્યાંય ગયો. રાગ ઈ અનાત્મા, આસ્રવતત્ત્વ છે. આ તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની પર્યાય એ ખરેખર વ્યવહાર છે. પર્યાય છે ને. પર્યાય વ્યવહાર, દ્રવ્ય નિશ્ચય. ઓહોહો..! સમજાય છે કાંઈ? આ તો લોકો વ્યવહાર વ્યવહાર કહે છે ને કે વ્યવહાર જોઈએ, વ્યવહાર જોઈએ. એ વ્યવહાર ક્યો પણ? વ્યવહાર તો રાગાદિ થાય છે એ અસદ્ભુત વ્યવહાર છે. અને ઉપશમ, ક્ષયોપશમ આદિ પર્યાય છે એ સદ્ભુત વ્યવહાર. પેલો ઉપચારિક, આ અનુપચારિક. સમજાય છે કાંઈ? હો, પણ એનાથી રહિત આત્માને બતાવે છે તેનું નામ શુદ્ધનય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્ય એ જ શુદ્ધનય. ત્રિકાળ દ્રવ્ય એ જ શુદ્ધનય. ‘**भूदत्थो देसिदो दु सुद्धणओ**’. ‘**भूदत्थो देसिदो**’ નહોતું કહ્યું? ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયક. હજી ૧૪મી ગાથા લેવી છે તો ઈ બતાવે છે. ૧૧મીમાં આવી ગયું છે. ભૂતાર્થ ત્રિકાળ એકરૂપ સ્વભાવ એ શુદ્ધનય. કહો, શુદ્ધનય બીજો ક્યો? શુદ્ધનય કયુ દ્રવ્ય હશે? સમજાય છે કાંઈ? અહીંયાં તો જીવ-અજીવ અધિકાર છે ને. આત્મ અધિકાર છે ને. આત્મા કહો કે જીવ કહો. જીવતત્ત્વ નિશ્ચયથી–વાસ્તવિકતાએ કોને કહે છે?

જ્ઞાયક ત્રિકાળ એકરૂપ પારિણામિકભાવ એને અહીંયાં જીવતત્ત્વ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? શરીર, વાણી તો નહિ, દયા, દાન પરિણામ નહિ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય નહિ. સમજાય છે કાંઈ? એવો એકરૂપ અનાદિઅનંત ચૈતન્ય સ્વભાવભાવને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવ્યું છે અને એ જ ભૂતાર્થ નામ યથાર્થ છે. તે જ યથાર્થ નામ અનુભવ કરવા લાયક છે. આશ્રય કરવા લાયક એ જ વસ્તુ છે. ઓહોહો..! હજી તો આ શરીરને ચલાવવું છે ને શરીરને આહાર–પાણીથી પોષવું છે. શરીર છે ને (એટલે) એને માટે આહાર–પાણી લઈએ, વસ્તી લઈએ તો એને કાંઈક દેવું પડે ને. કો’ક પાસેથી આહાર–પાણી, વસ્તી લેવી, કપડા, ... જરી પરને પણ કામ કરીને દેવું જોઈએ. કોણ લ્યે ને કોણ દ્યે? પરદ્રવ્યથી તો ભિન્ન આત્મા ત્રણે કાળે છે. ભિન્ન છે પછી એને લેવું-દેવું રહ્યું ક્યાં? અહીં તો કહે છે કે વિકારથી ત્રણે કાળ ભિન્ન છે. લેવું-દેવું શું? અહીં તો પર્યાય જે નિર્મળ પ્રગટ થાય

છે તેનાથી પણ ભિન્ન આત્મા છે. સમજાય છે કાંઈ? કેમકે પર્યાય પ્રગટ થાય છે તે તો નવી છે. આદિ અંત રહિત એ વસ્તુ નથી. આદિ અંત રહિત ત્રિકાળ ત્રિકાળ એકરૂપ જ્ઞાયક પારિણામિકભાવને પ્રગટ કરે છે. લ્યો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભોજન લ્યે છે.

ઉત્તર :- કોણ લ્યે છે? કોઈ લેતું નથી, દેતું નથી.

મુમુક્ષુ :- પેટને પુદ્‌ગલ મળે છે...

ઉત્તર :- કંઈ મળતું નથી. મમતા મળે છે. પુદ્‌ગલ ક્યાં મળ્યું?

મુમુક્ષુ :- મમતા પણ આત્મામાં નથી...

ઉત્તર :- મમતાનું તો મેં કહ્યું કે એમાં મમતા મળી. મમતા સ્વરૂપમાં નથી. કહો, શોભાલાલજી!

મુમુક્ષુ :- શેઠ અહીંયાં બેઠા તોય રૂપિયા તો આવે છે.

ઉત્તર :- ક્યાં રૂપિયા આવે છે? ધૂળમાંય આવતા નથી. રૂપિયા રૂપિયામાં આવે છે, શરીર શરીરમાં આવે છે, દવા દવામાં આવે છે. આત્મામાં ક્યાં આવે છે?

‘**વળી તે, આત્મસ્વભાવને...**’ હજી આત્મસ્વભાવનું જ (સ્પષ્ટીકરણ ચાલે છે). આત્મસ્વભાવ ત્રિકાળ એકરૂપ ધ્રુવ જ્ઞાયક પરમપારિણામિકભાવ ‘**એક...**’ લ્યો. છે ને? ‘**आद्यन्तविमुक्तमेकम्**’. એક વિશેષણ આવ્યું. ‘**સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર-પ્રગટ કરે છે,...**’ ઓહો..! કેટલા વિશેષણ આપ્યા! સમજાય છે કાંઈ? એકરૂપ છે. પર્યાય તો અનેકરૂપ છે. ભેદ અનેકરૂપ છે, ગુણ પણ અનેકરૂપ છે. એકરૂપ, એકરૂપ ત્રિકાળ એકરૂપ શુદ્ધ ચૈતન્યધાતુ અનંત ગુણથી પરિપૂર્ણ પરથી ભિન્ન એકરૂપ, એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાય છે કાંઈ? ‘**विलीनसङ्कल्पविकल्प-जालं**’. એ ત્રીજું પદ આવ્યું. કોણ? આત્મસ્વભાવ. ‘**જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહ વિલય થઈ ગયા છે...**’ જુઓ! ‘**विलीनसङ्कल्पविकल्प-जालं**’. જાળ જાળ કહ્યું ને? જાળ એટલે સમૂહ. સંકલ્પ વિકલ્પનો સમૂહ આત્મસ્વભાવ ધ્રુવ ચૈતન્યમાં છે જ નહિ. વિલય થઈ ગયો એનો અર્થ કે છે જ નહિ. સમજાય છે કાંઈ? અથવા અનુભવની દૃષ્ટિમાં, અનુભવની પરિણતિમાં એ સંકલ્પ વિકલ્પ ઉત્પન્ન થતાં નથી. સંકલ્પ વિકલ્પની જાળનો નાશ થાય છે. આહાહા..!

‘**અને જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો...**’ જાળનો અર્થ સમૂહ કર્યો ને. ‘**વિલય થઈ ગયા છે...**’ ભગવાન આત્મા શુદ્ધ આત્મસ્વભાવમાં તો સંકલ્પ વિકલ્પ નથી પણ તેનો અનુભવ થયો તેમાં પણ સંકલ્પ વિલ્પનો સમૂહ નાશ પામી ગયો. કેમકે વસ્તુમાં નથી તો વસ્તુના અનુભવની પર્યાયમાં પણ એ નથી, એમ અહીંયાં તો કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાયમાં અનુભવ થયો ત્યારે આ શુદ્ધનય ભૂતાર્થ છે, એમ ભાસન થયું. સમજાય છે કાંઈ? વિલયનો અર્થ તો એ પણ કરે છે. એ તો ‘નિયમસાર’માં આવે છે. પરમપારિણામિકને

વિલીન કરે છે. પરમપારિણામિકભાવ કર્મના નાશનો કુહાડો છે. કુહાડો હોય ને? એ તો ઉપમા (આપી છે). દ્રવ્ય છે, જેવું છે તેવું અનુભવમાં આવે ત્યારે આ દ્રવ્ય એવું છે એમ જણાયું, એમ કહે છે મૂળ તો. સમજાય છે કાંઈ? એની ભાષા પરમપારિણામિકભાવ જ્ઞાયકભાવ સંકલ્પ વિકલ્પનો નાશ કરવાની એ વસ્તુ છે. ક્ષયકરણશીલ આવ્યું હતું ને? આવ્યું હતું કે નહિ આમાં? (કળશ-૯). '**अनुभवमुपयाते भाति न द्वैतमेव**'. ક્ષયકરણશીલ છે. એ તો દ્રવ્ય પણ વિકલ્પનો ક્ષયકરણશીલ છે અને તેનો અનુભવ પણ વિકલ્પનો ક્ષયકરણશીલ છે. વસ્તુ જ આવી છે એમ ક્ષયકરણ, સંકલ્પ વિકલ્પનો ક્ષયકરણશીલ છે, એમ અનુભવ થયો ત્યારે વસ્તુ એવી છે, એમ પ્રતીતમાં આવ્યું. સમજાય છે કાંઈ? ઓહોહો..! ક્યાં લઈ જવા એને! હજી તો અહીં કહે, શુભભાવથી આ થાય, દયાથી આ થાય. વ્રતથી આ થાય, ભક્તિથી આ થાય, નિર્જરા અને સંવર થાય. અહીં તો કહે છે, વ્રતથી સંવર નિર્જરા (તો ન થાય, એ તો) રાગ છે, (પણ) સ્વભાવના આશ્રયે સંવર, નિર્જરા થાય એ પણ સ્વભાવમાં નથી. એકરૂપ દૃષ્ટિમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એની-સંકલ્પ-વિકલ્પની થોડી વ્યાખ્યા કરે છે.

'**(દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે...)**' એ વસ્તુમાં નથી અને અનુભવમાં પણ નથી. સમજાય છે કાંઈ? દ્રવ્યકર્મ મારા છે અને એની પર્યાય મારી છે, તેના નિમિત્તે થયેલા વિકલ્પ મારા છે, શરીર-વાણી મારા છે અને પર્યાપ્તિ.. છ પર્યાપ્તિ હોય છે ને? એ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા. સમજાય છે? એમાં પોતાની કલ્પના. પોતાની કલ્પના નામ તે હું છું એવો સંકલ્પ. એ શુદ્ધનયનો વિષય આત્મામાં નથી અને અનુભવ થયો તેમાં પણ એ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. દ્રવ્યકર્મ અને ભાવકર્મ.

મુમુક્ષુ :- નોકર્મ...?

ઉત્તર :- હા. નોકર્મ ... નોકર્મમાં બધું આવી ગયું. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન, પર્યાપ્તિ.

'**(આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં...)**' દ્રવ્યકર્મ કર્મ છે, ભાવકર્મ વિકારી પર્યાય છે, નોકર્મ વાણી, આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એ બધા નોકર્મમાં જાય છે. એ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના. મન.. મન પુદ્‌ગલનું ઉત્પન્ન થયું છે. સમજાય છે કાંઈ? વાણી પુદ્‌ગલની છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા, મન એ બધા પુદ્‌ગલ છે. એમાં પોતાની કલ્પના (કરવી કે) હું એમાં છું અથવા એ મારા છે. હું એમાં છું અત્યારે તો એટલી વાત છે. પોતાની કલ્પના કરવી તે સંકલ્પ છે. એ સંકલ્પ શુદ્ધ દ્રવ્યમાં નથી અને અનુભૂતિમાં નથી. સમ્યગ્દર્શનની અનુભૂતિ ત્રિકાળ સ્વભાવનો આશ્રય કરતાં એમાં આવો સંકલ્પ નથી.

સંકલ્પનો નાશ કરીને પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

વિકલ્પ. '**જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો...**' અનંતાનુબંધીનો વિકલ્પ લીધો છે. સંકલ્પ મિથ્યાત્વનો લીધો છે અને આ વિકલ્પ અનંતાનુબંધીનો લીધો છે. જ્ઞાનમાં જ્ઞેયના ભેદથી જ્ઞાનની પર્યાયમાં ભેદ માલૂમ થવા. જ્ઞેયોની અનેકતાથી જ્ઞાનમાં ભેદ-અનેકતા ભાસિત થવી તે વિકલ્પ છે. સમજાય છે કાંઈ? એ અનંતાનુબંધીનો વિકલ્પ કહેવામાં આવ્યો છે. આમ પ્રતીત થવી એ સંકલ્પ છે અને પરમાં અસ્થિરતા, અસ્થિર થાય છે ને? અનંતાનુબંધી. સ્વરૂપાચરણનો અભાવ છે. અનેક જ્ઞેય ઉપર લક્ષ જાય છે તો મારી પર્યાય પણ અનેક થઈ ગઈ. અનેકનું લક્ષ કરવાથી પર્યાય અનેક થઈ ગઈ, એમ માલૂમ પડવું '(**તેને વિકલ્પ કહે છે**).' અહીંયાં ઈ વ્યાખ્યા છે. નઆવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે. સમજાય છે કાંઈ? ચોથા ગુણસ્થાનની વાત છે. સમ્યગ્દર્શનની વાત છે. ૧૪ ગાથામાં સમ્યગ્દર્શનની વાત કહેશે, ૧૫ ગાથામાં સમ્યગ્જ્ઞાનની કહેશે, ૧૬ ગાથામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેની ભેગી કહેશે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનની વાત. છેલ્લે લખાણ આવશે. આગળ આવશે અંદર. સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કહીએ છીએ. હવે જ્ઞાનથી આવશે. એમ આગળ આવશે.

મુમુક્ષુ :- સુખી થવાનું પ્રયોજન...

ઉત્તર :- આ સુખી થવાનું પ્રયોજન છે. દુઃખી થઈ રહ્યો છે અનાદિ કાળથી. ઈ (૧૩ કળશનો) ભાવાર્થ છે, ભાવાર્થ. '**પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું; હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે...**' ભાવાર્થ છે. ૧૫મી ગાથાની ઉપર. ૧૫મી ગાથા શરૂ થાય છે એની ઉપર. ૧૫મી ગાથા શરૂ થાય છે એની ઉપર બે લીટીનો ભાવાર્થ છે. પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું. શેમાં? ૧૪માં. આપણે આવશે ઈ. '**હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે.**' ૧૫માં. સમજાય છે કાંઈ? ૧૪ ગાથામાં સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કથન છે. ૧૫મી ગાથામાં જૈનશાસનની સમ્યગ્જ્ઞાનથી (પ્રરૂપણા છે). ૪૩ પાને નીચે. ચાલીસ અને ત્રણ. ૧૩ કળશનો ભાવાર્થ. ૧૪માં સમ્યગ્દર્શનનો વિષય (છે). એની આ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? અર્થાત્ આ સંકલ્પ-વિકલ્પનો અર્થ કેમ કર્યો? એ સમ્યગ્દર્શનના અર્થમાં છે.

સંકલ્પ-પોતાના જ્ઞાયકભાવને છોડી દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ પર્યાપ્તિ, અપર્યાપ્તિ આદિને પોતાના માનવા તે સંકલ્પ છે. એ વસ્તુમાં પણ નથી અને અનુભવ, સમ્યગ્દર્શનમાં પણ નથી. વિકલ્પ. અનંતાનુબંધીનો અભાવ છે. સમ્યગ્દર્શન નથી તો એ જ્ઞેયની અનેકતાથી જ્ઞાનમાં અનેકતા-ભેદ માલૂમ પડવો એ ખંડ ખંડ થયું. એમ વિકલ્પથી રહિત આત્માની-જ્ઞાયક સ્વભાવની અનુભૂતિ એટલે સમ્યગ્દર્શનમાં એ સંકલ્પ-વિકલ્પ નથી. સમજાય છે કાંઈ? અહીંયાં આ અર્થ લીધો છે. કોઈ ઠેકાણે સંકલ્પ-વિકલ્પનો અર્થ બીજો પણ કરે છે. 'દ્રવ્યસંગ્રહ'માં. અહીંયાં તો સમ્યગ્દર્શનની ગાથા લેવી છે ને એટલે સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા સમ્યગ્દર્શનમાં લાગુ

પડે એવી લીધી છે. સમજાય છે કાંઈ? સંકલ્પ મિથ્યાત્વને કહે છે, વિકલ્પ અનંતાનુબંધીને કહે છે. બેયનો અભાવ છે. કહો, સમજાય છે કે નહિ?

'**એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે :–**' લ્યો. એ જ વાત હવે 'કુંદકુંદાચાર્ય' મૂળ સૂત્રથી કહે છે.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

નીચે હરિગીત.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્માને,**
**અવિશેષ અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

ભાષા તો ૧૫ ગાથામાં પણ આવી જ આવશે. અવિશેષ, અસંયુક્ત. '**पस्सदि जिणसासणं सव्वं**' ઈ આવશે પણ જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. સમ્યગ્જ્ઞાન, હોં! સ્વ વેદન. અહીંયાં સમ્યગ્દર્શનની પ્રધાનતા છે. ટીકા, ટીકા. શબ્દાર્થ લ્યો પહેલા થોડો, લ્યોને.

**ગાથાર્થ :–** '**જે નય...**' જે નય નામ જે જ્ઞાનનો અંશ ત્રિકાળ જ્ઞાયકને પકડે છે અને ત્રિકાળ જ્ઞાયકને પ્રસિદ્ધ કરે છે તે નય. '**આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત,...**' સંયોગથી રહિત. કર્મના બંધ રહિત અને સ્પર્શ રહિત. 'જયસેનાચાર્ય'ની ટીકામાં સ્પર્શ વિસ્તાનો લીધો છે. વિસ્તા છે ને? વિસ્તા.. વિસ્તા. આ કર્મબંધ અને .. વિસ્તા. પડેલા. તેનાથી રહિત છે. સંયોગથી રહિત છે. સંયોગ છે તેનાથી રહિત છે. બદ્ધથી રહિત છે. વિસ્તા છે પુદ્ગલમાં સ્કંધમાં. કર્મ જે પરિણમ્યા છે તેની સાથે બીજા પણ સ્કંધ વિસ્તાર ઘણાં છે. તેનાથી પણ આત્મા અસ્પર્શ છે. બંધથી રહિત છે, સ્પર્શથી રહિત છે. આવો સમ્યગ્દર્શનનો વિષય અબદ્ધસ્પૃષ્ટ તેને આ શુદ્ધનય પ્રગટ કરે છે.

'**અન્યપણા રહિત,...**' અનેરાપણા રહિત. પહેલાં દ્રવ્ય આવ્યું. દ્રવ્યથી રહિત-પરદ્રવ્યથી રહિત. અન્યપણા રહિત. ભિન્ન ભિન્ન જે ક્ષેત્રની, આત્માની જે વ્યજંનપર્યાય થાય છે, તેનાથી રહિત છે. ત્રિકાળ એકરૂપ છે. ચલાયમાન-'**ચળાચળતા રહિત,...**' પર્યાયમાં ભેદ પડે છે– અનિયત અનેક પ્રકારના તેનાથી પણ રહિત છે. અને '**વિશેષ રહિત,...**' છે. ગુણભેદ. ભાવમાં ભેદ પડે છે તેનાથી પણ રહિત છે. પરદ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી (રહિત છે). હવે પોતામાં જે વિકારાદિ છે, '**અન્યના સંયોગ રહિત...**' છે. વિકારાદિ ભાવ બતાવ્યા હતા. સમજાણું? પણ અહીંયાં તો ... આદિ દુઃખભાવ છે ને? એ દુઃખભાવથી પણ રહિત છે. અન્યના સંયોગથી જે દુઃખના વિકલ્પ (થાય), દુઃખ.. દુઃખ.. દુઃખ, તેનાથી પણ આત્મા રહિત છે.

'**એવા પાંચ ભાવરૂપ...**' આવા પાંચ ભાવરૂપ '**દેખે છે...**' આ તો સમજાવે છે, હોં! પાંચ ભાવ એકસાથે નથી દેખાતા. પણ આવો એકરૂપ, પાંચ ભાવરૂપ એકરૂપ. પહેલા અબદ્ધસ્પૃષ્ટ દેખે, પછી અન્યપણા રહિત દેખે, પછી અનિયતપણે દેખે, એમ નહિ. આ

તો સમજાવે છે. એક સમયમાં આવા પાંચ ભાવના ભેદ રહિત દેખે. સમજાય છે કાંઈ? ‘એવા પાંચ ભાવરૂપ દેખે છે...’ તો પાંચ ભાવ (કહ્યા એ તો) ભેદ પડી ગયો. એનો અર્થ કે આત્મા કાયમ જ્ઞાયક સ્વભાવમાં પરદ્રવ્યથી ભિન્ન, પરક્ષેત્રથી અનેરી અનેરી પર્યાયથી ભિન્ન, અનેરી અનેરી અવસ્થાથી ભિન્ન, અનેરા ગુણભેદથી ભિન્ન, દુઃખથી ભિન્ન, સંયુક્તભાવથી ભિન્ન. આ બધા એક સમયમાં છે. સમજાણું? એક સમયમાં છે. સમજાવવામાં કઈ રીતે સમજાવે? સમજાવે તો ક્રમથી. એ વિના સમજાવે શી રીતે? ભાષા એમ લખી છે. **‘એવા પાંચ ભાવરૂપ દેખે છે...’**. અર્થાત્ પાંચ પર્યાયના ભેદથી રહિત નિજ એક આકારને દેખે છે, એમ વાત છે. કથનશૈલી તો આવે કેવી? શાસ્ત્ર ભાષા વ્યભિચારી ભાષા. ચૈતન્ય વસ્તુ છે તેને ભાષા દ્વારા કહેવું. ભાષામાં ક્રમ પડે છે. સમજણમાં ક્રમ નથી, સમજણમાં એકસાથે છે. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય એકસાથે છે. પણ એ સમજાવવામાં ક્રમથી કહે છે કે જો ભાઈ! ભગવાન આત્મા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, દુઃખ રહિત, સંયોગથી રહિત એવો એકરૂપ સ્વભાવ, એકરૂપ સ્વભાવ, એને દેખવો અથવા પ્રતીત કરવો, અનુભવ કરીને પ્રતીત કરવો તેનું નામ સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી નાખી (કે), દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો. સમ્યક્ પ્રતીત યથાર્થ આખું તત્ત્વ પૂર્ણાનંદ નિશ્ચય તત્ત્વ છે, વાસ્તવિક છે તે અનુભવ કરીને પ્રતીતમાં આવે છે ત્યારે તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ?

**‘તેને હે શિષ્ય! તું શુદ્ધનય જાણ.’** લ્યો. એને શુદ્ધનય જાણ. એ તો અર્થમાં કહેશે, હોં! શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો. ત્રણે એક છે. શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો. ટીકામાં ત્રણે એકસાથે આવશે. ટીકામાં છે. એ તો પાઠમાં છે તેથી લીધું છે ને. આ આવ્યું, જુઓને! હવે ટીકામાં જુઓ.

**ટીકા :- ‘નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ...’** અબદ્ધ-અસ્પૃષ્ટ. **‘અનન્ય,...’** અબદ્ધસ્પૃષ્ટનો અર્થ પરદ્રવ્યથી ભિન્ન. અનન્ય નામ ક્ષેત્રના ભેદથી ભિન્ન. **‘નિયત,...’** નામ પર્યાયના ભેદથી રહિત. **‘અવિશેષ...’** નામ ગુણભેદથી ભિન્ન અને **‘અસંયુક્ત...’** નામ સંયુક્ત ભાવથી ભિન્ન. સંયોગી ભાવ વિકારી દુઃખરૂપથી ભિન્ન. **‘એવા આત્માની જે અનુભૂતિ...’** એવા આત્માની અનુભૂતિ ‘તે શુદ્ધનય છે.’ ટીકા છે, ટીકા. કૌંસમાં નહિ, આ તો ટીકામાં જ છે. એઈ..! **‘એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે;...’** દેખો! શું કહ્યું? જે કોઈ ભગવાન આત્માને અબદ્ધ અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ (દેખે છે)... દરેકનો ખુલાસો કરશે, હોં! **‘એવા આત્માની જે અનુભૂતિ...’** આવો આત્મા એકરૂપ. આ ભેદ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને સંયોગથી ભિન્ન એવા આત્માની અનુભૂતિ-અનુભવ થવો તે શુદ્ધનય છે. એ અનુભૂતિ તે શુદ્ધનય છે. જુઓ! હવે બે આવ્યા. અને અનુભૂતિ આત્મા છે. ત્રણ વાત આવી. શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો. ટીકામાં ત્રણે

આવી ગયા. અમરચંદભાઈ! સમજાણું? શું કહ્યું? જુઓ!

**'એવા આત્માની જે અનુભૂતિ...'** પાઠ છે, જુઓને! **'चात्मनोऽनुभूतिः स शुद्धनयः सा त्वनुभूतिरात्मैव;'**. ત્રણે સંસ્કૃત છે. અપેક્ષાથી અભેદ કહ્યું છે. અનુભૂતિ તો છે આત્માની નિર્વિકારી પર્યાય. સમજાય છે કાંઈ? પણ અભેદ કરીને અનુભૂતિને જ આત્મા કહ્યું છે. રાગાદિથી ભિન્ન પડી ગયો તો એને આત્મા કહ્યો. આત્મા તો ત્રિકાળી છે ઈ છે. અને એને શુદ્ધનય કહ્યું. આત્માને શુદ્ધનય કહ્યો અથવા અનુભૂતિને પણ શુદ્ધનય કહ્યું. સમજાણું? તો એ અનુભૂતિ છે તે જ આખો આત્મા છે, એમ કહી દીધું. અનુભૂતિ સહિત આત્મા. શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે અનુભૂતિને આત્મા કહો. ભારે વાત, ભાઈ!

અનુભૂતિ તો નિર્મળ પર્યાય છે. શુદ્ધનયનો વિષય ત્રિકાળી છે. એનો અનુભવ થયો તે પર્યાય છે. અહીં તો કહે છે, **'એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે,...'** એમ કહ્યું. એવા આત્માની અનુભૂતિ શુદ્ધનય છે, એમ કહ્યું ભાઈ! સમજાણું? પહેલા તો એમ કહી દીધું હતું કે ત્રિકાળી આત્મા છે તે જ શુદ્ધનય છે. ૧૧મી ગાથામાં એમ કહ્યું હતું. **'भूदत्थो देसिदो दु सुद्धणओ'**. ભૂતાર્થ ત્રિકાળ તે શુદ્ધનય છે. અભેદ ત્રિકાળ વસ્તુ તે શુદ્ધનય છે. અહીંયાં તેની અનુભૂતિને અભેદ કરીને શુદ્ધનય કહ્યું. આત્માની અનુભૂતિ જ શુદ્ધનય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિરોધ નથી. કેમ કહ્યું? ત્યાં જે કહ્યું હતું કે **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** એ તો ભૂતાર્થ વસ્તુ શુદ્ધનય છે, એમ કહ્યું. પણ કહે છે કે એ ભૂતાર્થ ક્યારે કહેવામાં આવે? એની અનુભૂતિ કરે ત્યારે ભૂતાર્થ કહેવામાં આવે છે. એકલો ભૂતાર્થ ભૂતાર્થ કરે એમાં શું થયું? ઓહો..! સમજાય છે કાંઈ? એમ તો ભૂતાર્થ જ છે. પણ દૃષ્ટિમાં આવ્યા વિના ભૂતાર્થ એને માટે ક્યાં છે? એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે વાત. પુસ્તક રાખ્યું છે કે નહિ? ...દાસજી! પુસ્તક રાખ્યું છે ને? ઠીક! એક એક શબ્દમાં મહા ગંભીરતા છે. આ તો મહાન ટીકા છે. અધ્યાત્મ વસ્તુ.

અહીં તો કહ્યું કે ખરેખર અબદ્ધ અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને અસંયુક્ત ભાવ. એવો આત્મા, તેનો અનુભવ. આત્મા આત્મા છે તે શુદ્ધનય છે. પણ આત્માનો અનુભવ કરે ત્યારે આ આત્મા શુદ્ધનય છે, એમ ભાન થયું. છઠ્ઠી ગાથામાં ભાઈ! આવ્યું હતું ને? પરદ્રવ્યથી ભિન્નપણે સ્વદ્રવ્યની ઉપાસના કરી. પરદ્રવ્યથી ભિન્ન, પરદ્રવ્યથી ભિન્ન ઉપાસ્યો નામ સેવા કરી. સેવા કરી ત્યારે શુદ્ધ કહેવામાં આવ્યું. શુદ્ધ તો દ્રવ્યને કહેવું છે. પણ ઉપાસના નામ લક્ષ. પરથી લક્ષ છૂટીને (સ્વનું) લક્ષ થયું તો પર્યાયમાં નિર્મળતા થઈ. નિર્મળતા દ્વારા ભાસ થયો કે આ શુદ્ધ છે. એકલા વિકલ્પમાં રહ્યો ને આ શુદ્ધ છે (એમ નહિ).

મુમુક્ષુ :- માર્ગનું ફળ છે.

ઉત્તર :- માર્ગ નહિ, ફળ આવ્યું, અનુભવ થયો ત્યારે આ શુદ્ધ છે એમ ખ્યાલમાં આવ્યું. એમ ખ્યાલમાં ક્યાં આવ્યો છે? શુદ્ધ તો શુદ્ધ અનાદિથી છે. દ્રવ્ય તો અનાદિથી શુદ્ધ છે. અભવિને પણ શુદ્ધ છે. પણ એવો શુદ્ધ નહિ. (અનુભવમાં) આવે ત્યારે એ શુદ્ધ કહેવામાં આવે છે. તેને માટે શુદ્ધ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શેઠ! આ તો બધું બહુ સમજવું પડશે. જિંદગી બધી બીજે ગઈ. શોભાલાલજી! આ કમાવામાં ને એમાં જિંદગી ગઈ. એ બહુ બોલે નહિ. બધા ભાઈઓ બોલે નહિ. પણ તમે બધાય ભેગા છો કે નહિ? આમાં વખત દેવો પડશે. ઘણો વખત ગયો, વખત થોડો રહ્યો જિંદગીનો અને કામ કરવાના ઘણાં છે. આહાહા..! વાહ!

**'એવા આત્માની...'** અહીં તો શબ્દે શબ્દના અર્થ થાય તો સમજાય ને. નહિતર તો વાંચી જાય. પણ શું એનો અર્થ? અહીં તો કહ્યું, ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. **'खल्वबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः स शुद्धनयः,'** પહેલાં કહ્યું હતું, **'भूदत्थो देसिदो'**. ભૂતાર્થ ભૂતાર્થ તે શુદ્ધનય. ૧૧મી ગાથામાં તો એમ કહ્યું. નય અને નયનો વિષયભેદ નહિ. અધ્યાત્મમાં નય અને નયના વિષયનો ભેદ નથી. અહીંયાં પણ અનુભૂતિ થઈ, દૃષ્ટિમાં અભેદ થઈ ગયો તો એ અનુભૂતિને શુદ્ધનય કહ્યું. શુદ્ધનય તો દ્રવ્ય છે. પણ અનુભૂતિ થઈ તો તેને પણ શુદ્ધનય કહ્યું. આહાહા..! ભારે વાત, ભાઈ! અહીંયાં પર્યાયને અનુભૂતિ, શુદ્ધનય કહ્યું. આત્માનુભૂતિ શુદ્ધનય છે એમ કહ્યું. કેમ કહ્યું? કે જે દ્રવ્ય પરથી અબદ્ધસ્પૃષ્ટ છે. ક્ષેત્રથી અભિન્ન છે. ભિન્ન ભિન્ન ક્ષેત્ર નહિ, કાળથી ભિન્ન નહિ, ગુણથી ભિન્ન નહિ-એમ અંતરમાં અનુભવ થયો તો છે તો દ્રવ્ય જ શુદ્ધનય વસ્તુ, પણ અનુભવમાં આવ્યું તો એને શુદ્ધનય કહ્યું. એમાં ભાન થયું કે આ આત્મા આવો અબદ્ધસ્પૃષ્ટ છે. સમજાય છે કાંઈ? ભારે અલૌકિક! સમયસાર એટલે.. આહાહા..! એક એક ગાથામાં ગંભીર.. ગંભીર.. ગંભીર... એટલા ભાવ ભરી દીધા છે કે ગાગરમાં સાગર!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આવશે ને હજી. ઉતાવળ કેમ થઈ ગઈ? એ તો વ્યાખ્યા આવી ગઈ. થોડી પહેલા કહી હતી. શબ્દાર્થમાં કહી હતી. આજે તો પહેલેથી આવી ગયા છો. ભૂલી ગયા? ચાલી ગયું. અન્વયાર્થમાં કહ્યું હતું. બધું લીધું હતું. હવે ટીકામાં વિશેષ આવશે. શું કહે છે? જુઓ!

ભગવાન આત્મા નિધાન તો છે પણ નિધાન દૃષ્ટિમાં આવ્યા વિના નિધાન કહેવું કોને? સમજાય છે કાંઈ? ઘરમાં મૂડી તો છે. ધણી નથી. મોસાળિયાને કરોડ રૂપિયા, પાંચ કરોડ રૂપિયા આપી દીધા હતા. મોસાળ સમજ્યા ને? ટ્રસ્ટી બનાવી દીધા. મામાને ટ્રસ્ટી બનાવી દીધા. એને સો રૂપિયા, બસ્સો રૂપિયા આપતા હતા. પછી ખબર પડી કે ઓહો..! મારી

પાસે પાંચ કરોડ તારા પિતાજી મૂકી ગયા છે. હેં..! તો એનો સ્વામી થયો-ધણી થયો. સમજાય છે કાંઈ? નહિતર મહિને બસ્સો રૂપિયાનો ખર્ચ આપતા હતા. ભાઈ! મૂડી તો તારી છે.

એમ અનંત ગુણનો પિંડ પ્રભુ દૃષ્ટિમાં અનુભવમાં આવે ત્યારે તેને શુદ્ધનય (કહેવાય). શુદ્ધનય તો દ્રવ્ય છે. પહેલા એમ કહ્યું હતું. અહીં અનુભવમાં આવ્યું તો એને પણ શુદ્ધનય કહ્યું. અભેદથી એને શુદ્ધનય કહ્યું. આહાહા..! કોઈ કહે, ત્યાં તો આમ કહ્યું હતું. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. અહીં વળી અનુભૂતિ તે શુદ્ધનય (છે એમ કહ્યું). સાંભળ તો ખરો. કઈ અપેક્ષાથી કહ્યું છે? અનુભૂતિ થઈ તે ત્રિકાળ દ્રવ્યના આશ્રયે થઈ છે, તો છે તો એ શુદ્ધનય પણ અનુભૂતિને અભેદ કરીને તેને પણ શુદ્ધનય કહી દીધું. છે તો શુદ્ધનયનો વિષય દ્રવ્ય જ્ઞાયક એકરૂપ ત્રિકાળ. તેનો વિષય અનુભૂતિ નથી. અનુભૂતિનો વિષય અનુભૂતિ નથી. આહા..! અનુભૂતિનો વિષય ત્રિકાળ. પણ ત્રિકાળને વિષય કરીને જ્યારે અનુભવ થયો તો તેને પણ શુદ્ધનય કહી દીધું છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે ને? પુસ્તક છે કે નહિ? જુઓને! હવે તો ટાઢી મોસમ થઈ ગઈ છે. અહીં તો બે દિવસ રાખ્યું હતું. શનિ, રવિ અહીં રાખો. પેલા છોકરાઓ આવે તો. પછી ફેરવી નાખશું. આજે અને કાલે અહીં રાખ્યું છે. પેલા છોકરાઓને રજા પડે ને આવે તો. ન આવે તો ન પણ આવે. આઠ દિવસની વાંચવાની રજા છે. હવે અહીં બે દિ' (રાખીએ). ભાવનગરના કાલે આવ્યા હતા. કહો, સમજાય છે કાંઈ?

અરે..! આહાહા..! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તો ક્યાંય રહી ગયા. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર પણ શ્રદ્ધાનો વિષય-બાહ્ય શ્રદ્ધાનો વિષય ક્યાંય રહી ગયા. ઓહો..હો..! સમજાય છે કાંઈ? અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પરથી સંબંધ ને ભેદ સહિત, એ ભેદ પણ ક્યાંય રહી ગયા. અને અંતરનો સ્વભાવ એકરૂપની જે અનુભૂતિ થઈ, તેને કહે છે કે અમે શુદ્ધનય કહીએ છીએ. કેમકે દૃષ્ટિમાં, અનુભવમાં આત્મા આવ્યો. અબદ્ધસ્પૃષ્ટ આદિ આત્મા જ્ઞાયકભાવ જ્ઞાયકભાવની અનુભૂતિ, આત્માની અનુભૂતિ. ખરેખર ત્રિકાળી આત્મા છે એ કંઈ પર્યાયમાં આવતો નથી. આત્માની અનુભૂતિ. એનો અર્થ... '**એવા આત્માની...**' કહ્યું ને એમાં? '**એવા આત્માની જે અનુભૂતિ...**' આત્મા ત્રિકાળ જ્ઞાયક છે એ કંઈ અનુભૂતિની પર્યાયમાં નથી આવતો. પણ એ ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેનો અનુભવ થયો તો એ આત્માની અનુભૂતિ થઈ, એમ કહેવામાં આવ્યું. જે રાગ-દ્વેષ, અજ્ઞાનની અનુભૂતિ હતી-અનુભવ હતો, તે આ બાજુ-સામાન્ય ત્રિકાળની અનુભૂતિ થઈ તો એ આત્માની અનુભૂતિ છે, એમ કહેવામાં આવ્યું છે. આત્મા દ્રવ્ય અનુભવમાં-પર્યાયમાં આવ્યું છે, એમ નહિ. પર્યાયમાં તો ખ્યાલ આવ્યો કે આ આત્મા શુદ્ધ અને ધ્રુવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

રાગ-દ્વેષનો જે મિથ્યાત્વ સહિતનો અનુભવ હતો તે સંસાર હતો. રાગ-દ્વેષનો જે અનુભવ જે કર્મચેતના, કર્મફળચેતના... લ્યો, વળી ત્યાં ગયું. અહીં જ્ઞાનચેતના લેવી છે ને. પેલા ના પાડે છે ને? ચોથા ગુણસ્થાને જ્ઞાનચેતના ન હોય. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ!

આ શું કહે છે તું? રાગ કરવો અને રાગનું ફળ ભોગવવું, એ કર્મ અને કર્મફળ ચેતનાથી ભિન્ન ભગવાન આત્મા છે. એ તો ભાવકર્મથી ભિન્ન કહ્યું. સમજાય છે કાંઈ? કર્મફળ, કર્મફળ શબ્દે જડની વાત નથી, હરખ-શોકનું ભોગવવું એનું નામ કર્મફળ છે. અને રાગ-દ્વેષનું કરવું તેનું નામ કર્મચેતના છે. એ કર્મચેતના વિકલ્પમાં ચેતાઈ ગયો, ફળમાં ચેતાઈ ગયો તેનાથી રહિત આત્મા છે. તો એ આત્માનો અનુભવ તો જ્ઞાનચેતના થઈ ગઈ. રાગને ચેતતો હતો, ફળને ચેતતો હતો તેણે હવે આત્માને ચેત્યો. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, એવા આત્માની અનુભૂતિ જ્ઞાનચેતના પ્રગટ થઈ. એ જ્ઞાન દ્વારા આખા આત્માને પકડી શકે એવી પ્રગટ દશા થઈ. પહેલી તો ઉપયોગરૂપ અનુભૂતિ થઈ ગઈ. પછી અનુભૂતિમાં વિકલ્પ આદિ આવે છે, શુભાશુભ પરિણામમાં ઉપયોગ જોડાય છે. તો લબ્ધરૂપ અનુભૂતિ નિજને પકડવાની તાકાત કાયમ રહે છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણું પણ એક એક વાતમાં. અક્ષરે અક્ષરે ફેર. માણસ કહે, '**આનંદ કહે પરમાનંદા...**' આવે છે ને? 'માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે એક ત્રાંબાના તેર'. એક પૈસાના તેર મળે બીડી આદિ. એક લાખ રૂપિયો ન મળે અને એક પૈસાના તેર મળે. એમ ભગવાન કહે છે, ભાઈ! મારે અને તારે વાતે વાતે ફેર છે. સત્યને અને અસત્યને બોલે બોલે ફેર છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, અહીંયાં રોક્યું છે. અહીંયાં ત્રણ બોલમાં થોડું થોડું રોક્યું છે. તમે તો પહેલાં ૧૧મી ગાથાથી મહાસિદ્ધાંત કહેતા આવ્યા છો, '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે, એમ તો અહીંયાં કહ્યું જ નહિ. ભૂતાર્થ તે શુદ્ધનય છે અને '**भूदत्थमस्सिदो खलु**'. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. કહે છે, ભાઈ! અમે કહીએ છીએ કે સમ્યગ્દર્શન તેનાથી થાય છે તો અનુભૂતિ તેના આશ્રયે થાય છે. તો અનુભૂતિને પણ અમે શુદ્ધનય કહીએ છીએ. એ તો અનુભવ જ્ઞાનનો થયો, આનંદનો થયો. જ્ઞાનનો અનુભવ. રાગનો અને ફળનો અનુભવ હતો તે અનુભવ છૂટી ગયો, વ્યય થઈ ગયો. ધ્રુવ તો એવો ને એવો રહ્યો. એની દૃષ્ટિ કરવાથી જ્ઞાનચેતના આનંદચેતનાની પ્રગટ દશા થઈ. આનંદચેતના, જ્ઞાનચેતનાની અનુભવની પર્યાય થઈ. એ અનુભૂતિને શુદ્ધનય કહે છે. ઓહોહો..!

'**અને એ અનુભૂતિ આત્મા જ છે;...**' લો. પાઠ-ટીકા જ છે ને. '**आत्मनोऽनुभूतिः स शुद्धनयः, सा त्वनुभूतिरात्मैव; इत्यात्मैक एव प्रद्योतते।**' ઓહોહો..! અમૃત રેડ્યાં છે, અમૃત! 'અમૃતચંદ્રાચાર્યે'. ટીકા આ તો ગંભીર ટીકા! કહો, સમજાય છે કાંઈ? '**નિશ્ચયથી...**' ખરેખર '**અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવા આત્માની જે અનુભૂતિ...**' સામાન્યની અનુભૂતિ, સામાન્ય સ્વભાવનો અનુભવ, સામાન્ય સ્વભાવનું વેદન જ્ઞાનચેતનામાં થયું એને અહીંયાં શુદ્ધનય કહ્યું. '**અને એ અનુભૂતિ આત્મા જ છે;...**' નિર્મળ પર્યાય આત્મા સાથે અભેદ થઈ તો એને આત્મા કહી દીધો. રાગાદિ આત્મા નથી, એ તો અનાત્મા છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ અનાત્મા છે. પણ નિશ્ચય રત્નત્રયની પર્યાય

દ્રવ્યના આશ્રયે અનુભવ થયો તે આત્મા છે. આહાહા..! લો. સમજાય છે કાંઈ? ત્રિકાળ જ્ઞાયક સ્વભાવનો અનુભવ થયો એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે અંશ છે. નિશ્ચય સ્વઆશ્રિત. ત્રણે અંશની અનુભૂતિને શુદ્ધનય કહ્યું અને એને આત્મા કહ્યો. વ્યવહાર રત્નત્રયને અનાત્મા કહ્યું. પરમાં નાખી દીધો. સંયુક્ત ભાવ છે, સંયુક્તથી રહિત આત્મા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' લો. એ રીતે આત્મા શુદ્ધ ધ્રુવ ભેદથી ખસી દ્રવ્યના લક્ષે, સંબંધે, ક્ષેત્રના ભેદથી, કાળના ભેદથી, ભાવના ભેદથી અને સંયુક્ત ભાવથી ખસી. લો, આવી ગયું ફરીથી. સેઠીને ક્યાં યાદ છે. સેઠીનું લક્ષ બીજે છે. આ આવ્યું. તમે કહ્યો ઈ બોલ આવી ગયો. હમણાં બે વાર કહ્યું. લક્ષ પાનામાં છે. સમજાય છે કાંઈ? પાનામાં સૂઝ પડે નહિ અને અહીં સંભળાય નહિ. સમજાય છે કાંઈ? કહે છે.. આહાહા..! '**એ રીતે આત્મા એક જ...**' એ રીતે કહ્યું ને? '**इत्यात्मैक एव प्रद्योतते**'. એ રીતે ભગવાન આત્મા એક જ પ્રકાશમાન છે. બસ, અનુભવમાં એકલો આત્મા પ્રકાશમાન છે. જે પર્યાયમાં અનુભવ થયો એ સંવર, નિર્જરાની પર્યાયને અભેદ કરી દીધી. સમજાય છે કાંઈ? અનુભૂતિ સંવર, નિર્જરાની પર્યાય છે, શુદ્ધ પર્યાય છે-નિર્મળ પર્યાય છે. તેને પણ અહીંયાં આત્મા કહી દીધો. તેને શુદ્ધનય કહી દીધું. આહાહા..! વિષય નહિ, હોં! વિષય તો એકલો ધ્રુવ છે. ત્યારે કોઈ કહે, પર્યાય વિષય આવ્યો કે નહિ એમાં? શુદ્ધનયનો વિષય આવ્યો કે નહિ? એઈ..! ઈ વિષય નથી આવ્યો. વિષય તો ધ્રુવ ત્રિકાળ છે પણ અભેદ પર્યાય થઈ તો એને શુદ્ધનય કહ્યું અને એને આત્મા કહ્યું. સમજાય છે કાંઈ? ભારે વાત. અનુભૂતિ આત્મા થઈ કે નહિ? તો એ પર્યાય આત્મા થઈ કે નહિ? તો એ પર્યાય શુદ્ધનય થઈ કે નહિ? પર્યાય એ શુદ્ધનયનો વિષય થયો કે નહિ? નહિ. એ તો અહીંયાં ભગવાન પરિપૂર્ણ દ્રવ્યનો અનુભવ કરાવે છે અને અનુભવ કરીને જે દશા થઈ તેને શુદ્ધનય કહ્યું. સમજ્યા? કંઈ શુદ્ધનયનો વિષય પર્યાય છે, એમ નહિ. શુદ્ધનયનો વિષય તો ધ્રુવ ત્રિકાળ છે. એમાં પર્યાય પણ આવતી નથી. ઈ તો કહ્યું, '**आत्मस्वभावं परभावभिन्नं**'. ઈ ઉપોદ્ઘાત હતો આ ગાથાનો. ૧૪મી ગાથાનો ઉપોદ્ઘાત હતો. સમજાય છે કાંઈ? ભઈ, આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. અધ્યાત્મ શાસ્ત્ર સમજવામાં બહુ ધીરજ જોઈએ અને જ્યાં જે કહે છે, જે રીતે કહે છે, કઈ અપેક્ષા છે તેનો તેમાં યથાર્થ બોધ થવો જોઈએ. નહિતર ગડબડ થઈ જાય. સમજાય છે કાંઈ? વાર્તાની વાત હોય તો ભૂલી જાય, કોઈનું નામ ભૂલી જાય એમાં શું? આ તો વસ્તુ આત્મા છે. એક સમયમાં ભગવાન આત્મસ્વભાવ... કહ્યું ને? '**आत्मस्वभावं परभावभिन्नं मापूर्णमाद्यन्तविमुक्तमेकम्**'. '**माद्यन्तविमुक्त**' તો ત્યાં કહ્યું હતું. આદિ અંતથી રહિત છે તે આત્મા છે. સમજ્યા? પણ આવા આત્માની અનુભૂતિને પણ શુદ્ધનય કહ્યું. આવા આત્માને પકડ્યો તો પર્યાયને પણ-અનુભૂતિને પણ-શુદ્ધનય કહ્યું. અને અનુભૂતિને

આત્મા કહ્યો. સમજાય છે કાંઈ? આવો ધર્મ સમજવો કઠણ ને. એટલે માણસ બિચારા.. જય ભગવાન! ચાલો. ભક્તિ, દાન, પૂજા, દયા, દાન કરીએ. ધર્મ થશે. નજરે તો પડે. કંઈક કરીએ છીએ. દુકાને બેસવું છોડી ન્યાં દેરાસરે જાય કે કોઈ સ્વાધ્યાય શાળામાં જાય, લ્યોને. નિવૃત્તિ કરી. ધૂળમાંય નિવૃત્તિ નથી, સાંભળને! આત્મા રાગથી નિવૃત્તસ્વરૂપ છે, પરદ્રવ્યથી નિવૃત્તસ્વરૂપ છે પણ ભેદથી નિવૃત્તસ્વરૂપ છે. એવી દૃષ્ટિ કર્યા વિના નિવૃત્તિ આવી ક્યાંથી? અમરચંદભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- પોષા...

ઉત્તર :- પોષા શેના કરે? પોષો કહેવો કોને? આત્માના સ્વભાવની પુષ્ટિ થાય એનું નામ પૌષધ. તો આત્મસ્વભાવ શું છે એનું ભાન નથી તો પૌષધ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? ચણાનો દાણો હોય. ચણા.. ચણા કહે છે ને? ચના. એ પાણીમાં નાખે તો પોઢો થાય. પથરાની કાંકરી નાખે તો? પૌષધ કોને કહે? વસ્તુ અભેદ દૃષ્ટિમાં આવી છે એમાં સ્થિરતા કરવાથી આત્માની પુષ્ટિ થાય છે તેનું નામ પૌષધ છે. ભાન નહિ. કાંકરા પાણીમાં નાખ્યે શું પુષ્ટ થાય? એમ મિથ્યાદૃષ્ટિ છે, રાગને પોતાનો માને છે એમાં તારે ક્યાં પૌષધ આવ્યો? કાંકરા છે એ તો. તેં દસ દિ' ખાધું નહિ, પીધું નહિ. તોપણ કહે છે, શું નથી ખાધું? બહુ ખાધું છે મિથ્યાત્વને. આહાહા..! મેં આમ ખાધું નહિ, મેં આમ પીધું નહિ એનું અભિમાન એ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? અને વિકલ્પ આવ્યો કે મેં ખાધું નથી, એ વિકલ્પને પોતાનો માને છે અને એને ધર્મ માને છે. મહા મિથ્યાત્વ ખાય છે. મિથ્યાત્વનો અનુભવ છે. પૌષધ કેવો? સામાયિક ક્યાંથી આવી એની પાસે? ઓહોહો..! રાડ નાખે બિચારા. સોનગઢને નામે નાખ. ભગવાનને નામે કહે. ભગવાન એમ કહે છે. સમજાય છે કાંઈ? જુઓ! પછી કૌંસમાં લીધું એ તો સરવાળો કર્યો છે. પાઠમાં છે એનું લીધું છે, હોં!

'**(શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે, જુદાં નથી)**.' જુદાં નથી. સમજ્યા? એ તો ખુલાસો કર્યો. ટીકામાં છે એનો (ખુલાસો કર્યો છે). ત્રણે એકસાથે લીધા. હવે '**અહીં શિષ્ય પૂછે છે...**' દેખો! હવે આટલું સાંભળીને શિષ્યને એક પ્રશ્ન ઉઠ્યો. બહુ (સારો) પ્રશ્ન ઉઠ્યો. પ્રશ્નમાં કેટલો મર્મ છે! મહારાજ! '**જેવો ઉપર કહ્યો...**' આ શબ્દ પડ્યા છે. '**જેવો ઉપર કહ્યો...**' એટલું ખ્યાલમાં લઈ લીધું છે. '**જેવો ઉપર કહ્યો...**' જેવો ઉપર કહ્યો છે. સમજાય છે કાંઈ? એવો શિષ્ય-પ્રશ્નકાર લીધો છે કે જે કહ્યું કે અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ, અસંયુક્ત તે આત્મા. મહારાજ! આવો આત્મા! આપ કહો છો એમ ખ્યાલમાં આવ્યું. આવો આત્મા! '**જેવો ઉપર કહ્યો તેવા...**' સમજાણું? '**कथं यथोदितस्यात्मनोऽनुभूतिरिति**' છે ને? ઓહોહો..! શિષ્ય એવો લીધો છે અને એવો જ શિષ્ય યથાર્થ સમજવાને લાયક છે કે જે કહે છે તે લક્ષમાં લીધું છે. લક્ષમાં લીધું છે, હવે તેમાં પૂછે છે કે મહારાજ! '**જેવો ઉપર કહ્યો તેવા આત્માની**

**અનુભૂતિ કેમ થઈ શકે?**' સમજાય છે કાંઈ? આવી અનુભૂતિ કેમ થઈ શકે? આપ તો આનાથી રહિત, આનાથી રહિત, આનાથી રહિત કહો છો, તો અહીં સહિત દેખાય છે, સહિત દેખાય છે અને રહિત અનુભૂતિ કઈ રીતે થાય છે? સમજાય છે કાંઈ? આપ કહો છો કે અબદ્ધસ્પૃષ્ટ છે, અનન્ય છે, અવિશેષ છે, અસંયુક્ત છે, પણ આ છે ને? બધું સાથે છે ને? બદ્ધ છે, સ્પૃષ્ટ છે, અન્ય અન્ય છે, અનિયત છે, વિશેષ છે. છે ને? જુઓ! પ્રશ્નકારના પ્રશ્નમાં ગંભીરતા છે અને ઉત્તરમાં ઘણી ગંભીરતા છે. આવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? કહો, આવો પ્રશ્ન કર્યો છે. મહારાજ! આનાથી રહિત, આનાથી રહિત (કહો છો), પણ છે શું હવે? અત્યારે તો છે ને.

આ એક શબ્દ છે એનો કે '**બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ...**' છે, સાંભળ! એ અભૂતાર્થ છે, કાયમ રહેવાવાળી ચીજ નથી. માટે '**એ અનુભૂતિ થઈ શકે છે.**' એનો ખુલાસો વિશેષ આવશે. આ શબ્દમાં બહુ ગંભીરતા ભરી છે.

(શ્રોતા :- પ્રમાણવચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૩, રવિવાર, તા. ૨-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૪, પ્રવચન નં. ૬૪**

૧૪મી ગાથા. જુઓ! ટીકા. ટીકા ફરીને લઈએ. જુઓ! આ આત્મા કેવો જોવાથી યથાર્થ જોયો, એમ કહેવામાં આવે? આત્મા કેવા પ્રકારથી અનુભવ કરવામાં 'આ આત્મા છે' એમ જાણવામાં આવે છે? તેની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય કેવો છે? આ બધા અજાણ્યા છે. ઈ ગુજરાતી ક્યાં સમજે છે? શોભાલાલનો દીકરો છે. સમજાય છે કાંઈ? આ બધાં પહેલાં હિન્દી ચાલ્યું ત્યારે આવે નહિ, હિન્દી થઈ ગયા પછી આવ્યા બધા. હિન્દીમાં ઘણું ચાલી ગયું. શું કહ્યું? આત્મા કેવો છે? કે જેને આમ જોવાથી સમ્યગ્દર્શન થાય છે? ધર્મની શરૂઆત થાય છે અથવા વાસ્તવિક નિશ્ચય આત્માની પ્રતીતિ, યથાર્થ આત્માની (પ્રતીતિ)) કરવાથી સાચી પ્રતીતિ થાય છે, ઈ આત્માની વાત કરે છે.

'**નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ,...**' છે. જુઓ! પહેલી લીટી. પહેલી પંક્તિ. નિશ્ચય નામ યથાર્થપણે જોવાથી આત્મા કર્મ આદિથી, પરદ્રવ્યથી બદ્ધ અને સ્પર્શિત નથી. વસ્તુ જે છે, વસ્તુ ચૈતન્યમૂર્તિ દળ આનંદકંદ વિજ્ઞાનઘન એ આત્મા પરદ્રવ્યથી બદ્ધ-સ્પર્શિત નથી. સમજાય છે? હમણાં કહેશે હળવે હળવે. પર્યાયમાં પર્યાયના લક્ષે બદ્ધ છે એમ જોવામાં આવે છે. દ્રવ્યની દૃષ્ટિથી જુઓ તો બદ્ધ-સ્પૃષ્ટ નથી. વર્તમાન અવસ્થા કર્મના સંબંધ ઉપર લક્ષ છે, એમ લક્ષ કરવાથી બંધ-વર્તમાન સમયનો સંબંધ એટલો છે, એ વ્યવહારનયથી છે. નિશ્ચય દૃષ્ટિ કરવાથી એ વ્યવહાર બંધ છે નહિ. નિશ્ચયથી આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. સમજાય છે કાંઈ? બધાના દૃષ્ટાંત દેશે, હોં!

'**અનન્ય,...**' છે. ક્ષેત્રથી નારકીની પર્યાય, દેવની પર્યાય ભિન્ન ભિન્ન દેખાય છે. એ વાસ્તવિક નથી. એ તો અનન્ય એકરૂપ એનું ક્ષેત્ર છે. આત્મા અસંખ્ય પ્રદેશ એકરૂપ ક્ષેત્ર છે. એની અન્ય અન્ય ગતિની દશા સમય સમયની દેખાય છે એ વાસ્તવિક ત્રિકાળી નથી, એક સમયની છે પણ એ છૂટી શકે છે. સમજાય છે કાંઈ?

'**નિયત,...**' પર્યાયમાં હિનાધિકતા-અવસ્થામાં હિનાધિકતા દેખાય છે. પણ એ કાયમી વસ્તુ નથી. એનાથી રહિત નિયત એકરૂપે, કાળ એકરૂપે ત્રિકાળ છે એવા આત્માને જોવો, એનું નામ સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ જોયું, એમ કહેવામાં આવે છે.

'**અવિશેષ,...**' એમાં ગુણભેદ, પર્યાયના લક્ષે, વર્તમાન ભેદના લક્ષે જોવો તો જ્ઞાન, દર્શન, આનંદ એવા ભેદ છે. સ્વભાવની દૃષ્ટિએ જુઓ તો અવિશેષ નામ સામાન્ય છે, ભેદ નથી. જરી સૂક્ષ્મ વાત છે.

'**અસંયુક્ત...**' વર્તમાનના લક્ષે વિકાર અને સુખ-દુઃખ દેખાય છે. પણ એ સુખ-દુઃખ

વર્તમાન ક્ષણિક છે. ત્રિકાળની દૃષ્ટિએ જોવાથી એ દુઃખ-સુખનો સંબંધ આત્માને છે જ નહિ. સુખનો અર્થ સંયોગની વાત નથી, સુખ-દુઃખની કલ્પના. સમજાય છે કાંઈ? એનાથી રહિત આત્મા છે. **'એવા આત્માની જે અનુભૂતિ...'** એવા આત્માનો અનુભવ. અંતર્મુખ એકરૂપ અબદ્ધસ્પૃષ્ટ આદિ સામાન્ય સ્વભાવનો પર્યાયમાં અનુભવ થવો. સામાન્ય દૃષ્ટિમાં આવવો. એની અનુભૂતિ તો પર્યાય છે. સમજાય છે કાંઈ? આત્માની અનુભૂતિ, **'એવા આત્માની જે અનુભૂતિ...'** એકરૂપ. દ્રવ્યથી સંબંધ નહિ, ક્ષેત્રથી અન્ય અન્ય નહિ, કાળથી પર્યાયની વૃદ્ધિ-હાનિ નહિ, ભાવથી ગુણભેદ નહિ અને રાગ સુખ-દુઃખની કલ્પનાનો સંબંધ નહિ. એવા આત્માને જોવાથી આત્માની અનુભૂતિ **'તે શુદ્ધનય છે,...'** બરાબર ધ્યાન રાખે તો સમજાય એવું છે. માણેકચંદજી! બહુ ઝીણી વાત છે. ત્યાં તમાકૂમાં નથી. ત્યાં બાપ-દીકરા વચ્ચે આવી (વાત) ચાલતી ન હોય. આહાહા..!

ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ આત્મા? પદાર્થ છે કે નહિ? અને અનાદિઅનંત નિત્ય છે કે નહિ?

મુમુક્ષુ :- નક્કી કરવું બાકી છે.

ઉત્તર :- નક્કી કરવું શું બાકી છે? છે ત્રિકાળ અનાદિઅનંત વસ્તુ. ધ્રુવ છે, જ્ઞાયક છે, સ્વભાવસ્વરૂપ એકરૂપ છે. એની દશામાં અનેકતા દેખાય છે એ ક્ષણિક છે. તો ક્ષણિકની બુદ્ધિ તો અનાદિની પર્યાયબુદ્ધિ છે, એ અજ્ઞાનબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. સમજાય છે કાંઈ? ઝીણું પડે પણ હવે ગાથા એવી છે ને. શું કરે?

વસ્તુ છે કે નહિ, વસ્તુ? પદાર્થ છે કે નહિ? આ દેહ તો હાડકાં પર છે, વાણી પર છે. આ તો જડ માટી-ધૂળ છે, પર છે. એને જાણવાવાળો ચૈતન્ય ભગવાન તો ત્રિકાળ ભિન્ન છે.

મુમુક્ષુ :- ઈ તો જીવ વયો જાય ત્યારે.

ઉત્તર :- જીવ ક્યાં વયો ગયો? શરીરમાંથી જીવ વયો જ ગયો છે. વયો ગયો સમજો છો? ચલા ગયા હૈ. શરીરમાં જીવ છે જ નહિ. જીવ તો જીવમાં છે. જીવ શરીરમાં છે જ નહિ. આહા..! આ તો મડદું છે, માટી-ધૂળ છે. એમાં ચૈતન્યના એક અંશની સત્તા પણ એમાં નથી. દ્રવ્ય-ગુણની સત્તા તો નથી પણ એક અંશની સત્તા પણ દ્રવ્યમાં નથી. એવો શરીરથી ભિન્ન, વિકારથી ભિન્ન, અનેકતાથી ભિન્ન, એકરૂપ સ્વભાવનો અંતરમાં અનુભવ કરવાથી.. અનુભવ પર્યાય છે, પણ એ એકરૂપની દૃષ્ટિ કરવાથી સામાન્ય સ્વરૂપ આખું પૂર્ણ અંતરમાં.. અંતરમાં દૃષ્ટિ કરવાથી જે અનુભૂતિ થઈ તેને અહીંયાં શુદ્ધનય કહે છે. શુદ્ધનય નામ સાચા સ્વરૂપનો અનુભવ થયો અને એ સાચું સ્વરૂપ એને કહે છે. સમજાય છે કાંઈ?

**'અને એ અનુભૂતિ આત્મા જ છે;...'** અંતર એક સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અનંત આત્મ વિજ્ઞાનઘન દળ, વિજ્ઞાનઘન દળ.... દળ સમજ્યા? દળના લાડુ થાય છે, ખબર છે?

એને હિન્દુસ્તાનમાં નહિ હોય. દળના લાડુ થાય છે. દળ.. દળ-મજબૂત-લઠ. એમ આત્મા વિજ્ઞાનઘન દળ છે. અરૂપી પણ પદાર્થ છે ને. પદાર્થ છે ને. અસ્તિ છે ને. અસંખ્ય પ્રદેશી પિંડ દળ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ દેખાય છે એ તો ધૂળ, અનેક દ્રવ્ય દેખાય છે. એ તો એક એવો છે. આ તો અનેક રજકણ છે. એ તો એક એવો છે, એક ચીજ એવી છે. વિજ્ઞાનઘન દળ અનંત ગુણનો પિંડ એકરૂપ. ભેદ રહિત એકરૂપ સ્વભાવ, એની અંતરમાં દૃષ્ટિ કરવાથી અનુભૂતિ થાય છે તેને જ સાચી અનુભૂતિ અથવા સાચા આત્માનું ભાન કહેવામાં આવે છે.

**'અને એ અનુભૂતિ આત્મા જ છે;...'** એ નિર્મળ દશા અભેદ સ્વભાવ સાથે થઈ, જેવો શુદ્ધ સ્વભાવ એકરૂપ છે એવી અનુભૂતિ થઈ તો એ અનુભૂતિને જ આત્મા કહ્યો છે. સમજાય છે કાંઈ? એ પાંચ આ અપેક્ષાથી અનાત્મા છે અને આ અનુભૂતિ તે આત્મા છે, એમ કહે છે. **'એ રીતે...'** હજી એનો ખુલાસો આવશે, હોં! આ તો હજી સામાન્ય વાત છે. દરેકના દૃષ્ટાંત આપશે. **'એ રીતે આત્મા એક જ પ્રકાશમાન...'** જુઓ! આત્મા પરદ્રવ્યથી ભિન્ન એકરૂપ, ક્ષેત્રની અન્ય અન્યતાથી ભિન્ન એકરૂપ, કાળની વર્તમાન અવસ્થાની અનેકતાથી ભિન્ન એકરૂપ, ભાવના ગુણભેદની અનેકતાથી એકરૂપ અને સુખ-દુઃખની કલ્પનાથી ભિન્ન એકરૂપ. સમજાય છે કાંઈ? આવા આત્માની પ્રથમ દૃષ્ટિ થયા વિના એને સમ્યગ્દર્શન થતું નથી. અને સમ્યગ્દર્શન વિના ધર્મ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'એ રીતે આત્મા એક જ...'** જુઓ! **'એક જ પ્રકાશમાન છે.'** અંતર સ્વભાવ પરદ્રવ્યથી ભિન્ન જોવાથી એક જ પ્રકાશમાન છે. ક્ષેત્રથી ભિન્ન દશા-નારકી, મનુષ્યની અવસ્થા-દશા, હોં! શરીરની નહિ, દશાથી ભિન્ન જોવાથી એકરૂપ પ્રકાશમાન છે. કાળની પર્યાયમાં-વર્તમાન અવસ્થામાં હિનાધિક અનેક અવસ્થા છે પણ એને છોડીને એકરૂપ જોવાથી, અંતરમાં એકરૂપ જોવાથી એક જ પ્રકાશમાન છે. ગુણભેદના અનેક પ્રકાર નહિ જોઈને એકરૂપ જોવાથી એક જ પ્રકાશમાન છે. અને વિકારના સુખ-દુઃખની કલ્પનાનું લક્ષ વર્તમાન ક્ષણિક છે, તેને નહિ જોવાથી અંતરમાં એકરૂપ જોવાથી આનંદરૂપ એક જ પ્રકાશમાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? પુસ્તક છે કે નહિ સામે? શબ્દનો શું અર્થ થાય છે એનો તો ખ્યાલ આવવો જોઈએ ને. કેમ શોભાલાલજી! જોવે છે ને? નામું મળે છે કે નહિ, નામું કરે ત્યારે? બીડીવાળા ને વડોદરા પાસે ને ફલાણાં પાસે ને બધે ચારે કોર જાતા હશે. આ કાનપુર જાય ને આ વડોદરા જાય. નામા લખો. કરો ભઈ, તમારી પાસે કેટલા છે? લેણા-દેણા બધું મેળવે. અહીં કહે છે કે મેળવ તો ખરો તારા આત્માની સાથે. પોપટભાઈ! આહાહા..! **'(શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે, જુદાં નથી).'** આટલી વાત કરી. હવે શિષ્યે આટલી વાત પકડી લીધી.

**'અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા...'** જુઓ! એના ખ્યાલમાં આવી

ગયું કે જેવો ઉપર કહ્યો છે તેવો. આપે કહ્યું કે આવો આત્મા પરદ્રવ્યથી ભિન્ન, અનેકતાના ક્ષેત્રની વ્યંજનપર્યાય-અનેકતાથી ભિન્ન, પર્યાયની અનેકતા બીજા ગુણની. પેલી ક્ષેત્રની હતી. જ્ઞાન, દર્શનની અનેક પર્યાયથી ભિન્ન, ગુણભેદથી ભિન્ન, દુઃખ-સુખની કલ્પનાથી ભિન્ન. આવો ઉપર કહ્યો છે તેવો. શિષ્યને આમ તો લક્ષમાં આવ્યું. આપ જે કહો છો '**તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?**' મહારાજ! આ પ્રત્યક્ષ દેખાય છે ને. પરદ્રવ્યનો સંબંધ દેખાય છે, પર્યાયમાં અનેકતા દેખાય છે, ગુણભેદ દેખાય છે, ક્ષેત્રમાં નારકી, મનુષ્ય આદિ અનેક વ્યંજનપર્યાય દેખાય છે, સુખ-દુઃખની કલ્પના સહિત દેખાય છે. એમાં ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? સમજાય છે કાંઈ? આ પ્રથમ ધર્મ-સમ્યગ્દર્શનની વાત છે. આહાહા..! આ પ્રશ્ન સમજાણો? પ્રશ્ન. પછી ઉત્તર. પ્રશ્નનું રૂપ સમજાયું? પ્રશ્નકારનું રૂપ.

પ્રશ્નકારના પ્રશ્નનું રૂપ એવું છે કે આપે કહ્યું આવો એકરૂપ, અબદ્ધ એવા આત્માની અનુભૂતિ કઈ રીતે થાય? કેમ થઈ શકે? આ બધું દેખાય છે ને. આ શરીરનો, કર્મનો સંબંધ દેખાય છે. રાગનો સંબંધ દેખાય છે, સુખ-દુઃખની કલ્પના દેખાય છે. ગુણભેદની અનેકતા દેખાય છે (તો) એકરૂપનો અનુભવ કઈ રીતે થાય? મૂળચંદભાઈ! સમજાય છે કાંઈ?

'**તેનું સમાધાન :-**' જુઓ! હવે ઉત્તર. '**બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી...**' શું કહે છે? કર્મ પરદ્રવ્યનો સંબંધ વાસ્તવિક નથી, અસત્યાર્થ છે. કાયમ ટકવાવાળી ચીજ નથી. અને ક્ષેત્રમાં જે અન્ય અન્ય નારકી, દેવની પર્યાય દેખાય છે તે અભૂતાર્થ નામ કાયમ ટકવાવાળી ચીજ નથી. અસત્યાર્થ છે. કાયમ ટકવાવાળી ચીજ નથી એ અપેક્ષાથી. વર્તમાન અપેક્ષાએ છે. કાયમ ટકવાવાળી ચીજ નથી. કાળમાં પણ પર્યાયમાં અનિયતતા અનેક પ્રકારની વૃદ્ધિ-હાનિ ભાસે છે તે કાયમ રહેવાવાળી ચીજ નથી. ગુણભેદ પણ કાયમ રહેવાવાળી ચીજ નથી. એમ સુખ-દુઃખની કલ્પના પણ કાયમ રહેવાવાળી ચીજ નથી. '**બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો...**' પહેલાં કહ્યું અબદ્ધસ્પૃષ્ટ આદિ. ત્યારે શિષ્યે પૂછ્યું કે તમે કહો છો એવા આત્માનો અનુભવ કેમ થાય? તો કહે છે કે એ બદ્ધસ્પૃષ્ટ આદિ જે ભાવ છે તે અભૂતાર્થ છે, કાયમ ટકવાવાળી ચીજ નથી. કાયમ ટકવાવાળી ચીજ નથી તેથી '**એ અનુભૂતિ થઈ શકે છે.**' જુઓ ઉત્તર.

ફરીથી. આત્મા એક સમયમાં વસ્તુ તરીકે-પદાર્થ તરીકે પરપદાર્થથી ભિન્ન (છે). તો કહે છે કે પરપદાર્થનો સંબંધ છે ને. એ સંબંધ સત્યાર્થ નથી. એક સમયનો સંબંધ છે. એ અભૂતાર્થ છે, કાયમ ટકવાવાળી ચીજ નથી. છૂટી જશે. તારા અબદ્ધસ્પૃષ્ટ (સ્વભાવની) દૃષ્ટિ કરવાથી ઈ છૂટી જશે. એ કાયમ રહેવાવાળી ચીજ નથી. સમજાય છે કાંઈ? એમ ક્ષેત્રથી નારકી, દેવ, મનુષ્ય આદિની પર્યાય ક્ષેત્ર એટલે અંદર આત્માના પ્રદેશમાં અન્ય અન્ય વ્યંજનપર્યાય-આકૃતિ દેખાય છે એ કાયમ રહેવાવાળી ચીજ નથી. સમજાય છે કાંઈ? અભૂતાર્થ છે, કાયમ રહેવાવાળી ચીજ નથી, છૂટી જશે. સમજાણું છે કે નહિ? અને કાળમાં અનિયત પર્યાય,

જે વૃદ્ધિ-હાનિ પર્યાયમાં દેખાય છે એ કાયમની ચીજ નથી. એકાકાર થવાથી વૃદ્ધિ-હાનિની પર્યાય છૂટી જશે. ઈ અપેક્ષાથી તેને અભૂતાર્થ-નથી, નથી, અવિદ્યમાન છે એમ કહેવામાં આવ્યું છે. પર્યાય છે, પણ પર્યાય કાયમ ટકવાવાળી નથી માટે તેને અસત્યાર્થ કહીને, આને (સ્વભાવને) સત્યાર્થ કહીને (કહે છે કે) એ છૂટે એવી વસ્તુ છે. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? જુઓ! આ તો રમતું અંદરની છે.

જ્યાં સુધી પર્યાય નામ વર્તમાન અંશ ઉપર, રાગ ઉપર, સંબંધ ઉપર લક્ષ છે ત્યાં સુધી એ છે ખરા, એ ચીજ છે ખરી પણ અંતર દૃષ્ટિથી જોવાથી એ સંબંધ ક્ષણિક હતો. વિકાર ક્ષણિક હતો. તો અંતર દૃષ્ટિથી જોવાથી તે અભૂતાર્થ હોવાથી અનુભૂતિ અંતરની અબદ્ધસ્પૃષ્ટની થઈ શકે છે. વલ્લભદાસભાઈ! આજે તો રવિવાર આવ્યો છે ને. ભાવનગરવાળા આવે ત્યારે કાંઈક નવું આવે ને! એ.. જયંતિભાઈ! આહાહા..!

ભાઈ! તું એકરૂપ પ્રભુ છો ને! અંદર એકરૂપ તારું તત્ત્વ આખું છે ને. એકરૂપ તત્ત્વ મહાન પ્રભુ, એમાં અનેકરૂપનો સંબંધ દેખાય છે તે વર્તમાન વ્યવહારથી છે. ઈ આગળ કહેશે. પણ અંતર દૃષ્ટિથી જોવાથી તે અભૂતાર્થ છે, એ છૂટી જશે. સંબંધ રહે એવી ચીજ નથી, કાયમની ચીજ નથી. સમજાય છે કાંઈ? આ કોઈ સાથે ભાઈબંધી નથી કરતા? પછી કટ્ટી કરે એટલે છૂટી જાય. કટ્ટી કરે ને કે તમારે ને મારે સંબંધ નહિ. ગોઠિયાની ગોઠ ન જોઈએ. ગોઠિયા નહિ એટલે ભાઈબંધ નહિ. ગોઠિયા એટલે ભાઈબંધ. ગોઠ હોય ને? ગોઠ. માલ લાવે ને ખાવાનો? ગોઠિયા હોય તો ગોઠ આપે. પેલા ગોઠિયા સાથે કટ્ટી હોય તો કહે, તને નહિ. આને આપીશ. પછી બેને વાંધા ઉઠે. અહીં કહે છે, કર્મનો સંબંધ છે એ વર્તમાન છે. અમે દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિથી કટ્ટી કરીએ છીએ કે એ અમારામાં નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ...**' અર્થાત્ ભગવાન આત્મા અનંત ગુણનો એકરૂપ પિંડ પ્રભુ વસ્તુ (છે). તો પરદ્રવ્યનો એક સમયનો સંબંધ અભૂતાર્થ-કાયમ ટકવાવાળી ચીજ નથી. એમ તેનાથી લક્ષ છોડી આત્મા સામાન્ય ઉપર લક્ષ કરવાથી અબદ્ધસ્પૃષ્ટની અનુભૂતિ થાય છે. સમજાય છે કાંઈ? ધર્મચંદજી! ભારે વાત! આવો ધર્મ ભારે ઝીણો, ઈ કરતાં આ બહારનું કરે ને... બિચારા પછી રખડે એમ ને એમ.

મુમુક્ષુ :- ઉપાય ન હોય..

ઉત્તર :- ઉપાય ન મળે એ ઉપાય લે, એમાંથી આત્મા હાથ ક્યાંથી આવે?

વસ્તુ એક સમયમાં પૂર્ણ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ-સામાન્ય, અસંયુક્ત-રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પનાના સંબંધથી રહિત. ઈ છે પણ ઈ એક સમયનો સંબંધ છે. તેથી અભૂતાર્થ છે. કાયમ ટકવાવાળી ચીજ નથી. કહો, સમજાય છે કે નહિ? અતુલભાઈ! એ.. ભરતભાઈ! આ બે જણા આવ્યા છે ને મુંબઈથી. સાંભળવા માટે આવ્યા છે. રજા

લીધી ને. પેલાને ... સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા... એક સ્ફટિક રત્ન (આવે છે), સ્ફટિક રત્ન નથી આવતું? સ્ફટિક. એક વખત અમે જોયું હતું. ત્યાં બતાવ્યું હતું. જામનગર. જામનગર છે ને? ભાઈ ડૉક્ટર છે ને? શું કીધું? પ્રાણજીવન ડૉક્ટર. અમે જ્યારે (સંવત) ૧૯૯૧માં ગયા હતા (ત્યારે) આ 'સમયસાર'ની ૧૦૦મી ગાથા ચાલી હતી. ૧૦૦મીની પહેલી શરૂઆત. ૯૯ ગાથા તો ત્યાં રાજકોટમાં થઈ ગઈ હતી. ૧૯૯૧, કારતક. માગશરમાં ત્યાં ગયા હતા. ૯૧, ૯૧ સમજ્યા? ૯૦ ને ૧. પછી અહીંયાં આવ્યા. ૧૦૦મી ગાથા ચાલી. ડૉક્ટર આવ્યા હતા, મોટા ડૉક્ટર છે. ત્યાં છ લાખ રૂપિયાનો એક, એ જમાનામાં છ લાખનો એક સોલેરિયમ હતું. આખું છ લાખ રૂપિયાનું. એમાંથી ... આપે. પછી અહીં ૧૦૦મી ગાથા બતાવી તો કહે, મહારાજ! અમારું ઘરે જોવા આવજો. અમારે પણ એમ છે. સૂર્યકિરણનો સંબંધ થાય ને? પછી લાલ ત્રાંબાના ઓલામાંથી કિરણ નીકળે. પેલા રોગી ઉપર નાખે. રોગ હોય ને એના ઉપર. કીધું, એ વાત કાંઈ આની સાથે મળે એવી નથી. આ તો બીજી ચીજ છે.

આત્મા એકરૂપ સ્વરૂપ... ૧૦૦મી ગાથા છે ને? પરનો કર્તા-હર્તા નથી એવી ગાથા છે ખરીને. નિમિત્ત પણ નથી. પરના કર્તામાં આત્મા નિમિત્ત પણ નથી. વિકારી પર્યાય અને જોગનો જે કર્તા છે તે જીવની પર્યાય, બીજા કર્તામાં કાર્ય થાય છે તે સમયે તેને નિમિત્ત કહેવામાં આવે છે. અજ્ઞાનીના જોગ અને વિકલ્પ નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાનીના જોગ અને વિકલ્પ નિમિત્ત નથી. કારણ કે જ્ઞાની જોગ અને વિકલ્પના કર્તા નથી. સમજાય છે કાંઈ? જ્ઞાની પરદ્રવ્યની પર્યાયમાં નિમિત્તકર્તા પણ નથી. આહાહા..! ઈ વાત ચાલી હતી. (સંવત) ૧૯૯૧, માગશર માસ. સૂક્ષ્મ વાત છે. ઘણાંનો પરિચય થઈ ગયો. આ ૩૨મું વર્ષ ચાલે છે. અહીં સાડી એકત્રીસ વર્ષ પૂરા થયા. ભાદરવા વદ ત્રીજ. સાડી એકત્રીસ તો અહીંયાં પૂરા થયા. ફાગણ વદ ત્રીજે આવ્યા છીએ. તો ઘણો પરિચય છે, ઘણું વાંચીએ છીએ તો ઘણાં આવે. સાડી એકત્રીસ વર્ષ થયા.

કહે છે કે જે ભગવાન આત્મા વર્તમાન દ્રવ્ય(ને) પરદ્રવ્યનો સંબંધ જે એક સમયનો દેખાય છે તે કાયમ રહેવાવાળી ચીજ નથી. અભૂતાર્થ છે. તેથી આત્મા અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ થઈ શકે છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! ક્ષેત્રથી અન્ય અન્ય જે પર્યાય થાય છે તે પણ ક્ષણિક છે. તે સ્વભાવની દૃષ્ટિથી, ભૂતાર્થની દૃષ્ટિથી, સ્વભાવની દૃષ્ટિથી તે અભૂતાર્થ હોવાથી ભિન્ન પડી જાય છે. એ રીતે કાળમાં થયું. તેથી '**એ અનુભૂતિ થઈ શકે છે.**' જુઓ! શિષ્યના પ્રશ્નની સામે ઉત્તર. બહુ ટૂંકો પ્રશ્ન અને બહુ ટૂંકો ઉત્તર. ભગવાન! તમે કહો છો કે આત્મા તો તદ્દન પરથી નિરાળો છે. કર્મથી નિરાળો, વિકારથી નિરાળો, ભેદથી નિરાળો. બસ, એમાં આવી ગયું. ક્ષેત્ર, કાળ ને ગુણભેદ. સમજ્યા? કર્મથી નિરાળો, વિકારથી નિરાળો, ભિન્ન-નિરાળો અને ભેદથી ભિન્ન. વર્તમાનમાં આ બધું દેખાય છે. વર્તમાન ભેદ દેખાય છે,

સુખ-દુઃખ દેખાય છે, કર્મનો સંબંધ દેખાય છે ને? ભગવાન! સાંભળ તો ખરો. શિષ્યને કહે છે કે એ અભૂતાર્થ છે. કાયમ ટકનારી ચીજ નથી. તારી દૃષ્ટિ પર્યાય ઉપર છે ત્યાં સુધી છે. સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી તે ટકી શકતા નથી. સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- સોના જેવી વાત છે.

ઉત્તર :- સોના જેવી વાત? સોનામાં પણ ફેર પડે, આમાં તો ફેર પડે જ નહિ. આ તો ત્રિકાળ વસ્તુ સત્ય છે.

સચ્ચિદાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ (એમાં) ત્રણ ભેદ પણ નથી. એકરૂપ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એવી દૃષ્ટિ થયા વિના એકાગ્રતા થતી નથી અને એકાગ્રતા સ્વમાં એક ઉપર ગયા વિના થતી નથી. અને એક ઉપર દૃષ્ટિ થયા વિના અનુભૂતિ થતી નથી. અને અનુભૂતિ (થતાં) એ પાંચ બોલ અભૂતાર્થ છે. અભૂતાર્થ નામ કાયમ રહેવાવાળી ચીજ નથી. ક્ષણિક છે, સંયોગી છે, ઉપાધિભાવ છે તો ક્ષણિક છે તો છૂટી જશે. માટે તું કહે છે કે અનુભૂતિ કેમ થઈ શકે? તો અમે કહીએ છીએ કે એ પાંચેય ભાવ અસત્યાર્થ છે. કાયમી ટકી શકતા નથી. તો કાયમી (ચીજ) ઉપર દૃષ્ટિ દેવાથી અસત્ય થઈ જશે. તને અબદ્ધસ્પૃષ્ટની અનુભૂતિ થશે. શશીભાઈ! આરે.. આરે..! ભારે વાત.

મુમુક્ષુ :- સરવાળે..

ઉત્તર :- સરવાળે અંદરમાં આનંદ છે. અંદર અબદ્ધસ્પૃષ્ટ જોવાથી આનંદ આવે છે, એમ કહે છે. અનુભૂતિ શું? અનુભૂતિ એટલે આનંદનો અનુભવ. આહાહા..! સમજાય છે કાંઈ?

વર્તમાન અવસ્થા અને કર્મનો સંબંધ. એ અવસ્થા સાથે સંબંધ છે. એક સમયની અવસ્થા સાથે સંબંધ છે. એ તો અભૂતાર્થ છે. અહીંયાં ત્રિકાળ ઉપર દૃષ્ટિ દેવાથી એ છૂટી જાય છે. સમજાય છે કાંઈ? અને સુખ-દુઃખની કલ્પના ક્ષણિક છે. સુખ-દુઃખની કલ્પના, હોં! સંયોગી ચીજ નહિ. સંયોગ દ્રવ્યમાં આવ્યા, કર્મમાં. સુખ-દુઃખની કલ્પના એ પાંચમા બોલમાં આવી. કલ્પના તો ક્ષણિક છે. ત્રિકાળ આનંદકંદ એકાંત બોધબીજ આગળ આવશે ને? એકાંત બોધબીજરૂપ સ્વભાવ. એક જ્ઞાયક સ્વભાવ. એકાંત બોધબીજનો અર્થ-એક ધર્મ જે ચૈતન્ય સ્વભાવ બોધબીજ. કેવળજ્ઞાન જેમાંથી પ્રગટ થાય એવું બીજડું. કેવળજ્ઞાનનું બીજ. એમ એક બોધબીજ સ્વભાવ જોવાથી વિકાર અભૂતાર્થ થઈ જાય છે અને સ્વભાવની એકતાથી એને પર્યાયમાં આનંદ આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

આ તો 'સમયસાર' એમાં પણ પહેલી ૧૫ ગાથા તો બહુ ગંભીર અને ગૂઢ છે. પછી બધો વિસ્તાર કર્યો છે. સમજાય છે કાંઈ? બહુ જ શાંતિથી મગજમાં બીજા વિકલ્પ આદિ ઘટાડી દેવાથી બરાબર લક્ષ કરે તો આ સમજાય છે. એમ નહિ કે એ સમજાય નહિ. અને એમ ને એમ સમજાય જાય સાધારણ પકડથી, એમ પણ નથી. આહાહા..! આ બાદશાહનો

એક્કો (છે). એક્કો આવે છે ને? શું કહેવાય? હુકમનો એક્કો. રમતમાં તમારે આવે છે કે નહિ? હુકમનો એક્કો. આમ એક પ્રકાશમાન હુકમનો એક્કો. ભગવાન આત્મા પરદ્રવ્યનો સ્પર્શ નહિ, એ જ વાસ્તવિક છે. સ્પર્શ છે તે અવાસ્તવિક છે. ક્ષેત્રથી અન્ય અન્ય પર્યાય-વ્યંજન-આકૃતિ થાય છે, તે ત્રિકાળની અપેક્ષાથી અવાસ્તવિક છે. પર્યાયની અપેક્ષાથી ભલે વાસ્તવિક હોય, ત્રિકાળની અપેક્ષાથી અવાસ્તવિક છે. તો છૂટી જાય છે. સમજાય છે કાંઈ? સુખ-દુઃખનું વેદન, આનંદથી વિરુદ્ધ સુખ-દુઃખની કલ્પના અભૂતાર્થ છે, ક્ષણિક છે. એક સમયની પર્યાયમાં એ દેખાય છે. પર્યાય અંશ બુદ્ધિ કાળમાં દેખાય છે. સ્વભાવ બુદ્ધિ-દૃષ્ટિ કરવાથી અભૂતાર્થ છે. તે ટકી શકતા નથી. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? ભારે ઝીણું. આવું ઝીણું શું કરવા કર્યું હશે? પણ એવું છે. કર્યું હશે શું. આહા..! એને કોઈ દિ' ધર્મ કેમ થાય એની ખબરું ન મળે અને એમ ને એમ બહારથી જાણે ધર્મ થશે. દયા પાળી ને વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને પૂજા કરી ને જાત્રાઓ કરી. ધૂળમાંય ધર્મ નથી, એ તો શુભભાવ છે. એ.. શેઠ! માનતા હતા, પાઠશાળા બનાવી દીધી. દસ હજાર આપી દીધા, પંદર હજાર આપી દીધા. ઘણાં માણસો.. જાઓ! લો, ભાઈ! એક પચ્ચીસ હજાર આપીએ છીએ.

મુમુક્ષુ :- કેટલા બધા માણસો ભણે.

ઉત્તર :- બીજા ભણે એમાં તારે શું છે? પૈસા ક્યાં એના હતા? એમાં વિકલ્પ થાય છે તે પણ ભૂતાર્થ નથી, એમ કહે છે. ઈ ભૂતાર્થ નહિ, કાયમની ચીજ નહિ. આહાહા..! ભગવાન આત્મા એક સ્વભાવી વસ્તુ એકરૂપ એક્કા ઉપર દૃષ્ટિ દેવાથી તે અભૂતાર્થ થઈ જાય છે. પર્યાય અભૂતાર્થ છે, એ કાયમ ટકવાવાળી ચીજ નથી. આહાહા..! ભારે પણ ટીકા. અમૃતના રસ રેડ્યા છે એકલા, હોં! ઓહો..! આમ જોને ભાઈ! એક સમયનું વર્તમાન અંતર્મુખને છોડીને બહિર્મુખ લક્ષથી જે પર્યાયની સાથે કર્મનો સંબંધ તને દેખાય છે અથવા છે એવી તારી માન્યતા છે, રાગાદિ છે ઈ દેખાય છે અને તારી માન્યતામાં એ કાયમી ચીજ છે (પણ) એ કાયમની ચીજ નથી. એ તો અભૂતાર્થ છે. જૂઠી એટલે કાયમ ટકવાવાળી ચીજ નથી. કાયમ ટકી નહિ શકે, રહી નહિ શકે. અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ કરવાથી એ અભૂતાર્થ નામ અસત્યાર્થ થઈ જશે. નાસ્તિ થઈ જશે. અને શુદ્ધ આનંદના અનુભવની અસ્તિ થશે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- ધર્મ કરે તો સુખી થાય.

ઉત્તર :- ઈ આ ધર્મ કરે તો સુખી થાશે, બાકી મરી જઈશ તોય નહિ થાય. પેલા મેલાં કાગળમાં લખે છે ને? મેલા. મરી જાય ત્યારે (લખે), ધર્મ કરશે તો સુખી થશે. પરમેશ્વરની મરજી કે મરી ગયો આ. એમ લખે છે ને? સમજ્યાને? પરમેશ્વર આગળ આપણું ચાલે નહિ. નહિતર એને પરમેશ્વર સામે પડવું છે. પરમેશ્વર બીજો ક્યો? મરણની સ્થિતિ છે એ

પૂરી થાય છે. માટે ધર્મ કરશે એ સુખી થાશે. મારે કાંઈ લેવાદેવા નથી.

અહીં તો કહે છે, ભગવાન! ધર્મ કેમ થાય છે? કે તારી અવસ્થામાં કર્મનો સંબંધ કાયમનો નથી અને વિકાર પણ કાયમની ચીજ નથી. તો કાયમી ચીજ ઉપર દૃષ્ટિ દેવાથી તે અભૂતાર્થ થઈ જશે, જૂઠા થઈ જશે, નાશ થઈ જશે. તેથી અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ થઈ શકે છે. આહાહા..! પહેલા એનું જ્ઞાન તો કરે કે શું કહે છે, શું રીત છે, કેવી વિધિ છે.

શિષ્યે પૂછ્યું હતું, પ્રભુ! અનાદિથી કર્મનો સંબંધ ચાલ્યો આવે છે. આપ કહો છો કે અનુભૂતિ થાય છે. પરથી ભિન્ન થાય છે. પણ આ કર્મનો સંબંધ અનાદિથી ચાલ્યો આવે છે ને? એક સમયનો છે? એક સમયનો છે, સાંભળ તો ખરો. એક સમયનું તારું લક્ષ અંતરમાંથી છૂટીને પર ઉપર ગયું છે. એટલો સંબંધ અનાદિનો નથી, એક સમયની દશાનો છે. પ્રવાહરૂપે ભલે અનાદિ હો. એક સમય પૂરતું તારું લક્ષ પર ઉપર ગયું છે અને વિકારના સુખ-દુઃખની કલ્પના પણ એક સમયમાં દેખાય છે. એ કાયમ ટકવાવાળી ચીજ નથી. તો એનાથી રહિત એકરૂપ સ્વભાવનો અનુભવ અસત્યાર્થ પર્યાય છે એ ભેદ, તેથી અબદ્ધસ્પૃષ્ટ આત્માનો અનુભવ થઈ શકે છે. શશીભાઈ! સમજ્યા? સમજાણું કે નહિ? કહો, સમજાણું? ક્યાં ગયા પ્રવિણભાઈ? સમજાય છે કે નહિ આ? પુસ્તક છે? ઠીક. આજે ઝીણું આવ્યું છે. ઓલા વેદાંત આદિ કહે છે કે પર્યાય નથી, રાગ નથી. એમ નહિ. છે, અંતર દૃષ્ટિની અપેક્ષાથી અભૂતાર્થ કહેવામાં આવ્યું છે. અભૂતાર્થ એટલે કાયમ ટકવાવાળી ચીજ નથી. છૂટી જાય છે અને એક સમયની ચીજ છે. ઈ આવશે, હમણાં આવશે. દૃષ્ટાંત આપશે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં હતું? કપડાની ગાંઠ છૂટી, ક્યાં ગઈ? ક્યાં ગઈ? કહો. કપડું હોય કે નહિ? ગાંઠ પડી છે કે નહિ? જુઓ! ક્યાં ગઈ? છૂટી જાય છે. રાગની સાથે એકત્વ સંબંધ હતો, સ્વભાવની સાથે એકત્વ થયું તો ઈ છૂટી જાય છે. ખલાસ થઈ ગયું. છૂટી ગયું, બીજું શું છે? એની રીતની ખબર નહિ, એ પ્રયોગ કરે કઈ રીતે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયનો ગ્રંથિ વિનાનો છે. ગ્રંથિભેદ, જે ગ્રંથિ છે એ કર્મના સંબંધમાં જે રાગ છે, એમ જે માને છે તે ગ્રંથિ છે-તે મિથ્યાત્વ છે. એ ગ્રંથિનો ભેદ ક્યારે થશે? એ અભૂતાર્થ કાયમની ચીજ નથી. કાયમનો હું દ્રવ્ય સ્વભાવ અખંડ એકાકાર છું, એવી દૃષ્ટિથી ગ્રંથિભેદ થઈ શકે છે. એ કાયમની ચીજ નથી માટે ગ્રંથિનો નાશ થઈ જાય છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? ભઈ, છોકરાને સમજાય. કેટલાક છોકરા કહે કે, અમને સમજાય નહિ. પણ ધ્યાન રાખવું જોઈએ ને. કાંઈક કહે છે એમ તો ધ્યાન રાખવું જોઈએ. કાંઈ વગર મફતના જાય છે આ? સમજાય છે કાંઈ? એનો પ્રોફેસર બોલે ત્યારે કેવું ધ્યાન રાખે છે. એ તો બધી પાપબંધનની કથાઓ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મોટા જ છે બધા ભગવાન. બધા આત્મા સરખા છે. પ્રભુ આત્મા છે, ભાઈ! સ્ત્રીની ચેષ્ટાથી આ સ્ત્રી છે એમ ન જો, એમ અહીં કહે છે. આ શરીરની ચેષ્ટાથી આ શરીરની ચેષ્ટા જે આમ આમ થાય એ ક્ષેત્ર તારું એમ ન જો. અને બીજાને પણ એમ ન જો. સ્ત્રીના શરીરના રજકણો આમ આમ થાય, આમ આમ થાય એ આત્માના નહિ, એ તો જડની ચેષ્ટા છે. આહાહા..! સમજાય છે કાંઈ? સ્ત્રીનો દેહ તે આત્મા નહિ. એનો આત્મા તો વર્તમાન પર્યાય સંબંધ છે એનાથી રહિત તે આત્મા છે. એમ તું તને જો, બીજાને પણ એમ જો. સમજાય છે કાંઈ? આહાહા..! પર્યાયબુદ્ધિ-રાગની સાથે સંબંધ, કર્મની સાથે સંબંધ એ પર્યાયબુદ્ધિ છે. છૂટી જશે. કેમકે ક્ષણિક સંબંધ છે. ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ કરવાથી છૂટી જશે. તો જેવી તારી દૃષ્ટિ થઈ એ દૃષ્ટિથી બધાને જો. ઈ આત્મા છે, અબદ્ધસ્પૃષ્ટ આત્મા છે. એની પર્યાયબુદ્ધિ ભલે હો, પણ તારી પર્યાયબુદ્ધિ છૂટી ગઈ અને અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિમાં આવ્યો તો એ પણ પર્યાયથી રહિત અબદ્ધસ્પૃષ્ટ છે. શરીર-ફરીરની ચેષ્ટા-ફેષ્ટા એ આત્મા નહિ. તેમાં રાગ થાય છે. વિષય વાસનાનો વિકલ્પ એ આત્મા નહિ. એમ તું જો. આહાહા..! સમજાય છે કાંઈ? હાવભાવ ને ચેષ્ટા. ભગવાન! એ તો જડની પર્યાય છે. એનો સંબંધ જીવની સાથે એક સમયનો સંબંધ છે. એ સંબંધ કાયમ રહેવાવાળો છે એમ ન જો. એ સંબંધ આત્માની સાથે સદાય છે એમ ન જો. સમજાય છે કાંઈ? આમ હલે ને આમ આમ થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૈસા, બંગલા એના ઘરે રહ્યા. અહીં ક્યાં આત્મામાં ગરી ગયા હતા. એ.. શેઠ! સંગેમરમર. મોટા હજીરા. હજીરા સમજાય છે? મોટું મકાન. અમારે ત્યાં હજીરા એને કહે છે, લોટિયા વોરા મરે પછી જેમાં દાટે એને હજીરા કહે છે. જામનગરમાં મોટો હજીરો છે. જામનગરમાં આ લોટિયા વોરા હોય ને? વોરા, એ મરી જાય ત્યારે એ હજીરમાં દાટે. મોટા મોટા હજીરા હોય છે. કબ્રસ્તાન. આ તો મોટું મકાન હોય. દાટે જમીનમાં પણ મોટા મોટા મકાન કરે. કબ્રસ્તાન મોટું. જામનગરમાં નદીને કાંઠે છે ને. ... નદી કાંઠે ગયા તો.. ઓહો..! શું છે? હજીરો છે. આ બધા હજીરા છે જ. આત્માના ભાન વિના મડદાં દસ દસ લાખના મકાનમાં બેઠા છે એ હજીરામાં પડ્યા છે.

મુમુક્ષુ :- સુખ કેટલું!

ઉત્તર :- ધૂળમાંય સુખ નથી. મૂઢ છે. આહા..! વિષ્ટાને ચાટીને આનંદ માને એવું સુખ છે.

મુમુક્ષુ :- કબ્રસ્તાનમાં મકાન બનાવે..

ઉત્તર :- ના, કબ્રસ્તાનમાં નહિ. બીજે આસપાસ. વોરા લોકોને. ત્યાં જામનગર ને બધે ઠેકાણે (હોય છે). હળવદ ગયા હતા ત્યાં પણ છે. હળવદ પણ એક મોટું છે. અમે

ગયા હતા તે દિ’ હળવદમાં એનો મોટો મુલ્લો આવ્યો હતો. મોટો મુલ્લો. એ બિચારો વ્યાખ્યાનમાં આવ્યો હતો. મોટો મુલ્લો આવ્યો હતો. તે દિ’ કાંઈક રોજા ચાલતા હતા. નામ બહાર પડે ને એટલે બધા આવે. વ્યાખ્યાન સાંભળો તો ખરા. તમે આત્મા છો. મુલ્લા-ફુલ્લા... મુલ્લાનો આત્મા, ઢેઢનો આત્મા, નાગરનો આત્મા ને વાણિયાના આત્મામાં ફેર છે? આત્મામાં ફેર છે? ભગવાન છે આત્મા અંદર. આહાહા..! એક સમયની પર્યાયને ન જો. શરીર તો .... આહાહા..! જુઓ!

શિષ્યે પ્રશ્ન કર્યો હતો. તેનો જ ઉત્તર ચાલે છે, હોં! ધીમે ધીમે. ‘જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?’ મહારાજ! ઓહોહો..! આવી મોટી વાત! પણ આ બધા લોચા દેખાય છે ને? કર્મનો સંબંધ ને રાગ-દ્વેષ ને સુખ-દુઃખ. આપ કહો છો એવો અનુભવ કઈ રીતે થાય? ભાઈ! એ કાયમની ચીજ નહિ. એ ટકવાવાળી ચીજ નહિ. તારી દૃષ્ટિ અબદ્ધ ઉપર જશે તો તેનો નાશ થઈ જશે. તારી દૃષ્ટિમાં રહેશે નહિ. આહાહા..! ‘ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર.’ ‘શ્રીમદ્’ છેલ્લું વાક્ય કહ્યું. ‘શ્રીમદ્’.

**ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

વિલય કહો કે અભૂતાર્થ કહો. આવે છે કે નહિ? ભાઈ! ‘શ્રીમદ્’માં છેલ્લે આવે છે ને? ‘ઉપજે મોહ વિકલ્પથી’. મોહનો વિકલ્પ કે આ છે ને આ છે ને આ છે. ‘સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં..’ અભૂતાર્થ થતાં ‘વિલય થતાં નહિ વાર.’ આહાહા..! છેલ્લે પાછળ આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ બધા આવે, સંયોગની વાત કરે. વ્યવહારનયનું કથન ઘણું હોય. પણ એનું ફળ સંસાર છે. સમજાય છે કાંઈ? આહાહા..! કઈ ચીજનો સંબંધ છે? છોડવું છે તો એનું જ્ઞાન તો કરાવે કે નહિ? જ્ઞાન કરાવ્યા વિના શું છોડવું છે અને શું ગ્રહણ કરવું છે (એ કેમ ખબર પડશે?) સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- હેય છે.

ઉત્તર :- હેય પણ જ્ઞેય તરીકે છે ને. જ્ઞાન કરવા લાયક છે કે નહિ? કે કોઈ ચીજ જ નથી? એમ નથી, વેદાંત જેવું નથી કે કંઈ છે જ નહિ. એકો અહં. બધા બ્રહ્મ છે. એમ નથી. આત્મા એક બ્રહ્મ છે અને જગત મિથ્યા છે, એમ નથી. પોતાના સ્વરૂપની અપેક્ષાથી જગત મિથ્યા છે. જગતની અપેક્ષાથી જગત છે. સમજાય છે કાંઈ? અંતર દૃષ્ટિએ જોવાથી રાગ અભૂતાર્થ છે, રાગની દૃષ્ટિએ જોવાથી પર્યાય છે, રાગ છે. રાગ છે તો નિષેધ કરીને અરાગ દૃષ્ટિ થાય છે. સમજાય છે કાંઈ? અલૌકિક વાત કરી છે! આગળ કહેશે, વ્યવહારનયથી પાંચ ભૂતાર્થ છે. નિશ્ચયનયથી અભૂતાર્થ છે. આહાહા..!

**'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે.'** ભાઈ! તારા ઘરમાં એ કાયમની ચીજ નથી. તો ઘરની દૃષ્ટિ કરવાથી એ અસત્ય-જૂઠા થઈ જશે. તેં માની રાખ્યું છે, મારામાં કર્મનો સંબંધ છે, મારામાં દુઃખ છે. એ માની રાખ્યું છે એ છૂટી જશે. કાયમની ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવો ધર્મ કેવો? દયા પાળવાનું કહે, પૈસા ખર્ચવાનું કહે, અપવાસ કરી નાખવાનું કહે. અપવાસ કરી નાખીએ, લ્યો. દસ અપવાસ, પચ્ચીસ અપવાસ. શરીર સારું હોય એ અપવાસમાં ઉતરી જાય. લક્ષ્મીવાળા દાનમાં ઉતરી ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કરે છે ને પોતે. આ અનુભૂતિની ક્રિયા એ ધાર્મિક ક્રિયા છે. આહાહા..!

બદ્ધસ્પૃષ્ટત્વ આદિ વર્તમાનમાં હોવા છતાં ત્રિકાળ એકરૂપ સ્વભાવનો અનુભવ કરવાથી તે અભૂતાર્થ થઈ જાય છે. આવી વાત છે. **'આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :-'** લ્યો. હવે દૃષ્ટાંતથી એક એક વાતને પ્રગટ કરે છે, હોં! દૃષ્ટાંત તો સમજાય, હોં! એઈ..! છોકરાઓ! દૃષ્ટાંત તો એને સમજાય કે નહિ? કાલે એક છોકરો કહે કે આમાં કંઈ સમજાય નહિ અમને. ન સમજાય પણ ધ્યાન દે તો સમજાય કે નહિ? ગુણની વ્યાખ્યા કરે છે કે નહિ? જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં. ગુણ કોને કહે છે? આવે છે કે નહિ? એ.. છોકરાઓ! ગુણ કોને કહે છે? એની વ્યાખ્યા શું? દ્રવ્યના પૂરા ભાગમાં અને એની પ્રત્યેક હાલતમાં રહેવાવાળી શક્તિને ગુણ કહે છે. લ્યો, એનો અર્થ શું? કે આત્મા જે વસ્તુ છે એમાં જે ગુણ છે, આનંદ કે જ્ઞાન, જ્ઞાન.. જ્ઞાન. તો જ્ઞાન જે ત્રિકાળ દ્રવ્યમાં કાયમ રહેવાવાળું છે. દ્રવ્યના પૂરા ભાગમાં. પૂરો ભાગ એટલે આખું ક્ષેત્ર. આખું ક્ષેત્ર એટલે અસંખ્ય પ્રદેશમાં. અને સર્વ હાલત. દરેક દશામાં એ ગુણ રહે છે. દરેક દશામાં અને દરેક ક્ષેત્રમાં. દ્રવ્ય આવ્યું, ગુણ આવ્યા, ભાવ આવ્યા. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ થઈ ગયા. એક પ્રશ્નમાં તો એણે એટલું લખ્યું છે. ગુણ કોને કહે છે? કે ગુણ, દ્રવ્યના પૂરા ભાગમાં-દ્રવ્યના પૂરા ક્ષેત્રમાં, પૂરા ક્ષેત્રમાં અને દ્રવ્યની બધી હાલતમાં (રહે તેને ગુણ કહેવાય). તો દ્રવ્ય તો વસ્તુ થઈ, એનો જ્ઞાન ગુણ થયો, પૂરું ક્ષેત્ર એ ક્ષેત્ર થયું, દરેક હાલતમાં એ કાળ થયો. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે જ્ઞાનગુણ ત્રિકાળ રહે છે. ત્રિકાળ રહે છે તો એક સમયની પર્યાય છે એટલામાં ગુણ આવી ગયો? આખો ગુણ એટલામાં આવી ગયો? એ તો દરેક અવસ્થામાં વર્તે છે. પણ આખો એટલામાં આવતો નથી. એક સમયની અવસ્થા દૃષ્ટિ કરવાથી આખા ગુણની દૃષ્ટિ થતી નથી. સમજાય છે કાંઈ? એ ગુણ આખા દ્રવ્યમાં રહે છે, એકરૂપ. આખા ભાગમાં રહે છે એનો અર્થ શું? દ્રવ્યના પૂરા ભાગમાં, પૂરા ક્ષેત્રમાં, પૂરા સ્થાનમાં. આખા આત્મામાં એ જ્ઞાન પૂરામાં રહે છે. એવી એક સમયની અવસ્થાનું લક્ષ છોડીને, રહે છે એમાં, બતાવવું ઈ છે કે તારી અવસ્થા પરથી નથી થતી, તારાથી થાય છે. એટલું બતાવવું છે.

અવસ્થાના અંશમાં આખા દ્રવ્ય-ગુણ ન આવ્યા. એટલી એક સમયની અવસ્થામાં આખા દ્રવ્ય-ગુણ આવ્યા નહિ. આખા દ્રવ્ય-ગુણની પ્રતીતિ કર્યા વિના એક અંશની પ્રતીતિ કરે, એમાં આખો આત્મા આવતો નથી. માટે એક સમયની અવસ્થાનું લક્ષ છોડીને કાયમી દ્રવ્ય અને ગુણ જે છે એકાકાર, એની દૃષ્ટિ કરવાથી તારી સત્ય-સમ્યક્દૃષ્ટિ થાય છે. અને એ શક્ય છે અને થઈ શકે છે. પર્યાયને એક સમયમાં કાયમ રાખે તો થઈ શકે નહિ. સમજાય છે કાંઈ? એમાંય ઘણું છે થોડું સમજે તો. હવે અબદ્ધસ્પૃષ્ટનો દૃષ્ટાંત આપે છે. પહેલો બોલ છે ને? અબદ્ધસ્પૃષ્ટ.

‘**જેમ કમલિનીનું પત્ર...**’ કમલિનીનું પત્ર. કમલિની હોય છે ને? વેલ.. વેલ. પાણીમાં થાય ને? એનું પત્ર. એનો સ્વભાવ એવો છે, લુખ્ખો સ્વભાવ, લુખ્ખો. કમળપત્રનો લુખ્ખો (સ્વભાવ). પાણી એને અડે જ નહિ એવો. એ પત્ર ‘**જળમાં ડૂબેલું હોય...**’ પાણીમાં ડૂબેલું દેખાતું હોય ‘**તેનો જળથી સ્પર્શવારૂપ...**’ સ્પર્શિત નામ સંયોગરૂપ. સંયોગરૂપ. પત્રનો જળના સંયોગરૂપ અવસ્થાથી ‘**અનુભવ કરતાં જળથી સ્પર્શવાપણું ભૂતાર્થ છે...**’ જળથી પત્રના સંયોગરૂપ, એ વર્તમાન સંયોગ છે તે છે, વર્તમાન જોવાથી છે, ડૂબેલું જોતાં છે. પાણીમાં કમલિનીનું પત્ર ડૂબેલું છે એમ સંયોગથી જોતાં સંયોગપણે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ક્યાં કીધું આમાં?

મુમુક્ષુ :- પાણીથી સ્પર્શાવારૂપ..

ઉત્તર :- સ્પર્શાયેલું નથી એમ કહે છે. સ્પર્શિત વ્યવહાર સંયોગરૂપ છે, એમ કહે છે. સ્પર્શિત એટલે આમ સંયોગરૂપ છે. સંયોગ બતાવવો છે ને. કર્મનો પણ આત્માની સાથે સંયોગ બતાવવો છે ને. સ્પર્શે શું? ત્રણ કાળમાં અડતું નથી.

મુમુક્ષુ :- વ્યવહાર સ્પર્શ.

ઉત્તર :- એ વ્યવહાર સ્પર્શનો અર્થ સંયોગ. પાણીમાં સંયોગદૃષ્ટિથી ડૂબેલું જુઓ તો સંયોગ છે, સંયોગ છે. પાણીથી દેખે છે ને, પાણીથી જોવે છે તો સંયોગ છે, પાણીથી જોવે તો સંયોગ છે. એ સંયોગ અપેક્ષાએ, વ્યવહારની અપેક્ષાએ ભૂતાર્થ છે એટલે છે. સંયોગ અપેક્ષાએ વર્તમાન છે. સમજાય છે કાંઈ?

‘**તોપણ જળથી જરાય નહિ સ્પર્શવાયોગ્ય...**’ પણ એ વેલનું પત્તું એવું છે, કમલિનીનું પત્ર લુખ્ખું લુખ્ખું છે. આમ ઉપાડો તો પાણીનું એક બિંદુ એને અડ્યું ન હોય. એવી રૂંવાટી (હોય). રૂંવાટી કહે છે? ઝીણી ઝીણી એવી સૂકી.. સૂકી.. સૂકી. ક્યાંય પાણી અડ્યું જ નથી. પછી પાણીને લુવું પડે નહિ. અડ્યું જ નથી ને. શું લુવે? લુવે સમજ્યા? પોંછના. પત્તુ પાણીમાં હતું હવે લૂસી નાખે. ઉપર લેપ છે જ નહિ. સમજાય છે કાંઈ? પહેલાં દૃષ્ટાંત સમજો, દૃષ્ટાંત. આહાહા..! વેદાંતમાં પણ આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વખતે ડૂબેલું સંયોગથી દેખાય છે. સ્વભાવ દૃષ્ટિએ જોવો તો એમાં સંયોગ-બંયોગ છે જ નહિ.

મુમુક્ષુ :- એ વખતે જુઓ તો..

ઉત્તર :- એ વખતે. એ વખતની વાત છે ને. આમ દેખે તો સંયોગ છે, આમ દેખે તો સંયોગ નથી. બન્ને અવસ્થાદૃષ્ટિથી અવસ્થા છે, સ્વભાવદૃષ્ટિથી નથી. એ સિદ્ધ કરવું છે. એક સમયની અવસ્થા ભૂતાર્થ છે. બિલકુલ સંબંધ જ નથી, પર્યાયમાં નિમિત્તનો વ્યવહાર સંબંધ એક સમયનો નથી એમ નથી. એમ છે. ત્રિકાળ દૃષ્ટિની અપેક્ષાએ સંબંધ નથી. અથવા પત્રનો સ્વભાવ જોવાથી જળનો સ્પર્શ છે જ નહિ. કોનો સંબંધ કરે? લુખ્ખું. એની રૂંવાટી પત્તાની નીચે એવી લુખ્ખી હોય છે, લુખ્ખી. ઝીણી.. ઝીણી.. ઝીણી. પત્તાની નીચે (હોય). પાણી એને કદી અડ્યું જ નથી. પાણી અડતું જ નથી. ઉપાડે એટલે ખલાસ. એક બિંદુ નિકળે નહિ. સંયોગથી જુઓ તો એક સમયનો છે. એક સમયનો. પણ એના સ્વભાવથી જુઓ (સ્પર્શ થયો જ નથી). સમજાય છે કાંઈ?

'**જળથી જરાય નહિ સ્પર્શવાયોગ્ય...**' જુઓ! કિંચિત્‌માત્ર પણ. '**નહિ સ્પર્શવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને...**' સ્વભાવનું લક્ષ કરવાથી, એમ. આ કમલિનીનો સ્વભાવ તો એવો છે કે પાણીને અડતું જ નથી. એવા સ્વભાવનું જ્ઞાન કરવાથી, અનુભવ નામ જ્ઞાન. અહીં કંઈ એનો અનુભવ કરવો નથી. '**કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં જળશી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે;...**' જળથી એક સંયોગ જોવે છે તે જૂઠો છે. જળથી પત્તાનો સંયોગ દેખાય છે, તે સ્વભાવ જોવાથી જૂઠો છે. સંયોગ નથી, સ્પર્શ થયો નથી. સમજાય છે કાંઈ? વેદાંત પણ કમળનો દાખલો આવે છે. કમલિનીના પત્તાનો આવે છે. ત્યાં એકલું બતાવવું છે. આ તો છે જ નહિ, એમ કહે છે. અહીં તો છે, પર્યાયમાં છે. અહીં બેય બતાવવું છે. પર્યાયમાં પણ છે. પાણી આમ સંયોગરૂપે (છે). સંયોગ સંયોગની દૃષ્ટિએ છે. સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો જળમાં કમલિનીનો સ્વભાવ કિંચિત્‌માત્ર અડ્યો જ નથી. આ તો દૃષ્ટાંત થયો. આ તો પહેલા અબદ્ધસ્પૃષ્ટનો દૃષ્ટાંત થયો. હવે અબદ્ધસ્પૃષ્ટનો સિદ્ધાંત સિદ્ધ કરે છે.

'**એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો,...**' લો. '**અનાદિ કાળથી બંધાયેલા આત્માનો...**' પર્યાયથી લક્ષ કરે છે ને અહીંયાં કર્મનું. '**પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...**' જ્ઞાન કરતાં એ '**બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે...**' એક સમયની દશામાં કર્મનો સંબંધ છે, છે. બિલકુલ સમયની અવસ્થા છે જ નહિ, એમ નહિ. સમજાય છે કાંઈ? બીજા તો કહે કે નહિ, કર્મનો સંબંધ એક સમયમાં નથી. એક સમયમાં છે. પર્યાયદૃષ્ટિથી બંધ છે, બંધ પર્યાયદૃષ્ટિથી બંધ છે. સમજાય છે કાંઈ? જળમાં

ડૂબેલું કમલિનીનું પત્ર જોવાથી જળમાં (ડૂબેલું છે).

**'પુદ્ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...'** હવે જ્યાં દ્રવ્ય સ્વભાવ જુઓ, વસ્તુ જ્ઞાયક ચૈતન્ય, જેમ જળથી ભિન્ન (કમલિની પત્ર છે), એમ ભગવાન આત્મા કર્મના સંબંધ રહિત એકલા ચૈતન્યદ્રવ્યથી જુઓ તો **'નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની સમીપ જઈને...'** આત્માનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ, એનો સ્વભાવ કર્મના સંબંધમાં એક સમયમાં રહેવું એવો સ્વભાવ છે જ નહિ. **'અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.'** વ્યવહારે એક સમયનો સ્પર્શ દેખાતો હતો. ત્રિકાળ દૃષ્ટિથી જુઓ તો બદ્ધસ્પૃષ્ટ નથી. તેથી અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ થઈ શકે છે. એમ કહ્યું. શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે આ અનુભવ થઈ શકે? થઈ શકે છે. પર્યાયનો સંબંધ છે એ સંબંધનું લક્ષ છોડી દે અને અહીંયાં સંબંધ કરે તો છૂટી જશે. આત્માનો અનુભવ થઈ શકે છે. એક બોલ થયો. બીજો કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૪, સોમવાર, તા. ૩-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૪, પ્રવચન નં. ૬૫**

આ સમયસાર જીવ-અજીવ અધિકાર ચાલે છે, ૧૪મી ગાથા. જુઓ! અહીંયાં આવ્યું. પહેલું દૃષ્ટાંત. આત્મા બદ્ધસ્પૃષ્ટ રહિત છે. એમાં જળ કમલિનીના પત્રનું દૃષ્ટાંત આપ્યું. કમલિની પત્ર જળમાં ડૂબેલું જોવામાં આવતાં તેને સંયોગરૂપ સંબંધ છે, એમ દેખાય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું સમજાણું? કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું જોતાં જાણે ડૂબેલું છે, એમ સંયોગથી દેખાય છે. તે અપેક્ષાથી સત્યાર્થ છે. પણ પત્રનો (સ્વભાવ) જોવાથી જળને અડતું નથી. એમ જોવાથી એ પરનો સંબંધ અભૂતાર્થ-અસત્યાર્થ છે.

'**એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો,...**' ત્યાં આવ્યું છે. '**પુદ્ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે,....**' દેખો! ત્યાં સુધી આવ્યું છે. વસ્તુ આત્મા અનાદિ કર્મના નિમિત્તની અપેક્ષા લઈને જોતાં જે બંધ અવસ્થામાં સંયોગ સંબંધ દેખાય છે, તે દૃષ્ટિથી જુઓ તો સંબંધ વ્યવહારે છે. વ્યવહારે છે તે ભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? ભૂતાર્થનો અર્થ, છે.

'**તોપણ પુદ્ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...**' ભગવાન આત્મા આત્મસ્વભાવની સમીપ જઈને, ચૈતન્ય સ્વભાવ શુદ્ધ જ્ઞાયકની અંતર દૃષ્ટિ કરવાથી, સ્વભાવની સમીપ જવાથી '**અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.**' કર્મનો સંબંધ એ વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિમાં આત્માના સ્વભાવનો અનુભવ કરતાં (ભૂતાર્થ) નથી. સમજાય છે કાંઈ? જુઓ, વ્યવહાર છે એમ બતાવ્યું છે. પણ આત્માના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરવાથી, જે ભૂતાર્થ સંયોગ હતો તે અભૂતાર્થ થઈ જાય છે-જૂઠો થઈ જાય છે. સમજાય છે કાંઈ? એમ વ્યવહાર વર્તમાન ભૂતાર્થ છે તે અપેક્ષાથી નિશ્ચય અભૂતાર્થ થઈ જાય છે. ખરું કે નહિ? એમ નથી. એ તો પહેલાં કહી દીધું છે કે બદ્ધસ્પૃષ્ટ આદિ અભૂતાર્થ હોવાથી અનુભૂતિ થઈ શકે છે. શું કહ્યું?

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- ફરીથી કહીએ છીએ ને વિશેષ.

કર્મનો સંબંધ આદિ પાંચ બોલ જે છે એ વાસ્તવિક કાયમની ચીજ નથી, એ તો ક્ષણિક સંબંધ છે. તો સ્વભાવની અનુભૂતિ કરવાથી તે ભાવ અભૂતાર્થ છે તો છૂટી જાય છે. સમજાય છે કાંઈ? પણ વ્યવહાર ભૂતાર્થ છે તો એનો આશ્રય કરવાથી નિશ્ચય જે ભૂતાર્થ છે તે અભૂતાર્થ થઈ જાય છે, એમ કદી નથી બનતું.

મુમુક્ષુ :- અનેકાંત છે.

ઉત્તર :- અનેકાંત કહીએ છીએ ને. તેથી તો અહીંયાં કહ્યું. અનેકાંત આમ કરો. પણ એના ઉત્તરમાં છે કે બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ અભૂતાર્થ હોવાથી અનુભૂતિ થઈ શકે છે. એ પ્રશ્નમાં બધો ખુલાસો છે. શું કહ્યું?

આત્મા અનંત શુદ્ધ આનંદકંદ આદિ સ્વભાવ છે. એમાં વર્તમાન પર્યાય નામ અવસ્થામાં કર્મનો સંબંધ વર્તમાન વ્યવહારનયથી સંબંધ છે તે ભૂતાર્થ છે. ભૂતાર્થ નામ છે. પણ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અંતર્મુખ અંતર સ્વભાવ સમીપ જવાથી એ વ્યવહારનો સંબંધ છૂટી જાય છે તો તે અસત્યાર્થ છે, જૂઠો છે. સમજાય છે કાંઈ? એમ વ્યવહાર ભૂતાર્થ છે તો નિશ્ચય અભૂતાર્થ થઈ જાય છે, એમ નથી બનતું. વ્યવહાર ભૂતાર્થ છે તો નિશ્ચયનો નાશ થઈ જાય છે (એમ નથી બનતું). ભાઈ! એમાં નાખ્યું છે, બહુ પ્રશ્ન કરે છે કે તમે કહો છો કે નિશ્ચયની અપેક્ષાથી નિજ સ્વભાવ શુદ્ધ છે તેની દૃષ્ટિ કરવાથી વ્યવહાર જે ભૂતાર્થ હતો તે અભૂતાર્થ થઈ ગયો, સાચો હતો તે જૂઠો થઈ ગયો. તો ઈ કહે છે કે વ્યવહારની દૃષ્ટિથી છે, ભૂતાર્થ છે. એ અપેક્ષાથી નિશ્ચય અસત્યાર્થ છે. પણ એનો અર્થ શું? શું નિશ્ચય નાશ થઈ જાય છે? સમજાય છે કાંઈ? આહાહા..! ભારે. એવા તર્ક ઉઠાવે છે માળા હવે તો. દૃષ્ટિની ખબર ન મળે.

તેથી તો શિષ્યે અહીંયાં પ્રશ્ન કર્યો, પ્રભુ! આ બદ્ધસ્પૃષ્ટ દેખાય છે ને. કર્મનો સંબંધ દેખાય છે, ભેદ દેખાય છે, વિકાર દેખાય છે. આત્માની અનુભૂતિ કઈ રીતે થાય છે? તો કહ્યું કે એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ કાયમ રહેનારા નથી. એ ક્ષણિક સંબંધ છે. આત્મામાં વિકાર પણ ક્ષણિક છે, કર્મનો સંબંધ ક્ષણિક છે. આત્મામાં ભેદ-જ્ઞાન, દર્શન આદિ ક્ષણિક છે. તે અસત્યાર્થ કાયમની વસ્તુ નહિ હોવાથી આત્માનું અંતર સ્વરૂપ અનુભૂતિ કરવાથી છૂટી જાય છે. અને એ છૂટી જાય છે તો અનુભૂતિ થઈ શકે છે. સમજાય છે કાંઈ? કેટલાક એમ કહે છે કે જ્યારે તમે એમ કહો કે વ્યવહાર અભૂતાર્થ-જૂઠો છે નિશ્ચયની અપેક્ષાથી, તો અમે કહીએ છીએ કે વ્યવહારની અપેક્ષાથી નિશ્ચય જૂઠો છે. આહાહા..!

મુમુક્ષુ :- .. નિશ્ચયનો અભાવ થઈ જાય?

ઉત્તર :- અભાવ થાય? તેથી તો આ પ્રશ્ન લીધો છે. નિશ્ચયનો અભાવ થઈ શકે? વ્યવહારનો અભાવ થઈ શકે છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત.

વસ્તુ જે આત્મા છે એ એક સમયમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ છે. વસ્તુ ધ્રુવ નિત્ય જ્ઞાયક સ્વભાવ અનાદિઅનંત. તેની અપેક્ષાથી વર્તમાન જે કર્મનો સંબંધ આદિ વિકલ્પ, રાગાદિ છે એ તો ક્ષણિક છે. એ છે તે અપેક્ષાથી ભૂતાર્થ છે પણ પોતાના સ્વભાવની દૃષ્ટિ, અનુભવ કરવાથી તે અભૂતાર્થ છે તો છૂટી જાય છે. સમજાય છે કાંઈ? એ કાયમ રહેવાવાળી ચીજ નથી. સમજાય છે કાંઈ? વ્યવહાર ભૂતાર્થ છે તો વ્યવહારની અપેક્ષાથી નિશ્ચય અભૂતાર્થ છે. શું વ્યવહારની અપેક્ષાથી નિશ્ચયનો નાશ થઈ જાય છે? શું કર્મના સંબંધના

લક્ષે અને રાગ છે, તેના લક્ષે આત્મા અવિનાશી ત્રિકાળ જ્ઞાયક છે તેનો અભાવ થઈ જાય છે? અમરચંદભાઈ! આહાહા..! નિશ્ચય વ્યવહારમાં આ મોટો ગોટો છે. વ્યવહાર ભૂતાર્થ છે કે નહિ? વ્યવહાર વ્યવહારથી ભૂતાર્થ છે કે નહિ? તો એ અપેક્ષાથી નિશ્ચય અભૂતાર્થ છે, નિશ્ચય છે જ નહિ. એમ નથી. સમજાય છે કાંઈ? વ્યવહાર વર્તમાન કર્મના સંબંધરૂપ અને વિકારની પર્યાયરૂપ દેખાય છે, છે ખરો. બિલકુલ નથી એમ નહિ. સસલાના શિંગડા હોય, એવી વસ્તુ નથી. પણ એનો અર્થ એમ નથી કે એ કાયમ રહેવાવાળી ચીજ છે એમ નથી. ક્ષણિક છે. આમ જ્યાં સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરી તો વ્યવહાર અસત્યાર્થ છે તે છૂટી જાય છે. અને વ્યવહારથી રહિત બદ્ધસ્પૃષ્ટ રહિત આત્માની અનુભૂતિ થાય છે. સમજાય છે કાંઈ?

નિશ્ચય ભૂતાર્થ, વ્યવહાર અભૂતાર્થ, એમ થઈ શકે છે. પણ વ્યવહાર ભૂતાર્થ તો નિશ્ચય અભૂતાર્થ એમ થઈ શકે નહિ. કેમ? કે નિશ્ચય તો ત્રિકાળી જ્ઞાયક ચીજ છે. એનો અભાવ કઈ રીતે થાય? સમજાય છે કે નહિ? આ અનેકાંત કરવા માટે આવું લખે છે. તમે કહો છો કે વ્યવહાર અસત્યાર્થ છે તો અમે કહીએ છીએ કે વ્યવહારની અપેક્ષાથી નિશ્ચય અસત્યાર્થ છે. તમે કહો છો કે નિશ્ચયની અપેક્ષાથી વ્યવહાર જૂઠો છે, તો અમે કહીએ છીએ કે વ્યવહારની અપેક્ષાથી નિશ્ચય જૂઠો છે. એમ કહે છે, લ્યો. રામસ્વરૂપજી! કહે છે ને, અમે તો સાંભળ્યું છે ને, છાપામાં આવ્યું હતું. પત્રમાં પણ છે. સમજ્યા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, ઈ વાત. અહીંયાં આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ અખંડાનંદ પ્રભુ ધ્રુવ સ્વરૂપ જ્ઞાયક છે તેનો તો કદી નાશ થતો નથી. એ તો સત્ સત્ સત્ છે. પણ પર્યાયની એક ક્ષણની વિકૃત અવસ્થા અને કર્મનો સંબંધ તો એક ક્ષણનો છે. તો છે, એ અપેક્ષાથી સત્યાર્થ છે. પણ સ્વભાવની દૃષ્ટિ કરવાથી તે અસત્યાર્થ થઈ જાય છે નામ છૂટી જાય છે. સમજાય છે કાંઈ? એમ વ્યવહારની દૃષ્ટિ કરવાથી વ્યવહાર ભૂતાર્થ છે તો નિશ્ચય છૂટી જાય છે માટે અસત્યાર્થ છે, એમ નથી. સમજાણું? આહાહા..!

અહીંયાં તો પ્રશ્ન બાંધ્યો છે એમાં જ ખુબી છે. '**જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?**' શિષ્યે પ્રશ્ન કર્યો કે મહારાજ! આપ કહો છો કે ભગવાન આત્મા કર્મના સંબંધ રહિત છે, અબદ્ધસ્પૃષ્ટ છે, ભેદ રહિત અભેદ છે, વિકાર રહિત આનંદરૂપ ત્રિકાળ છે, વિકારનો સંયુક્ત ભાવ સંબંધ નથી. મહારાજ! એ વસ્તુ દેખાય છે ને. કર્મનો સંબંધ દેખાય છે, વિકાર દેખાય છે, દુઃખ દેખાય છે. તો ઉપર આત્મા કહ્યો બદ્ધસ્પૃષ્ટ રહિત, એવી ચીજનો અંતર અનુભવ કેવી રીતે થાય? છે ને. ભાઈ! છે પણ એનો અભાવ થઈ શકે છે. સમજાય છે કાંઈ? વસ્તુ સ્વભાવ કાયમી અખંડાનંદ પ્રભુની અંતર દૃષ્ટિ કરવાથી અનુભવ કરવાથી સંયોગભાવનો અભાવ થઈ જાય છે. પણ ત્યાં સંયોગભાવ ભૂતાર્થ છે તે અપેક્ષાથી આ વાસ્તવિક તત્ત્વ અભૂતાર્થ નામ નાશ થઈ જાય છે, એમ છે નહિ. સમજાય

છે કાંઈ? સૂક્ષ્મ બહુ છે. માણેકચંદજી! અભ્યાસ કરવો પડશે. એમ ને એમ નહિ ચાલે. અત્યાર સુધી પૈસામાં ઘૂસી ગયા. પૈસામાં કાંઈ મહેનત છે? પૂર્વના પુણ્યને લઈને આવે ને પછી માને અમે ડાહ્યા શેઠિયા છીએ, હોંશિયાર છીએ તો મળે છે. શેઠ! હોંશિયારી કાંઈ ધૂળમાંય કામ નથી આવતી.

અહીંયાં તો આત્મામાં પુરુષાર્થ કરવો પડે છે. સમજવાની રીતને પહેલા યથાર્થ પકડવી પડે છે. પછી એનો પ્રયોગ થઈને એનો અનુભવ થાય છે. સમજાય છે કાંઈ? અહીંયાં તો મગજમાં જરી ઈ ચાલ્યું, વ્યવહાર ભૂતાર્થ તો કહ્યું છે. એમ કહે છે કે જુઓ! વ્યવહાર ભૂતાર્થ કહ્યો છે કે નહિ? તો એ અપેક્ષાએ નિશ્ચય અભૂતાર્થ છે. અરે..! પણ નિશ્ચયનો નાશ કદી થતો જ નથી. અભૂતાર્થ કઈ રીતે થાય? સમજાય છે કાંઈ? શુદ્ધ ચિદાનંદમૂર્તિ અનાદિઅનંત આનંદકંદ વસ્તુ ધ્રુવ છે. વ્યવહાર ભૂતાર્થ અને આ અભૂતાર્થ કઈ રીતે થાય? એ તો કાયમની ચીજ છે. કાયમની ચીજ ઉપર દૃષ્ટિ દેવાથી વ્યવહારનો જે સંબંધ છે એ છૂટી જાય છે. તો આ ભૂતાર્થની અપેક્ષાથી એ અભૂતાર્થ થઈ જાય છે, એમ છે. અમરચંદભાઈ!

ભૂતાર્થ તો કેમ કહ્યું? કે વેદાંત આદિ માને છે કે પર્યાયમાં કોઈ વિકાર છે જ નહિ. કર્મનો સંબંધ છે જ નહિ, એમ માને છે. એ બતાવવા માટે (કહ્યું કે) છે. નિમિત્ત સંબંધ છે. રાગ આત્મામાં છે, દુઃખપર્યાય છે. એ અપેક્ષાથી, છે (એ) અપેક્ષાથી સત્ય છે. સત્ય એટલે છે છે એ અપેક્ષાથી. અને કાયમની ચીજ જે અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ છે એ તો છે અપેક્ષાથી સત્ય છે અને આશ્રય લેવામાં એ ચીજ ત્રિકાળ રહે છે. માટે ખરેખર તો એ જ ભૂતાર્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે...'** કર્મનો સંબંધ વ્યવહારથી છે, નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે, વિકાર છે. **'તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...'** રાગ અને સંબંધનું લક્ષ છોડીને એકલો ભગવાન ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરવાથી ભગવાન આત્માના સ્વભાવની **'સમીપ જઈને અનુભવ કરતાં...'** એ સંયોગીભાવ અને સંયોગ, સંયોગીભાવ અને સંયોગ. સંયોગીભાવ કોણ? વિકાર પરિણામ. દુઃખરૂપ દશા વિકારી ભાવ સંયોગીભાવ છે અને કર્મ સંયોગ છે. સ્વભાવ ત્રિકાળ છે તેનો આશ્રય કરવાથી બેયનો નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ? પોપટભાઈ! પણ સંયોગ અને સંયોગીભાવનો આશ્રય કરવાથી વાસ્તવિક સ્વભાવનો કોઈ દિ' નાશ થાય છે? આ ભૂતાર્થ છે, એ અભૂતાર્થ છે. એક સમયનો ભૂતાર્થ છે અને આ ત્રિકાળી ભૂતાર્થ છે. તો ત્રિકાળી ભૂતાર્થ તો ભૂતાર્થ જ રહેશે. અને એક ક્ષણિક ભૂતાર્થ છે, એ ત્રિકાળ ભૂતાર્થનો આશ્રય કરવાથી અભૂતાર્થ થઈ જશે. આહાહા..! સમજાય છે કાંઈ?

'જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની...' ભગવાન આત્મા ધ્રુવ, શુદ્ધ ધ્રુવ

સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત સ્વરૂપ, એના સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી કિંચિત્‌માત્ર રાગનો અને કર્મનો સંબંધ, એને છે જ નહિ. સમજાય છે કાંઈ? કિંચિત્‌માત્ર નહિ સ્પર્શાવાયોગ્ય. જરીયે વિકાર થવા યોગ્ય આત્મા છે જ નહિ. અને કર્મનો સંબંધ થવા યોગ્ય વસ્તુનો સ્વભાવ છે જ નહિ. ભારે વાત! ૧૪મી ગાથા તો સાધારણ છે પણ એમાં ઘણું ભરી દીધું છે. સમજાય છે કાંઈ? ઈ એક બોલ થયો.

'આત્મસ્વભાવની સમીપ જઈને...' સમીપ જઈને એનો અર્થ-જે દૃષ્ટિ વર્તમાન કર્મના નિમિત્તની પર્યાયનો સંબંધ જોવે છે અને જે દૃષ્ટિ રાગને, દુઃખને, વર્તમાન દશાને જોવે છે; તે દૃષ્ટિને છોડી ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ દેવાથી અર્થાત્ તેની સમીપ જવાથી તે અભૂતાર્થ થઈ જાય છે. રાગ અને સંબંધ છૂટી જાય છે. પોપટભાઈ! સમજાણું? કહો, ધર્મચંદજી! એમ વ્યવહાર ભૂતાર્થ છે. તો ભૂતાર્થનું લક્ષ કરવાથી ત્રિકાળી ભૂતાર્થ જે છે તે અભૂતાર્થ થઈ જાય છે. નહિ? કઈ અપેક્ષાએ વાત છે. ક્યાંનું ક્યાં લગાવી દીધું. જે ત્રિકાળ સત્ય વસ્તુ છે, જ્ઞાયક આનંદકંદ વસ્તુ અનંત ગુણનો પિંડ પ્રભુ સત્ય પરમેશ્વર સ્વભાવભાવ તે જ ત્રિકાળ સત્ય રહે છે. તેના આશ્રયથી વ્યવહાર અસત્ય થઈ જાય છે પણ વ્યવહારના આશ્રયથી નિશ્ચય અસત્ય થઈ જાય છે, એમ નથી. આહા..! અનેકાંત કરો. આમ લગાવો તો આમ પણ લગાવો. તમે કહો છો કે નિશ્ચયની અપેક્ષાથી વ્યવહાર અસત્ય છે તો અમે કહીએ છીએ કે વ્યવહારની અપેક્ષાથી નિશ્ચય અસત્ય છે. ઓહો..! મોટી વાત છે. અમે અનેકાંત કરીએ છીએ. સમજાય છે કાંઈ? અરે..! ભારે વાત, ભાઈ! પત્રમાં આવે છે, એક પુસ્તકમાં છપાયું છે. પુસ્તકમાં પણ છપાયું છે. અમે જોઈએ તો બધાનું, હોં! કે શું કહે છે? અહીં ટાઈમ-ઘણો વખત છે. શું કહે છે? સમજાણું?

પહેલા આ વાત નક્કી કરો કે આ શા માટે શું લીધું છે? કે શિષ્યે પ્રશ્ન કર્યો કે મહારાજ! આપ આત્માને અબદ્ધસ્પૃષ્ટ કહો છો. કર્મનો સંબંધ નહિ, કર્મનો સ્પર્શ નામ સંયોગ નથી. સમજાણું? અને એમાં આ નારકી, મનુષ્ય, દેવ આદિ ભિન્ન ભિન્ન ક્ષેત્રપર્યાય-વ્યંજનપર્યાય થાય છે ને? નારકીની વ્યંજનપર્યાય-આકાર. તો ભિન્ન ભિન્ન આકાર છે તેનાથી રહિત છે, એમ બતાવ્યું, અને એક એક સમયની પર્યાયમાં હાનિ વૃદ્ધિ થાય છે તેનાથી રહિત બતાવ્યો અને ગુણભેદથી રહિત અભેદ બતાવ્યો અને વિકારના દુઃખથી આનંદમૂર્તિ ભિન્ન બતાવ્યો. મહારાજ! આ બધું દેખાય છે અને આપ કહો છો કે અનુભૂતિ થાય છે, એ કઈ રીતે? જે દેખાય છે એનું શું કરવું? કે દેખાય છે તે આત્માની અનુભૂતિ થવાથી અસત્યાર્થ થઈ જાય છે. કેમકે અસત્યાર્થ છે. કાયમ ટકવાવાળી ચીજ નથી. સમજાય છે કાંઈ?

આ તો એમાં બધું ભર્યું છે. 'જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?' શિષ્યનો પ્રશ્ન છે. ૧૪ અને ૧૫ બેય એક જાતની ગાથા આવશે. આ દર્શનની-સમ્યગ્દર્શનની ગાથા છે. ૧૫મી જ્ઞાનની ગાથા છે. સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની હોં! હજી ચોથા ગુણસ્થાનની

ગાથા છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- અહીંયાં ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનમાં જે કર્મનો સંયોગ વર્તમાન જ્ઞાનમાં દેખાય છે અને વિકાર દેખાય છે અને ગુણભેદ જે લક્ષમાં આવે છે, તે એકરૂપ સ્વભાવની દૃષ્ટિ કરવાથી એ કાયમની ચીજ નથી. તો જૂઠી છે, નાશ થઈ જાય છે તો અનુભૂતિ થાય છે. સમજાય છે કાંઈ? રતિભાઈ! ભારે વાત પણ! ઓહોહો..! આ તો પંદરમી વાર ચાલે છે એટલે પછી સામે જેટલી વાત આવી હોય એની સામે (સ્પષ્ટીકરણ આવે).

આ પ્રશ્નમાં જ બધી વાત છે. ભગવાન આત્મા વસ્તુ, આમ વર્તમાન કર્મનો વર્તમાન એક સમયનો સંબંધ, વર્તમાન વિકાર, વર્તમાન ભેદ, વર્તમાન પર્યાયમાં હિનાધિકતા, વર્તમાન આકૃતિમાં ભિન્ન ભિન્ન આકૃતિ-એ બધી ચીજ અસત્યાર્થ છે, કાયમ રહેવાવાળી નથી. એ આત્માના સ્વભાવની અનુભૂતિ થવાથી અસત્યાર્થ છે, છૂટી જાય છે અને અનુભવ થઈ શકે છે. સમજાય છે કાંઈ? પણ વ્યવહારનો અનુભવ કરવાથી નિશ્ચય ત્રિકાળ છે તે છૂટી જાય છે, એમ નથી. સમજાય છે કાંઈ? કેસરીચંદજી! બહુ ગડબડ છે તમારા ગામમાં. સનાવત. ઘણી ગડબડ ચાલે છે સામે. એ.. એનું એકાંત છે. અરે..! સાંભળ તો ખરો, તને ભાન નથી. વીતરાગ શું કહે છે તેં સાંભળ્યું જ નથી. એકાંત છે, હમણાં કહેશે સમ્યક્ એકાંત. સમ્યક્ એકાંત. એકાંત એટલે એક ધર્મ સ્વભાવ. એક ધર્મ સ્વભાવ બોધબીજ સ્વભાવ, એ વસ્તુ સ્વભાવ છે. પાંચમા બોલમાં કહેશે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મામાં બે ભાગ. એક ભાગ કર્મના સંબંધવાળો અથવા વિકારના સંબંધવાળો એક ભાગ. એક ભાગ ત્રિકાળ શુદ્ધ ભાવ. તો કહે છે કે વર્તમાન સંયોગ અને રાગ હોવા છતાં સ્વભાવ સમીપ જવાથી સંયોગ અને સંયોગીભાવ છૂટી જાય છે. તો એ અભૂતાર્થ છે, કાયમ રહેનારી ચીજ નથી તો છૂટી જાય છે. ત્રિકાળ શુદ્ધ ચૈતન્યપ્રભુની સમીપ જવાથી એ ક્ષણિક ભાવ છે, ત્રિકાળીનો આશ્રય કરવાથી એ છૂટી જાય છે. પણ વર્તમાન રાગનો-શુભરાગનો કે કર્મના સંબંધનો લક્ષ કરવાથી કે એને ભૂતાર્થ માનવાથી એ ત્રિકાળી ચીજ અસત્ય થઈ જાય છે, એમ નથી. કહો, સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! માટે પેલા બે બોલ ઉપર આખો વિસ્તાર છે. ઉપર કહ્યો એવો ભગવાન આત્મા આપ કહો છો કે અબદ્ધસ્પૃષ્ટ છે તેનો અનુભવ કઈ રીતે થઈ શકે? આ બધું દેખાય છે ને. કર્મનો વર્તમાન સંબંધ છે, જ્ઞાનનો સંબંધ છે, જ્ઞાન હીણું છે તો કર્મના નિમિત્તે સંબંધ છે, વિકાર છે, દુઃખ છે. છે કે નહિ? છે તો એનાથી રહિત અનુભવ કઈ રીતે થાય છે? ઈ છે તો એનાથી રહિત અનુભવ કઈ રીતે થાય? એમ પૂછ્યું શિષ્યે. છે ઈ આત્માનો અનુભવ કરવાથી નથી-અસત્યાર્થ થઈ જાય છે. સમજાય છે કાંઈ? રતિભાઈ! આરે.. આરે.. ભારે પણ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અસત્ય એટલે ક્ષણિક છે. ક્ષણિક સંયોગ છે એ તો સ્વભાવના આશ્રયે છૂટી જાય છે. ક્ષણિકનો આશ્રય કરવાથી કાંઈ ત્રિકાળી વસ્તુ છૂટી જાય છે અને અભૂતાર્થ થઈ જાય છે, એમ અનેકાંત કરવા જાય તો એમ છે જ નહિ.

મુમુક્ષુ :- એ તો અનાદિનો પરનો જ આશ્રય છે.

ઉત્તર :- થઈ રહ્યું, ખલાસ, વસ્તુ છૂટી ગઈ. વસ્તુ રહી જ નહિ, વસ્તુનો નાશ થઈ ગયો. દૃષ્ટિમાં તો તને ત્રિકાળ વસ્તુનો અભાવ છે. દૃષ્ટિમાં તો ત્રિકાળ વસ્તુનો અભાવ છે. આટલો અભાવ તો છે, હવે તારે કેટલો અભાવ કરવો છે? એનો નાશ કરી નાખવો છે? સમજાય છે કાંઈ? આહાહા..!

દૃષ્ટિ જે છે એ તો વર્તમાન કર્મસંબંધ અને રાગને અનાદિથી સ્વીકારે છે. અનાદિથી. હવે ઈ તો છે. પણ છે ઈ કાયમની ચીજ છે? તો દૃષ્ટિને જ્યારે સ્વભાવનું શરણ મળ્યું, સમજાણું? સ્વભાવનું શરણ લીધું, દૃષ્ટિ સમીપ ગઈ-શરણ લીધું તો પેલો સંયોગ રહ્યો નહિ. સંયોગ છૂટી ગયો. માટે વ્યવહાર અભૂતાર્થ હોવાથી અનુભૂતિ-આત્માનો અનુભવ થઈ શકે છે. પણ નિશ્ચય અભૂતાર્થ થવાથી વ્યવહારનો અનુભવ થાય તો નિશ્ચય અભૂતાર્થ થઈ જાય છે, પણ અભૂતાર્થ કઈ રીતે થાય? શું નિશ્ચય વસ્તુ ચાલી જાય છે? આહાહા..! ભારે ભાઈ! સમજાય છે કાંઈ? આખી વસ્તુ પરમાનંદની મૂર્તિ પડી છે. એની સમીપ જ્યાં આવ્યો ત્યાં વ્યવહાર-ફ્યવહાર રહ્યો ક્યાં? ઊડી ગયો. સમજાય છે કાંઈ? એ તો ક્ષણિક હતો તો ઊડી ગયો. એક સમયનો સંબંધ હતો. ત્રિકાળ સંબંધની દૃષ્ટિ થઈ તો છૂટી ગયો. પણ વ્યવહારનો સંબંધ છે એમ કહ્યું તો એનો સંબંધ કરવાથી ત્રિકાળી ચીજ અસત્યાર્થ અભૂતાર્થ થઈ જાય છે? ત્રણ કાળમાં નહિ. ભૂતાર્થ તો ભૂતાર્થ જ ત્રિકાળ રહેશે. સમજાય છે કાંઈ? અને જે વ્યવહાર અભૂતાર્થ છે તે અભૂતાર્થ થઈ જશે. પણ નિશ્ચય ભૂતાર્થ છે તે ક્યારેક અભૂતાર્થ થઈ જશે, (એમ છે નહિ.) સમજાય છે કાંઈ? કેમ બરાબર છે ને? અમરચંદભાઈ! આહાહા..!

ભગવાન આત્મા આખો શુદ્ધ ચૈતન્યપ્રભુ વર્તમાનમાં કર્મનો સંબંધ એક સમયનો છે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ (છે). રાગની દુઃખની ઉત્પત્તિ થાય છે. છે. અનેક આકૃતિ છે. પર્યાયની હાનિ-વૃદ્ધિ એક સમયમાં છે. સમજ્યા? ગુણભેદ છે. જ્ઞાન જાણે છે, શ્રદ્ધા શ્રદ્ધે છે એવા ભેદ દેખાય છે. કહે છે કે એ ભેદ વ્યવહારથી દેખાય છે તે નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ કરવાથી તે ભેદનો નાશ થઈ જાય છે. કાયમની ચીજ નથી તો એ રહેતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પણ વ્યવહાર ભૂતાર્થ છે તેની અપેક્ષાથી નિશ્ચય અસત્યાર્થ થઈ જાય છે, એમ ત્રણ કાળમાં થતું નથી. તો પર્યાય ક્યાં રહી? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ભારે પણ. આચાર્યે વસ્તુની સ્થિતિ.. કાયમ રહેવાવાળી (વસ્તુને) જ્યાં સત્ય કહી તો એ અપેક્ષાથી (વ્યવહારને) અસત્ય કહ્યો. અને વ્યવહાર છે તે અપેક્ષાથી સત્ય કહ્યું. પેલું છે

તો આ પણ છે. આ પણ છે ને આ પણ છે, પણ પેલું તો ઊડી જાય છે. નિશ્ચય કદી ઊડતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ચારે ગતિનો અભાવ થઈ ગયો.

ઉત્તર :- ચારે ગતિ, વિકલ્પ આદિ બધાનો અભાવ થઈ જાય છે. વસ્તુમાં ક્યાં છે? આહાહા..! સમજાય છે કાંઈ? આ પ્રશ્નમાં કેમ રોકાણા? વાંચતા પહેલા ઊઠતા જ મગજમાં આવ્યું હતું કે આ કહે છે ને? મહારાજ! આપે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય આદિ કહ્યું, નિયત, અવિશેષ, અસંયુક્ત એવા આત્માની અનુભૂતિને શુદ્ધનય કહ્યું, તેને આત્મા કહ્યો, તેને આત્મા કહ્યો. મહારાજ! પણ આવો આત્મા ક્યાં છે? આ બદ્ધસ્પૃષ્ટ દેખાય છે ને, સંયોગ દેખાય છે ને. તો ક્યાં રહ્યો તમારો આત્મા અબદ્ધસ્પૃષ્ટ. સાંભળ તો ખરો. એ બદ્ધસ્પૃષ્ટ અસત્યાર્થ કાયમની ચીજ નથી. માટે આત્મા અબદ્ધસ્પૃષ્ટની અનુભૂતિ કરવાથી અનુભૂતિ થઈ શકે છે. સમજાય છે કાંઈ? આહાહા..! હજી રીત શું છે અને કઈ રીતે વાક્ય કહેવામાં આવ્યું છે એની ખબર નહિ, એ અંદર પ્રયોગમાં જ્ઞાયકમાં કઈ રીતે ઉતરે? પેલું પણ સત્ય અને આ પણ સત્ય. આ પણ સત્ય અને આ પણ સત્ય. બે નય છે કે નહિ? બેય નય સત્ય છે. ઈ અંદર આવશે, હોં! અર્થમાં આવશે. સમજાય છે કાંઈ? કથંચિત્ બધું સત્યાર્થ છે, એમ કહેશે. સમજાય છે? ભાવાર્થમાં આવશે. જુઓ!

'**માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે.**' ઈ અર્થમાં આવશે. ૧૪ના અર્થમાં હજી આવશે, હોં! અહીં તો હજી લાંબી વાત છે. '**માટે સર્વ નયોના...**' છે ને? '**અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે;...**' એની ઉપર. '**સર્વ નયોના...**' આ શબ્દ આવ્યો છે, ભાઈ! આ એ લોકોએ મૂક્યું છે. એક જણાએ મૂક્યું છે ને? પેલો ઈન્દોરવાળો કોણ છે? મિત્ર... મિત્ર. .. રામજી. એણે મૂક્યું છે. આ શબ્દ મૂક્યો છે. '**માટે સર્વ નયોના...**' ૪૦ પાને છે. '**સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી...**' એટલે વ્યવહાર વ્યવહારથી સત્યાર્થ છે, એટલું. સમજાય છે કાંઈ? હજી આવશે, આમાં તો બધું ઘણું ભર્યું છે. ટીકા પણ બહુ સરસ! ભાવાર્થ પણ એવો. ભાવાર્થ (જયચંદ્ર)પંડિતજીએ (કરેલો). ઈ એક બોલ આવ્યો.

'**અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.**' જ્ઞાયક સ્વભાવ ચૈતન્યપ્રભુ કાયમની અસલી ચીજ, એની સમીપ નામ દૃષ્ટિ કરવાથી સંયોગની દૃષ્ટિ ઉઠી ગઈ, સંયોગ રહ્યો નહિ. વિકાર ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ, વિકાર રહ્યો નહિ. વિકાર રહિત ચિદાનંદની દૃષ્ટિ (થઈ તો) આવો અનુભવ સમ્યગ્દર્શન થઈ શકે છે. આહાહા..! છે, પાછળ છે. ઈ આવ્યું છે ને આમાં, છાપામાં આવ્યું છે. કથંચિત્‌નો અર્થ વ્યવહાર છે. બિલકુલ નથી એમ નહિ. વ્યવહાર છે ખરો પણ નિશ્ચયના આશ્રયે તેનો નાશ થાય છે. વ્યવહાર છે માટે

વ્યવહારને આશ્રયે નિશ્ચય પ્રગટે છે, એમ સત્યાર્થનો અર્થ નથી. વ્યવહાર છે, તો વ્યવહારના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, એમ નહિ. પણ વ્યવહાર છે તેને નથી એમ સ્વીકારે કે બિલકુલ છે જ નહિ (તો એમ નથી). નથી તો પછી નિશ્ચય ક્યાં રહ્યો? સમજાય છે કાંઈ? લ્યો, એક બોલ થયો. ક્યો બોલ થયો? અબદ્ધસ્પૃષ્ટ. પાંચ બોલમાંથી એક બોલ થયો.

અબદ્ધસ્પૃષ્ટ–ભગવાન આત્મા કર્મ વસ્તુથી બદ્ધસ્પૃષ્ટ નથી. બદ્ધસ્પૃષ્ટ નથી–બંધાયેલો અને સંયોગમાં આત્મા છે જ નહિ. બંધમાં અને સંયોગમાં છે જ નહિ. કેમ? કે બંધ અને સંયોગ જે ક્ષણિક છે, તે ત્રિકાળ જ્ઞાયક સ્વભાવનો અનુભવ કરવાથી તે બોલ અસત્યાર્થ થઈ જાય છે, જૂઠા થઈ જાય છે. સમજાય છે કાંઈ? હવે બીજો બોલ. પહેલો દ્રવ્યનો આવ્યો. હવે ક્ષેત્રનો આવે છે, ક્ષેત્ર.

‘**વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે...**’ માટી છે ને? માટી. માટીમાં એના કમંડળ, ઘડો, ઝારી આદિ ભિન્ન ભિન્ન આકાર થાય છે. તો એ અપેક્ષાથી એ વાત–અન્યત્વ ભૂતાર્થ છે. માટીમાં અન્ય અન્ય પર્યાય જે થાય છે, એ છે. છે. સમજાય છે કાંઈ? હવે ક્ષેત્રનું દૃષ્ટાંત આપે છે. ‘**માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી...**’ ભિન્ન પર્યાયથી ‘**અનુભવ કરતાં...**’ નામ જ્ઞાન કરતાં ‘**અન્યપણું...**’ અન્યપણું–ભિન્ન ભિન્નપણું, કમંડળ આદિની ભિન્ન ભિન્ન પર્યાય છે, છે.

‘**તોપણ સર્વતઃ અસ્ખલિત (–સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક માટીના સ્વભાવની...**’ માટીનો સ્વભાવ જોવાથી. ઠંડો.. ઠંડો.. ઠંડો.. એકરૂપ સ્વભાવ જોવાથી ‘**સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું...**’ અન્યપણું–અનેરી અનેરી માટીમાં જે ઝારી આદિની, કમંડળ આદિની પર્યાય હતી, તે એકરૂપ માટીના સ્વભાવમાં છે જ નહિ. અનેક પ્રકારની આકૃતિ માટીની સ્વભાવદૃષ્ટિ કરવાથી ઈ છે જ નહિ. માટી માટી છે. તો આ બાજુ આવ્યો–સ્વભાવ તરફ આવ્યો. સમજાય છે કાંઈ? આ દૃષ્ટાંત ક્ષેત્ર ઉપર આપશે. ‘**એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**’ એટલે જ્ઞાન કરતાં ‘**અન્યપણું...**’ માટીમાં જે અનેરી અનેરી વાસણની પર્યાય ભિન્ન ભિન્ન છે, તે એક સ્વભાવ જોવાથી અસત્ય થઈ જાય છે. એ ચીજ કાયમ રહેતી નથી.

‘**એવી રીતે...**’ એવી રીતે માટીના દૃષ્ટાંતે ‘**આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...**’ નારકીનો દેહ છે, પાંચસો ધનુષનું ક્ષેત્ર વ્યંજનપર્યાય. નારકી છે ને? પહેલી નરકથી પોણા સાત ધનુષ ત્યાં રહે છે. સાતમી નરકે પાંચસો ધનુષ. તો એ આકારે આત્મા થાય છે. પર્યાયમાં, હોં! ક્ષેત્ર, ક્ષેત્ર આકાર. શરીર ભિન્ન. આત્માની આકૃતિ થાય છે. કહે છે, ‘**નારક આદિ...**’ એમ દેવ, એમ મનુષ્ય, એમ પશુ, કીડી. જુઓ! કીડીનો આત્મા અંદર શરીર પ્રમાણે આકૃતિ થઈ જાય છે. આકૃતિ. હાથીમાં હોય તો હાથી પ્રમાણે આકૃતિ (થઈ

જાય), પાંચસો ધનુષનો નારકી થાય તો એ પ્રમાણે આકૃતિ. સમજાણું? એક હજાર જોજનનો મચ્છ થાય તો એ પ્રમાણે આકૃતિ (થાય). ભિન્ન ભિન્ન આકૃતિ છે ને. પર્યાયમાં ક્ષેત્રમાં વ્યંજનપર્યાયમાં ભિન્ન ભિન્ન આકૃતિ છે. તો એ પર્યાયોમાં ભિન્ન ભિન્ન આકૃતિનું જ્ઞાન કરતાં અન્ય અન્યપણું ભૂતાર્થ છે. ભિન્ન ભિન્ન આકૃતિપણે (સત્યાર્થ છે). નારકીની આકૃતિ લ્યો, અરે..! અત્યારે વર્તમાન શરીર લ્યો તો શરીર મોટું થાય પછી ક્ષય રોગ થાય તો આત્માની આકૃતિ ફરી જાય છે. પહેલાં મોટું શરીર હતું તો એ પ્રમાણે આત્માની આકૃતિ હતી. પોતાને કારણે આકૃતિ થાય છે, હોં! પરને કારણે નહિ. અને શરીર કૃષ થઈ જાય તો આત્માના પ્રદેશની આકૃતિ પણ એટલી થઈ જાય. અન્ય અન્ય આકૃતિ, અન્ય અન્ય આકૃતિ-ભિન્ન ભિન્ન આકૃતિની દૃષ્ટિથી વર્તમાન પર્યાયની દૃષ્ટિથી જુઓ તો એ ભિન્ન ભિન્ન આકૃતિ છે. સમજાય છે કાંઈ? નારકી લ્યો. દેવ. એક હાથ, સાત હાથ. એવી આત્માની-દ્રવ્ય-વસ્તુની આકૃતિ ક્ષેત્રમાં આવી ભિન્ન ભિન્ન પર્યાય થઈ જાય છે. કંથવામાં આત્મા જુઓ તો એ આકૃતિ એ પ્રમાણે-શરીર પ્રમાણે આત્માની આકૃતિ પોતાને કારણે છે, હોં! પરને કારણે નથી. હાથીમાં હોય તો એ પ્રમાણે આકૃતિ. ભિન્ન ભિન્ન છે. એક જ શરીરમાં ફેર પડે. જન્મતી વખતે આંગળી નાની હતી તો એ આકાર હતો. હવે આકૃતિ બદલાઈ ગઈ. એ આકૃતિ ક્ષણિક આકૃતિ છે. ક્ષણિક આકૃતિની અપેક્ષાથી ભૂતાર્થ છે.

'**તોપણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક ચૈતન્યાકાર...**' પેલી આકૃતિ હવે નહિ લેવી. ચૈતન્ય અસંખ્ય પ્રદેશી એકરૂપ આકાર. ચૈતન્ય પ્રદેશી અસંખ્ય પ્રદેશ એકાકાર '**આત્મસ્વભાવની સમીપ જઈને...**' સ્વરૂપ ભગવાન અસંખ્ય પ્રદેશી એક સ્વરૂપે આકાર છે (તેનો) '**અનુભવ કરતાં...**' એ આકૃતિની ભિન્ન ભિન્નતા આત્માના સ્વભાવનો અનુભવ કરતાં રહેતી નથી. સમજાય છે કાંઈ? આ ક્ષેત્રનો બોલ છે. પહેલા દ્રવ્યનો (હતો), દ્રવ્યથી ભિન્ન બતાવ્યું. આ પોતાની ક્ષેત્રની ભિન્ન ભિન્ન આકૃતિથી એકલા ચૈતન્યાકારની દૃષ્ટિ કરવાથી ભિન્ન ભિન્ન આકૃતિ રહેતી નથી. પણ ભિન્ન ભિન્ન આકૃતિની દૃષ્ટિ કરવાથી અસંખ્ય પ્રદેશી વસ્તુ ચાલી જાય, આ સત્ય છે તો પેલી ચાલી જાય છે, એમ નથી.

ફરીથી. જેમ માટી છે તો એમાં કંકણ, ઝારી, કળશો, લોટો આદિ ભિન્ન ભિન્ન આકૃતિ થાય છે. પણ એ માટીનો એક સ્વભાવ જુઓ તો ભિન્ન ભિન્ન આકૃતિનો નાશ થાય છે. એમ છે. પણ માટીની ભિન્ન ભિન્ન આકૃતિ છે એ અપેક્ષાથી માટીનો એકાકાર સ્વભાવ નાશ થઈ જાય છે, એમ નથી. (એકાકાર માટીનો નાશ થઈ જાય) તો માટીની પર્યાય ક્યાંથી થઈ?

એમ ભગવાન આત્મા શરીર પ્રમાણે આકાર (થાય છે). શરીર ભિન્ન છે, હોં! અહીંયાં શરીરની વાત નથી. શરીર પ્રમાણે આત્માની આકૃતિ છે. અંદર અસંખ્ય પ્રદેશની આકૃતિ થઈ

છે. પાતળું શરીર, જાડું સ્થૂળ શરીર, કીડી, કંથવા, જૂ.. જૂ, સમજ્યાને? ... થાય છે ને? કાનખજૂરો થાય છે ને? કાનખજૂરો નહિ? કેટલા પગ! તો એ પ્રમાણે આત્માના પ્રદેશ એવા આકારે થઈ ગયા છે. એ પગમાં પણ આત્માના પ્રદેશ ભિન્ન ભિન્ન આકૃતિ થઈ ગઈ છે. તે સમય સમયની આકૃતિ છે. એ આકૃતિની અપેક્ષાથી (સત્ય છે). આત્મા, હોં! શરીર નહિ લેવું. પોતાની એ ભિન્ન ભિન્ન આકૃતિ છે. પ્રદેશની અપેક્ષાથી વર્તમાન પર્યાય અપેક્ષાથી આકૃતિ છે. બિલકુલ છે જ નહિ, શૂન્ય છે એવી ચીજ નથી. જુઓ! આ સિદ્ધ કરે છે. પેલા વેદાંત તો કહે છે, કાંઈ નથી, બિલકુલ નથી, જાઓ! એમ નથી. એ આશ્રય નહિ, કાયમની ચીજ નહિ. એ તો કહે છે, આકાર-ફાકાર કંઈ છે જ નહિ. આકાર શું? સર્વવ્યાપક એક જ છે. એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! બદ્ધસ્પૃષ્ટ પણ સિદ્ધ કર્યું અને ઉડાવી દીધો. આકૃતિ સિદ્ધ કરી અને ઉડાવી દેશે. સમજાય છે કાંઈ? પણ ભિન્ન ભિન્ન આકૃતિ છે. જુઓને! નાક, આંખ એ પ્રમાણે આત્માના પ્રદેશની આકૃતિ અંદર થઈ ગઈ કે નહિ? જુઓ! આ નાક. કોઈનું અહીં ચોંટેલું છે. તો આકૃતિ આત્માના પ્રદેશનો આકાર એવો થઈ ગયો. અહીંથી ખુલ્લું છે તો ખુલ્લાની આકૃતિ એવી થઈ ગઈ છે. સમજાય છે કાંઈ? કોઈનું આમ છે, કોઈનું આમ છે. એક એક નાકમાં પણ આમ છે. બધાના નાક જુઓ તો બધામાં ફેર છે. બધામાં ફેર. તો એમાં આત્માના પ્રદેશની રચના થઈ છે તે બધામાં ફેર છે. સમજાય છે કાંઈ? એ પ્રમાણે આત્માના અસંખ્ય પ્રદેશની વર્તમાન પર્યાયની ભિન્ન ભિન્ન આકૃતિની અપેક્ષાથી આકૃતિ છે. છે જ નહિ અને આકૃતિ હતી જ નહિ, આકાશના ફૂલ હતા, એમ નહિ. એ અપેક્ષાથી આકૃતિ ભૂતાર્થ કહેવામાં આવી છે. સમજાય છે કાંઈ?

'**નારક આદિ પર્યાયોથી...**' નારક આદિ એટલે ચારે ગતિ. એની '**પર્યાયોથી અનુભવ કરતાં...**' ભિન્ન ભિન્ન આકૃતિનું જ્ઞાન કરતાં પર્યાયોનું અન્યપણું-ભિન્ન ભિન્ન આકૃતિનું અસ્તિત્વ છે. અન્યત્વપણું અન્ય અન્ય આકૃતિ છે. સમજાય છે કાંઈ? '**તોપણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક ચૈતન્યાકાર...**' જ્ઞાનમૂર્તિ ભગવાન એમાં આ પર્યાય-ભિન્ન ભિન્ન આકૃતિનો અભાવ છે. સમજાય છે કાંઈ? આ ક્ષેત્રનું દૃષ્ટાંત છે. આ તો અન્ય અજ્ઞાનીઓ એકાંત આત્માને સર્વવ્યાપક કહે છે અને આકૃતિમાં ફેર પણ નથી અને કર્મનો સંયોગ પણ નથી અને પર્યાયમાં અશુદ્ધતા પણ નથી. તો એ સિદ્ધ કરે છે કે છે. અશુદ્ધતા છે, આકૃતિફેર છે. સમજાય છે કાંઈ? પણ ભગવાન આત્મા અંતર ચૈતન્ય સ્વરૂપ અસંખ્ય પ્રદેશી એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી પર્યાયની અનેકતા આકૃતિની છે તે જૂઠી થઈ જાય છે, આકૃતિ રહેતી નથી. સમજાય છે કાંઈ? પણ આકૃતિ સત્યાર્થ છે તો ત્રિકાળ અસંખ્ય પ્રદેશી ચૈતન્ય અસત્યાર્થ થઈ જાય છે, એમ નથી. પ્રવીણભાઈ! સમજાણું કે નહિ? અહીં તો સમય સમયની ભિન્નતા સિદ્ધ કરી છે અને ત્રિકાળ સિદ્ધ કર્યો છે. બેય સિદ્ધ કર્યો છે. લોકો એમ માને બસ, આત્મા શુદ્ધ છે, શુદ્ધ છે. બસ, આત્મા

એક શુદ્ધ છે, અભેદ છે. એમ ન ચાલે. શુદ્ધ છે તો અશુદ્ધતા વિના શુદ્ધતા ક્યાંથી આવી? પર્યાયમાં અશુદ્ધતા છે. ઈ અપેક્ષાથી સત્યાર્થ છે. જુઓ! કર્મને કારણે છે, એમ અહીંયાં સિદ્ધ નથી કર્યું. અશુદ્ધતા છે, આકૃતિ પોતામાં છે એમ સિદ્ધ કર્યું છે, ભાઈ! પર્યાયદૃષ્ટિથી ભિન્ન ભિન્ન આકૃતિ પોતામાં થવાની લાયકાત છે. આહા..! કેટલું સિદ્ધ કરે છે! પણ એક ચૈતન્યપ્રભુ એકાકાર સ્વરૂપમાં દૃષ્ટિ દેવાથી ભિન્ન ભિન્ન આકૃતિનો લોપ થઈ જાય છે. કારણ કે એ કાયમની ચીજ નથી. પણ ક્ષણે ક્ષણે આકૃતિનું લક્ષ કરવાથી આખી અસંખ્ય પ્રદેશી એકરૂપ વસ્તુ છે તેનો અભાવ થઈ જાય છે, એમ કદી નથી થતું. એની દૃષ્ટિમાં ભલે અભાવ થઈ જાય, પણ વસ્તુનો નાશ થતો નથી. ઓહોહો..! બહુ શીખવું પડે આમાં. એકાંત (કરે કે) જુઓ! આત્માને કર્મની સાથે વ્યવહારે પણ સંબંધ નથી. વિકાર પણ નથી. ભઈ, એમાં ન હોય તો વિકાર રહિત અને સંબંધ રહિત શેમાં કરવું રહ્યું? કરવું કઈ રીતે? સમજાય છે કાંઈ?

જેનો નિષેધ કરવો છે, એ કોઈ ચીજ છે કે નહિ? સમજાય છે કાંઈ? વ્યવહારનય પરિષેધો, નિશ્ચયનય પ્રતિષેધક. પ્રતિષેધક નિશ્ચય ખરું પણ વ્યવહારનયનો વિષય છે તેનો પ્રતિષેધ કરે છે ને? છે જ નહિ? આકાશના ફૂલ છે? સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! સમય સમયની નાડ પકડી છે અને પછી સ્વભાવના આશ્રયે ઉડાવી દીધું છે.

'**તોપણ સર્વતઃ અસ્ખલિત...**' અસ્ખલિત એટલે સ્ખલના ન થાય. એકમાં સ્ખલના શું? ચૈતન્ય સ્વરૂપ આકાર અસંખ્ય પ્રદેશી સ્વરૂપ એમાં સ્ખલના નામ બીજું શું રહે? '**આત્મસ્વભાવની સમીપ જઈને...**' ભગવાન આત્મા, જેમાં એકરૂપ ક્ષેત્રની દૃષ્ટિ..

આ સમજાવ્યું છે ક્રમથી, હોં! પહેલા અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ થાય છે, પછી ક્ષેત્રથી રહિત એકાકારનો અનુભવ થાય છે, એમ નથી. સમજાવવામાં કઈ રીતે સમજાવવું? એ પાંચ બોલનો અનુભવ તો એક સમયમાં થાય છે. આ તો સમજાવવાની રીત કહે છે કે પહેલા અબદ્ધસ્પૃષ્ટ થયો, પછી ક્ષેત્રની આકૃતિથી રહિત થયો. એમ નથી. આહાહા..! શું કહ્યું સમજાણું? પહેલા પછી પાંચ બોલ લીધા છે કે નહિ? અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત. પહેલા અબદ્ધસ્પૃષ્ટ થાય છે પછી ક્ષેત્રથી અન્ય અન્ય નહિ, અનન્ય થાય છે એમ નથી. અહીં તો એક સમયમાં પાંચ બોલ રહિત (છે). એમાં કહ્યું હતું ને? '**એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે,...**' જુઓ! એકસાથે. નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ એવા આત્માની. એક સમયમાં આવા આત્માની '**અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' એક સમયમાં છે. આહાહા..! હજી તો શાસ્ત્રના ઉકેલની ખબર ન હોય. એ ઉકેલ્યા વિના વ્યવહાર કઈ રીતે છે, નિશ્ચય કઈ રીતે છે.. આહાહા..! સમજાય છે કાંઈ? ગડબડ ગડબડ પછી. વ્યવહાર ભૂતાર્થ છે, નિશ્ચય ભૂતાર્થ છે. બેય છે. કથંચિત્ એ પણ સત્યાર્થ છે, કથંચિત્ આ પણ સત્યાર્થ છે. કઈ અપેક્ષાથી?

એ તો જ્ઞાન કરવાનું છે. આશ્રય કરવામાં વ્યવહાર અભૂતાર્થ છે. છેની અપેક્ષાથી છે. સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ? પ્રવીણભાઈ! સમજાય છે? પર્યાય છે, આકૃતિ (છે). આ શરીર નહિ. આત્માનો અસંખ્ય પ્રદેશી આકાર સમય સમયમાં આકૃતિ-વ્યંજનપર્યાય ભિન્ન ભિન્ન થાય છે. એ આકૃતિની અપેક્ષાથી પર્યાય પર્યાય છે. પણ ચૈતન્યાકાર અસંખ્ય પ્રદેશની દૃષ્ટિ કરવાથી આકૃતિ ઉડી જાય છે. સ્વભાવમાં રહેતી નથી. આરે..! આ શું? ભારે વાતું. છે ને નથી, છે ને નથી. પછી એક પંડિત (હતા). મેં કહ્યું, આ જડ છે કે નહિ? તમારે ચંદ્રકાંત હતા કે નહિ પહેલાં? ચંદ્રકાત. (સંવત) ૧૯૯૨ની સાલમાં. ચંદ્રકાત આવતા હતા. બિચારા સરળ હતા. કીધું, આ જૈનદર્શનમાં જડ જગતમાં છે કે નહિ? ચંદ્રકાંતજી! કહે, માનો તો છે અને ન માનો તો નથી. એમ જૈન કહે છે. જૈન અનેકાંત કહે છે. અરે..! એક અપેક્ષાએ જડ છે, એક અપેક્ષાથી નથી. કઈ અપેક્ષાથી જડ છે? આમ જડ કહો તો છે, ન કહો તો નથી. એમ નથી, કીધું. માણસ બિચારો બહુ નરમ હતો, હોં! ગુજરી ગયો નાની ઉંમરમાં. નાની ઉંમરમાં ગુજરી ગયો. આચાર્ય હતો પહેલાં. બુદ્ધિવાળો હતો બહુ, હોં! સાંભળવા વ્યાખ્યાનમાં આવતા બિચારા. નહિતર તો આર્ય સમાજમાં... વ્યાખ્યાન સાંભળવા આવતા. કીધું, એમ નથી, ચંદ્રકાંત. ત્યારે (શું છે)? આત્માની અપેક્ષાથી જડ નથી. પણ જડની અપેક્ષાથી જડ છે. એમ નથી કે માનીએ તો છે અને ન માનીએ તો નથી, એમ નથી. પેલું વાંચ્યું હોય ને? કથંચિત્ સત્ય ને કથંચિત્ અસત્ય. વાંચેલું ઘણું.

પછી પેલો એક હતો ને? મુનિ હતો. દેવરાજજી, નહિ? શરીરની ઓલી માટે વીંછીને પગ કરડાવતો. વીંછી હોય ને? વીંછી નીકળે ને? તો પગ કરડાવે. કરડાવે સમજ્યા? કટવાતે થે. શરીરની સહનશીલતા મને કેટલી છે? એવો એક હતો. આર્ય સમાજનો હતો. ત્રિલોકચંદના બનેવી. મુનિ થયો હતો. પછી દેવરાજજીને મેં પંચાધ્યાયી આપ્યું. ત્યાં એના મકાનમાં રહેતા હતા ને. બિચારો ભદ્રિક હતો બહુ, આમ વૈરાગી ઘણો, વૈરાગી બહુ. પણ વસ્તુની ખબર ન મળે. વીંછી નીકળે તો આમ પગ અડાડે. કરડે છે કે નહિ? કીધું, અરે..! આ હઠ નહિ. આ તો બધી હઠ છે. માર્ગ પહેલા સમજો. તો કહે, એવું કયુ શાસ્ત્ર છે? 'પંચાધ્યાયી' મોટું શાસ્ત્ર છે, કીધું. 'પંચાધ્યાયી' આપ્યું પણ એમાં કાંઈ સમજે નહિ. થોડા દિવસ રાખ્યું ને પછી પાછું આપવા આવ્યો. હું તો આમાં કાંઈ સમજતો નથી. 'પંચાધ્યાયી'માં વસ્તુની સ્થિતિ તર્ક લોજીકથી બહુ સિદ્ધ કરી છે. સાધારણ જનતાને પંડિતને, બુદ્ધિવાળાને લોજીકથી સિદ્ધ કર્યું છે. હું કાંઈ સમજતો નથી. મેં કીધું, અમને પણ અહીં વખત નથી કે તમને પંચાધ્યાયી સમજાવીએ. બિચારા ઘણા પણ સમજે નહિ આ ચીજ. હજી જૈનવાળા સમજતા નથી. વાડામાં પડ્યા ઈ. ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષના પડ્યા હોય તો કઈ અપેક્ષાથી વ્યવહાર, કઈ અપેક્ષાથી નિશ્ચય, શું સત્ય છે, શું આશ્રય કરવા લાયક છે, વ્યવહાર વ્યવહારથી છે કે નહિ, કઈ રીતે છે (કાંઈ ખબર ન મળે). આમ પણ છે અને આમ પણ છે. એમ નહિ.

અહીંયાં કહે છે કે આકૃતિ અપેક્ષાથી સમય સમયની પર્યાય પર્યાયદૃષ્ટિથી છે. સ્વભાવ દૃષ્ટિથી નથી. આકૃતિની દૃષ્ટિથી ત્રિકાળ સ્વભાવ નથી, એમ નથી. એ તો ત્રિકાળ છે, એ ક્યાં જાય? વસ્તુ સત્ છે, ત્રિકાળ એકરૂપ છે ઈ ક્યાં જાય? પેલી આકૃતિ તો ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન થતી હતી, એ સ્વભાવની દૃષ્ટિમાં રહેતી નથી. પણ આકૃતિ જાય તો ત્રિકાળ સ્વભાવ જતો રહે? એ કદી અભૂતાર્થ થતો નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! કથન પદ્ધતિ..

બે બોલ કહ્યા. ક્યા બે બોલ? ક્યા બે બોલ આવ્યા? એ.. ધર્મચંદજી! ધર્મચંદજી મૂંઝાઈ જાય છે. અમે પૂછીએ ને ત્યારે મૂંઝાઈ જાય છે. બે બોલ ક્યા આવ્યા? અબદ્ધસ્પૃષ્ટમાં શું આવ્યું? દ્રવ્યથી ભિન્ન. આ ક્ષેત્રની આકૃતિથી ભિન્ન. એમ આવ્યું. .. વચ્ચે આવી જાય છે. બે બોલ આવ્યા. એક ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ(ને) કર્મના નિમિત્તનો સંબંધ છે, તે અપેક્ષાથી છે. સ્વભાવની દૃષ્ટિ અનુભૂતિ કરવાથી (એ સંબંધ) નથી. ક્ષેત્રનો બીજો બોલ આવ્યો. ક્ષેત્રમાં આકૃતિ ભિન્ન ભિન્ન પોતાને કારણે છે, હોં! પરને કારણે કોઈ વાત છે જ નહિ. પોતાને કારણે આકૃતિ ભિન્ન ભિન્ન છે. અસંખ્ય પ્રદેશની ભિન્ન ભિન્ન આકૃતિ થાય છે ને. નારકી, મનુષ્ય, દેવ. જુઓ! સાડા ત્રણ હાથનું શરીર હોય, મરીને સ્વર્ગમાં જાય તો સાત હાથ થઈ જશે. સમજાણું? સાત હાથ. આકાર, હોં! રસ્તામાં તો આવો રહેશે, જેવો અહીંયાં છે. ક્યાં સાત હાથની આકૃતિ, નીચે સાડા ત્રણ હાથની આકૃતિ. તો આકૃતિથી ફેર હોય, ક્ષણિક પર્યાયની અપેક્ષાથી. અસંખ્ય પ્રદેશ ચૈતન્ય ભગવાનની દૃષ્ટિથી જુઓ તો આકૃતિ-ફાકૃતિ બધી ઊડી ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહાર પર્યાય સત્યાર્થ છે પણ ત્રિકાળની અપેક્ષાથી તે અસત્યાર્થ થઈ જાય છે. અનેકાંતને ભગવાન આ રીતે સિદ્ધ કરે છે.

હવે ત્રીજો કાળ, કાળ. દ્રવ્ય આવ્યું, ક્ષેત્ર આવ્યું, હવે કાળ. પછી ભાવ. પછી અસંયુક્ત. પાંચ બોલ આવશે. '**જેમ સમુદ્રનો,...**' સમુદ્ર. '**વૃદ્ધિહાનિરૂપ...**' છે માણેકચંદજી? એમાં છે? ક્યાં છે? '**જેમ સમુદ્રનો,...**' કાઢો ક્યાં છે? નહિતર ઓઘે ચાલ્યું જશે. '**જેમ સમુદ્રનો,..**' પેલો માટીનો દૃષ્ટાંત પૂરો થયો. '**જેમ સમુદ્રનો,...**' હિન્દી છે? હિન્દી? હિન્દી હોય તો પાનું-૩૮ છે, ૩૮ પાનું. '**જેમ સમુદ્રનો,...**' બતાવો નીચે છે. ઈ પેરેગ્રાફ, મને ખ્યાલ તો આવ્યો હતો કે આ પેરેગ્રાફ ભૂલી ગયા છે. ૩૮ પાનું. ૩૦ અને ૮. '**જેમ સમુદ્રનો,...**' ઈ પહેલા આવી ગયું. ક્ષેત્રનું અને દ્રવ્યનું. પુસ્તક રાખ્યું છે કે નહિ? પૂછે તો જવાબ દેશો કે નહિ? બીડીની તમાકૂ કેવી છે, એ બધું પૂછો તો કહી દે. હવે કાળનો દૃષ્ટાંત.

કાળનો અર્થ શું? એક એક સમયની પર્યાયમાં હાનિવૃદ્ધિરૂપ પર્યાય દેખાય છે. જ્ઞાનની, દર્શનની, અગુરુલઘુગુણની એક એક સમયની દશામાં હાનિવૃદ્ધિ દેખાય છે. હાનિવૃદ્ધિ યથાર્થમાં ત્રિકાળ ઉપર દૃષ્ટિ દેવાથી હાનિવૃદ્ધિ નથી રહેતી, ઈ બતાવવું છે. '**જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થઆથી અનુભવ કરતાં...**' સમુદ્ર કાંઠે હાનિવૃદ્ધિ થાય છે ને? કાંઠેને શું કહે છે?

કિનારે. **'અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે-સત્યાર્થ છે,...'** હાનિવૃદ્ધિ પર્યાયમાં-કાંઠે થાય છે તે અસત્યાર્થ છે. અનિયતપણું-અનિશ્ચિતપણું. જુઓ! અનિયતપણું એટલે અનિશ્ચિતપણું. પેલો કહે છે કે અનિયત એટલે અક્રમ અને નિયત એટલે ક્રમ. જ્યાં શબ્દ આવે ત્યાં ભડકે. અહીં એમ નથી. ૫૫મી ગાથામાં નાખ્યું છે. નિયત સ્વભાવ અને અનિયત સ્વભાવ નાખ્યું છે ને? 'પંચાસ્તિકાય'. ઈ પણ આમાં નાખ્યું છે. ત્યાં તો આત્માનો નિયત સ્વભાવ શુદ્ધ છે તેને નિયત કહે છે, વિકારને અનિયત કહે છે. એમ કહે છે. અહીં પણ ઈ કહ્યું, જુઓ!

**'સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું...'** એટલે એકરૂપ નથી રહેતી. હાનિવૃદ્ધિ થાય છે કે નહિ? માથા ઉપર પાણી ચાલ્યું જાય, હોં! પહેલાં. પોરબંદર છે ને? વળી ઘટી જાય. અનિશ્ચિતતા સત્ય છે. સમુદ્ર આ બાજુ આવી જાય છે, વળી ચાલ્યો જાય છે. ભરતી ઓટ આવે છે તે સત્ય છે. એ અપેક્ષાથી અનિયતપણું અનિશ્ચિતપણું છે.

**'તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને...'** સ્થિર મધ્યબિંદુમાં ... **'અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) અભૂતાર્થ છે-અસત્યાર્થ છે;...'** અનિશ્ચિતતા જૂઠી છે. ત્રિકાળ સમુદ્રનો કાયમી સ્વભાવ જોવાથી હાનિવૃદ્ધિ અનિયતપણું જૂઠું છે. પર્યાયની અપેક્ષાથી છે. સમુદ્રમાં અનિયતપણું નથી. એ તો મધ્યમાં ઠરેલો છે. એનો સિદ્ધાંત આત્મા ઉપર ઉતારશે. ઈ દૃષ્ટાંત થયું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૫, મંગળવાર, તા. ૪-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૪, પ્રવચન નં. ૬૬**

શુદ્ધનયે અહીંયાં અભેદપણું બતાવ્યું છે, આત્મામાં. ૧૪મી ગાથા. પાંચ બોલ ક્યા? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને દુઃખદશા રહિત. દ્રવ્યમાં-આત્મા(ને) પર કર્મનો સંબંધ વ્યવહારથી છે. અંતર સ્વભાવ જોવાથી તે વ્યવહારિક સંબંધ અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે મહારાજ! આપ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, સંયુક્તતાથી રહિત બતાવો છો તો આવા આત્માની અનુભૂતિ કઈ રીતે થાય? કેમકે દેખાય છે, બંધ આદિ તો સ્પષ્ટ દેખાય છે. કર્મથી બદ્ધરૂપ, ભેદરૂપ, અનેકરૂપ, વિકારરૂપ દેખાય છે. એમાં આત્માનો અનુભવ કઈ રીતે થાય? એવો શિષ્યનો પ્રશ્ન હતો.

કહે છે કે, ભાઈ! એ પાંચ બોલ છે એ કાયમ ટકવાવાળી ચીજ નથી. તે અસત્યાર્થ છે. કર્મનો સંબંધ અસત્યાર્થ છે, દુઃખરૂપ દશા અસત્યાર્થ છે, અનેકરૂપ અવસ્થામાં અનેકપણું ભાસિત થાય તે અસત્યાર્થ છે. એ અસત્યાર્થ છે તો છૂટી જાય છે અને ત્રિકાળ જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈને અનુભૂતિ આનંદનું વેદન થઈ શકે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વધારે ખુલાસો કરો.

ઉત્તર :- વધારે ખુલાસો કાલે ઘણો આવી ગયો છે. કહ્યું ને? પહેલા કહ્યું, જુઓ!

આ આત્મા પર્યાયમાં-અવસ્થા-દશામાં કર્મનો સંબંધ વર્તમાન વર્તમાન વ્યવહારથી છે. વર્તમાન છે તેનું જ નામ વ્યવહાર છે. પણ એમાં એક સ્વરૂપ આત્માનું ગ્રહણ થતું નથી. અને એક સ્વરૂપ ગ્રહણ થયા વિના યથાર્થ આત્મા જણાતો નથી. યથાર્થ જાણ્યા વિના એને આનંદની અનુભૂતિ થતી નથી. સૂક્ષ્મ છે. ...લાલભાઈ! સમજાય છે કાંઈ? આત્મા.. આમાં પાંચ બોલ કહ્યા. અબદ્ધસ્પૃષ્ટ-કર્મના સંબંધના સંયોગ રહિત. અનન્ય નામ ક્ષેત્રમાં આત્માની નારકી, દેવ આદિની વ્યંજનપર્યાય-દ્રવ્યની આકૃતિ અનેક અનેક થાય છે તેનાથી રહિત અને પર્યાયમાં હાનિવૃદ્ધિ થાય છે તેનાથી રહિત અને ગુણભેદના અનેકપણાથી રહિત અને દુઃખની દશા વિકલ્પ જે રાગાદિ છે તેનાથી રહિત. એવા આત્માનો અનુભવ કરવાથી યથાર્થ આત્મા જાણ્યો, એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આવા આત્માને જાણવાથી આત્મા જાણ્યો કહેવાય. ત્યારે આત્માનો અનુભવ અને આનંદની દશા ઉત્પન્ન થાય છે.

શિષ્યે પ્રશ્ન કર્યો કે (અનુભવ) કઈ રીતે થાય? બદ્ધસ્પૃષ્ટ તો દેખાય છે ને? કર્મનો સંયોગ દેખાય છે, રાગાદિનું દુઃખ દેખાય છે. ભાઈ! એ અસત્યાર્થ છે. કાયમી સ્વભાવની અનુભૂતિ કરવાથી તે છૂટી જાય છે. એ કાયમની ચીજ નથી. કર્મનો સંબંધ કાયમની ચીજ નથી, વિકારનું દુઃખ છે એ કાયમની ચીજ નહિ, ગુણભેદની અનેકતા એ કાયમની ચીજ

નહિ, પર્યાયમાં હિનાધિક વૃત્તિ દેખાય છે એ કાયમની ચીજ નહિ. સમજાય છે કાંઈ? તેથી પાંચ બોલ અસત્યાર્થ હોવાથી સ્વભાવ સન્મુખમાં અનુભૂતિ થઈ શકે છે. કેમકે એ અસત્યાર્થ છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એક સમયનો સંયોગ છે પણ સ્વભાવ દૃષ્ટિએ અસત્યાર્થ-જૂઠ થઈ જાય છે. સમજાય છે કાંઈ? એક સમયની પર્યાયની અપેક્ષાથી ભૂતાર્થ છે, છે. પણ સ્વભાવનો અનુભવ કરવાથી અસત્યાર્થ થઈ જાય છે, સંયોગ છૂટી જાય છે. આહાહા..! પર્યાયમાં રાગ-દ્વેષ દુઃખ છે, દુઃખ છે. આહાહા..!

રાત્રે કહ્યું હતું ને? સાતમી નરકનું દુઃખ લોકો સંયોગથી દેખે છે. સંયોગી દુઃખ નથી. સમજાય છે કાંઈ? એક માણસને શૂળીએ પરોવે, શૂળી.. શૂળીમાં, તો લોકો સંયોગનું દુઃખ જોવે છે. એમ આલુ-બટાકુ. બટાકુ હોય ને? આલુ. એમાં સોઈ ધગધગતી કરીને ખોસે તો એ માને તો ખરો કે જીવ તો છે. તો એને દુઃખ થાય છે. તો લોકો સંયોગથી દુઃખ જોવે છે. દુઃખની વ્યાખ્યા ઈ છે જ નહિ. ઈ દુઃખ જ નથી. દુઃખ, આત્માનું આનંદસ્વરૂપને ચૂકીને આકુળતા ઉત્પન્ન કરે છે એ દુઃખ છે. સમજાય છે કાંઈ? આવું દુઃખ અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો તોય ત્યાં રાગનું દુઃખ હતું. અને સાતમી નરકે ગયો તોપણ રાગનું દુઃખ હતું. કંઈ સુખ નહોતું.

નિજ આનંદ સ્વરૂપને ભૂલી વિકારની દશાનું પરિણમન, એ સ્વર્ગમાં હો, નરકમાં હો, નિગોદમાં હો, એ દુઃખરૂપ દશા છે એમ પહેલા સિદ્ધ કરે છે કે, છે. પણ એ કાયમની ચીજ નહિ. અંતર્મુખ આનંદ એકસ્વભાવી આત્મા દૃષ્ટિમાં લેવાથી એ દુઃખ કૃત્રિમ સંયોગ ક્ષણિક અસત્યાર્થ હોવાથી નાશ થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બે બોલ તો થઈ ગયા.

પહેલા જળનું દૃષ્ટાંત આપ્યું ને? જળમાં કમલિનીનું પત્ર જળના સંયોગથી જુઓ તો ડૂબેલું છે, સંયોગપણે છે. પણ એનો સ્વભાવ જોવાથી સંયોગપણું અભૂતાર્થ છે-જૂઠું છે. ભગવાન આત્મા કર્મનું નિમિત્ત અને વર્તમાન અવસ્થાનો સંબંધ પર ઉપર છે, એવી દૃષ્ટિએ જોવાથી તે છે. સ્વભાવમાં એકાકાર અનુભવ કરવાથી જૂઠ છે. સમજાય છે કાંઈ? દુઃખ દશામાં છે. પાંચમા બોલમાં આવશે. ક્ષેત્રમાં અનેક અનેક અવસ્થા આત્માની વ્યંજનપર્યાય-આકૃતિ હિનાધિક (થાય છે). એક શરીરમાં હિનાધિક પોતાને કારણે થાય છે અને એક શરીરને છોડી બીજામાં જાય તોપણ હિનાધિક આકૃતિ થાય છે. એ આકૃતિનું હોવું છે. પણ એકરૂપ ચૈતન્યઆકારનો અનુભવ કરવાથી તે અસત્યાર્થ થઈ જાય છે. સમજાય છે કાંઈ? આમાં સમજવું... અમૃતલાલભાઈ! આવું છે. પણ આ સમજ્યા વિના એને ક્યાંય શાંતિ નથી. ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- ટૂંકામાં..

ઉત્તર :- આ ટૂંકામાં કહીએ છીએ, શું કહીએ છીએ? ધીમે ધીમે કહીએ છીએ, ટૂંકે ટૂંકે કહીએ છીએ, સાર સાર કહીએ છીએ. પંડિતજી કહે છે, આથી વધારે કેટલું ટૂંકું થાય? બરાબર છે. આથી વધારે સંક્ષેપ કેટલો કરવો? શેઠ! આહા..! ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ દ્રવ્ય છે. વસ્તુ છે ને? વસ્તુ. વસ્તુ છે ને? પૂર્ણ વસ્તુ. એને કર્મનો સંયોગ છે કે નહિ? સંયોગ ન હોય તો સંયોગ આશ્રયે વિકાર અને પરિભ્રમણ થઈ શકે નહિ. સંયોગ છે, બીજી ચીજનો સંયોગ છે. તો સંયોગની અપેક્ષાથી જુઓ તો વર્તમાન સંયોગ છે. પણ દ્રવ્ય સ્વરૂપ જ્યાં ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ થાય તો સંયોગ-બંયોગ છે જ નહિ. આહાહા..!

આમ ૨૫-૨૫ વર્ષના રાજકુમારો જુવાન, હોં! હજારો રાણીઓ હોય. આમ કહે, માતા! હવે નહિ, આજ્ઞા આપો. આપણે ચરણાનુયોગમાં આવે છે ને? 'પ્રવચનસાર'માં ચરણાનુયોગની શરૂઆતમાં. હે શરીરની જનેતા! હે શરીરની જનેતા! જન્મ દેનારી. શરીરને. મને દીધો નથી. મને આજ્ઞા દે, મા! મને આજ્ઞા દે. મારા આનંદ સ્વરૂપને સાધવા હું નિવૃત્તિ લઉં છું. આહાહા..! માતા! આ દુઃખ હવે સાંભળ્યા જતા નથી. સહ્યા કેમ હશે? પ્રભુ! આહાહા..! માતા! એ દુઃખ નરકના, ચાર ગતિના, નિગોદના, માતા! સંતો વાત કરે છે, સાંભળ્યા જતા નથી. અરેરે..! એ વખતે કેમ સહ્યા હશે? માતા! એ દુઃખ હવે મારે નથી જોતા. આહાહા..! માતા! રજા આપને, મા! ફરીને બીજી મા નહિ કરું, હોં! આહાહા..! હે મા! ફરીને હું બીજી મા નહિ કરું, હોં! બીજો અવતાર નહિ કરું. એ જન્મ કલંક.. કલંક.. કલંક.. કલંક.. કલંક (છે). આહાહા..! માતા! એક તને રોવરાવું છું, હોં! ફરીને મા નહિ કરું, બા! મારો આત્મા ત્રાસ પામ્યો છે. મારું ક્યાંય ચિત્ત ચોંટતું નથી. સમજાય છે?

આમ મણિરત્નની પાટુ હોય મકાનમાં, હોં! આવી શિલા ન હોય. આ શું કહેવાય તમારી પત્થરની? લાદી. એની લાદી પાંચ-પાંચ, દસ-દસ મણના નીલમણિની પાટ હોય. એ.. શેઠ! તમારે ત્યાં તો પેલા શું કહેવાય? સંગેમરમર છે. આરસપહાણ (છે) મકાનમાં. પેલી તો પાંચ-પાંચ મણની પાટ નીલમણિની. જેમાં એક એક કટકાના લાખ લાખ રૂપિયા આટલા કટકાના. એવી નીલમણિની પાટ મકાનમાં. રાણીઓ જુઓ તો પદમણિ જેવી, મકાન જુઓ તો અબજો અબજો રૂપિયાના એક એક સ્તંભ. માતા! મને ક્યાંય ચિત્ત નથી ચોંટતું. મેં ચાર ગતિના દુઃખ પ્રભુ પાસે સાંભળ્યા. સંતો પાસે મેં દુઃખ સાંભળ્યા. મા! એ દુઃખ મેં કૃત્રિમપણે આનંદના ઉભરા મેં ન લીધા અને આનંદથી ઊલટી દશા કરી, મા! મેં દુઃખ ભોગવ્યા, હોં! હવે મને રજા આપ. આહાહા..! ચરણાનુયોગમાં પહેલા શરૂઆતમાં 'કુંદકુંદાચાર્યે' વર્ણન કર્યું છે, હોં! આહાહા..!

આજ્ઞા આપો તો સંયમ આદરું, હે મા! આજ્ઞા આપો તો સંયમ આદરું. અમારો આનંદ

સ્વભાવ અમને બેઠો-જોયો છે. હવે અમે સ્વરૂપમાં સ્થિર થવા સંયમ અંગીકાર કરશું. રાણીને કહે છે, હે શરીરને રમાડનારી સ્ત્રી! શરીરને રમાડનારી, હોં! મને નહિ. હવે તું આજ્ઞા દે. અમારી અનાદિ આનંદની અનુભૂતિ રૂપી રમણી એમાં અમે રમવા જઈએ છીએ. આહાહા..! અમારી અનાદિ અનુભૂતિ રૂપી સ્ત્રી આનંદ, એના અમે ભેટા કરવા જઈએ (છીએ). સ્ત્રી! છોડ મને, આજ્ઞા દે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા આનંદમૂર્તિ અને એના વિરૂદ્ધના દુઃખોથી ચાર ગતિના દુઃખથી કંટાળ્યા છે. સમજાય છે કાંઈ? 'યોગસાર'માં આવે છે ને? ચાર ગતિના દુઃખથી ડરી. સ્વર્ગનું પણ દુઃખ છે. એ સ્વર્ગના સંયોગ ઉપર લક્ષ જાવા એ આકુળતા છે, માતા! આહાહા..! સંયોગોના ઢગલા પર લક્ષ જાય છે ત્યાં આકુળતા ઉત્પન્ન થાય છે. અમારે ભગવાન અંદર છે. એમાં લક્ષ જતાં અમને આનંદ થાય એવી ચીજ મારી છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ચક્રવર્તીના છ ખંડના રાજ હોય, બળખા છોડે એમ છોડી જંગલમાં ચાલ્યા જાય. આહાહા..! અમારો ભગવાન અમારી પાસે છે. અમે એને ભૂલ્યા હતા. અમે એને ભૂલ્યા હતા. કોઈ ભૂલાવનાર પણ નહિ. આહાહા..! કહો, રતિભાઈ! આહા..!

અહીં કહે છે, ભાઈ! તારા ક્ષેત્રની આકૃતિના અનેક ભાવો પર્યાયમાં નારકીમાં, દેવમાં (થયા). ભાઈ! તું પોણા સાત ધનુષે જ્યાં પહેલી નરકે ઊપજ્યો તો આત્માની આકૃતિની એ દશા, સાતમી નરકની એ દશા, સ્વર્ગની એ દશા એ બધી આકૃતિ વર્તમાન ક્ષણિક છે. એનો આશ્રય કરતાં, લક્ષ જતાં દુઃખ થાય છે. માટે આત્મા એક ચૈતન્યાકાર કાયમી એકરૂપ જેનો સ્વભાવ, એના સમીપ નામ દૃષ્ટિ દેતાં એ કૃત્રિમ અવસ્થાની અનેકતા છે, એ અસત્યાર્થ હોવાથી નાશ થઈ જાય છે. અમરચંદભાઈ! આહાહા..!

હવે ત્રીજો બોલ આપણે કાળનો આવ્યો છે. કાળનું દૃષ્ટાંત આપ્યું હતું. '**જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં...**' સમુદ્રની પર્યાયમાં હાનિવૃદ્ધિ, ભરતી-ઓટ થાય છે ને? ભરતી-ઓટને તમારે શું કહે છે? બાઢ આતી હૈ. પર્યાયમાં આમ વધ-ઘટ, વધ-ઘટ (થયા કરે). એમ જોવાથી '**અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે...**' દરિયાના કાંઠે આવી અનિશ્ચિતતા છે. '**તોપણ નિત્ય-સ્થિર...**' 'વ્યવસ્થિત' શબ્દનો અર્થ કર્યો છે. પંડિતજી! ટીકામાં નિત્ય વ્યવસ્થિત શબ્દ પડ્યો છે. નિત્ય વ્યવસ્થિત, નિત્ય વ્યવસ્થિત. સમુદ્રનો નિત્ય વ્યવસ્થિત સ્વભાવ જુઓ, નિત્ય સ્થિર સ્થિર જુઓ તો 'સમુદ્રસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું...' અનિશ્ચિતપણું વૃદ્ધિહાનિ જૂઠી છે. એ દૃષ્ટાંત થયો.

'**એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે...**' પર્યાયમાં અનેકતા અવસ્થા ઉત્પન્ન થાય છે ઈ છે. પણ એમાં આખો આત્મા પકડાતો નથી. શું કહે છે? ઓહો..! શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા, પણ ભગવાન આ આત્મામાં પર્યાયની અનિયતતા-અનિશ્ચિતતા છે એ શરણભૂત નથી. કેમકે અનિશ્ચિતતા (એક) સમયની પર્યાયમાં આખો આત્મા આવતો નથી અને આખો આત્મા

આવ્યા વિના યથાર્થ અનુભવ થતો નથી. સમજાય છે કાંઈ?

એની રીત, એની વિધિ ખ્યાલમાં આવ્યા વિના ભગવાન આત્માનો અંતર પ્રયોગરૂપી અજમાયશ કેવી રીતે કરે? સમજાય છે કાંઈ? એ ચીજ કેવી છે પર્યાયમાં, દ્રવ્યમાં કેવી છે એવું લક્ષ થયા વિના અનિયતતામાંથી લક્ષ છોડી કાયમ (સ્વભાવ ઉપર દૃષ્ટિ કેમ કરશે?) **'નિત્ય સ્થિર, નિત્ય સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને...'** ભગવાન આત્મા.. આ ત્રિકાળીની વાત છે, હોં! કાળની અપેક્ષાથી. ત્રિકાળ એકરૂપ સ્વભાવ, ભગવાન એકરૂપ સ્વભાવનો આશ્રય કરી, સમીપ જઈને-દૃષ્ટિ ત્યાં લગાવી આત્માનો અનુભવ કરતાં પર્યાયની હાનિવૃદ્ધિ અનિશ્ચિતતા જૂઠી છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણું, ભાઈ!

બાપુ! તારા દુઃખ અને તારા આનંદની શું વાત કરવી? પણ એણે કોઈ દિ' આત્મા શું ચીજ છે, પર્યાયમાં કેવડી અને દ્રવ્યમાં કેવડી એનો જ ખ્યાલ કર્યો નથી. પરની વાત તો એક કોર રાખો. આ શરીર, વાણી, મન એ તો બહાર ક્યાંય એને કારણે બહિર લુઠંતિ. એ તો એને કારણે પલટ્યા કરે. ભગવાન! તારી પર્યાય અને તારું દ્રવ્ય, બેમાં બધી રમતું છે. આહાહા..! શરીર, વાણીમાં તારું અસ્તિત્વ નથી તો એની વાત શું કરવા કરીએ? તારી મોજૂદગી પર્યાયમાં ક્ષણિકમાં છે, પણ ક્ષણિકની મોજૂદગીના આશ્રયથી આખો આત્મા તો પકડાતો નથી. આખો આત્મા પકડાયા વિના સત્યતા ઉત્પન્ન થતી નથી. સત્યતા ઉત્પન્ન નામ સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી. સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા વિના આનંદ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આનંદ ક્યાં છે એની ખબર વિના આનંદ ક્યાં લૂટે? જાય ક્યાં? આ બાયડી, છોકરા, કુટુંબ, ધૂળધમાલ. એક ક્ષણમાં ચાલો, ઉઠો.

'ચલો કાયા હમારે સંગ' .. કહે છે, 'ચલો કાયા હમારે સંગ'. તને બહુ રાખી. આવે છે ને? 'આનંદઘનજી'માં કહ્યું હતું? સમજાણું? છે કે નહિ ઈ? 'આનંદઘનજી'માં ક્યાંક છે. લ્યો, ઈ જ આવ્યું. 'અબ ચલો સંગ હમારે કાયા, અબ ચલો સંગ હમારે...' આ બીજું તો નહિ અમારે પણ આ તારી રક્ષા કરી આખો દિ', નવરાવ્યા ને ધવરાવ્યા ને સૂવરાવ્યા ને ખવરાવ્યા ને પીવડાવ્યા.. આહાહા..! અમરચંદજી! 'અબ ચલો સંગ હમારે કાયા, અબ ચલો સંગ હમારે, તોહિ બહુત યતન કર રાખી, કાયા અબ ચલો સંગ હમારે...' કહો, ચંદુભાઈ! બહુ જતન કર્યું. દવાઓ-બવાઓ કરી. ડૉક્ટર છે ને. અમારા શેઠની બહુ દવા કરે છે. ... શું કહેવાય ઈ? 'સોહિ કારણ મેં જીવ સમ્હારૈ બોલે જૂઠ અપારે, ચોરી કર પરનારી સેવી, જૂઠ પરિગ્રહ ધારે.' આ પરિગ્રહ જૂઠ, મફતના પકડ્યા. એ તારા નહિ, પ્રભુ! માણેકચંદજી! ચલો કાયા સાથે હવે. કોઈ દિ' જોયું છે અમે સાથે (આવ્યા હોઈએ)? ભાન નથી તને? ઓલી કાયા તો અનંતી છોડી. ચલો ક્યાં? ચાલ્યા જા.

'પટ આભુષણ ... અષનપાન નિત ન્યારે, તેર દિન ષટ્ રસ સુંદર તે સબ મલ કર ડારે.' સારા સારા મેસૂબ ખવડાવ્યા પણ વિષ્ટા થઈ એમાં તો. વિષ્ટા થઈ. 'પટ આભુષણ ... .. અષનપાન નિત ન્યારે, તેર દિન ષટ્ રસ સુંદર, તે સબ મલ કર ડારે કાયા ચલો સંગ હમારે'. 'જીવ સુણો આ રીત અનાદિ, હે જીવ સુણો આ રીત અનાદિ, કા કહત વારંવારે, મૈં ન ચલૂંગી તોરે સંગ ચેતન, પાપ-પુણ્ય દો લારે .. કાયા ચલો સંગ હમારે..' તારી સાથે સેવા ભાવ કર્યા, .... મફતનો.. અમે ક્યાં ચોંટ્યા હતા? અમે તો ભિન્ન ભિન્ન રહ્યા હતા. તારી સાથે ચોંટ્યા છે વિકાર. સમજાય છે કાંઈ? તારી પર્યાયમાં વિકાર તારી સાથે ચોંટ્યા (છે). ચોંટ્યાને શું કહે છે? ચિપક ગયા હૈ. અમે તો ચોંટ્યા જ નથી, અમે તો ભિન્ને ભિન્ન રહ્યા છીએ. પોપટભાઈ! આહાહા..! 'જિનવર નામ સાર ભજ આતમ કહા ભ્રમ સંસારે, સુગુરુ વચન પ્રતીત ભઈ તબ આનંદઘન ઉપકારે' સુગુરુએ કહ્યું, અરે..! ભગવાન! કાયા તારી નહિ. બાહ્ય ચીજ તો નહિ પણ આ પુણ્ય-પાપની અસ્થિરતા એ પણ તારી ચીજ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા! પર્યાયમાં-અવસ્થામાં હાનિવૃદ્ધિ રૂપ એક છે. શરીર, વાણી, કર્મ છે એ તો નહિ, હવે પર્યાયમાં હિનાધિક દશા છે, જ્ઞાન-દર્શન વગેરે, તો છે. પણ એનું લક્ષ કરવાથી દુઃખ જ થાય છે, રાગ જ ઉત્પન્ન થાય છે. પર્યાયનું લક્ષ કરવાથી, આશ્રય કરવાથી તો રાગ ને દુઃખ જ ઉત્પન્ન થાય છે. પોતાનું અસ્તિત્વ એક સમયનું છે, એક સમયનું છે એનો આશ્રય કરવાથી દુઃખ જ ઉત્પન્ન થાય છે. કારણ કે પર્યાયના આશ્રયથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. રાગ ઉત્પન્ન થાય છે. કહે છે કે છોડી દે પર્યાયનું લક્ષ. જુઓ! સમજાય છે કાંઈ?

**'નિત્ય-સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને...'** ભગવાન આત્મા.. આહાહા..! શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ તો પરદ્રવ્ય ક્યાંય રહી ગયા. તારી પર્યાયની મોજૂદગીમાં અનિયતતા અનિશ્ચિતતાની દશાની પણ રુચિ છોડ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છોડી દે. કહે છે કે તારી એવડી પર્યાયનો આશ્રય કરવાથી દુઃખ થશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કોણ પોગે છે? કોઈ પોગતું નથી. કોણ પોગે છે? શરીર. આ તો એક સમયની અવસ્થા બીજે સમયે આવતી નથી. પોગે ક્યાં? એક સમયની અવસ્થા બીજા સમયે આવતી નથી. ક્યાં જાય? આહા..! સમજાય છે કાંઈ? એક સમયની અવસ્થા તારી તારામાં થવા છતાં તેના આશ્રયથી તે પર્યાય બીજા સમયે રહેતી નથી. બીજા સમયે (રહેતી નથી) તો તારે શું કરવું છે? કોનો આશ્રય લેવો છે? ઈ પર્યાય છે, કોણ ના પાડે છે? એમાં આખો આત્મા આવ્યો? પૂર્ણ જ્ઞાનઘન એમાં આવી ગયો? એક સમયનો આવ્યો. તો એક

સમયમાં તો પલટી જાય છે. તો એનો આશ્રય છોડી એક સ્વભાવ શુદ્ધચૈતન્યમાં દૃષ્ટિ લગાવવાથી એક સમયની અવસ્થા જૂઠ થઈ જાય છે. અંદરમાં આવતી નથી, અભેદમાં આવતી નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! શરીરનું શરણ નહિ, દેવ-ગુરુનું શરણ નહિ, મંદિરનું શરણ નહિ, ભગવાનનું શરણ નહિ, પોતાની પર્યાયનું શરણ નહિ. ઓહોહો..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એના અંતર સ્વભાવ સમીપે જતાં અનિયતતા અભૂતાર્થ છે. એ હાનિવૃદ્ધિની પર્યાય એક સમય રહેશે, બીજે સમયે નહિ રહેશે નહિ. પોતાના સ્વભાવને જોવાથી તે અસત્યાર્થ થઈ ગઈ. આ દ્રવ્યની અપેક્ષાથી. એમાં નથી એ અપેક્ષાથી. પર્યાય પર્યાયપણે ભલે હો. ઈ કાળનો બોલ આવ્યો. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ. હવે ભાવ.

**'જેમ સુવર્ણનો....'** સોનું.. સોનું-સુવર્ણ. **'ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે...'** એ ગુણભેદ છે. સોનામાં ગુણભેદ છે. આ ભાવની વાત છે. ગુણભેદ છે. 'તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે...' હજી દૃષ્ટાંત આપે છે, હોં! સમજાય છે કાંઈ? આમાં પણ એક દૃષ્ટાંત આપ્યો છે, હોં! ભાઈ! અરનાથનો. લ્યો, ઈ જ પાનું નીકળ્યું, ઈ પાનું નીકળ્યું. અરનાથનું.

**ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે;**
**સ્વ પર સમય સમજાવીયે, મહિમાવંત મહંત રે. ધરમ. ૧.**
**શુદ્ધાતમ અનુભવ સદા, સ્વ સમય એહ વિલાસ રે;**
**પરબડિ છાંહડિ જે પડે, તે પર સમય નિવાસ રે. ધરમ. ૨.**

રાગ ને વિકલ્પમાં પડે તે દુઃખ. એ પરની છાયા દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? પછી, એમ લખ્યું, 'ભારી પીલો ચીકણો...' આપણે અહીં આવ્યું છે, 'ચીકણાપણું, પીળાપણું, ભારેપણું...' 'આનંદઘનજી' અરનાથની સ્તુતિ કરે છે. ચોવીસ તીર્થંકરની સ્તુતિ છે.

**ભારી પીલો ચીકણો, કનક અનેક તરંગ રે;**
**પરજાય દૃષ્ટિ ન દીજિયે, એક જ કનક અભંગ રે. ધરમ. ૪.**

અમરચંદભાઈ! પીળું, ચીકણું, ભારે એ તો પર્યાય એટલે ભેદદૃષ્ટિ છે, ભેદદૃષ્ટિ છે. ભગવાન! સોનું તો જો, સોનું. એમાં ભેદ છે જ નહિ. 'પરજાય દૃષ્ટિ ન દીજિયે, એક જ કનક અભંગ રે' એ દૃષ્ટાંત. હવે અહીં સિદ્ધાંત.

**'એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે...'** ગુણભેદ છે. ભગવાન આત્મા એક સમયમાં અનંતા ગુણ પીને બેઠો છે, અભેદ ચીજ છે. પણ એમાં ભેદ લક્ષ કરવાથી (અર્થાત્) આ જ્ઞાન છે, આ દર્શન છે, આ આનંદ છે એવા ભેદ લક્ષથી ભેદ પર્યાયદૃષ્ટિથી છે. **'તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** સમજાય છે કાંઈ? **'એવા આત્મસ્વભાવની સમીપ જઈને**

**અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે...**' ભગવાન આત્મામાં જ્ઞાન ભિન્ન, દર્શન ભિન્ન, આનંદ ભિન્ન એવું નથી. એ તો વિકલ્પથી ભિન્ન પાડતો હતો કે આ જ્ઞાન છે, આ દર્શન છે, આ આનંદ છે. વસ્તુ જુઓ તો ભગવાન આત્મા ભાવનો આખો પૂરો ભંડાર છે. એકરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ કરવાથી આનંદની અનુભૂતિ થાય છે તો એ ભેદદૃષ્ટિ ત્યાં છૂટી જાય છે. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? વિશેષ વિલય.. કાલે કહ્યું હતું ને?

'**ઉપજે મોહ વિકલ્પથી...**' આ 'શ્રીમદ્'નું વાક્ય છે. એના–'શ્રીમદ્'ના પણ ક્યાં અર્થ સમજે છે? એમ ને એમ હાંકે રાખે છે બધા. એઈ..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ઈ તો ભક્તિ..

ઉત્તર :- પણ ભક્તિ કહેતાં ભક્તિ કોની? આત્માની કે પરની? પરની ભક્તિ તો રાગ છે. ગુરુ તો પોતાનો આત્મા નિજ સ્વરૂપ છે. દેવ આત્મા પોતાનું સ્વરૂપ છે. ધર્મનો ભંડાર પણ આત્મા છે. વસ્તુ સહાવો ધમ્મો. સમજાય છે કાંઈ?

**ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

આહાહા..! વિકલ્પ ઉઠાવે, અનેક ભેદ દેખાય. આખો સંસાર દેખાય. ઓહોહો..! કેટલો પહોળો અને લાંબો થઈ ગયો આત્મા! 'અંતર્મુખ અવલોકતાં...' ભગવાન આત્મસ્વભાવ સમીપ જતાં 'વિલય થતાં નહિ વાર'. ભેદ ને વિકલ્પ ને આખો સંસાર નાશ થઈ જાય છે. સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? અહીં સમ્યગ્દૃષ્ટિ થવાના કાળમાં કહે છે. આહા..!

ઈ પણ અહીંયાં (અરનાથની સ્તુતિમાં) કહ્યું, હોં! 'દરસણ જ્ઞાન ચરણ થકી, અલખ સરૂપ અનેક રે' આ વાત લીધી છે. અલખ એટલે આત્મા. 'નિરવિકલ્પ રસ પીજીયે, સુદ્ધ નિરંજન એક રે'. ભેદનું લક્ષ છોડી એકલો નિર્વિકલ્પ અભેદ સ્વરૂપની દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પ આનંદનો રસ પીવો, એનું નામ આત્માનો યથાર્થ બોધ થયો કહેવામાં આવે છે. આહાહા..! ત્યારે તેં તને જાણ્યો. ત્યારે તેં તને જાણ્યો. તેં તને ત્યારે જાણ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ શબ્દ આવે છે ને?

**પરમારથ પથ જે કહૈ, તે રંજે ઈક તંત રે;**
**વ્યવહારે લખિ જે રહૈ, તેના ભેદ અનન્ત રે. ધરમ. ૬.**

વ્યવહારના ભેદોનો પાર નહિ. પર્યાય ને ગુણભેદ ને રાગ ને નિમિત્ત ને સંયોગ ને.. ઓહોહો..!

**પરમારથ પથ જે કહૈ, તે રંજે ઈક તંત રે;**
**વ્યવહારે લખિ જે રહૈ, તેના ભેદ અનન્ત રે. ધરમ. ૬.**

વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવૈ હાથ રે.

નિમિત્તનું લક્ષ કર ને રાગનું કર ને પુણ્યના વિકલ્પનું લક્ષ કર ને પર્યાયભેદનું લક્ષ કર.

**વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવૈ હાથ રે.**
**શુદ્ધ નય થાપન સેવતાં, નવિ રહૈ દુવિધા સાથ રે. ધરમ. ૭.**

સમજાય છે કાંઈ? શ્વેતાંબર થયા છે. એ પણ પછી જરી... વૈરાગી ઘણા હતા, તો આવા સિદ્ધાંતને પકડી લીધો હતો થોડો. સમજ્યા? 'કુંદકુંદાચાર્ય'ની વાત જુદી છે. 'શ્રીમદ્દે' કહ્યું છે, સિદ્ધાંતિક જ્ઞાન 'આનંદઘનજી' અને 'કુંદકુંદાચાર્ય'ને હતું. 'કુંદકુંદાચાર્ય' તો આત્મામાં ઘણાં સ્થિત હતા ઘણાં. આત્મામાં ઘણાં સ્થિર હતા. 'શ્રીમદ્દે' લખ્યું છે. 'શ્રીમદ્દે' એ બેના બોલ લીધા છે. ક્યાંક છે ખરું હવે. એક લીટી-પંક્તિ છે. સમજ્યા? સિદ્ધાંતબોધ એમને ઘણો હતો. 'કુંદકુંદાચાર્ય' તો આત્મામાં ઘણાં સ્થિર હતા. એવી વાત છે. આગળ ક્યાંક હશે. 'કુંદકુંદાચાર્ય' તો અલૌકિક યોગી! એ તો જૈનદર્શનમાં આવો કોઈ હીરો પાક્યો! ઓ..હો..! જૈનદર્શનની વસ્તુસ્થિતિ જેવી છે એવી (કહી છે). ધર્મધુરંધર આચાર્ય! ધર્મના સ્તંભ (ઊભા) રાખ્યા (છે). આ માર્ગ છે. નિશ્ચય આમ છે, વ્યવહાર આમ છે, નિમિત્ત આમ છે. બધાની વાત (કરી છે). એમણે જે સ્પષ્ટીકરણ કર્યું એવી વાત અલૌકિક છે!

અહીંયાં કહે છે, ભગવાન આત્મા.. ઓહોહો..! ગુણભેદના લક્ષે પણ દુઃખ ઉત્પન્ન થાય છે. આહાહા..! ગજબ વાત! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુએ એક સ્વરૂપ અનંત ગુણનો પિંડ છે. એમાં જ્ઞાન, દર્શન, આનંદ એવા ભેદ પાડવાથી, ભેદનું લક્ષ કરવાથી પણ દુઃખ થાય છે, વિકલ્પ ઉત્પન્ન થાય છે, આકુળતા થાય છે. આહા..! હજી તો પેલા (કહે છે), શુભભાવથી ધર્મ થાય. કષાયની મંદતાથી ધર્મ થાય. ભગવાન! ક્યાં રહી ગઈ તારી ચીજ? અરે..! તને કોણ સમજાવે? તું સમજ તો સમજે, ભાઈ! કોણ સમજાવે? ત્રણ લોકના નાથની તાકાત નથી કે કોઈની પર્યાયને ફેરવી શકે. અનંત કાળમાંથી નીકળીને માંડ ૫૦-૬૦-૭૦ વર્ષ મળ્યા. ક્યાં ચોર્યાશીના અવતાર. ક્યાં કીડી, કાગડા, કંથવા, વનસ્પતિ, થોર ક્યાં હતો? ક્યાં આવ્યો? આ વચ્ચે થોડો વખત છે એમાં જો આત્માનું કાર્ય ન કર્યું તો ક્યાં જઈશ તારો પત્તો નહિ લાગે. સમજાય છે કાંઈ? એમાં આમ રોકાઈ ગયો ને આમ રોકાઈ ગયો. હજી તો બહારમાં રોકાઈ ગયો. અહીં તો કહે છે કે ગુણભેદમાં રોકાવાથી પણ આત્માનો પત્તો નહિ લાગે. આહાહા..!

મુમુક્ષુ :- બહારની વસ્તુ તો દૂર રહી ગઈ.

ઉત્તર :- દૂરે રહી ગઈ. કેમ ભાઈ? બહારની વસ્તુ તો દૂર રહી ગઈ. આહાહા..! ભગવાન આત્મા સર્વજ્ઞે જેવો શુદ્ધ જોયો, એમાં ભેદ પાડવાથી પાડીને ગુણનું અનેકપણું પણ જોવું એમાં પણ રાગની ઉત્પત્તિ થાય છે. સ્વભાવનો પત્તો લાગતો નથી. સ્વભાવ શું છે એનો અનુભવ થતો નથી. અને દુઃખ થઈને ચાર ગતિમાં (રખડે છે). એમાં પણ પુણ્ય બાંધે છે. ગુણભેદના લક્ષે પુણ્ય બાંધે છે. વિકલ્પ છે ને? આમ છે, આમ છે. પુણ્ય બાંધે. પણ મિથ્યાત્વ સહિત પુણ્ય બાંધે છે. આહાહા..! કહો, અમરચંદભાઈ! મિથ્યાત્વનું ગધેડું મોટું ચાલ્યું. એના

ઉપર એને બેસાડ્યો પછી શણગાર્યો.

... 'કુંદકુંદાચાર્ય' પાનું-૬૬૬. 'આનંદઘનજી'ને સિદ્ધાંત સંબંધી જ્ઞાન તીવ્ર હતું. 'કુંદકુંદાચાર્યજી' તો આત્મસ્થિતિમાં બહુ સ્થિત હતા. ચિહ્ન કર્યા છે, લીટી કરી છે. આમાં ૬૬૬ હશે? આમાં ૬૬૬ પાનું છે? 'કુંદકુંદાચાર્ય' અને 'આનંદઘનજી'ને સિદ્ધાંત સંબંધી જ્ઞાન તીવ્ર હતું. નિશ્ચય નિર્ણય શું ચીજ હોય છે. 'કુંદકુંદાચાર્યજી' તો આત્મસ્થિતિમાં બહુ સ્થિત હતા. જાણી શકાય છે કે નહિ શાસ્ત્ર જોવાથી? બીજાનું કાંઈ નક્કી કરી શકે છે નહિ? નથી કરી શકાતું? નામનું જેને દર્શન હોય તે બધા સમ્યગ્જ્ઞાની કહી શકાતા નથી. જાઓ! આમાં હાથનોંધ હશે ને. હાથનોંધ આમાં ને આમાં. 'આનંદઘનજી'ને સિદ્ધાંત બહુ તીવ્ર હતો. તેઓ શ્વેતાંબર સંપ્રદાયમાં હતા.

ભગવાન આત્મા... ક્યાં આવ્યું? જુઓ! શરીર, વાણી, મન નહિ, કર્મ નહિ, સંયોગ નહિ, કાંઈ નહિ. આવતા આવતા ગુણભેદ રહી ગયા અંદર વિચારમાં. તો કહે છે કે આત્મા ગુણભેદના વિચારમાં રોકાવાથી આખો ગુણી દૃષ્ટિમાં આવતો નથી. અને આખો ગુણી દૃષ્ટિમાં આવ્યા વિના એકરૂપ સ્વભાવની પ્રતીત થતી નથી. એકરૂપ સ્વભાવની પ્રતીત થયા વિના આનંદ અને સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ ચાર બોલ થયા.

પાંચમો બોલ. **'જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે...'** જળમાં અગ્નિ નિમિત્તછે. **'એવી ઉષ્ણતા સાથે...'** ઉષ્ણતા સાથે જળનું **'સંયુક્તપણારૂપ-તપ્તપણારૂપ-અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે...'** પાણીને ઉષ્ણતા પોતાની પર્યાયમાં થઈ છે, અગ્નિ નિમિત્ત છે. ઉષ્ણતા વર્તમાન જોવાથી તો સંયુક્તપણું, શીતળપણાની સાથે ઉષ્ણતા સંયુક્ત છે. શીતળતાની સાથે સંયુક્તપણું છે. ઈ અપેક્ષાએ ભૂતાર્થ (છે) એક સમયની અવસ્થા. **'તોપણ એકાંત શીતળતારૂપ...'** પાણીનો એક ધર્મ શીતળ છે. એક ધર્મ તો શીતળ-ઠંડો છે. પાણીનો શીતળતા, એક ધર્મ **'શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે;...'** ઉષ્ણતા નથી. આ જળનો દૃષ્ટાંત આપ્યો. સમજાય છે કાંઈ? જળમાં અગ્નિનું નિમિત્ત. એની અવસ્થામાં ઉષ્ણતા, શીતળ સ્વભાવની સાથે, એકરૂપ શીતળ સ્વભાવ સાથે ઉષ્ણપણાના પર્યાયના સંબંધથી સંયુક્તપણે દેખાય છે. પર્યાયમાં સંયુક્તપણે છે. પણ એકરૂપ શીતળ સ્વભાવ જોવાથી એ સંયુક્તપણું જૂઠું છે. એ દૃષ્ટાંત થયો. ઠંડુ પડ્યું જ છે. ત્રિકાળ ઠંડુ છે. સમજાય છે કાંઈ?

**'એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...'** સમીપનો અર્થ-ન્યાં ગરી જાવું છે? પણ શીતળતા પાણીનો ઠંડો સ્વભાવ છે. એમ લક્ષ કરવાથી એ ઉષ્ણતા સાથે સંયુક્તપણું જૂઠું થઈ જાય છે તારા જ્ઞાનમાં, એમ. પાણી-જળ છે. તો જળ તો ઠંડુ છે. તો ઠંડાનું જ્ઞાન કરવાથી ઉષ્ણતા સાથે એક સમયનું જે સંયુક્તપણું દેખાતું હતું,

પાણી શીતળ છે એમ ખ્યાલ કરવાથી ઉષ્ણપણું જૂઠું થઈ જાય છે. જ્ઞાનમાં એ જૂઠું થઈ જાય છે કે એ સંયુક્તપણું છે જ નહિ. સમજાય છે કાંઈ? એ દૃષ્ટાંત (થયો).

**'એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે...'** પેલામાં અગ્નિ નિમિત્ત હતી. અહીંયાં કર્મ નિમિત્ત છે. નિમિત્ત હોં! નૈમિત્તિક પોતાનું. **'એવા મોહ સાથે...'** જુઓ! મોહ. દુઃખરૂપ દશા. મોહ-પરમાં સાવધાનીનો ભાવ. કર્મ નિમિત્ત. અગ્નિ નિમિત્ત-ઉષ્ણ પર્યાય. કર્મ નિમિત્ત-વિકારી પર્યાય દુઃખરૂપ. **'આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે...'** કર્મ જેનું, જેનું નિમિત્ત છે **'એવા મોહ...'** મોહ પોતાની પર્યાયમાં ઉત્પન્ન થયો છે, એમાં નિમિત્ત કર્મ છે. બસ. 'મોહ સાથે સંયુક્તપણારૂપ...' પરમાં સાવધાનીનો ભાવ, પરમાં સાવધાનરૂપ મોહભાવ, સંયુક્તપણું એક સમયની પર્યાયની અપેક્ષાથી છે. **'સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે...'**

**'તોપણ જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે એવા જીવસ્વભાવની...'** જુઓ! હવે. ભગવાન તો સ્વયં એક ધર્મ બોધબીજ રૂપ સ્વભાવ. એક જ સ્વભાવ એનો. બોધબીજ એટલે જેમાંથી પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય એવો બોધબીજ સ્વભાવ આખો ત્રિકાળ એકરૂપ છે. સમજાય છે કાંઈ? જળમાં અગ્નિ નિમિત્ત છે. ઉષ્ણતા નૈમિત્તિક તેનાથી ઉત્પન્ન થઈ છે. એ ક્ષણિક અવસ્થાનો એ દૃષ્ટિએ વ્યવહારથી જુઓ તો ઉષ્ણતાનું સંયુક્તપણું છે. પાણીનો શીતળ સ્વભાવ જુઓ તો પાણી છે એ તો પદાર્થ છે. પાણી પદાર્થ છે. અગ્નિ પદાર્થ નથી, કોલસો (પદાર્થ) નથી. એના શીતળ સ્વભાવની દૃષ્ટિ કરો તો ઉષ્ણપણું જૂઠું છે.

એમ આત્મામાં કર્મ જેનું નિમિત્ત છે એવો મોહ. પરનું લક્ષ કરવાથી, પરમાં સાવધાની થવાથી જે દુઃખરૂપ રાગ-દ્વેષ, મોહ દશા થઈ તેમાં કર્મ નિમિત્ત છે. ઉપાદાન પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે તે છે. એ એક સમયની દુઃખદશા છે. સમજાય છે કાંઈ? આહા..! આ દુઃખ, હોં! સંયોગ નહિ, સંયોગ નહિ. માર, ત્રાડ કરે તો એનું દુઃખ આત્માને છે જ નહિ. ફક્ત પરમાં સાવધાનીની પર્યાય એ દુઃખરૂપ છે, બસ! ભાઈ! મોહ શબ્દે એટલું બતાવવું છે. આમ સાવધાન છે. આમ સાવધાન નથી, આમ સાવધાન છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયની દશામાં વર્તમાન કર્મનું જેને નિમિત્ત છે એવો જે મોહભાવ, પરમાં સાવધાની, એવી દશા-મોહ અને ક્ષોભ પરિણામ છે, પર્યાયમાં છે. દુઃખ છે, આકુળતા છે. પર તરફની સાવધાનીનો ભાવ-એક સમયની છે. સમજાય છે કાંઈ? કર્મથી નહિ. કર્મ તો નિમિત્ત છે. નૈમિત્તિક અવસ્થા તારામાં છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઈ હોય તો થાય.

ઉત્તર :- એ હોય તો થાય એનો પ્રશ્ન જ ક્યાં છે. અહીં તો એના અસ્તિત્વમાં થાય છે એમાં નિમિત્ત (છે). કેમકે એનો સ્વભાવ મોહ-પરમાં મોહ કરવો, રાગ-દ્વેષ કરવો એનો સ્વભાવ નથી. સ્વભાવ નથી એટલે નિમિત્તનું લક્ષ કરવાથી બધો વિકાર ઉત્પન્ન થાય છે.

સમજાય છે કાંઈ?

**'મોહ સાથે સંયુક્તપણારૂપ...'** જોડાણ **'અવસ્થાથી અનુભવ કરતાં...'** છે. **'તોપણ જે પોતે...'** એક ધર્મ. એક ધર્મ બોધબીજ. સમજાણું? બોધબીજ રૂપ સ્વભાવ. એક ધર્મરૂપ બોધબીજ રૂપ સ્વભાવ. એક બોધબીજ રૂપ સ્વભાવ, એક ધર્મ બોધબીજ રૂપ સ્વભાવ. ત્રિકાળ, હોં! આહાહા..! જેમ બીજ ફાટીને પ્રસવ થાય ને? ફાટીને શું કહે છે (હિન્દીમાં)? બીજ ફાટે. ફટકર. ઝાડ થાય છે ને? ભગવાન આત્મા કેવળજ્ઞાનનો બોધબીજ સ્વભાવ એક ધર્મરૂપ છે. એમાંથી કેવળજ્ઞાન ફાટે છે, નીકળે છે. સમજાય છે કાંઈ? એકાંત-એક અંત-એક ધર્મ, એક ધર્મ, એક ધર્મ. ક્યો એક ધર્મ? બોધબીજ રૂપ સ્વભાવ. કેવો છે ધર્મ? બોધબીજ રૂપ સ્વભાવ. બોધબીજ રૂપ સ્વભાવ-પિંડ. ચૈતન્ય બોધબીજ રૂપ સ્વભાવ છે એ તો. પર્યાયમાં પરની સાવધાની કરીને મોહ ઉત્પન્ન થાય છે. એક બોધબીજ સ્વભાવ સમીપ જવાથી... સમજાય છે કાંઈ? એના ચૈતન્યભાવની સમીપ. એ ચૈતન્યભાવ. એ એક ધર્મ બોધબીજ સ્વભાવ એટલે ચૈતન્યભાવ. સમજાય છે કાંઈ? **'જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.'** દુઃખ-પર તરફની સાવધાની, સ્વભાવની સાવધાનીમાં જવાથી જૂઠું છે. આહાહા..! સમજાય છે કાંઈ? યથાર્થ રાખવું પણ તારા અધિકારમાં છે અને તેને જૂઠું કરવું પણ તારા અધિકારમાં છે, એમ કહે છે, ભાઈ! પરની સાવધાનીમાં રહેવું, તેને યથાર્થ રાખવું એ પણ તારો અધિકાર છે અને તેને યથાર્થ બનાવવું તે તારો અધિકાર છે. દ્રવ્ય સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તે છૂટી જાય છે, અસત્યાર્થ થઈ જાય છે. એમ બેયમાં તારો અધિકાર છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? વિશેષ કહેશે, વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૬, બુધવાર, તા. ૫-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૪, પ્રવચન નં. ૬૭**

જીવ અધિકારની ૧૪મી ગાથા પૂરી થઈ. એનો ભાવાર્થ ચાલે છે. જુઓ! ભાવાર્થ છે ને? આ જીવ અધિકાર છે. વાસ્તવિક જીવ નિશ્ચય કેવો છે અને તેની શ્રદ્ધા, અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? વાસ્તવિક. વાસ્તવિક કહેતાં નિત્ય. જ્ઞાયક ધ્રુવ શુદ્ધ એક સ્વરૂપી જે આત્મા તેને વાસ્તવિક આત્મા કહે છે. વાસ્તવિક કહો કે એને યથાર્થ જીવ કહો. એવા અંતર આત્માની અંતર્મુખ થઈને દૃષ્ટિ કરવી તે જ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મની શરૂઆત છે.

ભાવાર્થ :- '**આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે.**' પહેલા પાઠમાં અબદ્ધસ્પૃષ્ટ છે ઈ બતાવે છે. આ એક આત્મા વસ્તુ છે અંદર તો એ પર્યાયમાં પાંચ પ્રકારથી અનેકરૂપ ભિન્ન ભિન્ન રૂપ દેખાય છે. કેવા પ્રકારે ભિન્ન ભિન્ન? '(૧) **અનાદિ કાલથી કર્મપુદ્‌ગલના સંબંધથી...**' કર્મના પરમાણુના નિમિત્ત સંબંધથી '**બંધાયેલો...**' નિમિત્ત બંધાયેલું અને '**કર્મપુદ્‌ગલના સ્પર્શવાળો...**' સંયોગથી સંયોગ દેખાય છે. કર્મપુદ્‌ગલથી બંધાયેલો અને એનો સંયોગ. સ્પર્શવાળો એનો અર્થ કે સંયોગરૂપ દેખાય છે. શું કહ્યું સમજાણું? ભગવાન આત્મા અનાદિ કાળથી એના કર્મના સંબંધવાળો દેખાય છે અને કર્મના સંયોગવાળો દેખાય છે.

'(૨) **કર્મના નિમિત્તથી થતા નર, નારક...**' દેવાદિ ભિન્ન ભિન્ન આત્મદ્રવ્યની વ્યંજન-આકૃતિ પર્યાયથી ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે. સમય સમયની દ્રવ્યઆકૃતિ પર્યાય શરીર પ્રમાણે પોતાની આકૃતિ થાય છે, તે સમયે સમયે ભિન્ન ભિન્ન ચાર ગતિમાં દેખાય છે. '(૩) **શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ (અંશ) ઘટે પણ છે, વધે પણ છે...**' વર્તમાન જ્ઞાન, દર્શન આદિ અવસ્થા જે છે-પર્યાય, એમાં-એ પર્યાયમાં શક્તિનો અંશ ઘટે પણ છે અને વધે પણ છે '**એ વસ્તુનો સ્વભાવ છે...**' સમજાય છે કાંઈ? '**તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી,...**' તેથી આ આત્મા નિત્ય નિશ્ચય એકરૂપ દેખાતો નથી. સમજાય છે કાંઈ? વાત તો ત્રણ-ચાર દિ'થી ચાલે છે. '(૪) **વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે...**' આત્મા દર્શન છે, જ્ઞાન છે, આનંદ છે એવા અનેક ગુણોના વિશેષરૂપ દેખાય છે. ચાર બોલ (થયા). '(૫) **કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે.**' એ પાંચ બોલ થયા. સમજાય છે કાંઈ?

'**આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...**' શું કહે છે? આત્મા જે દ્રવ્ય છે, વસ્તુ.. વસ્તુ, તેની પર્યાયમાં-અવસ્થામાં-થવાવાળી દશા અશુદ્ધદ્રવ્યાર્થિકનય(નો વિષય છે). કેમકે દ્રવ્ય જ પર્યાયમાં અશુદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? અશુદ્ધ પહેલાં કહીને તેને વ્યવહારનય કહ્યું.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ (છે) તે વર્તમાન કર્મના સંબંધથી સંયોગરૂપ દેખાય છે, આત્માની આકૃતિ ભિન્ન ભિન્ન દેખાય છે, અવસ્થામાં હાનિવૃદ્ધિ દેખાય છે, ગુણભેદ દેખાય છે અને સુખ-દુઃખની કલ્પના આદિથી દુઃખી દેખાય છે. '**આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિક...**' અવસ્થામાં દ્રવ્ય જ પોતાની પર્યાયમાં અશુદ્ધપણે થયું છે. આત્મા જ પોતાની પર્યાયમાં, અશુદ્ધ દ્રવ્ય પોતાની પર્યાયમાં અપરાધથી એવું થયું છે. ઈ બતાવવા અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. કર્મને કારણે નહિ. એ તો નિમિત્ત છે. અશુદ્ધ દ્રવ્ય. વસ્તુ જે ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય છે તે જ વર્તમાન પર્યાયમાં અશુદ્ધ દ્રવ્યપણે પર્યાયપણે (પરિણમ્યું છે), તેને અહીંયાં અશુદ્ધદ્રવ્ય કહ્યું. તે '**વ્યવહારનયનો વિષય છે.**' એ તો વ્યવહારનયનો વર્તમાન વિષય છે. કર્મનો સંબંધ આકૃતિનું અનેકપણું, પર્યાયનું હિનાધકપણું, ગુણનું વિશેષપણું, સુખદુઃખની કલ્પનાપણું, એ તો વર્તમાન અવસ્થા, વ્યવહારનય વર્તમાન જે જ્ઞાન જાણે એવા વ્યવહારનયનો વિષય છે.

'**તે દૃષ્ટિ (અપેક્ષાથી) જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે.**' પર્યાયમાં એ સંબંધ આકૃતિ, હિનાધિકતા, ગુણભેદતા અને સુખદુઃખતા એ વર્તમાન અવસ્થાથી જુઓ તો એ વાત અવસ્થાપણે સત્યાર્થ છે. સમજાય છે કાંઈ? '**પરતું આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...**' આ સિદ્ધાંત છે હવે. ભગવાન આત્મા એક સમયમાં એક સ્વભાવરૂપ દેખાય છે તે વર્તમાન ખંડ વ્યવહારનયથી એવો દેખાતો નથી. વ્યવહારનયથી તો ખંડરૂપ, વિકારરૂપ, સંયોગરૂપ દેખાય છે. એ કંઈ એનું વાસ્તવિક સ્વરૂપ નથી. '**પરંતુ આત્માનો એક સ્વભાવ...**' એક સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ જ્ઞાયકભાવ, પરમમૂર્તિ ચૈતન્યસ્વરૂપ ભાવ, '**આ નયથી...**' આ નયથી નામ વ્યવહારનયથી અથવા વર્તમાન નયના લક્ષવાળી દૃષ્ટિથી આખો એકરૂપ સ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી. સમજાય છે કાંઈ? આ સિદ્ધાંત છે અહીંયાં હવે. '**પરંતુ આત્માનો એક સ્વભાવ...**' વાસ્તવિક ધ્રુવ ચૈતન્ય નિત્ય આનંદકંદ એવો એકરૂપ સ્વભાવ 'આ નયથી...' (અર્થાત્) વ્યવહારનયથી અથવા વર્તમાન અશુદ્ધપણે દ્રવ્ય પરિણમ્યું છે એ દૃષ્ટિથી ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ પૂર્ણ આનંદ વ્યવહારનયથી જણાતો નથી.

'**અને એક સ્વભાવને જાણ્યા વિના...**' દેખો હવે સિદ્ધાંત! ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્યબિંબ એવા એક સ્વભાવને જાણ્યા વિના '**યથાર્થ આત્માને કેમ જાણી શકાય?**' ભાષા અહીંયા આ છે. '**યથાર્થ આત્માને કેમ જાણી શકાય?**' નિશ્ચય જે આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, એ વર્તમાન અવસ્થાનું લક્ષ કરનારી વ્યવહારનયથી તેનો કાયમ એકરૂપ સ્વભાવ જણાતો નથી. અને જ્યાં સુધી યથાર્થ ન જણાય ત્યાં સુધી આત્માની યથાર્થ પ્રતીતિ થતી નથી. સમજાય છે કાંઈ? આ વાત તો ત્રણ-ચાર દિ'થી ચાલે છે. માણેકચંદજી! સમજાય છે થોડુંઘણું? થોડુંઘણું કહીએ છીએ, હોં! આહાહા..!

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પૂર્ણ પૂર્ણ વસ્તુ સ્વભાવ છે. વસ્તુ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ. જેમ શીતળ બરફની શીલા છે, એકરૂપ શીતળ બરફની શીલા.

એમ ભગવાન આત્મા અવિકારી આનંદરૂપી શાંત સ્વભાવથી એકરૂપ સ્વભાવની શીલા આત્મા છે. એ આખી અખંડ શીલા, વ્યવહારનયનું જે ભેદરૂપ લક્ષ છે તે નયથી જણાતો નથી. સમજાય છે કાંઈ? અને એક સ્વભાવને જાણ્યા વિના વસ્તુ અખંડ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ છે તેને જાણ્યા વિના વાસ્તવિક આત્મા, સત્ય આત્મા, નિશ્ચય આત્મા કેમ જાણી શકાય? સમજાય છે કાંઈ? શોભાલાલજી! સમજાણું કે નહિ? શેઠ! શું કરે? હા પાડવી જોઈએ. ન સમજાય તોય હા પાડવી જોઈએ. પ્રયત્ન તો કદી કર્યો નથી, દરકાર તો કરી નથી કે શું આત્મા? વળી વ્યવહારનયથી જણાતો નથી, યથાર્થ ન જાણે તો આત્મા જાણ્યો કહેવાય નહિ. આ શું છે? શું કહે છે આ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાયા. એ ભગવાને આ આત્મા બે નયથી જાણ્યો અને દુનિયાને કહ્યું. એ આત્મામાં વર્તમાન જેટલો કર્મનો સંબંધ છે, સંયોગ છે, પર્યાય-અવસ્થામાં એક આકૃતિની પર્યાય છે અને એક અર્થપર્યાય જ્ઞાન, દર્શનની હિનાધિક પર્યાય છે. અને ગુણનો ભેદ-જ્ઞાન, દર્શન ભેદ અને સુખદુઃખની કલ્પના, તેને ભગવાને વ્યવહારનયથી આ છે એમ કહ્યું છે. કેમકે એ કાયમની ચીજ નથી. સમજાય છે કાંઈ? એ કાયમની ચીજ નથી. કાયમી ચીજની દૃષ્ટિ થયા વિના યથાર્થ આત્મા પ્રતીતમાં આવતો નથી અને યથાર્થ પ્રતીતમાં આવ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! કહો, અમરચંદભાઈ! બરાબર છે? આ તો સાદી ભાષામાં મૂક્યું છે. પેલામાં ગૂઢ છે ને તો 'જયચંદ્ર પંડિતે' ચાલતી ભાષામાં ભાવાર્થ (લખ્યો છે).

**'પરંતુ...'** વર્તમાન પર્યાય... શરીર, વાણી, મન નહિ. આ તો માટી ધૂળ છે. એની સાથે કાંઈ (સંબંધ) નથી. આ તો માટી છે. આત્મામાં છે જ નહિ. આત્મામાં જે અંશ છે, બે અંશ છે, બે. એમાં એક વર્તમાન અંશ જે છે, કર્મના સંબંધ અને રાગ-દ્વેષનો અંશ (છે), તેને જાણનારી નયને વ્યવહારનય, વર્તમાન નય વર્તમાન જાણે તેને વ્યવહાર કહે છે. એ નયથી-એ જ્ઞાનના અંશથી ત્રિકાળી એકરૂપ યથાર્થ આત્મા જાણવામાં, દેખવામાં, પ્રતીતમાં આવતો નથી. અને એ નયથી જણાતો નથી તો એક સ્વભાવને જાણ્યા વિના વાસ્તવિક આત્મા, અખંડ આત્મા, એકરૂપ ભગવાન આત્માની પ્રતીતિ થતી નથી.

**'આ કારણે...'** તેથી **'બીજા નયને...'** બીજા નામ વ્યવહારથી બીજી નય-વ્યવહારનયથી બીજી નય નિશ્ચયનય. **'બીજા નયને-તેના પ્રતિપક્ષી...'** જુઓ! ભગવાન આત્મા, એની એક સમયની વર્તમાન હાલત-દશાના પાંચ પ્રકાર. તેને જોનાર વર્તમાન વ્યવહાર-વ્યવહાર નય છે. તો એ નયથી આખો પૂર્ણ આત્મા પ્રતીતમાં આવતો નથી. તો એ વ્યવહારનયને જણાવ્યો પણ તેનાથી પ્રતિપક્ષ-વ્યવહારનયથી વિરોધી પક્ષ-બીજી નય. દેખો! તેની વિરોધી છે, પ્રતિપક્ષ છે. વ્યવહારથી આ નય જે જ્ઞાન છે, શુદ્ધનય તે વ્યવહારનયથી વિરોધી છે, પ્રતિપક્ષી છે. **'પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને...'** ભગવાન આત્મા એક સ્વરૂપ ચૈતન્ય છે એમ પકડનારી,

શુદ્ધદ્રવ્ય જેનું પ્રયોજન છે એવા નયને '**ગ્રહણ કરી,...**' એવા નયને જાણીને '**એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ,...**' ભગવાન આત્મા અસલી અનાદિઅનંત આદિ અંત વિનાનું ચૈતન્યબિંબ એક અસાધારણ. એમાં ભાગ નહિ, ભેદ નહિ. જ્ઞાયકમાત્ર, ચૈતન્યમાત્ર પ્રભુ આત્મા છે. જ્ઞાયકમાત્ર આત્મા. પહેલાં પર્યાયમાત્ર આત્મા હતું. સમજાય છે કાંઈ? આ જ્ઞાયકમાત્ર આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? શબ્દે શબ્દમાં ઘણો (અર્થ ભર્યો છે). 'જયચંદ્ર પંડિતે' લખ્યું છે. પાઠને અનુસાર ચાલતી ભાષામાં સ્પષ્ટીકરણ કર્યું છે.

ભગવાન આત્મા,... શરીર, વાણીનું લક્ષ છોડી દો. એ તારામાં છે જ નહિ. તારી ચીજ વર્તમાન દશામાં વિકાર અને કર્મના સંયોગ આદિની અનેકતા વર્તમાન નયથી જોવામાં આવે છે એ તો વર્તમાન પૂરતો અંશ થયો. એમાં ત્રિકાળી એકરૂપ જ્ઞાયક દૃષ્ટિમાં આવ્યો નહિ. તો વર્તમાન નયથી પ્રતિપક્ષ વિરોધી જે શુદ્ધનય, જે શુદ્ધદ્રવ્યાર્થિકનય ત્રિકાળ જ્ઞાયકને બતાવનાર જ્ઞાનનો અંશ, જેને શુદ્ધદ્રવ્યાર્થિક કહે છે. સમજાય છે કાંઈ? તેને '**ગ્રહણ કરી, એક...**' ભગવાન આત્મા '**અસાધારણ...**' બીજા ભેદ નહિ '**જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ,...**' આત્માનો કાયમી એકરૂપ સ્વભાવભાવને લઈ. આત્માનો એકરૂપ સ્વભાવભાવ લઈને. આત્માની પર્યાયમાં અનેકરૂપ ભાવોને દેખાડનારી વ્યવહારનય છે. તેનાથી વિરુદ્ધ શુદ્ધનય આત્માના જ્ઞાયકમાત્ર એકરૂપ ભાવને લઈ '**તેને શુદ્ધનયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન,...**' ભાઈ! તારો આત્મા તો સર્વ કર્મ આદિ દ્રવ્યથી ભિન્ન-જુદો છે. તારી ચીજ જુદી છે, ત્યાં દૃષ્ટિ કરવાની છે. સંબંધ છે ત્યાં દૃષ્ટિ કરવી એ તો અનાદિથી કરતો આવ્યો છે. કર્મનો સંબંધ છે એવો વ્યવહાર સંબંધ વ્યવહાર દૃષ્ટિ અનાદિથી કરતો આવ્યો છે. એમાં તારું કોઈ પ્રયોજન સિદ્ધ થયું નહિ. શાંતિ થઈ નહિ, સમ્યગ્દર્શન થયું નહિ. આહાહા..!

'**સર્વ પરદ્રવ્યોથી ભિન્ન,...**' ભગવાન આત્મા સર્વ કર્મ આદિ દ્રવ્યથી ભિન્ન, '**સર્વ પર્યાયોમાં એકાકાર...**' ચૈતન્ય અસંખ્ય પ્રદેશરૂપ એકાકાર. જે આકૃતિની ભિન્ન ભિન્ન પર્યાય ગતિમાં દેખાય છે એ તો વ્યવહારનયનો વિષય થઈ ગયો. તેનાથી પ્રતિપક્ષ ત્રિકાળી જ્ઞાયકને બતાવીને '**હાનિવૃદ્ધિથી રહિત,..**' પેલામાં પર્યાયમાં હાનિવૃદ્ધિ હતી, વ્યવહારનયથી. આ હાનિવૃદ્ધિ રહિત ત્રિકાળ. '**વિશેષોથી રહિત...**' ગુણનો ભેદ. આ આત્મા છે અને આ જ્ઞાન છે, દર્શન છે, એવા ભેદ રહિત. '**નૈમિત્તિક ભાવોથી રહિત...**' સુખદુઃખની કલ્પના કહ્યું હતું ને? કર્મના નિમિત્તથી નૈમિત્તિક જે વિકારી પર્યાય રાગ-દ્વેષ, સુખ-દુઃખ થતા હતા, તેનાથી પણ રહિત. '**જોવામાં આવે...**' આ રીતે ભગવાન આત્માને પાંચ ભાવથી પરથી ભિન્ન જોવામાં આવે તો 'સર્વ પાંચ ભાવોથી જે અનેકાકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.' તે જૂઠ થઈ ગયું. આહાહા..! સમજાય છે કાંઈ? ભઈ, અંતરની સમ્યગ્દર્શનની ચીજ શું છે અને તેનો વિષય શું, તે એણે કદી સાંભળ્યું નથી, સમજ્યો નથી. ખબર નહિ. આમ ને આમ ધર્મ થઈ ગયો. ધર્મ ક્યાંથી થાય? ધૂળમાં થાય? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અનાદિઅનંત ચૈતન્ય જ્ઞાયકભાવ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો એવો એકરૂપ સ્વભાવ, એની દૃષ્ટિ કરવાથી તે પરદ્રવ્યથી ભિન્ન આત્માની ક્ષણિક આકૃતિથી ભિન્ન, પર્યાયની હિનાધિકતાથી ભિન્ન, ગુણભેદથી ભિન્ન, વિકાર-નૈમિત્તિક વિકારી ભાવથી ભિન્ન. સમજાય છે કાંઈ? ભારે! કેટલી વાત યાદ રાખવી આમાં? સેઠી! બધી યાદ રાખવી? હીરા-માણેકની કેટલી વાત યાદ રાખતો હશે. દુકાનમાં ચારે કોરની વાત. આટલા ભાવે આવ્યું ને આટલા વેચ્યું ને આટલા (રહ્યા). આત્મા કાંઈ એવી ચીજ નથી.

'**અનેકાકારપણું છે...**' નિજ સ્વરૂપ શુદ્ધ એક અસાધારણ જ્ઞાયકમાત્ર ભાવને દૃષ્ટિમાં લેવાથી તે સત્યાર્થ થયો અને પાંચ ભાવમાં સંયોગી ભાવ અસત્યાર્થ થઈ જશે. એ સંબંધ છૂટી જશે. તારી દૃષ્ટિનો વિષય રહેશે નહિ. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! આવો ધર્મ હશે? પાધરું ઓલું હોય તો ભક્તિ કરી લઈએ, જાત્રા કરી લઈએ, ચાલો ધર્મ થઈ જાય, લ્યો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને હવે. લાખ જાત્રા કર તો શુભભાવ છે, ધર્મ નહિ. એઈ..! શોભાલાલજી! દયા પાળી લઈએ, દાન કરી દઈએ લાખ-કરોડનું. રાગ મંદ હોય તો પુણ્ય થાય. સાથે મિથ્યાત્વ છે. કેમકે દૃષ્ટિ રાગ ઉપર છે, નિમિત્ત ઉપર છે, સંયોગ ઉપર છે, ખંડ ઉપર છે. અખંડ જ્ઞાયક ચૈતન્ય દૃષ્ટિ શું છે, તેની દૃષ્ટિ થયા વિના તેને કદી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ રૂપ ધર્મ થતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે કઠણ.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં આમ ફરમાવતા હતા. એ 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ ૨૦૦૦ વર્ષ પહેલાં અહીંયાં ભરતક્ષેત્રમાં થયા. સંવત ૪૯. ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. સમજાય છે કાંઈ? 'સીમંધર' ભગવાન ત્રિલોકનાથ વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એમની પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આ લાવ્યા. અંદરમાં વાત હતી તો ખરી. પણ ઘણી નિર્મળતા થઈ (તો) 'સમયસાર' બનાવ્યું. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય', 'અષ્ટપાહુડ' બનાવ્યા. ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર આમ કહે છે, ફરમાવે છે, આમ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે પાંચ ભાવ જે બદ્ધસ્પૃષ્ટ આદિ સંયોગથી અનેક પ્રકારના દેખાતા હતા, તે એકરૂપ જ્ઞાયક ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણનો એકરૂપ સ્વભાવ ત્રિકાળ રહેવાવાળી ચીજ- તેની દૃષ્ટિ કરવાથી એ પાંચ ભાવ ક્ષણિક હતા, ઉપર તરતા હતા, અંદર પ્રવેશ કરતા નહોતા, તે અભૂતાર્થ થઈ ગયા, જૂઠા થઈ ગયા. સમજાય છે કાંઈ? આ તે ધર્મની કેવી વાત હશે! સેઠી!

હવે કહે છે, થોડું વિશેષ સ્પષ્ટ કરે છે. '**અહીં એમ જાણવું કે...**' 'જયચંદ્ર' પંડિત શાસ્ત્રના મૂળ પાઠમાં છે તેને ચાલતી ભાષામાં લોકોને ખ્યાલમાં આવે એવી ભાષામાં અર્થ કરે છે. 'અમૃતચંદ્રાચાર્ય' અને 'કુંદકુંદાચાર્ય'ના પાઠમાં તો ગૂઢ ગંભીર ભાવ ભર્યા છે. પણ 'જયચંદ્ર પંડિત'... પહેલા ટીકા કરી... સમજાય છે કાંઈ? પણ પછી સંસ્કૃતમાંથી હિન્દી કર્યું.

તેનો ભાવ ચાલતી ભાષા, લોકોની ભાષામાં સમજાવવા તે ભાષામાં અર્થ કરે છે. 'વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે,...' એક શબ્દ. ભગવાન આત્મા વસ્તુ, વસ્તુ છે. એ વસ્તુ છે તો અનંત ધર્માત્મક છે. વસ્તુ છે તો એમાં અનંત ધર્મ વસેલા છે, રહેલા છે. વસ્તુ છે આત્મા... આ શરીર-બરીર જડ પણ વસ્તુ છે પણ ભિન્ન કહો અત્યારે. ભગવાન આત્મા અંદર ચૈતન્યબિંબ પ્રભુ વસ્તુ છે. તો વસ્તુ સ્વરૂપ અનંત ધર્મ સ્વરૂપ છે. વસ્તુ છે એમાં અનંત ગુણ છે, અનંત ગુણ છે. વસ્તુ એક છે. (તેમાં) રહેનારા અનંત ધર્મ, ગુણ અનંત છે. આત્મા એક છે પણ તેમાં રહેનારા ગુણ, ધર્મ કહો કે સ્વભાવ કહો, અનંત છે. સમજાય છે કાંઈ?

**'તે સ્યાદ્વાદથી યથાર્થ સિદ્ધ થાય છે.'** અપેક્ષાથી જ્ઞાન કરવાથી અનંત ધર્મનો વાસ્તવિક ખ્યાલ થઈ શકે છે. સ્યાદ્વાદ-અપેક્ષાથી. કઈ અપેક્ષા? જુઓ! 'આત્મા પણ અનંત ધર્મવાળો છે.' પહેલાં સામાન્ય વાત કરી હતી. દરેક દ્રવ્યની, હોં! આત્મા પણ અનંત ધર્મવાળો છે. અનંત ધર્મ નામ ગુણવાળો છે, અનંત સ્વભાવવાળો છે, અનંતી પર્યાયવાળો છે. આમાં પર્યાય અને ગુણ બેય લેવા. 'આત્મા પણ અનંત ધર્મવાળો છે.' અનંત ધર્મ શબ્દે સ્વભાવ. ધર્મ શબ્દે આ જૈન ધર્મ ને અન્ય ધર્મ, એમ નહિ. આત્મા જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ એવા સામાન્ય ગુણથી અનંત છે, વિશેષ ગુણથી અનંત છે, પર્યાયમાં પણ અનેકતાથી અનંત છે. સમજાય છે કાંઈ? એની ભૂમિકામાં. દ્રવ્ય-ગુણ-પર્યાય. આત્મામાં... વસ્તુ એક. અનંત ધર્મ નામ ગુણ સ્વરૂપ આત્મા છે.

**'તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે...'** હવે જુઓ! ભગવાન આત્મામાં કેટલીક શક્તિઓ તો સ્વાભાવિક કાયમની છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવી શક્તિઓ ગુણધર્મ તો સ્વાભાવિક છે. **'અને કેટલાક પુદ્ગલના સંયોગથી થાય છે.'** કોઈ કર્મના નિમિત્તથી પોતાની પર્યાયમાં વિકારી ભાવ (થાય છે) તે પણ નિજ ધર્મ છે. ધર્મ શબ્દે આત્માએ વર્તમાન દશામાં વિકાર ધારણ કર્યો છે, તેથી તેને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ અને તેની નિર્મળ આદિ પર્યાય તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્ગલકર્મના સંયોગથી થાય છે. રાગ-દ્વેષ હિનાધિકતા, વિકારતા, સુખ-દુઃખની કલ્પના એ કર્મના નિમિત્તથી પોતાની પર્યાયમાં પોતાની મોજૂદગીમાં પોતે ધર્મ ધાર્યા છે. વિકારી રૂપ ધર્મ પણ આત્માએ ધારણ કર્યો છે. માટે અનંત ધર્માત્મકમાં વિકાર પણ પોતાનો ધર્મ છે. ધર્મ શબ્દે ધારણ કર્યો છે. સમજાય છે કાંઈ? પણ ફેર ઈ કે **'જે કર્મના સંયોગથી થાય છે,...'** ભગવાન આત્મામાં કર્મના નિમિત્તથી નૈમિત્તિક પોતાની પર્યાય રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ, ક્રોધની કલ્પના **'તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે...'** એ તો સંસારી પ્રવૃત્તિ થાય છે, સ્વાભાવિક પ્રવૃત્તિ નહિ. શું કહે છે સમજાણું? ભગવાન આત્મામાં કેટલાક તો અનાદિઅનંત સ્વભાવ છે, કેટલીક નિર્મળ પર્યાય પણ (છે),

પોતાની પર્યાયમાં અસ્તિત્વ આદિની પર્યાય છે તે ધર્મ છે, તે સ્વાભાવિક છે. અને કેટલીક વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં કર્મના સંયોગથી દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પ શુભાશુભ ઉત્પન્ન થાય છે, સુખ-દુઃખની કલ્પના થાય છે, તેનાથી આત્મામાં સંસારી પ્રવૃત્તિ થાય છે. એ સંસારી પ્રવૃત્તિ (છે). સંસારી શબ્દે... શોભાલાલજી! તમાકૂનો વેપાર થાય ઈ (સંસારી પ્રવૃત્તિ)? શું છે? સંસારી પ્રવૃત્તિનો શું અર્થ થયો? એટલે રાગ-દ્વેષ. એ પ્રવૃત્તિ. તમાકૂ-બમાકૂની નહિ. રાગ-દ્વેષ શું છે? રાગ-દ્વેષ દુઃખ છે કે શું છે? ભાઈ! માણેકચંદજી! મોટા બાપુ આમ આમ થઈ જાય છે. સંસારી પ્રવૃત્તિનો અર્થ શું? કહો.

**'કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે...'** કોણ? પોતાના આત્મામાં ધર્મ. ધર્મ શબ્દે વિકારી પર્યાય. વિકારી પર્યાય પોતામાં ધારણ કરી છે. તે પુદ્‌ગલકર્મના સંયોગથી ઉત્પન્ન થયેલો ભાવ છે. **'જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે...'** અર્થાત્ એ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ સંસારી પ્રવૃત્તિ છે. પરની પ્રવૃત્તિ કરે છે એ તો વાત છે જ નહિ. એ તો જડ છે. અહીં તો એની પર્યાયમાં, એના ગુણમાં અને એના દ્રવ્યમાં શું છે, એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? મોટર-બોટર લઈને આમ દાબે છે ને આમ ચાલે છે એ પ્રવૃત્તિ સંસાર નહિ, એમ કહે છે. શું (કહ્યું)? એ નહિ. એમાં જે રાગ-દ્વેષ (થાય છે), કર્મના નિમિત્તથી રાગ-દ્વેષ (થાય છે) તે સંસારની પ્રવૃત્તિ છે. એને થાય છે કે નહિ?

અહીં તો કહેવું છે કે વસ્તુ છે તે અનંત ધર્મ સ્વરૂપ છે અને તે સ્યાદ્વાદથી અપેક્ષાથી યથાર્થ સિદ્ધ થાય છે. 'આત્મા પણ અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે.' પોતાની પર્યાયમાં, હોં! **'જે કર્મના સંયોગથી થાય છે,...'** પોતાની પર્યાયમાં. એ તો નિમિત્તથી વિકારી બતાવવું છે, ઉપાધિક ભાવ. **'તેમનાથી તો આત્માને...'** તેમનાથી (અર્થાત્) પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન, વ્રત-ભક્તિ, સુખ-દુઃખની કલ્પના, કર્મના નિમિત્તથી પોતાની પર્યાયમાં-હાલતમાં આવો ધર્મ નામ વિકારી દશાઓ ઉત્પન્ન થાય છે, તે સંસારી પ્રવૃત્તિ છે. આહાહા..! એ વિકારી પ્રવૃત્તિ છે તે સંસારી પ્રવૃત્તિ છે. તમાકૂ-બમાકૂનો ધંધો ને... એઈ..! સેઠી! હીરા માણેકનો ધંધો એ સંસારી પ્રવૃત્તિ નહિ, એ તો જડની પ્રવૃત્તિ છે. જડ પદાર્થ છે તો એની પર્યાય, એની પ્રવૃત્તિ વ્યવહાર છે. પરમાણુ છે એ કાયમની ચીજ છે. અને એની પર્યાય જે આમ આમ થાય છે તે તેની પ્રવૃત્તિ, પર્યાય-વ્યવહાર પ્રવૃત્તિ એમાં છે. પરમાણુની પર્યાય થાય-વ્યવહાર પ્રવૃત્તિ જડમાં છે. અને આત્મામાં પુણ્ય અને પાપ, શુભ અને અશુભ, સુખ અને દુઃખની કલ્પના એ સંસારિક પ્રવૃત્તિ આત્માની પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? છે કે નહિ એમાં? લખ્યું છે કે નહિ? એઈ..! પ્રવીણભાઈ! સંસારની પ્રવૃત્તિ કોની? આ શું લખ્યું છે?

આત્મા અનંત ધર્મવાળો છે. એમાં છે કે નહિ? એમાં છે કે પરમાં છે? **'તેના કેટલાક**

**ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે. જે કર્મના સંયોગથી થાય છે,...**' પહેલાં પુદ્‌ગલના કહ્યું હતું, અહીં કર્મના સંયોગથી કહ્યું. '**તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે.**' દેખો! કર્તા-ભોક્તા બે લીધા. ભગવાન આત્મા અનંત સ્વભાવ જે ત્રિકાળી પડ્યા છે એ તો ત્રિકાળી છે. તેની વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં કેટલીક નિર્મળ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ ગુણની અવસ્થા નિર્મળ છે, સ્વાભાવિક છે. અને તેની કેટલીક વર્તમાન દશામાં વિકારી છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, પુણ્ય, પાપ, સુખ, દુઃખ, હરખ, શોક એ વિકારી પ્રવૃત્તિ છે તે પોતામાં પોતાની પર્યાયમાં છે. પોતાના ધર્મમાં છે. પોતાના દ્રવ્યે એ પર્યાય ધારી રાખી છે. કર્મને આત્માએ ધાર્યા છે અને કર્મથી એ ધર્મ છે, એમ નહિ. કર્મથી આ ધર્મ થાય? પોતાનો ધર્મ કર્મથી છે? અને કર્મનો ધર્મ પોતાથી છે? એ વાત તો સ્પષ્ટ કરે છે. આટલું તો સ્પષ્ટ કરે છે.

પાંચ પર્યાય એ તારો ધર્મ છે. વર્તમાન પર્યાયમાં, હોં! પણ એટલો કે જેટલી વિકારી પર્યાય થાય છે એ સંસારી પ્રવૃત્તિ તારી પર્યાયમાં થાય છે. શું (કહ્યું)? પૈસા-બૈસાના કામ કર્યા કે મકાન કર્યા, એ પ્રવૃત્તિ તમારી નહિ.

મુમુક્ષુ :- તો કોની?

ઉત્તર :- એ જડની.

મુમુક્ષુ :- માન્યું છે.

ઉત્તર :- માને તો કોણ ના પાડે? મકાન-બકાન બનાવ્યા આરસપહાણના ને આમ કર્યું, એ તમારી પ્રવૃત્તિ નહિ, એ તમે ત્રણે કાળમાં કર્યું નથી. માણેકચંદજી! સાચી વાત છે? આ મોટું આરસપહાણનું મકાન બનાવ્યું ને? સંગેમરમર.

મુમુક્ષુ :- કોણે બનાવ્યું?

ઉત્તર :- જડે. એ જડની પ્રવૃત્તિ છે.

મુમુક્ષુ :- જડને કાંઈ ખબર પડે છે?

ઉત્તર :- ખબરનું શું કામ છે? ખબરવાળું જ દ્રવ્ય છે? અને ખબર વિનાના પદાર્થ છે જ નહિ? જેને ખબર પડે એટલા જ દ્રવ્ય છે અને જ્ઞાન ન હોય એ દ્રવ્ય જ જગતમાં નથી? જ્ઞાન નથી એવા દ્રવ્ય તો આત્માથી અનંતગુણા છે. જેમાં જ્ઞાન નથી, એવા આત્માથી (ભિન્ન) તો અનંતગુણા દ્રવ્ય છે. જ્ઞાનવાળા તો અનંત દ્રવ્ય છે. જેમાં જ્ઞાન નથી, એવા દ્રવ્ય તો અનંતા અનંત ગુણા છે. સમજાય છે કાંઈ?

અહીં તો કેટલો ખુલાસો કર્યો છે! ઓલી પર્યાયની વાત બતાવવી છે ને. વિકારી પર્યાય જે છે, કર્મના સંયોગે પુણ્ય-પાપ છે, અનેકતા ભાસે છે એ વિકલ્પ છે, રાગ છે. સમજ્યા? એ છે તો તારી પર્યાયમાં. કારણ તો તેં કર્યું છે. ભલે નિમિત્ત કર્મ હો. પણ તેં કર્યા છે

અને તારામાં છે. એ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના પરિણામ તે જ સંસારી પ્રવૃત્તિ છે. તેનાથી સંસારી પ્રવૃત્તિ થાય છે, દુઃખરૂપ દશા થાય છે. સમજાય છે કાંઈ? મોટર-બોટર ચલાવી નથી શકતો, એમ કહે છે. માણેકચંદજી! શું? ચલાવતો નથી?

મુમુક્ષુ :- અહીં ન ચલાવે, સાગરમાં ચલાવે.

ઉત્તર :- સાગરમાં ચલાવે. સાચું છે? ધૂળેય નથી. સાચું છે જ નહિ. કહ્યું ને? મોટરના રજકણે રજકણ દ્રવ્ય-ગુણ છે તે નિશ્ચય છે. અને તેની વર્તમાન પર્યાય છે તે વ્યવહાર છે. એ વ્યવહાર પ્રવૃત્તિ પરમાણુની છે, તારી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સોનગઢની મોટર પેટ્રોલથી ન ચાલે અને બીજાની પેટ્રોલથી ચાલે, વળી એક જણો એમ કહેતો હતો. ભગવાન જાણે, ભાઈ! આવા ગપ્પા માર્યા. એક જણો એમ કહેતો હતો, સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે અને મારી મોટર પેટ્રોલથી ચાલે. અરે..! પ્રભુ! રહેવા દે એમ ઊંધું મારવું. જગતના પરમાણુઓ કાયમ રહીને, દ્રવ્ય-ગુણ તો કાયમ રહે છે તે નિશ્ચય છે અને એની પર્યાય ખંડ-ભેદ થાય છે તે વ્યવહાર દ્રવ્યનો છે. એ પરમાણુનો વ્યવહાર છે. એ પરમાણુનો વ્યવહાર પરમાણુમાં પરમાણુથી થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ આંગળી હલે છે ને? આંગળી. જુઓ! આ હોઠ હલે છે ને? તો એ રજકણ છે એ કાયમની ચીજ છે અને આમ કંપે છે, આમ થાય છે તે એની પર્યાય છે. પર્યાય એ પરમાણુનો વ્યવહાર છે, આત્માનો નહિ.

મુમુક્ષુ :- જીવતા આત્માનો...

ઉત્તર :- જીવતા આત્માનો નહિ. વળી જીવતો ... શરીર તો સદાય મડદું છે. આ તો મડદું છે, માટી છે, મૃતક ક્લેવર છે. સમજાય છે કાંઈ? તમાકૂ હોય ને ઊંચી? શું કહે છે તમારે? સિગારેટ. સારામાં સારી તમાકૂ પીવે. આ શું કહેવાય ખોટી સાધારણ પીવે ઈ? આમ રાખતા હશે, આમ રાખતા હશે. કહે છે કે એ આંગળીની પ્રવૃત્તિ છે, એ પરમાણુની છે. અને સિગારેટ સળગી એ પરમાણુની પ્રવૃત્તિ છે. તારી નહિ. તારામાં નહિ, તારી નહિ. તારામાં તો તેનું લક્ષ કરીને જે રાગ ઉત્પન્ન થયો કે દ્વેષ થયો, એ કલ્પના થઈ કે ઠીક છે, એ કલ્પનાની પ્રવૃત્તિ તારામાં તારાથી થાય છે. સમજાય છે કાંઈ? આરે.. આરે..! મોટા ડહાપણના દીકરા હોય, મોટા રળી દ્યે કેટલુંય. એ.. પોપટભાઈ! અહીં કહે છે કે ઈ પ્રવૃત્તિ કરી શકતો નથી. પરમાણુની પ્રવૃત્તિનો વ્યવહાર પરમાણુની પર્યાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અરે..! ત્રણે કાળ ત્રણ લોકમાં. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. બીજા ઠેકાણે બીજો અને ત્રીજે ઠેકાણે ત્રીજો, એવું હશે? ગંગા કાંઠે ગંગાદાસ, જમના કાંઠે જમનાદાસ હશે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દાસ તો છું ઈ છું. પણ આ તો અહીં નામ પડ્યું, એમ કહે. બીજે કહે તો તમારી સાચી, અહીં કહે તો તમારી સાચી. સાચી ક્યાં થઈ? તને ભાન તો છે નહિ. સમજાય છે કાંઈ?

અહીં તો કેટલું લખ્યું છે! જુઓ! ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ અનંત ધર્માત્મક. અનંત ધર્માત્મકમાં તો ગુણ અને પર્યાય બેય આવ્યા. અનંત ધર્માત્મકમાં તો ગુણ આવ્યા, નિર્મળ પર્યાય અસ્તિત્વ આદિ આવ્યા અને વિકારી પર્યાય બધાને અનંત ધર્માત્મક કહેવામાં આવ્યું. હવે એમાં જે સ્વાભાવિક ગુણ અને સ્વભાવિક પર્યાય છે એની તો વાત નથી. **'અને કેટલાક પુદ્ગલના સંયોગથી થાય છે...' 'તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે.'** સંયોગનું સુખ-દુઃખ ભોગવે છે એમ નહિ. સમજ્યા? મકાનનું સુખ-દુઃખ, મકાનને ભોગવવું આત્મામાં નથી. મકાનને ભોગવવાની પર્યાય તો મકાનની પર્યાયમાં છે. જડનું ભોગવવું અને જડનો ઉત્પાદ થવો અને કાર્ય થવું એ જડમાં પ્રવૃત્તિ થાય છે. પણ એમાં આ મેં ઠીક કર્યું, મેં ઠીક ભોગવ્યું એવા જે દુઃખરૂપ પરિણામ, દુઃખરૂપ પરિણામને આત્મા ભોગવે છે. મકાનને નહિ, પૈસાને નહિ, સ્ત્રીને નહિ, તમાકૂને નહિ. સમજાય છે કાંઈ? નિજ ધર્મની વાત કરવી છે ને અહીંયાં?

કર્મના સંયોગથી, જે કોઈ અનંત ધર્મવાળામાં થાય છે, અનંત ધર્મવાળો આત્મા છે એમાં કર્મના સંયોગથી પોતામાં થાય છે તેને એ ભોગવે છે. પરને ત્રણ કાળમાં ભોગવતો નથી. અજ્ઞાની પણ કર્મને અને પરને તો ભોગવતો જ નથી. લોકો કહે છે ને કે પાંચ-પચાસ લાખ મળ્યા, ભગવાને આપ્યા તો ભોગવે પણ છે. સમજ્યા? મળ્યા તો ભોગવે. શું ધૂળ મળે? મળ્યા છે ક્યાં? તારી પાસે ક્યાં છે? એ તો પરમાં આવ્યા છે. તારી પાસે આવી, 'આ મારા છે' એવી મમતા. એ તારી નૈમિત્તિક પર્યાય, તેં ધર્મ ધાર્યો છે. ધર્મ નામ એ જાતનો વિકારી સ્વભાવ. અને તેનો ભોક્તા તું છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ, **'આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે;...'** જુઓ! આત્માની અનાદિ કાળથી અજ્ઞાનથી-નિજ શુદ્ધ જ્ઞાયક આનંદના ભાનના અભાવથી પર્યાયબુદ્ધિ છે, અંશબુદ્ધિ છે. આ મેં ખાધું, આ મેં પીધું. ઈ ક્રિયા ખાધું પીધું તો નથી પણ એ સંબંધમાં રાગ-દ્વેષને ખાધા-પીધાં. એ પર્યાયબુદ્ધિ છે.

મુમુક્ષુ :- રાગ-દ્વેષ ખાવાથી પેટ ભરાય?

ઉત્તર :- પેટ ક્યાં ભરાતું'તુ? કોનું? પેટ જ જડ છે. ભરાય કોનું ને નાખે શેમાં? આ તો માટી છે, ધૂળ છે. ભરાય કોનું? અને ખાય કોણ? આહાહા..!

**'આ આત્માને...'** પેલા કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલો જે વિકાર તેની પ્રવૃત્તિ કરે

છે, તેમાં તે સંબંધી, તે સંબંધી સુખ-દુઃખનું વેદન છે; એ અનાદિ કાળના અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે. એ સંસાર સિદ્ધ કર્યો. અજ્ઞાની પર્યાયમાં આમ કર્તા-ભોક્તા થાય છે તે અજ્ઞાનીનો સંસાર સિદ્ધ કર્યો. કહો, સમજાય છે કાંઈ? તેને એટલે આવા આત્માને '**અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન તેને નથી.**' જુઓ! એને અનાદિઅનંત ભગવાન આત્મા એકરૂપ ચિદાનંદનું ભાન નથી. બસ, એ પર્યાયમાં રાગ કરવો, રાગ ભોગવવો, હરખ કરવો, હરખ ભોગવવો, સંસારની વિકારી પરિણતિને કરવી અને વિકારીને ભોગવવી. એ પર્યાયબુદ્ધિ અનાદિથી આ કરી રહ્યો છે. ઓહોહો..!

'**તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે.**' આને બતાવનાર સર્વજ્ઞ ભગવાન, જેમને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાયા. પરમાત્મા પરમેશ્વર તીર્થંકરદેવના આગમ. સર્વજ્ઞના આગમ. જુઓ! સર્વજ્ઞના મુખે વાણી નીકળી તેનાથી રચાયેલા આગમ. એનું જ્ઞાન થાય તે આગમજ્ઞાન. સમજાય છે કાંઈ? શું કહ્યું?

'**અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન તેને નથી.**' એકરૂપ ચૈતન્ય છું, એવી એની અનાદિથી દૃષ્ટિ નથી. અનાદિથી વર્તમાન વિકાર અને સંયોગી સુખ-દુઃખની કલ્પનાનો ભાવ છે. એ અનાદિ અજ્ઞાન પર્યાયબુદ્ધિ છે. તે જ સંસાર છે અને એમાં પરિભ્રમણ કરે છે. અનાદિઅનંત એક સ્વરૂપ ભગવાનનું જ્ઞાન નથી. '**તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે છે કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે...**' જુઓ! આગમજ્ઞાનમાં એ જ્ઞાન એવું બતાવ્યું કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે. ભાઈ! અસાધારણ ભેદ વિના એકાકાર ચૈતન્યસ્વભાવ ત્રિકાળ ધ્રુવ '**તે અખંડ છે,...**' જ્ઞાયકભાવ ત્રિકાળ અખંડ છે, જે કાયમ રહેનારો છે, '**નિત્ય છે, અનાદિનિધન છે. તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે.**' આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ એકરૂપ (છે) એવી દૃષ્ટિ કરવાથી એક સમયના અંશમાં સુખ-દુઃખની કલ્પનાથી પ્રવૃત્તિ હતી, તે સંસાર પર્યાયબુદ્ધિ સ્વભાવબુદ્ધિથી મટી જાય છે. સમજાય છે કાંઈ? તારો સ્વભાવ અનાદિઅનંત શુદ્ધ ચૈતન્ય અસાધારણ નિત્ય અખંડ ઉપર દૃષ્ટિ કર. એ આગમજ્ઞાનનો શુદ્ધનયનો એક ભેદ છે. આગમજ્ઞાનનો એક ભેદ છે તે વ્યવહારનયને જાણે છે. પણ એમાંથી એક નય આને જાણે છે. આગમજ્ઞાન નય બતાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેટલું સરસ! સ્પષ્ટ પણ કેટલું સરસ!!

બરાબર શાંતિથી વાંચે નહિ. એમ ને એમ ઉપર ઉપરથી વાંચી લીધું. વ્યવહારનયે આમ છે ને ઢીકણું આમ છે. લ્યો, વ્યવહારનય કહ્યો છે કે નહિ એમાં? પણ કઈ રીતે કહ્યો છે, સાંભળ તો ખરો. ઈ કહેશે, નીચે કહેશે. વ્યવહાર નથી? વ્યવહાર નથી, એમ કોણે કહ્યું? લાભ કઈ રીતે થાય? સ્યાદ્વાદ વ્યવહારનય છે, નિશ્ચયનયની દૃષ્ટિથી વ્યવહારનયનો નાશ થાય છે. એમ બતાવે છે. એનું નામ સ્યાદ્વાદ છે. વ્યવહારનયથી લાભ છે અને નિશ્ચયનયથી લાભ

છે, એમ સ્યાદ્વાદ કહે છે? તો બે નય ક્યાંથી પડી? બે નયથી લાભ હોય તો બે નય પડી ક્યાંથી? બેય હેય અને બેય ઉપાદેય હોય તો બે નય પડી કઈ રીતે? એક ઉપાદેય અને એક હેય તો બે નય રહી. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહારનય છે. સ્યાદ્વાદપણે વ્યવહારનય છે. હેય છે. નિશ્ચયનય એનાથી પ્રતિપક્ષ છે. અખંડ જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવી તે ઉપાદેય છે. બે નયનો વિષય છે, બે નય છે પણ એક હેય અને એક ઉપાદેય છે. એનો એવો અર્થ છે. બેય ઉપાદેય હોય તો બે થઈ કેવી રીતે? આહાહા..! નયનું ભિન્નપણું રહેતું નથી. સર્વસંકરદોષ આવી જશે. બે નય ભિન્ન ભિન્ન રહેતી નથી. એક નય બીજામાં ભળી જશે, બીજી નય બીજામાં ભળી જશે. તત્ત્વનો નાશ થઈ જશે. એમ બનતું જ નથી. બે નય છે તો એક હેય છે અને એક ઉપાદેય છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં સુખ-દુઃખની કલ્પના, રાગ-દ્વેષ થાય છે, ઈ છે. છે, પણ જ્ઞેય કરીને હેય કરવાનું છે. ત્રિકાળી એકરૂપ સ્વભાવ છે ઈ જ્ઞેય કરીને ઉપાદેય કરવાનો છે. જ્ઞેય તો બેય છે. નય છે કે નહિ? નય છે તો વિષય બેયનો છે. સમજાય છે કાંઈ? આજ તો ઘણો અધિકાર આવ્યો આમાં. લખાણ ઘણું આવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય. બેય જ્ઞેય. એક હેય, એક ઉપાદેય. નય છે ને? નય છે તો જાણવાનો નથી? આદરવાનો એક, છોડવાનો એક. આહાહા..! નહિતર તો વિરોધ પક્ષની નય થઈ કેવી રીતે? વ્યવહારનયથી પ્રતિપક્ષ જે શુદ્ધનય, એમ તો પહેલાં કહ્યું? ભગવાન આત્મા એક સમયમાં પરિપૂર્ણ પ્રભુની દૃષ્ટિ કરવી તે નિશ્ચયનય છે. વર્તમાન પર્યાયના પાંચ પ્રકારે ભેદ જાણવા તે વ્યવહાર છે. નિશ્ચયથી વ્યવહાર પ્રતિપક્ષ છે, વ્યવહારથી નિશ્ચય પ્રતિપક્ષ છે. આ એક હેય છે તો એક ઉપાદેય છે. જાણવા લાયક બેય છે. આ સ્યાદ્વાદ છે. સમજાય છે કાંઈ? આહા..! 'જયચંદ્ર પંડિતે' આવું સ્પષ્ટીકરણ લખ્યું છે. પંડિતનો આધાર... ઘરનું ક્યાં કહે છે ઈ? છે તેનું સ્પષ્ટીકરણ કરે છે. પંડિત પોતાની વાત કરે છે? એમાં શું કહ્યું છે, એ સામાન્યમાં સંક્ષેપમાં ન સમજી શકે એટલે ખોલીને ખીલવટ કરીને કહે છે કે આ વસ્તુ છે. સમજાય છે કાંઈ?

'**તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે.**' જુઓ! શું કહે છે? પર્યાય ચાલી જાય છે, એમ નહિ. રાગાદિ ભલે ચાલી જાય, પણ પર્યાય જે અવસ્થા છે એ અવસ્થા ચાલી જાય છે, એમ નહિ. પણ પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. શું કહ્યું? રાગાદિ છે, પુણ્ય-પાપ છે તે (સ્વભાવનો) આશ્રય કરવાથી તે ટલી જાય છે પણ વર્તમાન પર્યાય જે છે તે નાશ નથી થતી. પર્યાયબુદ્ધિનો-અંશબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. સમજાય છે કાંઈ? આટલો અંશ માત્ર આત્મા છે, એવો પક્ષપાત મટે છે. પર્યાય તો રહે છે અનાદિઅનંત. સિદ્ધ પણ પર્યાય છે. સિદ્ધ પણ પર્યાય છે, બીજું શું છે? કેવળજ્ઞાન પર્યાય છે. કેવળજ્ઞાન

પણ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. પર્યાય ઠેઠ સુધી અનાદિઅનંત (છે).

એક જણો કહેતો હતો, પર્યાય હજી પાછળ ક્યાં સુધી લાગશે? કાંઈ ખબર નહિ. જૈનદર્શનનો પરિચય નહિ. તારણસ્વામીમાં પણ જૈનદર્શન શું કહે છે, એનો પરિચય નહિ. એમ તારણસ્વામીનું છે. એઈ..! શું કહેવાય એનું નામ? ડેરિયાજી. ઈ કહે, આ પર્યાયની ક્યાં સુધી લપ વળગશે? ઈ જાણે કે પર્યાય એટલે કોઈ લપ હશે. અને મોટા ભાષણ હજારો માણસમાં કરે. આ બધા સાંભળનારા સમજે નહિ. એને કાંઈ ખબર નહિ, કોણ જાણે શું હશે? એ.. શેઠ! પર્યાય તો અનાદિઅનંત રહે છે. સિદ્ધમાં પણ પર્યાય રહે છે. ભાષા શું કરી? પર્યાયનો ક્યારે પીછો છૂટશે? પર્યાય કદી પીછો છોડતી નથી? કહે. અરે..! ભગવાન! હજી આ જૈનમાં આવ્યા પણ દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? (એની ખબર ન મળે). પર્યાયનો પીછો ક્યારે છૂટશે? કીધું, કદી નહિ છૂટે. સિદ્ધમાં પણ પર્યાય છે, સિદ્ધ પોતે પર્યાય છે. સિદ્ધ ગુણ-દ્રવ્ય નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે. મોક્ષપર્યાય એ તો મોક્ષ તો પર્યાય છે. પીછો શું છૂટે? એ તો પર્યાયનો ધર્મ છે.

અહીં તો પર્યાયનો પક્ષ નામ નીચલી દશામાં જે સંયોગી વિકારી પર્યાય કે નિર્મળ આદિ છે, એની ઉપર જે દૃષ્ટિ છે ત્યાંથી ખસેડીને ત્રિકાળ ઉપર લઈ જવાની છે. તો વિકાર મટી જશે અને પર્યાયનો પક્ષપાત મટી જશે. અંશ-આટલો જ આત્મા છે એ મટી જશે. અંશ તો છે. નય ક્યાં ચાલી જાય? વિકાર મટી જશે પણ પર્યાય મટી જશે? સમજાય છે કાંઈ? કેટલું લખ્યું છે જુઓ એણે! પર્યાય મટી જાય? પર્યાયનો પક્ષપાત પહેલો નીચે દશામાં વિકાર ને ભેદ પડે છે ને? તે મટાડીને અહીં લઈ જાય. પર્યાય તો સદાય રહેશે. એ વખતે પર્યાયને ગૌણ કરી છે. પર્યાયનો અભાવ કરી નાખ્યો છે? અરે..! મુખ્ય-ગૌણનું કથન સમજે નહિ અને બેયમાં એકાંત લઈ જાય. માટે સ્યાદ્વાદથી સમજો.

‘**પરદ્રવ્યોથી, તેમના ભાવોથી...**’ તેમના ભાવો એટલે પરદ્રવ્યના. ‘**અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી...**’ જુઓ! વિકારી પર્યાય પોતામાં થાય છે. ‘પોતાના આત્માને ભિન્ન જાણી...’ જુઓ! પરથી ભિન્ન, કર્મના ઉદયના ભાવથી પણ ભિન્ન અને પોતામાં વિકાર થાય છે તેનાથી પણ હું ભિન્ન છું. ત્રણ બોલ લઈ લીધા છે. ‘**પરદ્રવ્યોથી, તેમના ભાવોથી...**’ તેમના એટલે પરદ્રવ્યના ભાવથી. ‘**અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી...**’ વિકારી પર્યાય. ‘**પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે...**’ છે. આત્માનો અનુભવ પરદ્રવ્યથી ભિન્ન, પરદ્રવ્યના ભાવથી ભિન્ન અને વિકારથી ભિન્ન જ્ઞાયકભાવનો અનુભવ કરે છે. ‘**પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી;...**’ પરદ્રવ્યોના ભાવસ્વરૂપ પરિણમતો નથી. અર્થાત્ વિકારરૂપ પરિણમતો નથી. વિકારરૂપ પરિણમતો નથી ‘**તેથી કર્મ બંધાતા નથી...**’ જુઓ! એ પરદ્રવ્યના ભાવો ત્યાં વિકારી લેવા. વિકારરૂપ પરિણમતો નથી તો કર્મબંધ થતો નથી. આમ તો પહેલાં ત્રણ લીધા. પરદ્રવ્ય, પરદ્રવ્યના

ભાવ અને પરદ્રવ્યના નિમિત્તથી થનારા ભાવ. આત્મા એ ત્રણેથી ભિન્ન છે. એવી દૃષ્ટિ કરવાથી પરદ્રવાયના ભાવો સ્વરૂપ, કર્મના નિમિત્તનું લક્ષ કરીને જે વિકારી ભાવ થતા હતા તે રૂપ થતો નથી તો કર્મબંધન થતું નથી. સ્વભાવ ચૈતન્યમૂર્તિ પ્રભુનો આશ્રય કરવાથી, એનો આશ્રય કરવાથી વિકારી ભાવ ઉત્પન્ન થતા નથી. વિકારી ભાવ ઉત્પન્ન થતાં નથી તો કર્મબંધન થતું નથી.

'**અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે.**' એ પહેલાં કહ્યું હતું ને? '**સંસારથી નિવૃત્તિ થઈ જાય છે.**' સંસારથી નિવૃત્તિનો અર્થ વિકારથી નિવૃત્તિ. પહેલા કહ્યું હતું. '**આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે.**' આ સંસારની નિવૃત્તિ થઈ જાય છે, એમ કહે છે. ભગવાન આત્મા.. બાયડી, છોકરા, કુટુંબ સંસાર નહિ. પોતાની પર્યાયમાં-અવસ્થામાં રાગ-દ્વેષ પુણ્ય-પાપ, કામ, ક્રોધ, મિથ્યા ભ્રાંતિ એ સંસાર છે. એ પર્યાયબુદ્ધિમાં-અંશબુદ્ધિમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પ્રવૃત્તિ થાય છે. દ્રવ્યબુદ્ધિ થવાથી એ વિકારની પ્રવૃત્તિનો અભાવ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

'**માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી...**' જુઓ! માટે વર્તમાન અવસ્થારૂપ વ્યવહારનયને અભાવ કરીને નહિ, અભાવ કરીને નહિ, ગૌણ કરીને. અભાવ ક્યાંથી થાય? પર્યાય તો સદાય રહે છે. અને લક્ષ કરવાવાળી પણ પર્યાય છે. '**પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે...**' પોતાનું સ્વરૂપ શુદ્ધ સ્વભાવનો આશ્રય લેવાથી શુદ્ધતા ઉત્પન્ન થાય છે તો અશુદ્ધતા આદિ જે પરના નિમિત્તથી થતી હતી. તેને અસત્યાર્થ કહ્યું, નથી એમ કહ્યું. સ્વભાવમાં નથી અને પર્યાયમાં રહેશે નહિ. વિકારી પર્યાય સ્વભાવનો આશ્રય કરવાથી રહેશે નહિ, છૂટી જશે. સમજાય છે કાંઈ? '**અને શુદ્ધનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે.**' ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ એકરૂપ છે તે જ સત્યાર્થ, તે જ સાચી છે, તે જ નય સાચી છે (એમ કરીને આલંબન લેવડાવ્યું છે). પર્યાય સાચી તો છે એમ કહ્યું હતું પણ એમાં પ્રવૃત્તિ કરવાથી રાગ-દ્વેષ થાય છે. પર્યાયબુદ્ધિ મટે તો દ્રવ્યબુદ્ધિ થાય છે. તેથી દ્રવ્યબુદ્ધિમાં તેને સત્યાર્થ કહ્યું. અને તેનું આલંબન દીધું. શુદ્ધનું આલંબન લે. ધ્રુવનું આલંબન લે તો તને ધર્મ થશે. નહિતર ધર્મ થશે નહિ. પર્યાયને ગૌણ કરી છે, પર્યાયનો અભાવ નથી કર્યો. '**વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી.**' વસ્તુના સ્વભાવ તરફ ઢળવાથી જે નિર્મળ દશા થઈ ગઈ પછી (તેનું પણ) આલંબન રહેતું નથી. પૂર્ણ થઈ ગઈ પછી આલંબન ક્યાં રહ્યું? જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી સ્વભાવ તરફનો ઝુકાવ કરાવ્યો છે. પર્યાયબુદ્ધિનો પક્ષપાત નાશ કરી ત્રિકાળ સ્વભાવનો આશ્રય કરાવ્યો છે. પૂર્ણ થઈ ગયા પછી સ્વભાવનું આલંબન, એકાગ્રતા કરવાનું રહેતું નથી. પછી શુદ્ધનય કે વ્યવહાર એવું કાંઈ રહેતું નથી. વિશેષ આવશે.... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૭, ગુરુવાર, તા. ૬-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૪, પ્રવચન નં. ૬૮**

૧૪ (ગાથાની) ટીકામાં એમ કહ્યું હતું કે આ આત્મા છે એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ જે ધ્રુવ સ્વભાવ છે તેને જ સત્યાર્થ ભૂતાર્થ કહેવામાં આવ્યો છે અને પર્યાય, ભેદને અભૂતાર્થ અસત્યાર્થ કહેવામાં આવી છે. સમજાય છે કાંઈ? ઈ બે વચ્ચેની બધી ચર્ચા છે. આત્મા, આત્મામાં એક સમયમાં બે ભાગ છે. એક પર્યાય વિકારી, કર્મનો સંયોગ સંબંધ આદિ અને એક ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ. શુદ્ધ ધ્રુવ એક સમયનો સામાન્ય જ્ઞાયકભાવને અહીંયાં સત્યાર્થ અને છે, એમ કહ્યું છે અને પર્યાયના પાંચ બોલના ભેદ નથી. નિશ્ચયથી નથી, વ્યવહારથી છે. પર્યાયના લક્ષે તે છે. ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિમાં એ ભેદ નથી. તો નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? સમજાય છે? હા પાડવી પડે. શું કરે પણ પકડાય નહિ તો. પ્રયત્ન કોઈ દિ' કર્યો નથી. આ તો સાદી ભાષાથી વાત ચાલે છે. એવી કોઈ ગૂઢ નથી.

આ આત્મા શરીર, વાણી તો નથી. આત્મામાં બે ભાગ-એક સામાન્ય અને એક વિશેષ. વિશેષનો અર્થ વર્તમાન દશા, વર્તમાન હાલત. કર્મનો સંબંધ અને વિકારરૂપ ભેદ આદિ વર્તમાન દશા. એ વર્તમાન દશાને વ્યવહારનયનો વિષય છે, એમ કહ્યું. અને ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ છે તેને સત્યાર્થ કહીને તે નથી, એમ કહ્યું. ગૌણ કરીને નથી એમ કહ્યું.

ફરીને, આ તો બહુ ધ્યાન રાખે ત્યારે સમજાય એવી ચીજ છે. એવી નથી કે ઝટ દઈને પૈસા મળી ગયા. આ ચીજ તો એવી છે (કે) અનંત કાળમાં એની વાસ્તવિક ચીજની રુચિ કરી નથી. એક સમયમાં ભગવાન પૂર્ણ આનંદકંદ શક્તિનું આખું સત્ત્વ. એને અહીંયાં ભૂતાર્થ નામ સાચો આત્મા કહ્યો છે. અને પર્યાયને વ્યવહારનયથી વર્તમાનની અપેક્ષાથી છે, એમ કહ્યું. પણ ત્રિકાળ સ્વભાવનું આલંબન લેવા માટે, તેના આલંબનથી પોતાના આત્મામાં અનુભૂતિ અને સમ્યગ્દર્શન આદિ થાય છે. તેથી ત્રિકાળી જ્ઞાયકભાવને સત્યાર્થ કહીને વર્તમાન દશા ભાવ હોવા છતાં તેને ગૌણ કરીને સ્વરૂપમાં નથી એમ અવિદ્યમાન કહી દીધું છે. કહો, ... ભાઈ! સમજાય છે કાંઈ? આ સમજવું પડશે, હોં! આત્માનું હિત કરવું હોય તો. આ દુઃખી થઈ રહ્યો છે બધે રખડવામાં. સમજાય છે કાંઈ? શોભાલાલજી!

આત્માનું હત કરવું હોય તો સમજવું પડશે. નહિતર તો અનાદિથી અહિત કરી રહ્યો છે. રખડે છે નરક, નિગોદમાં. આહા..! એ દુઃખ સહ્યા કેમ ગયા? એણે કોઈ દિ' વિચાર કર્યો નથી. ચોર્યાશી લાખ(યોની)માં નરકના દુઃખ. ઓહોહો..! નારકીને જન્મથી સોળ રોગ. ૩૩ સાગરની સ્થિતિ સાતમી નરકમાં, હોં! અને એવો બાંધે.. એ તો પહેલી ત્રણ નરક

સુધી. જમ.. જમ પરમાધામી. સોયા નાખે, અહીં સોયા નાખે. લોઢાના સળિયા દ્વારા .... ઉપર ઘણ મારે. એ સંયોગનું દુઃખ લોકો જોવે છે. સંયોગ નહિ પણ એને સ્વરૂપનું ભાન નથી તો રાગાદિમાં એકત્વબુદ્ધિ છે, તેથી ત્યાં દુઃખી છે. સમજાય છે કાંઈ? તે જ સમયે, એવી સ્થિતિમાં પણ કોઈ પ્રાણીએ પૂર્વે સાંભળ્યું હોય અને અંદરમાં યાદ કરી લે. વર્તમાન અવસ્થાને ગૌણ કરી, લક્ષ છોડી ત્રિકાળી જ્ઞાયકને પકડી કોઈ એવી દશામાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લ્યે છે. સમજાય છે કાંઈ? અને ન સમજે તો સાક્ષાત્ સમવસરણમાં ભગવાનની વાણી દિવ્યધ્વનિ ઈન્દ્રો ને એ સમવસરણ ને એ પુણ્ય એવો ઠાઠ તો કોઈ દિ' ક્યાંય હોય નહિ. એવી વાણીને એ ભગવાન. વાણી સાંભળે છે. સમવસરણમાં પણ મિથ્યાદૃષ્ટિ રહે છે. સમજાય છે કાંઈ? બહારની સગવડતાથી ધર્મ પામે છે એમ નથી, તેમ અગવડતાથી ધર્મ રોકાઈ જાય છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એણે તો અગવડતા, સગવડતામાં એકતાબુદ્ધિથી આકુળતા જ વેદી છે. સમજાય છે કાંઈ? ચોર્યાશી લાખ અવતારમાં ચાહે તો સંયોગની અનુકૂળતા હો કે ચાહે તો સંયોગની પ્રતિકૂળતા હો, નિજ સ્વભાવ અનાકુળ આનંદને ભૂલી તેણે તેની પર્યાયમાં આકુળતાનું-દુઃખનું જ વેદન કર્યું છે. ચોર્યાશી (લાખ યોનિના) અવતારમાં. એ દુઃખથી મુક્ત થવું હોય તો શું ઉપાય છે, એ બતાવે છે. સમજાય છે કાંઈ?

કહે છે કે, ભગવન્! પર્યાયમાં જેટલા રાગાદિ આકુળતા આદિ હો અને ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વરૂપમાં તો એ આકુળતાની ગંધ નથી. ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ શુદ્ધ પદાર્થ ધ્રુવ છે, એમાં એ આકુળતા કે ભેદ છે જ નહિ. તો તેને અમે સત્યાર્થ કહીને આલંબન લેવાડાવીએ છીએ. સમજાય છે કાંઈ? ભગવાન એકરૂપ ધ્રુવ સ્વરૂપ, એનું તમે આલંબન લ્યો. કેમકે એ કાયમની પરિપૂર્ણ ચીજ છે. તેના આલંબનથી તને સુખનો પંથ, સુખનો રસ્તો હાથ આવશે. સમજાય છે કાંઈ?

માટે અહીંયાં એમ કહ્યું કે, ભાઈ! પ્રભુ! તારામાં બે અંશ તો છે. આ શરીર, કર્મ-ફર્મ તો છે જ નહિ, એ તો પરદ્રવ્ય છે. તારી વર્તમાન દશા નામ હાલતમાં કર્મના સંબંધરૂપ નિમિત્ત દેખાય છે, ભેદ પણ છે, એ તરફનું લક્ષ (જાય છે), આકૃતિની પર્યાય પણ સમયે સમયે ભિન્ન થાય છે. પર્યાયની હાનિવૃદ્ધિનો ભાવ પણ એક સમયમાં થાય છે, ગુણભેદ પણ દેખાય છે આ જ્ઞાન, દર્શન આદિનું લક્ષ કરવાથી. સમજાય છે? અને દુઃખ પણ મોહ-પરની સાવધાનીમાં દેખાય છે. એ અપેક્ષાથી વર્તમાન છે. પર્યાયની વર્તમાન અંશની દૃષ્ટિથી છે પણ ત્રિકાળની દૃષ્ટિ કરાવવા (તેને નથી એમ કહ્યું). કારણ કે ત્રિકાળ એકરૂપ સ્વભાવ ધ્રુવ આનંદકંદ છે. તેનું આલંબન લેવડાવવા તેને સત્ય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ, અભૂતાર્થ, નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. છે જ નહિ?

ઉત્તર :- એમાં નથી ઇ અપેક્ષાએ. પર્યાયમાં પર્યાય છે. પણ પર્યાયનું લક્ષ છોડાવવા,

ત્રિકાળનું આલંબન લેવા માટે ત્રિકાળને સત્યાર્થ કહ્યું, વર્તમાનને અસત્યાર્થ કહ્યું. સમજાય છે? ભાઈ!

મુમુક્ષુ :- .. આમાં સમજાય એવું નથી.

ઉત્તર :- ના, ના. બરાબર ધ્યાન રાખે છે. સાંભળવામાં ધ્યાન રાખે છે. એ તો હળવે હળવે સમજાય ને. અને એવી કોઈ ભાષા નથી, આ તો બહુ સાદી ભાષા છે.

વસ્તુ છે ને? વસ્તુ. સમજાય છે? આખો પદાર્થ એક સમયમાં અનાદિઅનંત શક્તિનું સત્ત્વ ધ્રુવ છે ને. અને તેની સમય સમયની વર્તમાન અવસ્થા-હાલત-દશા છે. તો દશામાં ભેદ, રાગ, કર્મનો સંબંધ દેખાય છે અને છે. પણ ઈ છે એના આશ્રયે આત્માને હિત (થતું) નથી. સમજાય છે કાંઈ? એનું જ્ઞાન કરવાથી પણ હિત નથી. ભાઈ! એ વળી યાદ આવ્યું. નમઃ સમયસારાય. એક સમયની પર્યાયનું જાણવું થયું કે એનો આશ્રય લીધો એમાં સુખ નથી, એનું જ્ઞાન પણ નથી. ઈ જ્ઞાન એ જ્ઞાન નહિ. એકલું ભેદનું જ્ઞાન એ જ્ઞાન જ નથી. શુદ્ધ જ્ઞાયકમૂર્તિ આનંદકંદ પ્રભુ ધ્રુવનું જ્ઞાન કરવાથી જ્ઞાન પણ યથાર્થ છે અને તેનો આશ્રય કરવાથી સુખ પણ યથાર્થ મળે છે. આહા..! ભારે વાતું, ભાઈ! એને પર્યાયમાં પણ જ્ઞાન નથી અને સુખ નથી. અને તેનું જ્ઞાન કરનારને પણ જ્ઞાન અને સુખ નથી. ઓહોહો..! પહેલી ગાથામાં બહુ આવ્યું હતું, કળશટીકામાં. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા... એક સમયની વર્તમાન દશાના ભેદનું અનેકતાનું લક્ષ છોડાવવા અને ત્રિકાળ એકરૂપ સ્વભાવનું આલંબન અને આશ્રય કરાવવા ત્રિકાળ વસ્તુ સત્ય છે એમ કહ્યું અને એ પર્યાયનો અભાવ કરીને નહિ પણ લક્ષ છોડાવવા ગૌણ કરીને, નથી એમ કહેવામાં આવ્યું છે. કહો, સમજાય છે કે નહિ? આહાહા..!

જુઓ! અહીં સુધી આવ્યું છે. '**વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી.**' ત્યાં સુધી આવ્યું છે. શું કહે છે? કે ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય આદિ અંત રહિત ચૈતન્યધાતુ ધરનાર, આનંદને ધરનાર ત્રિકાળ સ્વરૂપનું આલંબન, તે તરફનો ઝુકાવ પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી ઝુકાવ કરાવ્યો છે. સમજાય છે કાંઈ? અને જેટલો એકાગ્ર થયો તેટલું આલંબન છૂટી ગયું. આલંબન છૂટી ગયું નામ પ્રગટ થઈ ગયું. અને પ્રગટ પૂર્ણ થઈ ગયું પછી આલંબન રહ્યું નહિ. અંતરમાં આનંદ તરફનો ઝુકાવ કરવાથી.

'**આ કથનથી એમ ન સમજી લેવું કે...**' છે? ભાઈ! શેઠ! ક્યાં આવ્યું બતાવો, એમને બતાવો. '**આ કથનથી એમ ન સમજી લેવું...**' આ જ વાત આવી છે. આહાહા..! '**કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.**' એમ ન સમજવું. એનો અર્થ શું? '**આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને...**' ત્યારે બતાવ્યું હતું. '**શુદ્ધનય સત્યાર્થ કહ્યો...**' એક સ્વરૂપ જ્ઞાયક ધ્રુવ આનંદકંદ રૂપી સામાન્ય સ્વભાવને સત્યાર્થ કહ્યો. '**તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.**' એમ ન સમજવું. વર્તમાન દશામાં

મલિનતા છે, પર્યાયભેદ છે એ સર્વથા જૂઠ છે એમ ન સમજવું. છે જ નહિ એમ ન સમજવું. સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! આહા..!

**'એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે...'** વેદાંતમતવાળા એક જ આત્મા ધ્રુવ શુદ્ધ (છે). બસ. પર્યાય, રાગ, કર્મનો સંબંધ એ બધાને અવસ્તુ માને છે, શૂન્ય માને છે, છે નહિ એમ માને છે. એમ જૈનદર્શનમાં અમે ત્રિકાળ શુદ્ધાત્માનું આલંબન આશ્રય લેવડાવવા માટે વ્યવહારની પર્યાયને જૂઠી અસત્યાર્થ કહી, પણ સર્વથા અસત્યાર્થ નહિ માની લેવી. એ પર્યાયમાં અશુદ્ધતા નથી, ભેદ નથી, કર્મના નિમિત્તનો સંબંધ નથી એમ ન માની લેવું. છે. સમજાય છે કાંઈ? વેદાંત સર્વથા અવસ્તુ માને છે તેનો સર્વથા એકાંત પક્ષ આવી જશે. બસ, એકલો ધ્રુવ જ છે. અશુદ્ધતા, પર્યાયનો ભેદ, ગુણનો ભેદ છે જ નહિ એમ માનવાથી એકલા શુદ્ધનયના વિષયનો એકાંત મિથ્યાત્વ થઈ જશે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકાર જ ન હોય તો નિષેધ કરવો કોનો? આહાહા..! જો કર્મની સાથે સંબંધ ન હોય તો સંબંધ તોડવો કોની સાથે? સમજાય છે કાંઈ? પર્યાયમાં અંશમાં સંબંધ છે, વિકાર છે. એ તો ત્રિકાળી સત્ય વસ્તુની દૃષ્ટિ કરાવવા, કેમકે તેના આશ્રયથી પોતાને શાંતિ અને આનંદ થાય છે. એ શાંતિ અને આનંદની પ્રયોજનની સિદ્ધિને માટે ત્રિકાળી ચીજને સત્ય કહી અને વર્તમાન પર્યાયને ગૌણ કરીને, નથી એમ કહ્યું. પણ બિલકુલ નથી એમ માની લે તો વેદાંત મત જેવું થઈ જશે. કહો, સમજાય છે કે નહિ? રતિભાઈ!

**'તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે...'** શું એકાંત? કે પર્યાય છે જ નહિ, અશુદ્ધતા છે જ નહિ, નિમિત્તરૂપ સંબંધમાં આત્માની પર્યાય નિમિત્તના સંબંધમાં છે, તે છે જ નહિ. એમ થઈ જાય તો એકાંત મિથ્યાત્વ થઈ જશે. કેમકે છે. પોતાની દશામાં વિકાર છે, દુઃખ છે. નિમિત્તના સંબંધની પર્યાયમાં હિનતા આદિ છે. ભારે વાત ભાઈ! **'અને તેથી મિથ્યાત્વ આવી જશે, એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાંતીઓની જેમ મિથ્યાદષ્ટિપણું લાવશે.'** સમજાણું કાંઈ? એકાંત શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ અને અશુદ્ધતા છે જ નહિ, પર્યાય છે જ નહિ, નિમિત્ત છે જ નહિ, સંબંધરૂપ હોં! તો એકાંત વેદાંત જેવો મિથ્યાદષ્ટિ થઈ જશે. સમજાય છે કાંઈ? આહાહા..! પછી કહે, જુઓ! તમે કહો છો કે નિમિત્ત નથી. તો વેદાંત જેવી દષ્ટિ થઈ ગઈ. એમ નહિ. અહીં નિમિત્ત છે, રાગના સંબંધમાં છે પણ નિમિત્તથી રાગ થતો નથી. થાય છે પોતાથી ત્યારે નિમિત્ત છે. નિમિત્તને એમ માને કે નિમિત્ત છે તો રાગ થાય છે. તો નિમિત્તને માન્યું જ નથી. આહાહા..! ભારે. અમે તો નિમિત્તને માનીએ માટે અમે વેદાંતી નથી. આમાંથી કાઢે છે. નહિતર વેદાંત થઈ જાય છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. તારી લાઈનની પદ્ધતિની તને ખબર નથી.

અહીંયાં તો ભગવાન આત્મા આનંદનું સરોવર, અતીન્દ્રિય આનંદનો સાગર-સમુદ્ર પ્રભુ છે. એની દૃષ્ટિ કરાવવા પર્યાય, રાગથી અને નિમિત્તથી લક્ષ છોડાવવા માટે રાગ અને નિમિત્ત સંબંધ નથી, એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? ત્રિકાળ ચૈતન્ય ભગવાન સ્તંભ, આનંદનો સ્તંભ પડ્યો છે. અતીન્દ્રિય આનંદનો સ્તંભ છે. તેના ઉપર દૃષ્ટિ દેવાથી પોતાને સમ્યગ્દર્શનની ને શાંતિની-હિતની સિદ્ધ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમજણ ઘટી ગઈ. દ્રવ્ય-ગુણ-પર્યાયનો બોધ ઘટી ગયો, સ્વતંત્ર ચીજ શું છે તે ઘટી ગયું, પછી યથાર્થ ધર્મ કેવી રીતે કરવો તે છૂટી ગયું. ઓહોહો..! સમજાય છે કાંઈ?

(એ રીતે એ) **'શુદ્ધનયનું આલંબન પણ વેદાંતીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે.'** એનો અર્થ એવો નથી કે પર્યાયમાં અશુદ્ધતા છે તો આત્માને લાભકારક છે. અશુદ્ધતામાં નિમિત્તકરણ છે તો કર્મથી અશુદ્ધતા થઈ છે, એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! ગડબડ બધી. અર્જૂનનું આવે છે ને? અર્જૂન મત્સ્યવેધ કરે છે ને? હેઠે નજર કરવી, તેલમાં નજર કરવી અને ઉપર માછલી ફરતી હોય તેને બાણ મારવું. ત્યાં ઉપર ચક્ર ફરતું હોય અને તે માછલી લોઢાની કે સોનાની, એની એક આંખ ફૂટલી હોય. એ ફરતી હોય અને આમ તેલમાં નજર કરી એ જ્યાં હોય ત્યાં લગાવવું, ફડાક દઈને. આંધળી આંખ ઉપર. એમાં કંઈ પુરુષાર્થ નથી, હોં! જડની ક્રિયા થવાની હોય તો થાય. એમ અનંત ગુણ આત્મામાં પુરુષાર્થ કરવાની કળા છે. આહાહા..!

ભગવાન આત્મા, એમાં વર્તમાન અશુદ્ધતા છે, અશુદ્ધતાનું નિમિત્ત કર્મ પણ એની સામે છે, ગુણભેદ પણ છે. વિકલ્પ ઉઠે છે, આ જ્ઞાન છે, આ દર્શન છે એવા ભેદ પણ દેખાય છે. પણ એના આશ્રયથી, એટલા અસ્તિત્વમાત્રથી આખો આત્મા પૂર્ણ પ્રતીતમાં આવ્યો નહિ. અને પૂરો પ્રતીતમાં આવ્યા વિના પૂરી સમ્યક્ સમ્યક્ સત્ પ્રતીતિ થતી નથી. અને સમ્યક્ સત્ય પૂરી પ્રતીતિ થયા વિના આનંદ આવતો નથી. આહાહા..! આ તો ન્યાય વસ્તુસ્થિતિ એવી છે એમાં કોણ પોકાર કરે? શું કરે? સમજાય છે કાંઈ?

જો પર્યાયમાં અશુદ્ધતા બિલકુલ નથી એમ માને તો એકાંત મિથ્યાત્વ છે અને અશુદ્ધતા છે, વ્યવહાર છે એ મને લાભદાયક છે (એમ માને) તે પણ મિથ્યાદૃષ્ટિ છે. અહીંયાં તો અશુદ્ધતા ને કર્મના નિમિત્તનો સંબંધ ને ભેદ છે, એટલું સ્વીકાર. વ્યવહારનય એટલો વિષય કરે છે તેનો સ્વીકાર છે, બસ એટલું. તેને અસત્યાર્થ કહેવામાં ત્રિકાળ ઉપર દૃષ્ટિ કરાવવા અને તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લેવા અને ત્રિકાળ દ્રવ્યમાં દૃષ્ટિ કરાવવા, તે અસત્યાર્થ છે (તેને) ગૌણ કરીને જૂઠી કહી દીધી છે. અને ત્રિકાળ જ્ઞાયકને મુખ્ય કરીને સત્ય કહેવામાં આવ્યું છે. સેઠી!

ઓહોહો..! જુઓ! **'માટે...'** હવે અહીં આવ્યું. ઘણાં પત્રોમાં આનો આધાર આપે છે **'માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ**

**થઈ શકાય છે.**' આ આધાર આપે છે. અરે..! સોનગઢી વ્યવહારને માનતા નથી. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. તને વ્યવહાર અને નિશ્ચયની ખબર નથી. સમજ્યા? એકલો શુદ્ધ છે.. શુદ્ધ છે.. શુદ્ધ છે અને અશુદ્ધતા છે જ નહિ. પણ અશુદ્ધતા નથી એમ કોણ કહે છે? તું તો કહે છે કે વ્યવહાર છે તે લાભદાયક છે, તેને તું વ્યવહાર માને છો. એમ નથી. સમજાય છે કાંઈ? આ શબ્દ મૂકે છે. હમણાં આવ્યું હતું. પેલો છે ને દૌલતરામ કો'ક ઈન્દોરનો. પંડિતજી એની સાથે હતા ને. મિત્ર છે ને? આ પ્રશ્ન મૂક્યો હતો. જુઓ! માટે સમ્યગ્દૃષ્ટિ એકલો શુદ્ધ શુદ્ધ શુદ્ધ માને, એમ નથી. અશુદ્ધતા પણ માને. પણ અશુદ્ધતા તો પર્યાયમાં છે એમ જાણે. સમજાય છે કાંઈ? જાણવું છોડી દે એમ નહિ. જાણવું છોડે તો... વસ્તુ છે તો ખરી, અશુદ્ધતા છે. તેનું લક્ષ છોડી દ્રવ્ય ઉપર લક્ષ દેવું છે તેથી પર્યાયને અશુદ્ધતાને ગૌણ કરી અસત્યાર્થ કહ્યું છે. ભારે ઝઘડા જગતના. '**શાસ્ત્રે વાદ ...** ' આહાહા..!

'**માટે સર્વ નયોના...**' એટલે વ્યવહારનય, નિશ્ચયનય, શુદ્ધનય, અશુદ્ધનય, અશુદ્ધ દ્રવ્યાર્થિકનય, શુદ્ધ દ્રવ્યાર્થિકનય '**કથંચિત્ રીતે સત્યાર્થપણાનું...**' કોઈ અપેક્ષાથી સત્ય છે. વ્યવહારનયનો વિષય પણ સત્ય છે. પર્યાયના લક્ષમાં જાણવાની અપેક્ષાએ સત્ય છે. આદરવાની અપેક્ષાએ સત્ય નથી. ઈશ્વરલાલજી! ઈશ્વરલાલજીના ગામમાં પણ ઘણી ગડબડ છે. ગામોગામ ગડબડ ઊભી થઈ છે. બિચારે જે માર્ગે ચાલતા હતા એમાં વચ્ચે પડ્યા કે નહિ, આવો માર્ગ નથી. એક જણો કહેતો હતો અહીંયા કે અમે જે માર્ગે ચાલતા હતા એમાં વચ્ચે કહે, આમ નથી. અમરચંદભાઈ! અહીં તો ઘણાં માણસો આવે છે ને. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તું ચાલતો હતો એ ઊંધે રસ્તો હતો. આહાહા..! ભગવાન! તારી મુડી-પુંજી તો અનંત આનંદથી ભરેલી અંદર છે. વસ્તુના સ્વભાવમાં દૃષ્ટિ દેવાથી આનંદની, શાંતિની, શ્રદ્ધાની, ચારિત્રની, ધ્યાનની અને કેવળજ્ઞાન આદિની બધી પર્યાય ત્રિકાળ દ્રવ્યમાંથી આવે છે. માટે ત્રિકાળ દ્રવ્યને સત્યાર્થ કહીને આલંબન લેવડાવ્યું છે. અને પર્યાયને અસત્યાર્થ કહીને ગૌણ કરીને, નથી એમ કહ્યું છે. પણ છે જ નહિ એમ નથી કહ્યું. સમજાય છે કાંઈ? સર્વથા નહિ. ત્રિકાળ સત્યની અપેક્ષાથી તેને અસત્ય કહ્યું. પોતાની અપેક્ષાથી સત્ય છે. ઓહોહો..!

નિજ દ્રવ્યની અપેક્ષાથી નિજ દ્રવ્ય છે. નિજ દ્રવ્યની અપેક્ષાથી બીજું (દ્રવ્ય) અદ્રવ્ય છે. તેના દ્રવ્યની અપેક્ષાથી તે દ્રવ્ય છે. તેની અપેક્ષાથી આ અદ્રવ્ય છે. આહાહા..! એમ ભગવાન આત્માની વર્તમાન દશામાં રાગાદિ, દુઃખ આદિ છે. બિલકુલ શુદ્ધ છે.. શુદ્ધ છે, કેવળજ્ઞાન છે, એમ નથી. સમજાય છે કાંઈ? પર્યાયમાં કેવળજ્ઞાન છે, શુદ્ધ છે, નિર્લેપ છે એમ નથી. પર્યાય તો સંસારી વિકારી પર્યાય અશુદ્ધ છે. પણ એ અશુદ્ધનું લક્ષ કરવાથી અશુદ્ધતા જ ઉત્પન્ન થાય છે, દુઃખ જ ઉત્પન્ન થાય છે. વિકલ્પ ઉત્પન્ન થાય છે એમ કહો કે દુઃખ ઉત્પન્ન થાય છે એમ કહો. એ તો અનાદિ કાળનો પ્રવાહ છે. એ અશુદ્ધતાના એક અંશને, ત્રિકાળ દ્રવ્ય સ્વભાવનો આશ્રય લેવા માટે તેને (ત્રિકાળને) જ સત્ય કહી, તેને

અસત્યાર્થ ગૌણ કરીને, નથી એમ કહ્યું છે. પૂર્ણ સ્વભાવનું આલંબન થઈ ગયું, પ્રાપ્તિ (થઈ ગઈ) પછી આ અસત્યાર્થ છે કે આ સત્યાર્થ છે, એવું રહેતું નથી. ઓહોહો..! કહો, સમજાય છે કે નહિ આમાં? પ્રવીણભાઈ! છે ને પુસ્તક? સમજાય છે?

જુઓ! આ વેદાંત સામે પણ બધી વાત છે આમાં. વેદાંત બિલકુલ પર્યાય માને નહિ, અશુદ્ધતા માને નહિ, ભેદ માને નહિ, ગુણભેદ માને નહિ, સર્વવ્યાપક માને. તદ્દન એકાંત મિથ્યાદૃષ્ટિ છે. એ અપેક્ષાથી અહીંયાં અસત્યાર્થ નથી કહ્યું. પર્યાયમાં છે, રાગ છે, અશુદ્ધતા છે, નિજ ક્ષેત્ર પ્રમાણ આત્મા છે. નિજ ક્ષેત્ર પ્રમાણ આત્મા છે, સર્વવ્યાપક નથી. પણ એના ત્રિકાળી શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ કરવાથી સમ્યક્ સત્ય પૂર્ણ સત્ય પ્રતીતમાં આવે છે. પૂર્ણ સત્ય પ્રતીતમાં આવતાં સત્ય જ્યાં પૂર્ણ પ્રતીતમાં આવ્યું તો સાથે આનંદનો અનુભવ પણ આવ્યો. સમજાય છે કાંઈ? પૂર્ણ સત્યનો દૃષ્ટિમાં સ્વીકાર થયો તો અતીન્દ્રિય આનંદની વ્યક્તતા, આનંદની દશાનો અનુભવ પણ થયો. એ દ્રવ્યના આશ્રયથી થાય છે, પર્યાયના આશ્રયથી એમ થતું નથી. તે કારણે પર્યાયને અશુદ્ધતાને ગૌણ કરીને અશુદ્ધ કહ્યું.

'**સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું...**' વ્યવહારનય પણ સત્યાર્થ છે. વ્યવહાર સત્યાર્થ છે એનો અર્થ, વ્યવહારથી નિશ્ચય થાય છે એમ એનો અર્થ નથી. આ ગડબડી એમાં છે. વ્યવહારને પણ સત્યાર્થ આમાં કહ્યું છે, જુઓ! વ્યવહાર સત્યાર્થ નથી? પર્યાય નથી? અશુદ્ધતા નથી? રાગ કષાયની મંદતા સત્યાર્થ નથી? છે. પણ છે એટલું સત્યાર્થ માનવું. પણ એનો અર્થ એવો નથી કે વ્યવહારથી આત્માનો નિશ્ચય થાય છે અને વ્યવહારથી ધર્મ થાય છે, એમ નહિ. આહાહા..! ભારે ગડબડ. નયના જ્ઞાનના દોરડા છૂટવા માટે કહ્યા ત્યાં બંધનમાં પડી ગયા. 'શ્રીમદ્' એક પત્રમાં લખ્યું છે. 'શ્રીમદ્'ના પત્રમાં લખ્યું છે, હોં! નયોનું જ્ઞાન છૂટવા માટે કહ્યું છે ત્યાં ગળે ફાંસ દોરડુ (લગાવી લીધું). વ્યવહાર સત્યાર્થ છે એમ કહ્યું તો એને પકડી લીધું.

'**માટે સર્વ નયોના...**' સર્વ નય શબ્દે વ્યવહાર પણ આવ્યો. કથંચિત્ સત્યાર્થ છે. પર્યાય અપેક્ષાએ સત્યાર્થ છે. રાગ રાગ છે, કર્મનો નિમિત્ત સંબંધ પણ છે, વ્યવહારનયથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વ્યવહારનયનો વિષય છે. પણ છે એટલે આશ્રય કરવા લાયક છે અને તેનાથી ધર્મ થાય છે, એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એકલા અંશની આસ્થા કરે તો મિથ્યાદૃષ્ટિ છે. કેમકે પૂર્ણ સત્ય દૃષ્ટિમાં આવ્યું નથી. અંશને આખો માન્યો તો મિથ્યાદૃષ્ટિ થયો. સમજાય છે કાંઈ?

'**કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ...**' જુઓ! અહીં વજન છે. દરેકને સાચા માનવાથી સમ્યગ્દૃષ્ટિ થાય છે. દરેકને અર્થાત્ વ્યવહાર પણ છે, નિશ્ચય પણ છે, ભેદ પણ છે, અભેદ પણ છે, એક પણ છે, અનેક પણ છે, પર્યાય પણ છે, દ્રવ્ય પણ છે, એમ સત્યાર્થ નામ દરેક

છે, એમ જાણવું. આદરણીય છે કે નહિ એમ પ્રશ્ન નથી. એ જુદો વિષય છે. સમજાય છે કાંઈ? આદરણીય તો વ્યવહારનયનો વિષય હેય છે અને ત્રિકાળનો વિષય ઉપાદેય છે. પણ હેય પણ જ્ઞેય તરીકે છે કે નહિ? એ અપેક્ષાએ સત્યાર્થ કહ્યું છે. આદરણીય અપેક્ષાએ સત્યાર્થ નહિ. કેટલું યાદ રાખવું આમાં? આ કરતાં તો પચાસ હજાર, લાખ ને પાંચ લાખ દાનમાં આપી દેવા. જાઓ, ભાઈ! કરોડ રૂપિયા છે એમાંથી પચાસ લાખ આપી દો. એમ તો કંઈ આપે નહિ ઝટ દઈને. કારણ કે છોકરાઓ ના પાડે, એનો આત્મા ના પાડે. આહાહા..! પણ ઈ કોના બાપના? ઈ તો જડદશા છે. જડને દઉં તો જડનો સ્વામી થયો. હું દઉં. તો શું તારી ચીજ છે કે હું દઉં (કહે છે)? આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન! તારી કાયમની શક્તિરૂપ સત્ત્વ એક ભાગમાં પડ્યું છે– ધ્રુવ. એ ત્રિકાળી. અને એક ભાગમાં વર્તમાન દશામાં રાગાદિ, અશુદ્ધતા આદિ સંબંધ આદિ છે. તેને પણ સત્યાર્થ છે એમ જાણવું. છે જ નહિ પર્યાય, અશુદ્ધતા છે જ નહિ, કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી, એમ નથી. વિકાર કરે છે નૈમિત્તિક તો કર્મનું નિમિત્ત છે. બસ, એટલું. પણ નિમિત્તથી થાય છે એમ નહિ અને વિકાર થયો તો વ્યવહાર સત્યાર્થ છે તો તેના આશ્રયે ધર્મ થાય છે, એમ પણ નહિ. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'**માટે સર્વ નયોના કથંચિત્...**' એટલે કોઈ અપેક્ષાથી. પર્યાયથી પર્યાય છે, દ્રવ્યથી દ્રવ્ય છે, અશુદ્ધતાથી અશુદ્ધતા છે, શુદ્ધતાથી શુદ્ધતા છે. એમ છે એવું શ્રદ્ધાન કરવાથી 'સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે.' પર્યાય છે નહિ, અશુદ્ધતા છે જ નહિ, તો એનું લક્ષ છોડવું અને કહે કે છે જ નહિ, તો એ તો દૃષ્ટિ મિથ્યા થઈ ગઈ. '**આ રીતે સ્યાદ્‌વાદને સમજી...**' આ અપેક્ષાથી સ્યાદ્વાદ, હોં! એની કલ્પનાનું સ્યાદ્વાદ નહિ કે વ્યવહાર પણ આદરણીય છે, નિશ્ચય પણ આદરણીય છે. અને કર્મથી પણ વિકાર થાય અને પોતાથી પણ થાય, એ સ્યાદ્વાદ. એમ સ્યાદ્વાદ નહિ. એ તો અજ્ઞાન થયું. હજી સ્યાદ્વાદને સમજતા નથી. '**આ રીતે સ્યાદ્વાદને સમજી...**' અહીં ખુબી લેશે. '**જિનમતનું સેવન કરવું,...**' જુઓ! હવે કહે છે.

'**મુખ્ય-ગૌણ કથન સાંભળી...**' એ સાર આવ્યો. ધ્રુવ જ્ઞાયક ભગવાનને મુખ્ય, છે એમ સાંભળી અને પર્યાય, ભેદ નથી એમ સાંભળી, '**ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો.**' સર્વથા ધ્રુવ જ છે, પર્યાય છે જ નહિ. પર્યાય જ છે, ધ્રુવ સર્વથા છે જ નહિ, એમ નહિ પકડવું. આહા..! ભારે સ્પષ્ટ કર્યું છે! બહુ સરસ છે! પંડિતજીએ જેવો ભાવ છે એવો જ સ્પષ્ટ કર્યો છે. લોકો, પંડિતનું લખાણ છે (એમ કરીને કાઢી નાખે છે). એ તો અંદરમાં ભાવ (ભર્યા છે તેને સ્પષ્ટ કર્યા છે). પાંચ ભાવને અસત્યાર્થ કહ્યા, એક ન્યાયે પર્યાયથી બદ્ધસ્પૃષ્ટને સત્યાર્થ કહ્યું. અબદ્ધસ્પૃષ્ટની અપેક્ષાથી અસત્યાર્થ કહ્યું. તો એનો ખુલાસો કરવો જોઈએ કે નહિ કે કઈ અપેક્ષાથી આ વાત છે. સમજાય છે કાંઈ? '**મુખ્ય-ગૌણ...**' મુખ્ય-ગૌણ એટલે શું કહ્યું? ત્રિકાળ અબદ્ધસ્પૃષ્ટને મુખ્ય સત્ય છે (એમ

કહ્યું) અને પર્યાય અશુદ્ધ છે તેને ગૌણ કરીને અસત્ય છે, એમ કહ્યું. '**મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો.**' પર્યાય છે જ નહિ, અશુદ્ધતા છે જ નહિ એમ નહિ કરવું જોઈએ. અને અશુદ્ધતા છે તો ત્રિકાળ શુદ્ધતા છે જ નહિ, એમ ન પકડવું જોઈએ.

'**આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતા ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે...**' આવ્યું ને? પહેલા આવી ગયું કે નહિ? જળમાં ડૂબેલું કમલિનીનું પત્ર આમ સંયોગથી જોવે તો છે. એમ કર્મના નિમિત્તનો સંબંધ અનાદિથી છે તો છે. પર્યાયમાં એનો સંબંધ છે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. '**પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે.**' પોતાના જ્ઞાયક તરફ ઝુકવાથી જે ચીજની પોતાના લક્ષમાં જરૂરિયાત નથી, જે ચીજની પોતાના લક્ષમાં જરૂરિયાત નથી, જે ચીજની પોતાના લક્ષમાં જરૂરિયાત છે તેને સત્યાર્થ કહીને બદ્ધસ્પૃષ્ટાદિ અસત્ય કહી દીધા. '**આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું.**' ઓહો..! ભારે સ્પષ્ટ કથન! સમજાય છે કાંઈ? હવે અજ્ઞાન ઉપર વાત આવે છે. .. પાંચ બોલમાં લીધી.

'**વળી, અહીં એમ જાણવું કે આ નય છે...**' નય... નય. નય છે તે જ્ઞાનનો અંશ છે. શ્રુતજ્ઞાન જે પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે તે પ્રમાણ છે. પ્રમાણનો અર્થ શું? આખું દ્રવ્ય ત્રિકાળી અને વર્તમાન પર્યાય, બેને જાણનારી વર્તમાન જ્ઞાનની પર્યાયને પ્રમાણ કહેવામાં આવે છે. ફરીને, પૂર્ણ દ્રવ્ય સામાન્ય અને વિશેષ અવસ્થા-નિર્મળ કે અશુદ્ધ, બેયને એકસાથે જાણવી તેને પ્રમાણજ્ઞાન (કહેવામાં આવે છે). તે જ્ઞાનની-શ્રુતજ્ઞાનની પર્યાયને, ઈ છે પર્યાય, પ્રમાણજ્ઞાન છે તો પર્યાય. શું કહે છે? આ દ્રવ્ય છે ત્રિકાળી ધ્રુવ શુદ્ધને જાણવું, એ શુદ્ધનયનો વિષય થયો. વર્તમાન ભેદ રાગાદિને જાણવી (અશુદ્ધનયનો વિષય થયો) એકસાથે બેયને જાણવા તે પ્રમાણ થયું. તો પ્રમાણજ્ઞાન ચીજ શું છે? પ્રમાણજ્ઞાન, વર્તમાન જ્ઞાનગુણ જે ત્રિકાળ છે તેની વર્તમાન પર્યાય છે. શું (કહ્યું)? પ્રમાણજ્ઞાન પર્યાય છે. પ્રમાણજ્ઞાન શ્રુતજ્ઞાનની પર્યાય છે. છે પર્યાય, એક અંશ છે. ત્રિકાળી જ્ઞાનગુણ પ્રમાણ છે એ તો ત્રિકાળી ચીજ રહી. દ્રવ્ય ત્રિકાળી છે. એ જ્ઞાનગુણ અને દ્રવ્યનો આશ્રય કરીને જે જ્ઞાન સમ્યક્ થયું તે પર્યાયમાં સમ્યક્જ્ઞાન શ્રુતજ્ઞાન થયું. તે પ્રમાણજ્ઞાન પર્યાયનો અંશ છે. જે પ્રમાણ અંશ છે, તે સામાન્ય અને વિશેષ બેયને જાણે છે. અને પ્રમાણનો ભેદ છે તેને નય કહે છે.

પહેલાં તો એમ છે કે એને રસ આવવો જોઈએ કે આ મુદ્દાની વાત કરે છે, આ કાંઈ મફતમાં કરતા નથી. આચાર્યો જંગલમાં રહે છે, આવી વાત કરે છે તે કોઈ મુદ્દાની રકમની વાત કરે છે. એ કંઈ વાતની વાત નથી. અંતરના રહસ્યને કઈ રીતે સમજવું એવી ચીજ કહે છે. તો એમ સમજવું કે '**આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે;...**' શું કહ્યું? ભગવાન આત્મા અનંત ગુણનું એકરૂપ ધ્રુવ અને એક સમયની વિશેષ અવસ્થા. ચાહે તો

મલિન હો કે નિર્મળ હો, બેય. એ પર્યાયનું અને દ્રવ્યનું એકસાથે જ્ઞાન કરે તો શ્રુતજ્ઞાન પ્રમાણ કહેવામાં આવે છે. અહીં નય લેવી છે ને? કેવળજ્ઞાનમાં નય નથી. અવધિ, મનઃપર્યયમાં નય નથી. મતિમાં નય નથી. ફક્ત શ્રુતજ્ઞાનમાં જ નય પડે છે. આ મૂળ તો વાત નય, નિક્ષેપ, પ્રમાણ અને દ્રવ્ય-ગુણ-પર્યાય, તેના યથાર્થ બોધ વિના બધી ગડબડ ઊભી થઈ છે.

અહીંયાં કહે છે કે 'આ નય છે તે...' શુદ્ધનય કહ્યું હતું ને અહીંયા? શુદ્ધનય. ત્રિકાળ જ્ઞાયક ચૈતન્યને શુદ્ધનય કહ્યું છે. તેને વિષય કરો તો શુદ્ધનયને વિષય કહ્યું છે. અભેદથી તો તેને જ શુદ્ધનય કહ્યું છે. અહીંયાં ભેદ પાડીને કથન કરવું છે. શુદ્ધનય છે તે ત્રિકાળ દ્રવ્યને જણાવે છે. નય શું છે? શ્રુતજ્ઞાન પ્રમાણનો એક ભાગ છે. એક ભાગ. અંશ છે ને? શ્રુતજ્ઞાન પ્રમાણનો એક અંશ છે-એક ભાગ છે. શ્રુત વિકલ્પા નયા. શ્રુતજ્ઞાનના ભેદને નય કહે છે. સમજાય છે કાંઈ? એ.. જયંતિભાઈ! એમ અદ્ધરથી ચાલે એવું નથી. ત્યાં પ્રમુખપણું થઈ ગયું. આ બધું સમજવું પડશે. ઈ વિના આ બધા ગોટા ચાલ્યા કે નહિ? ન્યાંય જાઓ સાંભળવા ને ન્યાંય જાઓ સાંભળવા. હવે બૈરા કહે કે નહિ, મહારાજ પાસે નક્કી કરાવો. ન્યાંય સાચું લાગે છે મહારાજ જેવું. ન્યાં ગયા હતા., તમારા રજનીશ પાસે. ગયા હતા ને બેસી ગયું હતું ને કે આ તો બહુ ઊંચી વાત છે. બૈરા કહે, ના. મહારાજ પાસે કબુલ કરાવો. મારે બીજું કહેવું છે. આ અપેક્ષાએ નિશ્ચય, વ્યવહાર આદિનું જ્ઞાન શું છે, એના જ્ઞાન વિના માણસ એકાંતમાં મૂંઝાઈ જાય. વિકલ્પ શૂન્ય કરો, વિકલ્પ શૂન્ય કરો. શૂન્ય કરો પણ અસ્તિ કેવી છે? એ તો લાવ. વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, વિચારથી શૂન્ય થઈ જાઓ. પણ વિચારથી શૂન્ય થઈને ક્યાં જવું? ચીજ કેવી છે ઈ? એ સર્વજ્ઞ પરમેશ્વરના મતમાં આવી વાત છે, બીજામાં આવી હોતી નથી. શૂન્ય થઈ જાઓ. શૂન્ય થઈને પણ લક્ષ ક્યાં કરવું અને ક્યાંથી ખસવું? તું પરથી ખસવાનું કહે છે પણ ક્યાં જવું છે? એ ચીજ કેવી છે? અસ્તિ છે, એક સમયમાં અનંત ગુણનો પિંડ અભેદ અખંડાનંદ પોતાના ક્ષેત્રમાં વ્યાપક છે, એવું અસ્તિત્વ છે તેમાં દૃષ્ટિ દ્યો તો પરથી શૂન્ય થઈ જશે. એ વસ્તુ છે. એવી વસ્તુ (જાણ્યા વિના) ધ્યાન કરો. મૂઢ થઈ જઈશ. સાંભળને હવે. મૂઢ થઈ જઈશ, મૂઢ. તને એમ લાગશે કે આપણને વિકલ્પ ઉઠતા નથી. મૂઢ થઈ જશે. સમજાય છે કાંઈ? આહાહા..!

એક સમયમાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગે એક એક આત્મા જેવો જોયો છે, એવો છે. એમ અંતર દૃષ્ટિ કરવાથી પરથી શૂન્ય થઈ જાય છે. સમજાય છે કાંઈ? આવી વાત સર્વજ્ઞ સિવાય ત્રણ કાળ ત્રણ લોકમાં બીજે હોઈ શકે નહિ. રામસ્વરૂપજી! બધા વાતું કરે છે, વેદાંતી ને પેલા, ફલાણું... શૂન્ય થઈ જાઓ. હમણાં આવ્યું છે. છે ને તમારા નંદા? ગૃહપતિ, શું કહેવાય? સ્વામીનારાયણે પહેલાં નીતિ શીખવી. જે નીતિ નહોતા સમજતા તેને નીતિ શીખવી. નીતિ સમજતા હતા ને ભક્તિ નહોતા સમજતા તો એને ભક્તિ સમજાવી.

ભક્તિ સમજતા હતા એને સ્વામીનારાયણનું આત્માનું સ્વરૂપ સમજાવ્યું. માટે એ પહેલું હોવું જોઈએ, એમ લખ્યું છે. સમજાય છે કાંઈ? છોટાભાઈ કહેતા હતા. હા, હા ઈ છે. એને પક્ષ છે ને. કાઠી લોકોને ... પણ વાસ્તવિક તત્ત્વ શું છે? સ્વામીનારાયણ કોઈ આત્મા જગતમાં કર્તા નથી. સ્વામીનારાયણ આ આત્મા એક એક છે. પોતાનો સહજાત્મ સ્વામીનારાયણ ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ? સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી આ. કર્તા-બર્તા કોઈ છે નહિ જગતમાં. '.. હોયે સો કર્તા કહા, કર્તા હો તહાં ... રહા કહાં?' સમજાય છે કાંઈ? છે એમાં કર્તા કોણ? કર્તા છે ત્યાં, છે એમ ક્યાં રહ્યું?

અહીં તો ભગવાન આત્મા એક એક મહાસત્તા આનંદકંદ અનંત ગુણ મહા પિંડ (છે). તેના આશ્રયથી પર્યાયનું લક્ષ છૂટે છે. બેયને જાણવું તે શ્રુતજ્ઞાન પ્રમાણ છે. બેમાંથી એકને જાણવું તે નય છે. સમજાય છે કાંઈ? '**વસ્તુને પરોક્ષ જણાવે છે;...**' શ્રુતજ્ઞાન જે છે એ કંઈ (વસ્તુને) પ્રત્યક્ષ નથી બતાવતી. આમ અસંખ્ય પ્રદેશ ને એક એક પ્રદેશમાં અનંત ગુણ ને, એમ કંઈ શ્રુતજ્ઞાન નથી બતાવતું. એ તો કેવળજ્ઞાન બતાવે. પણ શ્રુતજ્ઞાન વસ્તુને-ભગવાન આત્માને પરોક્ષ (જણાવે છે). સમજાય છે કાંઈ? જેમ એક આંધળો હોય અને સાકર ખાતો હોય, સાકર. સાકરનો સ્વાદ તો જેમ જોવાવાળો ખાય છે એવો જ સ્વાદ તો એને સરખો છે. પણ સાકરની સફેદાઈ ને આકૃતિ એના ખ્યાલમાં નથી. સમજાય છે કાંઈ? એમ શ્રુતજ્ઞાનમાં આત્માના આનંદનો સ્વાદ તો પ્રત્યક્ષ છે પણ આ આત્મા અસંખ્ય પ્રદેશ છે, અનંત ગુણ છે ઈ પરોક્ષ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ પણ કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ. વેદન અપેક્ષાએ પ્રત્યક્ષ, દેખવાની અપેક્ષાએ પરોક્ષ. આહાહા..! સમજાય છે કાંઈ?

એ '**વસ્તુને પરોક્ષ જણાવે છે.**' કોણ? શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ. જે પ્રમાણનો અંશ છે એ દ્રવ્યને અને પર્યાયને બેને બતાવે છે. અને તેનો ભેદ જે નય છે તે પણ શ્રુતપ્રમાણનો અંશ છે. શ્રુતપ્રમાણ પરોક્ષ છે તેથી નય પણ પરોક્ષ છે, એમ અહીં સિદ્ધ કરવું છે. શુદ્ધનય પણ પરોક્ષ બતાવે છે. આમ પ્રત્યક્ષ એનો વિષય અહીંયા નીચે નથી. '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત...**' શુદ્ધ દ્રવ્ય સ્વરૂપનું પ્રયોજન જેને છે એવી નય '**બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત...**' શુદ્ધનય ત્રિકાળને (છદ્મસ્થને) '**પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિ માત્ર છે.**' ચૈતન્યશક્તિમાત્ર છે તેને બતાવે છે. કોણ? શુદ્ધ દ્રવ્યાર્થિકનય. પર્યાયને ગૌણ કરીને એકલો ચૈતન્ય શક્તિ, ચૈતન્ય સત્ત્વ, ચૈતન્ય સત્ત્વ, ચૈતન્ય ધ્રુવતા, આત્માનું ચૈતન્યપણું જે ધ્રુવ તે શુદ્ધ દ્રવ્યાર્થિકનય બતાવે છે. સમજાય છે કાંઈ? બધો વિષય જરી સ્પષ્ટ કર્યો છે ને એટલે એને મૂકી કેમ દેવાય? શું કહ્યું?

આત્મા ત્રિકાળી વસ્તુ. એમાં જ્ઞાન ત્રિકાળી ગુણ. એમાં વર્તમાન શ્રુતપ્રમાણ પર્યાય. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયા. દ્રવ્ય ત્રિકાળી વસ્તુ, જ્ઞાન ત્રિકાળી વસ્તુ, એની પર્યાયમાં

શ્રુતપ્રમાણ એ પર્યાય આવી ગઈ. શ્રુતપ્રમાણ. પ્રમાણનો અર્થ જે ત્રિકાળીને જાણે અને વર્તમાનને જાણે. છે પર્યાય, છે અંશ. પણ અંશ ત્રિકાળી અંશીને જાણે, એ અંશ વર્તમાન પર્યાયને જાણે તેનું નામ પ્રમાણ. એ પ્રમાણ અંશ પરોક્ષ છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે. તો તેના નયભેદ પણ શુદ્ધનયને જાણે અને વ્યવહારને જાણે. શુદ્ધનયને જાણે પણ શ્રુતપ્રમાણ (પરોક્ષ છે) તો તેનો નય પણ પરોક્ષ છે. શ્રુતપ્રમાણ પરોક્ષ છે તો નય પણ પરોક્ષ છે. ઓહોહો..! ભીખાભાઈ! આ તો હજી પંડિતજીના લખાણનું સ્પષ્ટીકરણ થાય છે. અહીં જરૂર હતી માટે નાખ્યું છે. આહાહા..! સેઠી! વાંચ્યું છે કે નહિ તમે ત્યાં? એમ ને એમ વાંચી જાય એવી ચીજ નથી. આ તો મહાન તત્ત્વને (જણાવે છે). આહાહા..!

શ્રુતજ્ઞાનનો એક ભાગ તે નય. શ્રુતજ્ઞાન આખું તે પ્રમાણ. બે આંખ છે કે નહિ? આમ એકસાથે દેખે તે પ્રમાણ. એક આંખને બંધ કરીને–એકને ગૌણ કરીને દેખે તે નય. પ્રમાણજ્ઞાન જે અંદર અંશ છે. એ અંશ સામાન્ય અને વિશેષ બેને જાણે તે પ્રમાણ. એમાંથી એક પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને જાણે તે નય–શુદ્ધનય. તેનું લક્ષ છોડીને અહીં પર્યાયને જાણે તે અશુદ્ધનય. શ્રુતપ્રમાણ પરોક્ષ છે તો તેનો ભાગ નય પણ પરોક્ષ છે, એટલું અહીંયાં સિદ્ધ કરવું છે. આહાહા..! છે કે નહિ પુસ્તક સામે? જુઓને! આ અર્થ થાય છે એનો ખ્યાલ તો કરો, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ન્યાં સામું જોવે તો પાલવે એવું નથી, કહે છે.

અહીં શું કહે છે? પહેલા તો ઈ કહ્યું કે નય છે તે શ્રુતપ્રમાણનો ભાગ છે અને શ્રુતજ્ઞાન જ્યારે પરોક્ષ છે તો એનો ભાગ પણ પરોક્ષ છે. તેથી '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે. તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ.**' જુઓ! ભાઈ! એ શક્તિ તો પરોક્ષ છે. આખી શક્તિરૂપ આખું સત્ત્વ એ કંઈ અંદર નયમાં પ્રત્યક્ષ થતું નથી. આહાહા..! હવે લ્યે છે.

'**વળી તેની વ્યક્તિ...**' પ્રગટતા. શક્તિનું સત્ત્વ જે સર્વજ્ઞ સ્વભાવ. જ્ઞ સ્વભાવ. આત્મા એટલે જ્ઞ સ્વભાવ. સ્વભાવવાન સ્વભાવ. જ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ. એ જ્ઞ સ્વભાવ તો (છદ્મસ્થને) શક્તિમાત્ર છે. શક્તિમાત્ર તો નીચે પરોક્ષ છે. વ્યક્તિ–શક્તિની પ્રગટતાનો અંશ કર્મ સંયોગ હોવા છતાં '**મતિ–શ્રુત આદિ જ્ઞાનરૂપ છે.**' પ્રગટમાં મતિ–શ્રુત આદિ. એટલે અવધિ, મનઃપર્યય આદિ કંઈ નહિ. મતિ–શ્રુત આદિ પ્રત્યક્ષ અંશ પ્રગટ હોય છે. '**તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે,...**' જુઓ! મતિ–શ્રુતનો જે અંશ પ્રગટ–વ્યક્ત થયો તે પોતાના અનુભવની અપેક્ષાથી, રાગની અપેક્ષા ન લેવી, રાગની અપેક્ષા વિના મતિ–શ્રુત પોતાને જોવે છે તે અપેક્ષાથી પ્રત્યક્ષ છે અને પરને જાણવામાં મતિ–શ્રુત પરોક્ષ છે.

ફરીથી. અહીં તો શક્તિરૂપ જે ત્રિકાળ ધ્રુવ સત્ત્વ છે, જ્ઞવાનનો જ્ઞ સ્વભાવ, જ્ઞવાન–જ્ઞ જેનું રૂપ છે, ભગવાન આત્માનું જ્ઞ રૂપ છે. તો જ્ઞ સ્વભાવ આખો પૂરો શક્તિરૂપ પડ્યો છે. એ તો પરોક્ષ છે. કેમકે પ્રત્યક્ષ દેખાતો નથી. શુદ્ધનયમાં પણ પ્રત્યક્ષ નથી દેખાતો કેમકે શુદ્ધનય પરોક્ષ છે. પણ કર્મસંયોગથી, કર્મનું નિમિત્ત હોવા છતાં પોતાની પર્યાયમાં કર્મનો બિલકુલ અભાવ થઈ જાય તો તો કેવળજ્ઞાન (થઈ જાય). શક્તિમાં તો કર્મનો અભાવ–અભાવ છે નહિ, એ તો શક્તિરૂપ ત્રિકાળ છે. મતિ-શ્રુત આદિ જ્ઞાનની પ્રગટ પર્યાય જે છે તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષ વેદનમાં જ્ઞાન આવે છે કે આ જ્ઞાન હું છું, જ્ઞાન હું છું. સમજ્યા? એ જ્ઞાન સાથે આનંદ ભલે લો, નહિતર આ જ્ઞાન છે, એમ ખ્યાલ આવે છે કે નહિ? એ જ્ઞાન રાગની અપેક્ષાથી મનની સહાયતા વિના જ્ઞાનનો ખ્યાલ આવે છે. સમજાય છે કાંઈ?

પંડિતજી કેટલું કામ કરે છે! જુઓ! 'જયચંદ્ર પંડિત'. એને માટે એમ કહે કે આર્ષ પ્રમાણ નહિ, ફલાણું નહિ. હવે સાંભળ તો ખરો. ઠીક પડે તો એનું નાખે, ન ઠીક પડે તો બીજાનું નાખે. એમ ચાલે? ભાઈ! પ્રભુ! તને ખબર નથી, ભાઈ! એમ અભિમાન ન ચાલે. આહાહા..! પહેલાના જે પંડિત હતા એ તો ભવભીરુ હતા. અને પૂર્વાપર વિરોધ રહિત એમણે લખ્યું છે. એવી વાત છે. શું કરે? પોતાના અભિમાનમાં બધાને તુચ્છ (ગણે). અને શાસ્ત્રના અર્થ પાછા પોતાની કલ્પનાથી કરવા. પંડિતોએ કર્યા એ નહિ, પોતાના અર્થ કરવા. ભગવાન! બહુ વિરોધ થાય છે, ભાઈ! અને સમુદાય બિચારો સાધારણ પ્રાણી. સમાજને ખબર ન મળે. એમ ને એમ પડ્યો છે. મૂઢ, મહા મૂઢ. માર્ગની શું વ્યક્તતા, શું શક્તિ, શું પરોક્ષ, શું પ્રત્યક્ષ, શું નિમિત્ત (એની ખબર ન મળે).

કહે છે, '**અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે,...**' પ્રત્યક્ષ છે તો પરોક્ષ પણ છે. પોતાની અપેક્ષાથી જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. રાગની અપેક્ષા વિના પ્રત્યક્ષ છે અને પરને જાણવામાં પરોક્ષ છે. '**અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી...**' કેવળજ્ઞાનની પર્યાયનો છદ્મસ્થને ખ્યાલ નથી. '**તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે.**' આખો આત્મા શુદ્ધ છે તો એની પર્યાય પણ પૂર્ણ શુદ્ધ છે, એમ શુદ્ધનય જણાવે છે. શક્તિ પૂર્ણ છે તો એ શક્તિની પ્રતીત થઈ તો વ્યક્તમાં પણ એની પર્યાય પૂર્ણ થાય છે, એમ શુદ્ધનય કેવળજ્ઞાનને પણ પરોક્ષ જણાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ... અનુભવ થાય છે.

ઉત્તર :- અનુભવ મતિ-શ્રુતથી થાય છે. એ વાત તો પહેલા કહી ગયા. હવે બીજી વાત કહે છે.

મુમુક્ષુ :- પ્રતીત કરાવે છે.

ઉત્તર :- પ્રતીત કરાવે છે પણ એ શુદ્ધનય કેમ પ્રતીત કરાવે છે? કે પૂર્ણ શુદ્ધ સ્વભાવ છે ને, તો પર્યાય પણ પૂર્ણ શુદ્ધ પર્યાય થાય ત્યારે તેને કેવળજ્ઞાન કહેવામાં આવે. તો એ શુદ્ધનય પણ એવી પ્રતીત કરાવે છે કે આ આત્મા આવો પૂર્ણ શુદ્ધ છે તો પર્યાય પૂર્ણ થઈ શકે છે, તેનો શુદ્ધનય વિશ્વાસ કરાવે છે. શુદ્ધનય કેવળજ્ઞાનનો વિશ્વાસ કરાવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય આવ્યા. અહીં પણ પરોક્ષ છે. કેવળજ્ઞાન પણ છદ્મસ્થને તો પરોક્ષ જ છે ને. પ્રત્યક્ષ અત્યારે ઉઘડેલું છે નહિ. આહાહા..! અનુભવમાં મતિ-શ્રુત પ્રત્યક્ષ. કેવળજ્ઞાન તો છે જ ક્યાં? મતિ-શ્રુત પ્રત્યક્ષ. મતિ-શ્રુત અનુભવમાં પ્રત્યક્ષ અને પરની અપેક્ષાએ પરોક્ષ. કેવળજ્ઞાન તો વર્તમાન પરોક્ષ જ છે. શુદ્ધનય... ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનમય છે, એવી પ્રતીતિ થઈ એ શુદ્ધનયમાં પૂર્ણ પર્યાય કેવી હોય (તે પણ જણાય જાય છે). કેમકે શુદ્ધ પૂર્ણ છે તો પર્યાય પણ પૂર્ણ હોય છે, એમ શુદ્ધનય પ્રતીત કરાવે છે. અપૂર્ણ નહિ, પૂર્ણ છે એમ પ્રતીતિ કરાવે છે. પણ એ પરોક્ષ કરાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અત્યારે આ વાંધા જ કેવળજ્ઞાનના, ભાઈ! જુઓ! આમાં તો કેવળજ્ઞાનની પર્યાય શુદ્ધનય પ્રતીત કરાવે છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે. એવી મારી પર્યાય પૂર્ણ થશે. શક્તિ છે. આમ વર્તમાન વિદ્યમાન નહિ હોવા છતાં શક્તિની શ્રદ્ધામાં શુદ્ધનય કેવળજ્ઞાન આમ હોય છે એવી પ્રતીત થાય છે. ઓહોહો..! આવ્યું ને? ઈ 'જયધવલ'માં આવ્યું છે કે અંશની પ્રતીત અંશીના ખ્યાલ વિના હોય નહિ. કેવળજ્ઞાનને અવયવી ગણ્યું છે, મતિ-શ્રુતને અવયવ કહ્યું છે. સ્તંભનો દૃષ્ટાંત આપ્યો છે ત્યાં 'જયધવલ'માં. સ્તંભ હોય ને? સ્તંભ. સ્તંભનો એક થોડો ભાગ જોયો તો એ અંશ છે, આખા અંશીની દૃષ્ટિ વિના એનો એ અંશ ક્યાંથી આવ્યો? એમ કેવળજ્ઞાન આખું અવયવી છે, મતિ-શ્રુત અવયવ છે. અવયવનું જ્ઞાન અવયવીની પ્રતીતિ કરાવીને અવયવ ઉત્પન્ન થાય છે. એમ 'જયધવલ'માં લીધું છે. આહાહા..! આ તો એકલા ન્યાયના વિષય એટલે જરી વેપારી માણસને તો મગજ (ચલાવવું પડે). પેલા ના પાડે છે. હું ના પાડું તો ઈ પણ ના પાડે. હું તો મોંઘું છે એમ કરીને ના પાડું છું. ઈ ના પાડે છે કે અમારા માટે આમ છે. એના વેપારનું સમજે, આમાં શું સમજે? ઈ માટે આમાં બહુ ધ્યાન રાખવું જોઈએ એમ કહ્યું. સમજાય છે કાંઈ? આ તો જાણે, વિષય હશે કો'કનો વકીલાતનો. એમ નથી, આ તો ભગવાન! આત્માનો વેપાર છે. ભાઈ! આત્મા એ બધા સમજી શકવાની તાકાત ધરાવે છે. કેવળજ્ઞાનની પ્રતીત કરાવે એવી તાકાત રાખે છે તો મતિ-શ્રુતથી આત્માની પ્રતીત કરે, એવી તાકાત નથી એનામાં?

**'તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે.'** લ્યો, કેવળજ્ઞાન છદ્મસ્થને પ્રત્યક્ષ નથી. પણ કેવળજ્ઞાનની પર્યાય ..માં છે, અંદરમાં છે. આવી પર્યાય મને પ્રગટ થશે, એમ પ્રતીત કરાવે છે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ -૮, શુક્રવાર, તા. ૭-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૪, શ્લોક-૧૧, ૧૨ પ્રવચન નં. ૬૯**

'સમયસાર'નો જીવ-અજીવ અધિકાર ચાલે છે. ૧૪મી ગાથાનો ભાવાર્થ છેલ્લે (આવ્યું છે). **'અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે-એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી...'** છે? ક્યાં છે? શેઠ! **'અહીં કોઈ એવો પ્રશ્ન કરે...'** છેલ્લી પાંચ લીટી છે. પહેલાં એમ કહ્યું કે આત્મા અનંત ગુણસાગર પ્રભુને કર્મબંધના સ્પર્શથી રહિત, અનેકતાથી રહિત, ભેદથી રહિત અને વિકારથી રહિત એવા આત્માનો અનુભવ કરવો, દેખવો, પ્રતીત કરવી તે જ વાસ્તવિક આત્માની પ્રતીત અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. તો શિષ્યે કહ્યું કે (એવો આત્મા) તો પ્રત્યક્ષ દેખાતો નથી. આપ તો કહો છો કે એવા આત્માને કર્મના સંબંધથી રહિત જુઓ ને આમ જુઓ ને આમ જુઓ. સમજાય છે કાંઈ? એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી. પ્રત્યક્ષ તો જોવામાં આવતો નથી. **'અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે,...'** શિષ્યનો પ્રશ્ન છે. જોયા વિના શ્રદ્ધાન કરવું, આ ચીજ શું છે એ જોયા વિના શ્રદ્ધાન કરવું, એ તો અસત્ શ્રદ્ધાન થઈ જાય છે. શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું પ્રશ્ન શું છે ઈ?

આપ કહો છો કે ભગવાન આત્મા અંદર અનંત ગુણસાગર શુદ્ધ આનંદકંદ છે. તેને કર્મના સંબંધ રહિત, ભેદ રહિત શ્રદ્ધો, અનુભવ કરો તો તમને આત્માનો યથાર્થ અનુભવ (થશે) અને આનંદ આવશે. તો કહે છે કે એવો તો પ્રત્યક્ષ દેખાતો નથી. અને દેખ્યા વિના શ્રદ્ધાન કરવું, દેખાય નહિ અને શ્રદ્ધાન કરવું એ તો અસત્ શ્રદ્ધાન છે. એવો શિષ્યનો પ્રશ્ન છે.

**'ઉત્તર :- દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે.'** અમે તો જોઈએ એટલું માનીએ. સમજાય છે? સમુદ્રનો આ તટ દેખાય છે અને પેલો તટ દેખાતો નથી. તો કહે છે, એટલું અમે જોઈએ છીએ. આખો તટ કેવડો એ અમે માનતા નથી. એ તો નાસ્તિક છે. દેખેલાનું જ શ્રદ્ધાન કરવું અને દેખ્યા વિનાની ચીજ શું છે તેનું શ્રદ્ધાન ન કરવું, તે તો નાસ્તિક મત છે. **'જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ-બન્ને પ્રમાણ માનવામાં આવ્યા છે.'** વીતરાગ ભગવાનના જ્ઞાનથી વીતરાગ અભિપ્રાયમાં પ્રત્યક્ષ જ્ઞાન પણ છે અને પરોક્ષ જ્ઞાન પણ છે. બેયને પ્રમાણ માન્યા છે. એવું નથી કે પ્રત્યક્ષ દેખે તે જ પ્રમાણ છે અને પરોક્ષ દેખે તે અપ્રમાણ છે. સમજાય છે? **'બન્ને પ્રમાણ માનવામાં આવ્યા છે,...'** બન્ને સત્ય માનવામાં આવ્યા છે. પ્રત્યક્ષ પ્રતીત કરવું તે પ્રમાણ પણ યથાર્થ છે. અને પરોક્ષથી પ્રમાણ કરવું તે પણ યથાર્થ છે. એમ ભગવાનના માર્ગમાં બે પ્રમાણ માનવામાં આવ્યા છે. **'તેમાં આગમપ્રમાણ પરોક્ષ છે.'** આગમ નામ શ્રુતજ્ઞાન. એ શ્રુતજ્ઞાનથી આત્માને માનવો

તે પરોક્ષ છે. સમજાય છે કાંઈ? આગમજ્ઞાન નામ શ્રુતજ્ઞાન. તે પરોક્ષ છે. જ્ઞાન અંતરથી કંઈ અસંખ્ય પ્રદેશી અનંત ગુણ પ્રત્યક્ષ નથી દેખતું. પણ એ શ્રુતજ્ઞાન દ્વારા આ આત્મા છે, પૂર્ણ છે, એક સમયની પ્રગટ અવસ્થા છે એટલો નથી. આખો પૂર્ણ છે, અનંત ગુણસ્વરૂપ છે, એ વસ્તુ છે. તે દુઃખરૂપ ન હોઈ શકે. એમ શ્રુતજ્ઞાનપ્રમાણથી આનંદરૂપ છે, કર્મથી રહિત છે, એવા એકરૂપ સ્વભાવનો શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણથી પણ અનુભવ થઈ શકે છે. સમજાય છે કાંઈ?

**'તેનો ભેદ શુદ્ધનય છે.'** શ્રુતજ્ઞાન ભલે છે તો પરોક્ષ (રીતે) આત્માને દેખે પણ એ પ્રમાણજ્ઞાન છે. શ્રુતજ્ઞાન કંઈ અપ્રમાણ નથી. શ્રુતજ્ઞાન (એટલે) ભાવશ્રુતજ્ઞાન, હોં! અને તેનો ભેદ એક શુદ્ધનય છે. એક પર્યાયને દેખે તે વ્યવહાર. તેનો ભેદ ત્રિકાળ એકરૂપ વસ્તુ છે તો પૂર્ણ એકરૂપ શુદ્ધ અનંત ગુણરૂપ એકરૂપ છે. એવો શ્રુતજ્ઞાનનો એક ભાગ શુદ્ધનય છે. **'આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું,...'** આ શુદ્ધનયની દૃષ્ટિથી, આ શુદ્ધ ભગવાન પૂર્ણ આત્મા છે, આનંદ છે એવું શ્રદ્ધાન કરવું જોઈએ. સમજાય છે કાંઈ? **'કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો.'** માત્ર વ્યવહાર પ્રત્યક્ષ. આમ કહે, પ્રત્યક્ષ દેખાય તે જ માનીએ. એમ તો પ્રત્યક્ષમાં શું દેખાય છે? કહો, સમજાય છે કાંઈ? વાંસાનો ભાગ પ્રત્યક્ષ દેખાય છે? પિતાના પિતા છે ઈ દેખાય છે? આઠ પેઢીના પિતા છે ઈ દેખાય છે? તો નહોતા? દેખાય એટલું જ છે અને નથી દેખાતું તે નથી, એનો અર્થ શું? સમજાય છે કાંઈ? દરિયાનો આખો પટ દેખાય છે. આ ભાગ કાંઠો દેખાય છે, પેલો (પટ) નથી દેખાતો. પણ કાંઈક હશે કે નહિ? કોઈ છે કે એમ ને એમ ચાલ્યું જાય છે આકાશની પેઠે? આકાશ તો આમ ને આમ અમાપ ચાલ્યું જાય છે. એમ દરિયામાં અમાપ ચાલ્યો જાય, એમ નથી. બીજો કાંઠો (છે). કાંઠો કહે છે ને? શું કહે છે? કિનારા. આ કાંઠો છે તો બીજો કાંઠો છે જ. એમ પરોક્ષ છે પણ ઈ યથાર્થ પ્રમાણ છે. એમાં કંઈ જૂઠ નથી. સમજાય છે કાંઈ? અમે તો દેખાય એટલું માનીએ. દેખાય શું? કેટલું દેખાય તને? ક્વિનાઈન આદિ દવા લ્યે છે તો એની શ્રદ્ધા નથી કરતો? કે આ ક્વિનાઈનથી તાવ ઊતરી ગયો. દેખાય છે? આ ક્વિનાઈને શું કામ કર્યું ઈ દેખાય છે? પ્રતીત કરે છે કે નહિ? અંદર જઈને શું કામ કરે છે ખબર પડે છે? ક્વિનાઈન. ક્વિનાઈન નથી આવતી? તાવની દવા. અંદરમાં શું પડ્યું, શું થયું. એકદમ તાવ ઉતરી જાય છે. ભલે એની ઉતરવાની લાયકાતથી ઉતરે છે તોપણ ખ્યાલ તો આવે છે કે નહિ કે અંદર કાંઈક કામ થાય છે. દેખાય છે. દેખાય, ન દેખાયનું શું કામ છે? સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા વ્યવહારે જોવે, વ્યવહારમાં તો એક સમયની અવસ્થા દેખાય છે. પણ એક સમયની અવસ્થા છે તો ત્રિકાળી ચીજ વિના અવસ્થા કોની? ત્રિકાળી જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે એમ શુદ્ધનયથી-શ્રુતજ્ઞાનપ્રમાણના એ ભાગથી હું પરમાત્મસ્વરૂપી છું, એકલો

શાંત અનાકુળ આનંદ છું, એવો અનુભવ કરવો. એવી શ્રદ્ધા કરીને અનુભવ કરવો એનું નામ ધર્મ છે.

**'અહીં, આ શુદ્ધનયને મુખ્ય કરી કલશરૂપ કાવ્ય કહે છે :-'**

**न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।**

**'જગતના પ્રાણીઓ...'** પાઠ તો જગત છે. **'जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्'** હે જગત! એનો અર્થ કે હે જગતના જીવો! જગતનો અર્થ જગતમાં રહેનારા જીવ. જડને કહે છે અહીંયાં? ઈ આવ્યું છે, ટીકામાં લીધું છે. ટીકામાં પણ એમ લીધું છે. આ માળવ દેશ આવ્યો, આ કાઠિયાવાડ આવ્યું, આ સૌરાષ્ટ્ર આવ્યું. સૌરાષ્ટ્ર કોઈ દિ' આવે છે? સૌરાષ્ટ્રની જનતા આવે તો બોલે કે સૌરાષ્ટ્ર આવ્યું. એમ કહે છે કે નહિ? ટીકામાં એમ લીધું છે, હોં! આ જગતના અર્થમાં. 'તત્ત્વજ્ઞાન તરંગિણી'માં એમ લીધું છે. સમજાય છે કાંઈ? લ્યો, આ કાઠિયાવાડ આવ્યું, કાઠિયાવાડ આવ્યું એમ કહે છે કે નહિ? આ ભાવનગર આવ્યું. કાલે નહોતા કહેતા? એઈ..! ભાવનગર. ભાવનગર અહીંયાં આવ્યું છે? ભાવનગરની જનતા આવી.

એમ જગતના પ્રાણીઓ. જીવ, હોં! અહીંયાં જગત નામ જડ ને ધર્માસ્તિકાયને નથી કહેતા. જગત શબ્દ લીધો છે. જગત તો છ દ્રવ્યનું આખું વિશ્વ છે. પણ એમાં પ્રાણીઓ **'એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો...'** ભગવાન ચૈતન્ય સ્વભાવ, આનંદ સ્વભાવ, શુદ્ધ ભાવ અનંત ગુણસાગર પ્રભુ, છે પદાર્થ તેનો અંતર્મુખ થઈને તેનો સ્પર્શ કરો-અનુભવ કરો-તેનું પ્રત્યક્ષ આસ્વાદન કરો. સમજાય છે કાંઈ? **'એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે...'** જ્યાં તે બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ. શું કહે છે? કર્મનો સંબંધ અને વિકૃત ભાવ, અનેક અવસ્થા સ્વભાવ ઉપર તરે છે. ત્રિકાળી ચૈતન્યજ્યોત સ્વભાવ ઉપર એ તરે છે. જેમ જળમાં તેલનું બિંદુ ઉપર તરે છે, એ જળમાં પ્રવેશ નથી કરતું. સમજાય છે? એમ ભગવાન ધ્રુવ ચૈતન્ય સ્વભાવ જ્ઞાનનો પિંડ આનંદસમુદ્ર એવો પોતાનો સમ્યક્ સ્વભાવની ઉપર બદ્ધસ્પૃષ્ટ અને અનેકતાની પર્યાય ઉપર તરે છે, ઉપર રહે છે, અંદર પ્રવેશ નથી કરતી. સમજાય છે કાંઈ? ઉપર તરે છે એનો અર્થ, એક સમયની અવસ્થા ઉપર રહે છે. દ્રવ્યમાં-ધ્રુવમાં પ્રવેશ કરતી નથી.

મુમુક્ષુ :- દબાઈ જાય.

ઉત્તર :- દબાઈ શું જાય? એક સમયની પર્યાય ઉપર ઉપર લોટે છે. ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ કરતી નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયનો ધ્રુવ બિંબ, ધ્રુવ બિંબ ચૈતન્ય સ્વભાવ, એકલો જ્ઞાયકભાવ,

એમાં ઉપરની એક સમયની જે અવસ્થા-પર્યાય છે, કર્મનો સંબંધ, દુઃખ-એ વસ્તુના સ્વભાવમાં એ પર્યાયનો પ્રવેશ નથી. ઉપર એક સમય રહે છે. અંતર ત્રિકાળ સ્વભાવ પ્રવેશ કરતી નથી. સમજાય છે કાંઈ?

'**બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...**' પાંચ બોલ આવ્યા ને? કર્મના સંબંધ રૂપી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દ્રવ્ય સ્વભાવમાં નથી. વિકૃત અવસ્થાની અનેકતા, વ્યંજનપર્યાય સ્વભાવમાં નથી. એક સમયની હિનાધિક અવસ્થા એક સમયમાં છે, વસ્તુમાં નથી. ભેદ, વિકલ્પથી ગુણનો ભેદ પર્યાયમાં છે, એક સમયમાં છે, ત્રિકાળમાં નથી. સુખ-દુઃખની કલ્પના એક સમયની પર્યાય-અવસ્થામાં છે, વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! '**બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...**' ભાવ નામ એ પર્યાય '**સ્પષ્ટપણે...**' પ્રગટપણે, પ્રગટપણે '**તે સ્વભાવના ઉપર તરે છે...**' પ્રગટપણે છે ખરી, છે ખરી. સ્પષ્ટ છે, પાછું એમ કહ્યું, ભાઈ! પર્યાય છે. સ્પષ્ટપણે પર્યાય અંદર ભેદ અને કર્મનો સંબંધ છે. સ્વભાવના ઉપર તરે છે. અંતર ધ્રુવમાં પ્રવેશ કરતી નથી.

મુમુક્ષુ :- અંદરમાં પાંચ છે?

ઉત્તર :- અંદરમાં પાંચ ક્યાં છે? અંદરમાં એક છે. પાંચ સામે એક જ અબદ્ધસ્પૃષ્ટ આદિ એક જ સ્વરૂપ છે. પાંચ તો કહેવામાં આવ્યા. એક જ સ્વરૂપ અંદરમાં છે. બદ્ધસ્પૃષ્ટ તો સંયોગરૂપ પર્યાયની વાત કરી. અંદર એકરૂપ અબદ્ધસ્પૃષ્ટ છે. આકૃતિની અનેકતા છે, અંદર એકરૂપ સ્વભાવ છે. બધું એકસાથે છે. અંદરમાં પાંચ પ્રકાર નથી. સમજાય છે કાંઈ? હજી તો તારો આત્મા શું છે એની વાત ચાલે છે. શેઠ! એની ખબર નહિ. દુનિયા ડહોળી નાખી. દુનિયા ડહોળી સમજો છો? આખી દુનિયા... હિન્દીમાં એવું ચાલતું હશે. અમારે ડહોળી નાખે (કહે છે). આખી દુનિયા ડહોળી. તું કોણ? આપણને કાંઈ ખબર નહિ. મૂઢ (છો). શેઠ! મૂઢ. ખબર નથી તો મૂઢ (છો).

મુમુક્ષુ :- ઈ તો પર્યાયમાં..

ઉત્તર :- મૂઢ પર્યાયમાં છે પણ શું ચીજ છે એની ખબર નથી તો મૂઢ છે ને પર્યાયમાં. ચીજ શું છે એની તો ખબર નથી. આખી દુનિયામાં ડહાપણ.. ડહાપણ (કરે). દેવના દીકરા જાણે ઉતર્યા વાતું કરવા બેસે તો. આ હીરા માણેકની વાતું કરે, આ તમાકૂની, બીડીની વાતું કરે, આ વળી બીજાની કરે-મોટરના પાર્ટની. આ વકીલાતની કર, લ્યોને. રામજીભાઈ. કહો, સેઠી! પણ તું કોણ, કેટલામાં, શું છો? કાયમની ચીજ, હોં! એક સમયની એક અવસ્થા તો લક્ષમાં આવે છે. એ તો છે, છે પ્રત્યક્ષ એટલું જ્ઞાનમાં આવે છે. એમ નહિ. જ્ઞાનનો અંશ છે, રાગનો અંશ છે, આ છે, આ છે એમ નહિ. આત્મા અંદર એકરૂપ સ્વભાવ ધ્રુવ ચૈતન્યમૂર્તિ બદ્ધસ્પૃષ્ટ આદિ સ્વભાવના ઉપર તરે છે. ભાષા કેવી લીધી? બદ્ધસ્પૃષ્ટ આદિ નથી એમ નહિ, પ્રગટ છે. એક સમયની અવસ્થામાં બદ્ધસ્પૃષ્ટ, રાગ-દ્વેષ, સુખ-દુઃખ છે.

પોતાની પર્યાયમાં છે, હોં! પણ સ્વભાવના ઉપર તરે છે. એક સમયની પર્યાય સ્વભાવ ઉપર રહે છે, અંદર પ્રવેશ કરતી નથી. આહાહા..!

જળનું દળ હોય ને? પાણીનું દળ. તેલ નાખો તો ઉપર ઉપર રહેશે. અંદર પ્રવેશ નહિ કરે. તેલ અંદર પ્રવેશ નહિ કરે. ઓ..હો..! આ એક ફેરી ત્યાં વાંચ્યું ત્યારે વિરોધ કર્યો હતો. સ્વભાવ ઉપર તરે છે. ત્યારે એ કહે, નહિ. અંદર છે. શું છે? એક સમયની પર્યાય છે. કર્મના સંબંધમાં એક સમયની અવસ્થા (છે), વિકાર એક સમયનો (છે), બાકી આખો આત્મા શુદ્ધ છે. તે જ વખતે આખો શુદ્ધ ચૈતન્યઘન, આનંદઘન, આનંદદળ છે. આહાહા..! એવા સ્વભાવની ઉપર બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ બોલ કહ્યા ને? એ ઉપર રહે છે. અંદર પ્રવેશ કરતા નથી કેમકે પર્યાય છે. એક સમયની અવસ્થા ત્રિકાળ ધ્રુવમાં કઈ રીતે પ્રવેશ કરે? સમજાય છે કાંઈ? આહા..! હજી તો આત્મા કેવો છે એના બે બોલમાં, એક બોલ કેવો છે અને બીજો બોલ ઉપર તરે છે. એક બોલ કાયમ રહે છે અને એક બોલ ઉપર ઉપરની એક સમયની અવસ્થા છે. સમજાય છે કાંઈ?

‘**તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી,...**’ શું કહે છે? કે આત્મા ધ્રુવ વસ્તુ સત્ સત્ સત્ શાશ્વત જ્ઞાયકમૂર્તિ (છે). એમાં ઉપર પર્યાય એક સમયની દશામાં છે. પણ તે પર્યાય અંદરમાં શોભા પામતી નથી. એ દ્રવ્યને શોભાકારક નથી અથવા તે અંદરમાં શોભા કરતી નથી, અંદરમાં પ્રવેશ કરતી નથી, પ્રતિષ્ઠા પામતી નથી અથવા અંદરમાં સ્થિતિ પામતી નથી. સમજાય છે કાંઈ? ‘**તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી,...**’ કોણ? આત્મા વસ્તુ જે ધ્રુવ ચૈતન્યમૂર્તિ છે તેની એક સમયની વર્તમાન પાંચ બોલની દશા તે એમાં સ્થિતિ નથી પામતી. ધ્રુવમાં સ્થિતિ (નથી પામતી), ધ્રુવમાં ટકતી નથી, ધ્રુવમાં જતી નથી. સમજાણું કે નહિ? શું કહે છે? તોપણ કેમ કહ્યું? ‘**આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે...**’ છે એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ?

આ શરીર તો માટી, ધૂળ પરની છે. આ ક્યાં આત્મામાં છે? આ તો પરનો માટીનો પિંડ છે. દાળ, ભાત, રોટલીનું બનેલું છે આ તો. આ આત્મા નથી, આ તો માટીનો પિંડ બનેલો છે. તું આત્મા છો. કર્મ પણ પુદ્ગલથી બનેલા છે, ઈ તું નહિ. તું છો ઈ તો બે પ્રકારનો છો. એક ઉપર ઉપર અવસ્થા-પર્યાય છે. બાહ્ય, પ્રગટ, સ્પષ્ટ એકરૂપ. અવસ્થા છે, કર્મનો સંબંધ છે, વિકાર છે, દુઃખ છે, અનેકતા છે તે એક સમયની દશા અને ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ વસ્તુ જે અનાદિઅનંત નિત્ય સામાન્ય ગુણ સ્વભાવમાં એ પ્રવેશ નથી કરતી, પ્રતિષ્ઠા પામતી નથી. ધ્રુવમાં પર્યાયની શોભા નથી, ધ્રુવમાં પર્યાયની સ્થિતિ નથી, ધ્રુવમાં પર્યાયની મહિમા નથી. ધ્રુવમાં પર્યાયની મહિમા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે ભાઈ.

આ ચીજ જે વસ્તુ છે એ ચીજની અંતર દૃષ્ટિ અનુભવ કર્યા વિના એનું કદી કલ્યાણ થતું નથી. મરી જાય પંચ મહાવ્રત પાળીને અને ક્રિયાકાંડ કરીને અને દાન, દયા કરતાં કરતાં

આખી જિંદગી પૂરી થઈ જાય. અનંત વીતી ગઈ પણ આ એક સમયનો ભગવાન પૂર્ણ, એમાં શરીર, વાણી, કર્મ તો પ્રવેશ કરતા નથી. સમજાય છે કાંઈ? એક સમય પણ કર્મ, શરીર, વાણી એની એક સમયની પર્યાયમાં પણ પ્રવેશ કરતાં નથી. શું કહ્યું? ભગવાન આત્માના બે અંશ છે. એક સામાન્ય ત્રિકાળ જ્ઞાયક ધ્રુવ (અને) એક સમયની અવસ્થા-વર્તમાન પર્યાય. કર્મ, શરીર, વાણી, આ દાળ, ભાત, શાક, આ બાહ્ય ચીજ એક સેકંડના અસંખ્ય ભાગમાં પણ એ પર્યાયમાં પ્રવેશ કરતા નથી. પર્યાયમાં પ્રવેશ કરતા નથી. અને એ એક સમયની પર્યાય છે તે ધ્રુવમાં પ્રવેશ કરતી નથી. સમજાય છે કાંઈ? સમજવું પણ કઠણ. કોઈ દિ' વિચાર કર્યો નથી. અમરચંદભાઈ! પૈસા રળવા ને ખાવા ને ગાંડપણ-પાગલપણું. એ.. શોભાલાલભાઈ! કહેવાય ત્યાં ડાહ્યા. લૌકિક ગાંડાની ઈસ્પિતાલમાં-પાગલની ઈસ્પિતાલમાં પાગલ ડાહ્યો. ડાહ્યાને શું કહે છે સમજ્યા? શાણો. આહાહા..!

આ તો કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો. તારો આત્મામાં બે ભાગ. એક કાયમની ચીજ રૂપ ધ્રુવ સ્વભાવ, એક સમયની અવસ્થારૂપ અધ્રુવ ભાવ, અનિત્ય ભાવ. આ કર્મ, શરીર આદિ તો અધ્રુવ ભાવને પણ અડતા નથી. કર્મ, શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ આદિ એક સમયની તારી અવસ્થાને પણ અડતા નથી અને તારી અવસ્થા પરને કદી અડી નથી. પણ એક સમયની જે રાગવાળી, દુઃખવાળી અવસ્થા છે એ ત્રિકાળ દ્રવ્યને અડી નથી-પ્રવેશ કરતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવો તે કેવો આ ઉપદેશ! પેલા કહે, વ્રત કરવા, આ કરવા, આ કરવું (સમજાય તો ખરું). સાંભળ તો ખરો. ચીજ શું છે તેની પ્રતીત કર્યા વિના તારું ઠરવું ક્યાં થશે? સમજાય છે કાંઈ?

આખી ચીજ એક સમયમાં ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ વસ્તુ છે, ગુણનું દળ છે, ગુણનું દળ છે. સમુદ્રમાં ઉપરની સપાટી ઉપર જેટલા તરંગ ઉઠે છે એ તરંગ દરિયાના અંતર દળમાં પ્રવેશ કરતા નથી. કરે છે? અંતર સમુદ્ર જે દળ મોટું પડ્યું છે એ તો અસંખ્ય યોજનમાં (પડ્યું છે). આ તો અનંત અનંત ગુણ ભલે આટલા ક્ષેત્રમાં (રહ્યા છે), અનંત સાગરવર ગંભીરા, અનંત ગુણ ગંભીર ભગવાન. અનંત ગુણ ગંભીર ભગવાન. એક ગુણમાં અનંતી ગંભીરતા. એવી અનંત ગુણની અનંત ગંભીરતા. એવા અનંત ગુણરૂપ એક દ્રવ્યની અનંતી ગંભીરતા. ઓહોહો..! સાંભળ્યું નથી, સાંભળી નથી નિજ વસ્તુની કિંમત. ઘરમાં બધી કિંમત ટાંકે. આ પાંચ લાખનો દાગીનો છે, આટલી પુંજી છે, આટલા પેદા કર્યા ને દિવાળીમાં આટલા એંસી લાખ થયા ને દિવાળીમાં પાંચ લાખ વધી ગયા. પંચ્યાસી લાખ થઈ ગયા. ધૂળના ઢગલાના બધા આંકડા.

ભગવાન આત્મા અનંત ગુણ ગંભીર પ્રભુ. જેમ સાગરના પાણીની ગંભીરતા અનહદ છે. સમજાય છે કાંઈ? અથવા એ દરિયાની એટલી મર્યાદા છે ને અમુક ભલે પાણી જાય પણ એ પાણી એટલું ઊછળીને જગતને બોળે, એટલી મર્યાદાએ ન જાય, એટલો અમર્યાદિત

ન થાય. સમજાય છે કાંઈ? આહાહા..! એમ ભગવાન આત્મા એટલો અમર્યાદિત ગુણનો પિંડ, દરિયો સમુદ્ર છે કે આખો સ્વભાવ એક સમયની પર્યાયમાં આવતો નથી અને એક સમયની પર્યાય અંદર પ્રવેશ કરતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શરીર, કર્મ, વાણી, તૈજસ (શરીર) એ તો નજીક એકક્ષેત્રાવગાહમાં હો. એક ક્ષેત્રે હોવા છતાં એક સમયની આત્માની વર્તમાન પ્રગટ સ્પષ્ટ જે અવસ્થા છે તેને પણ તે અડતા નથી. અને તે ચીજ અહીંયાં અડતી નથી અને આ અવસ્થા એને અડતી નથી. ભિન્ન ભિન્ન છે. પણ ભગવાન આત્મા જે સ્વભાવ સમ્યક્ સ્વભાવ, ત્રિકાળી સ્વભાવ જ્ઞાન, આનંદ દળ રૂપ સદશ્ય રૂપ સ્વભાવ ઉપર બદ્ધસ્પૃષ્ટ આદિ સ્પષ્ટ ભાવ, રાગાદિ સ્પષ્ટ પ્રગટ ભાવ અંદરમાં પ્રવેશ કરતા નથી. ઉપર ઉપર તરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**તોપણ...**' પાછું આમ લે છે, ભલે પ્રગટ હો, સ્વભાવ ઉપર તરે છે, તોપણ એ સ્વભાવમાં પ્રતિષ્ઠા, સ્થિતિને, મહિમાને, પ્રવેશને પ્રાપ્ત થતા નથી. સમજાય છે કાંઈ? આવા સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જેમાં એ પાંચ પર્યાય અંદર પ્રવેશ કરતી નથી. એવો ભગવાન જ્ઞાનાનંદ ગંભીર આનંદ સ્વભાવે ગંભીર, શ્રદ્ધા સ્વભાવે ગંભીર, અનંત ગુણગંભીર ભગવાન આત્મા સમ્યક્ સ્વભાવસ્વરૂપ, એમાં બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ, વર્તમાન એક સમયની દશારૂપ પ્રવટરૂપ વર્તવા છતાં ઉપર તરે છે, અંદર પેસતા નથી. આહાહા..! આથી વધારે સ્પષ્ટતા કેટલી કરે? આચાર્ય કેટલું કહે?

ભાઈ! તારા અસ્તિત્વના બે અંશ. શરીર, કર્મનું અસ્તિત્વ-હોવાપણામાં તો તારો એકેય અંશ નહિ. શરીર, કર્મ આદિ પરદ્રવ્યના પર્યાયના અસ્તિત્વમાં તારો અંશ નહિ અને તેના અસ્તિત્વનો અંશ તારામાં નહિ. સમજાય છે કે નહિ? ભગવાન આત્મા, એની મોજૂદગી-હયાતી ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ (છે). સમય સમયની પર્યાય ઉત્પન્ન-વ્યય, ત્રિકાળી ધ્રુવ. તો કહે છે કે ઉત્પાદ-વ્યયની જે પર્યાય છે-આ પાંચ બદ્ધસ્પૃષ્ટ આદિ-એમાં કર્મ, શરીરની અવસ્થા એક સમયમાં પણ આવતી નથી. અને તારી રાગાદિ, દુઃખ આદિ પર્યાય શરીરને, કર્મને અડતી નથી. હવે તારી પર્યાય પર્યાયનયથી તને અડી છે. સમજાય છે કાંઈ? અશુદ્ધતા, મલિનતા, દુઃખરૂપ દશા એ એક સમયમાં એક સમયની અવસ્થાએ પર્યાયથી અડી છે. પણ એ ત્રિકાળી દ્રવ્યને અડી નથી અને તેમાં પ્રવેશ કરતી નથી. આહાહા..!

'**કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે,...**' ભગવાન આત્મા અનાદિઅનંત નિત્ય છે. વસ્તુ સહજ... સહજ... સહજ સત્ છે.. છે.. છે. એ ત્રિકાળ દ્રવ્ય વસ્તુસ્વભાવ. આ ક્યુ દ્રવ્ય હશે? પૈસા? ત્યારે ક્યુ દ્રવ્ય? આ ક્યુ દ્રવ્ય? ભાઈ! માણેકચંદજી! આ દ્રવ્ય પૈસા? નહિ. અહીં તો આત્મદ્રવ્યની વાત કરી છે. પૈસા પણ દ્રવ્ય છે, પરમાણુ દ્રવ્ય છે. પરમાણુ દ્રવ્ય છે અને તેની પૈસા આદિની વર્તમાન પર્યાય તે પર્યાય છે. એ પર્યાય પણ ખરેખર તેના પરમાણુ ધ્રુવમાં પેસતી નથી. પરમાણુ છે ને? જુઓ! આ અવસ્થા છે, આ અવસ્થા

છે-પર્યાય છે. રજકણ ધ્રુવ છે એમાં પ્રવેશ કરતી નથી. તે પણ એક સમયની અવસ્થા છે. આહાહા..! ઈ દ્રવ્ય રજકણ અચેતન દ્રવ્ય છે અને તેની એક સમયની પર્યાય અચેતન છે. પણ એક સમયની અવસ્થા. દાળની અવસ્થા હતી, ભાતની અવસ્થા હતી, આ લોહીની અવસ્થા થઈ. પહેલા દાળની હતી ને? એ અવસ્થા પલટી ગઈ પણ રજકણ તો તેના તે છે. સમયની અવસ્થા પલટી ગઈ. એ સમયની અવસ્થા અંદર પ્રવેશ નથી કરતી. એ સમયની અવસ્થા આત્માને અડતી નથી. આત્માની પર્યાય એને અડતી નથી. આહાહા..!

અહીંયા તો પોતામાં સત્‌નો પૂર્ણ અંશ. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્, એમાં ઉત્પાદ-વ્યયની પર્યાય ધ્રુવને અડતી નથી એમ કહે છે. આહાહા..! ભાષા પણ સાંભળી ન હોય. ઉત્પાદ-વ્યય, ધ્રુવને અડતી નથી. હવે ઈ શું? કોઈ દિ' સાંભળ્યું છે ૬૮ વર્ષમાં? સંભળાવવાવાળા ન મળ્યા. શોભાલાલજી! ભાઈ તો એમ કહે છે. પણ દરકાર ક્યાં કરી છે? સંસારની સંભાળ કેટલી રાખે છે? આટલું છે, કેટલા બાળક, દીકરાના દીકરા, એના દીકરા. ત્રણ કાળમાં એની પાસે કોઈ નથી. એક સમય પણ એ ચીજ પોતાને અડતી નથી અને એ ચીજને આ આત્મા અડતો નથી. એક સમયની અવસ્થા પણ (અડતી નથી). આરે.. આરે..! ધર્મ પણ ભારે!

અહીં તો ઈ વાતને પરમાં નાખી દીધી. તારી દશામાં તારા અસ્તિત્વમાં ઉત્પાદ-વ્યયમાં જે પર્યાય વિકાર, દુઃખ આદિ છે; તે દ્રવ્ય નામ કાયમનો અસલી સ્વભાવ વસ્તુ ધ્રુવને અડતી નથી, પ્રવેશ કરતી નથી, સ્થિતિ પામતી નથી. કાયમરૂપ ધ્રુવ સ્થિતિને પ્રાપ્ત, તેમાં એક સમયની સ્થિતિને પ્રાપ્ત પર્યાય ધ્રુવમાં કઈ રીતે સ્થિતિ પામે? સમજાય છે કાંઈ? એક સમયની અવસ્થા છે તે ધ્રુવમાં કેમ સ્થિતિ પામે? એ તો એક સમયની અવસ્થા છે. સામાન્ય તો ત્રિકાળી અવસ્થા છે-ત્રિકાળી વસ્તુ-ત્રિકાળી ચીજ છે. ઓહોહો..! એવો દ્રવ્ય સ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે. જુઓ!

**'આ ભાવો અનિત્ય છે,...'** રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન વિકલ્પ આદિ અનિત્ય ભાવ છે. **'દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો...'** ભાવ એટલે પર્યાય. કર્મના સંબંધની પર્યાય, રાગ-દ્વેષ રૂપ આદિ ભેદ અનિત્ય છે, આ નિત્ય છે. ભગવાન એકરૂપ છે, પર્યાય અનેકરૂપ છે. **'પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી,...'** ઓહોહો..! અહીં તો મારા ઘરમાં તું ગરી ગયો છો અને તારા ઘરમાં હું ગરી ગયો-ઘુસી ગયો. ભગવાન! ઘર તારું છે એમાં તારી પર્યાય ઘુસતી નથી ત્યાં બીજો ઘૂસે કોણ? આહાહા..! સમજાય છે કાંઈ? **'પર્યાયો...'** ભગવાન આત્મા એની એક સમયની અવસ્થા-હાલત-અંશ-દશા દ્રવ્યસ્વભાવ-વસ્તુસ્વભાવ-ધ્રુવસ્વભાવ-જ્ઞાયકસ્વભાવ-નિત્યસ્વભાવમાં પ્રવેશ કરતી નથી. **'ઉપર જ રહે છે.'** ઉપર ઉપર જ રહે છે. સમજાણું?

**'આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે.'** ભગવાન આત્મા સર્વ

દશામાં જ્ઞાતા જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. દર્શન.. દર્શન.. દર્શન.. વીર્ય.. વીર્ય.. વીર્ય.. આનંદ.. આનંદ.. આનંદ.. દરેક અવસ્થામાં વસ્તુ શુદ્ધ ચૈતન્ય ભગવાન પ્રકાશમાન છે. આહાહા..! હજી પહેલા એની સમજણ કર્યા વિના આમ ધ્યાન કરે તો ક્યાંથી અંદર મળે? સમજાય છે કાંઈ? ચીજ શું છે એની તો ખબર નથી. કેવી છે એની ખબર નથી. કેમ કરવું, ક્યાં રહેવું, ક્યાં જાવું છે એની ખબર ન મળે. કહે છે, પહેલા સમજણ કરવી જોઈએ. એવી સમજણ પણ જેવી ચીજ છે, એક સમયની અવસ્થા, કાયમની ચીજ જેમ છે તેમ ભાવમાં-જ્ઞાનમાં ભાસન થવું જોઈએ. સમજાય છે કાંઈ?

**'આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને...'** ભ્રાંતિ રહિત થઈને. મોહરહિત નામ રાગની એકતા, શરીરની એકતા, એક સમયની અવસ્થા જેટલો આત્મા એવો જે મિથ્યાત્વભાવ, એવા મોહથી રહિત થઈને **'જગત અનુભવ કરો;...'** જગત અનુભવ કરો, એમ છે ને? જગતના જીવો, હે જીવ! બાપુ! શરણ લે, શરણ. ભાઈ! બીજે ક્યાંય શરણ નહિ મળે. ગોથા ખાય મરતાં. ... માણસ, સગાવ્હાલા ને આડતિયા મોટા મોટા આબરૂ થઈ હોય ને. બધા માથાવાળા ભેગા થાય. શેઠને કેમ છે? શેઠને કેમ છે? શેઠ ઉપડ્યા હવે. ડબલ ન્યૂમોનિયા. ડૉક્ટર આવ્યા, કહે જુઓ! હવે કાંઈ કરવા જેવું નથી, હોં! ખાનગી કહીએ છીએ. કંઈ કરવા જેવું નથી. જુઓ હવે. એટલે કે હમણાં પતી જશે. ચારે કોર બધા સગાવ્હાલા ભેગા થયા હોય. તે દિ' કહ્યું હતું. અમુલખભાઈ ગુજરી ગયા ને. રાજકોટ. કુટુંબમાં બધા કરોડપતિ. નાનાલાલભાઈ, બેચરભાઈ, મોહનભાઈ બધા આખું ઘર ભેગું. ઓલો દીધે જાય. મરવાની તૈયારી. શું કરે બધા ભેગા થઈને? હમુકની મમતા (વધારે). અરે..! આનાથી જઈશ? આનાથી છૂટીશ, આનાથી છૂટીશ. હવે છૂટેલો જ છો. શું છૂટીશ, છૂટીશ મફતનો મંડ્યો છો. આહાહા..! અને આમ બંગલો આમ દેખ્યો હોય ને. સુંવાળા સુંવાળા... શું કહેવાય? પાલીશ. પાલીશ લાકડાને. એમાંથી નીકળવું. સમજાણું કાંઈ? આ તો હોય એની વાત છે ને. એવા.. આહાહા..! સગાવ્હાલા ચારે કોર ખીચોખીચ ભરાણા હતા. ઓરડો નાનો અને સગાવ્હાલા ઘણાં. મરવાની તૈયારી. ડબલ ન્યૂમોનિયા. ભાઈ! એને હખ ન મળે ન્યાં. આ સિવાય કોણ છે જુદો, (એને) કોઈ દિ' જાણ્યો નથી. સમજાણું કાંઈ? જાણ્યો નહિ, અંદર માણ્યો નહિ કે આ શું ચીજ છે? આહાહા..! એમ ને એમ લોઢે લેવાઈને હાલ્યા ચોર્યાશીના અવતારમાં. જાઓ, ચોર્યાશીના અવતારમાં હવે. ક્યાંય કોઈ શરણ નથી, કોઈ પાંજરાપોળ નથી કે તને પૂછવા આવે ત્યાં. આત્મા શું ચીજ છે, પોતાની ચીજની સંભાળ કદી કરી નથી. આહાહા..!

**'એવા શુદ્ધ સ્વભાવનો...'** **'अपगत'** છે ને? **'अपगतमोहीभूय'** **'મોહ રહિત થઈને...'** તું થઈને, એમ. કર્મ માર્ગ દે એમ નહિ. મોહ રહિત થઈને-તું ભ્રાંતિ છોડીને. તારા અધિકારની વાત છે. એક સમયની દશામાં રુચિ પડી છે એ મિથ્યાત્વભાવ છે. પર મારું તો ક્યાંય રહ્યું,

એક સમયની અવસ્થા જેવડો હું છું એ મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વભાવ છે. તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે,.. ઈ મૂળ શ્લોકમાંથી ટીકા (બનાવી) ને પછી કળશ બનાવ્યા છે. ઓહો..હો..! દિગંબર સંતોએ કામ કર્યા છે! ગજબ કામ કર્યા છે! પાંચમા આરામાં ચોથા આરા જેવા કામ કર્યા છે. એવા એક એક શ્લોક, એક એક શ્લોક, ગાથા.

ભગવાન! તારી ચીજ તો અંદર પૂર્ણાનંદ છે ને. ભાઈ! તું મોહ રહિત નામ મોહ તો છે, એમ તો કહે છે. તારી પર્યાયબુદ્ધિ છે, એક અવસ્થાના અંશ ઉપર બુદ્ધિ છે અને પર મારું એવી તારી બુદ્ધિ છે. એ મોહ છોડ. '**અનુભવ કરો;...**' ભગવાન આનંદનો આસ્વાદ લ્યો. આહાહા..! એ આનંદની લગડી પડી છે આત્મા. અતીન્દ્રિય આનંદને ચૂસ. અતીન્દ્રિય આનંદનો નિર્વિકલ્પ અનુભવરસ પી એમ કહે છે. આ પુણ્ય-પાપના વિકારમાં ઝેર પીવે છો. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પમાં ઝેર પીવે છો. એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત ભગવાન જ્ઞાયક સ્વભાવનો અનુભવ અતીન્દ્રિય આનંદની ચૂસણી ચૂસ. નિર્વિકલ્પરસ પી, તને આનંદ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

હે જગત! જગતના પ્રાણીઓ! શુદ્ધ સ્વભાવનો.. ભગવાન શુદ્ધ સ્વભાવ છે ને પ્રભુ. એની મહિમાને, કેવળીની વાણી મહિમા પૂરી કહી શકે નહિ. સમજાય છે કાંઈ? સર્વજ્ઞની વાણી (પૂરું કહી ન શકે). પણ વાણી જડ, ચૈતન્ય આનંદકંદ અરૂપી ભિન્ન. અરૂપી ભગવાન આનંદદળનો દુશ્મન. આત્માથી વાણી તો દુશ્મન (અર્થાત્) જડ વિરોધી (છે). એ વિરોધી આત્માની કેટલી વાત કરી શકે? સમજાય છે કાંઈ? આહાહા..!

'**મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે...**' એ તો '**અપગતમોહીભૂય**'નો ખુલાસો કર્યો. જ્યાં સુધી કર્મના નિમિત્તમાં એકત્વબુદ્ધિ છે, શરીરમાં એકત્વબુદ્ધિ છે, રાગમાં એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી અજ્ઞાન રહે છે. '**ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.**' ત્યાં સુધી ભગવાન આત્માનો અનુભવ નામ આ આત્મા છે, એવી પ્રતીત કરીને આનંદનો સ્વાદ જ્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન છે ત્યાં સુધી નથી આવતો. સમજાય છે કાંઈ? શ્વાસ ચડ્યા હોય ચારે કોર. પછી આમ નજર નાખે. કોઈ ડૉક્ટર, કોઈ ઈંજેક્શન. ધૂળમાંય નથી ન્યાં મરી જાય નહિ. સમજ્યા ને? ઈંજેક્શન આપ્યું ને પેલો મરી ગયો. ખબર છે ને? પટેલ. બિચારાને બહુ દુઃખ થાતું હતું તો ઈંજેક્શન આપવા ગયા. જ્યાં ઈંજેક્શન આપ્યું ત્યાં ફૂ..! ઈ તો થવાનું હતું ઈ (થયું). પેલો એમ કહે, અહીં શિવલાલ પટેલ હતા ને? ૪૮ કલાકથી.. કાંઈ રોગ નહિ, કાંઈ નહિ. શીંગ ખાધી હશે. શીંગને શું કહે છે? શીંગ-મુંગફળી. શેકીને કાચી ખાય. ખાધી ને ઉપર ખાધી રોટલી. સમિતિની ઊની ઊની રોટલી. એમાં કેળા ખાધા ભેગો શ્વાસ ઉપડ્યો.. ખલાસ! નિરોગ શરીર, હોં! ખાધું ત્યાં અહીંથી શ્વાસ અટક્યો. ડુંટીથી-નાભિથી શ્વાસ ઉપર આવી ગયો. એકદમ. કાંઈ નહોતું, કાંઈ નહિ, હોં! શીંગદાણા તો નિમિત્ત થયા. પણ ઈ ખાધા પછી ન થાય વિષ્ટા, ન થાય

ઊલટી. આમ બેઠા હતા, નીચે બેઠા હતા. અમથા નીચે બેઠા હતા. આ ઓરડી છે ને? પટેલ! શું છે? ઉપડ્યા. અંતિમ (સ્થિતિ) છે. પણ બેઠા છો ને. કાંઈ નથી ને. એને થઈ ગયું કે શ્વાસ અહીં નથી બેસતો. ખાઈને આવ્યા ને કાંઈ નહિ, હોં! કાંઈ નહિ. શરીર નિરોગ. શિવલાલ પટેલ હતા. પટેલ નહિ? અહીં રહેતા હતા. ખાઈને આવ્યા ત્યાં હેઠે બેઠા હતા. પટેલ! કેમ છે? અંતિમ ક્રિયા એમ બોલ્યા. શું પણ અંતિમ? અહીં બેઠા છો ને? એને લાગ્યું કે અહીંથી શ્વાસ છૂટી ગયો છે. ગમે તે કારણ હોય. નાભિથી શ્વાસ ખસી ગયો હતો. આગળ નહોતો ચાલતો. ચોવીસ કલાક રહ્યો, છત્રીસ કલાક રહ્યા. પછી આ ડૉક્ટર મળ્યા. આ દુઃખી થાય છે. દ્યો ઈંજેક્શન. પતી ગયું. દેહ છૂટી ગયો. પણ એના સમયે (થવાનું હોય) ઈ કોણ ફેરવે? ડૉક્ટર મરી જાય છે પોતે. એને ભાન ન મળે. એં..એં..એં... (થઈ જાય). પ્રાણજીવન ડૉક્ટર છે, ભાઈ! છે ને? અઢી હજારનો પગાર. અઢી હજારનો પગાર. જામનગર. એની છોડીને વીંછીને કરડ્યો કે સર્પ-પડકું. પોતે મૂંઝાઈ ગયા. ઘણું કરે તોય દવાથી મટે, એ માન્યતા તો છૂટી ગયેલી. પોતે મૂંઝવણમાં પડેલા. આ દવાથી મટે તો બધાને મટવું જોઈએ. પણ મટતું તો નથી. એક કોર ખુરશીમાં પડ્યા હતા. ડૉક્ટર બીજા ડૉક્ટરને કહે, તમે કરો, હું તો નહિ કરું. પણ તમારી દીકરી છે. મારું મગજ કામ નથી કરતું. પડકું સમજો છો? નાનો સર્પ. હું નહિ કરી શકું. પણ અઢી હજારનો પગાર, ૨૫૦૦નો પગાર. ૩૨ વર્ષનો. શું કરે? એ સમયની પર્યાય જડની, એમાં તો તારું કિંચિત્ અધિકાર નથી. અહીંયાં તો તારી પર્યાયમાં તારો અધિકાર છે. એક સમયની દશામાં વિકાર, ભેદ કરવો એ તારો અધિકાર છે. પણ એ અધિકારમાં તારે ઝેરનું પીવું થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઊંધી શ્રદ્ધા. એક સમયની પર્યાયનું શ્રદ્ધાન. પર મારું છે એમ માને એ તો તદ્દન ઊંધું છે, પણ એક સમયની અવસ્થાનું શ્રદ્ધાન. આખો પરમેશ્વર જ્ઞાયક સ્વભાવ તો રહી ગયો. સમજાય છે કાંઈ? માથે કહ્યું હતું ને? પર્યાયબુદ્ધિ ન રહેવું જોઈએ. ઉપર કહ્યું હતું. આહાહા..! તારી વર્તમાન પ્રગટ અવસ્થા ઉપર લક્ષ નહિ રાખવું જોઈએ. ત્રિકાળ જ્ઞાયક ભગવાન ઉપર દૃષ્ટિ દેવી જોઈએ અને તેનાથી તને આનંદનો અનુભવ થશે. નહિતર ઝેરના પ્યાલા છે. આહાહા..! પર્યાય એક સમયની અવસ્થાની બુદ્ધિ એ ઝેરનું પીવું છે. શરીર મારું, પૈસા મારા, ધૂળ મારી ને કર્મ મારા. ઝેરના પ્યાલા છે. આહાહા..! મિથ્યાત્વની ભ્રાંતિના તને ઝેર ચડી ગયા છે.

હે જીવો! '**अपगतमोही**' એમ કહે છે ને? ભગવાન! એ ઝેરને છોડ ને હવે તો. આહાહા..! એ પર્યાયબુદ્ધિને છોડને પ્રભુ! એમાં તો અનંત કાળથી ઘણાં ઝેર પીધા. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નવમી ગ્રૈવેયક, દિગંબર સાધુ, અઠ્યાવીસ મૂળગુણ-બધું પર્યાયબુદ્ધિ

ઝેરના પ્યાલા. ઝેરનો અનુભવ. સમજાય છે કાંઈ? કહે છે, શુદ્ધ સ્વભાવ ભગવાન આત્મા અંતર્મુખ થઈને શુદ્ધ સ્વભાવ મોહ રહિત થઈને, પર્યાયબુદ્ધિની રુચિ છોડી ત્રિકાળ સ્વભાવ સન્મુખ થઈને આત્માનો આનંદ, પ્રગટરૂપ પર્યાય જ્ઞાનની છે, અશુદ્ધ દશામાં આનંદનો અનુભવ છે નહિ. જ્યારે શુદ્ધ સ્વભાવનો અનુભવ થાય ત્યારે પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે છે. એ અતીન્દ્રિય આનંદનું વેદન થયું તેને આત્માની પ્રતીતિ કહેવામાં આવે છે. ત્યારે આત્માની પ્રતીતિ થઈ કે આખો આત્મા આવો છે. સમજાય છે કાંઈ? આહાહા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર આવી વાણી ફરમાવે છે. ખબર નથી એને, વીતરાગ શું કહે છે અને વીતરાગની શું ચીજ છે. માને કે અમે વીતરાગને માનીએ છીએ. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** ‘**શુદ્ધનયના વિષયરૂપ આત્માનો અનુભવ કરો એમ ઉપદેશ છે.**’ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ એ શુદ્ધનયનું ધ્યેય છે-વિષય છે એવા આત્માનો અનુભવ કરો. આવા આત્માની સ્વસન્મુખ થઈને પ્રતીત, જ્ઞાન વેદન કરીને કરો. આહાહા..! બધા જન્મ, જરા, મરણ છૂટી જશે. એ વિના જન્મ-મરણ છૂટશે નહિ. સમજાય છે કાંઈ?

‘**હવે, આ જ અર્થનું કલશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છે :-**’ પહેલા અનુભવ કરો એમ કહ્યું. હવે અહીં દેવ પ્રગટ થાય છે (એમ કહે છે). દેહદેવળમાં બિરાજમાન ભગવાન દેવ ત્રિકાળી જ્ઞાયકપ્રભુ દેવ, આવો અનુભવ કરવાથી પર્યાયમાં દેવ પ્રગટ થાય છે.

**भूतं भान्तमभूतमेव रमसान्निर्भिद्य बन्धं सुधी–**
**र्यद्यन्तः किल कोऽप्यहो कलयित व्याहत्य मोहं हठात्।**
**आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं**
**नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।**

આ જીવ અધિકાર. જીવ એ દેવ પ્રગટ થયો, એમ કહે છે.

**શ્લોકાર્થ :-** ‘**જો કોઈ સુબુદ્ધિ (સમ્યગ્દૃષ્ટિ)...**’ જીવ ‘**ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળના કર્મોના બંધને પોતાના આત્માથી તત્કાળ...**’ એક સ્વભાવ, વસ્તુ સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી ત્રણ કાળના કર્મ બંધાયા, બંધાય છે અને બંધાશે ઈ એમાં છે જ નહિ. ત્રણ કાળના કર્મોના બંધને-સંબંધને ‘**પોતાના આત્માથી તત્કાળ-શીઘ્ર ભિન્ન કરીને...**’ ભગવાન આત્માને રાગ ને વિકલ્પથી ભિન્ન કરીને. તો કર્મથી ભિન્ન થયો એમ કહ્યું. અધ્યાત્મની વાત એવી ગૂમ થઈ ગઈ, એને લઈને ધર્મ જે છે એ ધર્મ ગૂમ થઈ ગયો. બસ, આ બહારની પ્રવૃત્તિ. અને જો પ્રવૃત્તિમાં ધર્મ ન કહો તો... નિશ્ચયાભાસી થઈ ગયા, એમ કહે. આહાહા..! ભગવાન! શું કહીએ? તારી ચીજની દૃષ્ટિ વિના તારી પ્રવૃત્તિ ચાહે જેટલી હો, મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાશે. મિથ્યાત્વ સહિત પાપાનુબંધી પુણ્ય બંધાય. એમાં તો તને નવું પાપ (બંધાશે).

ભગવાન આત્મા પોતાના આત્માને ભૂત, વર્તમાન, ભવિષ્યના કર્મથી ભિન્ન.. અહીં તો વર્તમાનમાં ભિન્ન કર્યો તો ત્રિકાળથી ભિન્ન થઈ ગયો. સમજાય છે કાંઈ? સુબુદ્ધિ-તેને સુબુદ્ધિ કહે છે. છે ને? **'सुधीः'** **'सुधीः'** મોટા ડહાપણ સંસારના હોય ને મોટા ભણેલા હોય એ **'सुधीः'** નહિ. એમાં ધૂળેય **'सुधीः'** નથી. **'कुधीः'** છે. મોટા બારિસ્ટરો, બબ્બે હજાર એક દિ'ના લેનાર. **'कुधीः'** છે-મૂરખ છે.

મુમુક્ષુ :- આપ મૂરખ કહો છો, દુનિયા તો...

ઉત્તર :- દુનિયા તો પાગલ હોય તો કહે જ ને. એઈ..! દેવા જાય ત્યાં. જુઓ! રામજીભાઈને દેવા જાતા ત્યાં. કામ કરો, કામ કરો.

**'सुधीः'** શબ્દ છે ને? **'सुधीः'** એને કહીએ કે કર્મથી આત્માને ભિન્ન પાડવાની ક્રિયા કરે તેનું નામ **'सुधीः'** છે. આહાહા..! વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૯, સોમવાર, તા. ૮-૧૦-૧૯૬૬**
**શ્લોક-૧૩, ગાથા-૧૫, પ્રવચન નં. ૭૦**

'સમયસાર' જીવ-અજીવ અધિકાર. ૧૪મી ગાથાનો કળશ ચાલે છે. ૧૨મો કળશ ચાલે છે. જુઓ! અહીંયાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન કઈ રીતે થાય એ વાત કરે છે. '**જો કોઈ સુબુદ્ધિ...**' અહીંયાં સમ્યગ્દૃષ્ટિથી પહેલા વાત લીધી છે. આ આત્માને '**ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળના (કર્મોના)...**' સંબંધથી રહિત. બદ્ધસ્પૃષ્ટ રહિત છે ને પહેલાં? આત્મા કર્મના સંબંધથી રહિત જ છે. ત્રણે કાળ રહિત છે. કર્મ એ પરપદાર્થ છે. પરપદાર્થથી ભગવાન આત્મા વસ્તુ તદ્દન રહિત, પરથી ભિન્ન (છે). એવા નિજ આત્માને, બંધ રહિત નિજાત્માને અબદ્ધસ્પૃષ્ટ '**તત્કાળ-શીઘ્ર ભિન્ન કરીને તથા તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ (અજ્ઞાનને)...**' બેયમાં પાંચ બોલ સમાવી દીધા છે. કર્મના નિમિત્તથી થનારા પોતામાં સ્વરૂપના બોધ રહિત ભાવ. '**તે પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને...**' સમજાય છે કાંઈ? અબદ્ધસ્પૃષ્ટમાં પણ સમાવી દીધું હતું, અહીંયાં બે બોલમાં સમાવી દીધું.

બદ્ધથી રહિત અને નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયેલા ભ્રમણા અજ્ઞાનથી રહિત. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ એક સમયમાં શુદ્ધ ચૈતન્ય આનંદ ધ્રુવ પિંડની દૃષ્ટિ કરવાથી કર્મબંધથી રહિત અને વિકારથી રહિત. મિથ્યાભ્રમણા-રાગ તે હું છું, શરીર હું છું અને અલ્પજ્ઞ અવસ્થામાં દૃષ્ટિ રાખીને એટલો હું છું, એવી માન્યતા છે તે મિથ્યાત્વ છે. બદ્ધસ્પૃષ્ટથી રહિત અને મિથ્યાત્વથી રહિત. ભ્રાંતિને છોડી પોતાના બળથી રોકીને. અજ્ઞાન પણ પોતાના બળથી રોકીને. એમ નહિ કે કર્મનો ઉદય મટી જાય તો પોતાનો પુરુષાર્થ જાગે. પોતાનું ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ વસ્તુ, એમાં પુરુષાર્થથી એકાગ્ર થઈને અજ્ઞાનને પુરુષાર્થથી રોક્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**અથવા નાશ કરીને અંતરમાં અભ્યાસ કરે...**' અથવા આત્મા અંતરમાં અભ્યાસ કરે. હું જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ કોણ છું, એવો અંતર સન્મુખ થઈને અભ્યાસ, એકાગ્રતા કરે '**તો આ આત્મા પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય...**' તો એ આત્મા પોતાના અનુભવથી જણાવાયોગ્ય '**જેનો પ્રગટ મહિમા છે એવો વ્યક્ત (અનુભવગોચર)...**' છે. ભગવાન કોઈ રાગની મંદતા કે નિમિત્ત કે પરની અપેક્ષાથી પોતે અનુભવગોચર છે, એવી એ ચીજ જ નથી. સમજાય છે કાંઈ? આત્મા પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય (છે). પોતાના અંતર્મુખ શુદ્ધ સ્વભાવ સન્મુખ અભ્યાસ કરવાથી અંતરના અનુભવથી જણાવાયોગ્ય '**જેનો પ્રગટ મહિમા છે...**' અંતર અનુભવથી જણાવાયોગ્ય જેની પ્રગટ મહિમા છે. કોઈ

રાગથી કે નિમિત્તથી જણાવાયોગ્ય એની મહિમા નથી. જુઓ! સમજાય છે કાંઈ? નિરપેક્ષ, નિરપેક્ષ કહ્યું, નિરપેક્ષ. સેઠી! શું કહ્યું?

ભગવાન આત્માનું એવું શુદ્ધ સ્વરૂપ છે કે જેમાં કર્મ અને કર્મના નિમિત્તની અપેક્ષા, વિકલ્પ આદિથી રહિત આત્મા અનુભવમાં આવે, એવો આત્મા છે જ નહિ. એ તો અંતર્મુખ પરની અપેક્ષા છોડીને નિરપેક્ષ અંતર દૃષ્ટિમાં થઈને પોતાના સ્વભાવ સન્મુખ અભ્યાસ કરે તો પોતાના અનુભવથી પ્રગટ થવા લાયક એની મહિમા છે. સમજાય છે કાંઈ? કોઈ મદદ-બદદ કાંઈ કરે નહિ જરીયે. એ તો મદદ કરે નહિ પણ એ તરફનો જે વિકલ્પ છે તેથી મદદ થાય, એવો આત્મા નથી. આત્મા એવો નથી એમ કહે છે અહીંયાં તો. સમજાય છે કાંઈ? '**आत्म-अनुभव-एक-गम्य-महिमा**' સ્વભાવ સન્મુખ ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદનો રસરૂપ સમુદ્ર, અંતર્મુખ અભ્યાસથી અનુભવગમ્ય એની મહિમા છે. એ બીજા કોઈ લક્ષથી, પક્ષથી (ગમ્ય થતું નથી). કોઈ લક્ષથી, પક્ષથી, આધારથી-આશ્રયથી આત્માનો અનુભવ થાય, આત્માની પ્રાપ્તિ થાય એવું આત્મામાં નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બહિર્મુખમાં કંઈક મહિમા રહી જશે તો અંતર્મુખની મહિમા નહિ આવે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કંઈ પણ મહિમા રહી ગઈ કે મેં રાગ મંદ કર્યો, જ્ઞાનનો ઘણો ક્ષયોપશમ થયો, આટલા શાસ્ત્ર વાંચ્યા, એમ કંઈ પણ જો બહારની મહિમા રહી જાય તો અંતર્મુખમાં એ આત્મા અંતર અનુભવ ગમ્ય મહિમા એ પ્રાપ્ત નહિ થાય, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? મેં ઘણાં શાસ્ત્ર વાંચ્યા છે. સમજાય છે? મારી પાકી શ્રદ્ધા દેવ-ગુરુ-શાસ્ત્રમાં છે અને આખી જિંદગી હું બાળ બ્રહ્મચારી છું, મારી કષાયની મંદતા ઘણી છે. એ અપેક્ષાથી આત્મા અનુભવગમ્ય છે, એવો આત્માનો સ્વભાવ જ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દોષ ક્યાં છે? વસ્તુમાં દોષ જ નથી, દોષ જ નથી. અત્યારે થતો નથી, એમ ક્યાં? દોષ ક્યારે દેખાય છે? કે પોતાનો દોષ રહિત સ્વભાવ અનુભવ ગમ્ય છે, ત્યારે રાગાદિ છે તે જણાય છે કે છે, બસ. એ વિના રાગાદિ છે તેનું જ્ઞાન પણ યથાર્થ નથી. ભારે વાત, ભાઈ!

આ જીવ અધિકાર છે. જીવ અર્થાત્ આત્મા. આત્મા એવો છે, આ આત્મા એવો છે કે પોતાના અનુભવગમ્યથી જ એની મહિમા છે. એનો આત્મા જ એવો છે. એમ બતાવવું છે. આત્મદ્રવ્ય બતાવવું છે ને? સમજાય છે કાંઈ? આહા..! અહીંયા તો કહે કે વ્યવહાર પહેલા હોય તો થાય, રાગની મંદતા કરે તો થાય, શુભઉપયોગ.. શુભઉપયોગ.. શુભઉપયોગ ગળે વળગ્યો છે. શુભઉપયોગ હોય તો આત્માનું ભાન થાય. અહીં તો કહે છે કે ઈ આત્માની મહિમા જ નથી. ઈ મહિમામાં હણાય જાય છે. મહિમા એની આવી ગઈ.

અંતરંગમાં અભ્યાસ કરે. ભગવાન આત્મા આનંદનો આખો ગોળો છે. જ્ઞાનનો આખો ચૈતન્યબિંબ છે. ચૈતન્યબિંબ છે. એનો અંતર્મુખ અભ્યાસ કરે તો આત્મા પોતાના અનુભવથી જ, **'આત્મા પોતાના અનુભવથી જ...'** આવા શબ્દ પડ્યા છે. છે? સમજાય છે કાંઈ? **'આત્મા પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેની પ્રગટ મહિમા છે એવો વ્યક્ત (અનુભવગોચર)...'** એવો અનુભવગમ્ય. બસ, 'અનુભવ માર્ગ મોક્ષ કા, અનુભવ મોક્ષ સ્વરૂપ'. આહા..! કહો, અમરચંદભાઈ! બીજાને સમાજને એવું લાગે કે અર..ર..! ત્યારે હવે અમે આ વ્યવહાર કરીએ ઈ? પણ ક્યાં તારો વ્યવહાર (છે) હજી, સાંભળ તો ખરો. નિશ્ચયના ભાન વિના રાગને વ્યવહાર કહે કોણ? સમજાય છે કાંઈ? રાગ તો આંધળો છે. એ તો અનાદિથી મંદ-તીવ્ર, મંદ-તીવ્ર કરતો આવ્યો છે, અનાદિથી કરતો આવ્યો છે.

રાગ અને બંધ બેયથી અબંધ સ્વરૂપ પોતાનો સ્વભાવ અબદ્ધસ્પૃષ્ટ છે, એ સિદ્ધ કરે છે. અબદ્ધસ્પૃષ્ટ સ્વભાવ અનુભવ એની મહિમાથી પ્રગટ થાય છે, એવો એનો મહિમા છે. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગ અત્યારે આખો રાગ ને અજ્ઞાન માર્ગમાં વીતરાગ માર્ગ માન્યો છે. સમજાય છે કાંઈ? સનાતન. પૂજા, ભક્તિ, જાત્રા, ઉપદેશ, દયા, દાન, વ્રત, ખાવું-પીવું, લેવું-દેવું એવી ક્રિયાકાંડ, એમાં આખો વીતરાગ ધર્મ માન્યો છે. ઈ છે નહિ, એમ અહીં તો કહે છે. સમજાય છે કાંઈ? ઈ રાગ હોય છે? ક્યારે? કે જ્યારે રાગથી અને પરથી ભિન્ન અનુભવગમ્ય આત્મા (છે) એવી એની અનુભવ મહિમા છે, એવું ભાન થયું. રાગ વચ્ચે આવે છે, પૂર્ણ ન થાય ત્યાં સુધી. ઈ રાગને વ્યવહાર કહે છે અથવા પર કહે છે. સમજાય છે કાંઈ?

કેવો છે ભગવાન આત્મા? **'નિશ્ચલ, શાશ્વત, નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત...'** કર્મના કાદવથી ભગવાન ચૈતન્યજ્યોત નિરાળો ચૈતન્ય તરતો છે. રાગ, વિકલ્પ અને કર્મથી નિરાળો ચૈતન્યબિંબ ધ્રુવ સ્વભાવ નિરાળો (છે). **'એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય...'** પોતાથી સ્તવન કરવા યોગ્ય, ગુણગાન કરવા યોગ્ય એવો દેવ-તારો આત્મા **'બિરાજમાન છે.'** આ સ્તુતિ કરવા યોગ્ય તું છો એમ કહે છે. શેઠ! આહાહા..! ભગવાન ને પરમાત્મા ને એ બધા સ્તુતિ કરવા યોગ્ય છે, એ તો વિકલ્પ છે અને વ્યવહાર છે. જુઓ! આ 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' શ્લોકના સ્પષ્ટીકરણમાં ટીકામાં આવું લખ્યું છે. આ ટીકાનો જ કળશ છે.

**'પોતે સ્તુતિ...'** જુઓ! પોતે સ્તુતિ કરવા યોગ્ય. નિજ શુદ્ધ ચૈતન્યની એકાગ્રતા થવી તે જ તેની સ્તુતિ છે. એ પોતે આત્મા સ્તુતિ કરવા લાયક છે. પરની સ્તુતિ કરવા લાયક આત્મા નથી, એમ કહે છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાય છે? શેઠ! એ પોતે દેવ છે.

મુમુક્ષુ :- ગુરુ રસ્તો તો બતાવે.

ઉત્તર :- ગુરુ રસ્તો બતાવે, એ તો પોતે રસ્તે ચાલે તો બતાવે છે એમ કહેવામાં

આવે છે. તેમનાથી પત્તો લાગતો નથી, એમ છે. પરાધીન, પરાધીન.. પામર, પામર, પામર. શેઠ! અત્યાર સુધી પામરતા સ્વીકારી છે. શેઠે, શેઠના બાપે ને બધાએ. આ બધા એમના દીકરાઓ છે ને. જુઓને. આ તો એક દાખલો છે, શેઠ મોઢા આગળ (બેઠા છે એટલે), બાકી તો બધાએ એમ જ માન્યું છે. શેઠ! એક જણાએ પ્રશ્ન કર્યો હતો કે અત્યારે આટલા પ્રશ્ન ચાલે છે કે આત્મા ઉપાદાનથી પ્રગટ થાય છે, નિશ્ચયથી પ્રગટ થાય છે, વ્યવહારથી આવો છે. આવી વાત તો આપણા બાપ-દાદા તો નહોતા જાણતા. એવો પ્રશ્ન થયો. તો આપણા બાપ-દાદાને ધર્મ થતો હતો કે નહિ? ભગવાનના દર્શન કરવા જતા હતા. આવો પ્રશ્ન ...માં થયો. શું કહેવાય? ચાંપામાં. પ્રશ્ન થયો. પ્રશ્નનો ઉત્તર દેનારા મળ્યા કે આપણા બાપ-દાદા, ભગવાન છે એમ તો જાણતા હતા કે નહિ? તો એની ભક્તિ કરતા હતા તો ધર્મ થતો હતો. ધૂળમાંય ધર્મ નહોતો. તને ભાન ન મળે. આવા ને આવા. એઈ.. સેઠી! આ સેઠી ન્યાં મોટા છે એને કાંઈ ભાન નહોતું. અહીં આવ્યા ત્યારે તો અહીં મશ્કરી કરી કે આવો ધર્મ? લોપ કરે છે, લોપ થઈ જાય છે. એમ કહેતા હતા. નહિતર જયપુરમાં વળી ખાનદાન ઘર, મોટું ઘર. જૂનું ઘર હોય તો કાંઈ નહિ? ઈ તો વળી મહેન્દ્રભાઈ અહીં.. પિતાજી સાહેબ, પિતાજી સાહેબ તમે આવો તો ખરા, સાંભળો તો ખરા. એમ કરીને માંડ માંડ આવ્યા, હોં! પહેલા તો અંદરથી... એમના બાપે ક્યાંથી સાંભળ્યું હોય? સેઠી!

અહીં તો ઈ કહે છે કે સાંભળ્યું બધું બીજી વસ્તુ છે. પરંપરાએ જે માન્યું છે કે આમ પ્રગટ થાય ને રાગથી ને પુણ્યથી ને નિમિત્તથી ને વ્યવહારથી. તો આત્મા એવો છે નહિ, એમ ભગવાન કહે છે. આત્મા એવો નથી. અહીં જીવતત્ત્વ કહેવાય છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં દિવ્યધ્વનિ દ્વારા ફરમાવતા હતા. તે અહીંયાં 'કુંદકુંદાચાર્ય' ફરમાવે છે. સમજાય છે કાંઈ? દિગંબર મુનિ સંત ભગવાન 'સીમંધરપ્રભુ' પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા. આ ત્યાંથી આવીને બનાવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાન '**કર્મકલંક-કર્દમથી રહિત...**' જેમ જળ કાદવના મેલથી રહિતને જળ કહેવાય છે. એમ ભગવાન આત્મા ચૈતન્યજળ જ્ઞાનાનંદ આનંદ અતીન્દ્રિય સ્વરૂપ, એ કાદવ-કર્મ ને રાગથી ભિન્ન ભગવાન પોતાનો દેવ, પોતાને યોગ્ય સ્તુતિ કરવાલાયક આત્મા છે. અર્થાત્ પોતાના સ્વભાવ સન્મુખ થઈને એકાગ્ર થવા લાયક આત્મા છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ (દ્વારા પ્રરૂપેલો) એવો માર્ગ ત્રણ કાળમાં બીજે ક્યાંય નથી. ત્રણ કાળમાં સર્વજ્ઞ જૈન પરમેશ્વર સિવાય કોઈ ઠેકાણે આ માર્ગ હોય નહિ. સમજાય છે કાંઈ?

'**પોતે સ્તુતિ કરવા યોગ્ય...**' ભાષા તો જુઓ! 'સ્વયં' શબ્દ છે ને? '**नित्यं कर्मकलंकपंकविकलो देवः स्वयं शाश्वतः**' આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્યની સન્મુખ

થઈને. તેની સ્તુતિનો અર્થ તેની સન્મુખ થવું એ સ્તુતિ કરવા લાયક ભગવાન દેવ છે. જેની સન્મુખ થવું છે તે જ દેવ સ્તુતિ કરવા લાયક છે. પરથી તો વિમુખ થવાનું છે. સમજાય છે કાંઈ? **'દેવ બિરાજમાન છે.'** જુઓ! દેવ પોતે દેવ છે. આહાહા..! 'તું હી દેવનો દેવ'. તું જ દેવ છો પોતે, કહે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? આમ બીડી વિના ચાલે નહિ, તમાકૂ વિના ચાલે નહિ, દવા વિના ચાલે નહિ, સવારમાં ચા વિના ચાલે નહિ, એને કહે કે આ આવો આત્મા છે. એઈ..! માણેકચંદજી! સવારમાં બરાબર તલપ લાગી હોય ને .. બરાબર, નાખો અંદર ચા બરાબર. સાંભળવા જઈએ તો મગજ તર રહે. આહાહા..! ન પીને આવ્યા હોઈએ તો ઝોલા આવે. ઝોલા આવે. શું કહેવાય? સ્ફુર્તિ ને શું કહે? સુસ્તી. સુસ્તી થઈ, ભાઈ! સુસ્તી છે. એ તારો ચાનો પ્યાલો સુસ્તી ઉડાડતો હશે?

મુમુક્ષુ :- દેખાય તો છે.

ઉત્તર :- ધૂળમાંય દેખાતું નથી. મૂરખ માને છે.

મુમુક્ષુ :- ... અહીં તો દેવ કહે છે.

ઉત્તર :- અહીં દેવ (પ્રતીતિમાં) હોય તો ને. આમ હોય મૂરખ છે. આ સ્વરૂપની કિંમત કરે તો દેવ છે, પરની કિંમત કરે તો મૂરખ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ક્યાં ભવ? કેટલા ભવ? આજે દિશાએ જઈને રસ્તામાં આવતા હતા ને. એક કાચીડો, કાચીડો. અમે અહીં હતા તેનાથી બે હાથ દૂર. કાચીડો દોડીને (આવ્યો). આમ જાતો હતો ઓલી કોર. ત્યાં માથે બસ (ફરી વળી). તરફડિયા પણ નહિ, માથું ભૂક્કો (થઈ ગયું). અમે બે-ચાર હાથ છેટે (હતા). ભાઈ હતા કે નહિ? નહોતા? કાચીડો હતો ને? કાચીડો. કાચીડો કહે છે ને? કાચીડો કહે છે. આવડો. આમ નજરે પડ્યો, હોં! આ જાય છે. અરે..!જાય છે ત્યાં તો બસ આવી. અંદર થોડો તો ગર્યો, અંદર વચમાં. એક પૈડુ રહી ગયું, બીજું પૈડુ (ફરી ગયું). બીજો અવતાર, બીજો અવતાર. તરફડવાનો વખત ન મળ્યો. આમ તરફડે ને? ઈ પણ નહિ. જુઓ! આ અવતાર. કાચીડાની કાણ કોણ માંડે? કીધું. કાચીડો કહે છે? શું કહે છે તમારે? ડોલર.. ડોલર કહે છે? ગિરગીટ. આહાહા..! એક સેકંડના અસંખ્ય ભાગમાં તો બીજો ભવ. પડદો બંધ થઈ ગયો એક ભવનો, બીજો પડદો. ભાઈ! આવા અનંત ભવ કર્યા, પ્રભુ! કીધું. આ કાચીડાની કાણ... કાણ સમજ્યા? કોણે રડે એની પાછળ? છે કોઈ રડવાવાળું? અહીં તો અમારો બાપ મરી ગયો, અમારો દીકરો મરી ગયો. ક્યાં તારો બાપ હતો? આહાહા..!

ચૈતન્ય ભગવાન પોતાના અંતર સ્વરૂપની કિંમત કરવાલાયક હોય, સ્તુતિ કરવા લાયક હોય, અનુભવ કરવા લાયક હોય તો આત્મા છે. એવી સ્તુતિ કરવા લાયકનું જ્યારે ભાન થાય તો પોતાના આત્માથી ભિન્નની સ્તુતિ પોતાથી વધારે કરવામાં આવતી નથી. બધાની કિંમત ઘટી જાય છે. સમજાય છે કાંઈ? ચૈતન્યની કિંમતમાં પુણ્ય-પાપના પરિણામ અને

તેના ફળ અને સંયોગ બધાની કિંમત ઘટી જાય છે. જ્યાં સુધી પરની કિંમત અધિકપણે છે ત્યાં સુધી પોતાની કિંમત આવતી નથી. એ શબ્દ શાસ્ત્રકારે એવા કહ્યા '**णाणसहावाधियं मुणदि आदं**' ૩૧ ગાથા. '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' એમ કહ્યું. ભગવાન આત્માને, જ્ઞાનાનંદ સ્વભાવ પરથી ભિન્ન અનુભવ કરે, કિંમત કરે તો બધાની કિંમત ઊડી જશે, મહિમા ઊડી જશે. તારા શુભભાવ થાય (તેનો) મહિમા ઊડી જશે. શુભભાવથી બંધ પડે, મહિમા ઊડી જશે. તેનું ફળ મળ્યું, મહિમા ઊડી જશે. બધું તુચ્છ થઈ જશે. સમજાય છે કાંઈ? ઈન્દ્રના ઈન્દ્રાસન નિજ સ્વભાવની દૃષ્ટિની મહિમામાં તુચ્છ થઈ જાય છે. અને જ્યાં સુધી પરની મહિમા અતિશય વિશેષતા ભાસે છે ત્યાં સુધી પોતાની મહિમાનું ખુન કરે છે. નિજ સ્વભાવની મહિમા અધિક લાગતી નથી.

અહીંયાં કહે છે, ભગવાન આત્મા, એની પર્યાયમાં જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ હો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હો અને રાગની મંદતારૂપ ક્રિયાનું આચરણ હો, તેનાથી આત્મા પ્રગટ થાય એવો આત્મા જ નથી. સમજાય છે કાંઈ? એ તો પોતાના અનુભવગમ્ય એક જ સ્વભાવથી અનુભવગમ્ય આત્મા, જેની મહિમા પ્રગટ છે.

**ભાવાર્થ :- 'શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે.'** સ્વયં હયાતી, મોજૂદગી ધરાવે છે. ભગવાન આત્મા ચૈતન્ય અરૂપી પણ મહાન પદાર્થ છે કે નહિ? અરૂપી મહાન, મહાત્મા મહાત્મા મહ-આત્મા. સમજાય છે કાંઈ? ... એટલા નિત્યના શબ્દ વાપર્યા. ... નિત્યની વ્યાખ્યા કરી. સમજાય છે કાંઈ? '**અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે. આ પ્રાણી...**' જુઓ! '**પર્યાયબુદ્ધિ બહિરાત્મા-તેને બહાર ઢૂંઢે છે...**' રાગમાં ગોતે છે, નિમિત્તમાં ગોતે છે, જ્ઞાનના પરલક્ષી ક્ષયોપશમમાં આત્માને ગોતે છે. એના મહિમા ગાઈને તેમાં ગોતે છે. લ્યો, અમરચંદભાઈ! આહાહા..! પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, રાગબુદ્ધિ, વિકલ્પબુદ્ધિ, એક અંશના પ્રગટમાં મહિમાવંત બુદ્ધિ બહાર ગોતે છે. તેની મહિમા બહારમાં આવે છે. '**તે મોટું અજ્ઞાન છે.**' જ્યાં છે ત્યાં મહિમા આવતી નથી, જ્યાં નથી ત્યાં મહિમા આવે છે તે જ અનાદિનું મહાન અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે...'** શું કહે છે? જુઓ! આ શુદ્ધનયનો વિષય જે આત્મા અબદ્ધસ્પૃષ્ટ શુદ્ધ ધ્રુવ ચૈતન્યકંદ આત્માનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ છે. શું કહે છે? સાંભળો! આત્માનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ છે. શાસ્ત્ર ભણવા એ કોઈ જ્ઞાનનો અનુભવ નથી. આહાહા..! આ ૧૫મી ગાથામાં ઈ કહેશે. એનો ઉપોદ્‌ઘાત છે. જે શુદ્ધનય અથવા શુદ્ધનયનો વિષય લ્યો, આત્મા શુદ્ધ જ્ઞાયકનો અનુભવ તે જ જ્ઞાનની અનુભૂતિ (છે). જ્ઞાન એટલે શું? જ્ઞાન શબ્દે આત્માનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ છે. આત્માનો અનુભવ અને જ્ઞાનનો અનુભવ

જુદો છે, એમ નથી. નામભેદ છે. આત્માનો અનુભવ જુદો અને શાસ્ત્રજ્ઞાનનો બહુ ક્ષયોપશમનો અનુભવ જુદો, એ બે એક છે એમ નથી. સમજાય છે કાંઈ? માટે આ પંદરમી ગાથા લીધી છે. ચૌદમી ગાથામાં દર્શનપ્રધાન કથન છે, પંદરમીમાં જ્ઞાનપ્રધાન કથન છે.

જ્ઞાન શબ્દે શ્રુતજ્ઞાનથી આત્માનો અનુભવ કરવો-ભાવ, તે જ અનુભૂતિ-જ્ઞાનની અનુભૂતિ. આત્માનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ. જ્ઞાનના અનુભવથી રહિત જુદી ચીજનો અનુભવ, એ જ્ઞાનનો અનુભવ નહિ. '**એમ આગળના ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છે :**'

**आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या**
**ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।**
**आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-**
**मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।**

**શ્લોકાર્થ :-** '**એ રીતે જે પૂર્વકથિત...**' ૧૪મી ગાથામાં જે કહ્યું તે. '**શુદ્ધનયસ્વરૂપ આત્મા...**' જુઓ! અહીંયાં એકમેક કહી દીધું. '**શુદ્ધનયાત્મિકા આત્મ-અનુભૂતિ**' એમ કહ્યું ને પાછું? અભેદ કરી દીધું. માથે એમ કહ્યું હતું, શુદ્ધનયનો વિષય. આ તો શુદ્ધનયસ્વરૂપ જ ભગવાન, જે ૧૪મીમાં કહ્યો તે. '**જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્મા...**' સાંભળો! એ શુદ્ધનય અભેદ, અબદ્ધસ્પૃષ્ટ અભેદ સ્વરૂપ આત્મા, તેનો અનુભવ '**તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે...**' એ જ્ઞાનની અનુભૂતિ છે. અહીં ઈ બતાવવું છે કે બાહ્ય જ્ઞાન એ જ્ઞાન નથી. સમજાય છે કાંઈ?

ટીકામાં લખ્યું છે. આમાં ટીકામાં (-કળશટીકામાં) લખ્યું છે. આમાં લખ્યું છે કે કોઈ એમ માને, આ કારણ છે ને? આત્માનો અનુભવ એ જ્ઞાનનો અંતર અનુભવ તે જ્ઞાનાનુભવ. કોઈ કહે કે .. બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. નહિ. બાર અંગનું તો પરલક્ષી જ્ઞાન (છે), અપૂર્વ લબ્ધિ નથી. સમજાય છે કાંઈ? ત્યાં નાખવાનું ઈ કારણ છે. જ્ઞાનની અનુભૂતિ કહ્યું છે ને? તેથી નાખ્યું છે. '**આ પ્રસંગે કોઈ બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગનો જ્ઞાનનો ક્ષયોપશમ થયો, નદીના પૂરની પેઠે ક્ષયોપશમ (થયો તો) એ કોઈ અપૂર્વ લબ્ધિ છે, એમ કોઈ જાણશે. '**તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.**' એ અપૂર્વ વાત નથી. પોતાનો અનુભવ-જ્ઞાનનો અનુભવ થયો તે જ્ઞાનાનુભૂતિ અપૂર્વ છે. એ કળશટીકામાં છે. કારણ કે જ્ઞાનાનુભૂતિ કહ્યું ને? જ્ઞાનાનુભૂતિ તે આત્માનુભૂતિ. આત્માનો અનુભવ, શુદ્ધ ધ્રુવનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ. ક્ષયોપશમ જ્ઞાન થયું તો એમ કે, જ્ઞાનનો બહુ ક્ષયોપશમ થયો, બાર અંગનો વિકાસ થયો તો અપૂર્વ લબ્ધિ છે. ના. કોણ કહે છે? આહાહા..! આત્માની અંતર જ્ઞાનાનુભૂતિ. આત્મા આનંદસ્વરૂપનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ (છે). તેમાં બાર અંગનો અનુભવ અથવા વિકાસ તે અપૂર્વ છે, એમ નથી.

સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે બાર અંગના ક્ષયોપશમની અધિકાઈ જેને રહેશે. જોકે બાર અંગનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. સમજાય છે? બીજાને હોતું નથી. તોપણ બાર અંગના જ્ઞાનની અધિકતા નથી, એની મહિમા એને હોતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ આવી ગયું ને? વિજ્ઞાનઘનમાં આવી ગયું નહિ આપણે ઉપર? કર્તા-કર્મ. વિજ્ઞાનઘન થયો. જ્ઞાન ચૈતન્યમાં એકાગ્ર થયું, બસ, એ જ વિજ્ઞાનઘન. વિકાસ થોડો હો, અરે..! જ્ઞાનનો જવાબ દેતા ન આવડે, પ્રશ્ન-ઉત્તર ન આવડે, સમજાવતા ન આવડે. ભલે ન આવડે. પણ નિજ આત્મા જ્ઞાનાનંદનો અનુભવ છે તેને જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજાનું શું કામ છે અહીં? બીજો સમજે છે ક્યાં એનાથી? બીજાથી બીજો સમજતો જ નથી. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાવવામાં વિકલ્પ છે તેનાથી પણ આત્માને શું લાભ? વિકલ્પ છે. અને તેનાથી પરને શું લાભ? પરને કંઈ લાભ નથી. એ પર તો પોતાના પુરુષાર્થથી કામ કરે છે ત્યારે વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે. પ્રભુ! આ તો વીતરાગ માર્ગ એવી કોઈ ચીજ છે. લોકો તો એકાંત એકાંત છે, એમ લઈ જાય છે. સમ્યક્ એકાંતનું નામ જ અનેકાંત સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

કોઈ જાણશે કે આત્માનુભવ જ મોક્ષમાર્ગ છે, આત્માનુભૂતિ જ મોક્ષમાર્ગ છે, જ્ઞાનાનુભૂતિ મોક્ષમાર્ગ છે. આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે, એમ લઈને જ્ઞાનાનુભૂતિ કહ્યું. આત્માનો અનુભવ તે મોક્ષમાર્ગ છે. રાગ વ્યવહારનય. અને જ્ઞાનાનુભૂતિ જ આત્માનુભૂતિ છે. અને આત્માનુભૂતિ-જ્ઞાનાનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે. બાર અંગનું જ્ઞાન કોઈ મોક્ષમાર્ગ છે, પરમાર્થ છે એમ નથી. આહાહા..! ભારે વાત. રામસ્વરૂપજી!

'**કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' એ બરાબર કારણસર મૂક્યું છે. ઘણો મર્મ છે. અહીંયાં અનુભૂતિ જ્ઞાનની અનુભૂતિ કહેવી છે ને. આત્માનો અનુભવ, આત્માનો અનુભવ... અજ્ઞાન ભલે ન હોય, સમજ્યા? પણ બાર અંગનું વ્યવહારુ જ્ઞાન છે. એ વાસ્તવિક જ્ઞાનાનુભૂતિ નહિ. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુની અંતર સન્મુખ થઈને રાગથી ભિન્ન, કર્મથી ભિન્ન અનુભવ કરવો તે જ મોક્ષમાર્ગ છે. એ દર્શનનો વિષય તો પહેલા ૧૪મી ગાથામાં કહ્યો. ૧૫મી ગાથામાં કહેવું છે તેનો ઉપોદ્‌ઘાત કરે છે. આત્માનુભૂતિ કહો કે જ્ઞાનાનુભૂતિ કહો, ઈ બેમાં ફેર નથી. તો જ્ઞાનાનુભૂતિ કહો કે આત્માનુભૂતિ કહો. પણ જ્ઞાનાનુભૂતિમાં એમ નહિ આવવું જોઈએ કે બાર અંગનો ક્ષયોપશમ થયો તે જ્ઞાનાનુભૂતિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ!

મુમુક્ષુ :- બેય થાય તો...

ઉત્તર :- બેથી કાંઈ ન થાય. આ એક જ અનુભૂતિ મોક્ષમાર્ગ છે. બાર અંગનો ક્ષયોપશમ

તો વચ્ચે એક વૈભવ (છે). વૈભવ, વૈભવ. મુક્તિનો માર્ગ ઈ નહિ. અંતરમાં શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતા થવી તે જ મુક્તિનો માર્ગ છે–અનુભૂતિ.

'**કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' ઘણું ભણ્યો, ગણ્યો, બાર અંગ ભણ્યો તો ઓહો..! '**તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે...**' હવે જુઓ! બાર અંગમાં પણ એમ કહ્યું છે કે '**શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.**' એમ કહ્યું છે, એમાં એમ કહ્યું છે. બાર અંગમાં એમ કહ્યું છે. ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ કરો, એમ બાર અંગમાં કહ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! બાર અંગમાં એમ નથી કહ્યું કે વ્યવહાર તે મુક્તિનો માર્ગ છે. એમ બાર અંગમાં એમ નથી કહ્યું. અમારું બાર અંગનું જ્ઞાન તે મોક્ષનો માર્ગ એમ બાર અંગમાં નથી કહ્યું, એમ કહે છે. આહાહા..! શું કહે છે? જુઓ! સમજાય છે કાંઈ? બાર અંગ કોઈ અપૂર્વ લબ્ધિ નથી. બાર અંગનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. છતાં એ આ અનુભૂતિની અપેક્ષાએ અપૂર્વ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્યસ્વરૂપ આખો આનંદનો ગાંગડો, ગાંસડી, એમાં એકાકાર થઈને આત્માનો અનુભવ થવો તે જ જ્ઞાનાનુભૂતિ છે, તે જ જ્ઞાનાનુભૂતિ. આત્માનુભૂતિ અને જ્ઞાનાનુભૂતિ કોઈ જુદી વસ્તુ છે, (એમ નથી.) જ્ઞાનાનુભૂતિમાં જ્ઞાનની વિશેષતા થઈ તો જ્ઞાનાનુભૂતિ છે, (એમ નથી.) જ્ઞાનની વિશેષતા ક્ષયોપશમમાં થઈ તો જ્ઞાનાનુભૂતિ છે, એમ નથી. આહાહા..! અરે..! ભગવાન! તારા જ્ઞાનની અંતર મહિમાની વાત કરે છે. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યપ્રભુને અંતર સ્પર્શ કરીને અનુભવ કરે, બસ, એ જ એક મોક્ષમાર્ગ છે, અને તેને જ જ્ઞાનાનુભૂતિ કહે છે. આત્માનુભૂતિ–આત્માનો અનુભવ રાગ રહિત, પર રહિતનો અનુભવ મોક્ષમાર્ગ (છે), તેને જ્ઞાનાનુભૂતિ કહે છે. જ્ઞાનાનુભૂતિ તે મોક્ષમાર્ગ. બાર અંગની અધિકતા થઈ તો અહીંયાં અનુભવમાં વિશેષતા થઈ, એમ નથી. સમજાય છે કાંઈ? હિંમતભાઈ! સમજાય છે કે નહિ એમાં? જુઓ! ઈ. કળશટીકામાં આવ્યું છે આ. કળશટીકાની વાત ચાલે છે. જુઓ! '**તેમાં પણ એમ કહ્યું છે...**' ભારે પણ. 'બનારસીદાસે' કહ્યું ને? 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટક કે મર્મી.' મર્મ ખોલ્યા છે. આત્માનુભૂતિ એટલે જ્ઞાનાનુભૂતિ. અને જ્ઞાનાનુભૂતિ એટલે બાર અંગનું જ્ઞાન તે જ્ઞાનાનુભૂતિ નહિ. બાર અંગનું જે વ્યવહારુ જ્ઞાન થાય તેમાં પણ એમ કહ્યું છે કે આત્માનો અનુભવ તે જ્ઞાનાનુભૂતિ, તે એક જ મોક્ષનો માર્ગ છે. દ્વાદશાંગમાં એમ કહ્યું છે કે અમારું જ્ઞાન તે મોક્ષમાર્ગ નહિ. અને શુભરાગ અમારી તરફ ઉઠે એ પણ મોક્ષમાર્ગ નહિ. દ્વાદશાંગમાં એમ કહ્યું છે. ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર પરમાત્મા દેવાધિદેવે બાર અંગમાં એમ ફરમાવ્યું છે કે ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ.. એક મંડુક–દેડકો પણ જ્ઞાનાનુભૂતિ કરે છે. નવ તત્ત્વના નામ પણ ન આવડે. ઓહોહો..! જ્ઞાનાનુભૂતિ મોક્ષમાર્ગ છે, એમ અહીંયાં બતાવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન હો, શબ્દની સાથે શું સંબંધ છે? એને ઉઘાડ હોય તો એની સાથે શું સંબંધ છે? એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** કોઈ પ્રતિબંધ નથી એને કે વાંચવું. બધો સાર આવી ગયો. સમજાય છે કાંઈ? આહાહા..! સેઠી! શું છે? કડક કહે છે. કાઢી નાખો આ ફેરફાર છે. હવે કાઢી નાખીશ તું, સાંભળને. આત્મા નીકળી જશે. આ તો વસ્તુની સ્થિતિ કહે છે. **'શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** આ શ્લોકનો અર્થ છે ને કળશટીકામાં? કળશટીકા તો તમે લઈ ગયા છો. તમે વાંચતા નથી. વાંચે ક્યાં? વખત ક્યાં મળે? ઘરમાં કોઈ વાંચે છે કે નહિ? લાલચંદજી કે કોઈ? દાંત કાઢે છે, લ્યો. ન્યાં સંગ્રહી રાખવા? પૈસા સંગ્રહી રાખ્યા એમ આ પુસ્તક સંગ્રહી રાખવા? પાના ખોલીને વાંચવું. આ સમજાતું નથી. અહીં આવે તો (ખબર પડે કે) આનો અર્થ તો બીજો થયો, આપણે તો બીજું કાંઈક સમજતા હતા. એમ મેળવણી થાય તો કંઈક મહિમા આવે. કહો, અમરચંદભાઈ! અમરચંદભાઈ ન્યાંથી-ઘરેથી વાંચીને આવે છે, હોં! આહા..!

ભાઈ! પ્રભુ! તારા માર્ગ કોઈ અલૌકિક છે! એમાં પરની અપેક્ષા રાગાદિ, ઉઘાડ આદિની, એ કાંઈ મોક્ષમાર્ગ છે? કહે છે. દ્વાદશાંગમાં ભગવાને, શ્રુતકેવળીના જ્ઞાનમાં પણ એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? ભાઈ! બાર અંગનો સાર અને બાર અંગમાં કહ્યું કે તું ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યજ્યોતનો અનુભવ, જ્ઞાનની અનુભૂતિ (તે મોક્ષમાર્ગ છે). ક્ષયોપશમ ભલે પરને જાણવાનો થોડો હોય, પણ પોતાના જ્ઞાનનો અનુભવ કરે છે તે જ મોક્ષમાર્ગી છે. સમજાય છે કાંઈ? આ તો કોઈ આત્માના અનુભવ વિના જ્ઞાનના ક્ષયોપશમને અધિક માની લે, એને તો બાર અંગનું જ્ઞાન હોતું નથી, પણ નવ પૂર્વ અને અગિયાર અંગ હોય અને માની લે કે આપણને તો ઘણું જ્ઞાન થયું, ઘણું જ્ઞાન થયું. મિથ્યાદૃષ્ટિ છે. એ મહિમા, બાહ્ય લક્ષી ક્ષયોપશમજ્ઞાનની મહિમા આવી, એમ કહે છે. એ.. નેમચંદભાઈ! સમજ્યા? આહાહા..!

જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ હો, માટે તે આત્માર્થી છે અને જ્ઞાનનો ધર્મ તેને પ્રગટ થયો છે, એમ નથી. અને જ્ઞાનનો ક્ષયોપશમ થોડો હોય પણ અનુભૂતિ છે તો મોક્ષમાર્ગ છે, મોક્ષમાર્ગી છે. આહાહા..! અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે. આહાહા..! આ તો હજી જેમ પૈસાની મહિમા, બાયડી, છોકરાની મહિમા (આવે), એમ અહીંયાં ક્ષયોપશમની મહિમા ઊડાવી દ્યે છે. પરલક્ષી ક્ષયોપશમની મહિમા ઊડાવી દ્યે છે. સમજાય છે કાંઈ? (પરલક્ષી ક્ષયોપશમની) મહિમા ઊડાવે દે છે.

મુમુક્ષુ :- શાસ્ત્રનો અભ્યાસ..

ઉત્તર :- શાસ્ત્રનો અભ્યાસ કરે ઈ તો કરે. નથી કર્યો ઈ કરતાં કરે. ઈ આવે ઈ જુદી

વાત છે પણ તેનાથી આત્માનો અનુભવ અને મોક્ષમાર્ગ છે, એમ વાત નથી. શું છે?

મુમુક્ષુ :- ઓળખવા ..

ઉત્તર :- ઓળખવા કીધા ને અહીંયાં? હમણાં ૭૫મી ગાથામાં બપોરે શું આવે છે? કાલથી તો હજી આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? બરાબર ૭૫માં આવ્યા છો. ગાથા ઊંચી છે. આમાં બધી ગાથા ઊંચી છે. ૭૫, ૭૬ બહુ સારી છે. બરાબર (આવ્યા છો). ઈ ચાર ગાથા, પાંચ ગાથા તો એવી આવશે.. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ?

'**પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ ખરેખર જ્ઞાનની...**' અહીં વજન ઈ દેવું છે. '**आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या ज्ञानानुभूतिरियमेव किलेति बुद्धवा।**' આહા..! એ તો આત્માનો અંતર અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ છે. જ્ઞાનની અનુભૂતિ કહી માટે ક્ષયોપશમજ્ઞાનની મહિમા કરાવે છે એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? '**એમ જાણીને તથા આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને,...**' જુઓ! આમ જાણીને '**आत्मानमात्मनि**' આત્મામાં આત્માને. આત્મામાં આનંદકંદ શુદ્ધમાં આત્માને- નિર્વિકલ્પ દશાને સ્થિર કરીને. '**સ્થાપીને, સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું.**' સદા સર્વ ... એક જ્ઞાનઘન આત્મા છે એમ અનુભવવું. દેખવાનો અર્થ અનુભવવું. એમ અંતરમાં એક જ્ઞાનઘન ચૈતન્યસ્વરૂપ ચૈતન્યસૂર્ય જ્ઞાનઘન વિજ્ઞાનઘન છે તેને અનુભવવો, તેનું નામ જ આત્માની અનુભૂતિ કહે છે. તેનું નામ જ્ઞાનાનુભૂતિ કહે છે. સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ? જયંતિભાઈ! ત્યાં તો વ્યાખ્યાન કરતા, ઝપટ બોલાવતા. ભારે વ્યાખ્યાની! આહાહા..! વ્યાખ્યાન ન કરતાં આવડે એટલે એને આત્માની અનુભૂતિ હોય તો એ નહિ. વ્યાખ્યાન કરતા એ તો બીજી ચીજ છે, વિકલ્પ છે અને વાણીની લીલા છે. આત્માની લીલા ક્યાં એમાં આવી? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- લાખ, પાંચ-દસ લાખ આવે, એમાં આત્મામાં શું (આવ્યું)? દસ લાખ માણસ સાંભળે. અઢી-અઢી લાખ, ત્રણ-ત્રણ લાખ માણસ સાંભળે, અહીં જવાહરલાલજી આવતા ત્યારે. જવાહરલાલનું શું, સમજવા જેવું હતું. પરલોકને માનતા હતા કે નહિ, સમજવા જેવું હતું. લોકો તો બધા ઘેટા બધા ભેગા થાય. ઘેટા સમજ્યા ને? ભેડિયા. ચાલે, એમાં શું છે? પાંચ-પાચ લાખ, દસ-દસ લાખ માણસ. ગાંધીજીની સભામાં કહેતા કે દસ-દસ લાખ (માણસ). આ તમારે શું કહેવાય? આઝાદ મેદાન આપણે હતું ને? આપણે વ્યાખ્યાન કરતા ઈ. દસ-દસ લાખ માણસ. લાલબહાદુર આવ્યા ત્યારે હમણાં આવ્યા હતા, કહે છે. ગુજરી ગયા પહેલાં. દસ લાખ માણસ. એમાં શું થયું પણ? છે એમાં શું? અને બોલતા આવડ્યું એમાં શું? આ તો જૂઠી લૌકિક લાઈન છે, પણ શાસ્ત્ર વાંચીને બોલે એમાં શું? સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, જેને આત્માના અનુભવથી વધારે બાહ્ય ક્ષયોપશમની મહિમા આવે છે. તેને આત્માની અનુભૂતિની મહિમા છે જ નહિ. અંદરમાં એની મહિમા છે નહિ. એ તો બહારની મહિમા ગાય છે. સમજાય છે કાંઈ? પોતાના '**આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને,...**' બસ, ઈ અનુભૂતિ તે આત્મા. એ બાર અંગના જ્ઞાનમાં કહેલો ભાવ. '**સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું.**'

**ભાવાર્થ :-** '**પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું;...**' ૧૪મી માં. '**હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે...**' બસ, વાત તો એક જ છે. સમ્યગ્દર્શનને મુખ્ય કરીને ૧૪મી ગાથામાં કહ્યું, આ '**જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે.**' એ ૧૫મી ગાથામાં કહેશે.

'**હવે, આ અર્થરૂપ ગાથા કહે છે :-**'

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

આ..હા..હા..! જેણે આત્મા આવો અનુભવ્યો તેણે આખું જૈનશાસન જોયું, કહે છે. આખું જિનશાસન જોયું. સમજાય છે કાંઈ? ઓહો..હો..! કથનની પદ્ધતિ તે પણ મૂળ માર્ગને ટચ કરે એવી 'કુંદકુંદાચાર્ય'ની રીત.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્માને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

પાઠમાં.. જુઓ! પહેલાં અર્થ લઈએ. કારણ કે (ટીકા)માં દ્રવ્યશ્રુત નહિ આવે. ટીકામાં તો એકલું ભાવશ્રુત જ આવશે. અન્વયાર્થ લો.

**અન્વયાર્થ :-** '**જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ,...**' ૧૪મીમાં કહ્યા હતા તે જ શબ્દ છે. '**અનન્ય,...**' આકૃતિનું અનેરાપણું નહિ. '**અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત)...**' લઈ લેવા. આ ગાથાપર મોટી ચર્ચા થઈ હતી. આમાં ત્રણ બોલ છે તો કંઈક વિશેષતા છે, ફલાણું છે.. ફલાણું છે એમ ચાલતું હતું. વિશેષતા કંઈ નથી. એ તો બીજો '**अपदेससंत**' શબ્દ આવ્યો છે તો બીજા બે બોલ સંકેલી લીધા છે. નહિતર પાંચે બોલ છે. ૧૪મી ગાથામાં જેમ કહ્યું છે તેવા પાંચેય છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં છે. ટીકામાં આવશે, જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં છે.

ભગવાન આત્મા.. પહેલાં દર્શનપ્રધાનતાથી કહ્યું હતું. કર્મના સંબંધ વિનાનો, આકૃતિ દ્રવ્યની વ્યંજનપર્યાય અનેક અનેકતાથી રહિત, અર્થપર્યાયની હિનાધિકતાથી રહિત, ગુણભેદથી રહિત સામાન્ય અને આકુળતાથી રહિત અનાકુળ, એટલું. એવા આત્માની અનુભૂતિને સમ્યગ્દર્શન કહ્યું હતું. જે એવા પાંચને દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે, લો. સમજાય છે કાંઈ? '**કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.**'

જૈનશાસન બાહ્ય દ્રવ્યશ્રુતમાં પણ આમ કહ્યું છે. દ્રવ્યશ્રુતમાં આમ કહ્યું છે. ભાવશ્રુત તો જે અનુભવ છે તે ભાવશ્રુત છે. શું કહે છે ઈ શબ્દ મૂકીને? '**अपदेस**' નીચે આપણે કર્યું છે. '**अपदेससुतमज्झं**'. દ્રવ્યશ્રુત, '**सान्त**' જ્ઞાનરૂપ ભાવશ્રુત. દ્રવ્યશ્રુતમાં પણ ઈ કહ્યું છે. ભગવાનની વાણીમાં. અહીંયાં બાર અંગમાં આવ્યું ને? બાર અંગમાં દ્રવ્યશ્રુતમાં પણ ઈ કહ્યું છે કે તારો અનુભવ એ જ આત્માનુભૂતિ તે મોક્ષમાર્ગ અને જ્ઞાનાનુભૂતિ. અને અનુભૂતિ તે ભાવશ્રુત, ઈ જૈનશાસન પ્રત્યક્ષ છે. શું કહ્યું?

શાસ્ત્ર જે દ્રવ્યશ્રુત છે એમાં આત્માની અનુભૂતિ-જ્ઞાનાનુભૂતિને અનુભવ કહ્યું, મોક્ષમાર્ગ કહ્યો. એ દ્રવ્યશ્રુતમાં નિમિત્તમાં કથન પણ અંદરમાં આવા આવ્યા છે. એવું વાચ્ય પ્રગટ થયું તેને ભાવ જૈનશાસન કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દ્રવ્યશ્રુત ક્યાંથી મોટું આવ્યું? અહીં તો કહે છે કે વ્યવહાર દ્રવ્યશ્રુત જે આવ્યું એમાં પણ શું કહ્યું? કે આત્માની અનુભૂતિ કરવી એમ દ્રવ્યશ્રુતમાં કહ્યું. એ જે કળશટીકામાં અનુભૂતિ આવી ગઈ તે. ઈ તો એમણે બરાબર મેળ મેળવ્યો છે. ભારે ટીકા! મર્મની ટીકા કરી છે!! વર્તમાન પોતાના અભિમાન આડે, પહેલાંના પંડિતનો જે મર્મ છે તેની મહિમા આવતી નથી. સમજાય છે કાંઈ? પહેલેથી એણે લઈ લીધું. બાર અંગમાં એમ કહ્યું છે. એમ અહીં '**अपदेस**' શબ્દમાં બાર અંગમાં એમ કહ્યું. કથનમાં ઈ આવ્યું છે. અંતર અખંડ અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ તે જ્ઞાનાનુભૂતિ. તેનાથી સમસ્ત જિનશાસન ભાવશ્રુત પ્રગટ થયું. ભાવશ્રુતથી એમ જાણ્યું. તે ભાવશ્રુત જૈનશાસન છે. સમજાય છે કાંઈ? જૈનશાસન કોઈ દ્રવ્ય નહિ, હોં! દ્રવ્ય તો એમ જોયું. પણ જોયું એવું જે ભાવશ્રુતજ્ઞાન તે જ જૈનશાસન છે. ભાવશ્રુતજ્ઞાન વીતરાગી જ્ઞાન થયું એમ કહે છે. દ્રવ્યશ્રુત જ્ઞાનમાં એમ કહ્યું હતું કે તારો આત્મા પૂર્ણાનંદ અખંડ અભેદનો અનુભવ કરો. એ અનુભવ થયો, ભાવશ્રુત થયું તે જૈનશાસન છે. સમજાય છે કાંઈ? અને દ્રવ્યશ્રુતમાં તે જ જૈનશાસનનું કથન છે. આહાહા..! જુઓ! કોઈ કહે કે જૈનશાસનમાં કરણાનુયોગમાં જુદું કથન છે ને ચરણાનુયોગમાં જુદું છે, દ્રવ્યાનુયોગમાં જુદું છે અને કથાનુયોગમાં જુદું છે, એમ નથી.

દ્રવ્યશ્રુત ચાર અનુયોગમાં એમ કહ્યું છે કે ભગવાન આત્માની સન્મુખ થઈને અનુભવ કરો તે જ મોક્ષમાર્ગ છે. બાર અંગમાં ચાર અનુયોગમાં ઈ કહેવામાં આવ્યું છે. બાર અંગમાં બીજા કોઈ અનુયોગ રહી જાય છે? આહાહા..! સમજાય છે કાંઈ? અત્યારે કહે છે ને? પહેલાં પ્રથમાનુયોગમાં આવું છે. એમાં આ કહ્યું છે. '**अपदेससंत**' વીતરાગની જે બાર અંગની વાણી આવી, દિવ્યધ્વનિમાં એમ આવ્યું. ત્રિલોકનાથ પરમેશ્વર. સમજાય છે?

'**अपदेस**' કથન દ્રવ્યશ્રુત વીતરાગની વાણી આમ આવી અને એના શાસ્ત્રની રચના થઈ. ગણધરે એ બાર અંગમાં એમ કહ્યું છે. અનુભવ આત્મા અંતર સ્વરૂપ રાગથી રહિત, ભેદથી

રહિત સ્વભાવનો અનુભવ ચૈતન્યમૂર્તિની અનુભૂતિ કરો. એનું નામ ભાવશ્રુત, એનું નામ ભાવ જૈનશાસન છે. એવા ભાવ જૈનશાસનનું કથન દ્રવ્યશ્રુતમાં આ કથન આવ્યું છે. ચાહે જેટલી દ્રવ્યશ્રુતની વાણી હો. કથાની, કરણાનુયોગની.. સમજાણું? ચરણાનુયોગની, પણ એમાં આ આવ્યું છે. આહાહા..! ચાહે કોઈપણ શાસ્ત્ર હો, એમાંથી આ કાઢવું જોઈએ કે કોઈપણ શબ્દમાં, શાસ્ત્રના શબ્દમાં, અનુભૂતિ કરવી તે જ એમાં આવ્યું છે. કોઈ કહ્યું હોય કે આ રાગ છે. પણ એ રાગ સમજાવ્યો છે તો એ રાગથી ખસીને અનુભૂતિ કરવી, તેને માટે રાગ સમજાવ્યો છે. કોઈપણ સૂત્ર, કોઈપણ ગાથા, કોઈપણ શાસ્ત્ર, કોઈપણ વાર્તા. સમજાય છે કાંઈ? એમાં એ કહ્યું છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, દ્રવ્યશ્રુતમાં ચારેય અનુયોગમાં, દિવ્યધ્વનિની વાણીની રચનામાં અને વાણીમાં. સમજાય છે કાંઈ? ભગવાન આત્માનો અનુભવ કરો. તે જ મોક્ષમાર્ગ છે, તે એક જ મોક્ષમાર્ગ છે, તે જ મોક્ષમાર્ગ છે, એમ વાણીમાં આવ્યું છે.

જુઓ! કોઈ કહે છે ને કે 'ટોડરમલે' બે મોક્ષમાર્ગ કહ્યા છે. અહીં ના પાડે છે. ખોટું છે. પણ આ બાર અંગમાં એક જ મોક્ષમાર્ગ (કહ્યો છે), ભાઈ! આ શું કહે છે? આહાહા..! અરે..! ભગવાન! બાપુ! તને હજી બહારની વાત જ આવી જ્યાં અંતરની આવે ઈ ગોઠતી નથી, રુચતી નથી ત્યાં અંદર નહિ પહોંચી શક, ભાઈ! આહાહા..! આવા ને આવા અવતાર કરીને મરી ગયો. શાસ્ત્રના બહાને થાપ-ઉથાપ કરી ખોવાઈ ગયો. ખોવાઈ ગયાને શું કહે છે? ખો દિયા, આત્મા કો ખો દિયા. સમજાય છે કાંઈ? ખો દિયા. આહાહા..!

૧૫મી ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના શ્રીમુખે એવી વાણી આવી કે જે દ્રવ્યશ્રુત છે, અમે જે શ્રુત કહીએ છીએ, ભગવાને જે શ્રુત કહ્યું, ચાર અનુયોગ કહ્યા, તો એમાં બારેય અંગમાં મૂળભૂત સારભૂત એમ આવ્યું છે કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરો. દ્રવ્યશ્રુતને છોડો, વિકલ્પ છોડો, એનું લક્ષ છોડો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધું થઈ રામાયણ ગયું. થઈ ગઈ રામા રામડી. સમજાય છે કાંઈ? પેલો કહે કે, કેટલી રામાયણ વાંચી? ખબર નથી? કે રાવણે લીધી રામડી, આ રામે તોડી ગામડી, થઈ ગઈ રામા રામડી. એટલામાં રામાયણ આવી ગઈ? એટલામાં આવી ગઈ. આ લંકાએ લીધી રામડી. રામડી એટલે સીતા. રાવણે લીધી રામડી, રામે મારી ગામડી, થઈ ગઈ રામા રામડી. રામ રામડી ભેગા થઈ ગયા. સીતા અને રામ. એ.. શેઠ! આખી રામાયણમાં એમ કહેવું હતું. શોભાલાલજી! ભાષા પાછી એવી છે, રાવણે લીધી રામડી. રામડી એટલે સીતા. આ રામે મારી ગામડી. લંકા તોડી. થઈ ગઈ રામા રામડી. સીતા રામ પાસે આવી ગયા, જાઓ. રામાયણ પૂરી થઈ ગઈ. સમજાય છે કાંઈ?

એમ બાર અંગમાં ભગવાન આત્માની એકાગ્રતા કરવી. થઈ ગયો બધા શાસ્ત્રનો સાર.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૦, રવિવાર, તા. ૯-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૫, પ્રવચન નં. ૭૧**

જુઓ! શું કહે છે? આ આત્માને કર્મના બંધના સંબંધથી ભિન્ન અને વિકારના પરિણામથી પણ ભિન્ન, આકૃતિ-દ્રવ્યના પર્યાયની અનેક આકૃતિ થાય છે તેનાથી પણ ભિન્ન અને પર્યાયમાં અવસ્થામાં હિનાધિકતા થાય છે તેનાથી ભિન્ન (અને) એકરૂપ એવા આત્માને અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવે તેનું નામ અનુભૂતિ-ભાવશ્રુત અને જૈનશાસન કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં પણ ઈ કહ્યું છે. ચાર અનુયોગમાં પણ એ કહ્યું. ચાહે તો કરણાનુયોગ હો. '**अपदेससंत**' શબ્દ છે. ચાહે તો કરણાનુયોગ હો, ચરણાનુયોગ હો, કથાનુયોગ હો, દ્રવ્યાનુયોગ હો, ભગવાનની વાણીમાં જે અનુયોગ આવ્યા એમાં સારરૂપ આ કહ્યું કે આ ભગવાન આત્મા અનંત અનંત બેહદ અપરિમિત જ્ઞાન-દર્શનના સાગર સ્વરૂપ (છે). પર્યાયના ભેદથી, સંયોગના સંબંધથી રહિત અભેદ ચૈતન્યનો અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન. એ તો ૧૪મી ગાથામાં કહ્યું. અહીં તો કહે છે, અનુભૂતિનું નામ જ ભાવશ્રુત, શુદ્ધઉપયોગ અને તે જ જૈનશાસન, તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (છે). સમજાય છે કાંઈ? આ જ્ઞાનપ્રધાનતાથી કથન છે. અનુભૂતિ.

શાસ્ત્રમાં પણ એ કહ્યું અને વાચ્યમાં પણ એ આવ્યું. સમસ્ત જૈનશાસનનો સાર (આ છે). તો જૈનશાસન શું? જૈનશાસન કોઈ દ્રવ્ય-ગુણ નથી, જૈનશાસન કોઈ રાગ નથી, જૈનશાસન કોઈ સંયોગમાં રહેતું નથી. જૈનશાસન વ્યવહાર રાગનો વિકલ્પ (નથી). જુઓ! વ્યવહાર રત્નત્રય એ જૈનશાસન નથી, એમ અહીંયાં કહેવું છે. સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! આ પ્રતિમા ને આ મૂર્તિ ને આ બધા પૂજા ને દાન ને દયા, એ ભાવ જૈનશાસન નહિ. એ રાગાદિ આવે છે તેને ઉપચારથી વ્યવહારથી જૈનશાસન કહેવામાં આવે છે. વ્યવહારથી એ .. નાખ્યું ને વળી પાછું. સમજાય છે કાંઈ? શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ, દયા, દાન કે પંચ મહાવ્રત આદિના પરિણામ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, જ્ઞાન અને મહાવ્રત-એ બધાને ઉપચાર, વ્યવહાર આરોપિત જૈનશાસન કહેવામાં આવે છે. ક્યારે? કે જો નિશ્ચય જૈનશાસન પ્રગટ થયું હોય તો. સમજ્યા? બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે, હોં! માણેકચંદજી! આ બીડીમાં તો કંઈ ધ્યાન ન રાખે તોય સમજાય. એમાં કાંઈ (નથી), ઈની ઈ વાત આખો દિ'. આટલા લેવાના ને આટલા દેવાના. એમાં કાંઈ મગજનું કામ છે? એમાં કાંઈ ધૂળ જેવું મગજ નથી. ગણતરીની વાતું કરે. આમ થયું ને પાંચ લાખ આવ્યા ને દસ લાખ આવ્યા ને ધૂળ લાખ આવ્યા.

ભગવાન આત્મા એક સમયમાં અનંત વીતરાગ સ્વભાવથી ભરેલો પૂર્ણ (છે). હવે આ

અબદ્ધસ્પૃષ્ટની વ્યાખ્યા આવી. કર્મના સંબંધથી રહિત, પુણ્ય-પાપના રાગ રહિત, ભેદ રહિત, પૂર્ણ વીતરાગ અવિકારી સ્વભાવ સમભાવી સ્વભાવથી ભરેલો આત્માનો અનુભવ. એનો અનુભવ વીતરાગી પર્યાય શ્રુતજ્ઞાન અને તેને જૈનશાસન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**'જે આ અબદ્ધસ્પૃષ્ટ,...'** ભગવાન કર્મના બંધ અને સ્પર્શથી રહિત (છે). **'અનન્ય,...'** અન્ય અન્ય નારકી, દેવાદિની જે પર્યાય-વ્યંજનપર્યાય દ્રવ્યની દેખાય છે, તેનાથી રહિત અનન્ય એકરૂપ. **'નિયત,...'** પર્યાયમાં જ્ઞાનાદિની, દર્શનાદિની હિનાધિકતા દેખાય છે, તેનાથી રહિત નિયત નામ એકરૂપ. **'અવિશેષ...'** ગુણભેદ વિકલ્પમાં આવે છે કે આ જ્ઞાન છે, આ દર્શન છે. એવા ભેદથી રહિત અવિશેષ સામાન્ય રૂપ. **'અને અસંયુક્ત...'** વિકલ્પની આકુળતા-દુઃખથી રહિત. **'એવા પાંચ ભાવોસ્વરૂપ...'** એવા પાંચ ભાવસ્વરૂપ. પાંચ ભાવસ્વરૂપ (કહ્યું) પણ છે એક સ્વરૂપ, હોં! પાછા પાંચ ભાવ પ્રકાર (એમ નહિ). અહીં તો પાંચ ભાવસ્વરૂપ એક સમયમાં એકરૂપ (કહેવું છે). સમજાય છે કાંઈ?

**'એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ...'** અર્થાત્ ભગવાન આત્મા કર્મ સંબંધથી રહિત-એક બોલ. ભેદથી રહિત-બીજો બોલ. પણ એક સમયમાં સાથે છે, હોં! ક્રમ નથી. નિયત નામ અનિયતથી રહિત નિયત, વિશેષ રહિત સામાન્ય, સંયુક્તપણાથી રહિત અસંયુક્ત. છે એક સમયમાં પાંચ બોલ. પરથી રહિત એક સ્વરૂપ ભગવાન આત્મા, એકસ્વરૂપી આત્માની અનુભૂતિ-તેનો અનુભવ. અહીં જ્ઞાનપ્રધાન કથન છે ને. તેનો ભાવશ્રુતજ્ઞાનમાં અનુભવ. શાસ્ત્રજ્ઞાન પરથી થાય, એ નહિ. સમ્યગ્જ્ઞાન, જે ભાવશ્રુત, જે સમાધિરૂપ, શાંતિરૂપ (છે) એવા ભાવશ્રુત દ્વારા ત્રિકાળ ચૈતન્યને અનુભવમાં-અનુભૂતિમાં લેવો એ અનુભૂતિ **'નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...'** એ અનુભૂતિ.. ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ અભેદ છે તેનો અભેદ અનુભૂતિનો ભાવ-ભાવશ્રુતજ્ઞાન, એ નિશ્ચયથી **'અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...'** સમજાય છે કાંઈ?

જુઓ! આખું જિનશાસન કોને કહે છે? જૈનશાસન એ પર્યાય છે, વીતરાગી પર્યાય છે. સમજાય છે કાંઈ? જૈનશાસન કંઈ બહાર રહેતું નથી. આત્મામાં જે અનંત શુદ્ધતા, આનંદ છે, પૂર્ણાનંદ પ્રભુના આશ્રયથી પરના ભેદથી રહિત, અભેદ અનુભૂતિ ભાવ-ચૈતન્યસ્વભાવભાવનો ભાવશ્રુતમાં અનુભૂતિ થવી, અનુભવ કરવો, વીતરાગી પર્યાયનો શાંતિનું શ્રુતજ્ઞાનની પર્યાયમાં વેદન કરવું તેનું નામ જૈનશાસન, જૈનધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

આત્માની અનુભૂતિ. ભગવાન આત્મા કોણ ત્યારે? અહીં બે શબ્દ પડ્યા છે ને? આત્માની અનુભૂતિ. ભગવાન આત્મા એકલો સમસ્વભાવ શાંત સમાધિ સ્વરૂપથી પૂર્ણ ભરેલો છે. તેની સન્મુખ રાગાદિ ભેદથી વિમુખ, સ્વભાવના એકત્વથી આત્માનો અનુભવ કરવો, વેદનમાં શાંતિનું આવવું અને શુદ્ધઉપયોગ (થવો), અંતર દ્રવ્યમાં લાગી જવું તેની અનુભૂતિ છે તે નિશ્ચયથી

સમસ્ત જિનશાસનની અનુભૂતિ, એ સમસ્ત જિનશાસનની દશા (છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જિનશાસન એટલે વીતરાગી ભાવ. જિનશાસન એટલે વીતરાગી ભાવ. જિનશાસન, જિનની શિખામણ, જિનનું જ્ઞાન, વીતરાગી જ્ઞાન. સમજાય છે કાંઈ? વાત જરી સૂક્ષ્મ છે, હજી આવશે.

આત્મા જ, જૈનશાસનની પર્યાયનો-અનંત પર્યાયનો પિંડ આત્મા છે. આહાહા..! શું કહે છે સમજાય છે? આ તો ભાવશ્રુતની પ્રગટ પર્યાયને જ જૈનશાસન કહે છે. પણ એવી એવી ભાવશ્રુત પર્યાય આત્મામાં ઘણી બધી છે. અને કેવળજ્ઞાનની પર્યાય એમાં પડી છે. અહીં તો હજી શાસન ભાવશ્રુતને કહે છે. સાધકદશામાં લેવું છે ને. સમજાય છે કાંઈ? પોતાનો જ્ઞાનઉપયોગ જે પર તરફ અનાદિથી ઝુકેલો છે, તે જ્ઞાનને અંતરમાં વાળીને શુદ્ધ ધ્રુવમાં એકત્વ થવું, તે પર્યાય જે પ્રગટ થઈ તેનું નામ આત્માની અનુભૂતિ, આત્માને અનુસરીને થનારી વીતરાગી જ્ઞાન અને વીતરાગ દશા. એ ખરેખર સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે. વીતરાગી જ્ઞાન અને વીતરાગી દશા. ભાવશ્રુત વીતરાગી જ્ઞાન છે. દ્રવ્યશ્રુત છે તે વિકલ્પાત્મક રાગાદિ છે. આહાહા..! ખુબી તો ઈ કહે છે, અહીંયાં વ્યવહાર છે તે જૈનશાસન નથી, એમ કહે છે. ભાવ વ્યવહાર હો, પણ એ વ્યવહાર ઉપચારથી, વ્યવહારથી, અભૂતાર્થનયથી તેને શાસન કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો પર્યાયમાં બે ભેદ બતાવે છે. વસ્તુ તો ભૂતાર્થ (છે).

ભગવાન આત્મા પૂર્ણાનંદ અનંત અનંત આનંદ, અનંત અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત શ્રદ્ધા, સ્થિરતા સમાધિસ્વરૂપ (છે). એ તરફનો આદર કરવો એ તો મહાન ભાવશ્રુતની અનંત અપરિમિત, પર્યાયમાં પણ અનંતી પુરુષાર્થ ગતિ છે. સમજાય છે કાંઈ? સૂઝ કંઈ પડે નહિ કે આ શું કરવાનું છે? બહારનું કરવું નહિ, રાગનું કરવું નહિ, દ્રવ્યશ્રુતનું ભણવું એ પણ નહિ, પંચ મહાવ્રતના વિકલ્પ એ જૈનશાસન નહિ. સેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાવ સીધો આવે છે, દ્રવ્યશ્રુત ભણ્યા વિના. એમ છે. સમજાય છે કાંઈ? દ્રવ્યશ્રુતનું જે લક્ષ થયું તે લક્ષ છોડીને, લક્ષ છોડીને સ્વનું લક્ષ કરે તો ભાવશ્રુત થાય છે. તેને સાથે લઈને ભાવશ્રુત થતું નથી. સેઠી! ભારે વાત, ભાઈ!

'**તે નિશ્ચયથી સમસ્ત...**' '**સમસ્ત જિનશાસન...**' એટલી ભાષા છે ને. સમસ્ત શબ્દ પડ્યો છે ને? '**जिणसासणं सव्वं**' સમસ્ત જિનશાસન. ઓહો..હો..! પર્યાય ભાવશ્રુત અને રાગરહિત સમાધિ અને શાંતિ. સ્વભાવ સન્મુખથી એ અનુભવ ઉત્પન્ન થયો, તે જ અનુભવ જૈનશાસનની અનુભૂતિ (છે). સમસ્ત જૈનશાસન એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? કેમ? '**કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે,...**' ભાવ અનુભવ થયો,

શ્રુતજ્ઞાન થયું-ભાવશ્રુતજ્ઞાન થયું, એ ભાવશ્રુતજ્ઞાનથી આત્માનો અનુભવ થયો, એ ભાવશ્રુત આત્મા જ છે. જુઓ! અહીં ભાવશ્રુતની પર્યાયને અભેદ કરીને આત્મા કહ્યું છે. આહાહા..! ૧૪મી ગાથામાં પણ આવ્યું હતું ને? અનુભૂતિ કહો, આત્મા કહો કે શુદ્ધનય કહો. ત્રણે આવ્યા હતા. પાઠમાં આવ્યું હતું. ધીરેથી સમજવાની ચીજ છે. આ ૧૫મી ગાથા તો એવી સૂક્ષ્મ છે. પહેલેથી પંદર, હોં! આ પંદરમી છેલ્લે આવી છે.

'**કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે,...**' અને શ્રુતજ્ઞાન જૈનશાસનની અનુભૂતિ અને શ્રુતજ્ઞાન તે નિશ્ચયથી આત્માનો અનુભવ, શ્રુતજ્ઞાન આત્માનો મોક્ષનો માર્ગ તે જ જૈનશાસન. સ્વયં, '**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે,...**' શું કહે છે? પેલા દ્રવ્યશ્રુતથી ઉત્પન્ન નથી થયું, એમ કહે છે. દ્રવ્યશ્રુતથી ભાવશ્રુત ઉત્પન્ન નથી થયું. કારણ કે એ શ્રુત સ્વયં આત્મા છે, દ્રવ્યશ્રુત સ્વયં આત્મા નથી. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ? '**તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ...**' આ કારણે જ્ઞાનનો અનુભવ '**તે જ આત્માની અનુભૂતિ છે.**' તે જ આત્માનો અનુભવ છે. જ્ઞાનનો અનુભવ, જ્ઞાનનો અનુભવ એ જ આત્માનો અનુભવ છે. કહો, સમજાય છે કાંઈ? એટલો તો પાઠનો અર્થ કહ્યો. સમજાય છે કાંઈ? '**अपदेससंत**'ને યાદ ન કર્યું. કારણ નથી. કારણ કે એ તો શાસ્ત્રમાં એમ કહ્યું છે એ ભાવની વાત કરી. બસ, એક નિશ્ચયની વાત કરી. '**अपदेस**' શાસ્ત્રમાં શું કહ્યું એ વાત ન લીધી. આ ભાવ છે એ શાસન છે, એમ કહ્યું. એનો અર્થ જ એ થયો ને કે વાણીમાં એ જ આવ્યું. દિવ્યધ્વનિમાં ઈ આવ્યું. સમજાય છે કાંઈ?

'**પરંતુ...**' છે તો આમ, હોવું તો આમ જોઈએ '**પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...**' શું કહે છે? શાંતિભાઈ! શાંતિભાઈએ ધ્યાન રાખ્યું, શું શબ્દ આવ્યો વળી? વકીલ છે ને, વકીલ. '**સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ...**' અર્થાત્ સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવની વ્યાખ્યા-આત્મા જે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ સામાન્ય છે તે તરફ લક્ષ કરી, જ્ઞેય તરફનું લક્ષ છોડી, ઈન્દ્રિયજ્ઞાનનું લક્ષ છોડી, પરનું-ભેદનું લક્ષ છોડીને, ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ તરફનું જ્ઞાન થયું, એ જ્ઞાન થયું તેને સામાન્ય જ્ઞાન કહે છે. અહીંયાં સામાન્ય ત્રિકાળીની વાત નથી.

મુમુક્ષુ :- ફરીથી.

ઉત્તર :- ફરીથી કહીએ છીએ ને. મૂકી નહિ દઈએ ઝટ દઈને.

'**હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...**' સામાન્ય જ્ઞાનનો અર્થ, ત્રિકાળી ધ્રુવ સ્વભાવનું પ્રગટપણું એ નહિ. સમજાય છે કાંઈ? સામાન્યનો અર્થ કે પોતાનું જે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ છે તેના આશ્રયથી, ઈન્દ્રિયના લક્ષથી, પરથી છૂટી, પરથી, ઈન્દ્રિયથી, ઈન્દ્રિયના ભેદજ્ઞાન-ભેદ એટલે ભિન્ન ભિન્ન, તેનાથી છૂટી નિજ જ્ઞાયક સ્વરૂપ તરફ એકાકાર થઈને જે પર્યાય પ્રગટ થઈ તેને અહીંયાં સામાન્ય જ્ઞાન પર્યાયને કહે છે. કાંતિભાઈ! વીતરાગી પર્યાય.

શું કહે છે સમજાય છે?

'**ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...**' અર્થાત્ નિજ દ્રવ્ય શુદ્ધ ચૈતન્યના આશ્રયથી-અવલંબનથી-અભેદથી જે પર્યાય પ્રગટ થઈ તે પર્યાયને અહીંયાં સામાન્ય જ્ઞાન, વીતરાગી પર્યાય, ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? '**સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...**' શું ધર્મચંદજી! આવિર્ભાવ જ્ઞાયકભાવ પ્રગટ થયો. એ નહિ. સામાન્ય જ્ઞાન ઈ આ સામાન્ય શબ્દ જ નથી. આ સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ, એ તો ઇન્દ્રિયની લોલુપતાથી અનેકપણાનું જ્ઞાન હતું તેનાથી છૂટી, એ વિશેષ જ્ઞાન છે, વિશેષ નામ ઇન્દ્રિય લાલુપતાની સાથે રાગમિશ્રિત જ્ઞાન-વિશેષ-જ્ઞાન, ઝેર જ્ઞાન-વિકારી જ્ઞાન છે. તેને છોડી આત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે, એ અતીન્દ્રિયના અવલંબનથી અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયમાં પ્રગટ થવું તેનું નામ સામાન્ય જ્ઞાનનું પ્રગટ થવું, પર્યાયમાં પ્રગટ થવું એ પર્યાયને સામાન્ય જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

પાંચ ઇન્દ્રિયો તરફનું જે જ્ઞાન... ઈ કહે છે, જુઓ! '**વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ...**' અર્થાત્ પાંચ ઇન્દ્રિય તરફના જ્ઞેયથી ભેદ કરીને જે અવસ્થાનું થવું તે વિશેષ જ્ઞેયાકાર, રાગમિશ્રિત જ્ઞાન જ્ઞેયાકાર, ઇન્દ્રિયમિશ્રિત જ્ઞાન, ઇન્દ્રિયના અવલંબનથી (થતું) જ્ઞાન, એવા વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનના તિરોભાવ-તેનું ઢંકાઈ જવું. નહિ થવું, ઢંકાઈ જવું. ઇન્દ્રિય તરફનું વિશેષ જ્ઞાન, રાગમિશ્રિત ખંડ જ્ઞાન, ભેદ જ્ઞાન તેનું નામ અહીંયાં વિશેષ જ્ઞાન કહે છે. એ વિશેષ જ્ઞેયાકાર, જ્ઞેયાકાર. અહીં જ્ઞાનાકાર ન થયો. એ જ્ઞેયના આકારે અવલંબે, ઇન્દ્રિયના અવલંબે, લક્ષે જે ખંડ ખંડ જ્ઞાન થયું તે જ્ઞેયાકાર જ્ઞાનનું ઢંકાઈ જવું, તેનું તિરોભૂત થઈ જવું, તેનો અભાવ થઈ જવો. સમજાય છે કાંઈ?

તિરોભૂતનો અર્થ વર્તમાન જ્ઞેયાકાર થયો છે અને પછી ઢંકાઈ જાય છે, એમ નહિ. પહેલા હતો. પણ વર્તમાનમાં.. સમજાય છે? આત્મા અતીન્દ્રિય સ્વરૂપ, અતીન્દ્રિય સ્વરૂપ છે તેનું જ્ઞાન ઇન્દ્રિયના અવલંબનથી જ્ઞેયને ખંડ ખંડ જોઈને ખંડ ખંડ જ્ઞાન જે થાય છે, તેને જ્ઞેયાકાર વિશેષ જ્ઞાન ખંડ જ્ઞાન કહેવામાં આવે છે. તે તિરોભૂત (થઈ જવું), અર્થાત્ તે ઉત્પન્ન થયું નહિ. આત્મા ત્રિકાળ જ્ઞાયક અબદ્ધસ્પૃષ્ટ, તેના અવલંબનથી અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન અતીન્દ્રિય પદાર્થના અવલંબનથી એકરૂપ જ્ઞાન, અભેદરૂપ જ્ઞાન, સામાન્ય જ્ઞાન, ખંડ વિનાનું જે જ્ઞાન ઉત્પન્ન થયું તેનું નામ સામાન્ય જ્ઞાન પ્રગટ થયું અને તે સમયે વિશેષ જ્ઞેયાકાર ભાવ ઉત્પન્ન થયો નહિ. તેને તિરોભૂત થયું કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનચંદજી!

મુમુક્ષુ :- ઇન્દ્રિય તરફ લક્ષ જ ન ગયું..

ઉત્તર :- ઇન્દ્રિયનું લક્ષ છૂટી ગયું. ઇન્દ્રિયના લક્ષે થતું જ્ઞાન તે વિશેષ જ્ઞાન. વિશેષ જ્ઞાન છે તે દુઃખરૂપ જ્ઞાન છે, ઝેર જ્ઞાન છે.

મુમુક્ષુ :- ઉત્પન્ન નહિ થવું...

ઉત્તર :- હા. ઉત્પન્ન નહિ થવું એનું નામ તિરોભૂત. પૂર્વે હતું, અત્યારે ક્યાં છે? અત્યારે તો અહીં છે ને થયું છે ને પછી તિરોભૂત કરે, એમ ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? ધર્મ સમજવા માટે બહુ મહેનત કરવી પડતી હશે, નહિ? શેઠ! કે મહેનત કર્યા વિના માલ મળી જાય છે? આહાહા..! જૈનશાસન શું છે ખબર નથી સંપ્રદાયમાં અને માની બેઠા કે અમે ધર્મ કરીએ છીએ, લ્યો. ઓહો..!

ભાઈ! જૈનશાસન તો આત્મા વસ્તુ છે, વીતરાગી ચૈતન્યપિંડ સમસ્વભાવી વસ્તુ છે, સમસ્વભાવી વસ્તુ. વસ્તુ જ્ઞાન, આનંદ આદિ સમસ્વભાવી વીતરાગનો પિંડ અનાદિઅનંત સમસ્વભાવી ચીજ આત્મા છે. સમરસ સ્વરૂપ આત્મા છે. ત્રિકાળ આત્મા સમરસ, વીતરાગી અતીન્દ્રિય આનંદકંદ આત્મા છે. તેને જે જ્ઞાન ઈન્દ્રિયના અવલંબનથી જ્ઞેયના લક્ષે, ખંડ ખંડ થઈને જે જ્ઞાન વિશેષપણાનું, અનેકપણાનું જ્ઞાન થતું હતું તે જ્ઞાન દુઃખરૂપ છે, એ બંધરૂપ છે, એ સંસારરૂપ છે. સમજાય છે કાંઈ? એ ઈન્દ્રિય તરફનું લક્ષ અને જ્ઞેય તરફનું ખંડ ખંડ જ્ઞાનનું ઉત્પન્ન નહિ થવું અર્થાત્ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક આત્મા ભગવાન સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ સન્મુખ થઈને અતીન્દ્રિય જ્ઞાનની ઉત્પત્તિ એકરૂપતાની, અભેદતાની ઉત્પત્તિ થવી તે સામાન્ય પ્રગટ થયું. વિશેષના ભંગ ભેદથી ઉત્પન્ન ન થયું તો એને સામાન્ય જ્ઞાન ઉત્પન્ન થયું એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ઓલામાં તો જ્ઞાયકભાવનું કહ્યું છે, જ્ઞાનભાવ પ્રગટ થયો. ૧૧મી ગાથામાં કહ્યું હતું. અહીં એ વાત નથી, એ વાત નથી. ત્યાંથી એમ લ્યે, સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ. જેમ પેલો જ્ઞાયકભાવ પ્રગટ્યો ને. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? આજ તો ઘણાં ગામના માણસ છે. મોરબી ને વીંછિયા ને જામનગર ને... દિલ્હી. દિલ્હી તો અમથા આવ્યા છે. કહો, સમજાય છે કાંઈ?

આ જ્ઞાનની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ (છે). '**પરંતુ હવે ત્યાં,...**' ત્યાં એટલે આ વસ્તુની સ્થિતિમાં '**સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું)...**' ભગવાન આત્મા ઈન્દ્રિય તરફનું લક્ષ અને પર જ્ઞેય તરફનું લક્ષનું ખંડ ખંડ વિશેષ જ્ઞાન તરફનું લક્ષ છોડીને, પોતાનો જ્ઞાયક સ્વભાવ શુદ્ધ ધ્રુવ એ તરફનું અતીન્દ્રિય લક્ષ કરીને જે પર્યાય શાંતિની, અતીન્દ્રિયની, શુદ્ધભાવની જે વીતરાગી પર્યાય પ્રગટી એ સામાન્ય જ્ઞાન પ્રગટ થયું. ભેદ વિના, પરના આશ્રયની અનેકતા વિના એકતા રૂપ જ્ઞાન પ્રગટ પર્યાયમાં થયું, તેને સામાન્ય જ્ઞાન પ્રગટ થયું એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અને વિશેષ (જ્ઞેયાકાર)...**' વિશેષ શબ્દે અહીંયાં સામાન્ય ત્રિકાળ અને પર્યાય વિશેષ, એ વાત નથી. અહીં તો નિર્વિકલ્પ શુદ્ધ અતીન્દ્રિય ભાવશ્રુતની પર્યાયને સામાન્ય કહ્યું છે અને ઈન્દ્રિયના અવલંબનથી થતા ખંડ ખંડ જ્ઞાનને વિશેષ કહ્યું છે. સમજાય છે કાંઈ? વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનના વિશેષ ભેદ જ્ઞેયો, ઈન્દ્રિયના અવલંબનથી ખંડ ખંડ ઈન્દ્રિયથી જ્ઞેયના આકારથી થનારી ખંડ ખંડ જ્ઞાનની દશા તિરોભૂત-ઢંકાઈ ગઈ, પ્રગટ ન થઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- થયું જ નહિ, ઉત્પન્ન જ ન થયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંથી થાય? સમજાય છે?

આ ૧૫મી ગાથામાં જૈનશાસન બતાવ્યું છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? જૈનશાસન પોતાની શુદ્ધ સ્વભાવ સન્મુખની એકતાની જ્ઞાન અને શાંતિની દશાને જૈનશાસન કહે છે. કહો, જયંતિભાઈ!

મુમુક્ષુ :- જૈનં જયતુ શાસનં.

ઉત્તર :- આ જૈનં જયતુ શાસનં. ઘડિયા તો તમે કેટલા વર્ષથી બોલો છો. સવ્વે ધર્મે મંગલ.. કાંઈક આવે છે ને? સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારકં, પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતુ શાસનં. ઈ આ.

મુમુક્ષુ :- ભગવાન..

ઉત્તર :- ભગવાન પાસે રહ્યું. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ! તારું સ્વરૂપ તો તારી પાસે પૂર્ણ છે ને. એ પૂર્ણ (એટલે) અહીંયાં સામાન્ય ત્રિકાળની અપેક્ષાથી વાત નથી. અહીં તો ત્રિકાળી સામાન્યના અવલંબનથી ભેદ રહિત, વિશેષ રહિત, જ્ઞેયાકાર રહિત, ઈન્દ્રિયજ્ઞાનના ખંડ ખંડપણાથી રહિત અતીન્દ્રિય જ્ઞાન પોતાના સ્વભાવના આશ્રયથી ભાવશ્રુતજ્ઞાન આદિ ઉત્પન્ન થયા-વીતરાગી પર્યાય, તેને સામાન્ય પ્રગટ થયું, વિશેષ પ્રગટ ન થયું. ખંડ ખંડ જ્ઞાન પ્રગટ ન થયું. બસ, આટલી વાત છે. ખંડ ખંડ જ્ઞાન પ્રગટ ન થયું, અખંડ પર્યાયમાં જ્ઞાન પ્રગટ થયું, એ અખંડ જ્ઞાન પ્રગટ થયું તે સામાન્ય. ખંડ જ્ઞાન પ્રગટ ન થયું, તિરોભૂત થઈ ગયું નામ ઢંકાઈ ગયું નામ ઉત્પત્તિ ન થઈ. કહો, અમરચંદભાઈ! આહાહા..! ક્યાં ગોતવા જાય જૈનશાસન? સમેદશીખરમાં હશે જૈનશાસન, શેત્રુંજયમાં હશે.

મુમુક્ષુ :- અંતરમાં હોય.

ઉત્તર :- અંતરમાં મનના વિકલ્પમાં પણ નહિ. ભગવાનનું સ્મરણ (કરે), ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં.. લ્યો, ભાઈ આપણે ભગવાનની પ્રતિમા નહિ, પેલો કહે. શુભભાવ હોય એમાં બધું આવે. સ્મરણ પણ આવે, પ્રતિમા પણ આવે, પૂજા આવે. પણ બધો શુભભાવ છે. સમજાય છે કાંઈ? એ વ્યવહાર ધર્મ ક્યારે? કે આ અનુભૂતિ નિશ્ચયની જૈનશાસન થયું હોય તો. તો તેને વ્યવહાર કહેવામાં આવે. નહિતર વ્યવહાર-બ્યવહાર કહેતા નથી. આહાહા..! ભારે વાત. કહો, સેઠી! દસલક્ષણી પર્વમાં કેટલી ધમાધમ ચાલતી હોય. ખીચોખીચ માણસ ભરાય ને ખૂબ હા.. હા.. થાય. જૈનશાસનની બહુ પ્રભાવના થઈ.

મુમુક્ષુ :- ઈ તો કાગળ લઈને આવ્યા હતા.

ઉત્તર :- તેથી તો કહીએ છીએ, ઉત્તર દઈએ છીએ. બે વાર આવ્યા હતા. કાલે તો બાબુભાઈનું આવ્યું છે, એનું નથી આવ્યું. મહેન્દ્રભાઈના બાબુભાઈ. અરે..! ભગવાન! બાપુ! દેહની ક્રિયા ભિન્ન છે. એ ને વાણી જુદી ચીજ છે. ઉપદેશના ઠાઠ જામવા ને સભા જામવી એ જુદી ચીજ છે. એમાં રાગ થવો એ પણ કોઈ જુદી ચીજ છે. આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન આત્મા, અતીન્દ્રિય પ્રભુ આત્મા, એનું જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાનના અવલંબનથી કામ કરે તો એ ખંડ ખંડ જ્ઞાન, ઝેરજ્ઞાન, દુઃખરૂપ જ્ઞાન છે. આહાહા..! અરે..! કોઈ જીવને મારે નહિ... સમજાય છે? અરે..! ભગવાન! કહે છે કે કોઈ જીવને મારે નહિ.. આહાહા..! દયા પાળે એટલી. લાગે કે.. આહા..હા..! પણ ભગવાન તારો ચૈતન્ય શુદ્ધ જ્ઞાયકપ્રભુના અવલંબનથી શાંતિરૂપ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ થાય, તે જ ભાવશ્રુત અને જૈનશાસન છે. ઇન્દ્રિય જ્ઞાનથી ખંડ ખંડ જ્ઞાનથી જ્ઞેયાકાર જ્ઞાન થવું એ તો ખંડ જ્ઞાન છે, એ વાસ્તવિક જ્ઞાન નહિ, વાસ્તવિક માર્ગ નહિ, એ વાસ્તવિક જૈનશાસન નહિ. સમજાય છે કાંઈ?

**'પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું)...'** ભગવાન આત્મા પરના ખંડ ખંડના લક્ષથી પાછો વળી ઇન્દ્રિયના જ્ઞાનથી જ્ઞેયને જાણવાના ભંગથી, ખંડથી પાછો વળી.. પાછો વળી એ પણ નાસ્તિથી વાત છે. સમજાય છે? એ વસ્તુ ચૈતન્ય સ્વભાવ વસ્તુ તરફ ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ થવો તે જ્ઞાન છે. અહીં જ્ઞાન કહેવું છે ને? પહેલાં દર્શન કહેવું હતું. આ જ્ઞાન તે જ્ઞાન અને એ જ્ઞાન તે જૈનશાસન અને તે જ્ઞાન એ જૈનદર્શન. આહાહા..! પ્રવીણભાઈ! પેલામાં તો કાંઈ નહિ, બસ, કરો. જાપ જપો.. રામ.. રામ.. રામ.. રામ રામ જપતા જપતા આત્માનો સાક્ષાત્કાર થઈ ગયો, એક જાણો એમ કહેતો હતો. ધૂળમાંય નહિ થાય. અહીં તો વીતરાગ જપતા આત્માનો સાક્ષાત્કાર નહિ થાય. રામ તો હજી કર્તાબુદ્ધિમાં (ગયા). વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ એ વિકલ્પ છે. તેનાથી પણ આત્માની દૃષ્ટિ થતી નથી. શોભાલાલજી! માર્ગ આવો છે. આમ જૈનમાં જન્મ્યા, લ્યો, અમે જૈન છીએ.

જૈન કોને કહેવા? જેમાં ખંડ ખંડ રાગમિશ્રિત જ્ઞાનની ઉત્પત્તિ ન થવી.. આહાહા..! જેમાં ભગવાન આત્મા ઇન્દ્રિયજ્ઞાનથી ખંડ ખંડ જ્ઞાનથી ખસી અતીન્દ્રિય જ્ઞાયક તરફનો ઝુકાવ કરીને અનુભૂતિ કરે છે. એ અનુભૂતિને અહીંયાં જ્ઞાન કહ્યું, ભાવશ્રુત કહ્યું, તેને જૈનશાસન કહ્યું, સર્વ જિનશાસન એમાં સમાઈ જાય છે. પછી એ જ્ઞાન થયું અને રાગ બાકી છે, અહીં તો વ્યવહારની વાત કરી જ નથી. કેમ? કે આવું જ્ઞાન થયું, રાગ બાકી છે, સંબંધ છે એ સ્વપરપ્રકાશકજ્ઞાનમાં જાણવાનું રહ્યું, પણ જાણવાનું રહ્યું એટલી વાતેય અહીંયાં નથી કરી. શું કહ્યું સમજાણું? અહીં તો એને જે આત્મા સ્વરૂપ શુદ્ધ છે, એનો અનુભવ કરવો તે જ અનુભૂતિ, ભાવશ્રુતજ્ઞાન (છે).

આ ગાથા ઉપર ઘણાં વખત પહેલાં પ્રશ્ન ઉઠ્યા હતા. આ ગાથા ઉપર વ્યાખ્યાન થયા

(સંવત) ૨૦૧૦ પહેલાં. પછી ૧૨મી ગાથા ચાલી છે એની બહુ ચર્ચા થઈ. શું જૈનશાસન આટલામાં સમાઈ ગયું? શું કર્મનો સંબંધ છે કે નહિ? આખું 'ગોમ્મટસાર' ઊડી જાય છે. અને ચરણાનુયોગનો રાગ ઊડી જાય છે. ચરણાનુયોગમાં રાગનું કથન છે, 'ગોમ્મટસાર'માં જ્ઞાનાવરણીના ક્ષયોપશમના કથન છે, કથામાં પુણ્યથી આમ થયું ને પાપથી આમ થયું, એવા કથન છે, એ બધા ખોટા થઈ ગયા. જૈનશાસનમાં આટલામાં સમાઈ ગયું? પેલા ત્રણ અનુયોગ જૈનશાસન નહિ? એમ કહેતા હતા. ભાઈ! બહુ ચર્ચા આવેલી. સમજાય છે કાંઈ? ભાઈ! આત્માનું પોતાનું સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ છે, તેના આશ્રયથી અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય થઈ એ જૈનશાસન છે. પછી ભાવશ્રુતજ્ઞાનની વાત છે ને? કંઈ કેવળજ્ઞાનની વાત નથી. કેવળજ્ઞાનની વાત નથી. જ્ઞાનમાં પૂર્ણ થઈ ગયો, એવી દશા નથી. સમજાય છે કાંઈ? પૂર્ણનો આશ્રય લીધો છે, પર્યાયમાં પૂર્ણ થયો નથી. એ શ્રુતજ્ઞાન એવી શક્તિ ધારી રાખે છે, સ્વભાવની અનુભૂતિ થઈ હોય, રાગાદિ સંબંધ હોય એ પોતાનું જ્ઞાન કરવામાં એનું જ્ઞાન આવી જાય છે. નવું કરવું પડતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું)...'** વિશેષ જ્ઞાનનું અવ્યક્તપણું એટલે પ્રગટપણું નહિ, એમ **'જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...'** જુઓ! જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે છે.. એકલો જ્ઞાનસ્વભાવ, 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન.' પ્રવીણભાઈ! ઈ આવે છે. શેમાં? 'શ્રીમદ્'માં 'અપૂર્વ અવસર'માં આવે છે. ઈ ભાષા પણ ટૂંકી કરી છે. દેહ ભિન્ન કેવળ ચૈતન્ય, એકલો ચૈતન્ય. એવા ચૈતન્યનું જ્ઞાન **'જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...'** એકલી જ્ઞાનની દશા ભાવશ્રુતનો અનુભવ કરે છે **'ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...'** ત્યારે જ્ઞાન શુદ્ધ ચૈતન્ય પ્રગટ જ્ઞાનની દશામાં અનુભવમાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? જેણે કોઈ દિ' સાંભળ્યું ન હોય એને તો એમ લાગે કે આ શું કહે છે? ભઈ, અમે તો અત્યાર સુધી ભક્તિ કરો, જાત્રા કરો, પૂજા કરો, દયા કરો, દાન કરો, ભગવાનનું સ્મરણ મહાવીર.. મહાવીર.. મહાવીર.. મહાવીર.. (કરો), એકલા બેઠા માળા. ગણો એવી વાત તો આમાં કાંઈ આવી નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે કોણ? હોય તેને જાણે. એવા વિકલ્પો હોય તેને જાણે. સમજાય છે કાંઈ? આ દલાલ છે ને. કરે, પછી સમજીને કરવું. કરવું પાછું. કર્તૃત્વબુદ્ધિથી કરવું. કર્તૃત્વબુદ્ધિથી કરે ત્યાં તો વસ્તુનો નિશ્ચય રહ્યો નહિ અને વ્યવહાર પણ રહ્યો નહિ. એને વ્યવહાર પણ કહેવાતો નથી. સમજાય છે કાંઈ? કર્તૃત્વબુદ્ધિ હોય તો તો સ્વભાવ ઉપરથી દૃષ્ટિ ખસી ગઈ. વિકારની દૃષ્ટિ થઈ ગઈ એની.

અહીં તો કહે છે, **'જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...'** બરાબર સમજ્યા? એટલી લીટીમાં ઘણું આવી ગયું. કેટલી છે?

પાંચ લીટી થઈ ગઈ, લ્યો. પાંચ થઈ ને? પાંચ. છે તો આમ. '**તોપણ...**' હવે કહે છે. હોવું તો આમ જોઈએ. સમજાય છે? હોવું તો આમ જોઈએ અને થાય છે તો આમ. યથાર્થપણે થાય તો આમ કે સ્વરૂપનો શુદ્ધ ચૈતન્યની સન્મુખ થઈને ભાવજ્ઞાન પ્રગટ થયું તે સામાન્ય. ઈન્દ્રિયજ્ઞાન ખંડ ખંડ ઉત્પન્ન ન થયું. એ તો વસ્તુ, એવી વસ્તુ છે. '**તોપણ...**' આમ હોય છે, આમ હોવું જોઈએ છતાં '**જેઓ અજ્ઞાની છે,...**' હવે લ્યે છે. '**જેઓ અજ્ઞાની છે...**' અર્થાત્ '**જ્ઞેયોમાં આસક્ત છે...**' આ વ્યાખ્યા. .. જે ચીજ જોવે છે તેમાં લીન છે. રાગાદિ પરવસ્તુ જે જ્ઞેય, એમાં લીન છે, આસક્ત છે. ઈન્દ્રિય વિષયો-શબ્દ, રૂપ, રસ, ગંધ-ચાર આ. ચાહે તો વીતરાગની વાણી સાંભળે તો એ વિષય છે. સાંભળો! એ જ્ઞેયોમાં ઈન્દ્રિયજ્ઞાનથી જાણે છે એમાં જે આસક્ત છે. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? હોવું તો આમ જોઈએ. કેમકે વસ્તુ એવી છે, એમ કહે છે. તોપણ અનાદિથી કેમ થઈ રહ્યું છે અજ્ઞાનીને? અજ્ઞાની જ્ઞેયોમાં આસક્ત છે. વિકલ્પ આવ્યો, ઈન્દ્રિયના જાણવામાં જે ચીજ આવી, એ તરફના એના ઝુકાવમાં એકાકાર છે. સમજાય છે કાંઈ? ચાહે તો વાણી હો, ચાહે તો ભગવાન હો, ચાહે તો શાસ્ત્ર હો. પણ અંતરમાં લક્ષ નહિ રહીને, એકલા પરના લક્ષમાં પરમાં આસક્ત થયો, જ્ઞેયોમાં આસક્ત થયો. ઓહોહો..! આ ઈન્દ્રિયથી થયેલા જ્ઞાનમાં આસક્ત થયો.

'**જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી.**' સ્વાદમાં નામ આત્માના આનંદનો સ્વાદ નથી આવતો. ખંડ ખંડ જ્ઞાન જ્ઞેયમાં આસક્ત છે. વિકલ્પ અને ઈન્દ્રિયજ્ઞાન જે પરલક્ષી થયું, એમાં જે આસક્ત છે તેને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતો નથી. સમજાય છે કાંઈ? દુઃખનો સ્વાદ આવે છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! ભારે વાત પણ ભાઈ. એઈ..! ભગવાનની વાણી સાંભળે ત્યાં સુખનો સ્વાદ હશે? ભાઈ! એકલું જ્ઞાયક સ્વરૂપ છે તેની સન્મુખતા છોડીને, એકલા જ્ઞેય તરફના પાંચ ઈન્દ્રિયના વિષય શબ્દે શુભાશુભ કોઈપણ (વિષય) રૂપાદિ હો, એ જ્ઞેયમાં અને જ્ઞેય તરફના ઈન્દ્રિયજ્ઞાનમાં આસક્ત છે. સમજાય છે? ત્રણ લોકના નાથ પરમેશ્વર સમવસરણમાં હો, પણ જે ઈન્દ્રિયજ્ઞાનથી તેમને જોવે છે, જ્ઞેયમાં જોઈને આસક્ત છે, પોતાનો સ્વભાવ સન્મુખનું ભાન-ભાસ નથી. સમવસરણમાં અનંત વાર ગયો તો એ જ્ઞેયમાં આસક્તિનું જ્ઞાન એને થયું છે. કેમ બરાબર છે? અમરચંદભાઈ! એઈ..! વકીલ. નહિતર તો.. નહિતર તો એને શું કહે છે? નહીં તો. ભગવાનના સમવસરણમાં અનંત વાર ગયો. ગયો તો ત્યાં શું થયું? થયું શું? કે એ જ્ઞેય પર છે. ઈન્દ્રિયજ્ઞાનથી જોયું અને ઈન્દ્રિયજ્ઞાનથી તેને જ્ઞાનમાં ગૃદ્ધિ થઈ છે. પોતાનો આત્મા તેનાથી ભિન્ન છે, એવો ભાસ થયો નહિ. ભારે વાત, ભાઈ! બાપુ! વીતરાગ માર્ગ...

ત્રણ લોકના નાથ અને તેમની વાણી, શાસ્ત્ર પણ ઈન્દ્રિયના લક્ષે તેમને જાણે છે. કહે છે ને કે વાણીથી જ્ઞાન થાય છે કે નહિ? એઈ.. શેઠ! નહિ? તો ચૈત્યાલય કેમ કરાવ્યું?

આહાહા..! વીતરાગ માર્ગ.. ભાઈ! એ એકલો રાગ હો અને પરની આસક્તિ હોય તો એ તો જ્ઞેયમાં આસક્ત છે. પછી આત્માનું ભાન થઈને પછી જે રાગાદિ આવે છે અને પરલક્ષ છે તો એને ત્યાં વ્યવહાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કોઈ એમ જોર દે કે ભગવાનની પ્રતિમાથી કંઈ લાભ નહિ, વાણીથી લાભ (થાય). બેય વાત સરખી છે. કોઈને ખબર નથી. શેઠ! બેય પર છે. જ્ઞાન જ્ઞેયોમાં આસક્ત છે. અજ્ઞાની છે તેનું તો એકલા જ્ઞેય ઉપર જ લક્ષ છે, ત્યાં જ એનો ઝુકાવ છે. એ તરફ એના શુભ રાગાદિનું ઉત્પન્ન થવું થાય છે. **'તેમને તે સ્વાદમાં આવતું નથી...'** તેને ઇન્દ્રિયજ્ઞાનમાં આસક્તિ રહિત અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપમાં લીન થવાથી સ્વાદ આવવો જોઈએ, એ સ્વાદ એને આવતો નથી. આહાહા..!

કોઈ કહે કે તો પછી લડાઈ કેમ કરી? સમકિતી લડાઈ કેમ કરે છે? બાહુબલી અને ભરત. એક કોર આમ કહેવું અને એક કોર આમ કરે તો એને તમે જ્ઞાની છે (એમ કહો.) અરે..! સાંભળ તો ખરો. અરે..! ભાઈ! સમજાય છે કાંઈ? ભારે કઠણ. જગતને બાહ્યની ક્રિયાકાંડની મંદતા ઉપર એટલી મહિમા છે કે જેને આવી ક્રિયામાં જ્ઞાન સમ્યક્ છે, એ જોઈ શકતા નથી. સમજાય છે કાંઈ? એને તો અંતર સ્વભાવ સન્મુખનું કામ કરે છે તેટલો મોક્ષમાર્ગ જૈનશાસનમાં તો સદાય ચાલે જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને સમવસરણમાં અનંત વાર ગયો, સ્વર્ગમાં ગયો, મેરુ પર્વત ઉપર અનંત વાર ગયો પણ જ્ઞેયોમાં આસક્ત છે.

મુમુક્ષુ :- ત્યાંની વિભૂતિને જ જોતો રહ્યો?

ઉત્તર :- એ વિભૂતિમાં જ એકાકાર થઈ ગયો. પોતાની વિભૂતિ ચૈતન્ય ભેદથી રહિત અભેદ છે, તેની તરફ લક્ષ કર્યું નહિ. સમજાય છે કાંઈ? જૈનશાસન, બાપુ..! આહાહા..! પેલા રાડ પાડે કે અર.ર..ર..! ભગવાનને જોવાથી રાગ? સાંભળ તો ખરો. તેમને દેખવાથી રાગ નથી થયો. રાગ તો થયો છે તારાથી. તેમને જોવાથી જ્ઞાન નથી થયું, જ્ઞાન તો થયું તારાથી. પણ ઇન્દ્રિયજ્ઞાન પરમાં આસક્ત છે તો એમાં પોતાના સ્વભાવના સ્વાદનો અભાવ છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..! શાસ્ત્ર પણ આખો દિ' ભણ્યાભણ કરે. પાના.. પાના.. પાના. આ તો પરવસ્તુ છે. ઉપદેશ પણ પર, ભગવાન પર, બધું પર. આહાહા..! અહીં તો પરદ્રવ્યમાં એટલે જ્ઞેયોમાં આસક્ત છે. આહાહા..! આ શાસ્ત્રના પાનામાં પણ આસક્ત છે. ઇન્દ્રિયજ્ઞાનમાં અંદર લક્ષ છે.

**'અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી.'** તેમને આત્માનો અનુભવ, આનંદનો ભાવશ્રુતનો અનુભવ નથી. ભાવશ્રુત એમાં છે જ નહિ. જ્ઞેયમાં આસક્ત થયો. ઓહો..હો..! આ ક્યાં ચર્ચાએ પાર પડે? વાદવિવાદે ચર્ચાએ (પાર પડે નહિ). પેલો એમ કહે, નિમિત્ત જોઈએ, નિમિત્ત વિના થાય નહિ. પેલો કહે, વ્યવહાર જોઈએ, વ્યવહાર વિના થાય નહિ. ઠીક છે, ભગવાન! બધું ઠીક છે, છે. એના વિના થાય છે એનું નામ જ્ઞેયની આસક્તિનો ત્યાગ છે. સમજાય છે કાંઈ? નિમિત્ત અને વ્યવહારની આસક્તિની એકતાનો

ત્યાગ થાય ત્યારે સ્વભાવ સન્મુખની એકતાનો ભાવ પ્રગટ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. અહીં તો એકલા ખંડ ખંડ જ્ઞાનની વાત કરે છે. પછી સાધારણ વ્યવહાર પરાવલંબી એ પણ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? જયકુમારજી! આવ્યું બરાબર? ઠીક સારું. ૧૫મી ગાથામાં પોગી ગયા ને. આહાહા..!

પ્રભુ તારી પાસે રે, પ્રભુ નથી વેગળા. વેગળા નામ દૂરથી એકલા દૂર પદાર્થમાં તું લીન થાય છે તો આત્માનો સ્વાદ નહિ આવે. ઇન્દ્રિયના જ્ઞાનમાં લુબ્ધ થઈને પરજ્ઞેયમાં આસક્ત રહ્યો, તેને પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા દૂર રહી ગયો, દૂર રહી ગયો. અને ભગવાન આત્માને જ્ઞેય કરીને જે જ્ઞાન થયું તો ઇન્દ્રિયજ્ઞાનની આસક્તિ દૂર થઈ ગઈ. સમજાય છે કાંઈ?

'**जो इंदिये जिणित्ता**' કહેશે ત્યાં ૩૧ ગાથામાં. '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं**' ભિન્ન ભિન્ન. ખંડ ઇન્દ્રિય, દ્રવ્ય ઇન્દ્રિય અને વિષય. વિષય શબ્દે ગમે તે પદાર્થ પર જ્ઞેય. એ ત્રણેને ઇન્દ્રિય કહ્યું છે. સમજાય છે કાંઈ? ભાવેન્દ્રિયને ઇન્દ્રિય કહ્યું, જડ ઇન્દ્રિયને ઇન્દ્રિય કહ્યું અને ભગવાનને પણ ઇન્દ્રિય કહ્યું. ઇન્દ્રિયજ્ઞાનથી લક્ષ થયું તો એને પણ ઇન્દ્રિય કહ્યું. ૩૧ ગાથા. એ જ્યારે આવશે ત્યારે વિશેષ આવશે. આહાહા..! પાઠ એટલો જ છે, '**जो इंदिये जिणित्ता**'. ઇન્દ્રિયને જીતી. જ્ઞાનસ્વભાવ ભિન્ન. પોતાના સ્વભાવનો અનુભવ કરે તેને સમ્યગ્દર્શન (કહે છે). ઇન્દ્રિયના વિષયમાં કેટલું લીધું? ખંડ ખંડ જ્ઞાન ભાવેન્દ્રિય, આ જડ દ્રવ્યેન્દ્રિય અને સામા બધા પદાર્થ-બધું ઇન્દ્રિય. કેમકે ઇન્દ્રિય તરફનો ઝુકાવ બધું ઇન્દ્રિય. તેને જીતીને. ઓહોહો..! પોતાનો જ્ઞાનસ્વભાવ અધિક નામ ભિન્ન. એ બધા પરપદાર્થ, રાગ, ખંડ ઇન્દ્રિય અથવા જડ, તેનાથી ભિન્ન પોતાનો પદાર્થ અખંડનો અંતર બોધ થવો તેનું નામ સમ્યગ્દર્શન ને અનુભૂતિ ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. ૩૧ ગાથામાં લીધું. ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. પાઠમાં ઇન્દ્રિયને જીતવું (એટલું છે). સામે જેટલા જ્ઞેય છે તેના ઉપરની આસક્તિ ઘટાડવી, તેનું લક્ષ છોડવું. સમજાય છે કાંઈ? એવી ટીકા કરી.

અહીં પણ ઈ કહે છે. ઉપાડતા ઉપાડતા ત્યાં લઈ જાય અને પછી આગળ લઈ જાય છે. ભગવાન આત્મા એકલા પરજ્ઞેય, ચાહે તો સર્વજ્ઞ પરમેશ્વર હો, ચાહે તો સમેદશીખર હો, ચાહે તો સંત મુનિ ભાવલિંગી 'કુંદકુંદાચાર્ય' આદિ હો, પણ એ પરના લક્ષમાં ઇન્દ્રિયજ્ઞાનથી ખંડ ખંડમાં આસક્ત છે તે પ્રાણી તેનું લક્ષ કરે છે, તેને નિજ જ્ઞાનસ્વભાવનો સ્વાદ આવતો નથી. તેને સામાન્ય જ્ઞાન ઉત્પન્ન થતું નથી. તેને વિશેષ ખંડ ખંડ જ્ઞાન, રાગવાળું જ્ઞાન ઉત્પન્ન થાય છે તે બંધનું કારણ છે, આત્માને દુઃખનું કારણ છે. ઈ દૃષ્ટાંતથી કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૧, સોમવાર, તા. ૧૦-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૫, પ્રવચન નં. ૭૨**

'સમયસાર' જીવ અધિકારની ૧૫મી ગાથા ચાલે છે. જુઓ! આ ૧૫મી ગાથામાં શું કહે છે? થોડું વંચાઈ ગયું છે પણ ફરીને (લઈએ). આજે તો ગુજરાતી છે ને. ટીકા ફરીને.

'**જે આ અબદ્ધસ્પૃષ્ટ,...**' આત્મા. કર્મનો સંયોગ અને નિમિત્તથી ભિન્ન આત્મા '**અનન્ય,...**' એકરૂપ અસંખ્ય પ્રદેશી સ્વભાવ જેનો એકરૂપ છે. '**નિયત,...**' હિનાધિક પર્યાયથી રહિત એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે. '**અવિશેષ,...**' સામાન્ય જેનો સ્વભાવ છે, ગુણભેદ નહિ એવો. ગુણભેદ નહિ કે આ જ્ઞાન, દર્શન આદિ, એવો અવિશેષ એટલે સામાન્ય. '**અને અસંયુક્ત...**' વિકારી પરિણામના સંબંધથી સંયુક્તપણાથી રહિત. '**એવા પાંચ ભાવોસ્વરૂપ...**' એવા પાંચ ભાવસ્વરૂપ એકરૂપ '**આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' શું કહે છે? ભગવાન આત્મા અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવથી એકરૂપ તત્ત્વ છે. જે સંયોગ અને વિકારીના પરિણામથી રહિત અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય અને એની અનુભૂતિની વાત છે અત્યારે. એવા પરથી રહિત, પાંચ ભાવ-બદ્ધસ્પૃષ્ટથી રહિત અબદ્ધસ્પૃષ્ટપણે એવા આત્માનો અનુભવ શ્રુતજ્ઞાનમાં શાંતિના વેદન સહિતની અનુભૂતિ તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે. કાલે નહોતા ને સવારમાં? બપોરે આવ્યા. કહો, સમજાણું આમાં?

ચારે અનુયોગમાં સર્વજ્ઞ પરમેશ્વરને આત્મા વીતરાગી સમરસ સ્વરૂપી પ્રભુની અંતરમાં રાગ રહિત થઈને શાંતિના વેદનમાં શ્રુતજ્ઞાનના ઉપયોગમાં રમણતા (થવી), એને ભગવાન જૈનશાસન કહે છે. સમજાય છે કાંઈ? નિશ્ચયથી સમસ્ત જૈનશાસનનો એ અનુભવ છે. અહીં પર્યાયને જ જૈનશાસન કહ્યું છે. ત્રિકાળ દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ પડ્યા છે. સમરસસ્વભાવી આત્મા, એના સન્મુખનું અંતરમાં અતીન્દ્રિય આનંદના વેદન સહિતના ભાવશ્રુતનો ઉપયોગ, એને અહીંયાં જૈનશાસનની અનુભૂતિ અથવા જૈનશાસન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ચારે અનુયોગોમાં એ કહ્યું છે.

પહેલાં કહ્યું હતું, ૮૯ ગાથામાં. ભાવપાહુડમાં ૮૩ ગાથામાં છે ને? કે જૈનશાસનમાં વ્રત ને પૂજા એ જૈનશાસનમાં ધર્મ નથી. ભાવપાહુડની ૮૩ ગાથામાં. સમજાય છે? લૌકિકજન કેટલાક એમ કહે છે.. એમ વાત છે. ભાવપાહુડની ૮૩ (ગાથા). '**पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।**' જિનશાસનમાં તો એ કહ્યું છે કે પૂજા, ભગવાનની પૂજા, ભગવાનની ભક્તિ, ભગવાનને વંદન, ભગવાન, દેવ-ગુરુ આદિની વૈયાવચ્ચ એ આદિ અને દેવ-ગુરુ-શાસ્ત્રથી થતો ભાવ કે ઉપવાસાદિ ભાવ-એ બધું ભગવાનના શાસનમાં પુણ્ય કહ્યું છે.

મુમુક્ષુ :- ધર્મ નથી કીધો?

ઉત્તર :- જૈનશાસન એ નથી, એને ધર્મ કહ્યો નથી. સેઠી! અત્યારે ગુજરાતી, કાલે કર્યું નહોતું ને. બપોરે પાછું હિન્દી ચાલશે, હોં! મૂંઝાશો નહિ પાછા. આ તો કાલે ગુજરાતી નહોતું થયું ને એટલે અત્યારે ગુજરાતી (લીધું). બપોરે હિન્દી ચાલશે. અત્યારે આ ગુજરાતી. શેઠ મૂંઝાય છે, પાછું બધું ગુજરાતી થઈ ગયું. આ તો કાલે હિન્દીમાં લીધું હતું ને એટલે અત્યારે ગુજરાતીમાં લઈએ છીએ. કહો, સમજાય છે કાંઈ?

પૂજા, વ્રત,... '**જિનાશાસનમાં જિનેન્દ્રદેવે આ પ્રકારે કહ્યું છે કે-પૂજા આદિકમાં અને વ્રત સહિત હોવું એ તો પુણ્ય જ છે...**' પાઠમાં છે.

**पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो।।८३।।**

'**મોહના ક્ષોભથી રહિત જે આત્માના પરિણામ તે ધર્મ છે.**' સમજાય છે કાંઈ? અને પછી અર્થમાં કહ્યું, '**લૌકિક જન તથા અન્યમતી કહે છે કે પૂજા આદિક શુભક્રિયા અને વ્રતક્રિયાસહિત છે તે જિનધર્મ છે. પરંતુ એવું નથી.**' કોઈ કહે કે પૂજા, વ્રત, ભક્તિ, દયા, દાન, વ્રત, ઉપવાસ એ ધર્મ છે. તો એ ધર્મ નથી. '**જિનમતમાં જિન ભગવાને આ પ્રકારે કહ્યું છે કે-પૂજા આદિકમાં અને વ્રત સહિત હોવું તે તો પુણ્ય છે. તેમાં પૂજા અને આદિક શબ્દથી ભક્તિ, વંદના, વૈયાવૃત્ય વગેરે સમજવાં. આ તો દેવ-ગુરુ-શાસ્ત્ર માટે હોય છે અને ઉપવાસ આદિક વ્રત છે તે શુભક્રિયા છે. તેમાં આત્માના રાગસહિત શુભ પરિણામ છે, તેનાથી પુણ્યકર્મ થાય છે. માટે તેને પુણ્ય કહે છે. તેનું ફળ સ્વર્ગાદિક ભોગોની પ્રાપ્તિ છે.**' છે? કહો, સમજાણું? સમજાય છે?

જૈનશાસનમાં આત્મા અબદ્ધસ્પૃષ્ટ આદિનો અંતર અનુભવ, રાગરહિત શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ, એને જૈનશાસનમાં જૈનશાસન કહેવામાં આવે છે. આહા..! મોટા વાંધા ઉઠાવે છે ને અત્યારે આ. ભગવાનનું સ્મરણ કરવું એ જૈનધર્મ નહિ, એમ કહે છે. એ શુભભાવ છે. આહાહા..! પરદ્રવ્ય તરફના વલણવાળો ભાવ એ વિશેષ ભાવ છે. વિશેષ, એમ કહ્યું છે ને? 'પ્રવચનસાર'માં. વિશેષના પછી બે પ્રકાર કહ્યા-પુણ્ય અને પાપ. અને અવિશેષ પરિણામ સામાન્ય સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાનને આશ્રયે પરથી ભિન્ન જે ધર્મની પર્યાય પ્રગટ થાય એને ત્યાં અવિશેષ પરિણામ એટલે સામાન્ય પરિણામ-ખાસ પરિણામ કહેવામાં આવ્યા છે. એ આ અનુભૂતિ તે ખાસ આત્માનો અનુભવ, એને જૈનશાસન અને જૈનધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' મગનભાઈ! બહુ આકરી વાત માણસને પડે છે. વસ્તુ આમ ચૈતન્યઘન આનંદકંદ છે ને. સચ્ચિદાનંદ સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ સ્વભાવ છે. એ સ્વભાવને અવલંબીને જે અનુભૂતિ થાય એ ભાવશ્રુત ઉપયોગ, એને જૈનશાસન

કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કેમકે શ્રુતજ્ઞાન પોતે આત્મા છે. એ નિર્મળ પર્યાયને અહીંયા સંવર-નિર્જરાની પર્યાય ગણી. ભગવાન આત્મા અંતર્મુખ થઈને બહિર્મુખના લક્ષ અને પરિણામને છોડીને અંતર્મુખના અનુભૂતિના પરિણામને પ્રગટ કરે, તે પરિણામને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

રાત્રે તો થોડુંક કહ્યું હતું કે શુભાશુભ પરિણામનું વેદન તે દુઃખવેદન, તે આત્મા નહિ. પર, શરીર, વાણી, કર્મ, સ્ત્રી, પૈસા, દાળ, ભાત, શાકને તો વેદી શકતો નથી. વેદવામાં એને અનાદિથી શુભ અને અશુભભાવના પર તરફના વિકલ્પોનું વેદન છે, એ દુઃખવેદન છે. એ દુઃખવેદનને ભગવાન આત્મા કહેતા નથી. એને અણાત્મા કહે છે. શ્રીપાલજી! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

અહીં આત્મા કીધું ને? શ્રુતજ્ઞાન પોતે આત્મા છે. એટલે કે શુભ અને અશુભ રાગ એ આત્મા નથી, એનું વેદન આત્મા નથી. શુભાશુભ પરિણામનું વેદન તે દુઃખ છે. દુઃખ તે આત્મા નહિ, એ અણાત્મા છે. કેમકે શુભ-અશુભ ભાવ અચેતન છે, અચેતન છે, જડ છે. એમાં ચૈતન્યના પ્રકાશના પ્રભાવનો અભાવ છે. આહાહા..! એથી પુણ્ય-પાપના ભાવ એ અચેતન એટલે ચૈતન્ય સ્વભાવના આનંદ અને જ્ઞાનથી ભિન્ન વિપરીત, એનો અનુભવ એટલે કે જડનો અનુભવ. સમજાણું કાંઈ? આહાહા..! એ આત્મા નહિ. આહાહા..! અનંત કાળ નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક ગયો, કહે છે કે એને વેદન દુઃખનું જ રહ્યું. શુભભાવ ભલે ગમે તેટલા થયા પણ એ દુઃખનું જ વેદન એને હતું. અને દુઃખના વેદનને આત્મા કેમ કહેવાય? એ તો આસ્રવતત્ત્વ છે, એ આત્મતત્ત્વ નહિ. આહાહા..! મગનભાઈ!

અહીંયાં તો શ્રુતજ્ઞાન આત્માનો જે અનુભવ, એને જૈનશાસન કહ્યું, એને શ્રુતજ્ઞાન કહ્યું, એને આત્મા કહ્યો. સમજાણું કાંઈ? ગિરધરભાઈ! આમાં ક્યાં તમારો સેવા-બેવા રહી ગયો. સેવાભાવી માણસ ખરા ને શેઠિયા. અહીં તો કહે છે, પંચ મહાવ્રતના પરિણામ (જેને) જૈનદર્શનમાં વ્યવહાર કહેલો, સમજાણું? પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણના પરિણામ એ આત્મા નહિ. વિકાર એ આત્મા નહિ. આસ્રવ એ દુઃખરૂપ વેદન, આત્મા નહિ. આહાહા..! ક્યાં ગયા જયકુમારજી?

'**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાકાર થઈને જે નિર્મળ અનુભૂતિ શુદ્ધઉપયોગરૂપ નિર્મળ જ્ઞાન શુદ્ધ થયું એ ઉપયોગને અથવા એ જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે, એને જૈનશાસન કહે છે, એને જૈનધર્મ કહે છે, એને આત્મા કહે છે. કહો, સમજાય છે કાંઈ? '**તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' લ્યો. તેથી જ્ઞાનનું-શુદ્ધ ચૈતન્યના પરિણમનનો અનુભવ, શુદ્ધ જ્ઞાનાનંદની પરિણતિનો અનુભવ અર્થાત્ શુદ્ધ ચૈતન્ય પદાર્થ, એના સન્મુખનું નિશ્ચય સમ્યગ્દર્શન, સ્વસંવેદનજ્ઞાન, સ્વરૂપમાં સ્થિરતારૂપ આચરણ, એ જૈનશાસન છે અને એ જ્ઞાનની અનુભૂતિ છે એટલે કે વિકારની

અનુભૂતિ નહિ, એ જ્ઞાનની અનુભૂતિ છે તે જ આત્માની અનુભૂતિ છે. આહાહા..! આ તો વસ્તુ સ્વરૂપ એમ છે. જૈનદર્શન એટલે કોઈ સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સમસ્વભાવી ચૈતન્યસૂર્ય છે. સમસ્વભાવી. જે પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એ કંઈ એનો મૂળ સ્વભાવ નથી. તેમ દ્રવ્ય-ગુણની તાકાત નથી કે વિકાર એમાંથી ઉત્પન્ન થાય. એ વ્રત, પૂજા, ભક્તિ, દાન, દયા એ તો પર્યાયના અંશમાં ઉત્પન્ન થતી ઉપાધિનો ભાવ છે. સમજાય છે કાંઈ? તેથી કહે છે કે જ્ઞાનની અનુભૂતિ છે તે જ આત્માની અનુભૂતિ છે. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ સન્મુખ અને વિભાવથી વિમુખ (થાય). સમજાય છે કાંઈ? પરપદાર્થથી વિમુખ અને સ્વપદાર્થથી સન્મુખ, એવી જે આત્માની પરિણતિ-અવસ્થા-દશા-ભાવ-જ્ઞાનની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ (છે). કહો, અમરચંદભાઈ! આહાહા..! આ જૈનશાસન. શોભાલાલજી! સાંભળ્યું નથી આટલા વર્ષમાં કોઈ દિ'.

મુમુક્ષુ :-

ઉત્તર :- લોટો ઘૂસી ગયો. પાણીમાં લોટો ઘૂસી ગયો. પાણી કાઢવાનો હતો તો ગયો પાણીમાં, એમ. પાણી ભરીને કાઢવું (જોઈએ). એવી કહેવત આવતી હતી. નહિ? જૈનની ખબર ક્યાં છે એને. જૈન કોને કહેવા (એની ખબર નથી). આહાહા..! એ... શેઠ! આ બધું તમે એમ જ ગાળ્યું છે ને, અત્યાર સુધી શું કર્યું છે? માણેકચંદજી! આહાહા..!

એ તો સિદ્ધાંત કહ્યો. એટલો ગાથાનો અર્થ કહ્યો. સમજાય છે કાંઈ? હવે એને જરી સ્પષ્ટ કરે છે. '**પરંતુ હવે...**' હોય તો આમ. હોવું જોઈએ આમ, થાય આમ. '**પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી...**' એટલે? કે આત્મા શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય છે, એની સન્મુખના પરિણામનું પ્રગટપણું અને જ્ઞેયાકાર-ઇન્દ્રિયના લક્ષે અનેકાકારપણે ઝેરના પરિણમનનું અનેક જ્ઞેયાકારના પરિણમનથી વિકલ્પનું ઉઠવું, એના જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ. અનેકાકાર ખંડ ખંડ જ્ઞાનનું ઉત્પન્ન નહિ થવું અને સામાન્ય સ્વભાવ તરફના જ્ઞાનનું ઉત્પન્ન થવું. સમજાય છે કાંઈ? બહુ એવી ભાષા નથી કંઈ, હોં! ગુજરાતી બહુ સાદી સરસ છે. સેઠી! સેઠી તો હવે અહીં પડાવ નાખ્યા છે ને. આહાહા..!

કહે છે, સામાન્ય જ્ઞાનનું પ્રગટપણું. પ્રશ્ન કાલે ઉઠ્યો હતો. પેલું આવે છે ને? અહીં તો પરિણામની વિશેષતા કહેવી છે. પરિણામ પોતે જૈનશાસન કહેવું છે ને. શ્રુતજ્ઞાન, શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન શુદ્ધઉપયોગ. રાગ રહિત, વિકલ્પ રહિત, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનની દશા તે સામાન્ય પરિણામનું પ્રગટપણું એટલે કે જૈનશાસનનું પ્રગટપણું અને જ્ઞેયાકારમાં જ્ઞાન ખંડ ખંડ થઈને રોકાતું હતું તેનું અનઉત્પન્નપણું એટલે તેનો તિરોભાવ. '**જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...**' એકલો ભગવાન ચૈતન્ય સ્વભાવ, અંતરમાં એકલો જ્ઞાનસૂર્ય પ્રભુ, અંતરમાં પકડીને અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. ત્યારે ભગવાન આત્મા

જ્ઞાનની અનુભૂતિમાં આ આત્મા, એમ પ્રગટ અનુભવમાં આવે છે. ગાથા પણ બહુ ઝીણી આવી, તમે બધા આવ્યા ને. સમજાય છે કાંઈ?

આમ જ્ઞાન એટલે આત્મા, અહીં જ્ઞાનપ્રધાનનું કથન છે ને. પેલું દર્શનપ્રધાનનું કથન તો ૧૪મી ગાથામાં આવી ગયું. જુઓ! અહીં સમ્યક્ શ્રુતજ્ઞાનની વાત છે, હોં! કેવળજ્ઞાનની વાત નથી આ. વળી કોઈક કહે કે આવું હોય તે કેવળજ્ઞાનીને હોય ને આઠમે ગુણસ્થાને હોય. અહીં તો હજી શ્રુતજ્ઞાનની વાત છે. અરે..! ભગવાન! શું કરે? અહીં તો શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાનના ઉપયોગને જૈનશાસનનો ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! આ તો આઠમે ગુણસ્થાને થાતું હશે.

મુમુક્ષુ :- તો મુનિઓને પણ ન હોય ને.

ઉત્તર :- તો અત્યારના મુનિને પણ ન હોય. 'કુંદકુંદાચાર્ય'ને ન હોય તો તો. એનો અર્થ એ થયો. 'કુંદકુંદાચાર્ય'ને આઠમું ગુણસ્થાન નહોતું. છઠ્ઠું-સાતમું હતું. સમજાય છે કાંઈ?

અરે..! ચૈતન્યના આરામ ભગવાન સ્થાન આખું, એમાં જેને બેઠક અંદર આસનની મળી.. સમજાય છે કાંઈ? જે અનાદિથી રાગ અને વિકલ્પમાં આસન નાખીને પડ્યો હતો, અનાદિથી પુણ્ય અને પાપના ધ્યેયમાં, લક્ષમાં, વેદનમાં આસન નાખીને પડ્યો હતો. એ સંસાર હતો, એ દુઃખરૂપ દશા હતી. ચાહે તો દિગંબર મુનિ થયો હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, આત્માના અંતર અનુભવ વિના એકલી દુઃખદશા છે. એ પણ દુઃખનું વેદન કરતો હતો. તેથી કહ્યું છે ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નવમી ગ્રૈવેયક ગયો ત્યાં સુધી આત્માનો આનંદ ન આવ્યો મિથ્યાદૃષ્ટિને, હોં! સમ્યગ્દૃષ્ટિ કોઈ ગયો હોય એ તો જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ?

અનંત વાર નવમી ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિ–અસત્ય દૃષ્ટિ, ત્રિકાળ ચૈતન્યના સ્વભાવના અનુભવની દૃષ્ટિ રહિત એકલા શુભરાગના વેદનની દૃષ્ટિવાળો, દુઃખના વેદનમાં એને શુક્લલેશ્યાનું વેદન, એમાં એ નવમી ગ્રૈવેયકે ગયો. પણ ભગવાન આત્મા એ શુક્લલેશ્યાના પરિણામથી રહિત, એ શુક્લલેશ્યાના પરિણામ એ જૈનશાસન નહિ. આહાહા..! અનાત્મા, અનાત્મા, અનાત્મા. ભાઈ! ભગવાન મહા બિરાજે છે ને પ્રભુ! આહાહા..! એના અનુભૂતિનો સ્વાદ, અતીન્દ્રિય આનંદ એને ભગવાને આત્મા કહ્યો છે. અહીં કહ્યું ને? શ્રુતજ્ઞાન તે આત્મા (છે). આત્માના આનંદનું વેદન તે આત્મા. દુઃખનું વેદન તે આત્મા નહિ. આહાહા..! એના સ્વભાવમાં શું દુઃખ પડ્યું છે? દુઃખ તો એક સમયની અવસ્થામાં નવું ઉત્પન્ન કરે છે. પર્યાયબુદ્ધિએ કે અસ્થિરતાએ, વસ્તુના સ્વરૂપમાં દુઃખ છે નહિ. ભગવાન આત્મા આત્માના આનંદ સ્વરૂપની સન્મુખ થઈને આનંદના વેદનની ભૂમિકામાં ભાવશ્રુતજ્ઞાનનું વીતરાગી પરિણમન થવું, તેને અહીંયાં જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તોપણ...**' વસ્તુ તો આમ હોવી જોઈએ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અનાકુળ

આનંદનો રસકંદ સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા (છે). એના આનંદના સ્વાદને, જે જ્ઞાન સમ્યક્જ્ઞાન અને જે શ્રદ્ધા અંતરમાં (થઈ), શ્રદ્ધાગુણ છે એની સમ્યક્ શ્રદ્ધાનું પરિણમન (થયું) એ જ્ઞાનનું અનુભવ અને જ્ઞાનનું પ્રગટપણું થયું એમ કહેવામાં આવે છે. પેલો રાગ પ્રગટ થતો. પરને લક્ષે, પર્યાયને લક્ષે રાગ, દુઃખ ઉત્પન્ન થતું. એ દ્રવ્યના અનુભવે આનંદનો અનુભવ (થયો), જ્ઞાન પ્રગટ્યું. પેલું અજ્ઞાન પ્રગટતું. રાગની એકતાબુદ્ધિમાં ચૈતન્યનો અભાવ એવા રાગની ઉત્પત્તિ હતી. આ રાગના ભાવ રહિત, એવો ભગવાન આનંદ સહિત એના સન્મુખની દૃષ્ટિ કરતાં જે વસ્તુ પોતે જ્ઞાન પ્રગટપણે પર્યાયમાં આવ્યું, અનુભવમાં આવ્યું એ વસ્તુનું સ્વરૂપ. એને આત્મા કહીએ, એને જૈનશાસન કહીએ, એને અનુભૂતિ કહીએ, એને વીતરાગી દશા કહીએ, એને ભાવશ્રુત ઉપયોગ કહીએ, એને નિર્વિકલ્પ શાંતિ કહીએ. સમજાણું કાંઈ? આવું હોવું જોઈએ અને આમ હોવા છતાં '**જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' ભગવાન જ્ઞાનમૂર્તિમાં લીન નથી અને આમ લીન થાય તો એને જ્ઞાન જ, શાંતિ જ પ્રગટવી જોઈએ. પણ એમ પ્રગટ ન કરતાં જે જ્ઞેયો નામ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આસક્ત છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં જે આસક્ત છે એટલે ત્યાં પરજ્ઞેયને જ્ઞાનમાં જાણીને પરજ્ઞેયના જ્ઞાનને અનુભવતો, તે ખરેખર પરજ્ઞેયને અનુભવતો (પરિણમે છે). આહાહા..! સમજાણું કાંઈ?

'**જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે,...**' નિમિત્તમાં આસક્ત છે. ઓહો..! નવમી ગ્રૈવેયકે ગયો જૈન સાધુ, કહે છે કે એ જ્ઞેયોમાં આસક્ત છે. આહાહા..! ત્રણ લોકના નાથના સમવસરણમાં ગયો પણ એ ભગવાનને જોઈને જ્ઞેયમાં આસક્ત, તલ્લીન (થઈ) જ્ઞાનની અનેકાકાર ખંડ ખંડ બુદ્ધિ કરીને એ જ્ઞેયમાં આસક્ત છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો એ પરજ્ઞેયના લક્ષે રાગની મંદતા અને ખંડ ખંડ જ્ઞાન એ ખરેખર પરજ્ઞેય છે, પરજ્ઞેય છે. ભગવાન કે પ્રતિમા કે વાણી કે દેવ-ગુરુ-શાસ્ત્ર કે સમેદશીખર કે શેત્રુંજય કે શાસ્ત્ર-પાના, એના ઉપર લક્ષ કરીને આમ જ્ઞાયક તરફના આશ્રયની દૃષ્ટિ નથી. એટલે આમ પરજ્ઞેયમાં આસક્ત થઈ એ સંબંધીના જ્ઞાનના ક્ષયોપશમમાં અને એ સંબંધીના રાગમાં અને એ સંબંધીમાં ખંડ ખંડ જ્ઞાન જે જ્ઞેયમાં આસક્ત થયેલું તે, તેને વેદે છે. એને પરજ્ઞેયનું વેદન છે, એને સ્વજ્ઞેયનું વેદન નથી. કહો, સમજાણું આમાં?

એનો અર્થ થયો કે નહિ? નવમી ગ્રૈવેયક દિગંબર મિથ્યાદૃષ્ટિ સાધુ સમવસરણમાં ગયો હતો કે નહિ? સમવસરણમાં ગયા હતો તો ત્યાં જ્ઞાન આસક્ત હતું કે જ્ઞેય આસક્ત (હતું)? મિથ્યાદૃષ્ટિ છે એથી તે પરમાં જ આસક્ત છે. ભગવાનને ભાળ્યા, વિભૂતિ દેખી, સમવસરણ જોયા, વાણી સાંભળી. અને એ તરફના થયેલા વિકાર એ પણ ખરેખર પરજ્ઞેય છે. આહાહા..! એઈ..! પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જનારો વિચાર કરે છે, રોકાય છે એ જ પરજ્ઞેયમાં આસક્ત છે. પછી એને લઈને નહિ. બાપુ! આ તો માર્ગ તરવારની ધાર જેવા છે, ભાઈ! વીતરાગ માર્ગ છે. આહાહા..! એમ કે જશે, સાંભળશે ત્યારે એ આમ જાશે ને. એ વાત ખોટી છે એમ કહે છે. પર તરફમાં જ્ઞેયમાં આસક્ત થશે તો એને જ્ઞાન તરફની લીનતા થશે ને? તમારી વ્યાખ્યા પ્રમાણે એમ થયું કે પહેલા પરજ્ઞેયમાં આસક્ત થાય પછી સ્વજ્ઞેયમાં લીન થશે ને? પાધરો શી રીતે થશે? પણ ઈ ક્યાં થયો? ઈ તો પરજ્ઞેયમાં આસક્ત છે. એમાં પછી ક્યાં થયો? એનો અભાવ કરે તો થાય. ઈ તો પછી એને લઈને થયો નથી. અમરચંદભાઈ! આહાહા..!

'**અજ્ઞાની છે, જ્ઞેયોમાં...**' આટલાની વ્યાખ્યા ચાલે છે. '**જેઓ અજ્ઞાની છે,...**' એટલે કે '**જ્ઞેયોમાં આસક્ત છે...**' એટલે કે જે આત્માના જ્ઞાનસ્વરૂપ સન્મુખની દૃષ્ટિ નથી એકલા ભગવાન, વાણી અને દેવ–ગુરુ ને પર ઉપર એકાકાર થઈને પડ્યો છે. ભલે તેને શુભરાગ હોય, તે સંબંધીનું ભગવાનને ઓળખવાનું, વાણીને ઓળખવાનો જ્ઞાનનો વિકાસ પણ થયો હોય પણ એ બધા પરજ્ઞેયમાં એકાકાર છે. સમજાણું કાંઈ? તેથી '**તેમને તે સ્વાદમાં આવતું નથી.**' જુઓ! એ પરજ્ઞેયમાં આસક્ત છે તેથી ભગવાન આત્માના જ્ઞાનનો સ્વાદ આવતો નથી. સ્વાદ નામ અનુભવ–વેદન. એટલે કે પહેલું આ જ્ઞેયમાં આસક્તપણું હોય તો પછી આત્માનો સ્વાદ આવે, એમ છે નહિ. ગિરધરભાઈ! ભારે વાત ભાઈ! આહા..હા..! જૈન સંપ્રદાયમાં જન્મ, પણ જૈન શું કહે છે એની ખબરું ન મળે અને અમે જૈન થયા, જૈન થયા, જૈન થયા. સમજાણું કાંઈ?

કહે છે કે વસ્તુ તો ભગવાન એવો આત્મા, એનું તો સામાન્ય જ્ઞાન જ પ્રગટવું જોઈએ. એ જ વસ્તુની સ્થિતિ (છે), એ જ જૈનશાસન, એ જ ભાવશ્રુત. તોપણ અજ્ઞાની પરમાં આસક્તને લઈને.. જ્યાં સુધી એ નિમિત્ત અને નિમિત્ત તરફના રાગની મંદતા અને રાગની મંદતામાં થતો ક્ષયોપશમ ભાવ.. સમજાય છે કાંઈ? એ પરમાં આસક્ત છે, જ્ઞેયમાં આસક્ત છે. શું કીધું? બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. અત્યાર સુધી સાંભળ્યું હોય તો બધું (મીંડુ મૂકવા જેવું છે). આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના આનંદની મૂર્તિ, પરથી ભિન્ન પડીને તેનો અનુભવ (થવો) એ તો વાસ્તવિક શ્રુતજ્ઞાનનું પ્રગટવું, અનુભવનું પ્રગટવું, આનંદનું આવવું અને જૈનશાસનનું થવું. પણ કહે છે કે હોવું જોઈએ આમ, છતાં અનાદિથી એ પરજ્ઞેયમાં આસક્ત છે. સ્વદશા તરફ ઢળવાનો એણે પ્રયત્ન જ કર્યો નથી. સમજાણું કાંઈ? બાયડી, છોકરા, કુટુંબ તો એક કોર રહી ગયા. એ તો ક્યાંય પાપના પરિણામ, એ તો એક બાજુ રહી ગયા. સમજાણું કાંઈ? પણ નગ્ન મુનિ દિગંબર, હજારો રાણીનો ત્યાગ અને ચોવીસ કલાક શાસ્ત્રની સ્વાધ્યાય, પઠન–પાઠન, નિદ્રા છોડી દે, મહિના મહિનાના અપવાસ (કરે) પણ એ બધું પરજ્ઞેયમાં આસક્ત છે. આહાહા..! કેમકે એના લક્ષનો દોર નિમિત્ત ઉપર અને તેના લક્ષે થતો ક્ષયોપશમ ભાવ

અને તેના લક્ષમાં થતો શુભ વિકલ્પ,... સમજાણું કાંઈ? એમાં એ આસક્ત છે. આહાહા..! તો તે ઝેરને પીવે છે. આકરું કહ્યું. સમજાણું કાંઈ?

**'તેમને તે સ્વાદમાં આવતું નથી...'** એનો અર્થ થયો કે એને ઝેરનો અનુભવ છે, આત્માના આનંદનો નથી. સમજાણું કાંઈ? ઓ..હો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઊભું રાખે શું?

મુમુક્ષુ :- ... એને લાગતો નહિ હોય?

ઉત્તર :- એને લાગતો નથી આત્માનો અંદરમાં. ગુરુ કહેવા માંગે છે કે અમારી સામું જોવાનું છોડી દે અને અંદર સામું જો, એ માનતો નથી. પહેલું કહ્યું ને? શાસન કહ્યું ને? જૈનશાસન એમ કહે છે કે ચાર અનુયોગમાં તો ગુરુ પણ એમ કહે છે ઉપદેશમાં, શાસ્ત્ર પણ કથનમાં કે લખાણમાં એમ કહે છે. શું? કે આ આત્મા અખંડાનંદ પ્રભુ છે એની સન્મુખ થઈ અબદ્ધસ્પૃષ્ટથી રહિત થઈ રાગના વિકલ્પના દુઃખના સંયુક્તપણાથી રહિત થઈ આત્માનો અનુભવ કર તે જૈનશાસન (છે). એમ એનો હુકમ છે એ હુકમ માનતો નથી. ચીમનભાઈ! એમ એનો હુકમ છે.

એક શબ્દ મૂક્યો કે **'તોપણ...'** આવું છે, અજ્ઞાની છે એટલે કે જ્ઞેયોમાં આસક્ત છે એની વ્યાખ્યા આટલી. જ્ઞેયોમાં આસક્ત છે એની વ્યાખ્યા આટલી કે ચાહે તો ભગવાનનું સમવસરણ હો અને દિવ્યધ્વનિ હો, પણ એ પરજ્ઞેય (છે). એના તરફ લક્ષ (કરી) એકાકાર (થાય). એમાંથી કદાચ પોતાના પરિણામ રાગની મંદતા થઈ, નિમિત્તથી નહિ, પોતાથી થઈ અને તેના કાળમાં પોતાને ક્ષયોપશમ જ્ઞાનનો વિકાસ થયો, પરના લક્ષવાળો, પરને જાણવાવાળો, એ બધા જ્ઞાન ને રાગ ને નિમિત્ત ત્રણે જ્ઞેય છે. પરજ્ઞેય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તત્ત્વની વિરાધના કરે છે?

ઉત્તર :- હા, તત્ત્વનું વિરાધન કરી અને અતત્ત્વનું આરાધન કરે છે. આહાહા..! રાડ નાખે માણસ. પછી કહે ને? સોનગઢ આમ (કહે છે). અરે..! સોનગઢ નહિ, ભગવાનને કહેને તું જઈને. શ્રીપાલજી! સોનગઢ વ્યવહારનો લોપ કરે છે. પ્રભુ! તને ખબર નથી, ભગવાન! ખરે ટાણે તને આકરા પડશે, ભાઈ! એ અત્યારે નહિ ખબર પડે. કારણ કે સંયોગ વિના દુઃખ દેખતો નથી. કારણ કે સંયોગને દેખનારા. અંદરમાં આકુળતા થાય તેને દુઃખ દેખતો નથી. સંયોગ આમ આવે, વાઘ આવે.. આહા..! સંયોગને દેખનારા સંયોગથી ત્રાસ પામે છે. ખરેખર દુઃખ તો અંદર સ્વભાવ સન્મુખતા છોડીને જ્ઞેયમાં આસક્ત થઈને પડ્યો તે જ દુઃખનો ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનની દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય. અરે..! સાંભળને. ભગવાનની દિવ્યધ્વનિ અને ભગવાનથી પણ પરસન્મુખનું જ્ઞાન પણ એનાથી ન થાય. એ પણ પોતાના તે પ્રકારની ક્ષયોપશમ દશાથી થાય. પણ તે ક્ષયોપશમ દશા અને

તે રાગ ને નિમિત્ત બધા પરજ્ઞેયમાં જાય છે. આહાહા..! એ.. મગનભાઈ! માંડ કો'ક દિ' આવ્યા. સવાર, બપોરનું બેય એવું (આવે છે).

ભાઈ! આ તો ઠરવાના સ્થાન છે, ભાઈ! આહાહા..! ભગવાન આત્મા... કહે છે કે અગિયાર અંગનું, નવ પૂર્વનું જ્ઞાન, રાગની મંદતા અને પરના લક્ષથી પોતામાં ક્ષયોપશમ થયો છતાં તે પરજ્ઞેય છે, ખરેખર સ્વજ્ઞેય નહિ. એમાં આસક્ત છે એટલે એને દુઃખનું જ વેદન છે. આહાહા..! શેનો અર્થ ચાલે છે આ? '**જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' એટલાની વ્યાખ્યા ચાલે છે. '**તેમને તે સ્વાદમાં...**' તે એટલે જ્ઞાન ભગવાન આત્મા. આમ સન્મુખમાં પડ્યો માટે આમ સન્મુખનો સ્વાદ એને આવતો નથી. આહાહા..! કથની સંતોની, દિગંબર મુનિઓની પદ્ધતિ, ગજબ! કહેવાની રીત.. આવી રીત બીજે ન મળે. સમજાય છે કાંઈ? આહા..!

'**જ્ઞેયમાં આસક્ત છે...**' નવમી ગ્રૈવેયકે મિથ્યાદૃષ્ટિ ગયો ત્યારે નવ પૂર્વનું જ્ઞાન હતું અને શુક્લ લેશ્યા હતી અને ખંડ ખંડ શરીરના કરે તોપણ ક્રોધ ન કરે એટલી તો બાહ્ય કષાયની મંદતા હતી. અગિયાર અંગના જ્ઞાન હતા. સમવસરણમાં હંમેશા ભગવાન પાસે જાતો. પોતાના ભગવાન પાસે ન ગયો, એ સાક્ષાત્ ભગવાન પાસે ગયો તોપણ જ્ઞેયમાં આસક્ત છે. આહાહા..!

મુમુક્ષુ :- પોતાના ભગવાન..

ઉત્તર :- નિજ ભગવાન સન્મુખની મહિમા જ ન આવી. ત્યાં મહિમા (આવી). આહાહા..! કાં ભગવાનની મહિમા, કાં રાગની મંદતાની મહિમા, કાં રાગની મંદતાથી ક્ષયોપશમ થયો એની મહિમા, એ બધી મિથ્યાદૃષ્ટિની મહિમા છે. સમજાણું કાંઈ?

'**તેમને...**' એટલે જ્ઞેયોમાં આસક્ત છે તેમને '**તે સ્વાદમાં આવતું નથી,...**' તે એટલે આત્માના આનંદનો સ્વાદ અનુભૂતિ થતી નથી. જ્ઞેયમાં આસક્ત છે તેને અનુભૂતિ થતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ જ સમજાવ્યું છે એણે કે તું અનુભૂતિ કર ત્યારે અમે સમજાવ્યું તને એમ નિમિત્ત તરીકે કહેવાય છે. એક વીતરાગ જ એમ કહે, અમારી સામું જોવું છોડી દે, તારી સામું જો તો તને લાભ થશે. વીતરાગ પોતે કહે. બીજા તો કહે અમને આપ ને પાતરા ભર ને અમને આહાર-પાણી દે કે અમને દાન દે, અમારી સેવા કર, જા! તારું કલ્યાણ થશે. આહાહા..!

અહીં કહે છે, મુનિ એમ કહે કે અમને આહાર-પાણી દે તો તારું કલ્યાણ થઈ જશે, એમ નહિ. આહાહા..! એ રાગ છે અમને આહાર દેવામાં. આવે જુદી વાત છે પણ તું જાણ કે એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (થશે), અમને આહાર દેવાની વૃત્તિ તને થઈ માટે

તને મોક્ષમાર્ગ પ્રગટશે, એનાથી પ્રગટશે એમ નથી. આહાહા..! મિથ્યાદષ્ટિએ આહાર-પાણી દીધા નથી અનંત વાર? દિગંબર સાધુ ભાવલિંગી સાધુને આહાર-પાણી આપ્યા હતા. સમજાય છે કાંઈ? પણ એ જ્ઞેયમાં આસક્તિની ક્રિયા હતી. આમ એના જ્ઞાનમાં મુનિ તરવર્યા ને ત્યાં... રાગ, એમાં થયેલો ઉઘાડ.. આમ ઉઘાડ.. ઉઘાડ.. આહાહા..! કહે છે કે એના તરફના માહાત્મ્યમાં પડેલો, એને ભગવાન આત્માનો અનુભૂતિનો સ્વાદ આવતો નથી. કહો, સમજાણું આમાં? એ વાત તો થઈ હતી કાલે બપોરે. અહીંથી હવે બાકી છે. આટલી વાત તો કાલે થઈ હતી. '**તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ :**'

'**જેમ-અનેક તરેહના શાક આદિ ભોજનોના સંબધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ...**' જુઓ! શું કહે છે? આ શાકમાં મીઠું નાખે, રોટલીમાં મીઠું નાખે, ખીચડીમાં મીઠું નાખે. નાખે છે ને? રોટલામાં મીઠું હોય છે. ક્યાંક વળી ચોખામાં પણ મીઠું નાખે છે. '**શાક આદિ ભોજનોના સંબંધથી...**' ભોજનોના સંબંધથી '**ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ...**' ત્યાં ખારપણાનો ખ્યાલ નથી. ખારપણાનો ખ્યાલ નથી. શાક દ્વારા જાણે, શાક દ્વારા ખારું છે (એમ જાણે) એટલે એના સ્વાદમાં શાક ખારું છે એ આવે છે. શાક સમજો છો ને? '**શાક આદિ ભોજનોના સંબંધથી...**' એમાં મીઠું નાખ્યું હોય ને? લવણ. એનાથી '**ઊપજેલ સામાન્ય લવણ...**' એટલે એકલો ખાર, એનો સ્વાદ ઢંકાઈ જઈ, ઢંકાઈ જઈ '**વિશેષ લવણના આવિર્ભાવ...**' એટલે કે શાક દ્વારા મીઠાનો અનુભવ. શાક દ્વારા ખારનો ખંડ ખંડ અનુભવ. '**આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ-વિશેષરૂપ)...**' શાક આદિ. કારેલા ખારા, રોટલી ખારી, ખીચડી ખારી, રોટલો ખારો, આ ખારું એમ બોલે છે. એમ બોલે છે ને? રોટલો ખારો, ખીચડી ખારી. ખારી રોટલી હોય? ખારું તો મીઠું હોય. મીઠું સમજ્યા? લવણ, નમક. અમારે મીઠું કહે છે. રોટલી ખારી, રોટલો ખારો, ખીચડી ખારી, પૂરી ખારી, શાક ખારું, કારેલાનું શાક ખારું ઢૂઢવા એમ નથી કહેતા? અમારી કાઠિયાવાડી ભાષા. આ ખારું ઢુઢવા શાક છે. ખારું ઢુઢવા એટલે બહુ ખારું હોય. એક દોકો નાખ્યો એક બાઈએ, બીજી બાઈ આવી એને ખબર નહિ એટલે નાખ્યું બીજું થોડું. પણ મીઠું ખારું છે કે શાક ખારું છે? પણ શાકના લોલુપી.. બટાટા ને.. સમજ્યા ને? દૂધી ને કારેલા આમ ફર્સ્ટ ક્લાસ. હોય ને કારેલા? કારેલા કહે છે ને? મસાલો ભર્યો હોય. એના સ્વાદમાં તો જાણે કારેલાથી જ ખારું થયું એમ દેખાય છે એને. એ કારેલામાં લીન છે ને. કડવું, કડકડિયું હોય પાછું, કડકડિયું. ઘીમાં તળેલું. એમાં મીઠાનો સ્વાદ લાગે એ જાણે કારેલાનો સ્વાદ છે. કારેલાના સ્વાદમાં મસ્ત ગૃદ્ધ થઈ ગયેલો, એને ખારાનો સ્વાદ જુદો ન દેખતાં શાક દ્વારા શાક જ ખારું દેખાય છે. સમજાય છે કાંઈ?

'**લવણ તેનો સ્વાદ અજ્ઞાની,...**' અજ્ઞાની એટલે અહીં શાકના લોલુપી, એમ. શાકના લોલુપીને એવા '**મનુષ્યોને આવે છે...**' કોને? પેલા શાકને જ ખારું (માને છે), શાક જ

ખારું, ખંડ ખંડ ખારું (માને છે તેને). સમજાણું? '**શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ-વિશેષરૂપ...**' એમ. શાકના ભેદરૂપે ભેદરૂપ ખારું દેખાય છે એને. ભેદરૂપ દેખાય છે પણ એકલું અભેદરૂપ ખારું દેખાતું નથી. સમજાણું કાંઈ? '**લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી...**' અન્યના સંબંધ રહિત (અર્થાત્) શાક, રોટલી, દાળ, ખીચડીથી રહિત. '**સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ...**' એકલા મીઠાના ખારાપણાનું જ વેદન ખારું. '**વિશેષના તિરોભાવથી...**' શાક દ્વારાની વિશેષતાનું ઢંકાઈ જવું. એવું '**એકાકાર અભેદરૂપ લવણ...**' પેલો ભેદ ભેદ હતો, આ એકાકાર અભેદ '**લવણ તેનો સ્વાદ આવતો નથી.**' અજ્ઞાની એટલે લવણના અજ્ઞાની, શાકના, હોં! આ તો દાખલો છે ને હજી. સમજાય છે કાંઈ?

'શ્રીમદ્' આવ્યા હતા. અહીં રાણપુર પાસે હરમતાળુ છે. રાણપુરનું ગામ હરમતાળુ. ૨૫-૫૦ માણસ ભેગા થયેલા. પછી ખાવા બેઠા. લાડવા ને શાક હશે દૂધીનું. દૂધીનું શાક આવ્યું જ્યાં વાટકામાં.. પેલા તો ખાવાના લોલુપી એટલે શાક આવ્યું ને હવે લાડવો આવશે. આમ જ્યાં 'શ્રીમદ્દે' નજર નાખી, શાકમાં મીઠું વધારે છે. વગર ચાખ્યે. ચાખે શું? શાકનો ગૃદ્ધિ (વાળો), શાક આવ્યું, શાક આવ્યું, શાક આવ્યું. સમજાણું? દૂધીનું શાક, ફલાણાનું શાક. આમાં મીઠું વધારે છે. મીઠું સમજ્યા ને? લવણ. લવણ વધારે છે. કેમ? જુઓ! જે દૂધીના કટકા હોય, દૂધી.. દૂધી, કટકા કર્યા હોય ને? પાણીથી બાફીને જે કટકા કર્યા હોય એમાં મીઠું વધારે પડે ત્યારે એના રેસા તૂટી જાય. એના રેસા હોય ને સરખા. વધારે મીઠું પડે એટલે એના કટકા હોય ને? દૂધીના કટકા ટૂકડા બફાય તો સરખા રહે. એમાં મીઠું પડી જાય તો રેસા તૂટી જાય. આમ રેસા તૂટી ગયેલા ભાળ્યા (તો કહ્યું), આમાં મીઠું વધારે છે. સમજાણું કાંઈ? રેસા સમજો છો? શાક હોય ને?

મુમુક્ષુ :- એમાં હલકાપણું આવી જાય.

ઉત્તર :- હલકા નહિ, આમ ચૂંથાઈ જાય, છુંદાઈ જાય. મીઠું પડ્યું ખરું ને એટલે ખારને લઈને સરખું ન રહે. ખાર વિના જો પાણીથી એકલું બફાણું હોય તો તો કટકા સરખા રહે. ભલે ચડી ગયેલા હોય પણ સરખા રહે. મીઠું વધારે પડે તો ફીંદાઈ જાય. ફીંદાઈ જાયને શું કહે છે? ખાડા પડી જાય, ટૂકડા થઈ જાય, આમ જરી જરી ઝીણા તણાઈ જાય બે બાજુ. મીઠું આમાં વધારે છે. બીજાએ જ્યાં ચાખ્યું,.. હા, ખારું ઢુઢવા છે. અરે..! આ શું? આમણે તો જોઈને કહ્યું, આપણને ચાખ્યા પછી ખબર પડી. કારણ કે પેલા તો ખાવાના ગૃદ્ધિ હતા. એકદમ શાક આવ્યું, હવે લાડવા આવશે ઈ જ જોવાનું રહ્યું. એને કાંઈ શું છે (કાંઈ નહિ). એમને થયું, પણ આ ખારું છે. એમ શાકના લોલુપી શાક દ્વારા ખારાશને અનુભવે છે, એ શાકને જ અનુભવે છે. જાણે એ શાક જ આવું છે એમ જાણે છે. એને શાક સિવાય નજર પડતી નથી. એની નજર ખારા ઉપર જતી જ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નથી પડતી. સમજાણું?

**'વળી પરમાર્થથી જોવામાં આવે...'** હજી દાખલો ચાલે છે, હોં! **'જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તે જ સામાન્ય આવિર્ભાવથી અનુભવમાં આવતું...'** એ દ્વારા જે આવતું એ જ વિશેષપણાને છોડી દો તો સામાન્યપણે ખારાશ એ રીતે જ આવે છે. બસ લક્ષ ફરી જાય છે. સમજાણું કાંઈ? શાકના લક્ષે જે ખારાશ આવતી એ ખારાશને લક્ષે, એકલા ખારાને લક્ષે એ જ સામાન્ય ખ્યાલમાં આવે છે. ખ્યાલ તો પર્યાયમાં એ જ આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે પણ! દાખલો આપીને કેટલું સ્પષ્ટ કરે છે! આચાર્યોને પડી હશે આ? અનુકંપાથી વિકલ્પ આવ્યો તો સમજાવે છે, ભાઈ! લવણના સ્વાદ, શાકના સ્વાદિયા, શાકનો સ્વાદિયો તને લવણનો સ્વાદ નથી આવતો. સ્વાદિયો સમજ્યા? શાકનો સ્વાદિયો અમારી કાઠિયાવાડી ભાષા છે. આહા..! શાકનો સ્વાદિયો, એમ કહે. શાકનો સ્વાદિયો બહુ છે. શાક ઝાઝુ જોવે છે, રોટલી ખાય ત્રણ અને શાક ખાય આખો વાટકો આવડો.

અહીં ભગવાન કહે છે, એલા, શાકના સ્વાદિયા! તને મીઠાનો સ્વાદ ક્યાંય નજરે પડતો નથી. ખરેખર તો શાક દ્વારા જે ખારું આવે છે, એ જ ખારું તારા ખ્યાલમાં આ બાજુ આવે તો એ જ ખારું ખ્યાલમાં આવે છે. સમજાય છે? **'વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું લવણ તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું...'** લવણ છે. લવણ તો એ જ છે. શાક દ્વારા ખ્યાલ આવે એ ખ્યાલ છોડીને એકલા લવણનો ખ્યાલ કર તો લવણ સામાન્યપણે તને જુદું જ દેખાય. સમજાણું કાંઈ? આમ શાકના લક્ષે ખાર ખ્યાલ આવે છે પણ ખારના લક્ષે જોવે તો એ જ ખાર છે. આ લક્ષે એ છે, ખારને લક્ષે એ છે. સમજાણું કાંઈ? લક્ષ ફેરવ્યે તને ખ્યાલ આવે, એમ કહે છે.

**'એવી રીતે...'** એ તો દૃષ્ટાંત કહ્યો. હવે સિદ્ધાંત. **'અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે...'** જુઓ! **'અનેક પ્રકારના જ્ઞેયોના આકારે...'** પરજ્ઞેયોના આકારે વિશેષતા સાથે. **'મિશ્રપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ...'** એકલો જ્ઞાન પરિણામ, રાગમિશ્રિત વિના, પરજ્ઞેયના મિશ્રિત વિના અનુભવમાં આવવો જોઈએ એનું ઢંકાઈ જવું. **'અને વિશેષના આવિર્ભાવથી...'** એકલા જ્ઞેય આસક્તવાળાને એનાથી જ્ઞેયથી, રાગથી, ક્ષયોપશમ જ્ઞાન, એનાથી **'અનુભવમાં આવતું જે (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ)...'** ત્રણ અર્થ કર્યા. **'જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય-લુબ્ધ જીવોને...'** પેલામાં હતું ને? જેઓ અજ્ઞાની જ્ઞેયોમાં આસક્ત (છે). **'જ્ઞેય-લુબ્ધ જીવોને...'** સમજાય છે? એની વ્યવહારુ શ્રદ્ધા નિશ્ચય વિનાની, વ્યવહારુ જ્ઞાન નિશ્ચય વિનાનું, વ્યવહારુ રાગની મંદતા નિશ્ચય વિનાની, એકલી પરજ્ઞેયમાં લીનતા.. કહે છે કે **'જ્ઞેય-લુબ્ધ જીવોને...'** એ જ્ઞેય-લુબ્ધ છે. એકલી પર્યાયબુદ્ધિમાં લીન થઈ ગયો છે. આહાહા..! સમજાણું

કાંઈ? '**સ્વાદમાં આવે છે...**' જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં શું આવે છે? રાગ અને જ્ઞાનની વિશેષતાનો સ્વાદ એને આવે છે. આત્માનો સ્વાદ એને આવતો નથી. સમજાણું કાંઈ? મિશ્રપણું કહ્યું ને? છે તો પોતાનો જ્ઞાનનો ઉઘાડ ને? એની સાથે રાગ, નિમિત્તમાં એકાકાર. આહાહા..! માન્યતામાં કરી અને મિશ્રપણાને વેદે છે. ઓલો પોતે નથી હોં! મિશ્રમાં. થોડો આમ ને થોડો આમ, એમ નથી અહીં કાંઈ. થોડો આમ ને થોડો આમ, એમ મિશ્રનો અર્થ નથી અહીં. અહીં તો જ્ઞાનને અંતરમાં નહિ વાળેલું અને બહાર જ્ઞેયમાં આસક્ત થયેલું તેને મિશ્ર જ્ઞાન કહેવાય છે.

'**અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ...**' એમ કહે છે. સમજાણું કાંઈ? પાછું કોઈ કહે ને? કે મિશ્રમાં થોડોક તો સ્વાદ હશે ને? મિશ્ર થયું કે નહિ? મિશ્ર એટલે ભેળસેળ કરી નાખ્યું. એ તો આપણે નથી આવતું? હાથીમાં નહિ? હાથી સ્વાદ લ્યે છે. મિશ્ર સ્વાદ. ન્યાં પણ મિશ્ર શબ્દ પડ્યો છે. હાથીને ઘાસ આપે, ઘઉં આપે, અનાજ આપે. સાથે લાડવા આપે તો લાડવા સાથે મિશ્ર કરીને ખાય. એમ અજ્ઞાની આત્મા મિશ્ર કરીને ખાય છે. મિશ્ર એટલે ત્યાં એમ ન લેવું કે લાડવો-આનંદનો સ્વાદ છે અને ઘાસનો સ્વાદ છે. એ તો દાખલો આપ્યો હતો ત્યાં. સમજાય છે? ન્યાં પણ મિશ્ર શબ્દ પડ્યો છે, હોં! કર્તા-કર્મ અધિકારમાં છે ને ઈ. મિશ્રપણું. મિશ્રપણું એટલે ભગવાન જ્ઞાનસ્વરૂપી જ્ઞાન રૂપે તો એમ ને એમ રહ્યું છે પણ પરમાં લુબ્ધ થયેલો એટલે મિશ્રિત બનાવી દીધું. રાગ મિશ્રિત, પરજ્ઞેય મિશ્રિત. પરજ્ઞેયનું જ્ઞાન, એને મિશ્રિત કરી નાખ્યું. એનો સ્વાદ લેતાં એને સામાન્યનો અનુભવ આવતો નથી. સમજાણું કાંઈ? '**પણ...**' એ વિશેષ લેશે...

**ભાદરવા વદ ૧૧, સોમવાર, તા. ૧૧-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૫, શ્લોક-૧૪-૧૫, પ્રવચન નં. ૭૩**

આ જીવ-અજીવ અધિકાર સમયસારનો ચાલે છે. ૧૫મી ગાથીની ટીકા ચાલે છે, ટીકા. અહીંયા આવ્યું છે ને? '**અલુબ્ધ જ્ઞાનીઓને તો...**' '**જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.**' ત્યાં સુધી આવ્યું છે. એનો અર્થ શું? કે આ જ્ઞાનપર્યાય જ્ઞેય, ખંડ ખંડ ઈન્દ્રિય, ભાવઈન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય અને એનો વિષય, એની આસક્તિમાં જે જ્ઞાનની આવિર્ભાવ દશા વિકારની ઉત્પત્તિ થાય છે, જ્ઞાનમાં મિશ્રપણું એટલે એકલું જ્ઞાન સ્વાદમાં નથી આવતું. જ્ઞાન પાંચ ઈન્દ્રિયોના વિષયમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં તે તરફના રાગમાં ખંડ ખંડ ઈન્દ્રિયમાં આસક્ત છે તે વિશેષ આવિર્ભાવ અનુભવમાં આવે છે. તે સમયે જ્ઞાનની પર્યાય જે ખંડ ખંડમાં જે ખ્યાલમાં આવે છે '**તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.**' તે જ જ્ઞાન સ્વભાવ સન્મુખ જોવાથી જ્ઞાનમાં અનેકાકાર ખંડ ખંડપણું છૂટી જવું અને પોતાના જ્ઞાનમાં એકતા (-એકરૂપતાનું) થવું, એવી પોતાની જ્ઞાનપર્યાય પ્રગટ શુદ્ધ થાય છે. ૧૫મી ગાથા ઝીણી બહુ ભાઈ! સમજાય છે કાંઈ?

આ જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્ય નિજ જ્ઞાયક તરફની દૃષ્ટિથી જે એકરૂપ જ્ઞાનનું એકાકાર થવું, એ તો પોતાના સ્વરૂપનો સ્વાદ શાંતિનો-ભાવશ્રુતનું જ્ઞાન છે. એ જ્ઞાન રાગમાં, શબ્દ, રૂપ, રસ, ગંધમાં પોતાના જ્ઞેય સ્વભાવને છોડીને એકલા પરજ્ઞેયમાં લીન થાય છે તેને ખંડ ખંડ જ્ઞાન અનુભવમાં આવે છે. તેને દુઃખ અનુભવાય છે બીજા અર્થમાં (કહીએ તો). સમજાય છે કાંઈ? તે જ જ્ઞાન જ્યારે ખંડ ખંડનું લક્ષ છોડીને નિજ સ્વભાવ સન્મુખ જ્ઞાન થાય છે તો તે જ જ્ઞાન જે ખંડ ખંડ જ્ઞાનમાં (અનુભવમાં) આવતું હતું, તે જ પર્યાય અખંડ જ્ઞાનમાં અખંડ વેદનમાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, જે જ્ઞાનસ્વરૂપી આત્મા (છે) તે અતીન્દ્રય જ્ઞાન છે. તે જ્ઞાન ઈન્દ્રિય તરફના લક્ષના ઝુકાવથી ચાહે તો શબ્દ, રૂપ, રસ, ગંધ અનુકૂળ-પ્રતિકૂળ હો, શુભ કે અશુભ (હો), એમાં આસક્ત નામ એકલો લીન થાય છે તો ખંડ ખંડ જ્ઞાન-મિથ્યાજ્ઞાન-વિપરીત જ્ઞાન, દુઃખરૂપ ખંડ ખંડ અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ? તે જ જ્ઞાન, તે જ જ્ઞાનની પર્યાય જે આમ ખંડ ખંડ (અનુભવમાં આવતી) હતી, તે જ્ઞાનપર્યાયને અંતરમાં વાળવાથી તે જ પર્યાયમાં જ્ઞાનાકારની પરિણતિનો અનુભવ થાય છે. સમજાય છે કાંઈ? શું આમાં સમજવું પણ? આમાં તો ધર્મ કઈ રીતે થાય અને અધર્મ કઈ રીતે થાય, એ વાત છે. પરની કોઈ વાત, પર મરે-હિંસા (થાય) એ કંઈ પ્રશ્ન નથી. આહાહા..! પોતાની જ્ઞાનપર્યાય

પરમાં આસક્ત (થાય છે)–નિમિત્તમાં, રાગમાં ખંડ ખંડ થઈને જે આસક્ત છે તે જ આત્માની હિંસા છે. સમજાય છે કાંઈ? તેને આત્માના આનંદનો સ્વાદ નથી આવતો, દુઃખનો સ્વાદ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી...'** તે જ પર્યાય જે જ્ઞાન સાથે એકત્વ થઈ તો તે પર્યાયમાં જ્ઞાનનો આનંદનો અનુભવ થાય છે, તેનું નામ ધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કહો, દરબાર! સમજાય છે કે નહિ? બહુ ઝીણું પણ આવું. આવો તે ધર્મ કેવો હશે? વાણી, શરીર, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ પરિવાર, સમેદશીખર કે શેત્રુંજય આદિ તીર્થ એ બધા પરદ્રવ્ય છે. એ જ્ઞાન પરદ્રવ્યમાં પરદ્રવ્યમાં એકાકાર થઈને પોતાની જ્ઞાનપર્યાયમાં ખંડ ખંડપણું ઉત્પન્ન કરીને અનેકાકાર-વિષયના ભેદથી અનેકાકાર જ્ઞાનનો ભેદ થઈને અનુભવ કરે છે તે મિથ્યાત્વ છે, અધર્મ છે, હિંસા છે, દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તે જ્ઞાન પોતામાં એકાકાર થાય છે તે અહિંસા છે, ભાવશ્રુતજ્ઞાન છે, જૈનશાસન છે, વીતરાગી માર્ગ છે.

**'અલુબ્ધ જ્ઞાનીઓને તો...'** (અર્થાત્) જ્ઞેયમાં આસક્ત નથી, એમ શબ્દ લીધો છે. જ્ઞેય નામ પરપદાર્થમાં એકાકાર થઈને લુબ્ધ નથી અર્થાત્ અલુબ્ધ છે, એવા ધર્મીને **'જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...'** મીઠાની ગાંગડી-નમક. શાક આદિના સંયોગનો અભાવ કરીને **'કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં,...'** એકલા ખાર-લવણ-નમકનો અનુભવ કરવામાં આવતા **'સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે...'** એ ગાંગડીમાં ક્ષારરસનો સ્વાદ આવે છે, એકલો ક્ષાર જોવે તો.

**'તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...'** પરદ્રવ્યનું લક્ષ જ્ઞેયાકારની આસક્તિ છોડીને **'કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં,...'** પોતાની જ્ઞાનની પર્યાય આત્મા તરફ ઢળીને આત્માનો અનુભવ કરવામાં આવતાં **'સર્વતઃ...'** ચારે બાજુ **'એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.'** અંતર જ્ઞાનાનંદ સ્વરૂપમાં જ્ઞાનની પર્યાયને એકાકાર કરવાથી વિજ્ઞાનઘન જ્ઞાન એકાગ્ર થયું તે વિજ્ઞાનઘન થયું. **'જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.'** અમરચંદજી! સમજાય છે કાંઈ? લાડવા-બાડવાનો સ્વાદ કે દિ' આવે છે એમાં? આજે છે તમારે નહિ? જાંબુ ને બરફીનો સ્વાદ. એનો સ્વાદ તો આત્માને આવતો જ નથી એમ અહીંયાં કહે છે. એ તરફની આસક્તિમાં જ્ઞાનને રોકીને ખંડ ખંડ કરીને રાગ ઉત્પન્ન થાય છે તેનો સ્વાદ આવે છે. સમજાય છે કાંઈ?

વસ્તુ ચૈતન્યસ્વભાવી સૂર્ય, તે પોતાના એક સ્વરૂપનો આશ્રય છોડીને અનેક જ્ઞેયોની આસક્તિમાં રોકાઈને જે જ્ઞાનની પર્યાયમાં ખંડ ખંડ, ખંડ ખંડ, ભેદ.. ભેદ.. ભેદ.. (થતો હતો), તે આસક્તિમાં ભેદનો અનુભવ કરવો તે સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. આહાહા..!

બહુ (ઝીણું). કહો, સેઠી! હીરા ને માણેક જોતાં જોતાં આમ એકાકાર થઈ જવું... નિજ ચૈતન્યહીરા તરફનો આશ્રય નથી, જેનું એ જ્ઞાન છે તે તરફ એકાકાર નથી, જેમાં આ જ્ઞાન નથી એવા પરજ્ઞેયમાં આસક્તિ નામ એકાકાર થઈને નિમિત્ત ને પરજ્ઞેયની મૈત્રી બાંધીને પોતાની જ્ઞાનની દશામાં ખંડ ખંડપણું થવું, તેનું નામ મિથ્યાત્વનું જ્ઞાન વેદનમાં આવે છે. દુઃખરૂપ જ્ઞાન વેદનમાં આવે છે, એમ કહે છે.

'**પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...**' અર્થાત્ પરદ્રવ્યનું લક્ષ છોડીને '**કેવળ આત્માનો...**' આહાહા..! એવા આત્માનો '**અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે...**' જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય તરફમાં જ્ઞાનની એકાગ્રતાને કારણે જ્ઞાનપણે સ્વાદમાં આવ્યું. રાગ અને ખંડ ખંડનો સ્વાદ હતો તે અહીંયાં જ્ઞાનનો, શાંતિનો, આનંદનો-અનાકુળતાનો સ્વાદ આવ્યો. તેનું નામ જૈનશાસન કહેવામાં આવે છે. એનું નામ જૈનશાસન. આહાહા..! કહો, મગનભાઈ! એનું નામ જૈનની શિખામણનો ધર્મ. આહાહા..! જૈનધર્મ ઈ. હજી તો બહારમાં ઝઘડા. શુભભાવથી ધર્મ થાય કે નહિ? શુભભાવથી પરંપરાએ મુક્તિ થાય કે નહિ? ક્યાં લઈ ગયા? સમજાય છે કાંઈ? અહીં તો શુભભાવનું જ્ઞેય પર છે, તેમાં આસક્તિ થઈને લીન થાય છે તો જ્ઞાન ખંડ ખંડ થાય છે, તેનું નામ દુઃખની દશા કહેવામાં આવે છે. એ જૈનદર્શન નહિ, એ જૈનશાસન નહિ. શુભભાવ પણ પરજ્ઞેય છે, સ્વજ્ઞેય ચૈતન્ય નહિ. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** '**અહીં આત્માને અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે.**' એ ૧૪મી સાથે મેળવણી કરી. ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય સ્વભાવ-વસ્તુ સ્વભાવનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ, તે જ જ્ઞાનનો અનુભવ. અર્થાત્ રાગનો અનુભવ નહિ એટલે જ્ઞાનનો અનુભવ. '**અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ...**' જ્ઞેયોમાં જ અર્થાત્ અર્થાત્ '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ...**' એમ. જ્ઞેયોમાં જ, એની વ્યાખ્યા. '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં...**' પાંચ ઈન્દ્રિયના શબ્દ આદિના લક્ષમાં લુબ્ધ થઈ રહ્યા છે. ઓહોહો..! અહીં તો કહે છે કે ભગવાનની પ્રતિમા હો કે ભગવાન સાક્ષાત્ હો કે સ્ત્રી, કુટુંબ-પરિવાર હો, બધા પરદ્રવ્ય છે. એ '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ-લુબ્ધ થઈ રહ્યા છે.**' તે જ તરફના એકલા ઝુકાવથી લીન થઈ રહ્યા છે તે '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં...**' એ '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ...**' જુઓ! શું કહે છે? અનેકાકાર ખંડ ખંડ થયેલા જ્ઞાનને જ '**જ્ઞેયમાત્ર...**' જ્ઞાનને જ જ્ઞેયમાત્ર-પરવસ્તુને જ જ્ઞાન માનીને તેને '**આસ્વાદે છે...**' સમજાય છે કાંઈ?

પર ઈન્દ્રિયના વિષયોમાં અનેકાકાર થેયલા જ્ઞાનને જ, અનેકાકાર થયું એ ખરેખર ખંડ ખંડ પરજ્ઞેય છે. ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં-ચાહે તો ભગવાનની વાણી સાંભળતો હોય, ભગવાનને સમવસરણમાં દેખતો હોય પણ એ ઈન્દ્રિયનો વિષય છે. બરાબર છે? મગનભાઈ! ઈન્દ્રિયનો

વિષય હશે કે અતીન્દ્રિય? ભગવાનનો તો અતીન્દ્રિયનો વિષય છે. પણ પર્યાય વર્તમાન ઇન્દ્રિયના લક્ષે આમ જોવે છે અને પોતાની અનેકાકાર જ્ઞાનની દશા થઈ, તેમાં પણ એમ માને છે કે તે અનેકાકાર જ્ઞાનની પર્યાય પરથી થઈ, એમ તો છે જ નહિ, આ તો પરના લક્ષે પોતામાં જ્ઞાનની અનેકતા ઉત્પન્ન થઈ તેને જ્ઞેયમાત્ર આસ્વાદે છે. એ તો જ્ઞાનને જ જ્ઞેયમાત્ર (અર્થાત્) જ્ઞાનની દશા (જે) અનેકાકાર (થઈ) તેને જ આસ્વાદે છે. ખરેખર તો એ પરજ્ઞેય છે. જ્ઞાનમાં અનેકાકારપણું થવું, ખંડ ખંડ થવું તે ખરેખર તો પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નહિ. આહાહા..! ભારે ઝીણું.

'**જ્ઞેયમાત્ર આસ્વાદે છે પરંતુ જ્ઞેયોથી ભિન્ન...**' પરદ્રવ્યથી ભિન્ન, પરદ્રવ્યના લક્ષે થયેલા જ્ઞાનના ખંડ ખંડપણાથી ભિન્ન '**જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા.**' ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદમાં એકાકાર થઈને આત્માનો-જ્ઞાનનો સ્વાદ નથી લેતા, તેને જૈનધર્મ હોતો નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? નેમિચંદજી! દિલ્હીમાં તો આ બહુ ઝીણું પડે. અરે..! ભગવાન! આહા..! સ્વતંત્ર વસ્તુ. ચૈતન્યસ્વરૂપી સૂર્ય સ્વદ્રવ્ય, તેની વર્તમાન દશામાં એકલા પરદ્રવ્યમાં લીન થઈને જ્ઞાનની દશામાં ખંડ ખંડમાં-ભાવેન્દ્રિયમાં ખંડ ખંડ થઈને સાથે રાગ થયો (તેમાં) લીન થઈ તેને અનુભવે છે એ જૈનશાસન નહિ, મિથ્યાદર્શન રાગનું શાસન અનાદિથી કરે છે એ ભાવ છે. ઓહોહો..! પકડવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :- એમાં લુબ્ધ શું...

ઉત્તર :- લીન થઈ ગયા. કહ્યું ને? ચાહે તો ભગવાન તીર્થંકર હો કે પ્રતિમા હો, પરજ્ઞેય છે. આ જ્ઞાનનો પર્યાય પોતાના જ્ઞેયમાં લીન નહિ થઈને એ પર્યાય પરદ્રવ્યમાં એકાકાર થઈને ચાહે તો જ્ઞાનમાં અનેકતા ખંડ ખંડ ઉત્પન્ન (થઈને) શુભરાગ, થાય પરંતુ તે જ્ઞેયમાં આસક્ત-લુબ્ધ છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ છે. ભારે કઠણ, ભાઈ! જૈનદર્શન જગતને સમજવું (કઠણ બહુ). 'વાડા બાંધી બેઠા રે, પોતાનો પંથ કરવાને.'

વસ્તુ ભગવાન વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે કહ્યું કે પ્રભુ! તું જ્ઞાયક ચૈતન્યજ્યોત છે ને. તારા સ્વભાવ સન્મુખતાની દશાને છોડીને, દશાને છોડીને (એનો અર્થ) દશા કંઈ ઉત્પન્ન નથી થઈ, તે તરફ ઢળવું છોડીને. ઈ પહેલા આવ્યું હતું ને? ઈ અપેક્ષા લીધી. ભગવાન ચૈતન્યજ્યોત સૂર્ય પ્રભુ ચૈતન્યની અંતર્મુખની એકાકાર દશા ઉત્પન્ન નહિ કરીને, જ્ઞાનની વર્તમાન દશામાં ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયો-ચાહે તો ભગવાનની વાણી હો, ભગવાન હો, સમેદશીખર હો કે શેત્રુંજય હો, કે બાયડી હોય, છોકરા હોય-પર તરફના જ્ઞેયમાં જેટલો રાગ થયો અને જ્ઞાનમાં ખંડ ખંડપણું થયું તે યથાર્થમાં પરજ્ઞેય છે. તેમાં એકાકાર છે તેને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભક્તિ-બક્તિનો શુભરાગ છે, પણ એ રાગમાં એકાકાર થઈને પરમાં લીન

છે તે મિથ્યાત્વ છે, જૈનદર્શન નહિ, જૈનશાસન નહિ. કહો, નેમિચંદજી! શું છે? રાજારામજી! કહો, ભાઈ! શું છે? ભક્તિ બે પ્રકારની. નિજ જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીન થવું તે નિશ્ચયભક્તિ અને ભગવાન તરફનો રાગ થવો તે વ્યવહારભક્તિ. એકલા નિશ્ચયના ભાન વિના માત્ર તેમાં લીન થઈ જાય તો મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. નિજ સ્વરૂપનું રાગથી ભિન્ન ભાન થઈને સ્વરૂમાં એકાગ્ર થઈને પછી શુભ આવે છે તો વ્યવહાર પુણ્યબંધનું કારણ છે, એમ કહેવામાં આવે છે, મિથ્યાત્વ નહિ. પણ પોતાના જ્ઞાયક સ્વભાવ તરફની એકાગ્રતાને છોડીને એકલા પરદ્રવ્યમાં એકાકાર થઈને રાગ ને શુભ ને ખંડ ખંડ જ્ઞાનને અનુભવે છે તે તો મિથ્યાદષ્ટિ, અજૈન શાસન, અજૈન ધર્મને અનુભવે છે, મિથ્યાત્વને અનુભવે છે. સમજાય છે કાંઈ? જૈન વાડો હોય એટલે જૈન થઈ ગયો, એમ નથી. એવો જૈન વાડો તો અનંત વાર મળ્યો. ઓહોહો..!

**'અને જેઓ જ્ઞાની છે,...'** જુઓ! જે ધર્મી છે તે **'જ્ઞેયોમાં આસક્ત નથી...'** એ ખંડ ખંડ ઈન્દ્રિય, રાગ અને નિમિત્તમાં લીનતા નથી. પરદ્રવ્યમાં એકાગ્રતા નથી. આહા..! સમ્યગ્દષ્ટિ જીવ છે-ધર્મી ચોથા ગુણસ્થાનવાળો, હોં! હજી ચોથું ગુણસ્થાન, અવિરતિ તે જ્ઞેયોમાં આસક્ત નથી. ચાહે તો ભગવાન ત્રિલોકનાથ હો, વાણી હો, દેવ, સ્ત્રી, કુટુંબ-પરિવાર હો, એ બધું પરદ્રવ્ય છે. એમાં આસક્ત નથી, એમાં એકાકાર નથી. **'તેઓ જ્ઞેયોથી જુદા...'** તે જ્ઞેયોથી જુદા **'એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે...'** આહાહા..! પરજ્ઞેયોથી જુદા, સ્વજ્ઞેયને દૃષ્ટિમાં લઈને જે જ્ઞાનની દશા થઈ છે તેના આનંદનો આસ્વાદ લે છે, તેનું નામ ભગવાન જૈનશાસન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જેમ શાકોથી જુદી...'** શાક.. શાક. **'મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે...'** શાકોથી જુદું એકલું લવણ, એની ગાંગડી-ભેલું. **'ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે આસ્વાદ લે છે,...'** અર્થાત્ ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિજ સ્વરૂપ તરફની એકતા છે તો તેના સ્વભાવનો સ્વાદ જ સમકિતીને-ધર્મીને આનંદનો સ્વાદ આવે છે, તેનું નામ ભગવાન ધર્મ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'કારણ કે જ્ઞાન છે તે આત્મા છે...'** લ્યો, એ જ્ઞાનનો અનુભવ થયો તે આત્મા છે. રાગ ને ખંડ ખંડ જ્ઞાનનો અનુભવ તે આત્મા નહિ. **'અને આત્મા છે તે જ્ઞાન છે...'**

**'આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં...'** ગુણી દ્રવ્ય અને ગુણ એટલે પર્યાય. **'અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું,...'** અબદ્ધસ્પૃષ્ટ (આદિ) પાંચ બોલ લીધા પાછા. **'પરદ્રવ્યોથી જુદું...'** અબદ્ધસ્પૃષ્ટ (આદિ) પાંચ બોલ લીધા ને? પોતાની પર્યાયોમાં **'એકરૂપ નિશ્ચળ...'** પોતાની પર્યાયમાં બેય લઈ લીધી-વ્યંજન અને હાનિવૃદ્ધિવાળી. **'એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ,...'** ઈ ચોથો બોલ. અને **'પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન...'** ઈ અસંયુક્તભાવ. સમજાય છે કાંઈ? પાછા પાંચ બોલ લીધા. ગુણ-ગુણી એટલે ગુણ એટલે પર્યાય, ગુણી એટલે દ્રવ્ય. **'અભેદ દૃષ્ટિમાં...'** એટલે

અભેદ થઈ ગયો. '**આવતું જે સર્વ પરદ્રવ્યોથી ભિન્ન...**' અભેદ દૃષ્ટિમાં આવનારો એવો આત્મા, એમ. ગુણ-ગુણીની એકરૂપ દૃષ્ટિમાં, અભેદ દૃષ્ટિમાં. પર્યાય નિજ દ્રવ્યમાં અભેદરૂપ થવાથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન. અબદ્ધસ્પૃષ્ટ (બોલ) આવ્યા.

'**પોતાના પર્યાયોમાં એકરૂપ,...**' આકૃતિ અને અનિયત પર્યાયથી ભિન્ન. '**પોતાના ગુણોમાં એકરૂપ...**' ગુણના ભેદ નહિ, સામાન્ય ગુણી પ્રત્યે એકાકાર પર્યાય. '**પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ...**' વિકલ્પ જે છે દુઃખરૂપ, શુભ કે અશુભ દુઃખરૂપ વિકલ્પ છે. તેના સહિતપણાથી રહિત. સહિતપણાથી રહિત. '**ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન...**' ભગવાન આત્મા આનંદ, આનંદ ને અનંત ગુણગંભીર પ્રભુ એવા સ્વરૂપનો અનુભવ. પર્યાયમાં-અવસ્થામાં આવા સ્વરૂપનો અનુભવ તે જ્ઞાનનો અનુભવ છે. તે આત્માનો અનુભવ છે, તે જ્ઞાનની દશાનો અનુભવ છે. '**અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે.**' ઓહોહો..! આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાન (રૂપ અનુભવન છે). જુઓ! આ કંઈ કેવળીની વાત નથી. આ તો ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિને ભાવશ્રુતજ્ઞાન (થયું તેની વાત છે). જે આત્મા જ્ઞાયક તરફના ઝુકાવથી માત્ર જ્ઞાનનો સ્વાદ આવવો તેનું નામ ભાવશ્રુતજ્ઞાન ઉપયોગ છે, તેનું નામ જૈનશાસન છે. એ જૈનશાસનનો અનુભવ છે. સમજાય છે કાંઈ? આવો તે જૈનધર્મ કેવો? આવો જૈનધર્મ? જૈનધર્મ તો મોટા મંદિર કરે, પૂજા કરે, જાત્રા દસ-દસ લાખની કાઢે, (એ જૈનધર્મ). નેમિચંદજી! દસ લાખની કાઢે. મોટા મોટા આમ... શું કહેવાય ઈ? ઝાંઝર-બાંઝર (લગાવે). આહાહા..! વાહ ભગત, વાહ ભગત એમ કહે પાછા. આવો જૈનધર્મ હોય, ભાઈ! ઢોલક વગાડે, ઢોલ વગાડે, કૂદે, વળી ઝાંઝર નાખીને આમ કરે. વાહ.. વાહ.. વાહ! ભગવાનનો ભગત! એ તો કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ! એ હો, પણ ધર્મીની દૃષ્ટિ જ્ઞાયક ઉપર હોવાથી જ્ઞાનમાં એકાકાર છે, એટલો જૈનધર્મ છે. વચ્ચે જે રાગ આવ્યો ઈ જૈનધર્મ નહિ, પણ પુણ્ય-પાપથી બચવા અથવા તે કાળે એવો (ભાવ) આવ્યા વિના રહેતો નથી. આમ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ઢોલ ને એનું શું?

ઉત્તર :- ઢોલની પર્યાય ઢોલમાં રહી. ઢોલની પર્યાય હું કરું છું, એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. બખાલો હું આમ કરું છું, (એમ માનનારો) મૂઢ જડની પર્યાયનો સ્વામી થાય છે. એ તો પરજ્ઞેયમાં એકાકાર થઈને, રાગમાં એકાકાર થઈને મિથ્યાત્વનું જ વેદન કરે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! એઈ..! હાથીના હોદ્દે બેઠો હોય.. મુંબઈમાં. આમ સૂટ પહેર્યો હતો ને આમ કોટ પહેર્યો હતો.

ભાઈ! તું પ્રભુ! પરદ્રવ્યથી વ્યવચ્છેદ કીધું ને અહીંયાં તો? પરદ્રવ્યનો વ્યવચ્છેદ કરીને, એમ આવ્યું ને? સંયોગનો વ્યવચ્છેદ કરીને. વ્યવચ્છેદ. ટીકાની બીજી લીટી. આહાહા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ હો કે વાણી હો કે પરમાત્માની પ્રતિમા હો કે શેત્રુંજય કે સમેદશીખર હો, બધું

પરદ્રવ્ય છે. પરદ્રવ્યના લક્ષમાં રાગ થાય છે અને તેમાં એકલા જ્ઞાનમાં આત્મા જ્ઞાયકની એકાગ્રતા છોડીને એકલા ખંડ ખંડ જ્ઞાનનો અનુભવ કરે છે તો એ મિથ્યાદૃષ્ટિ જૈનશાસનથી બહાર છે. સમજાય છે કાંઈ? અને આત્મા જ્ઞાયકસ્વરૂપમાં એકાકાર થઈને આત્માની જ્ઞાનની એકતાનો અનુભવ છે અને પછી શુભભાવ આવ્યો પણ તેમાં આસક્તિ નથી, તેને ભિન્ન રાખે છે. ધર્મી એ રાગને, નિમિત્તને પોતાની જ્ઞાનપર્યાયમાંથી ભિન્ન રાખે છે. પોતામાં એકત્વ કરતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બરાબર શું, આ બધું ઊડી જાય છે. આહાહા..!

એકલા... એકલા પરદ્રવ્ય. આત્મા સિવાય ઈન્દ્રિયના જ્ઞાનથી પરદ્રવ્યમાં એકલું લક્ષ કરીને જે જ્ઞાન ખંડ ખંડ થયું, શુભરાગ થયો, એમાં એકાકાર છે, લીન છે તે મિથ્યાદૃષ્ટિ એકલા રાગને, દુઃખને અનુભવે છે. સમજાય છે કાંઈ? એ ભક્તિ કરવાના કાળે પણ તેને એકલા દુઃખનો અનુભવ છે. પણ પોતાના જ્ઞાયક સ્વભાવ તરફની એકાગ્રતાની પરિણતિ છે તેટલું ભાવશ્રુત, શાંતિ છે. તેમાં જ્યારે એકાકાર શુદ્ધ ઉપયોગ ન હોય ત્યારે આવો શુભરાગ આવે છે ત્યારે લક્ષ ભગવાન ઉપર, ભક્તિ આદિનો ભાવ આવે છે. પણ તેઓ રાગ અને શુદ્ધ પરિણતિને એક નથી કરતા. કેમકે પરદ્રવ્યના વ્યવચ્છેદ-સંયોગથી રહિત થયો છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? જુઓ! છે કે નહિ એમાં એમ?

'**શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.**' કહે છે કે આત્મા અખંડાનંદનું લક્ષ કરીને જે અનુભવ થયો તેને આત્માની અનુભૂતિ કહો, જ્ઞાનની અનુભૂતિ કહો કે શુદ્ધનય કહો, બેમાં કાંઈ ફેર નથી એમ કહે છે. એ તો ૧૪મી ગાથામાં આવી ગયું હતું ને? એ અહીં ફરીને લીધું. સમજાય છે કાંઈ? 'આનંદઘનજી' પણ એમાં કહે છે,

**વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે,**
**શુદ્ધ નય થાપન સેવતાં, નવિ રહૈ દુવિધા સાથ રે.**
**વ્યવહારે લખિ જે રહૈ, તેના ભેદ અનન્ત રે,**
**પરમારથ પથ જે કહૈ, તે રંજે ઈક તન્ત રે.**

કેટલાક સિદ્ધાંત તો એમને ... સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. પછી સર્વજ્ઞ હો કે વાણી હો કે સમેદશીખર હો, એ તો પરદ્રવ્ય છે. પણ પરદ્રવ્યનું લક્ષ કરવાથી એકલો શુભરાગ થાય છે અને પોતાની જ્ઞાનની પર્યાય એકલા પર તરફનું ખંડનું જ્ઞાન કરે છે તો ભાવેન્દ્રિય ખંડ ખંડ જ્ઞાન થયું. અને તે જ મારું છે અને એવડો હું છું, એવી મિથ્યાત્વની માન્યતા એ મિથ્યાત્વનું દુઃખનું વેદન છે. સમજાય છે કાંઈ? પણ ભગવાન આત્મા પોતાનો જ્ઞાયક ચૈતન્યપ્રભુ શુદ્ધની એકાગ્રતા સહિત પોતાના સ્વદ્રવ્યના આશ્રયથી શુદ્ધતાનો, ભાવશ્રુતજ્ઞાનનો, શાંતિનો, જૈનશાસનનો, રાગરહિતનો જે અનુભવ છે તે જૈનશાસન. પછી એમાંથી જે શુભરાગ આવ્યો એ નિશ્ચય જૈનશાસન નહિ, પણ વ્યવહાર જૈનશાસનનો આરોપ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે એ ભૂમિકામાં

સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર, વાણી આદિનો, ભક્તિનો રાગ તે ભૂમિકાને યોગ્ય એવો આવે છે. તેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની ભક્તિનો રાગ હોતો નથી. સમજાય છે કાંઈ? તો એ પ્રકારના શુભરાગની ભૂમિકા ત્યાં ઉત્પન્ન થાય છે તો નિશ્ચય આત્મા જ્ઞાયક સ્વભાવનો, જૈનશાસનનો અનુભવ છે. જૈનશાસન નામ વીતરાગી દૃષ્ટિ, વીતરાગી પર્યાય એ જૈનશાસન, તેની સાથે જે રાગ આવ્યો તે રાગ સાથે એકત્વ કરતા નથી પણ ભિન્ન રાખીને તેને વ્યવહારધર્મ વ્યવહાર જૈનશાસન, પુણ્યધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? તે જાણવાલાયક ચીજ રહી ગઈ. આહાહા..! ભારે પણ.. માણસને તો (એમ લાગે છે કે) આ તો જૈનધર્મનો લોપ થઈ જાય છે. જૈનધર્મનો લોપ કરી નાખ્યો અજ્ઞાનીએ. રાગ ને પરદ્રવ્યમાં લક્ષ કરીને ધર્મ માનનારે જૈનધર્મનો લોપ કરી નાખ્યો. શોભાલાલજી! આહાહા..! પેલા લોકો કહે, અર..ર..ર...! આ ભગવાન આમ ત્રણ લોકના નાથ પરમેશ્વર! પણ પરમેશ્વર તે પરદ્રવ્ય છે કે તું છો? સાંભળને હવે. તારો ભગવાન તો અહીં છે, એ ભગવાન તો એના છે.

મુમુક્ષુ :–...

ઉત્તર :– નિજ ભગવાનને ડુબાવી દીધા, પર ભગવાનને અધિક રાખ્યા. આહાહા..! ભારે ગાથા, હોં! જૈનશાસન એને કહે છે.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

પાંચેય બોલ લઈ...

**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

આવી વીતરાગી પર્યાયમાં સમસ્ત જિનશાસન આવી ગયું. ચારે અનુયોગમાં ઈ કહેવું હતું, ભગવાનની વાણીમાં ઈ આવ્યું હતું, ભગવાનનો નિશ્ચય સ્વભાવનો આશ્રય થઈને વીતરાગી પર્યાય જે સમ્યગ્દર્શન, આનંદ પ્રગટ થયા તે જ જૈનશાસન છે, બીજું કોઈ જૈનશાસન યથાર્થતામાં નથી. અને આ વાત જૈન વીતરાગ સિવાય બીજા અન્યમતિમાં ક્યાંય ત્રણ કાળમાં છે નહિ. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગ સિવાય અન્ય કલ્પિત અનેક અનંત માર્ગ છે, એમાં આવો સત્ય નિશ્ચય કે વ્યવહાર માર્ગ કોઈ દિ' એકેય હોતો નથી. કહો, જયંતિભાઈ! બરાબર છે? આહા..! જુઓને! છેલ્લું ઈ જ કહ્યું છે ને?

**'હવે આ જ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છે :–'**

**अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-**
**र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।**
**चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते**
**यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।**

વાહ! ઈ ગાથાનો (કળશ) છે. આ તો શાંતિથી સમજવાની ચીજ છે. બાકી કોઈ વાદવિવાદ

ને આ ને તે, એવી ચીજ નથી, બાપુ! પ્રભુ આત્મા એકલો સમરસ સ્વભાવે સમભાવી સમરસ સ્વભાવથી પૂર્ણ ભરેલો છે. ભગવાન આત્માનો સ્વભાવ જ વીતરાગ વિજ્ઞાનઘન છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ વીતરાગ વિજ્ઞાનઘન છે. ત્રિકાળ વીતરાગ વિજ્ઞાનઘન. એની વિજ્ઞાનઘનમાં એકાગ્રતા થવી, પર્યાયમાં વીતરાગી વિજ્ઞાનઘનની પર્યાય (થાય) તેને જૈનશાસન કહે છે. આહાહા..! કલ્પના, કલ્પના જાળમાં સળગતો, બળતો, અશુભ કલ્પનાની ઝાળમાં સળગતો. સળગતોને શું કહે છે? જલતા. એવી શુભ કલ્પના થાય-રાગ-દયા, દાન, વ્રત, ભક્તિ એ શુભકલ્પના પણ સળગતો, એ પણ બળતો, અંગારા, દુઃખ છે. ઓહોહો..! એ દુઃખનો અનુભવ એ જૈનશાસન છે. શુભાશુભ ભાવનો અનુભવ એ દુઃખનો અનુભવ છે. દુઃખનો અનુભવ એ જૈનશાસન છે? આહાહા..!

કહે છે કે એકલા પરજ્ઞેયમાં, પરદ્રવ્યમાં આસક્ત થઈને પોતાની ચીજ રાગથી ખંડ જ્ઞાનથી ભિન્ન અખંડ છે, એવી અંતર અનુભવદૃષ્ટિ-દ્રવ્યનો આશ્રય નથી તે એકલા પરજ્ઞેયમાં આસક્ત ચાહે તો પરમેશ્વરમાં હો તોપણ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. જૈનશાસન નહિ. આહાહા..! અરે..! રાગ અને ખંડ ખંડ જ્ઞાનમાં કંઈ જૈનશાસન હોય? અને રાગ ને ખંડ ખંડ જ્ઞાનથી જૈનશાસન ઉત્પન્ન થાય છે? સમજાય છે? ચૈતન્યવસ્તુ પરમાત્મસ્વરૂપ પરમાત્મા-અપ્પા સો પરમપ્પા- એ આત્મા જ પરમાત્મસ્વરૂપ પોતાનો પૂર્ણાનંદ ભગવાન છે, તે તરફ એકાકાર થવું, ભાવશ્રુતપણાની પર્યાય થવી; જેમ એકલા ક્ષારનો સ્વાદ આવવો એમ એકલા આત્માના આનંદનો ભાવશ્રુતજ્ઞાનમાં સ્વાદ આવવો તેનું નામ રાગરહિત દશા, રાગરહિત જ્ઞાન, રાગરહિત શ્રદ્ધા, રાગરહિત આનંદની સાથે આચરણ, તેને અહીંયાં જૈનશાસન કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વીતરાગ દશા..

ઉત્તર :- વીતરાગ દશા કરવી છે ને, ઈ કહે છે. નથી તો કેમ નથી? દૃષ્ટિ કરવી એમ કહે છે. નથી તો શું કરવું? દૃષ્ટિ કરવી એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહાર સાધનનો અર્થ, નિશ્ચય સ્વરૂપનો અનુભવ કરીને રાગ આવે છે તેને જાણવો કે પૃથક્ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. રહેવા-ફહેવાની વાત નથી. ધ્યેય દૃષ્ટિમાં અનુભવ કરવો. ધ્યેય શું રાખે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, તો એનો અર્થ શું થયો? રાગથી ભિન્ન પહેલાં દૃષ્ટિ અને અનુભવ કરવો. દૃષ્ટિના અનુભવ વિના રાગને વ્યવહાર કહેવાતો જ નથી, એ જૈનશાસન છે જ નહિ, એ

જૈનશાસનની ગડબડી છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે નહિ, શુદ્ધની દૃષ્ટિ કરવી. સ્થિર થવું એ બીજી વાત છે. પહેલી શુદ્ધની દૃષ્ટિ કર્યા વિના એને ધર્મનો અંશ પ્રગટ નથી થતો, ત્રણ કાળ ત્રણ લોકમાં. એકલો વ્યવહાર, વ્યવહાર એ વ્યવહાર જ નથી. નિશ્ચય દૃષ્ટિ અંતરમાં રાગથી ભિન્ન એકાકાર જ્ઞાનનો અનુભવ કરીને શાંતિનું વેદન કરવું, તે પહેલો નિશ્ચય ને પહેલું સમ્યગ્દર્શન અને જૈનશાસન છે. પછી ઠરી શકે નહિ તેથી રાગ આવે છે તો જાણવું કે ઈ છે, છે. વ્યવહાર ધર્મનો આરોપ એને દેવામાં આવે છે, ખરેખર એ ધર્મ નથી. અને નિશ્ચયમાં લક્ષ નહિ અને કરવો વ્યવહાર, એનો અર્થ શું? વ્યવહાર કરવો, કર્તૃત્વબુદ્ધિ (થઈ) ત્યાં તો નિશ્ચય લક્ષ જ નથી. રાગને કરવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? કઠણ વાત છે, ભાઈ! જૈનની વાત જૈનને ખબર ન મળે. એ બિચારા એમ ને એમ જૈનના નામે ગાડા હાંકીને રાખ્યા. આપણે ભગવાનની આજ્ઞા પ્રમાણે કરીએ છીએ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અન્ય મતમાં વાત જ ક્યાં છે? જૈન સિવાય અન્યમાં તો વાત જ ક્યાં છે ત્રણ કાળમાં? આ તો જૈનમાં જૈનની ખબર નથી. જૈન કોને કહેવા? રાગ અને વિકલ્પથી ભિન્ન પડીને જ્ઞાયકમાં એકાકાર થવું, એનું નામ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન-જૈન, સમ્યગ્દૃષ્ટિ જૈન. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ નિર્વિકલ્પ દૃષ્ટિ છે. સમ્યગ્દર્શન...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રહેવું-ફહેવું પડે નહિ. શુભમાં રહું છું એ માન્યતા મિથ્યાત્વની છે. શુભ તો રાગ છે. હું રાગમાં રહું છું, એ તો મિથ્યાદૃષ્ટિ છે. રાગથી ભિન્ન થઈને પોતાની દૃષ્ટિ થઈ છે પછી રાગ આવે છે તેને જાણે છે, રહેતો નથી. રહે તો છે પોતાની દૃષ્ટિમાં રાગરહિતમાં રહ્યો છે, આવે છે તેને જાણે છે. ત્યાં રહે તો તો મિથ્યાદૃષ્ટિ છે. રાગમાં રહે એ તો મિથ્યાદૃષ્ટિ છે, એ તો અનાદિથી રહ્યો છે. રહેવું શું પડે? સૂક્ષ્મ વાત છે, ભાઈ! બહુ સૂક્ષ્મ વાત છે. અમને તો આખા સમાજની ખબર છે ને. આખો સમાજ ઊંધે રસ્તે છે. ઉપદેશકને ખબર નથી ને પોતાને પણ ખબર નથી. અમને તો આખા સમાજની ખબર છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. આ વસ્તુ જૈનશાસન આવું છે. આ તો લોકો તો હજી એમ કહે છે કે, નિશ્ચયને લક્ષમાં રાખીને વ્યવહાર કરવો. એટલે રાગમાં ઊભા રહેવું, વિકારમાં ઊભા રહેવું. રાગના કર્તા થવું. તો જેમ જેમ પરભાવનો કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

એઈ.. નેમિચંદજી!

મુમુક્ષુ :- ... કે સમ્યગ્દર્શન તો થતું નથી...

ઉત્તર :- થતું નથી એમ માનતા હતા. થઈ રહ્યું, તો ધર્મ જ નથી. સમ્યગ્દર્શન વિના ત્રણ કાળમાં ધર્મ નથી. આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. છે કઠણ વાત. દરેક સંપ્રદાયમાં એ જ ચાલી છે. એ વાત જ નથી, નથી, નથી. બધા માને ભલે કે અમે જૈન છીએ. જૈનપણાની ખબર નથી કે જૈન કોને કહેવો? સ્વરૂપમાં રહી શકે નહિ એ જુદી વાત છે, પણ પહેલા સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ થઈ ગયો છે. એ વિના રાગને વ્યવહાર કહેવામાં આવતો નથી. આવી ચીજ છે, ભાઈ! ઝઘડા ઉત્પન્ન કરે એવું છે, બહાર નીકળશે એટલે. સામા પ્રશ્ન બહુ થાય છે. સાંભળો, આ તો અમે એક નીકળ્યા છીએ, બાપુ! બેસાડવું હોય તો બેસાડો, ખબર છે દુનિયાની.

**શ્લોકાર્થ :- 'આચાર્ય કહે છે તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો કે જે તેજ સદાકાળ...'** ભગવાન ત્રિકાળ આત્મમૂર્તિ **'ચૈતન્યના પરિણમનથી ભરેલું છે,...'** પરિણમન શબ્દે શક્તિથી પરિપૂર્ણ છે. ભગવાન આત્મા જ્ઞાનરસથી પરિપૂર્ણ, સર્વજ્ઞ સ્વભાવથી પરિપૂર્ણ ત્રિકાળ પડ્યો છે. **'જેમ મીઠાની કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે...'** નમક નામ મીઠું. તેની કાંકરી એક ક્ષારરસની લીલાનું, ક્ષાર જ, એમાં કોઈ બીજી ચીજ ભળેલી નથી.

**'તેમ જે તેજ જ્ઞાનરસસ્વરૂપને અવલંબે છે...'** જુઓ! ચૈતન્ય ભગવાન જ્ઞાનતેજનું જે આલંબન કરે છે, દૃષ્ટિ કરે છે, જ્ઞાયકમાં એકાકાર થાય છે. **'જે તેજ અખંડિત છે...'** ભગવાન આત્માનું તેજ અખંડિત છે. **'જ્ઞેયના આકારરૂપે ખંડિત થતું નથી,...'** લ્યો. અહીં પર્યાયમાં. અખંડ જ્ઞાયક ચૈતન્ય.. હજી એનું જ્ઞાન કરે, નક્કી કરે, શ્રદ્ધા તો કરે કે હું રાગના વિકલ્પથી ભિન્ન ચીજ (છું). આવી દૃષ્ટિ થયા વિના કદી ધર્મની શરૂઆત થતી નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિચાર નહિ, એ વિકલ્પ છે. એનાથી ભિન્ન દૃષ્ટિ કરવાની વાત છે, વિકલ્પની વાત નથી. સમજાય છે કાંઈ?

**'જે તેજ અખંડિત છે...'** અર્થાત્ **'જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી,...'** રાગ અને પરદ્રવ્યના લક્ષથી જે જ્ઞાન ખંડિત છે, તે પોતાના જ્ઞાયક સ્વરૂપમાં એકાકાર થવાથી તે જ્ઞેયોના આકારથી ખંડિત થતું નથી. અહીં પર્યાય લેવી છે, હોં! **'જે અનાકુળ છે...'** જે અનાકુળ છે. ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં શુદ્ધતામાં એકાકાર થાય છે, તે જ્ઞાનની દશા અનાકુળ છે, શાંતિ છે. રાગનું મિશ્રિતપણું એમાં નથી. **'જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી...'** ઈ વ્યાખ્યા કરી, ઈ અનાકુળતાની વ્યાખ્યા

કરી. અનાકુળતાની વ્યાખ્યા શું? જેમાં કર્મના નિમિત્તથી ઉત્પન્ન થનારા શુભાશુભ રાગ, એવો રાગ છે તે આકુળતા છે. ઓહોહો..! ચાહે તો શુભરાગ પણ આકુળતા છે અને અશુભરાગ પણ આકુળતા છે, બેય દુઃખ છે. આહાહા..! એ દુઃખ કરતાં કરતાં આત્માનો આનંદ આવશે, એવી જગતની દૃષ્ટિ છે. શુભરાગ એ દુઃખ છે, આકુળતા છે. અશુભરાગ તીવ્ર આકુળતા છે અને શુભરાગ મંદ આકુળતા છે, પણ છે બેય આનંદસ્વરૂપથી (વિપરીત) દુઃખ. દુઃખ કરવું અને પછી આનંદની પ્રાપ્તિ થશે. આસ્રવથી સંવર થશે. એમ છે નહિ. મોટું શલ્ય. શ્રદ્ધામાં શ્રદ્ધાને ખંડિત કરી નાખી.

'**કર્મના નિમિત્તથી થતા...**' જુઓ! રાગાદિ એટલે ફલાણો રાગ એમ નહિ. શુભ-અશુભ રાગ બેય. '**ઉત્પન્ન આકુળતા નથી...**' પણ હજી સ્વભાવ સન્મુખનો પ્રયોગ કરવાની જરૂર છે એ સિવાય ધર્મ નથી, એ વાત રુચે પણ નહિ. એ તો ઠીક, આ કરો, આ કરો, આ કરો. શું પણ? એ તો અનાદિ કાળથી કરે છે. સમજાય છે કાંઈ? આની જરૂર છે અને તે તરફ ઝુકાવ કરવાથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પ્રાપ્ત થશે, જૈનશાસનની પ્રાપ્તિ ભેદથી (કે) પરના લક્ષે નહિ થાય. કેમકે ભગવાન આત્મા અખંડાનંદ વીતરાગ સમરસસ્વભાવી છે, એમાં એકાગ્ર થવાથી જ જૈનશાસનની પ્રાપ્તિ થાય છે.

'**જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે-જાણવામાં આવે છે.**' લ્યો, સમજાય છે કાંઈ? નાશ વિનાની ચીજ અંતરંગમાં ચૈતન્યભાવથી દેદીપ્યમાન ત્રિકાળ અને બાહ્ય વચન, કાયની ક્રિયાથી પ્રગટ દેદીપ્યમાન એટલે શાંતિ દેખાય, એમ. '**જાણવામાં આવે છે, જે સ્વભાવથી થયું છે...**' ભગવાન આત્મા.... અધ્યાત્મ ચીજ સમ્યગ્દર્શન વસ્તુ એવી છે. એ મૂકીને બધી વાત. પહેલા એકડો મૂકીને વાત. એકલા મીંડા. ગજબ કર્યો છે! લોકોને બિચારાને... વાડે વેલા ખાધા. ઉપદેશકે મારી નાખ્યા. ઊભા થવા દેતા નથી એને ઊભા. ઊભા સમજ્યા કે નહિ? ખડા નહિ હોને દેતે. સાંભળ તો ખરો. આ કરવાનું છે. કરવામાં પહેલામાં પહેલું જ્ઞાયક તરફ એકાકાર થઈને ઢળવું, એ જ તારું કર્તવ્ય છે. કહો, બાલચંદભાઈ! .. તો દુનિયા આખી કરે છે.

'**સ્વભાવથી થયું છે...**' જુઓ! પર્યાય સ્વભાવથી થઈ. એ રાગથી થઈ, પુણ્ય-પાપથી થઈ એ તો વિકલ્પ અને દુઃખરૂપ ભાવ છે. હજી એ ભાવ આવો છે એની પ્રતીત, રુચિમાં પણ આવે નહિ અને આત્મામાં તે પોષાય નહિ ત્યાં સુધી તે આત્મા તરફ ઢળવાનો પ્રયત્ન કરશે ક્યાંથી? મૂળ વાત છે. પણ અનંત કાળમાં ઈ એને ખ્યાલમાં આવી નથી. ટાણા આવ્યા ત્યારે એવો ફેરવ્યો કે આમ થાય છે ને આમ થાય છે, એમ કરીને ગયો અનંત કાળ. નવમી ગ્રૈવયકે અનંત વાર ગયો.

'**કોઈએ રચ્યું નથી અને હમેશાં જેનો વિલાસ ઉદયરૂપ છે-જે એકરૂપ પ્રતિભાસમાન છે.**' ભગવાન જ્ઞાયક સ્વભાવ એકરૂપ પ્રતિભાસમાન છે. પેલા અનેકરૂપ છે,

વિકારની દશા અનેકરૂપ છે. ખંડ ખંડ રાગ, શુભ નિમિત્તથી ખંડ ખંડ જ્ઞેયમાં આસક્ત (છે). અહીંયાં જ્ઞાનમાં આસક્ત થવાથી એકરૂપ દશા પ્રગટ થાય છે. કેમકે સ્વભાવ એક છે તો એકરૂપ દશા અનેકતાને તોડીને એકતા ઉત્પન્ન થવી એનું નામ જૈનશાસન કહેવામાં આવે છે. ભિન્ન ભિન્ન ભાષા કરી. એક અને અનેક, જ્ઞેયમાં આસક્ત અને આ (જ્ઞાનમાં લીન). કહો, સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'આચાર્યે પ્રાર્થના કરી છે કે આ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત રહો.'** રાગ આવે છે તે અમને પ્રાપ્ત ન રહો. આ વિકલ્પ આવ્યો છે લખવાનો તે અમને પ્રાપ્ત ન રહો. છે તો શાસ્ત્ર લખ્યું છે ને? પરોપકાર છે કે નહિ? પણ રાગ છે, બંધનું કારણ છે. શાસ્ત્ર રચવામાં પણ જે વિકલ્પ આવ્યો છે તે દુઃખરૂપ છે. આહાહા..! અમારે તો જ્ઞાનાનંદમય.. ભાષા લીધી છે ને? જ્ઞાન અને આનંદમય એક આકાર, એક આકાર-સ્વરૂપની એક દશા. આ ખંડ ખંડ રાગ ને શુભ આદિની અનેક દશાથી રહિત **'સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત રહો.'** અમને તો સ્વરૂપમાં સ્થિરતા સદા રહો, એવી પ્રાર્થના આત્મા પ્રત્યે કરી છે. લ્યો, એ જ્ઞાનની ગાથા પૂરી થઈ. ૧૪મી ગાથામાં સમ્યગ્દર્શનની વાત કરી હતી. ૧૫મીમાં જ્ઞાનની વાત કરી.

**'હવે, આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :-'**

**एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।**
**साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।**

જુઓ! સાધક પણ ઈ અને સાધ્ય પણ ઈ. આહાહા..!

**શ્લોકાર્થ :- 'આ (પૂર્વકથિત) જ્ઞાનસ્વરૂપ આત્મા...'** એકલો જ્ઞાનનો સૂર્ય છે. પુણ્ય-પાપ શુભાશુભ રાગથી તો ભિન્ન તત્ત્વ છે. કારણ કે શુભાશુભ રાગ આસ્રવતત્ત્વ છે. કર્મ, શરીર અજીવતત્ત્વ છે. ભગવાન ચૈતન્યજ્યોત તત્ત્વ ભિન્ન છે. નહિતર તો જીવ, આસ્રવ અને અજીવ તત્ત્વ એક થઈ જશે. સમજાય છે કાંઈ? તો અજીવ ભિન્ન છે અને શુભ-અશુભ રાગ આસ્રવ ભિન્ન છે, જ્ઞાયક ભિન્ન છે. તો આસ્રવની ભાવના કરવાથી આત્માની ભાવના થાય છે? આસ્રવતત્ત્વ તો વિરુદ્ધ છે. આહાહા..! અરે..! કંઈ લક્ષેય નથી. સમજાય છે કાંઈ? **'જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક...'** ભગવાન આત્માની શુદ્ધિની પ્રાપ્તિની અભિલાષાવાળા **'સાધ્યસાધકભાવના ભેદથી બે પ્રકારે,...'** શું કહે છે? ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાયક છે તેના બે ભેદ પાડવા. રાગ વિકલ્પ ઈ નહિ. જ્ઞાનસ્વરૂપ જે આત્મા, એ સ્વરૂપની પ્રાપ્તિના અભિલાષી, જેને આત્મા જોઈએ, શુદ્ધ સ્વરૂપ જોઈએ. **'સાધ્યસાધકનાભાવના ભેદથી...'** પૂર્ણ સ્વરૂપ સાધ્ય છે. તે સ્વભાવની નિર્મળ નિર્વિકલ્પ પર્યાય તે સાધક છે.

**'એક જ નિત્ય સેવવાયોગ્ય છે;...'** એક જ. રાગ, વિકલ્પ સેવન કરવાલાયક નથી.

ઓલી વાત તો આખી દુનિયાને બેઠી જ છે ને. લાખો, કરોડોને. અનાદિથી બેઠી છે. એમાં નવી વાત ક્યાં છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જરીયે નહિ. દેવચંદજી કહે છે ને? 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા ભાવ ધર્મ રુચિ વિહિન, ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન?' એવી રુચિવાળા અને એને ઉપદેશક એવા મળ્યા. રોતી હતી ને પિયરીયા મળ્યા. બેનો થઈ ગયો મેળ. આહાહા..!

અહીં તો ભગવાન આચાર્ય એક સ્વરૂપ જ્ઞાનમૂર્તિના બે ભેદ. અપૂર્ણ જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતા તે સાધક અને પૂર્ણ દશા તે સાધ્ય. તેમાં ને તેમાં બે ભેદ પાડવા, રાગનું સાધન-ફાધન છે નહિ. આહાહા..! ઈ લખ્યું છે અંદર, હોં! જુઓ! '**તેનું સેવન કરો.**'

**ભાવાર્થ :-** '**આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે...**' કેવળજ્ઞાન એ સાધ્યભાવ છે. '**અને અપૂર્ણરૂપ સાધકભાવ છે.**' જ્ઞાનનું અપૂર્ણ રૂપ સાધક. જ્ઞાનની શ્રદ્ધા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પર્યાય તે સાધક. '**એવા ભાવભેદથી બે પ્રકારે એકને જ સેવવો.**' એની વ્યાખ્યા વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૩, બુધવાર, તા. ૧૨-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૬, પ્રવચન નં. ૭૪**

૧૬મી ગાથા. જીવ-અજીવ અધિકાર.

**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।**
**દર્શન, વળી નિત્ય, જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;**
**પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદષ્ટિમાં. ૧૬.**

શું કહે છે? ટીકા, એની ટીકા. જુઓ! આ જીવ અધિકાર છે. જીવ નામ આ આત્મા **'જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ નિત્ય સેવવાયોગ્ય છે...'** આત્મા અર્થાત્ શુદ્ધ આનંદ સ્વરૂપ, આત્મા એને કહીએ. જીવની વાત છે ને? જીવ કહો કે આત્મા કહો. આત્મા શરીર, વાણી, કર્મનો તો એમાં અભાવ છે પણ પુણ્ય-પાપના ભાવનો પણ અભાવ છે. એવો આત્મા. એ આત્મામાં તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત સ્વભાવ સંપન્ન આત્મા છે. એ આત્મા જે ભાવથી, જે ભાવથી (એટલે) પર્યાયથી સાધ્ય (અર્થાત્) તેનું પૂર્ણ સ્વરૂપ શુદ્ધ સાધ્ય. આત્માનો પૂર્ણ શુદ્ધ નિર્મળ આનંદ સ્વરૂપ સાધ્ય (છે) અને સાધન તે જ આત્માની અપૂર્ણ શુદ્ધ સ્વરૂપની દશા તે સાધન. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય આનંદમય પદાર્થ (છે). જુઓ! આ ૧૬મી ગાથામાં... ૧૪મી માં દર્શન-સમ્યગ્દર્શન લીધું હતું, ૧૫મી માં સમ્યગ્જ્ઞાન (લીધું), હવે અહીંયાં ચારિત્ર સાથે ભેળવે છે. પણ કહે છે કે એ આત્મા એક સમયમાં જે શુભ-અશુભ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવથી રહિત (છે) અને પોતાના શુદ્ધ આનંદ આદિ સ્વભાવ સહિત (છે). એવા આત્માને એની પૂર્ણ આનંદ, જ્ઞાનાદિની પર્યાય તે સાધ્ય, અને તે જ આત્માની નિજ શુદ્ધ સ્વભાવના અવલંબનથી થનારી નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નામ સ્વરૂપનું અવલોકન, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનું આચરણ-એવા શુદ્ધ સ્વભાવની અશુદ્ધ રહિત શુદ્ધ પરિણતિ-શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ એ મોક્ષનું સાધન છે. સમજાય છે કાંઈ? લોકો કહે છે ને? સાધન, સાધન, સાધન. સાધન કોઈ હોવું જોઈએ ને? સાધન કોઈ હોવું જોઈએ ને? એમ લોકો કહે છે ને? કહે છે કે આ આત્મા જે ભાવથી સાધ્ય-સાધન થાય, તેમાં કોઈ રાગ અને પરદ્રવ્યનો આશ્રય બિલકુલ નથી. વ્યવહાર રત્નત્રય જે રાગાદિ છે તેનો પણ તેમાં આશ્રય નથી, મદદ નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? આ શું કહ્યું?

**'આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય...'** આત્મા સાધન થાય, આત્મા સાધન થાય, આત્મા સાધ્ય થાય. સમજાય છે કાંઈ? શુદ્ધ ચૈતન્ય વસ્તુ, જ્ઞાયક ચૈતન્યસૂર્ય

પોતાનો સ્વભાવ અંતરનો આશ્રય કરીને જે શુદ્ધ અનુભવ શુદ્ધ ઉપયોગ થયો, તે શુદ્ધ ઉપયોગ સાધ્ય એવા મોક્ષનું સાધન છે અને એની પૂર્ણ શુદ્ધ દશા તે સાધ્ય. સમજાય છે કાંઈ? **'આ આત્મા જે ભાવથી...'** આત્મા જે ભાવથી સાધ્ય થાય અને એ આત્મા જે ભાવથી સાધન થાય. સમજાય છે કાંઈ? આત્મા તો ચૈતન્યજ્યોત પુણ્ય, વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી રહિત છે. એ તો આસ્રવતત્ત્વ છે. વ્યવહાર રત્નત્રય અંદર ઉત્પન્ન થાય છે એ તો આસ્રવતત્ત્વ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્ર સંબંધી જ્ઞાનનો વિકલ્પ એ તો આસ્રવતત્ત્વ છે, એ આત્મતત્ત્વ નહિ.

અહીંયા તો આત્મા, આત્મા એટલે શુદ્ધ આનંદ જ્ઞાયક ચૈતન્યની જ્યોત. તે આત્મા જે ભાવથી સાધ્ય (થાય). પૂર્ણાનંદની પૂર્ણ દશા તે આત્માના ભાવથી સાધ્ય (થાય છે) અને તે આત્માનો ભાવ જે નીચે શુદ્ધ ઉપયોગ (થયો તે સાધકભાવ). પુણ્ય-પાપનો વિકલ્પ નહિ. સમજાય છે કાંઈ? શુદ્ધ આત્મદ્રવ્ય જ શુદ્ધરૂપ પરિણમન કરે, શુદ્ધ આત્મદ્રવ્ય જ શુદ્ધરૂપ પરિણમન કરે અર્થાત્ શુદ્ધ ઉપયોગ રૂપ થાય તે મોક્ષનું સાધન છે. એ આત્માની બે દશા છે. એમાં રાગની ને વ્યવહારની, નિમિત્તની દશા આવતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પહેલેથી. એઈ..! પહેલેથી કહે છે, સાંભળ્યું ને? આ કહે છે, જુઓ!

આત્મા જે ભાવથી સાધન, આત્મા જે ભાવથી સાધન, આત્મા સાધન થાય. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં ચૈતન્યમૂર્તિ પદાર્થ અનાદિઅનંત શાંત જ્ઞાનરસથી ભરેલો (છે). પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પ એ તો વિકાર તત્ત્વ ક્ષણિક છે, એ તત્ત્વ કંઈ અંતરમાં નથી. અને કર્મ, શરીર આ તો માટી-ધૂળ છે. આ તો ધૂળ (છે), એ તો પર છે, એ કંઈ આત્મામાં નથી. આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય. કોણ? આત્મા જે ભાવથી સાધ્ય-સાધન થાય. જે ભાવથી રાગ સાધન થાય, પરદ્રવ્ય સાધન થાય, એમ નથી. સમજાય છે કાંઈ? ભારે જગતને. સાધન કંઈક સાધન જોઈએ ને? ઈ શુદ્ધ ઉપયોગનું સાધન જોઈએ ને? વળી એમ પ્રશ્ન કરે. એઈ..! દેવાનુપ્રિયા! સાધન-ફાધન.. શુદ્ધ ઉપયોગ આત્મા સાધન છે. આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત અનંત આનંદકંદની અંતર દૃષ્ટિ કરવાથી જે પરિણતિ શુદ્ધઉપયોગ થાય તે જ સાધન, સાધ્યનું-મોક્ષનું એ સાધન છે.

અહીં તો જીવતત્ત્વનું વર્ણન છે ને. તો જીવ કહો કે આત્મા કહો. આત્મા જ સાધ્ય-સાધન રૂપે થાય છે. આત્મા સિવાય બીજું તત્ત્વ સાથે ભેળવીને સાધન થાય છે કે સાધ્ય થાય છે એમ છે નહિ. સમજાય છે કાંઈ? શું અધિકાર ચાલે છે? જીવ-આત્મ અધિકાર. અજીવ પછી લેશે. અર્થાત્ જીવ. તો એમાં પુણ્ય-પાપના ભાવ (નથી) અને કર્મ, શરીર તો અજીવ છે. એ જીવ સ્વભાવ નહિ. સમજાય છે કાંઈ? માથે શું લખ્યું છે? જીવ-અજીવ અધિકાર. સમજાય છે કાંઈ? એણે કદી દરકાર કરી નથી. પરિભ્રમણ કરતાં કરતાં અનંત કાળ

થયો. કોઈ બાહ્ય યોગનો પ્રસંગ થયો, પણ એણે અંતરમાં આ આત્મા સાધન થઈને પરિણમે ત્યારે મોક્ષનું સાધ્ય થાય છે એવી એની રુચિ, દૃષ્ટિ કરી જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા વસ્તુ છે કે નહિ? અહીં જીવ-અજીવ અધિકાર ચાલે છે. આ આત્મા, આ આત્મા. યહ આત્મા, હિન્દી છે. તો આત્મા કોને કહે છે? શરીર, કર્મને આત્મા કહે છે? આ તો માટી-ધૂળ છે. વાણી ધૂળ છે, પુણ્ય-પાપના પરિણામ અજીવ છે. એ ચૈતન્યસ્વરૂપ છે? એ અજીવ છે, બધાને અજીવમાં નાખી દીધા. જીવ-અજીવ અધિકાર છે ને? એ રહ્યો જીવ. ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, સ્થિરતા-શાંતિસ્વભાવ, વીર્યનું પૂર્ણ બળ એવી અનંત શક્તિ સંપન્ન શુદ્ધ પદાર્થ, એકરૂપ વસ્તુ છે. એ આત્મા જે ભાવથી સાધ્ય-પૂર્ણ પર્યાય પ્રગટ થાય અને જે ભાવથી સાધન શુદ્ધ ઉપયોગ થાય, એ શુદ્ધ ઉપયોગ પણ પોતાના આત્માની પર્યાય છે, શુદ્ધ પૂર્ણ દશા પણ આત્માની (દશા છે). એ આત્માના જ બે પ્રકાર છે. કોઈ એમાં રાગ ને પરદ્રવ્યની મદદ-સહાય નથી. સમજાય છે કાંઈ? આ શરીર મજબૂત હોય તો કામ કરે, સંહનન મજબૂત હોય તો એમાં સાધક ને સાધ્યમાં કામ કરે એમ છે નહિ, એમ કહે છે. એઈ...!

મુમુક્ષુ :- નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્તનો અર્થ જ કે નથી, નિમિત્તનો અર્થ જ એ છે. અહીં તો વસ્તુ છે ઈ છે. એ તો નિમિત્ત છે, એ તો જ્ઞાન કરવાની ચીજ છે. પોતાનું સ્વપરનું જ્ઞાન થાય છે એમાં જ્ઞાન થયું, એ ચીજ મદદ કરે છે એમ નથી. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકસૂર્ય તે જ પોતાનો આત્મા. પોતાનું અપૂર્ણ સાધન અથવા અપૂર્ણ શુદ્ધ પરિણતિ. સ્વભાવ શુદ્ધ ચૈતન્યના આશ્રયથી આત્મા જે ભાવથી સાધન થાય. તો આત્મા અંતર દૃષ્ટિ કરવાથી, સ્થિરતા કરવાથી જે શુદ્ધ દૃષ્ટિ, જ્ઞાન ને શુદ્ધ ઉપયોગ રૂપ આચરણ થાય છે તે જ મોક્ષરૂપી સાધ્યનું સાધન કહેવામાં આવે છે. આત્મા સાધન કહેવામાં આવ્યો છે. સાથે રાગાદિ અનાત્માને સાધન કહેવામાં આવ્યા નથી. સમજાય છે કાંઈ?

એ તો માથે આવ્યું હતું ને? ઉપર નહોતું આવ્યું? અપૂર્ણ રૂપ સાધક ભાવ છે, એમ કહ્યું હતું. **'આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે અને અપૂર્ણરૂપ સાધકભાવ છે; એવા ભાવભેદથી બે પ્રકારે એકનું જ સેવન કરવું.'** એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. સેવન તો એકરૂપ દ્રવ્યનું સેવન કરવું. સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ આત્મા સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક-જેને આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની ભાવના છે, એવા આત્માને સાધ્ય-સાધક ભાવના ભેદથી બે પ્રકારે એક જ નિત્ય સેવવાયોગ્ય છે. સેવન તો એક જ આત્મા શુદ્ધ દ્રવ્ય છે તેનું જ સેવન કરવાનું છે. પણ પહેલી દશામાં અંતર્મુખ થઈને શુદ્ધ પરિણતિરૂપ શુદ્ધ ઉપયોગ તે સાધન છે અને તે જ સેવન કરવાથી પૂર્ણ દશા થશે

તે સાધ્ય છે. સમજાય છે કાંઈ? સેવન તો શુદ્ધ ચૈતન્યપદાર્થ...

આત્મા એટલે જ પરમાત્મા. આત્મા અર્થાત્ પરમાત્મા. રાગાદિ વિકલ્પ નહિ, શરીર, વાણી, કર્મ એ તો પર જડ છે અને પુણ્ય-પાપના ભાવ તો આસ્રવ છે, એ તો અજીવ છે, જીવ સ્વરૂપ નહિ, ચૈતન્ય સ્વરૂપ નહિ. તો ચૈતન્યસ્વરૂપ ચૈતન્યસૂર્ય એ દ્રવ્ય જે ત્રિકાળ છે તેનું સેવન કરીને શુદ્ધ ઉપયોગ થયો તે સાધન છે, તેનું જ સેવન કરીને પૂર્ણ દશા થઈ તે સાધ્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! શેઠ! બરાબર બરાબર નહિ, થોડું પકડવું જોઈએ. એ અમરચંદજી કહેતા હતા, શેઠને હજી બહુ પકડવાની દરકાર નથી. થોડા થોડા હજી બહારમાં જાય છે. અમરચંદજી છે ને? ઈ વાત કરતા હોય તો એને ખબર પડે ને કે શેઠ બરાબર પકડતા નથી હજી. આ જરૂર છે, બાકી બધા તમારા પૈસા ધૂળ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળની જરૂર.. પહેલી અવસ્થામાં શુદ્ધઉપયોગની જરૂર છે, એમ અહીંયા તો કહે છે. શેઠ! પૈસા-ધૂળની કંઈ જરૂર નથી. કરોડ રૂપિયા પડ્યા હોય તો ત્યાં પડ્યા રહે. બે કરોડ એ તો અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વના આધારે સાધન થાય છે? એ તો નહિ પણ અંદર શુભરાગ કષાયની મંદતા થઈ (એ પણ સાધન નથી). સમજાય છે? કેમ વાર લાગી સેઠીને? એ.. નિરાંતે શાતાશિળીયા છે. નાહી-ધોહી પછી નિરાંતે આવે. ટાઈમસર આવવું જોઈએ. ... ઘડિયાળનો દોષ કાઢ્યો કે મારી ઘડિયાળ એવી છે. સેઠી! ઘડિયાળ બરાબર રાખવી જોઈએ. આહાહા..! આત્મા.. ઘણી વાત ચાલી ગઈ. ઝટ અમારે જયપુર આવો, જયપુર આવો. પણ અહીં તો મોડું થાય છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! કેવી વાત, પ્રભુ! ઓહોહો..! ૧૬મી ગાથા સોળ આના! રૂપિયો. સોળ આનાનો રૂપિયો હતો ને પહેલા? હવે ...

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જેના જ્ઞાનમાં આવ્યા, એવા ભગવાનની વાણીમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં વાણી આવી તે જ વાણી મુનિઓ કહે છે. સમજાય છે કાંઈ? અર્ધ લોકના સ્વામી શક્રેન્દ્ર, અર્ધ લોકના સ્વામી ઈશાનઈન્દ્ર (સાંભળવા આવે છે). એક સાધારણ રાજા હોય તો... આ તો અર્ધ લોકના સ્વામી. બત્રીસ લાખ વિમાનનો લાડો. ૨૮ લાખ વિમાનનો એ સ્વામી છે. સમજાય છે કાંઈ? ઈશાન ઈન્દ્ર. અસંખ્ય અસંખ્ય અબજ દેવના સ્વામી. આ તો એક સાધારણ માણસ. એવા દેવ પણ ભગવાનના સમવસરણમાં બેસીને (સાંભળે છે). પ્રભુની વાણીમાં એમ આવ્યું, એ સંતોએ સાંભળીને અનુભવ કરીને ચારિત્રદશામાં રમે છે અને વિકલ્પથી આ કથન કરે છે. આહાહા..!

અરે.. જીવો! તમારો આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ પરમાત્મા છે ને. તારી ચીજમાં શું ઓછપ છે? તારી ચીજમાં શું દોષ છે? અને ક્યા ગુણની ખામી છે? સમજાય છે કાંઈ? તારા

આત્મામાં શું દોષ છે અને ક્યાં ગુણની અપૂર્ણતા છે? અર્થાત્ દોષ છે નહિ અને ગુણની અપૂર્ણતા નથી, ગુણ પૂર્ણ છે. આહાહા..! એને અહીંયાં આત્મા કહે છે. ભગવાન આત્મા, જેમાં દોષનો અંશ નથી અને ગુણની પૂર્ણતામાં કમી જરીયે નથી. એવું પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવો ભગવાન આત્મા એક સ્વરૂપી પ્રભુ, એનું એકનું જ સેવન કરીને બે પ્રકારની પર્યાય (થાય છે). એક પ્રથમ સાધનરૂપ પર્યાય જે શુદ્ધઉપયોગ અને પૂર્ણ કેવળજ્ઞાન પર્યાય તે સાધ્ય. પણ તે એક જ આત્માના બે રૂપ છે. પર્યાયમાં, હોં! દ્રવ્ય તો એકરૂપ છે. સમજાય છે કાંઈ? વસ્તુ એકરૂપ છે. એકરૂપ ઉપર દૃષ્ટિ કરવાથી તે જ આત્મામાં જે પ્રથમ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શુદ્ધ સ્વભાવના આશ્રયમાં જે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ રૂપ ઉપયોગ, નિર્વિકલ્પ શાંતિ, શુદ્ધ ઉપયોગ થયો તે જ આત્મદ્રવ્યનું સેવન કરવાથી થયો. તો એ શુદ્ધ પર્યાય-શુદ્ધ ઉપયોગ તે જ મોક્ષનું સાધન છે. ભગવાનના મુખમાં આ વાત આવી છે. આહાહા...! સમજાય છે કાંઈ? તારો આત્મા જ સાધનરૂપ થઈને પરિણમે તે મોક્ષનો માર્ગ. આત્મા જ પૂર્ણ રૂપ પરિણમે તે સાધ્ય. આહાહા..! સમજાય છે કાંઈ?

પરમ સ્વભાવ ધ્રુવ સ્વભાવ એકરૂપ ત્રિકાળી ભગવાનનું સેવન કરવાથી, એકાકાર થવાથી તે જ આત્મામાં બે પ્રકારની દશા થવી તે આત્માની બે દશા છે, બેય આત્માનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વભાવના અવલંબનથી જે શુદ્ધતા પ્રગટ થાય, શુદ્ધ ઉપયોગ તે સાધન. (તેને) બીજા પદાર્થના અવલંબનની-આધારની, સહાયતાની પ્રેરકતા બિલકુલ નથી. એવો એક જ આત્મા આખો પરમાનંદ સ્વરૂપ અપૂર્ણ શુદ્ધપણે દ્રવ્યના આશ્રયથી આત્મા સાધક થાય અને તે જ દ્રવ્ય પૂર્ણ સાધ્ય રૂપે પરિણમિત થાય તે આત્માની સાધ્ય રૂપ દશા છે. ધ્યેય તો આત્મા એક જ છે. સાધનમાં અને સાધ્યમાં ધ્યેય તો દ્રવ્ય એક જ છે. વસ્તુનું સેવન કરવાથી અપૂર્ણપણાની પર્યાય તે સાધક, પૂર્ણ પર્યાય તે સાધ્ય. આહાહા..! કહો, માણેકચંદજી! સમજાય છે કાંઈ? નેમિચંદજી!

**'આત્મા જે ભાવથી સાધ્ય...'** તેના પોતાના ભાવથી સાધ્ય છે. સમજ્યા? પોતાનો જે પૂર્ણ ભાવ તે સાધ્ય છે અને પોતાનો ભાવ સાધન છે. આત્માની પોતાની શુદ્ધ પર્યાય પોતાનું સેવન કરવાથી થઈ તે આત્મા સાધન છે. સમજાય છે કાંઈ? જે ભાવથી નામ રાગભાવ અને પરભાવ તે જે ભાવથી નહિ. પોતાના ને પોતાના ભાવથી. **'આ આત્મા જે ભાવથી...'** જે દશાથી **'સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ...'**-પર્યાયથી જ **'નિત્ય સેવવાયોગ્ય છે...'** એ સાધકપર્યાયમાં પણ દ્રવ્યનું સેવન છે, સાધ્યપર્યાયમાં પણ દ્રવ્યના સેવનથી સાધ્યપર્યાય થાય છે. સમજાય છે કાંઈ?

આખી શુદ્ધ ચૈતન્યવસ્તુ એવી પૂર્ણાનંદ ચીજ, વિકલ્પનું લક્ષ છોડીને જુવો, આખી ચૈતન્યજ્યોત સ્વરૂપ પોતાના એકાગ્ર ભાવથી જે શુદ્ધઉપયોગ સાધન થયું તે મોક્ષનું સાધન

અને તેની એકાગ્રતાથી જે પૂર્ણ પર્યાય થઈ તે સાધ્ય. એની શુદ્ધ દશાના બે રૂપ છે. સેવન એકનું છે, રૂપ બે છે. આહાહા..! ત્રીજું રૂપ એમાં રાગાદિનું સાધન થાય કે નિમિત્ત સાધન થાય, એમ છે નહિ. એમ આત્મા જ એવું ઘોલન કરીને પોતામાં ને પોતામાં શુદ્ધ ઉપયોગ પરિણમન કરીને શુદ્ધ પર્યાય પ્રગટ કરે છે. સમજાય છે કાંઈ? આ તો જીવની વાત ચાલે છે, કર્તા-કર્મની બપોરે ચાલે છે.

આ તો અસ્તિત્વ ... ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ છે. તેનું સેવન કરવાથી શુદ્ધ આત્માની પર્યાય પ્રગટ થાય તે સાધન અને તેનું સેવન કરવાથી પૂર્ણ દશા પ્રગટ થાય તે સાધ્ય. પણ એ તો આત્મા ને આત્મા બે રૂપમાં આવ્યો છે. અપૂર્ણ પરિણમનમાં પણ આત્મા અને પૂર્ણ પરિણમનમાં પણ આત્મા. એમાં રાગ ને નિમિત્તનો આધાર કે મદદ-બદદ છે નહિ. બીજા દ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્રની મદદ પણ નહિ, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- પહેલા..

ઉત્તર :- પહેલા-પહેલા કોઈ નથી. પહેલો આત્મા.

મુમુક્ષુ :- એની પહેલા..

ઉત્તર :- આત્માની પહેલા નહિ. આહાહા..! પહેલો આત્મા. અંદર આત્માનું લક્ષ કરવાથી જે શુદ્ધ પરિણતિ થઈ તે સાધન. પહેલામાં પહેલાં આ છે. પહેલા આવું સાંભળ્યું હતુ ને આમ ને એવું કાંઈ નથી. આહાહા..! ભાઈ! વીતરાગ માર્ગ અનંત કાળમાં એણે સાંભળ્યો નથી. મરી ગયો બહારમાં કરી. કરીને. બહારમાં પુણ્યના યોગે પૈસા-બૈસા મળે ત્યાં ગુંચાઈ જાય ધૂળમાં. બે-પાંચ કરોડ મળે ત્યાં હો..હા.. હો..હા.. હું પહોળો ને શેરી સાંકડી. થઈ રહ્યું. ધૂળમાંય નથી, મરી ગયો, સાંભળને. ભિખારા છે. એઈ..! શેઠ! શેઠ પણ ભિખારા. ઈ સાંભળ્યું નહોતું? એમાં આવ્યું હતું કે નહિ ઈ? ક્યાં આવ્યું હતું? આમાં છે કે નહિ? લખ્યું છે કે નહિ? ૧૩ પાને બતાવ્યું હતું. બાકી બધા ભિખારા. શેઠિયા લખે છે, છે કે નહિ?

ગુણીજન સંભાળે સો હી શેઠ, એ પોતે શેઠિયા છે. પેલા શેઠિયા કહે છે. આબરૂ મોટી ને. ૩૫-૩૭ વર્ષ પહેલાં એના મામા પાસે સાંઈઠ લાખ રૂપિયા. આપ્યા તો લીધા નહિ. સાંઈઠ લાખનું શું કરવું છે? ધૂળને. શોભાલાલજી! સાંઈઠ લાખ ૩૭ વર્ષ પહેલાં. એટલે અત્યારે તો ચાર-પાંચ કરોડ રૂપિયા કહેવાય. તમારો રૂપિયો બે આના ને ત્રણ આના થઈ ગયો. કિંમત બહુ ઘટી ગઈ. નહિ, અમારે શું કરવા છે? પછી આ ગાયન બનાવ્યું. સમજ્યા ને? એના દીકરાનો દીકરો મરી ગયો હતો. ગૃહસ્થ છે, પાંચ-સાત લાખ રૂપિયા છે, મોટું બિલ્ડીંગ છે, વેપાર (છે). ઈ કહે, શું છે? રડવું છે? રડવું નથી, બાપુજી રડવું નથી. પિતાજી કહે ને સાસરાને? હું કહું તે ગાયન ગાઓ. અહીં આપણે મરે ત્યારે ગાય છે ને? મારા

પેટ... મારા પેટ એમ કહે છે ને? અમારે કાઠિયાવાડમાં રોવે. તમારે પણ કહેતા હશે? મારા પેટ એમ કરીને રોવે. એ પ્રમાણે બનાવ્યું છે.

'ગુણીજન સંભાળે સો હી શેઠ' પોતાની નિત્યાનંદ મુડી સંભાળે તે જ શેઠ છે. માણેકચંદજી! 'અન્ય તો અનુચર જાણજો જી..' અન્ય તો બધા ભિખારા અનુચર છે, રાંકા છે, રાંકા. નેમચંદજી! આ તમારા તરફથી આવ્યું છે. દિલ્હી તરફથી છપાયું છે ને? આહાહા..! 'અન્ય તો અનુચર જાણજો જી.. મારા જ્ઞાન.' પેલી બાયું રોવે, મારા પેટ. હવે પેટ કે દિ' તારું હતું ને છોકરો કે દિ' તારો હતો? છોકરો મરે ત્યારે બોલે, મારા પેટ. પેટ કે દિ' તારું હતું? એ તો આત્મા કો'કનો, શરીર કો'કનું. તારે શું છે? મફતની માંડી છે. અહીં તો કહે છે, મારા જ્ઞાન. ચૈતન્ય હું, જ્ઞાન મારું જ્ઞાન છે. રાગ પણ મારો નહિ તો વળી બાયડી, છોકરા, કુટુંબ, ધૂળધમાહા એમાં ક્યાંથી આવ્યા? સમજાય છે કાંઈ? ઓહોહો..! આપ્યું છે ને? વાંચ્યું છે કે નહિ? વાંચ્યું છે.

ભગવાન આત્મા.. આહાહા..! **'જે ભાવથી સાધ્ય...'** જે ભાવથી સાધ્ય. પોતાના સ્વભાવમાં એકાગ્ર થવાથી સાધ્ય થાય છે. જે ભાવથી સાધન. એ પણ પોતામાં એકાગ્ર થવાથી સાધન થાય છે. સમજાય છે કાંઈ? વાત સાંભળવામાં હજી ન આવે, એ ક્યારે એનો પ્રયત્ન કરે અને ક્યારે અનુભવ કરે? અને અનુભવ વિના મોક્ષમાર્ગ છે નહિ. સમજાય છે કાંઈ? **'તે ભાવથી જ નિત્ય સેવવાયોગ્ય છે...'** નિત્ય સેવવાયોગ્ય છે. નિત્ય કેમ કહ્યું? કે કોઈપણ કાળે અંદર રાગનો આધાર છે અને વ્યવહારનું સેવન કરવું, તો સાધન થાય છે એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

આ તો આત્મદેવ પ્રગટ કરવો હોય એની વાત છે. બાકી પામરતા અનંત કાળથી પ્રગટ કરે છે અને ભિખારીપણે રખડે છે. દેવ થયો તોપણ ભિખારો અને મોટો અબજોપતિ હોય તોપણ ભિખારી છે. બરાબર હશે માણેકચંદજી? એ બધા ભિખારી હશે? માંગતા તો નથી. વધારે માંગે ઈ મોટો ભિખારી, થોડું માંગે ઈ નાનો ભિખારી. અમે તો માંગણ કહીએ છીએ અમારી કાઠિયાવાડી (ભાષામાં). થોડું માંગે એ નાનો માંગણ, ઝાઝું માંગે ઈ મોટો માંગણ. માંગણ નામ ભિખારી છે. સેઠી! માગણ સમજો છો? માગે ને? એક વાણિયો કહે, અમારે મહિને પાંચ હજાર જોઈએ. ઈ થોડો માંગણ. રાજા કહે અમારે મહિને પાંચ લાખ જોઈએ, ઈ મોટો માંગણ. મોટો ભિખારી ભાઈ તું. નેમિચંદજી!

અહીં તો કહે છે, ભગવાન! ઈચ્છક કહ્યું છે ને? જુઓને ત્યાં પેલામાં (કળશ-૧૫માં) કહ્યું છે, **'પ્રાપ્તિના ઈચ્છક'** આવ્યું હતું ને? સમજાણું? ઈચ્છક ક્યાંથી કાઢ્યું? **'सिद्धिम् अभीप्सुभिः'**. છે ને? ૧૫મા કળશમાં. **'एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः'** બસ. કળશમાં. **'ઈચ્છક પુરુષોએ...'** જેને આત્મા શુદ્ધની અભિલાષા છે એની વાત છે. જેને પૈસા, રાગ, પુણ્યની અભિલાષા છે એ તો ભિખારી ચાર ગતિમાં રખડે છે. સમજાય

છે કાંઈ? આત્મા પૂર્ણાનંદ પ્રભુની શુદ્ધ પર્યાયનો અભિલાષી હોય, તેણે આત્માનું સેવન કરવું. અને એ આત્માના સેવનથી જે ભાવ સાધકરૂપ થયો તે શુદ્ધરૂપ ઉપયોગ થયો તેના જ સેવનથી પૂર્ણ પર્યાય સાધ્ય થઈ. તેના સાધનમાં દ્રવ્ય જ સાધન છે અને તેના સાધ્ય મોક્ષની પર્યાયમાં તેની પર્યાય સાધન છે. સમજાય છે કાંઈ? આહાહા..! શુદ્ધ ઉપયોગમાં ધ્યેય આત્મા છે. શુદ્ધ ઉપયોગ જે સાધન થયું તેમાં ધ્યેય આત્મા છે અને સાધ્ય પર્યાય પ્રગટ થઈ તેમાં આત્માના ધ્યેયથી પર્યાય પ્રગટ થાય છે. આત્મા જ બે રૂપ ધારણ કરે છે.

પાછળ ઉપાય-ઉપેયનું આવ્યું ને? ભાઈ! એ અહીંથી કાઢીને પછી ત્યાં નાખ્યું. એકનો એક આત્મા ઉપાય અને ઉપેયરૂપ થાય છે. વિકારને કાઢી નાખ, વિકાર લક્ષમાંથી છોડી દે. એકલો આત્મા પૂર્ણાનંદ પ્રભુ પોતાના અંતરમાં ધ્યેયને પકડીને ઘોળાય છે, અપૂર્ણ શુદ્ધ ઉપયોગનું સાધન અને પૂર્ણ પર્યાય તે સાધ્ય. બસ, પોતામાં ને પોતામાં બેય થાય છે. બીજો પરનો આશ્રય, મદદ-બદદ છે નહિ. આનું નામ સર્વજ્ઞ વીતરાગ પંથ અને માર્ગ કહેવામાં આવે છે. કહો, જ્ઞાનચંદજી! આહાહા..!

‘**એમ પોતે ઈરાદો રાખીને...**’ જુઓ! એમ પોતે સ્વયં વિચાર-જ્ઞાન કરીને ‘**બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે...**’ પ્રતિપાદન કરે છે ને? વ્યવહાર આવ્યો ને? વિકલ્પથી પ્રતિપાદન કરે છે. ‘**સાધુ પુરુષે...**’ સંતોએ-સાધક જીવે ‘**દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે**’ જોયું! આ દર્શન, જ્ઞાન, ચારિત્ર વ્યવહાર થયો. ‘**સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે**’. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સેવન કરવાયોગ્ય, પ્રગટ કરવાયોગ્ય છે. ‘**પણ પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે...**’ લ્યો. એ ભેદરૂપ કહેવું એ તો પર્યાયનું કથન છે. સમજાય છે કાંઈ? નહિતર તો એક આત્મા જ ત્રણ રૂપ પરિણમ્યો છે. એકરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્રની એકરૂપતા તે આત્મા જ છે. પર્યાયની વાત છે, હોં! સમજાય છે કાંઈ?

‘**પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે...**’ અહીંયાં પર્યાયની વાત કરે છે, હોં! અભેદ. ‘**કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી...**’ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્માથી કોઈ અન્ય નથી. રાગ નહિ, નિમિત્ત નહિ, કર્મ નહિ, સંયોગ નહિ. ‘**આત્માના જ પર્યાયો છે.**’ સમ્યગ્દર્શન આત્મા ત્રિકાળી શુદ્ધનું લક્ષ કરીને, ધ્યેય કરીને પ્રતીત થઈ અને આત્માનું લક્ષ કરીને સ્વસંવેદન પર્યાય થઈ અને આત્મામાં આચરણરૂપ અનુચરણ થયું, એ ત્રણે આત્માની પર્યાય ભેદથી કથન કરવામાં આવે છે. બાકી વસ્તુ તો એક જ છે. ત્રણનું એકરૂપ આત્મામાં થાય છે તેનું નામ મોક્ષ છે.

‘**જેમ કોઈ દેવદત્ત નામના પુરુષના...**’ દૃષ્ટાંત આપે છે. કોઈ દેવદત્ત નામના પુરુષને. દેવદત્ત, દાખલો પણ દેવદત્ત (નામથી આપે છે). ‘**જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતો નહિ હોવાથી, (તેઓ) દેવદત્ત જ છે...**’ કોઈ દેવદત્તનો આત્મા

છે તો તે જ દેવદત્ત પુરુષનું જાણપણું, એની શ્રદ્ધા અને તેનું આચરણ, દેવદત્તના સ્વભાવને ઓળંગીને બીજે નથી રહેતા. એ તો દેવદત્ત જ છે. સમજાય છે કાંઈ? દેવદત્તની શ્રદ્ધા, દેવદત્તનું જ્ઞાન અને દેવદત્તનું જાણપણું, દેવદત્તનું આચરણ એ દેવદત્ત જ છે, એ પર્યાય દેવદત્ત જ છે. એ કોઈ ભિન્ન ભિન્ન નથી. '**અન્ય વસ્તુ નથી.**'

'**તેમ આત્મામાં પણ આત્માનાં...**' આત્મામાં પણ આત્માના '**જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ...**' આત્માનું જ્ઞાન. ત્યાંથી લીધું છે. જુઓ! જ્ઞાનથી લીધું છે. સમજાય છે કાંઈ? પેલામાં પણ લ્યે છે ને? ૧૭-૧૮માં એ લ્યે છે ને? જ્ઞાનથી શરૂ કર્યું છે ને? ટીકામાં લેશે ઈ. ટીકામાં લે છે, ત્રણ લ્યે છે ને? પાઠમાં. જાણીને શ્રદ્ધા કરવી, એમ છે. '**जाणिऊण सद्दहदि**' એમ છે ને? ત્યાં ૧૭માં છે. '**रायाणं जाणिऊण**'. એમ '**जीवराया णादव्वो**' પછી '**सद्दहेदव्वो**' એમ લીધું છે. અનુભવથી આમ જાણવામાં આવ્યો અને પ્રતીત થઈ. નહિતર તો સસલાના શીંગડા જેવી શ્રદ્ધા છે. વસ્તુ અંતર જ્ઞાનમાં આ જ્ઞેય આત્મા આવો છે, એમ જ્ઞાન થયું. જ્ઞાનનો અર્થ શાસ્ત્રનું જ્ઞાન એમ નહિ. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત એકલો ચૈતન્યપુંજ છે એમ સ્વસંવેદનમાં જ્ઞાન થયું તો જ્ઞાનથી જાણ્યું કે આ આત્મા આખો પૂર્ણ જ્ઞાનમય છે. તો એમાં પ્રતીતિ થઈ. જાણેલાની પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એ '**આત્માનાં જ્ઞાન...**' આત્માના જ્ઞાન-શુદ્ધ ભગવાન આત્માનું જ્ઞાન. આત્માનું, હોં! શાસ્ત્રનું જ્ઞાન કે પરનું નહિ. આત્માના '**શ્રદ્ધાન,...**' દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાન આદિ નહિ. આત્મા અખંડ પરમાત્માનું શ્રદ્ધાન અને આત્માનું '**આચરણ...**' ભગવાન આત્મા શુદ્ધ ઘન, કંદમાં લીનતારૂપ આત્માનું આચરણ તે ચારિત્ર. તે '**આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી,...**' એ આત્માના સ્વભાવનું ઉલ્લંઘન નથી કરતા. સમજાય છે કાંઈ? દેવદત્તના જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ દેવદત્તને છોડતા નથી, ઉલ્લંઘન કરતા નથી. એમ ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ધ્રુવનું જ્ઞાન, એની શ્રદ્ધા, એનું આચરણ-ચારિત્ર તે આત્માને છોડતા નથી. આત્માને ઉલ્લંઘતા નથી. એ રાગમાં પ્રવેશ કરતા નથી. એ તો આત્માની નિર્મળ પર્યાય છે. સમજાય છે કાંઈ?

'**આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી, (તેઓ) આત્મા જ છે...**' જુઓ! ઈ પર્યાયને પણ સ્વભાવ કહ્યું, હોં! પર્યાય સ્વભાવ છે ને એનો? જ્ઞાન, દર્શન, ચારિત્ર એનો પર્યાય સ્વભાવ છે ને? એનો સ્વભાવ છે ને? ત્રિકાળ સ્વભાવ તો છે પણ એ પર્યાય પ્રગટ થઈ તે આત્માનો સ્વભાવ છે. આહા..! '**આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી..**' ભગવાન આત્મા નિજ શુદ્ધ ઉપર દૃષ્ટિ કરવાથી જે જ્ઞાન થયું, દૃષ્ટિ થઈ, સ્થિરતા થઈ તેણે આત્માના સ્વભાવનું ઉલ્લંઘન નથી કર્યું. આ તો સ્વભાવના આશ્રયે સ્વભાવની પર્યાય પ્રગટ થઈ છે. એ કોઈ વિકાર, વિભાવ (ના આશ્રયે નથી થઈ). સમજ્યા? પોતાનું

સ્વ ઓળંગીને  બીજી કોઈ પર્યાય થઈ, એમ નથી. હજી તો શું કહે છે ઈ પકડવું મુશ્કેલ. પ્રયોગ તો ક્યાં કરે? શું કહે છે આ? શરીર-બરીર તો કહે ધૂળ, પુણ્ય-પાપના ભાવ તો કહે અજીવ.

એકલો ભગવાન શુદ્ધ રહ્યો તેને દૃષ્ટિમાં લીધો અને તેનું જ્ઞાન કર્યું અને તેનું આચરણ કર્યું તે આત્માનો સ્વભાવ. સમજાય છે કાંઈ? એ આત્માનો સ્વભાવ છોડતા નથી. આ તો નિર્મળ પર્યાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અનુભવ આવી જાય. પ્રતીતિ શું, અનુભવ આવે ત્યારે પ્રતીતિ કહેવાય. પ્રતીત કહેવામાં આવે છે, શું અર્થ? ગુજરાતી થોડું આવી જાય છે.

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાયક ચૈતન્યજ્યોત, એનું જ્ઞાન. એના જ્ઞાનનો અર્થ શું? એનું જ્ઞાન ક્યારે થાય? પર તરફથી ખસી-રાગ, નિમિત્તથી ખસી નિજ જ્ઞાયક સ્વભાવમાં જોડાણ થયું તો એનું જ્ઞાન થયું. અનુભવ થયો કે આ આત્મા. સમજાય છે કાંઈ? નહિતર તેને જ્ઞાન કહેતા નથી. અને તેનું શ્રદ્ધાન. આત્મામાં પણ.. જેમ પેલા દેવદત્તમાં, **'તેમ આત્મામાં પણ આત્માનાં જ્ઞાન,...'** આત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન. ઓહોહો..! આત્માનું જ્ઞાન, આત્માની શ્રદ્ધા, આત્માનું આચરણ. આચરણ છે ને? આચરણ કહો કે ચારિત્ર કહો. સ્વરૂપ ભગવાન આત્માનું જ્ઞાન. રાગનું જ્ઞાન પણ નહિ, વ્યવહારનું જ્ઞાન પણ નહિ, નિમિત્તનું જ્ઞાન પણ નહિ.

આત્મા પરમાનંદમૂર્તિ પ્રભુ પરમાત્મા, એનું જ્ઞાન. પરમસ્વરૂપ ભગવાન આત્માનું જ્ઞાન. આ નીચલા દરજ્જાની વાત ચાલે છે, હોં! સાધક. ભગવાન આત્માના અંદર ભાનમાં પ્રતીત (થવી) અને ભાન સહિતમાં સ્થિરતા. તે **'આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી, (તેઓ) આત્મા જ છે...'** મોક્ષમાર્ગની પર્યાય આત્મા જ છે, કોઈ અનાત્મા રાગાદિ નથી. સમજાય છે કાંઈ? કોઈ કહે કે શરીરની મજબૂતાઈ હોય તો બરાબર થઈ શકે, તપ થઈ શકે, શરીર લથડપથડ હોય તો ન થાય. અરે..! એની સાથે શું સંબંધ છે? પોતાનો પુરુષાર્થ નબળો હોય તો પોતાને કારણે છે, પરને કારણે નથી. પોતાનો સ્વભાવ, એનું જ્ઞાન કરીને શ્રદ્ધા કરી તે આત્માનું જ્ઞાન થયું, આત્માની શ્રદ્ધા થઈ, એ આત્માનું આચરણ થયું. તેમાં લીન થયો એ આત્માનું આચરણ થયું. એ ત્રણે આત્માની પર્યાય આત્માના સ્વભાવને ઉલ્લંઘતી નથી. અર્થાત્ એ પર્યાય રાગમાં રહેતી નથી, એ પર્યાય કોઈ શરીર, કર્મમાં રહેતી નથી અથવા એ પર્યાય શરીર, કર્મ ને રાગથી ઉત્પન્ન થઈ નથી.

**'અન્ય વસ્તુ નથી.'** જુઓ! અસ્તિ-નાસ્તિ કરી, હોં! અન્ય વસ્તુ નથી. પુણ્ય-પાપ વિકલ્પ આદિ અન્ય વસ્તુ આ નથી, એમ કહે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, એના જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર તે આત્મા જ છે, અન્ય નહિ. વ્યવહાર રત્નત્રય આદિ વિકલ્પ સ્વરૂપે

આ નહિ, એમ કહે છે. અહીં તો વ્યવહાર ગળે વળગ્યો છે કે વ્યવહાર કરો. 'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી, સાધે જે વ્યવહાર', જાઓ! એ સાધે શું? કે આ રાગ કરવો. રાગ કરવો, દયા, દાન, ભક્તિ એ રાગ એ સાધન. નિશ્ચય દૃષ્ટિ... પણ નિશ્ચય દૃષ્ટિની વ્યાખ્યા (શું)? રાગનું કરવું છે ત્યાં નિશ્ચય દૃષ્ટિ છે જ નહિ. એ આત્મા જ નથી. આત્મા નથી તેને કરવું, એમાં નિશ્ચય દૃષ્ટિ આત્માની રહી ક્યાં? આહાહા..! મનુષ્યપણું માંડ મળ્યું બિચારાને. માંડ માંડ અનંત કાળે મળ્યું એમાં લૂંટ્યુ. ધર્મને નામે. એક તો લૂંટાય છે ભોગને નામે, લક્ષ્મીને નામે લૂંટાય છે. ધર્મને નામે લૂંટારા મળ્યા. આહાહા..! આવો રાગ કરો, વ્યવહાર કરો, કરતાં કરતાં નિશ્ચય લક્ષમાં રાખવો. લૂંટારા છે એમ અહીં તો કહે છે.

ભગવાન ત્રિલોકનાથ કહે છે, ભગવાન આત્માના જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્ર તો આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નથી એનું નામ મોક્ષમાર્ગ સાધન છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગ-બાગ છે તે સાધન નથી. એ રાગ સાધ્યનું સાધન નહિ અને સાધનનું સાધન નહિ. સાધ્યમાં સાધન લીધું છે, 'પંચાસ્તિકાય'માં લીધું છે ને? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાનથી પ્રધાન કથન છે ત્યાં સ્વપર પ્રકાશક... વ્યવહાર સાધન સાધ્ય. રાગ સાધન નિમિત્ત રૂપે, ઉપાદાન સાધ્ય પૂર્ણ. ખરેખર સાધન તો નિશ્ચય છે પણ એને સાધન ઉપચારથી કહ્યું છે. છે નહિ. છે નહિ તેને ઉપચારથી કહેવું એનું નામ વ્યવહાર છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**માટે એમ સ્વયમેવ સિદ્ધ થાય છે કે એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.**' આવ્યું, ભાઈ! જુઓ આ. સેવન કરવાયોગ્ય આત્મા છે. પણ સેવન કરવાયોગ્ય આત્મા છે. બે નહિ. પર્યાયના બે ભેદ માટે બે, એમ નહિ. આહાહા..! એ તો પ્રગટ કરવાના બે પ્રકાર. એક શુદ્ધ ઉપયોગ સાધન, એક પૂર્ણ સાધ્ય કેવળ. બેય પર્યાય ભેદરૂપ છે. સેવન આનું કરવું. '**એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.**' એક જ ચૈતન્યની ઉપાસના કરવી. ભગવાન આત્મા અનંત ગુણ ભંડાર, અનંતગુણ ભગવાન પરમાત્મા જ પોતે નિશ્ચયથી છે. કેમ બેસે? બીડી વિના ચાલે નહિ, તમાકૂ વિના ચાલે નહિ. આમ થાય જરી જરીમાં. દાળ સદડી ન હોય તો ચાલે નહિ, છોકરો જરી માને નહિ તો ચાલે નહિ. અરે..! આ મેં પાળ્યો-પોષ્યો, પચાસ હજાર ખર્ચ્યા, લાખ ખર્ચ્યા એની પાછળ, હવે લ્યો! જુદું થાવું છે મારે. બાયડી આવી કો'કના ઘરની ને.. જુદું થાવું છે, બાપુજી! મારે જુદું થાવું છે. ઠીક ભાઈ, લ્યો. ઘરનો ક્લેશ ક્યાં સુધી રાખવો? પડો જુદા. એમ કહે લોકો. ભગવાન! ક્યાં કોની ચીજ? ભાઈ! કોની મા ને કોના બાપ? કોની બાયડી? રાગ કોનો? અહીં તો ઈ કહેવું છે. અહીં તો રાગ પણ તારો નહિ અને આત્મા મોક્ષમાર્ગપણે પરિણમે એમાં રાગનો આધાર નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મની ભૂમિકાનો રાગ.

ઉત્તર :- હા, ઈ શુભરાગ. એની વાત છે ને. અહીં લક્ષ કરવાથી પર્યાય પ્રગટ થાય કે અહીં લક્ષ કરવાથી ઉત્પન્ન થાય છે? એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'એક આત્મા જ...'** પાછુ એમ કીધું. પેલી બે પ્રકારની પર્યાય થાય, પણ સેવન તો એક આત્મા જ સેવન કરવાયોગ્ય છે. વ્યવહારથી ઉપદેશ એમ આપ્યો કે ત્રણનું સેવન કરવું. એમ. એ વ્યવહારથી કથન કર્યું, પર્યાયથી કથન કર્યું. તે સ્વયં.. જુઓ! તે સ્વયં પોતાથી જ પ્રકાશમાન થાય છે. જુઓ ભાષા! ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ ધ્રુવ પરમાનંદ તે જ અંતર સેવન કરવા યોગ્ય છે. સેવા.. સેવા. એની સેવા કરવાલાયક છે. તે સ્વયં.. જુઓ, ભાષા આવી. સ્વયં પોતાથી જ પ્રકાશમાન થાય છે. આત્મા જ અંતર એકાગ્ર થવાથી સ્વયં જ પોતાથી પ્રકાશમાન થાય છે. દશામાં અને સાધ્યમાં તે જ આત્મા પ્રકાશમાન થાય છે. સ્વયં. બીજાની મદદ વિના. એ નિરાલંબી તત્ત્વ. નિરાલંબી–પરના આલંબન વિના જ સાધન અને સાધ્ય રૂપ પરિણમે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

સ્વયં પોતાથી જ, એમ પાછું. બે શબ્દ પડ્યા છે ને? '**आत्मा एक इति स्वयमेव प्रद्योतते**' એમ છે ને સંસ્કૃતમાં? સ્વયમેવ, સ્વયમેવ. એટલે સ્વયંની વ્યાખ્યા કરી. સ્વયંની વ્યાખ્યા કરી. પોતાથી જ, એમ સ્વયંનો અર્થ કર્યો. સ્વયમેવ–પોતાથી જ. પોતાથી જ એનો અર્થ કર્યો. ભગવાન આત્મા પોતાથી જ પ્રકાશમાન થાય છે. સમજાય છે કાંઈ? '**स्वयमेव प्रद्योतते**' એવો અર્થ કર્યો હિન્દીમાં. સમજાય છે કાંઈ? ચૈતન્યપ્રભુનું અંતર સેવન દ્રવ્યનું લક્ષ કરવાથી સ્વયં આત્મા પોતાની પર્યાયમાં પરના આધાર વિના, અન્ય દ્રવ્યના આધાર વિના, અન્ય રાગની મદદ વિના પોતાની મોક્ષમાર્ગની પર્યાયમાં અને મોક્ષમાં પ્રકાશમાન થાય છે. સમજાય છે કાંઈ? સિદ્ધરૂપ દશામાં પણ પોતાના આધારે પ્રગટ થાય છે, સ્વયં પ્રગટ થાય છે. એમાં કોઈની મદદ નથી. પેલા કહે, નહિ. આટલું જોઈએ, પ્રતિબદ્ધ કારણ ટળવું જોઈએ. ફલાણું નિમિત્ત પાછું મળવું જોઈએ, ઉપાદાન હોય અને નિમિત્ત હોય તો પ્રતિઉપકાર ન મળે તો ન થાય. અરે.. અરે..! ભારે વાત ભાઈ! ત્રણ કારણ મૂક્યા. ઉપાદાન નિજ શુદ્ધ ઉપાદાનનું સાધન હોય, નિમિત્ત પણ અનુકૂળ હોય, પ્રતિબદ્ધ કારણ... પણ પ્રતિબદ્ધ કારણ ટળ્યા વિના રહે જ નહિ. સાંભળ તો ખરો. એક કારણ જ્યાં યથાર્થ થયું ત્યાં બીજું કારણ આવ્યા વિના રહે નહિ. નિજ શુદ્ધ સ્વભાવનું સાધન કર્યું ત્યાં આગળ રાગનો અભાવ થયો, તે જ સમયે તેટલા જ પ્રકારના કર્મના ઉદયનો પણ અભાવ છે જ. પ્રતિબદ્ધનો અભાવ છે જ. વળી પ્રતિબદ્ધનો અભાવ થાય ને.. અહીંથી માંડી છે. પ્રતિબદ્ધનો અભાવ, રાગનો અભાવ (થાય) ત્યારે આમ થાય. એમ છે જ નહિ. એકલો ચૈતન્યપ્રભુ પોતાના આધારે પ્રગટ થાય છે તેમાં બીજા રાગાદિ મંદ હોય, પણ મદદ નથી. તે સમયે કર્મનો અભાવ હોય જ છે. પર્યાયને પ્રતિબદ્ધ કારણ રોકે છે, એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? ઉપાદાન હોય તો નિમિત્ત ... હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકાંત, સમ્યક્ એકાંત છે. પેલું અનેકાંત કહે, આનાથી પણ થાય અને આનાથી પણ થાય, એમ. આનાથી છે અને બીજાથી નહિ એનું નામ અનેકાંત છે. સ્વયં પોતાથી જ પ્રકાશમાન થાય છે અને પરથી પ્રકાશમાન થતો નથી, એનું નામ અનેકાંત છે. પોતાથી પણ પ્રકાશમાન થાય છે અને પરથી પણ થાય, (એ તો) ફૂદડીવાદ થયો. એ અનેકાંત ન થયું. કોઈ નિર્ધાર તો થયો નહિ, કોઈ નિશ્ચય તો થયો નહિ. સ્વયં પોતાથી જ પ્રકાશમાન થાય છે, લ્યો. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'દર્શન, જ્ઞાન, ચારિત્ર-ત્રણે આત્માના જ પર્યાયો છે,...'** નિર્મળ શુદ્ધ (પર્યાય છે). ભાવાર્થ છે ને? દર્શન, જ્ઞાન, ચારિત્ર ભલે એમ લીધું. ત્રણે આત્માના જ (પર્યાયો છે). ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ આનંદની પર્યાય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્માની દશા છે. કોઈ અન્યની, રાગની, વ્યવહારની, નિમિત્તની, કર્મની, શરીરની નથી. **'કોઈ જુદી વસ્તુ નથી;...'** ભગવાન આત્મા શુદ્ધ રૂપે પર્યાય થઈ, એમાં કોઈ અન્ય વસ્તુ નથી. એ તો પોતાની ને પોતાની પર્યાય શુદ્ધ રૂપે થઈ છે. શુદ્ધ શક્તિ રૂપે સ્વભાવ રૂપે હતી તે જ અંતરના આશ્રયથી પર્યાયરૂપ શુદ્ધપણું પ્રગટ થયું. તે આત્મા જ છે, અન્ય કોઈ વસ્તુ નથી.

**'તેથી સાધુ પુરુષોએ...'** આત્માર્થીએ, સંતોએ, સાધકજીવોએ **'એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય છે...'** એક આત્મા જ, જુઓ! એક આત્માનું જ સેવન કરવું. લ્યો. પેલા અન્ય દેવી, દેવલા તો ક્યાંય ગયા, ભગવાનના દેવની સેવા કરવાથી પણ આત્માની સેવા ન થાય, એમ કહે છે અહીં તો. આહાહા..! ગયા, કાલે રાત્રે વાત થઈ હતી. થોડી થોડી કાંઈક છે, કહે છે. છે, છે. થોડું છે હવે. આહાહા..! જૂનું, જૂનું. જૂની વાતફેર હોય એ જલ્દી નીકળે નહિ અંદરથી.

અહીં કહે છે, સંતોએ, આત્માર્થીએ, ધર્માત્માએ **'એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય છે...'** ભગવાન આત્મા પૂર્ણાનંદ ઘન, એના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી એની સેવા કરવી. **'અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.'** લ્યો. ઉપદેશમાં વ્યવહાર આવ્યોને, પરને કહેવામાં. પણ પરને કહેવું તો ઈ જ, એમ કહે છે. **'વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.'** ઉપદેશ તો એ જ કરવો કે તારો આત્મા જ તારે સેવન કરવા લાયક છે. જુઓ! આનું નામ ઉપદેશ કહેવાય. કેવો ઉપદેશ? એય.. સેઠી! વ્યવહારનો અર્થ એ વ્યવહાર કહે છે.. કારણ કે પરને કહેવું છે ને? વિકલ્પ આવ્યો ને. તો પરને એમ કહે છે કે તારો શુદ્ધ આનંદકંદ આત્મા તારે સેવવા લાયક છે. પરને આ ઉપદેશ કરવો. પરને એમ ઉપદેશ ન કરવો કે તારે રાગ કરવો ને નિમિત્ત કરવું ને રાગ કરતાં કરતાં થશે, એવો ઉપદેશ કરવો નહિ. એઈ..! ભીખાભાઈ! **'અને વ્યવહારથી...'** બોલવું છે ને? વિકલ્પ

આવ્યો ને? એટલો વ્યવહાર, હોં! વ્યવહારથી વિકલ્પમાં પણ એમ આવવું જોઈએ. વાણી તો વાણીના કારણે આવે છે. '**અન્યને પણ એ જ ઉપદેશ કરવો.**' ભગવાન તારો આત્મા પૂર્ણાનંદનો નાથ છે ને પ્રભુ! તારામાં ક્યાં ખામી છે કે તું પરમાં ગોતવા જાય છે? અને રાગમાં ક્યાં પડ્યો છે કે તું ત્યાં શોધે છે? અને તારી એક સમયની પર્યાયમાં ક્યાં પડ્યો છે કે બીજી પર્યાય એમાં થાય છે? એ આત્માનું સેવન નહિ. સમજાય છે કાંઈ? ભગવાન શુદ્ધ પ્રભુ, એના શ્રદ્ધા-જ્ઞાન કરો તે જ મોક્ષનો માર્ગ છે. આ સુખરૂપ થવાનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૪, ગુરુવાર, તા. ૧૩-૧૦-૧૯૬૬**
**શ્લોક-૧૬થી ૧૯. પ્રવચન નં. ૭૫**

સમયસારનો જીવ-અજીવ અધિકાર ચાલે છે. મૂળ તો જીવનો અધિકાર છે. એમાં અજીવ નથી એમ સિદ્ધ કરે છે. ૧૬મો કળશ છે, ૧૬મી ગાથાનો ૧૬મો કળશ છે.

**दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।**
**मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।**

૧૬મો શ્લોક, ૧૬. આત્મા.. અહીંયાં આત્માની વાત છે ને એટલે આત્માથી લીધું છે. '**પ્રમાણદષ્ટિથી જોઈએ તો...**' આત્માને બે દિશાથી-બે પડખેથી જોવામાં આવે (અર્થાત્) જે ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ છે અને વર્તમાન પર્યાયના ભેદ સ્વભાવે છે, (એ) અભેદ અને ભેદને એકસાથે જોઈએ તો '**આ આત્મા એકીસાથે અનેક અવસ્થારૂપ ('મેચક') પણ છે...**' અહીંયાં મેચકનો અર્થ દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદરૂપ પર્યાય છે તેને મેચક કહ્યું છે. ભેદને મેચક કહ્યું છે. મલિન કહો, વ્યવહાર કહો, મેચક કહો, અનેક કહો (બધું એકાર્થ છે). અહીંયા પરની વાત નથી. પોતામાં ને પોતામાં પોતાની એક સમયની પર્યાયમાં દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણેનું પરિણમન ભેદરૂપે જુઓ તો અનેક અવસ્થારૂપ દેખાય છે.

'**અને એક અવસ્થારૂપ ('અમેચક') પણ છે,...**' ત્રિકાળ વસ્તુ જુઓ, દ્રવ્ય સ્વરૂપે જુઓ તો એક સ્વરૂપે છે. એકસાથે એક અને અનેક સ્વરૂપે છે એમ બતાવવું છે. વસ્તુથી એક સ્વરૂપ, પર્યાયથી અનેક સ્વરૂપ. એકસાથે જોવાથી બેયનું જ્ઞાન પ્રમાણજ્ઞાનમાં આવી જાય છે. અહીંયા આત્મા નિશ્ચય અને પર વ્યવહાર, એ વાત નથી. સમજાય છે કાંઈ? આ તો ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ દ્રવ્ય શુદ્ધ એકરૂપ એ, અને એક સમયમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની મોક્ષમાર્ગની અવસ્થા એ બીજું, ઈ એક અને અનેક-બેનું જ્ઞાન એકસાથે કરવું એનું નામ પ્રમાણજ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ?

'**કારણ કે એને દર્શન-જ્ઞાન-ચારિત્રથી તો ત્રણપણું છે...**' ખુલાસો કરે છે. અનેક અવસ્થા પહેલી કહી હતી ને? '**આત્મા એકીસાથે અનેક અવસ્થારૂપ...**' એ અનેકપણાનો ખુલાસો કરે છે કે '**દર્શન-જ્ઞાન-ચારિત્રથી તો ત્રણપણું છે...**' આત્મા શુદ્ધની શ્રદ્ધા, શુદ્ધનું જ્ઞાન અને શુદ્ધમાં રમણતા એ ત્રણ ભેદે '**त्रित्वात्**' જોવાથી, '**त्रित्व**' એટલે ત્રણપણું જોવાથી તો અનેક છે. '**અને પોતાથી પોતાને એકપણું છે.**' વસ્તુ તરીકે જુઓ તો પોતામાં એકત્વ છે. એકત્વ અને અનેકત્વ એકસાથે જોવું, એનું નામ પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'પ્રમાણદષ્ટિમાં ત્રિકાળસ્વરૂપ વસ્તુ દ્રવ્યપર્યાયરૂપ જોવામાં આવે**

છે,...' સામાન્ય દ્રવ્ય ત્રિકાળ એકરૂપ, વર્તમાન ત્રણ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ. અહીંયાં વર્તમાન મોક્ષમાર્ગની અપેક્ષાથી વાત છે ને. '**તેથી આત્મા પણ એકીસાથે એકાનેકસ્વરૂપ દેખવો.**' જાણવામાં. રમણતા ક્યાં કરવી એ જુદી વાત છે. અહીં તો જાણવાની વાત કરે છે. ત્રિકાળ દ્રવ્ય એકરૂપ છે. પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર (ત્રણ સ્વરૂપ છે). જુઓ! આ મોક્ષમાર્ગ પણ એકરૂપ છે પણ તે ત્રણ રૂપ થયો. ત્રણ કહે છે ને? ત્રણ. ત્રણનો વ્યવહાર અને ત્રણનો નિશ્ચય, એમ નહિ. સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપની અંતર સમ્યગ્દૃષ્ટિ-શ્રદ્ધાન અનુભવથી કરવું અને એનો સ્વસંવેદનજ્ઞાનથી અનુભવ કરવો અને એમાં લીન થવું એનું નામ મોક્ષમાર્ગ એક છે. પણ ત્રણ પ્રકારથી જાણવું તેને વ્યવહાર અને અનેક કહે છે. મલિન પણ વ્યવહારથી કહે છે. સમજાય છે કાંઈ? '**તેથી આત્મા પણ એકીસાથે એકાનેકસ્વરૂપ દેખવો.**'

'**હવે નયવિવક્ષા કહે છે :-**' પહેલા પ્રમાણથી કહ્યું. હવે વ્યવહાર અને નિશ્ચય બેથી કહે છે.

**दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।**
**एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।।१७।।**

આ શ્લોકમાં બતાવવો તો છે વ્યવહારનય, હોં! ૧૭મા શ્લોકમાં વ્યવહાર બતાવવો છે.

**શ્લોકાર્થ :-** '**આત્મા એક છે...**' વસ્તુ એક છે. '**તોપણ...**' સમજાણું? '**વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે...**' જુઓ! આ વ્યવહાર. આ, હોં! વ્યવહાર મોક્ષમાર્ગ એ વાત અહીંયાં નથી. અહીંયાં તો નિશ્ચય મોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વ્યવહારદૃષ્ટિથી એને જોવાથી ત્રણ સ્વભાવપણાને લીધે '**અનેકાકારરૂપ છે,...**' ભાઈ! શું કહ્યું સમજાણું? વ્યવહાર મોક્ષમાર્ગની અહીં વાત જ નથી. નિશ્ચય મોક્ષમાર્ગ.. આત્મા સ્વરૂપે એક છે અને પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-અનુભવમાં, સ્વસંવેદનજ્ઞાન અને રમણતા એ ત્રણ થઈને ત્રણ પ્રકારે જાણવું એનું નામ વ્યવહાર. મોક્ષમાર્ગ છે એક પ્રકાર નિશ્ચય પણ એ ત્રણ પ્રકાર થયા ને? દર્શન, જ્ઞાન, ચારિત્ર-એમ વ્યવહારથી જોવામાં આવે તો '**ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ છે,...**' સમજાય છે કાંઈ? અહીં અનેકાકાર વ્યવહાર મોક્ષમાર્ગનો અનેકાકાર અને આત્માનો એકાકાર, એમ અહીંયાં નથી લેવું. એ તો અહીંયાં છે જ નહિ. સમજાય છે કાંઈ?

આત્મા... અહીં તો વ્યવહારની વાત છે, હોં! આ નયમાં. એ તો '**एकोऽपि**' શબ્દ કારણસર મૂક્યો છે. સિદ્ધ કરવો છે વ્યવહાર. બીજા પદમાં '**एकोऽपि**' શબ્દ છે ને? આત્મા એક હોવા છતાં... સિદ્ધ કરવું છે આ. '**વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો...**' પહેલો શ્લોક પ્રમાણનો હતો. આ વ્યવહારનો છે, પછી નિશ્ચયનો આવશે. પછી ચોથો શ્લોક વિકલ્પ છોડીને રમણતા કરવાનો આવશે. કહે છે, વસ્તુ ભગવાન આત્મા એક સ્વરૂપે છે તથાપિ વ્યવહારદૃષ્ટિથી જોવામાં આવે, એક સમયમાં આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ-ચારિત્ર અનુચરણ એકસાથે વ્યવહારથી

(જોવામાં આવે તો). એ છે તો નિશ્ચયની પર્યાય પણ અહીંયાં એકરૂપની અપેક્ષાથી એને અનેકપણે જોવું તેને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શું કહ્યું સમજાણું?

આત્મા એક સમયમાં શુદ્ધ દ્રવ્ય એકરૂપ છે. અને એ શુદ્ધ રૂપ દ્રવ્ય જે એકરૂપ ચૈતન્યપિંડ જ્ઞાનાનંદ છે એની શ્રદ્ધા, એની શ્રદ્ધા સમ્યક્ નિર્વિકલ્પ પ્રતીતિ, એનું સ્વસંવેદનજ્ઞાન અને એમાં આચરણ એવા ત્રણ પ્રકાર છે તો નિશ્ચય મોક્ષમાર્ગ, પણ ત્રણ પ્રકારથી, એકની અપેક્ષાથી ત્રણ પ્રકારે જોવું તેને વ્યવહાર દૃષ્ટિથી જોયું એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય-વ્યવહાર ...

ઉત્તર :- નિશ્ચય-વ્યવહાર કોનો બતાવ્યો? મોક્ષમાર્ગનો?

મુમુક્ષુ :- આત્માના.

ઉત્તર :- આત્માના. આત્માના.

આત્મા એક સમયમાં '**एकोऽपि**' શબ્દ તો પહેલા પડ્યો છે ને? બતાવવો તો છે વ્યવહાર. પ્રમાણનો શ્લોક તો આવી ગયો. વ્યવહાર અને નિશ્ચય પહેલા બતાવીને છેલ્લે બધી ચિંતા છોડી દે હવે, એકલો અનુભવ કરવો એમ બતાવશે. આત્મા વસ્તુ તરીકે અખંડ અભેદ અખંડાનંદ પ્રભુ છે. '**તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો...**' મેચક દૃષ્ટિથી જોવામાં આવે, અનેકપણાની દૃષ્ટિથી જોવામાં આવે તો '**ત્રણ-સ્વભાવપણાને લીધે...**' ત્રણ સ્વભાવ. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય સ્વરૂપચારિત્ર. એ ત્રણને વ્યવહારથી જોવામાં તો '**ત્રણ-સ્વભાવપણાને લીધે...**' મેચક છે, વ્યવહાર છે, મલિન છે, ભેદ છે, પર્યાય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? સેઠી!

ભગવાન આત્મા એક વસ્તુ સ્વરૂપે અભેદ ચિદાનંદ (છે). એમ હોવા છતાં તેની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-એ શુદ્ધ ચૈતન્યની સમ્યક્ શ્રદ્ધા, નિર્વિકલ્પ અનુભવ કરીને તેમાં પ્રતીત કરવી અને સ્વસંવેદનજ્ઞાન પ્રગટ કરવું અને સ્વરૂપાચરણ-અનુચરણ, અનુચરણ-સ્વરૂપમાં લીન થવું-એવું વસ્તુ એક હોવા છતાં વ્યવહારથી જોવામાં આવે તો પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિશ્ચય છે, જે રાગરહિત છે તેને ભેદથી જોવું, તેને વ્યવહારથી જોવું મેચક છે, મલિન છે એમ કહેવામાં આવ્યું. એ મેલ છે એમ કહેવામાં આવ્યું. મેલ કહેવાનો અર્થ-એ વ્યવહારે મેલ કહેવામાં આવે છે.

ફરીને, મેચક કહ્યું ને? મેચકને વ્યવહાર પણ કહે છે, મલિન પણ કહે છે. અમેચકને નિશ્ચય કહે છે, નિર્મળ પણ કહે છે. તો કહે છે, ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ દ્રવ્ય હોવા છતાં તેની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું ત્રણપણું વસ્તુ સ્વરૂપ ભગવાન આત્મા, એનો અંતર અનુભવ કરીને, સ્વસંવેદન કરીને તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન. વેદનજ્ઞાનનું જાણપણું તે જ્ઞાન સ્વસંવેદન અને સ્વરૂપમાં લીનતા, તે છે તો નિશ્ચય સ્વપર્યાય પોતાની, પરની નથી,

રાગની નથી. પણ અનેકપણાને જોવું, એ વ્યવહારથી જોવું કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- મલિન.. મલિન.

ઉત્તર :- એ મલિન વ્યવહાર કહો કે મલિન કહો. ત્રણ વસ્તુ છે ને? તો ત્રણનું લક્ષ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. એ ત્રણનું લક્ષ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. એ ત્રણને ભેદરૂપ છે તો વ્યવહાર કહ્યો. તેને મેચક કહ્યું, તેને મલિન (કહ્યું). એ વ્યવહારને જ મલિન અપેક્ષા લાગુ પડી. આહાહા..! સમજાય છે કાંઈ? આગળ આવશે છેલ્લો શ્લોક.

'એક દેખિયે જાનીયે રમી રહીએ ઇક ઠૌર,
સમલ વિમલ ન વિચારીએ યહી સિદ્ધિ નહીં ઔર.'

એ છેલ્લા શ્લોકમાં આવશે. એટલે જરી મલિન શબ્દ લીધો. ભાઈ! મલિન અર્થાત્ મલિન કહેવાનો વ્યવહાર છે. વ્યવહારનો અર્થ એ ભેદ છે ને? આહા..! એક સ્વરૂપે ભગવાન આત્મા અખંડાનંદ તે એકરૂપ અને તેના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છે તો નિશ્ચય અભેદ વીતરાગી પર્યાય, પણ ત્રણ સ્વભાવત્વાત-ત્રણ સ્વભાવપણે જોવું એનું નામ વ્યવહાર છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- દેખાય તો છે.

ઉત્તર :- જોવામાં ત્રણપણે જોવું તે વ્યવહાર છે, એમ કહે છે. આત્માને એકપણે જોવો તે નિશ્ચય છે. આહાહા..!

આત્મા એક સમયમાં અખંડ અભેદરૂપ છે અને પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ પણ છે. નિશ્ચય સત્. બેનું એકસાથે જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન થયું. હવે વ્યવહારની વાત કરે છે. એક હોવા છતાં તેના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર-નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ થયા, ત્રિસ્વભાવત્વાત-ત્રણ થયા. એ ત્રણને જોવા તેને વ્યવહાર કહે છે. આહાહા..! અહીં તો જરી પેલો વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે ને? આ તો કથન... આહાહા..! આ તો હજી એ ભેદ છે ને તો વ્યવહાર કહેવો. વ્યવહાર મોક્ષમાર્ગ એ તો મોક્ષમાર્ગ છે જ નહિ. આહાહા..!

આ તો આત્માનું સ્વરૂપ જે શુદ્ધ અખંડ જ્ઞાયકમૂર્તિ છે તેનું દ્રવ્યથી તો એક સ્વરૂપ છે. પણ એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એની રમણતારૂપ ચારિત્ર જે વીતરાગી પર્યાય પણ ત્રણ રૂપ થયા છે. ત્રણ થયા ને? એમ કહ્યું ને? જુઓને! '**વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે...**' વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો, ભેદદૃષ્ટિથી જોઈએ તો એ ત્રણ સ્વભાવપણાને લીધે. છે તો એ ત્રણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પર્યાય. સમજાય છે કાંઈ? પણ '**ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ છે...**' અનેકરૂપે જોવામાં આવે છે. એકરૂપ ન રહ્યું તો અનેકપણે જોવું તે વ્યવહાર થયો. તેનું નામ મેચક થયું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મળેલું નહિ, મલિન. મળેલું એમ કહે છે. ચિત્રરંગનો દાખલો આપ્યો છે ને.

ઘણાં રંગનું ચિત્ર હોય. આમ ઘણાં રંગવાળું જોવું તે ભેદ. એકરૂપ જોવું તે અભેદ. એ ચિત્રનો દાખલો આપ્યો છે, ટીકામાં આપ્યો છે. 'અધ્યાત્મ તરંગિણી'. ચિત્રવત્.

અહીં તો મેચકનો અર્થ.. સમજાય છે? મેચક-વિચિત્ર સ્વભાવ. અનેક સ્વભાવ થયો ને? અનેક. અને અમેચક વિચિત્ર સ્વભાવરહિત. પંડિતજી! આવા બે અર્થ કર્યા છે. બસ, ઈ. લખ્યું છે, જુઓ! ચિત્રજ્ઞાનવત્વા. મેચક ચિત્રજ્ઞાનવત્વા. છેલ્લે દાખલો આપ્યો છે. ૧૬માં. '**न वस्त्वन्तरं मेचकचित्रदानबद्वा**' ત્રણ થયા ને? ત્રણ. ચિત્રમાં અનેક રંગ દેખાય છે ને? એમ પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે તો વીતરાગી પર્યાય પણ ત્રણ ભેદરૂપ, ત્રણ પ્રકારરૂપ જોવું એનું નામ વ્યવહાર કહે છે. જરી આમાં અભ્યાસ કરે તો સમજાય એવું છે. શેઠ! ઉપર ઉપરથી હા પાડે તો સમજાય એવું નથી. આ વળી શું? એક કોર વ્યવહાર મોક્ષમાર્ગ નહિ, વળી નિશ્ચય મોક્ષમાર્ગમાં ત્રણ પ્રકારથી જોવું એનું નામ વ્યવહાર છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અસત્યાર્થ કહ્યું. આવશે હમણાં, હમણાં આવશે, હમણાં અર્થમાં આવશે. ભાવાર્થમાં આવશે, સાંભળો! અહીં તો આટલા શબ્દનો અર્થ થાય છે ને. ધીમે ધીમે ચાલીએ છીએ. સમજાય છે કાંઈ?

અહીંયા આત્મા અખંડ પરમાત્મા. આત્મા શબ્દે પરમાત્મા. એ વળી શબ્દ લીધો છે, હોં! આમાં. આત્મા શબ્દે આખો પરમાત્મા. આ જ ગાથા છે ને? કેટલામી? ૧૬મી છે ને? પરમાત્મા જ લીધો છે આમાં. જુઓ! આત્મા છે ને? પહેલો સંસ્કૃત ટીકામાં (શબ્દ છે)-આત્મા પરમાત્મા. '**आत्मा परमात्मा समं युगपत् मेचकः विचित्रस्वभावः**' સંસ્કૃત ટીકા. પણ પરમાત્મા જ છે. પરમ સ્વરૂપ અખંડાનંદ એકરૂપ ભગવાન આત્મા એનું નામ આત્મા-પરમાત્મા. તેને એકરૂપ જોવો તે નિશ્ચયનયનો વિષય છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ પ્રકારથી જોવો તે વ્યવહારનો વિષય થયો. વ્યવહાર મોક્ષમાર્ગ નહિ. સમજાય છે કાંઈ? પણ એક આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચય સમ્યક્ અનુભવ દૃષ્ટિ અને વીતરાગી ચારિત્ર-એ ત્રણપણે જોવું તેને વ્યવહાર કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ છે, કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર-એ ત્રણ ભાવે પરિણમે છે.**' જુઓ! સમજાય છે કાંઈ? છે ને? '**दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणत्वतः**'. સંસ્કૃત છે મૂળ શ્લોક. ત્રણ પ્રકારે પરિણમે છે ને? પરિણમે છે ને? ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય તો એકરૂપ પરમાત્મા (છે). તેની શ્રદ્ધા-નિશ્ચય સમ્યગ્દર્શન અને નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય સ્વરૂપાચરણ એ ત્રણ થયા, ત્રણ. સમજાય છે કાંઈ? ત્રણ રૂપે પરિણમે છે ને. પર્યાયપણે ત્રણ રૂપ પર્યાય છે કે નહિ? એમ વસ્તુ તરીકે એક છે પણ પર્યાય તરીકે ત્રણ રૂપ પરિણમિત છે. એ ત્રણ રૂપ પરિણમિત છે તેને જોવું તે વ્યવહાર છે. કેમકે અનેકપણાને

જોવું તે વ્યવહાર છે, ત્રણપણું જોવું તે વ્યવહાર છે. એકરૂપને જોવું તે નિશ્ચય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તે કેવો માર્ગ? હજી તો કહે છે કે વ્યવહાર મોક્ષમાર્ગ વસ્તુ જ નથી.

અહીં તો નિશ્ચય મોક્ષમાર્ગ જે યથાર્થ છે, જે આત્મા અખંડ જ્ઞાયક સ્વરૂપ પરમાત્મા સ્વરૂપનો અંતર્મુખ થઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ રાગના મિશ્રપણા વિનાનું આત્માનું સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપ શુદ્ધમાં રમણતારૂપ, લીનતારૂપ આનંદની ઉગ્રતા–તે ત્રણપણે જોવું તેને વ્યવહારદૃષ્ટિ જોવું કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ત્રણ પ્રકારે પરિણમન થાય છે કે નહિ? એ અપેક્ષાથી.

**ભાવાર્થ :– 'શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે;...'** પેલું **'एकोऽपि'** લખ્યું હતું ને એનો ખુલાસો કરે છે. બતાવવો છે તો વ્યવહારનય, હોં! વસ્તુ જુઓ તો શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા એકરૂપ અખંડ જ્ઞાયક ચૈતન્યજ્યોત (છે). તે જ સમ્યગ્દર્શનનો વિષય (છે). સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણ ગર્ભિત ચૈતન્યરત્નાકર પ્રભુ એકરૂપ છે. જ્યારે **'આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો...'** ત્યારે ભેદરૂપ નય ગૌણ થઈ જાય છે. સમજાય છે કાંઈ? **'તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો...'** હવે જે સિદ્ધ કરવું છે તે હવે આવે છે. **'એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો,...'** એકરૂપ ભગવાન ત્રણ રૂપ પરિણમ્યો–સમ્યગ્દર્શન, જ્ઞાન, (ચારિત્ર) ત્રણ ભેદરૂપ–એમ પરિણમતો કહેવો તે વ્યવહાર છે. એ જાણવું પણ વ્યવહાર છે.

**'અસત્યાર્થ પણ થયો.'** જુઓ! રાજારામજી! ઈ આવ્યું. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ પ્રકારનું અવલંબન કરવા લાયક નથી. કારણ કે એના અવલંબનથી તો વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયના આશ્રયથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા..! ભગવાન આત્મા એક ચિદાનંદ પ્રભુ, એનો અંતર આશ્રય કરવાથી જ શુદ્ધિની ઉત્પત્તિ, વૃદ્ધિ અને ટકવું થાય છે. ભારે ઝીણું. સમજાય છે કાંઈ?

છે તો જીવતત્ત્વની વાત ચાલે છે ને? જીવતત્ત્વના બે ભેદ. પર્યાયમાં અનેકરૂપ જોવું, દ્રવ્યને એકરૂપ જોવું. તો કહે છે, એકરૂપ વસ્તુ હોવા છતાં પર્યાયમાં ત્રણરૂપ પરિણમતો કહેવો, જાણવું વ્યવહાર થયો. એ અસત્યાર્થ થયો. ત્રણ રૂપ છે એ જૂઠું ઠર્યું. એકરૂપથી ત્રણ કહેવું એ જૂઠું થયું. **'એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે.'** લ્યો. વ્યવહાર કહ્યો છે, ભેદરૂપ કહ્યો છે, મલિન કહ્યું છે, અનેક કહ્યું છે. આહાહા..! ભારે ઝીણું અધ્યાત્મ તત્ત્વ. અંતર તપાસવું નહિ, શોધવું નહિ કે શું ચીજ છે (અને) ઉપરથી ધર્મ થઈ જાય એમ કરે છે. ઉપરથી ધૂળમાંય ધર્મ થાય નહિ.

ભગવાન આત્મા એક સમયમાં પરમાનંદની મૂર્તિ એકરૂપ, એકરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણ રૂપ, એ ત્રણ રૂપને જોવું તે વ્યવહાર. સમજાય છે કાંઈ? એ અપેક્ષાથી ત્રણ

રૂપને અસત્યાર્થ કહ્યું. કારણ કે કાયમની ચીજ નહિ, એકરૂપ ચીજ નહિ તે અપેક્ષાથી અસત્યાર્થ (કહ્યું). અથવા ત્રણ પર્યાયનો-નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાનનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. શુદ્ધિ ઉત્પન્ન થતી નથી. સેઠી! **'એમ વ્યવહારનયે આત્માને...'** સિદ્ધ આ કરવું છે, જુઓ! **'દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે.'** લ્યો. સમજાય છે કાંઈ?

વ્યવહાર જાણ્યો, જાણેલો ત્રણ ભેદ રૂપે જાણેલો પ્રયોજનવાન છે, બસ. એકરૂપને જાણીને આશ્રય કરવો તે પ્રયોજનવાન છે. શું (કહ્યું)? ભગવાન આત્મા અખંડાનંદ એકરૂપ જાણીને આશ્રય કરવો એ પ્રયોજનવાન છે. ત્રણને ત્રણ રૂપ જાણીને જાણેલો પ્રયોજનવાન છે. આશ્રય કરવા લાયક નથી. સમજાય છે કાંઈ? વૈદ્યરાજજી!

મુમુક્ષુ :- આશ્રય કોનો કરવો?

ઉત્તર :- આશ્રય દ્રવ્યનો. દ્રવ્ય વસ્તુ અખંડાનંદ અનંત ગુણનો પિંડ પોતાનો પરમાત્મા છે. તેનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિની ઉત્પત્તિ, વૃદ્ધિ અને ટકવું થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલા પ્રમાણનો શ્લોક કહ્યો, આ વ્યવહારનો શ્લોક કહ્યો. હવે આવશે પરમાર્થનો શ્લોક. પરમાર્થનો. પ્રમાણ નહિ, પરમાર્થ-નિશ્ચય.

**परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।**
**सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।।१८।।**

**શ્લોકાર્થ :- 'શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે...'** ભગવાન આત્મા અખંડ શુદ્ધનયથી, શુદ્ધ નિશ્ચયથી પ્રભુ પોતાને પોતાથી જોવામાં આવે **'પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી...'** એ તો પ્રગટ જ્ઞાયકજ્યોતિ ચૈતન્યમૂર્તિ ભગવાન ચૈતન્યસૂર્ય છે. એકરૂપ ચૈતન્યસૂર્યને જોવો તેનું નામ નિશ્ચયનય અને પરમાર્થ દૃષ્ટિ કહે છે. સમજાય છે કાંઈ? **'શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે...'** પરમાર્થે પ્રભુ... **'કારણ કે શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો...'** કેમ? કે શુદ્ધ દ્રવ્યાર્થિકનયે ભગવાન આત્મા એક સ્વરૂપ ત્રિકાળ છે તેની દૃષ્ટિથી જુઓ તો **'સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવો દૂર કરવારૂપ...'** અર્થાત્ એમાં છે નહિ. સમજાય છે કાંઈ? ભાઈ! શું કહ્યું? ધ્વંસી નહિ. એમાં છે નહિ.

**'सर्वभावान्तरध्वंसिस्वभावत्वाद'** અર્થાત્ સર્વ ભાવ-અન્યદ્રવ્ય, એના ભાવ-સ્વભાવ. સમજાય છે કાંઈ? અને તેના નિમિત્તથી થતા વિભાવો દૂર કરવારૂપ અર્થાત્ એમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? દૂર ધ્વંસી કરવાનો ભાવ તો વ્યય કરવાનો સ્વભાવ થયો. એમ નથી. આ તો એમાં છે જ નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? શુદ્ધ નિશ્ચયનયનો વિષય દ્રવ્યમાં અન્યદ્રવ્ય-ભાવ અને અન્યદ્રવ્યથી ઉત્પન્ન થતા વિકાર, એમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? અર્થ તો એ થઈ જાય કે રાગનો નાશ કરવાનો સ્વભાવ છે, ભાઈ! પેલું વિરુદ્ધ થઈ જાય ને? પચ્ચખાણ. સમયસાર-૩૪ ગાથા. રાગનો પરમાર્થે નાશ કરવાનો પણ નામમાત્ર

આત્મામાં છે. પરમાર્થે તો રાગનો નાશ કર્તા આત્માનો સ્વભાવ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એનો સ્વભાવ છે એમ કહેવામાં આવે પણ એનો ભાવ એવો નથી. એનો ભાવ એવો છે કે ભગવાન જ્ઞાયક શુદ્ધ ચૈતન્યમાં વિભાવ, અન્ય દ્રવ્ય ને ભાવ છે જ નહિ, એવો એનો સ્વભાવ છે. નથી, એવો સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

પહેલાં '**परिध्वंसस्वभावत्वाद**' એમ અર્થ કરતા હતા. પણ અહીં તો કહે છે, આ પરમાર્થ નયનો વિષય છે ને? તો પરમાર્થ નયના વિષયનો સ્વભાવ ચૈતન્યજ્યોત સ્વભાવ જ એવો છે કે પરદ્રવ્ય પરભાવ વિભાવ આદિ એમાં છે જ નહિ. એવો એનો સ્વભાવ છે. નાશ કરવો કે ઉત્પન્ન કરવું એમાં છે જ નહિ. ઉત્પન્ન કરવાનો સ્વભાવ હોય તો નાશ કરવાનો સ્વભાવ હોય ને. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય..

ઉત્તર :- નિશ્ચય સ્વભાવ જ એવો છે. વિભાવ, વ્યવહાર, દયા, દાનના વિકલ્પ કે અન્યદ્રવ્યના ભાવ આત્મામાં છે જ નહિ, એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે ને પાઠમાં? '**सर्वभावान्तर**'. '**सर्वभावान्तर**' એટલે પોતાના સ્વભાવ સિવાય અન્ય ભાવ. પોતાના સ્વભાવ સિવાય '**सर्वभावान्तर**'-અનેરા. ભગવાન જ્ઞાયક સ્વભાવ સ્વરૂપ પ્રભુ એ નિશ્ચય. તેનાથી અન્ય ભાવ-જેટલા પરદ્રવ્ય, કર્મ, શરીર, વાણી, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ-એ ભાવ આત્મામાં છે જ નહિ. એવો એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- વ્યવહારથી તો કહ્યું હશે.

ઉત્તર :- એ.. વૈદ્યરાજ! જરી ઝીણી વાત છે અહીંની. એ.. શેઠ!

અહીં તો દ્રવ્ય સ્વભાવમાં વ્યવહાર જ નથી. દ્રવ્ય સ્વભાવમાં નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પણ નથી. આહાહા..! ઈ અહીં મુખ્ય બતાવવું છે. પહેલાં તો બતાવ્યું પ્રમાણ. એક અનેકનું સાથે હોવું. પછી વ્યવહાર બતાવ્યો. મેચક-ત્રણને જોવું તે વ્યવહાર. પછી બતાવ્યું દ્રવ્ય એકાકાર એમાં વ્યવહાર કે ભેદ આદિ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ૧૬મી ગાથાની પુષ્ટિ કરે છે?

ઉત્તર :- ૧૬ ગાથાની પુષ્ટિ કરે છે. ૧૬ની પુષ્ટિ કરે છે કે આત્મા એકરૂપનું સેવન કરવું. એમ કહ્યું હતું ને? એની પુષ્ટિ કરે છે. ત્રણથી તો પર્યાયદૃષ્ટિથી કથન કર્યું છે. '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि**'. સેવવો તો એક આત્મા. સમજાય છે કાંઈ? આહાહા..! ૧૬મી ગાથામાં એમ આવ્યું હતું કે રાગનો નાશ કરનારો આત્મા છે, એમ આવ્યું હતું? શું? સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન આત્મા.. પહેલાં કહ્યું હતું, વ્યવહારથી જુઓ તો ત્રણ (રૂપ) દેખાય છે. બસ, એટલું. આશ્રય કરવા લાયક નથી, અસત્ય છ, શરણભૂત એ નહિ. કેમકે શરણભૂતમાં નવી વસ્તુ પ્રગટ થવી જોઈએ. શરણભૂત ભગવાન ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ છે,

તે સત્યાર્થ ભૂતાર્થ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ. એ રીતે લીધું છે. ભિન્ન ભિન્ન રીતે ... દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચય ...

મુમુક્ષુ :- આત્માની સેવા...

ઉત્તર :- સેવા આત્માની. ત્યારે ત્રણની સેવા, એમ વ્યવહારથી કહેવાય. સેવા, ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ. છઠ્ઠી ગાથામાં ન આવ્યું? અન્યદ્રવ્યના ભાવથી ભિન્ન પોતાના આત્માની ઉપાસના કરવામાં આવતા શુદ્ધ કહેવામાં આવે છે. ભગવાન આત્મા અન્યદ્રવ્ય, અન્યદ્રવ્યના ભાવથી ભિન્ન, અન્યદ્રવ્યના નિમિત્તે થતા પોતાના ભાવ, અન્ય, અન્યદ્રવ્યના ભાવથી ભિન્ન. ભિન્ન કરીને પોતાના આત્મા તરફની દૃષ્ટિ થઈ તો આત્માની પર્યાયમાં શુદ્ધતા થઈ. શુદ્ધતાથી આત્માનું સેવન કરવું. સેવન આત્માનું કર્યું તો એ આત્માને શુદ્ધ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? કહો, વૈદરાજ! એ વ્યવહાર-ફ્યવહાર છે નહિ, એ લાભદાયક છે એમ આમાં નથી, એમ કહે છે. એ માન્યતા જૂઠી છે, એમ અહીં તો કહે છે. રાગાદિ, વિકલ્પાદિ વ્યવહારથી લાભ થશે એ માન્યતા દ્રવ્ય સ્વભાવથી વિપરીત છે, એમ કહે છે અહીં તો.

અહીં તો કહે છે કે એકરૂપ સ્વભાવ, એમાં ત્રણ પ્રકારના પરિણમનનો આશ્રય કરવો પણ લાભદાયક નથી. સમજાય છે કાંઈ? એમ કહે છે. આહાહા..! વળી વ્યવહાર લાભદાયક છે, મંદ કષાયની ક્રિયા કરતા કરતા લાભ થશે એમ વસ્તુ સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જડમાંથી ઉડાડી નાખ્યું.

ઉત્તર :- મૂળમાંથી ઉડાડી નાખ્યું. જુઓ!

‘**શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે...**’ ભગવાન આત્માને એકરૂપથી જોવામાં આવે, ભલે વિકલ્પથી. અહીં તો સાધારણ કથન છે. ‘**તો પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી આત્મા એકસ્વરૂપ છે...**’ એકસ્વરૂપ ભગવાન એકરૂપ છે. ‘**કારણ કે શુદ્ધદ્રવ્યાર્થિક નયથી...**’ શુદ્ધ દ્રવ્યના પ્રયોજનની દૃષ્ટિથી જુઓ તો ‘**સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવો...**’ અહીં તો વિભાવ લીધા છે. પેલામાં વિભાવ નથી લીધું. છઠ્ઠી ગાથામાં અન્યદ્રવ્ય અને અન્યદ્રવ્યના ભાવ (લીધા છે). અહીં તો અન્યદ્રવ્ય અને અન્યદ્રવ્યના નિમિત્તે થતા વિભાવ (તેને) ‘**દૂર કરવારૂપ...**’ નામ એમાં છે જ નહિ. આત્મામાં છે જ નહિ. શુદ્ધ નિશ્ચય સ્વભાવમાં એ વિભાવ છે જ નહિ. છે નહિ તો નાશ કરવો રહ્યો ક્યાં? એનો આશ્રય કરતાં વિભાવ ઉત્પન્ન થતા નથી. વ્યવહારથી કહ્યું કે નાશ કરવો. બાકી સ્વભાવમાં નાશ કરવું એવું છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! એને ઠેકાણે હજી બાહ્ય દ્રવ્યને છોડવા અને ગ્રહવા. બાહ્ય દ્રવ્ય છોડો, આટલો લાભ થશે. મિથ્યાત્વ થશે, સાંભળ તો ખરો. શું ગ્રહે છોડે પરદ્રવ્યને? પરદ્રવ્યને શું ગ્રહ્યા છે તે છોડે? સમજાય છે

કાંઈ? કઠણ વાત છે, વૈદરાજજી! તમે આવું સાંભળ્યું નથી. કાલે સાંજે બહુ કહેતા હતા. વાત કરતા હતા. એ તો વ્યવહારની વાત છે. અરે..! ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... યથાર્થ નથી તે સીધી સરળ લાગે છે.

અહીં તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મહા સંત મુનિ દિગંબર મુનિ જંગલવાસી. એમણે અહીંયાં 'કુંદકુંદાચાર્ય'ના શ્લોકની ૧૬મીની ટીકા કરી અને ઉપર ચાર કળશની રચના કરી. સમજાય છે કાંઈ? એમાં ત્રીજા શ્લોકમાં તો એમ કહ્યું, ભગવાન આત્મા '**सर्वभावान्तरध्वंसिस्वभावत्वाद**'. ભગવાન ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ તે જ વસ્તુ છે. તે સિવાય અનેરા ભાવ એમાં છે નહિ. સમજાય છે કાંઈ? એવો ચૈતન્ય ભગવાન શુદ્ધ પરમાત્મા સ્વરૂપ પોતાનું, એની દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું અને એમાં લીન થવું તે મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ?

'**તેથી તે 'અમેચક' છે.**' તેથીનો અર્થ, એમાં ભેદ નથી માટે અમેચક છે. સમજાય છે કાંઈ? એમાં એક સ્વરૂપમાં ભેદ નથી, અનેકતા નથી માટે અમેચક છે. અર્થાત્ '**શુદ્ધ એકાકાર છે.**' લ્યો. સમજાય છે કાંઈ? અમેચક શબ્દ છે ને છેલ્લો? '**सर्वभावन्तरध्वंसिस्वभावत्वादमेचक**' અમેચક. એકરૂપ, એકરૂપ નિર્મળ એકરૂપ. એકરૂપને જ નિર્મળ કહે છે. અનેકરૂપને મલિન કહે છે. એકરૂપને નિશ્ચય કહે છે, અનેકરૂપને વ્યવહાર કહે છે. સમજ્યા? અભેદને નિશ્ચય કહે છે, ભેદને વ્યવહાર કહે છે. પોતાની પર્યાયમાં ભેદ પડે. પર્યાય ઉત્પાદ-વ્યય છે તે વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? આત્મામાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે પણ વ્યવહાર થઈ ગયો. પર્યાય છે ને? એ ક્યાં નિશ્ચય છે? નિશ્ચય તો ત્રિકાળ વસ્તુ એકરૂપ છે તે નિશ્ચય છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુ ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત.. રામસ્વરૂપજી! પરથી રહિત તો ઠીક પણ ઉત્પાદ-વ્યય પર્યાયના ભેદથી રહિત. ઉત્પાદ-વ્યય પર્યાય ભેદરૂપ છે. નિશ્ચય મોક્ષમાર્ગ ઉત્પાદ-વ્યયરૂપ છે. સમજાય છે કાંઈ? '**તેથી તે 'અમેચક' છે...**' ભગવાન આત્મા એક સ્વરૂપે બિરાજમાન ભૂતાર્થ સ્વરૂપને કારણે તે એકાકાર છે. એમાં નિશ્ચય મોક્ષમાર્ગના ત્રણ પ્રકાર એવા ભેદ, અનેકતા અભેદમાં છે જ નહિ. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'ભેદદૃષ્ટિને ગૌણ કરી અભેદદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા એકાકાર જ છે,...**' પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સાચા ઉત્પન્ન થયા છે પણ એ ભેદ છે-પર્યાય (છે). તો ભેદને ગૌણ કરી. લક્ષ છોડાવવા ગૌણ કરીને. પર્યાયનો અભાવ નથી. '**ગૌણ કરી અભેદદૃષ્ટિથી જોવામાં આવે...**' ભગવાન આત્મા ધ્રુવ બિંબ, ધ્રુવ અનાદિઅનંત એકરૂપ, એકરૂપ સ્વભાવ જોવામાં આવે તો '**આત્મા એકાકાર જ છે,...**' વસ્તુ તો એક આકાર છે, એક સ્વરૂપે છે. વસ્તુ એક સ્વરૂપે નિશ્ચયનયનો વિષય છે. '**તે**

**જ અમેચક છે.**' તે જ અભેદ છે, તે જ નિર્મળ છે અને તે જ એક છે. સમજાય છે કાંઈ? આમાં ધર્મ શું? આમાં કરવું શું પણ આમાં? કંઈ દાન, પૂજા ક્રિયા કરવાનું કહે તો કરવાની સૂઝ પડે. આહાહા..!

ભગવાન આત્મા એક સ્વરૂપે બિરાજમાન છે તેનો આશ્રય કરવો તે કરવું. તે જ કરવું. તે જ કરવા લાયક છે અને તે જ જીવનું કર્તવ્ય છે. ઈ છે. સમજાય છે કાંઈ? વ્યવહાર વિકલ્પ તો કરવા લાયક છે જ નહિ પણ નિશ્ચય જે સમ્યગ્દર્શન, જ્ઞાન થયા નિશ્ચય સ્વભાવના આશ્રયે તેનો પણ આશ્રય કરવાલાયક નથી. કેમકે એ ત્રણ બોલ છે, પરિણમનમાં ત્રણ બોલ થઈ ગયા, વ્યવહાર થઈ ગયો, ભેદ થઈ ગયો, મેચક થઈ ગયો, અનેકાકાર થઈ ગયો. અનેકાકારના લક્ષમાં એકાકારમાંથી ઉત્પન્ન થનારી પર્યાય કઈ રીતે ઉત્પન્ન થશે? સમજાય છે કાંઈ? 'હરિનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ.' હરિ એટલે ભગવાન આત્મા, હોં! ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ અભેદ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જોયો છે, એવા આત્માને અંદરમાં પકડીને એકાકાર થવું તેનું નામ જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ ઉપાય નથી. સમજાય છે કાંઈ? ત્રણ શ્લોક થયા.

**'આત્માને પ્રમાણ-નયથી મેચક, અમેચક કહ્યો,...'** પહેલાંમાં આવી ગયું ને? મેચક એટલે વ્યવહાર, અમેચક નિશ્ચય. અભેદ અને ભેદ. '**તે ચિંતાને મટાડી જેમ સાધ્યની સિદ્ધિ થાય તેમ કરવું એમ હવે કહે છે :-**' જાણવામાં ભલે બે પ્રકાર છે. વસ્તુમાં એકાકાર થવું તે જ મોક્ષનો માર્ગ છે.

**आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः**
**दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।**

લ્યો, અહીં તો મોક્ષમાર્ગ એક કહ્યો. સમજાય છે કાંઈ?

**શ્લોકાર્થ :- 'આ આત્મા મેચક છે-ભેદરૂપ અનેકાકાર છે...'** જુઓ! અર્થ ઘણો કર્યો છે. ભગવાન આત્મા પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી મેચક ભેદ, અનેકાકાર વ્યવહાર દેખાય છે. '**ભેદરૂપ અનેકાકાર છે તથા અમેચક છે-અભેદરૂપ એકાકાર છે એવી ચિંતાથી તો બસ થાઓ.**' સમજાય છે કાંઈ? એનું કાવ્ય બનાવ્યું છે. કહ્યું ને? 'બનારસીદાસ'. 'એક દેખીયે...' અમારે વિરજીભાઈ બહુ બોલતા, ભાઈ! વિરજીભાઈ બહુ બોલતા. આ શ્લોકનો અર્થ હિન્દી છે. સમજાણું?

**એક દેખિયે જાનીયે, રમી રહીએ એક ઠૌર,**
**સમલ વિમલ ન વિચારીએ યહી સિદ્ધિ નહીં ઔર.**

આ શ્લોકનો અર્થ (છે). સમજ્યાને? જુઓ! ઈ છે. શુદ્ધનિશ્ચય નયથી જીવનું સ્વરૂપ. મથાળું બાંધ્યું છે. **'એક દેખિયે જાનીયે...'** ભગવાન આત્મા અભેદ શુદ્ધ, અભેદ અમેચક, અભેદ એકાકાર. 'એક દેખિયે...' દેખિયે (અર્થાત્) એની શ્રદ્ધા કરવી-દેખવો. 'એક દેખિયે

જાનિયે રમી રહીએ એક ઠૌર.' શુદ્ધ સ્વરૂપ અખંડ એકરૂપમાં રમવું. 'સમલ વિમલ ન વિચારીયે' ભેદ-અભેદના વિકલ્પ ન કરીએ. 'યહી સિદ્ધિ નહીં ઔર.' બીજો કોઈ મુક્તિનો ઉપાય નથી. જુઓ! આત્માને એકરૂપ શ્રદ્ધવો, એકરૂપ જ જાણવો જોઈએ અને એકમાં જ વિશ્રામ લેવો જોઈએ. વિશ્રામ-ઠરવું. નિર્મળ અને સમળનો વિકલ્પ નહિ કરવો જોઈએ, એમાં જ સર્વ સિદ્ધિ છે, બીજો ઉપાય નથી. કહો, સમજાય છે કાંઈ? ચોથા શ્લોકનું છે. ૧૯મું પદ.

'**આ આત્મા મેચક છે-ભેદરૂપ...**' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયથી અનેકરૂપ ભેદરૂપ છે. '**તથા અમેચક છે...**' વસ્તુ તરીકે અભેદ એકાકાર અભેદ છે. '**એવી ચિંતાથી બસ થાઓ.**' એવી વિચારણાના વિકલ્પથી શું લાભ છે? આહાહા..! જુઓ! આ વ્યવહાર સમ્યગ્દર્શન, નિશ્ચય ચારિત્ર ત્રણ રૂપ અને આ એકરૂપ, એવા વિકલ્પથી શું લાભ છે? આ વિકલ્પથી લાભ નથી. આહાહા..! '**સાધ્ય આત્માની સિદ્ધિ...**' સાધ્ય નામ મોક્ષ દશા એવા આત્માની '**સિદ્ધિ તો દર્શન, જ્ઞાન, ચારિત્ર-એ ત્રણ ભાવોથી જ છે,...**' લ્યો. અંતર સ્વરૂપ શુદ્ધ ભગવાન આત્મા, એના અંતર્મુખની નિશ્ચય સમ્યક્ શ્રદ્ધા, નિશ્ચય સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં લીનતા રૂપ ચારિત્ર. બસ, એક જ મોક્ષ-સાધ્યનો ઉપાય છે. સાધ્ય મોક્ષનો આ એક જ ઉપાય છે. લો, બે મોક્ષમાર્ગ નથી કહ્યા, મોક્ષના બે ઉપાય નથી. અત્યારે મોટા ઝઘડા ચાલે છે ને? મોક્ષમાર્ગ બે છે, મોક્ષમાર્ગ બે છે. 'ટોડરમલ' કહે છે, બે છે એમ માનનારા ભ્રમમાં પડ્યા છે. આ કહે છે, બે ન માને તે ભ્રમમાં પડ્યા છે. એમ કહે છે. શું કરે? બિચારા સમાજને ખબર ન મળે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહાર છે ક્યાં પણ? વ્યવહાર છે જ નહિ ને. વ્યવહાર ક્યાંથી આવ્યો? વ્યવહાર ક્યાં છે? રાગને વ્યવહાર કહે છે એ તો વ્યવહાર જ નથી અહીંયાં તો. અહીંયાં તો પોતાના શુદ્ધ એકાકાર ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર તે જ મોક્ષનું સાધન છે. એ સિવાય બીજું સાધન નથી. પર્યાયમાં બીજું સાધન નથી. પર્યાયને જાણવી તે વ્યવહાર છે, દ્રવ્યને જાણવું તે નિશ્ચય છે. આ વ્યવહાર. પણ હજી નિશ્ચયનું ભાન નથી. દ્રવ્ય શુદ્ધ શું છે? રાગની ક્રિયા દયા, દાન, વ્રત કરતાં કરતાં થઈ જશે એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચય નથી અને વ્યવહાર પણ એકેય નથી. સમજાય છે કાંઈ? કઠણ કઠણ વાત જગતને, બિચારાને મારી નાખ્યા છે. .. પકડી પકડીને. જ્ઞાનાર્ણવમાં કહે છે, હોં! 'જ્ઞાનાર્ણવ'માં 'શુભચંદ્રાચાર્ય' (કહે છે). એકલા અમે નરકમાં નહિ જઈએ. નિગોદમાં એકલા નહિ જઈએ. ગળે પકડીને ઊંધા કાંધે નાખીને સાથે લઈ જઈશ. એમ લખ્યું છે, હોં! 'જ્ઞાનાર્ણવ', 'શુભચંદ્રાચાર્ય'. કુગુરુ કહે છે, એકલા નરક, નિગોદમાં નહિ જઈએ. તમને સાથે લઈને જઈશું, ગળું પકડીને કે ચાલો. એમ 'જ્ઞાનાર્ણવ'માં લખ્યું છે. એ તો મુનિ દિગંબર નાગા બાદશાહ છે. એને ક્યાં દુનિયાની પડી છે કે દુનિયા આમ માને. તારા ઘરે રહ્યા તું માન કે ન માન.

અમે તો કહીએ છીએ, કુગુરુ અને કુશાસ્ત્ર... કુગુરુ જગતને ભરમાવે છે કે વ્યવહારથી ને દયાથી ને વિકલ્પથી ધર્મ થાય છે એમ અજ્ઞાનીને ભરમાવીને ગળું પકડીને નિગોદમાં લઈ જાય છે. ચાલો, અમે પણ તત્ત્વના વિરાધક થઈને નિગોદમાં જઈએ છીએ, તમે પણ તત્ત્વની વિરાધના કરીને સાથે ચાલો. સમજાય છે કાંઈ? એવું આવે છે.

કબીરમાં એવું આવે છે, હોં! ઘણાં વર્ષ પહેલાં વાંચેલું. ભૂલી ગયા. દુકાન ઉપર આવતું કબીરના પદનું. આ જૈન સમાચાર આવતું ને? એમાં આવ્યું હતું. ભેટ તરીકે આવ્યું હતું. સમજ્યા ને? સાથ લે જજમાન, એવો કાંઈક શબ્દ છે. સાથ લિયા જજમાન-જજમાનને સાથે લીધા. એમ કબીરે નાખ્યું છે, હોં! જજમાન સમજો છો? એનું પોષણ કરનારા. માનનારા જજમાનને સાથ લ્યે છે, એકલા જાતા નથી. ઘણાં વર્ષ પહેલાની વાત છે. ભૂલી ગયા. દુકાન ઉપર અમે મંગાવતા હતા ને. વાડીલાલ મોતીલાલ. (સંવત) ૧૯૬૫-૬૬ની સાલની વાત છે. એમાં કબીરના પદનું પુસ્તક ભેટ આવ્યું હતું. એનું પત્ર મંગાવતા હતા, એમાં આવ્યું હતું. સાથ લે જજમાન. સમજ્યા ને?

અહીં પણ એવું કહ્યું 'જ્ઞાનાર્ણવ'માં. 'શુભચંદ્રાચાર્ય.' આહાહા..! ભાઈ! વસ્તુનું-તત્ત્વનું વિરાધકપણું, શ્રદ્ધા-જ્ઞાનનું વિરાધકપણું એનું ફળ નિગોદ છે. સમજાય છે કાંઈ? અને તત્ત્વનું આરાધકપણાનું નામ જ મોક્ષ છે. વચ્ચે શુભાશુભ આવે છે તે ચાર ગતિનું કારણ છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન આત્મા પોતાની પર્યાયમાં અનેકરૂપ પરિણમન કરે છે એવું જ્ઞાન થાય અને ત્રિકાળ એકરૂપ છે એવું જ્ઞાન થાય, પણ એવા વિકલ્પથી બસ થાઓ. તેનાથી આત્માની સિદ્ધિ થતી નથી. '**સાધ્ય આત્માની સિદ્ધિ...**' મોક્ષ રૂપી સાધ્ય, એવા આત્માની સિદ્ધિ તો '**દર્શન, જ્ઞાન ને ચારિત્ર...**' પાઠમાં દર્શન, જ્ઞાન આવ્યું ને? તો લઈ લીધું. '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं**' '**દર્શન, જ્ઞાન ને ચારિત્ર-એ ત્રણ ભાવોથી જ છે,...**' ભગવાન આત્મા.. સમજાય છે કાંઈ? ઈ ખુલાસો કરશે, હોં! ભાવાર્થમાં ત્રણનો ખુલાસો કરશે. '**બીજી રીતે નથી.**' સમ્યગ્દર્શન, નિશ્ચય ચારિત્ર, સમ્યક્ નિશ્ચય સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર તેનાથી સાધ્યની સિદ્ધિ થાય છે. વ્યવહાર-ફ્યવહારથી, નિમિત્તથી થતી નથી.

**ભાવાર્થ :-** '**આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ તે સાધ્ય છે,...**' જુઓ! '**આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્...**' પર્યાયમાં નિર્મળ પ્રાપ્તિ. અર્થાત્ સર્વથા મોક્ષ સાધ્ય છે. '**આત્મા મેચક છે કે અમેચક છે એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી તે સાધ્ય સિદ્ધ થતું નથી;...**' જુઓ! વિચાર કરવાથી પણ, વિકલ્પ કરવાથી પણ સાધ્યની સિદ્ધિ થતી નથી. આ (વિચાર), હોં ! મેચક અમેચકના વિચાર. એ તો શુભ વિકલ્પ છે. બીજા વ્યવહાર શ્રદ્ધાનની વાત અહીંયાં રહી

નહિ. આ તો અમેચક અભેદ છે, એવો વિકલ્પ કરવો તેનાથી સાધ્યની સિદ્ધિ થતી નથી. મુક્તિની સિદ્ધિનો ઉપાય એમાં થતો નથી.

'**પરંતુ દર્શન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું અવલોકન,...**' લો. શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા. અંતર અવલોકન. શુદ્ધ ત્રિકાળ પરમાત્મા પોતાનો એનું શ્રદ્ધાન. '**જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું...**' ભગવાન શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ વેદન જાણવું, પ્રત્યક્ષ ભાવશ્રુતજ્ઞાન કરવું તે મોક્ષનું કારણ છે. આહાહા..! શુદ્ધ સ્વભાવનું અવલોકન–શ્રદ્ધા અને શુદ્ધ સ્વરૂપનું પ્રત્યક્ષ જાણવું. પ્રત્યક્ષ જાણવું. પરોક્ષ શાસ્ત્રજ્ઞાન આદિ નહિ. '**અને ચારિત્ર અર્થાત્ શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા–તેમનાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે,...**' શુદ્ધ સ્વભાવ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિમાં સ્થિરતા કરવાથી, શ્રદ્ધા–જ્ઞાન–સ્થિરતા કરવાથી, શુદ્ધમાં સ્થિરતાથી જ સાધ્ય નામ મોક્ષની સિદ્ધિ નામ ઉપાય થાય છે.

'**આ જ મોક્ષમાર્ગ છે,...**' લ્યો. આ એક જ મોક્ષમાર્ગ છે. એક જ મોક્ષમાર્ગ છે, અન્ય નથી. પાઠમાં છે કે નહિ? '**साध्यसिद्धिर्न चान्यथा**'. છે ને? સમજાય છે કાંઈ? '**બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.**' ભગવાન શુદ્ધ આનંદકંદ એકરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. નિર્વિકલ્પ સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર નિર્વિકલ્પ તે એક જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી. જૈનશાસનમાં પરમેશ્વરના વીતરાગ માર્ગમાં બીજો માર્ગ નથી. સમજાય છે કાંઈ? ત્યારે ત્રણ ભેદ કેમ કહ્યા? કે '**વ્યવહારીજન પર્યાયમાં–ભેદમાં સમજે છે તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે.**' સેવન કરવું એમ સમજાવ્યું છે. માટે સેવન તો આત્માનું કરવાનું છે. આત્માનું સેવન કરવાથી જ દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે. લ્યો, એ શ્લોક પૂરો થયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૨, શનિવાર, તા. ૧૫-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૭-૧૮, પ્રવચન નં. ૭૬**

આ ગુજરાતી છે ને? ગુજરાતી ચાલુ છે આજે? ગુજરાતી ચાલશે આજે. ગુજરાતી .. સામે. ગુજરાતી આવ્યું. ભલે પડ્યું હવે આ ગુજરાતી ચાલુ રાખો. હિન્દી ઘણા વખતથી ચાલે છે.

૧૭ અને ૧૮મી ગાથા. જીવ-અજીવ અધિકાર.

**जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।**
**तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।**
**एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।**
**अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।**
**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**
**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

**ટીકા :-** '**નિશ્ચયથી...**' ખરેખર '**જેમ કોઈ ધન-અર્થી પુરુષ...**' ધનનો અર્થી પુરુષ. પોતાના શરીરના આજીવિકાનો અર્થી. સમજાણું? પોતાના જીવનનો અર્થી, જીવવું છે એવું જેને પ્રયોજન છે, એવો એ ધનનો અર્થી આત્મા. જેને આત્માના જીવનની, સંસારના જીવનની દરકાર નથી એ તો કાંઈ લક્ષ્મીની સેવા કરતો નથી. લક્ષ્મી સંપન્ન રાજાની સેવા નથી કરતો. '**ધન-અર્થી પુરુષ બહુ ઉદ્યમથી...**' પ્રયત્ન શબ્દ પડ્યો છે ને? પ્ર એટલે વિશેષ ઉદ્યમથી, ઘણા ઉદ્યમથી '**પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે,...**' જુઓ! પહેલામાં પહેલો લક્ષ્મીનો અર્થી, આ જીવનનો અર્થી, આજીવિકાનો અર્થી. દૃષ્ટાંત છે આ તો, હોં! રાજાને જાણે કે આ રાજા છે. એના છત્ર, ચામર આદિ ચિહ્નથી, બીજાથી જુદા પડતા લક્ષણથી આ રાજા છે એમ જાણે.

'**પછી તેનું જ શ્રદ્ધાન કરે...**' તેનું જ શ્રદ્ધાન કરે. જાણ્યું કે આ જ રાજા. તો એ જ શ્રદ્ધા કરે '**કે આ અવશ્ય રાજા જ છે,...**' એના લક્ષણો રાજાના, છત્ર, ચામર આદિને દેખીને નક્કી કરે કે આ જ રાજા છે. '**તેનું સેવન કરવાથી...**' અથવા આ રાજાની સેવા કરવાથી '**અવશ્ય ધનની પ્રાપ્તિ થશે...**' મારી આજીવિકા અહીંથી મળશે. એ તો પુણ્યથી મળે. અહીં તો દૃષ્ટાંત આપવું છે, હોં! આનું સેવન કરવાથી જરૂર મને લક્ષ્મીની પ્રાપ્તિ થશે. '**અને ત્યાર પછી...**' જુઓ! પહેલો જાણે રાજાને, પછી શ્રદ્ધે, '**ત્યાર પછી**

**તેનું જ આચરણ કરવું-**' એ રાજાનું જ આચરણ કરે, સેવા કરે. એનું અનુકરણ કરે. પાઠમાં એટલું છે ને '**तं अणुचरदि**' એનું પછી વિશેષ કર્યું છે. એનું સેવન કરે, આજ્ઞામાં રહે, પ્રસન્ન કરે. સમજાય છે કાંઈ? એ દૃષ્ટાંત થયો. હવે એનો સિદ્ધાંત.

'**તેવી રીતે મોક્ષાર્થી...**' જેવો ઓલો ધનનો અર્થી છે, આજીવિકાનો અર્થી છે, જીવનના નિર્વાહનો અર્થી છે એમ આ મોક્ષનો અર્થી છે. પહેલી એ જવાબદારી કે એને મોક્ષ નામ શુદ્ધ પૂર્ણ પરમાત્મ આનંદદશા, એની પ્રાપ્તિની ભાવના છે. કહો, સમજાય છે કાંઈ? મોક્ષાર્થી. મોક્ષ. 'બીજો નહિ મન રોગ.' આવે છે ને 'આત્મસિદ્ધિ'માં. 'કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ.' મનમાં બીજો કોઈ રોગ-આબરૂનો, કીર્તિનો, દુનિયાનો કે પુણ્ય ફળશે, એનાથી સ્વર્ગ મળે, લક્ષ્મી મળે, દીકરા થાય, આબરૂ મળે (એવી) કોઈ ઈચ્છા નથી જેને. એક મોક્ષ-આત્માની પૂર્ણાનંદ પ્રાપ્તિ, સ્વરૂપની ઉપલબ્ધિની શુદ્ધિની પૂર્ણ પ્રાપ્તિ, એની જેને અભિલાષા છે. મોક્ષાર્થી. આને મોક્ષાર્થી કહીએ. પુણ્યાર્થી નહિ. પુણ્યાર્થી નહિ, ગતિ અર્થી નહિ, સ્વર્ગ અર્થી નહિ, રાજ અર્થી નહિ કે રાજા થાઉં. સમજાય છે?

મોક્ષાર્થી પુરુષે. લ્યો આવ્યું જુઓ! '**प्रथममेवात्मा ज्ञातव्यः**' લોકો કહે ને પહેલા શું કરવું? પહેલું શું કરવું? જેને આત્માનું હિત કરવું છે, આનંદની પ્રાપ્તિ કરવી છે, સ્વતંત્ર શાંતિ અને સુખ એવી જે મોક્ષદશા એ જેને પ્રાપ્ત કરવી છે એણે પહેલાં શું કરવું? '**પ્રથમ તો આત્માને જાણવો.**' લ્યો! પહેલામાં પહેલું એણે આત્માનો અનુભવ સ્વસંવેદનથી કરવો. આહાહા..! કહો, સેઠી! જાણવો એટલે આ શાસ્ત્રભાષા, એમ નહિ.

પ્રથમમાં પ્રથમ આત્માના પૂર્ણ આનંદની પ્રાપ્તિના અભિલાષીએ, પહેલાંમાં પહેલાં આત્મા જાણવો. કહો, ભીખાભાઈ! પહેલું શું કરવું? સાંભળવું? સાંભળવાનું તો કાંઈ આવ્યું નહિ આમાં. પહેલાંમાં પહેલો મોક્ષાર્થી. કેમકે એણે સાંભળ્યું છે. ગુરુ પાસે કે સર્વજ્ઞ પાસે તો એ સાંભળ્યું છે કે એણે પરમાનંદની પ્રાપ્તિ કરવી. એમ સાંભળ્યું છે. એટલે પરમાનંદની પ્રાપ્તિનો અભિલાષી છે સીધો. સમજાણું કાંઈ? એને બીજું કાંઈ કામ નથી. મારે પુણ્ય હોય તો સ્વર્ગ મળે, કંઈક સગવડતા મળે, આ મળે. એ હજી મોક્ષાર્થી નથી. પુણ્યનો કામી નથી, વૈદરાજ! આ દયા, દાન, વ્રત, પુણ્ય કરીએ પછી આ મળે, એનો કામી નથી. પહેલાવહેલા.. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મળે-ફળે નહિ. એને મળતું જ નથી. એ બપોરે આવે છે કે નહિ? એને મળે શું? આમાં એને મળે શાંતિ. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ એની પર્યાયમાં પ્રાપ્તિ. આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એની પર્યાયમાં પ્રાપ્તિ, એનું નામ મોક્ષ. એવા મોક્ષનો અર્થી, એણે પહેલાં તો આત્માને અનુભવવો. સ્વસંવેદન, અંતર જ્ઞાનસ્વરૂપે જાણી અને જ્ઞાનમાં એને વેદનમાં લેવો. કહો, સમજાણું આમાં? કહો, જ્ઞાનચંદજી! પહેલામાં પહેલો આત્માને અનુભવવો એમ પહેલું લીધું છે.

સ્વસંવેદનજ્ઞાનથી, અંતરના જ્ઞાનના વેદનથી આત્મા અખંડ આનંદસ્વરૂપ, એને અંતરના જ્ઞાન દ્વારા પકડીને પહેલો જ અનુભવમાં એને વેદવો, જાણવો.

મુમુક્ષુ :- આ શરૂઆત.

ઉત્તર :- આ એની શરૂઆત.

મુમુક્ષુ :- આચરણ...

ઉત્તર :- શેના આચરણ? કોના? શેમાં ઠરવું એની તો ખબર નથી. આચરણ એટલે અનુસરીને ઠરવું. એ શું ચીજ છે એ તો ખબર નથી. અનુચરણ કરે કોનું? અનુચરણ. એને અનુસરીને ચરવું. વસ્તુ કોણ છે એની તો ખબર નથી. કોને અનુસરીને ચરે? રાગને, પુણ્યને, વિકલ્પને, દેહની ક્રિયાને? કોને અનુસરે? વસ્તુ તો ખબર નથી. આહાહા..! જ્ઞાનમૂર્તિ અતીન્દ્રિય આનંદ, અનંત ગુણનો એકરૂપ એવો આત્મા એને બધા શુભાશુભ વિકલ્પો છોડી... અને અહીં છોડીને વાત નથી લીધી. છોડીને એ નાસ્તિથી વાત છે. સમજાણું કાંઈ?

પહેલામાં પહેલો મોક્ષાર્થી, '**મોક્ષાર્થી પુરુષે...**' પુરુષે શબ્દે આત્મા. એણે પહેલા તો આત્માને વેદવો. જ્ઞાન દ્વારા જાણવો કે આ આત્મા. રાગ દ્વારા, વિકલ્પ દ્વારા, મન દ્વારા એ જણાય એવો નથી. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ? બહુ જવાબદારી અહીંથી ઉપાડી પાધરી. તું કોણ છો? કેવો છે? કેમ છે એનું પૂર્ણ સ્વરૂપ? જેની પ્રાપ્તિ કરવી છે એનું આ સ્વરૂપ પૂર્ણ દ્રવ્ય છે કોણ? સમજાય છે કાંઈ? એવા આત્માના વાસ્તવિક સ્વરૂપને પૂર્ણ શુદ્ધ આનંદને અંતર્મુખ થઈ જ્ઞાનમાં તેને જ્ઞેય બનાવી અને તે આત્માને અંતરમાં જાણવો, અનુભવવો, વેદવો એ પહેલામાં પહેલું એનું કર્તવ્ય છે. આહાહા...! ભારે વાત! કહો, વૈદરાજજી! આ પહેલા ઓલા ચાર રતન જૂઠા ને એ વાત ન આવી અહીં તો.

મુમુક્ષુ :- પહેલા આત્માનું...

ઉત્તર :- હા.

ભગવાન 'કુંદકુંદાચાર્ય' '**एवं हि जीवराया**' રાજાનો પ્રશ્ન આપ્યો હતો ને. '**एवं हि जीवराया**' રાજતે બિરાજતે, શોભતે ઈતિ રાજા. ભગવાન આત્મા પોતાના આનંદ અને શુદ્ધ સ્વરૂપે રાજતે, બિરાજતે, શોભતે એવો આત્મા. સમજાણું કાંઈ? પહેલો આત્મા જાણવો. એમ કહ્યું. જાણવાની વ્યાખ્યા અનુભવવો, હોં! એ જાણવું એટલે એમ નહિ. પાઠ એમ છે કે '**णादव्वो**' '**जीवराया णादव्वो**' પણ '**णादव्वो**' એટલે શું? '**णादव्वो ज्ञातव्यः**' આહાહા..! પહેલી જ મોક્ષના અર્થીને આ? આહા..! જેને પૂર્ણ અશુદ્ધતાથી છૂટીને પૂર્ણ શુદ્ધતાની દશાની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. હવે પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ, પરમ આનંદની પ્રાપ્તિ, પરમ સ્વતંત્રતાની પ્રાપ્તિ એવી જે પરમ મુક્ત દશા, એનો કામી (છે એણે) આત્મા કોણ છે એને પહેલો અનુભવવો જોઈએ. આત્માની મુક્તિ થાય છે ને? આત્માની શુદ્ધિ પૂર્ણ થાય છે ને? આત્માની શુદ્ધિની પૂર્ણ પ્રાપ્તિ તેનું નામ મુક્તિ. આત્માની પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ

એનું નામ મુક્તિ. આહાહા..! તો એ આત્મા પહેલો કેવો છે એવું એણે (જાણવું). એક સમયમાં અનંત અનંત ગુણરાશિ ચૈતન્ય રત્નાકર. સમજાય છે? જેની પહેલી શ્રદ્ધામાં જ એમ લે કે પહેલો તો આત્મા અનુભવવો એ વાત છે. પણ જેની શ્રદ્ધામાં એમ પહેલું છે કે બીજું આ કરવું... આ કરવું... આ કરવું... એને વાસ્તવિક આત્મા તરફની લાગણી છે નહિ. શું કીધું સમજાણું આમાં? જેને પહેલા આમ હોય અને પહેલા આમ હોય અને પહેલા આમ હોય, પહેલા રાગની મંદતા કરે, કષાય ઘટાડે, બાહ્ય દ્રવ્ય ઘટાડતો જાય એને આત્માની શ્રદ્ધા, આત્મા કોણ છે એ જાણવાની દરકાર નથી. એની શ્રદ્ધામાં આ પહેલું આવવું જોઈએ એને ઠેકાણે શ્રદ્ધામાં આ પહેલું આવે છે. એને આત્માના અનુભવ તરફના વલણની શ્રદ્ધા પણ સાચી નથી. શું કહ્યું?

'**મોક્ષાર્થી પુરુષે...**' પૂર્ણ શુદ્ધ આનંદની પ્રાપ્તિના પ્રયોજનવંત આત્માએ પહેલામાં પહેલો આત્માને જાણવો. એમ જેને પ્રથમ શ્રદ્ધામાં જેને નથી... સમજાય છે? પહેલો આત્મા? પહેલો આત્મા જાણવો... પહેલો આત્મા જાણવો... પહેલો અનુભવવો.. પહેલો વેદવો એમ જેને બાહ્ય શ્રદ્ધામાં એમ નથી, એ તો બાહ્યમાં આ પહેલું કરવું અને આ પહેલું કરવું.. આ પહેલું કરવું... પછી કરતા કરતા થાશે. એને તો આત્મા જાણવા તરફના પ્રયત્નની શ્રદ્ધાનો અનાદર છે. આહાહા..!

મુમુક્ષુ :- ગુજરાતી...

ઉત્તર :- લ્યો ભાઈ! આજ વિસ્તાર આવ્યો નથી. ગુજરાતી છે. ઘણા વખતથી હિન્દી ચાલે છે ભાઈ. અને હિન્દી સદાય પડ્યા જ હોય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કીધીને આ ક્રિયા. '**णादव्वो ज्ञातव्यः**' એ આત્માની ક્રિયા. ન્યાલભાઈ! આરે..! આહાહા..! શબ્દ શું છે જુઓ ટીકામાં? '**प्रथममेवात्मा ज्ञातव्यः**' સંસ્કૃત છે. દેખો! '**तथात्मना मोक्षार्थिना प्रथममेवात्मा ज्ञातव्यः**' '**आत्मना**' પોતાના સ્વરૂપમાં. સમજાણું? '**आत्मना**' એટલે શું ત્યાં? એઈ..! આ બીજી લીટી.

'**आत्मना**' એટલે બીજું શું છે? '**आत्मना**'ની વ્યાખ્યા શું? એ લખ્યું છે એકવાર કે '**आत्मना**' એટલે શું? ઓલામાં લખ્યું છે, આમાં નથી. આમાં લખ્યું. કીધું '**आत्मना**' શબ્દ પડ્યો છે આમાં. એને હજી વાંધા ઊઠે છે સંસ્કૃતમાં. '**आत्मना**' જુઓ! '**आत्मना**' લખ્યું છે. જુઓ! '**એવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો...**' છે ને? એમાં '**आत्मना**' શબ્દ લખ્યો છે. કીધું '**आत्मना**' એટલે શું આ? '**तथात्मना**' એમ છે ને? પોતાને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માનો મોક્ષ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુરુષે કહ્યું. .. મોક્ષાર્થી આત્માએ, એમ થયું. પંડિતજી! જુઓ '**तथात्मना मोक्षार्थिना प्रथममेवात्मा ज्ञातव्यः**'

મુમુક્ષુ :- મોક્ષાર્થી આત્માએ.

ઉત્તર :- મોક્ષાર્થી આત્માએ જોઈએ ત્યાં. પુરુષ કહો. પણ મોક્ષાર્થી આત્માએ, એમ. મોક્ષાર્થી આત્માએ એટલે મોક્ષાર્થી પુરુષે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એમ. પણ ઓલો આપણે '**आत्मना**' શબ્દ પડ્યો છે ને એ '**आत्मना**' નો અર્થ એમ કે મોક્ષાર્થી '**आत्मना**' એટલે પુરુષે અથવા મોક્ષાર્થી આત્માએ. એમ મોક્ષાર્થી આત્માએ, મોક્ષાર્થી પુરુષે, મોક્ષાર્થી જીવે. પહેલો ઓલો '**आत्मना**' શબ્દ છે ને? '**तथात्मना मोक्षार्थिना**' લ્યો! જુઓ! ખુબી શું સમજાણું અહીંયાં? પહેલામાં પહેલું મોક્ષાર્થી આત્માએ. એમ શબ્દો પડ્યો છે. પછી મોક્ષાર્થી પુરુષે એમ લખી નાખ્યું. ઓલું '**आत्मना**' શબ્દનું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પહેલા મંદ કષાય..

ઉત્તર :- એ મંદ-બંદ કષાય આત્મામાં છે જ નહિ ને. અહીં તો નિરપેક્ષ ભગવાન આત્મા. એવી વાત છે આ તો. આ તો મહા સિદ્ધાંત, આ તો મહા સિદ્ધાંત.

'**प्रथममेवात्मा ज्ञातव्यः**' એમ છે ને? પહેલામાં પહેલો ભગવાન આત્મા. એની શ્રદ્ધામાં તો એ હોવું જોઈએ કે આત્મા જ પહેલોવહેલો ભોગવવો. ત્યાંથી એની શરૂઆત થાય છે. એમ શ્રદ્ધા વિના એનું વલણ આત્મા તરફ જશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર અને સંતોની આજ્ઞા એ છે. પ્રથમ આજ્ઞા એ છે. કારણ કે શરૂઆત ભગવાન આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપની મૂર્તિ આનંદ નિત્યાનંદ નાથ, જેમાં અતીન્દ્રિય આનંદનો રસકંદ નિત્ય પડ્યો છે. એનો જે અર્થી, એનો અર્થી આત્મા, એનો અર્થી પૂર્ણનો. સમજાય છે કાંઈ? આહાહા..! જેની શ્રદ્ધામાં અહીંથી શરૂઆત હોય એમ નથી પણ શરૂઆત બીજેથી થાય એમ છે, એ વાત તત્ત્વથી વિરૂદ્ધ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે...**' મોક્ષાર્થી પુરુષ એને કહીએ, મોક્ષાર્થી આત્મા એને કહીએ કે પ્રથમ તો એ આત્માને જાણવાનો પ્રયત્ન કરે. સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોની કથની સંતોની, દિગંબર સંતોની પદ્ધતિ ગજબ વાત છે! સમજાય છે કાંઈ? અને સવારે એ વાત યાદ આવી. ભાઈ! ત્યાં આપણે (સંવત) ૨૦૦૬ સાલ નહોતા ગયા ત્યાં પાલિતાણા? અહીંની વાત સાંભળીને પછી ઓલા કહેતા ને સામે .. આમ નહિ. કેવળી પણ પહેલે સમયે વાણીને ગ્રહે અને બીજે સમયે છોડે. કેવળી પણ આમ હોય છે. અરે..! પ્રભુ! રામવિજય હતા ને ત્યાં? હતા કે નહિ તમે? ૨૦૦૬ સાલ. એ તો હોય ને મોઢા આગળ રસોડામાં. સોળ વર્ષ થયા. એય..! બધી આત્માની આમ વાત કરે. કેવળી પણ પહેલે સમયે વાણીને

ગ્રહે, બીજે સમયે છોડે. અરે..! ભગવાન! વાણીને ગ્રહે–છોડે એ તો કેવળીને તો ન હોય, સમકિતીને ન હોય. આ સમકિતી રાગને ગ્રહે અને રાગને છોડે એ સમકિતીને ન હોય. સાંભળ! એ તો બપોરે આવે છે. .. વિકલ્પને રાગને ગ્રહે નહિ. કેમકે રાગથી અભાવસ્વભાવરૂપનો પ્રયત્ન શરૂ છે અંદર. આહાહા..! રાગને ગ્રહે નહિ, રાગરૂપે પરિણમે નહિ, થાય નહિ અને રાગરૂપે ઊપજે નહિ, પ્રભુ! એ તો શુદ્ધ આત્મા છે. અને શુદ્ધ આત્માની જ્યાં દૃષ્ટિ થઈ એટલે શુદ્ધની પર્યાયપણે પરિણમે, શુદ્ધને ગ્રહે, શુદ્ધને ઊપજે કે અશુદ્ધને ગ્રહે? એને ઠેકાણે હજી કેવળી વચનને પહેલે સમયે ગ્રહે અને બીજે સમયે છોડે, આ ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા..! મોટી ચર્ચા સામેથી આવી હતી. પછી વળી કાગળ મોકલ્યા. પણ આ તો શબ્દ આવ્યો. કેવળી પણ આમ કરે અને શું આમ કહે છે? પરનું કરી શકે નહિ, પરને ગ્રહી શકે નહિ, પરને છોડી શકે નહિ. અરે..! ભગવાન! તને ખબર નથી, ભાઈ! આત્મામાં ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે. એ ગુણ એવો છે કે એ કોઈ દિ' રાગને ગ્રહે, પકડે એવો એનામાં ગુણ નથી. પરને ગ્રહે–પકડે એવો તો ગુણ નથી, પણ રાગને પકડે અને છોડે એવો કોઈ ગુણ નથી. આહાહા..! એ આત્મા કે જે આત્મામાં પરનું ગ્રહવું, છોડવું તો જેના વસ્તુના સ્વભાવમાં પર્યાયમાં નથી, પણ રાગ સંસારનો વિકલ્પ, દયા–દાનનો એ ગ્રહે અને મૂકે એ એના ગુણમાં નથી. સમજાય છે કાંઈ? એ ગુણનો ધરનાર આત્મા જ્યાં દૃષ્ટિ અનુભવમાં, શ્રદ્ધામાં આવ્યો, એને રાગને ગ્રહે અને રાગપણે ઊપજે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ દિગંબર સંતોની લહેરું. આહાહા..! નાગા બાવા. બાદશાહ નાગા. કહે છે ને બાદશાહથી આઘા. દુનિયાથી પાર.

ભાઈ! પ્રભુ આત્મા આમ છે ને. ઓહો..! શુદ્ધનો સાગર છે ને પ્રભુ! એવા શુદ્ધ સાગરના જ્યાં અનુભવ ને દૃષ્ટિ ને પ્રતીત થઈ, એ ભગવાન હવે પર રજકણને ગ્રહે–મૂકે એ તો સપનામાં, અજ્ઞાનમાં પણ નથી. આ તો અજ્ઞાનમાં રાગને ગ્રહું–છોડવું પર્યાયબુદ્ધિમાં અનાદિથી હતું, એ જ્યાં આત્માનું જ્ઞાન અને ભાન થયું ત્યાં રાગપણે ઊપજવું એ સ્વરૂપમાં રહ્યું નહિ. આહાહા...! સમજાણું કાંઈ? અરે..! આ તો અંતર સમાવવાનો માર્ગ, એ તે કાંઈ બહારને ગ્રહે એવી ચીજ અંદર કેમ હોય? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો એમ કહે છે... આ કેમ ઉઠ્યું મગજમાં? કે મોક્ષાર્થી આત્માને પહેલો. તો આત્મા એવો છે કે જેના ગુણમાં રાગનું ગ્રહવું–મૂકવું નથી અને પરનું તો ગ્રહવું–મૂકવું નથી. એવા આત્માને પહેલો જાણવો, એવી એને શ્રદ્ધામાં જો વાત ન બેસે તો એની વાતની પાત્રતા આત્મા તરફના અનુભવની એની છે નહિ. સમજાણું કાંઈ? પ્રથમ એ આત્મા આવો છે અને આમ પહેલો જ એને અનુભવવો, એવી જે શ્રદ્ધા, રાગમિશ્રિત શ્રદ્ધા એને સાધક અપેક્ષાએ કહેવાય પણ છતાં એને છોડીને અનુભવ કરે ત્યારે ઓલાને સાધક કહેવામાં આવે. પણ જ્યાં હજી પહેલી શ્રદ્ધામાં જ ઠેકાણા નથી. આ પહેલું જોઈએ... આ પહેલું જોઈએ..

(એમાં) પહેલો ભગવાન ન રહ્યો એને. વૈદરાજજી!

મુમુક્ષુ :- ભગવાને કહ્યું છે.

ઉત્તર :- ભગવાને એમ કહ્યું છે.

મુમુક્ષુ :- બધું છોડીને આત્માનો આશ્રય કર.

ઉત્તર :- બધાને છોડીને એનો અર્થ? છોડીને નહિ. આત્મામાં રાગનું ગ્રહણ-ફરણ જ નથી, એમ છોડીને. બધું છોડવું-બોડવું છે જ નહિ એનામાં. પરને છોડવું અને ગ્રહવું એ ચૈતન્યના સ્વરૂપમાં નથી. એને આત્માની ખબર નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શરીરને ક્રમે ક્રમે પરપદાર્થ થોડા ઘટાડે જાય અને પછી લાભ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. ઘટાડે કોને? છે જ નહિ એમાં ઘટાડે શું? આત્મામાં પર વસ્તુ છે જ નહિ પછી ઘટાડવું અને ઓછું કરવું એ છે જ ક્યાં? એય..! સેઠી! આહાહા..! અને કષાયની મંદતા પહેલી કરવી, એ પણ વસ્તુમાં મંદતા-જેનામાં રાગનો કષાયનો અભાવ એવો જેનો સ્વભાવ (છે)... આહાહા..! સમજાણું કાંઈ? એવો ચૈતન્ય જ્યોત પ્રભુ, એને આત્માર્થીએ, મોક્ષાર્થીએ પૂર્ણ આનંદની સ્વતંત્રતાની શાંતિના કામીએ પ્રથમમાં પ્રથમ ભગવાન આત્મા (જાણવો). એ પણ આઠ વર્ષના બાળકને પહેલું આ? મોક્ષાર્થી હોય તો પહેલું આ. નહિતર અહીંયા સંસારાર્થીની વાત છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- અલૌકિક વાત છે.

ઉત્તર :- અલૌકિક વાત છે? આ ધર્મ તો લોકોત્તર છે ને ભાઈ! લૌકિકની સાથે લોકોત્તર ધર્મની મેળવણી છે નહિ. આહાહા..! ભાઈ! તને તારા આત્માની શું ચીજ છે, એમાં શું છે અને એમાં શું નથી એની તને ખબર નથી અને તું આત્માર્થી થઈને મોક્ષ કરવા જા. ક્યાંથી મોક્ષ થશે તને? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો પહેલા જ આચાર્ય મહારાજ. પાઠમાં છે ને. '**एवं हि जीवराया**' '**एवं हि जीवराया**' એમ 'કુંદકુંદાચાર્ય'નું વાક્ય (છે). ભગવાનનું કહેલું વાક્ય તે 'કુંદકુંદાચાર્ય'નું કહેલું છે. ભગવાન આમ કહે છે કે '**एवं हि जीवराया**', મુનિ એમ કહે છે કે '**एवं हि जीवराया**' પહેલો '**णादव्वो**'. સમજાય છે કાંઈ? આટલા શાસ્ત્ર પહેલા ભણવા, આટલી રાગની મંદતા પહેલી કરવી કે આટલી દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા કરવી કે આટલી જાત્રા સમ્મેદશિખરની કરવી, પછી આ થાશે એમ નથી. વૈદરાજજી! બહેને કહ્યું હતું કે નહિ? તમારી દીકરીએ કહ્યું હતું કે નહિ? પિતાજી! જાત્રા-બાત્રા ઘણી કરી, હવે આ સાંભળો. કો'ક કહેતા શોભાલાલજી. હોં! શોભાલાલજી કહેતા હતા કે એની દીકરીએ એને કહ્યું. કાલે શોભાલાલજી આવ્યા હતા ને. એની દીકરીએ કહ્યું કે પિતાજી! જાત્રા ઘણી કરી હવે આ સાંભળો. આહાહા..! પહેલા જાત્રા-બાત્રાથી હળવો થાય પછી આત્માને જાણે, એવી વસ્તુમાં સ્થિતિ નથી એમ કહે છે. આહાહા..! વીતરાગ માર્ગ તે કોઈ માર્ગ! આહાહા..! ત્રણ કાળ ત્રણ લોકમાં બીજે

આ વાત હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એમના પંથ અને એમના માનેલા સમકિતીઓ એ સિવાય આ માર્ગ ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! વાત તે વાત. પાધરો? પાધરો સમજો છો? સીધો એ? પહેલોવહેલો ઈ? સાંભળ તો ખરો! કોનું કામ કરવાનું છે તારે?

મુમુક્ષુ :- પોતાનું.

ઉત્તર :- પોતાનું. તો પોતે કોણ છે એને જાણ્યા વિના ક્યાંથી તારું કાર્ય થશે? સમજાણું કાંઈ?

'**जीवराया णादव्वो**' પાછું કોઈ પાસે સાંભળવું અને સમજવું એમ પણ નહિ. એય..! જ્ઞાનચંદજી! આહાહા..! પણ ગુરુએ એમ કહ્યું અહીંયાં. આ ગુરુ એમ કહે છે. તો ગુરુની શ્રદ્ધા નથી એને. ગુરુ કહે કે પહેલા આત્માને જાણો. તો કહે ના, ના. આમ જાણો. તો તને ગુરુની શ્રદ્ધા નથી. સર્વજ્ઞ કહે છે કે પહેલો આત્મા જાણવો. ના, ના. પહેલું આ કરવું. તો તને સર્વજ્ઞની શ્રદ્ધા નથી. શાસ્ત્ર એમ કહે છે. આ શાસ્ત્ર પોકાર કરે છે કે પહેલો જીવ જાણવો. તું કહે ના, ના એમ નહિ, બીજો આમ જાણવો. તો તને શાસ્ત્રની શ્રદ્ધા નથી.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.

શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરી છાર પર લીંપણું તેહ જાણો.

રાખ-રાખ-ભસ્મ ઉપર ગાર કરે છે ને ગાર? લીંપણ. એ લીંપણ નહિ ચાલે. એમ સાચી શ્રદ્ધા વિના તારી ક્રિયાકાંડ બધી અજ્ઞાનરૂપી પાડો ખાઈ જાય છે. સમજાય છે કાંઈ? એય..! નેમિદાસભાઈ!

મુમુક્ષુ :- પછી..

ઉત્તર :- પછી તો આવે ને. શું આવે કીધું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ .. ફેરવતો હતો? વાવે કોણ? ઓલા કહે છે ને પેટમાં રોટલા પડે. તમે રોટલાનું તો કરો. એક જણો હમણાં ભાષણ આપતો હતો. તમને દેખીને અમને દયા આવી જાય છે. અરે..! પેટમાં ન હોય અને અમે ઉપદેશ તમને આપીએ એ ઉપદેશ જ વ્યર્થ છે. હવે સાંભળને મૂરખ. પેટ કોણ? પેટ નહિ. પેટમાં પડે કોણ? પેટ રહિત કોણ? એકલો આત્મા જ્યાં ભિન્ન છે એના પેટમાં હો ન હો એની સાથે આત્માને સંબંધ છે નહિ. આહાહા..! ઉપદેશકને શરમ નથી આવતી કે એને બિચારા ભૂખ્યા પેટે પડ્યા હોય અને તમે આત્માની વાતું કરો, એમ કહે છે કે કેટલાક. અરે..! ભગવાન! સાંભળને. હવે તું મરી જઈશ. માંડ વખત મળ્યો અનંત કાળે. એના વખતમાં આવે ઊંધે રસ્તે તારે ચડાવવા છે કે પહેલું થાય...

અમારે વાત થઈ હતી. ભાઈ કેવા? કીરચંદભાઈ. (સંવત) ૧૯૯૦ની સાલમાં. કીરચંદભાઈ છે ને. હજારો માણસમાં ભાષણ આપે. માણસ બ્રહ્મચારી ને બહુ નરમ માણસ. આપણે

ત્યાં બહુ... ૯૦ની સાલમાં. મહારાજ! તમે કહો છો. પેટમાં રોટલા ન હોય. ભૂખ પેટમાં લાગી હોય અને તમે આત્મા-આત્માની વાતું કરો. શું છે? કીધું. ૧૯૯૦ની સાલની વાત છે. જંગલમાં બેઠા હતા બહાર. જંગલ છે ને ઓલું જાગનાથ. હમણાં વસ્તી થઈ. તે દિ' ખાલી ખેતર હતા. બેઠા હતા બહાર. પછી શું કરવું? કે પેટમાં રોટલો પડે પછી કહે કે રોટલો પડે પચે નહિ તો શું કરવું? પચે નહિ, તો પછી પચે પછી મારે ધર્મ કરવો. પછી પચ્યા પછી દસ્ત ન થાય ત્યાં સુધી ધર્મ ન કરવો. દસ્ત થઈ જાય તો પેટ ખાલી થઈ જાય, વળી રોટલા ખાવાનું. કરવો કે દિ' તારે હવે? એ તો બિચારા નરમ માણસ હતા. ત્યાં ને ત્યાં કબુલ કર્યું. સાચી વાત. માંડ્યા છો કે આ પહેલા પેટમાં પડે પછી આ થાય. પછી કહે તને પચ્યું નથી. પચ્યું નથી સમજો છો? પાચન નથી થયું. તો અત્યારે ધર્મ નહિ થાય. પછી પાચન ન થયું તો દસ્ત ન થયું. દસ્ત ન થાય. વળી પાછી ગોળી-બોળી લે પછી ધર્મ કરીશ. દસ્ત થયા તો પાછું પેટ ખાલી થઈ ગયું. તારે ખાવું ને પીવું એમાં રહેવું છે કે કરવું છે? એય..! નેમિદાસભાઈ! તમારા રોટલાના પેટની વાત આવી. મંડ્યા છો કીધું બધા. એ જાણે અમે દેશસેવા કરીએ. ધૂળની સેવા નથી તમારી. દેશ સેવા કરીએ છીએ. કર્યા. તમે શું છો? કેમ છો? કોણ છો? કેમ છો? એની તો ખબર નથી ને દેશ સેવા કરવા હાલી નીકળ્યા. પછી તો બિચારા નરમ પડી ગયા અંદરમાં, હોં! ૯૦ની સાલની વાત છે. ૩૩ વર્ષ થયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિવૃત્તિ આ પાધરી નિવૃત્તિ. નિવૃત્તસ્વરૂપ જ ભગવાન આત્મા છે.

અહીં તો શું કહે છે? રાગના અભાવસ્વભાવસ્વરૂપ પ્રભુ છે. શરીર અને કર્મના અભાવસ્વભાવસ્વરૂપ પ્રભુ આત્મા છે. અભાવસ્વભાવસ્વરૂપ છે એનો અભાવ કરવો છે એને? શું છે? અભાવસ્વભાવ સ્વરૂપ છે એવી દૃષ્ટિ થાય એનું નામ સમ્યગ્દર્શન અને અનુભવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

કહે છે, એવી રીતે મોક્ષાર્થી આત્માએ પ્રથમ તો આત્માને જાણવો. એમ ભગવાનની આજ્ઞા, એમ શાસ્ત્રની આજ્ઞા, એમ ગુરુનો હુકમ (છે). આહાહા..! પહેલાં આત્માને જાણવો. આત્મા આ ચીજ છે અનંત આનંદમૂર્તિ શુદ્ધ પ્રભુ, એને અનુભવવો, જ્ઞાનમાં અનુભૂતિ કરવી એમ કહે છે. પહેલો અનુભવ કરવો એમ કહે છે. સમજાણું કાંઈ? શ્રદ્ધાને પછી લેશે. ઓલામાં સમ્યગ્દર્શન પહેલું અને જ્ઞાન પછી. અહીં તો આ આત્મા અનુભવમાં આવ્યા વિના શ્રદ્ધા કોની? સસલાના શીંગડાની? એમ કહેશે. સસલા સમજ્યા? ખરગોશ. સસલાના શીંગડાની શ્રદ્ધા કરો. પણ છે જ નહિ, જાણ્યા વિના કોની કરવી? એમ વસ્તુ કેવી છે એને જાણ્યા વિના, આ છે એમ જાણ્યા વિના શ્રદ્ધા કોની? શેનો વિશ્વાસ આવે? સમજાય છે કાંઈ? આહાહા..! એને અંદરમાં આ વાત સાંભળતા રુચતી નથી અને કંઈક બીજો માર્ગ ગોતે છે

એ દેવ-ગુરુ-શાસ્ત્રનો અનાદર કરે છે. રામસ્વરૂપજી!

મુમુક્ષુ :- .. ધર્મ થાય.

ઉત્તર :- ... ધર્મ થાય. એનો અનાદર કરીને એની પાસેથી ધર્મ સાંભળવા માગે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

આ તો મહા અધ્યાત્મ શાસ્ત્ર છે. આમ પટના પટ પડ્યા છે ન્યાયના. એ કાંઈ કથા-વાર્તા નથી. આહાહા..! સંતોના મુખમાંથી ધારા વાણી વાણીને કાળે નીકળી ગઈ. નીકળી ગઈ વાણી. કોણ કરે? કોણ બનાવે? આહાહા..! એ વાણીમાં પણ સ્વ-પર વાર્તા કહેવાની તાકાત છે. વાણીમાં સ્વ-પર વાર્તા કહેવાની તાકાત છે. આત્મામાં સ્વ અને પરને જાણવાની તાકાત છે. સમજાણું કાંઈ?

પહેલો ક્ષયોપશમભાવ કરો, પહેલું આ કરો. આવે છે ને શાસ્ત્રમાં પાંચ લબ્ધિ? એ તો સ્વરૂપ પ્રાપ્ત થવા પહેલા શું હતું, એ જણાવ્યું. પણ કરવાનું તો આ છે. સમજાણું કાંઈ? એ તો એ પહેલા શું હતું? કેમ બને છે? એ એને ખબર ન હોય. પણ ભગવાન જાણે કે એ પહેલા આવા પરિણામ હતા. એને ક્યાં ખબર છે કે આ કરણ પરિણામ કહેવાય ને આ અપૂર્વ કહેવાય. એ તો ભગવાને જાણ્યું કે આવા પરિણામ હોય. એનો અભાવ કરીને આ જાણે ત્યારે તેણે આત્મા જાણ્યો એમ કહેવામાં આવે. આહાહા..! આખી વાત વજન વયું ગયું. આત્માની મૂળ ચીજ એનું વજન જ ગયું. વજન એટલે સમજાણું? એની મહત્તા. મહત્તા જે ખાસ સંતો, શાસ્ત્રો અને સર્વજ્ઞો. સંતો, શાસ્ત્રો અને સર્વજ્ઞો. ત્રણે 'સ'. જેનો પોકાર કરે છે પહેલો. પહેલા પ્રથમ તું આત્માને જાણ. સમજાણું કાંઈ? એને ઠેકાણે હજી એ વાત એને રુચિમાં આવતી નથી, ગમતી નથી. એમ નહિ, એમ નહિ. પહેલું આમ જોઈએ, પહેલું આમ જોઈએ અને પછી પુણ્ય કરતા કરતા પ્રાપ્તિ થાય, શુભ કરતા કરતા આ થાય. એને તો દેવ-ગુરુ-શાસ્ત્રનો અનાદર કરનારા કહે છે. આહાહા..! આકરી વાત, બાપા! વસ્તુનો ધર્મ..

મુમુક્ષુ :- ઊલટી રીત પકડી છે.

ઉત્તર :- ઊલટી રીત પકડી અને માને કે અમે સવળી રીત પકડી છે. અને બીજા કહે છે એ ઊલટી રીત કહે છે, એમ માને છે. અરે..! ભગવાન! ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો '**મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...**' એની વ્યાખ્યા ચાલે છે. એમાં વ્યવહાર પહેલો આવે અને પછી નિશ્ચય થાય એ વાત ન રહી આમાં. વસ્તુના સ્વરૂપમાં એમ નથી. સમજાણું કાંઈ? તેથી દિગંબરો કહે છે કે નિશ્ચય પહેલો હોય પછી વ્યવહાર એ વાત વસ્તુના સ્વરૂપની છે. આ જાણે, રાગ બાકી રહ્યો તેને વ્યવહાર તરીકે જાણે. આદરવાની તો વાતેય ક્યાં છે? સમજાણું કાંઈ? એ વસ્તુનું સ્વરૂપ એવું છે. સંતોએ

એમ કહ્યું, સર્વજ્ઞોએ કહ્યું, શાસ્ત્રનો એ પોકાર છે. સમજાણું કાંઈ? તેથી કહે 'નિશ્ચયનય પહલે કહે, પીછે લે વ્યવહાર.' એમ જ છે. પહેલો નિશ્ચય આ થયો. અહીં શું કહ્યું? આહાહા..! આખી શાસ્ત્રની પ્રણાલિકાની...

મુમુક્ષુ :- ...મોપાટ

ઉત્તર :- મોપાટ ઊંધેથી શરૂ થઈ. એકડેથી શરૂ થાય કે સોથી શરૂ થતા હશે? એમ કહે, સો તો મોટું છે ને. પણ એ મોટું નથી. એકડા વિનાના મીંડા છે. સો ક્યાંથી લાવ્યા? આહાહા..! સો નહિ. મીંડાથી શરૂ કર્યું. ન્યાલભાઈ! આહાહા..! શું પણ 'અમૃતચંદ્રાચાર્ય' અને 'કુંદકુંદાચાર્યે' કેવળીના પેટ ખોલીને મૂક્યા છે!! આહાહા...! એ વસ્તુ એને અંતર કબુલ થાય એવી આ ચીજ આ રીતે છે. બીજી રીતે હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું?

'**મોક્ષાર્થી પુરુષે...**' પણ બાળ-ગોપાળ નાના હોય ને. કહેશે હમણાં. આબાળ-ગોપાળને અનુભવમાં તો જ્ઞાન જ આવે છે. માનતો નથી, માનતો નથી. અનુભૂતિ જ એને ખ્યાલમાં આવે છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... પણ એ માને છે કે રાગ... રાગ... રાગ... રાગ... રાગનું જ્ઞાન ખ્યાલમાં આવે છે, એ જ્ઞાતા ખ્યાલમાં આવે છે એમ ન માનતા રાગ ખ્યાલમાં આવે છે, એમ અજ્ઞાની માને છે. કહેશે. આબાળ-ગોપાળ. સમજાણું? ત્રીજા પેરેગ્રાફમાં છે.

આ તો ગજબ ટીકા! આત્મખ્યાતિ. 'સમયસાર' ચૌદ પૂર્વ, બાર અંગના પેટ ખોલ્યા છે. થોડા શબ્દોમાં તો આખા કેવળજ્ઞાનને રેડી નાખ્યું છે. સમજાણું કાંઈ? દરકાર ન મળે અને પોતે જે માર્ગમાં ચાલ્યો એ વાતને સિદ્ધ કરવા મથે, શાસ્ત્રામાંથી ગોતીને. પોતે જે બાજુ માન્યતા અને જે બાજુની લાઈન, એ બાજુને શાસ્ત્રમાંથી શોધીને માને. આ ઠેકાણે લખ્યું.. આ ઠેકાણે લખ્યું... બધું લખ્યું. પણ સાંભળ! પહેલા આ વાત વિના બીજી વાત ન હોય. આહાહા..! '**મોક્ષાર્થી આત્માએ પ્રથમ તો આત્માને જાણવો,...**' જાણવો એટલે અનુભવવો, અનુભવવો એટલે વેદવો, સ્વસંવેદનમાં લઈ લેવો. આહાહા..!

મુમુક્ષુ :- પહેલા..

ઉત્તર :- છકાયના બોલ શીખ્યા. પણ આત્મા શીખ્યો ક્યાં? છકાયમાં ક્યાં આવ્યો આત્મા? આહાહા..!

'**પછી...**' હવે પછી આવ્યું. '**પછી તેનું જ શ્રદ્ધાન કરવું...**' જુઓ! અહીં જ્ઞાન અનુભવ પહેલો અને એમાં પછી ભાસ આવ્યો કે આ આત્મા, તો શ્રદ્ધા તો સાચી થઈ, એમ કહે છે. હજી જ્ઞાનમાં આત્મા આ છે, આનંદ છે, આ આવો છે, અનંત ગુણનો પિંડ અભેદ એકાકાર ચૈતન્ય છે, એવો આનંદ અને જ્ઞાનનો પર્યાય પ્રગટ અનુભવ્યો એવો આખો આખો આત્મા છે, એમ પ્રતીતમાં આવ્યા વિના શ્રદ્ધા કોની? જાણ્યા વિનાની શ્રદ્ધા કોની? આહાહા..! સમજાણું કાંઈ? '**ततः स एव श्रद्धातव्यः**' એમ છે ને? જુઓ! '**ततः**' તે પછી. એનો અર્થ? અનુભવ અને પ્રતીત સાથે થાય છે. પણ આ જાણ્યું પછી આ એટલું

નક્કી થાય ને? આ આત્મા. '**ततः**' પછી તેનું જ શ્રદ્ધાન કરવું.

એમ આવે કે સમ્યગ્દર્શન પહેલું, સમ્યગ્દર્શન કારણ અને સમ્યગ્જ્ઞાન કાર્ય. સમજાય છે? હોય સાથે છતાં ત્યાં સમ્યગ્દર્શન કારણ અને કાર્ય. એ ત્યાં વસ્તુ દર્શન અને જ્ઞાન સિદ્ધ કરવું છે. અહીં તો જાણેલી વસ્તુની શ્રદ્ધા એ સિદ્ધ કરવી છે. જાણ્યા વિનાની ચીજની કોનો ભરોસો? જાણ્યો નથી. લ્યો, એક કાશીનું બોર કેરી જેવડું હોય, આવડું હોય ને આમ હોય ને લાંબુ હોય ને પહોળું હોય, ઢીંકણું હોય. પણ કેવું એની ખબર ન મળે. સમજાણું?

કહ્યું નહોતું એક ફેરી? વાડવાનું, અમારે કુવાડીયાનું. ઓલા મચ્છરને બતાવે છોકરાને. મચ્છર-મચ્છર. મચ્છ હોય છે ને ટાંગા લાંબા એમ બતાવ્યું. .. જુઓ! આ મચ્છર. છોકરાએ મચ્છર .. ત્યાં એક હાથી આવ્યો. માસ્તર સાહેબ! આપે બતાવ્યું હતું એ મચ્છર આવ્યો. ઓલા ટાંગા બતાવીને ટાંગાના નાના નાના ઝીણા અવયવ હોય ને અવયવ? એ બતાવવા હોય. નાના આટલામાં શી રીતે બતાવે? એટલે જરી મચ્છર .. જુઓ, આનું આમ હોય છે... આ આમ હોય છે... અવયવ આમ હોય છે... ફલાણું આમ હોય. ત્યાં ઓલો હાથી જોયો ને. સાહેબ! આપે બતાવ્યું હતું એ મચ્છર. ધર્મચંદજી! નિશાળમાં તો હોય મચ્છર મેં જોયેલું ત્યાં. જોયું હતું કે નહિ? આ બાજુ ભીંત ઉપર હતું. કુવાડવા. એમ જે વસ્તુ શું છે એના જ્ઞાન વિના આ આત્મા શી રીતે માને? એમ કહે છે. સમજાય છે કાંઈ? એના જ્ઞાનમાં એ જ્ઞેય તરીકે આ ચીજ છે એમ આવ્યું નથી, એની શ્રદ્ધા શી રીતે કરવી? શ્રદ્ધા થાય શી રીતે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વાહ!

મુમુક્ષુ :- છોકરાએ મચ્છરને જાણ્યું...

ઉત્તર :- એ જાણે કે મચ્છર આવડો ટાંગાવાળો એ આ મચ્છર છે બીજું શું. માસ્તર કહે પણ આ મચ્છર નહિ. એ તો તને સમજાવવા માટે કહ્યો હતો. મચ્છર તો આવડો નાનો હોય. આ તો મોટો હાથી છે. એ તો એના કાનમાં મચ્છર ગણગણે તો ઓલો હાથી આમ માથા ફોડે પછી, હોં! ગરી જાય ને આટલું મચ્છર. પછી એને બહુ ઓલું થાય, હોં! આવડા હાથીને પણ ઊભો રાખે એકવાર તો મચ્છર. અહીં એને કૂણો ભાગ હોય ને અંદર. અને અંદર જો ગરી ગયો હોય. નીકળે નહિ ઝટ. નીકળવાનો રસ્તો સૂઝે નહિ. અંધારું હોય. ગણ.. ગણ..ગણ.. કરે. હાથીને તો આકુળતા થાય. મચ્છર હાથીને ઊભો રાખે. એવો એક દાખલો આપ્યો હતો. સમજાણું કાંઈ? મેં કીધું, ભાઈ! એમ એ આગ્રહ કર્યે ન રોકાય. તમારો હરિલાલ. ખસવાળો નહિ? અરે..! મહારાજ! એ મચ્છર હાથીને ઊભો રાખે. હરિચંદ-હરિચંદ. મેં કીધું, સાચી વાત તારી હોં! એ અપેક્ષાએ ઠીક છે. ઓલો હાથી આવડો મોટો પણ ઓલો ગુણગુણ કરે ત્યાં એ ઊભો રહે. કારણ કે જ્યાં સુધી બહાર ન નીકળે ત્યાં સુધી એને ચાલવું કેમ? મચ્છર હાથીને ઊભો રાખે. ન્યાલભાઈ! .. દાખલો હોય તો એવો આપે ને.

અહીં કહે છે '**પછી તેનું જ...**' તેનું જ. '**ततः स एव**' '**ततः स एव**' '**પછી**

**તેનું જ શ્રદ્ધાન કરવું-**' જાણેલાનું શ્રદ્ધાન કરવું, અનુભવેલાનું શ્રદ્ધાન કરવું, ખ્યાલમાં આવેલી ચીજનું શ્રદ્ધાન કરવું. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો વાત લીધી છે પંચાધ્યાયીકારે ઘણી. શું કરવું? કે '**આ જ આત્મા છે.**' જ્ઞાનમાં, અનુભવમાં, વેદનમાં, અનુભૂતિમાં આવ્યો. આ આત્મા, આ આત્મા. '**આ જ આત્મા છે.**' જુઓ! રાગ ને પુણ્ય ને શરીર એ બધું રહ્યું નહિ. આ જ આત્મા છે.

'**આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી...**' જુઓ! હવે શું કહે છે? શ્રદ્ધામાં શું આવ્યું? એ જ્ઞાનમાં આત્મા આવ્યો અને પછી થઈ શ્રદ્ધા. આ જ શુદ્ધાત્મા. પછી શું આવ્યું શ્રદ્ધામાં? કે '**તેનું આચરણ કરવાથી.**' એ આત્મામાં અંતર ઠરવાથી ચારિત્ર થાય, એમ માને. આહાહા..! આ ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય એવું ભાન, અનુભૂતિ થઈ ત્યારે શ્રદ્ધા થઈ આ જ આત્મા. એ શ્રદ્ધા થઈ કે આ જ આત્મા. પછી '**તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે.**' એ શ્રદ્ધામાં એમ આવ્યું. શું આવ્યું? આ આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે એ આત્મા. એમાં ઠરવાથી, લીન થવાથી મુક્તિ થશે, કર્મથી છૂટાશે. બીજા કોઈ ઉપાયથી છૂટાશે નહિ. એમ શ્રદ્ધામાં, અનુભવમાં આત્મા આવ્યો ત્યારે શ્રદ્ધામાં આમ આવ્યું. આહાહા..! કથન તે કથન કોઈ. માર્ગના મર્મ ભરી દીધા છે ને. આ ચારિત્રની વ્યાખ્યા સમકિતી એમ માને. સમ્યગ્દૃષ્ટિ આત્માના વેદનથી આત્મા જાણ્યો અને માન્યો કે આ આત્મા. ત્યારે એમ માને કે એનું આચરણ કરવાથી. દેખો! કોઈ વ્રત ને નિયમ ને ક્રિયા કાંડ કરવાથી આત્માને કર્મ છૂટતા હશે, એમ એ પછી માનતો નથી. મિથ્યાદૃષ્ટિ તરીકે માનતો હતો. આહાહા..! સમજ્યા ને?

'**આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી...**' આચરણ એટલે? આશ્રય કરવાથી, આચરણ કરવાથી, આરાધવાથી, સેવન કરવાથી, ઠરવાથી '**તેમાં લીન થવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે...**' જરૂર કર્મથી છૂટી શકાશે, એમ નક્કી થઈ ગયું. જરૂર કર્મથી આમાં લીન થયે છૂટી શકાશે. એમાં કોઈને પૂછવા જાવું પડે નહિ, એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી...**' ભગવાન આ આત્મા, જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ પ્રભુ, એનું જ્ઞાન થયું, અનુભૂતિ થઈ, શ્રદ્ધામાં આવ્યો કે આ આત્મા, અને એ શ્રદ્ધામાં એમ આવ્યું કે આ જ આત્મામાં અંતર આરાધન કરવાથી, એનું સેવન કરવાથી, એનો આશ્રય કરવાથી, એને અનુસરીને ઠરવાથી જરૂર કર્મોથી છૂટી શકાશે. એટલે નિર્જરા પણ આમ થશે. સ્વરૂપમાં ઠરવાથી નિર્જરા થશે, એમ એને શ્રદ્ધામાં આવ્યું છે. આહાહા..! આ તો કહે અપવાસ કર્યો ત્યાં નિર્જરા થઈ, તપ કર્યું ત્યારે નિર્જરા થઈ. ધૂળમાંય નથી. કાળ ગયો તારો મફતમાં. આહાહા..! સમજાય છે કાંઈ? બે અપવાસ કર્યા, પાંચ અપવાસ કર્યા. તપસા નિર્જરા, શાસ્ત્રમાં આવે છે. એ નિર્જરા નહિ. સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપમાં ઠરવાથી, આનંદમાં લીન થવાથી કર્મથી છૂટી શકાશે એમ માને છે. સમજાણું કાંઈ? ત્રણે વાત. ત્રણેના

તત્ત્વમાં એકેય તત્ત્વના ઠેકાણા નહિ. આહાહા..! કેટલી વાત કરી છે!

કહે છે, '**તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે...**' દેખો! ભગવાને ચારિત્ર સ્વરૂપ રમણતા (કહ્યું છે). ઠરવું એટલે રમવું. આ ચિદાનંદ પ્રભુ એમાં લીન... લીન... લીન... લીન... લીન... આરાધન આશ્રય કરવાથી અશુદ્ધતા અને કર્મ છૂટી થશે. એમ શ્રદ્ધામાં- સમ્યગ્દર્શનમાં, સમ્યક્ અનુભવનમાં આ શ્રદ્ધા થઈ. એ શ્રદ્ધામાં એમ થયું કે આ આત્મામાં લીન થવાથી કર્મોથી છૂટી શકાશે. સમજાય છે કાંઈ? વચમાં પંચ મહાવ્રતના પરિણામ આવે એનાથી કર્મથી છૂટાશે, એમ સમ્યગ્દષ્ટિ પહેલેથી આત્માને જાણતો હોવાથી માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**ત્યાર પછી તેનું જ આચરણ કરવું–**' તેનું જ અનુચરણ. ઓલું તો શ્રદ્ધામાં આવ્યું હતું. પછી હવે ચારિત્રની વાત કરે છે. એનું અનુચરણ-સેવન કરવાથી કર્મથી છૂટી શકાશે, એવી શ્રદ્ધા કરી હતી. સમ્યગ્દર્શનમાં-પ્રતીતમાં, અનુભવમાં આવીને પ્રતીતમાં આમ આવ્યું કે આમાં ઠરવાથી મને કર્મથી છૂટાશે. '**ત્યાર પછી...**' દેખો! એ સમ્યગ્દર્શન થયા પછી '**તેનું જ આચરણ કરવું–**' કહો, સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન-બર્શનની કાંઈ આપણને ખબર પડે નહિ. કરવા માંડો આપણે. આહાહા..! ખબર ન પડે એટલે અજ્ઞાન છે. ચોખ્ખી વાત છે. મિથ્યાત્વ છે. એમાં પ્રશ્ન શું પણ? એટલે કે '**અનુભવ વડે તેમાં લીન થવું;...**' એ ચારિત્ર લ્યો. આનું નામ ચારિત્ર. શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, અનુભવજ્ઞાન, આ આત્મા એમ એની પ્રતીત સમ્યગ્દર્શન, આમાં ઠરવાથી કર્મ છૂટશે એટલે (એમાં) ઠરવું એનું નામ ચારિત્ર છે. એનાથી મુક્તિ થાય છે. બીજા કોઈ કારણથી થતી નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૩, રવિવાર, તા. ૧૬-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૭-૧૮, પ્રવચન નં. ૭૭**

૧૭-૧૮ ગાથા ચાલે છે. પહેલો પેરેગ્રાફ. કાલે આવી ગયું છે એમાં કે જેમ ધનનો-આજીવિકાનો અર્થી, રાજાના લક્ષણ વડે કરીને ચક્ર અને ચામર આદિ બીજા કરતાં જુદાં પડતાં લક્ષણોથી રાજાને ઓળખે. એ ધનનો કામી, જીવતરનો કામી, આજીવિકાનો કામી. એ રાજાને ઓળખીને એની સેવા કરે. એ પહેલો ઓળખે કે આ રાજા છે. અને એની શ્રદ્ધા કરે કે આ જ રાજા છે. પછી એની સેવા કરવાથી આપણને પૈસા આદિ આજીવિકા મળશે. આ તો દૃષ્ટાંત છે ને.

એમ આ આત્મા મોક્ષાર્થી પુરુષે-જે આત્માના પરમાનંદની પૂરી પ્રાપ્તિનો કામી છે. આત્મા મોક્ષ એટલે કે આત્માના પૂર્ણ આનંદની પ્રાપ્તિ, એનો જે અર્થી છે. એણે પહેલા તો આત્માનો અનુભવ કરવો. પહેલાં એમ આવ્યું. શ્રુત દ્વારા આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એમ નિર્ણય કરવો એમ આવ્યું. ૧૪૪માં. કર્તા-કર્મમાં. બીજામાં એમ આવે ચરણાનુયોગમાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ આવે છે. વ્યવહારથી આવે એ વાત પહેલી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ આગમથી નિર્ણય (કરે) એની અહીંયાં વાત નથી લીધી. અહીં તો સીધી આત્માની વાત લીધી છે. કર્તા-કર્મમાં પણ આવે છે. બેય આવે છે. આગમનો અભ્યાસ કરે. સ્વલક્ષી આગમનો અભ્યાસ કરે, એમ છે એમાં પણ. આત્મા ચૈતન્યસ્વરૂપી છે એના લક્ષે આગમનો અભ્યાસ કરે અને આગમથી એનો નિર્ણય કરે. પણ આગમ શબ્દે જ્ઞાન છે ત્યાં. આગમ એટલે શાસ્ત્ર અને પાના એ કાંઈ નથી. સમજાણું કાંઈ? આગમે કહેલું જે જ્ઞાન, એ જ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરે.

અહીં તો સીધી વાત એકદમ જીવતત્ત્વની વ્યાખ્યા છે. જેને જીવતત્ત્વની પર્યાયની પૂર્ણ પ્રાપ્તિની અભિલાષા છે, એણે તો આત્માનો અનુભવ કરવો. પહેલું આ કરવું એમ કહે છે વૈદરાજ! આ બીજું બધું રાતે ગપ્પા મારતા હતા ને ઓલા ભટ્ટારક. એ કાંઈ ન મળે એમાં કહે છે. ચમત્કાર ને. ભટ્ટારકે ચમત્કાર કર્યા. બધી ખોટે ખોટી વાતું. આત્માની સાથે કાંઈ મેળ નહિ. અહીં તો આત્માને.. ભલે શાસ્ત્ર દ્વારા, સમ્યગ્જ્ઞાન દ્વારા આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ પહેલો નિર્ણય કરે. પણ અહીં તો નિર્ણય પછી કરવાનું તો આ છે, એમ ત્યાં પણ કહ્યું છે ને? વિકલ્પ છોડીને, મતિ અને શ્રુત તત્ત્વને અંતરમાં વાળે. એમ ૧૪૪માં કહ્યું છે. સમજાણું કાંઈ?

અહીં તો સીધી વાત-પહેલો આત્માને જાણવો. એ જાણ્યા વિના તારું એકેય ડગલું

આગળ ચાલશે નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાનાનંદ આત્મા, સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ પરમાત્મા, જેવો સર્વજ્ઞ ભગવાને આત્મા જોયો એને પહેલો અનુભવવો. 'સમયસાર'માં પાંચમી ગાથામાં એમ કહ્યું હું કહું છું એને પ્રમાણ કરજે. અનુભવ કરીને પ્રમાણ કરજે. એમ જ કીધું સીધી વાત. સમજાણું કાંઈ? જાણવાની વ્યાખ્યા એ છે. પછી તેનું જ શ્રદ્ધાન. તેનું (એટલે) આ જાણ્યું કે આ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છે એવું અનુભવમાં આવ્યું, એની શ્રદ્ધા કરવી કે '**આ જ આત્મા છે.**' આ જ આત્મા છે. ચૈતન્ય સ્વરૂપ આનંદમૂર્તિ એવું જ્ઞાન-ભાનમાં (આવ્યું પછી) આ આત્મા છે એમ શ્રદ્ધા કરવી. સમજાય છે? અને '**આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી...**' આ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એ જ આત્મા છે. પુણ્ય-પાપના રાગ, દેહાદિ એ આત્મા નથી. તેથી એનું આચરણ કરવાનું રહ્યું નહિ. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો એનું આચરણ નહિ. આ આચરણ છે જ નહિ એનું આચરણ. આ તો ભગવાન આત્માનું આચરણ કરવાથી. ચૈતન્યમૂર્તિ જ્ઞાયકગોળો ચૈતન્ય સ્વરૂપ, એનું ભાન અને આ જ શ્રદ્ધા, આ જ આત્મા, એ આત્મામાં ઠરવાથી કર્મથી છૂટાશે. બીજો કોઈ રસ્તો નથી. કહો, સમજાણું કાંઈ?

'**તેનું જ આચરણ કરવું-અનુભવ વડે તેમાં લીન થવું;...**' કે આ કરવાથી જરૂર કર્મથી છૂટાશે. સ્વરૂપ સ્વરૂપમાં ઠરવું. પહેલા સ્વરૂપનું ભાન થયું, ભાનમાં પ્રતીત થઈ, પ્રતીતમાં એમ આવ્યું કે આમાં ઠરવાથી કર્મ છૂટશે. એ ક્રિયા આત્માની. એ આત્માના આનંદમાં ઠરવાથી, લીન થવાથી, અનુભવ કરવાથી કર્મથી છૂટાશે. બીજો કોઈ કર્મથી છૂટવાનો ઉપાય નથી. લોકો કહે છે ને કે આટલા તપ કરે તો નિર્જરા થાય. તપસા નિર્જરા. એ બધું અહીં ના પાડે છે. એ તો બધી વ્યવહારની વાતું હતી. એ વખતે કેવો વિકલ્પ હતો, શું લક્ષ છૂટ્યું હતું એ જણાવ્યું છે. બાકી આત્મામાં શુદ્ધ આનંદકંદના અનુભવમાં જે પ્રતીતિ આવી કે આ જ આત્માને અને એના અનુચરણ ને આચરણથી કર્મથી છૂટાશે એવો ભાવ પહેલો સમ્યગ્દર્શનમાં ભાન આવ્યું. સમજાણું કાંઈ? અને ત્યાર પછી તેનું જ અનુચરણ કરવું. ઓલામાં હતું કે તેનું જ શ્રદ્ધાન કરવું, પછી તેનું જ આચરણ કરવું અને તેનું જ અનુચરણ કરવું. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ આત્મા ચૈતન્ય સ્વરૂપ એનું જ આચરણ કરવું, એમાં ઠરવું. એ એનું આચરણ, એનું નામ ચારિત્ર. કહો, સમજાણું કાંઈ? શું અત્યાર સુધી સમજ્યા હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. મોટી લાંબી મોટી વાતું બધી મફતમાં છે. આહાહા..!

'**કારણ કે સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ...**' અહીં સુધી કાલે આવ્યું હતું કે '**અનુભવ વડે તેમાં લીન થવું;...**' કેમકે સાધ્ય શું છે આત્માને? કે નિષ્કર્મ. રાગ અને કર્મરહિત એવી અવસ્થારૂપ, અવસ્થારૂપ અભેદ શુદ્ધ સ્વરૂપ. એવી નિર્મળ અવસ્થારૂપ, નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ, એવું જે સાધ્ય નામ મોક્ષ '**તેની સિદ્ધિની એ રીતે**

**ઉપપત્તિ છે.**' તે મુક્તિની પ્રાપ્તિની આ રીત છે. સમજાય છે? છે એમાં? વૈદરાજજી! એમાં છે? પહેલો પેરેગ્રાફ. આ આત્મા એકલો જ્ઞાન અને આનંદનો કંદ (છે) એવો પ્રથમ અનુભવ કરવો, અનુભવ કરીને એમાં શ્રદ્ધા કરવી કે આ જ આત્મા છે અને એ જ આત્મામાં ઠરવાથી કર્મથી છૂટાશે. એમ શ્રદ્ધા કર્યા પછી, સમ્યગ્દર્શન પછી, એમ કહે છે. સમ્યગ્દર્શન પહેલાં એનું આચરણ હોઈ શકે નહિ. છે ને?

'**પછી તેનું જ આચરણ કરવું-**' એમ છે. સમ્યગ્દર્શન પહેલાં શું કરવું? કે પહેલા અનુચરણ કરવું, ક્રિયાકાંડ કરો વ્રત ને નિયમ (લઈ લ્યો) પછી સમ્યક્ થાશે. એમ છે નહિ. સમજાણું કાંઈ? '**ત્યાર પછી તેનું જ અનુચરણ...**' એટલે કે લીન થવું. સ્વરૂપમાં શ્રદ્ધામાં એમ આવ્યું હતું કે આ જ સ્વરૂપમાં ઠરવાથી કર્મથી છૂટાશે પછી સ્વરૂપમાં લીન થાય, શ્રદ્ધા કર્યા પછી. પણ જેને હજી આત્મા શું છે એની પ્રતીતિ-ભરોસો આવ્યો નથી, એ ભરોસા વિના લીન શેમાં થવું? ચારિત્ર તો ચરવું છે, રમવું છે, લીન ને આનંદની ઉગ્રતાનો અનુભવ છે. પણ એ આનંદસ્વરૂપ જ જ્યાં શ્રદ્ધા જ્ઞાનમાં આવ્યું નથી, એને આમાં ઠરવું એ પ્રયત્ન આવે ક્યાંથી? સમજાય છે કાંઈ?

આ તો કહે કે સમ્યગ્દર્શન-જ્ઞાનની આપણને કાંઈ ખબર પડે નહિ. માટે આપણે આ લઈ લ્યો. પણ ખબર ન પડે એનો અર્થ કે ખબર નથી તો અજ્ઞાન છે. પોતાનો અનુભવ થાય એની ખબર ન પડે? ભગવાનને પૂછવા જાવું પડતું હશે? સમજાણું કાંઈ? ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિનો અનુભવ, એને વેદનમાં ખ્યાલ ન આવે કે આ આત્મા વેદાણો? આ આત્મા આનંદમૂર્તિ તે જણાણો, એ કોઈને પૂછવાપણું હોય નહિ. અને શંકા રહે કે આ નથી જણાતો તો મિથ્યાત્વ, અજ્ઞાન છે. સંશય, અધ્યવસાય આદિ તો મિથ્યાત્વ છે, અજ્ઞાન છે.

મુમુક્ષુ :- એ તો કેવળજ્ઞાન થાય ત્યારે...

ઉત્તર :- અરે..! અહીંયાં ચોથાની વાત છે. કેવળજ્ઞાનની વાત ક્યાં છે? કેવળજ્ઞાન હોય ત્યારે બધી ખબર પડે. ઓલું આવે છે 'પંચાધ્યાયી'માં? સમકિત વિષય એમ કે કેવળજ્ઞાનનો છે. પરમઅવધિ આદિનો છે. સાધારણ અવધિનો નથી એવું આવે છે. એક મતિ-શ્રુત નથી. એ તો પ્રત્યક્ષ આમ દેખે (નહિ તે અપેક્ષાથી વાત છે). અનુભવ-વેદનમાં મતિ શ્રુતમાં આવે એવું નથી, એમ હોય? આમ પ્રત્યક્ષ અસંખ્ય પ્રદેશીના અનંત ગુણ એમ ન આવે. એવું ન આવે. એ તો કેવળજ્ઞાન હોય તો આવે. પણ આનંદસ્વરૂપ વેદનમાં આવ્યું કે આ આનંદ અતીન્દ્રિય બીજે હોય નહિ એ આત્માનો જ આનંદ છે. એમ પ્રત્યક્ષ મતિ શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થઈને આનંદ આવે. પ્રત્યક્ષની અપેક્ષાએ પ્રત્યક્ષ જણાય નહિ. પણ રાગની અપેક્ષા રહી નહિ, એકલા જ્ઞાનથી જાણ્યું એ અપેક્ષાએ એને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હજી એની રીતની ખબર ન મળે. એના રીતભાત કેવી હોય, સમ્યગ્દર્શનની કેમ પ્રાપ્ત થાય એની ખબર ન મળે. અને પછી કહે હવે કરવા માંડો આપણે વ્રત અને નિયમ, લ્યો આ કરો

જાવ. ઊંધેથી ચાલવા માંડ્યું. ઘોડો જોડવો જોઈએ ગાડીના મોઢા આગળ એના બદલે પાછળ જોડ્યો. ઘોડો-ઘોડો સમજો છો ને? અશ્વને ગાડીની આગળ જોડવો જોઈએ. એના બદલે પાછળ જોડ્યો. એમ કે વસ્તુના ભાન વિના કરવા માંડો આ ચારિત્ર ને વ્રત ને આ.

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જેવો જોયો, પરમેશ્વરે જોયો એવો આત્મા. એવા આત્માને, અન્ય અજ્ઞાનીઓ આત્મા કહે એ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, તીર્થંકરદેવે જે આત્મા, જે જ્ઞાનમાં આ આત્મા પુણ્ય-પાપના ભાવ આસ્રવતત્ત્વ, શરીરાદિ અજીવતત્ત્વ એનાથી આ આત્મા એમ જોયો એમ જે અંદર જોવે અને અનુભવે એને શ્રદ્ધામાં આવે કે આ આત્મા. એને શ્રદ્ધામાં આવે કે આ આત્મામાં ઠરવાથી, લીન થવાથી, અનુભવ કરવાથી મુક્તિ થાશે.

મુમુક્ષુ :- આત્મા તો અરૂપી છે.

ઉત્તર :- અરૂપી છે તો વસ્તુ છે કે નહિ? જ્ઞાનમાં અરૂપીનું ભાન થાય છે કે નહિ? અરૂપી શું છે? અરૂપી વસ્તુ. જાણે છે એ જ જ્ઞાન છે. પરને શું? પરની ખબર છે આને જડને? જ્ઞાનને ખબર છે કે હું આ જ્ઞાન અને આ જડ. એમ એને ખબર પડે છે. ભાન નથી એને. આહાહા..! આ તો અરૂપી છે ને એટલે એ કાંઈ જણાય નહિ. થઈ રહ્યું. આ જડ જણાય અને એ જણાય નહિ. એ જ આવશે હમણાં કહેશે. આહાહા..!

મુમુક્ષુ :- જડ છે માટે દેખાય છે. અરૂપી હોય એ દેખાય નહિ.

ઉત્તર :- દેખાય નહિ. આ પડિમા, વ્રત, નિયમ એ બધા જડ એટલે દેખાય. આત્મા દેખાય નહિ. આવા ને આવા લાકડા બધા જૂના ખોસી ઘાલેલા છે, હોં!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. શું કરે? ધૂળ કરવી છે? જાણનારને જાણ્યો નહિ ને એ વગરની માથાકૂટ. જાણનાર ન જણાય ત્યારે પછી જણાય કોણ? જાણે છે કોણ? આ જાણે છે કોણ? આત્મા અરૂપી છે મને ખબર ન પડે. એ કોને ખબર પડી? એને ખબર પડી. આહાહા..! સમજાય છે કાંઈ? હું મને જણાઉં નહિ. એ જ કહ્યું કે હું મને જણાઉં નહિ એવો હું જાણનાર. જણાણું એમાં. સમજાય છે કાંઈ? એમ ને એમ જિંદગી.. સંપ્રદાયની એવી લહેર હાલે જ જાય સંસાર. અટકવો સંસાર કેમ એની ખબર ન મળે. અહીં કહે છે કે ભગવાન આત્મા જ જાણવામાં આવે છે. બીજું તો જાણવામાં આવતું નથી. ઈ કહેશે હમણાં નીચે. સમજાણું કાંઈ?

કારણ કે એ સિદ્ધિની એ રીતે જ પ્રાપ્તિ છે. મુક્તિની પ્રાપ્તિ-મોક્ષની પ્રાપ્તિ ભગવાન આત્મા પોતાના જ્ઞાનમાં અનુભવમાં આવે, એની શ્રદ્ધા થાય અને એમાં ઠરવાથી મુક્તિની પ્રાપ્તિ થાય. એ સિવાય મુક્તિની પ્રાપ્તિનો બીજો કોઈ માર્ગ અને રીત છે નહિ. '**અન્યથા અનુપપત્તિ છે...**' દેખો! અનેકાંત કર્યું. અન્યથા અનુપપત્તિ-બીજી રીતે પ્રાપ્તિ છે નહિ. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી થાય, એમ અનેકાંત નહિ.

મુમુક્ષુ :- એમ નહિ, પહેલાં વ્યવહારથી થાય અને પછી નિશ્ચય...

ઉત્તર :- પહેલા-ફહેલા વ્યવહાર છે જ નહિ. વ્યવહાર પહેલો કેવો? આંધળા વિના વ્યવહાર. વ્યવહાર તો આંધળો છે, રાગ છે. અહીં જાણ્યું જ્યારે આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે. અનુભવ થયો ત્યારે બાકી રહ્યો રાગ, એને વ્યવહાર કહેવામાં આવે છે. નય છે કે નહિ? જાણે ક્યારે નયને? અહીં જાણ્યું ત્યારે એને જાણે કે આના જાણ્યા વિના એને જાણે શી રીતે? સમજાણું કાંઈ? ભારે માર્ગ અટપટો છે, ઝીણો એને અટપટો બહુ ઊંધો કર્યો. ક્યાંય રસ્તો હાથ ન મળે. ભગવાન પોતે જાણનાર... પોતે જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... આ આ થાય છે એને જાણનાર. રાગ થાય એને જાણનાર, દેહની અવસ્થા થાય એને જાણનાર, બોલે એને જાણનાર, એ જાણનાર તો કહે, એ મને જણાય નહિ. ઊંધી જ આખી વાત છે. એને ખબર જ નથી પોતાના તત્ત્વની. '**આ રીતે ઉપપત્તિ છે, અન્યથા...**' જુઓ! આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો મોક્ષમાર્ગ નથી, બીજી રીતે પ્રાપ્તિ નથી.

'**(એ વાત વિશેષ સમજાવે છે :-) જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો...**' '**ऽनुभूयमानानेकभावसङ्करेऽपि**' '**सङ्करेऽपि**' સંસ્કૃત છે. મિશ્રિત એટલે સંકર. જુઓ! જરી સમજવા જેવી વાત છે કે આત્મા જ્ઞાનાનંદ હોવા છતાં એને અનેક રાગ દયા, દાન, વ્રત, વિકલ્પ પુણ્ય, પાપના ભાવ એની સાથે મિશ્રિત સંકર થઈ ગયો છે. સંકર એટલે ખીચડો થઈ ગયો છે. ઉકરડો. આ રાગ અને આ હું, એમ એને ભાન નથી. સમજાણું કાંઈ? અનેક વિકલ્પો રાગ-દ્વેષ, દયા-દાન, વ્રત-ભક્તિ-પૂજા એવા વિકલ્પ રાગ, એની સાથે મિશ્રિતપણું. મિશ્રિતપણાની વ્યાખ્યા એવી નથી કે થોડુંક સમ્યગ્જ્ઞાન છે અને થોડો રાગ છે. અહીં તો જ્ઞાનાનંદ સ્વરૂપની સાથે રાગના વિકલ્પનું મિશ્રિતપણું થયું છે. મિશ્રિતપણાનો અર્થ એવો નથી કે થોડી ત્યાં શુદ્ધતા અને થોડીક અશુદ્ધતા એને મિશ્રિત કહ્યું છે. સમજાણું કાંઈ?

અહીં તો જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન એમ ને એમ રહે છે. છતાં એની એને ખબર નથી. એ જ્ઞાનાનંદમાં લક્ષ અને દૃષ્ટિ નથી. રાગ અને પુણ્ય અને વિકલ્પ ઊઠે તેમાં એની દૃષ્ટિ છે. એથી તેને મિશ્રિતપણું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અનુભવમાં એટલે જાણવામાં આવતા '**જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે...**' વિકલ્પ શુભ-અશુભભાવની સાથે સંકરપણું, એકપણું એને મનાઈ ગયું છે. ભલે એમ માન્યું, અને હો. તો '**પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...**' દેખો! એ રાગાદિ વિકલ્પ એ મલિન અને દુ:ખરૂપ અને મારો આનંદસ્વભાવ ભિન્ન છે. એમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન. સર્વ પ્રકારે કેમ કહ્યું? કે રાગનો એક અંશ પણ મારા સ્વરૂપમાં નથી. એમ ભેદજ્ઞાની પરથી ભિન્ન આત્માને જાણીને. સમજાણું કાંઈ?

**'સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...'** **'परमविवेककौशलेनायम'** એમ છે પાઠ. **'સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં...'** પરમ છે ને? એ પરમ એટલે સર્વ પ્રકારે. **'પ્રવિણપણાથી...'** આ ચૈતન્ય જ્ઞાનાનંદ છે અને આ રાગાદિ દુઃખરૂપ અને વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ વાસ્તવિક જીવ તત્ત્વનો સ્વભાવ નથી. આ જીવતત્ત્વની વ્યાખ્યા છે ને? દયા, દાન, વ્રત, કામ, ક્રોધના શુભાશુભ વિકલ્પો એ જીવસ્વરૂપ નથી. એ જીવથી ભિન્ન સ્વરૂપ છે. એને અને આ જીવને મિશ્રિતપણું વર્તમાનમાં દેખાવા છતાં સર્વ પ્રકારે તેનાથી ભિન્નપણાના વિવેક કૌશલ્યને લઈને **'આ અનુભૂતિ છે તે જ હું છું'**. એ રાગ દયા-દાનનો જાણનાર, એ જાણનાર તે હું છું. આ રાગ તે હું નહિ. સમજાણું કાંઈ? આમ ચૈતન્યની સત્તામાં મોજૂદગીમાં જે જ્ઞાનાનંદ દેખાય છે અને એના જ્ઞાનમાં રાગાદિ પુણ્ય-પાપ દેખાય છે એ રાગાદિમાં હું નથી. એનો જાણનાર, એનો જાણનાર જાણવાનું જ્ઞાન, એ જ્ઞાનની અનુભૂતિ તે આખો આત્મા છે. સમજાણું કાંઈ?

**'સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં...'** એટલે બહિર્મુખથી અંતર્મુખ થયો એ સર્વ પ્રકારે ભેદજ્ઞાન થયું. એમ કહે છે. સમજાણું કાંઈ? જે બાહ્યમાં રાગાદિ વિકલ્પની સાથે બહિર્બુદ્ધિએ મિશ્રિતપણું સ્વચ્છત્વનો સ્વભાવ રહેલો (હોવા) છતાં રાગ તે હું એમ બહિર્મુખની દૃષ્ટિ હતી, એ સર્વ પ્રકારે ભેદજ્ઞાનની કુશળતાથી એટલે કે તેના તરફનું લક્ષ છોડીને અંતર્મુખમાં ગયો, એણે રાગથી ભિન્ન આત્માને 'આ આત્મા તે જ્ઞાનાનુભૂતિ' એમ એને અનુભવ થયો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય અને જ્ઞાન જ્યોતિસ્વરૂપ, એમાં જે આ વિકલ્પો પુણ્ય-પાપના છે એ બહિર્મુખે જાણે ચૈતન્યના દ્રવ્યમાં મિશ્રિત હોય, એક હોય એમ દેખાય છે. એમ અનાદિથી માન્યું છે. અનાદિથી માન્યું છે. એ ખરેખર જ્ઞાયક જ્યોતની સાથે રાગ એક થયો નથી. ઝીણી વાતું બહુ પણ, હોં! વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યની જ્યોત પ્રભુ, એમાં રાગાદિ જાણે મિશ્રિત હોય, એમ એના જ ઉપરના અસ્તિત્વની મોજૂદગીને સ્વીકારતો અનાદિનો અજ્ઞાની એને જ આત્મા માની રહ્યો છે. આહાહા..! છતાં અંદર ભેદજ્ઞાનની છીણી કરવાનો પ્રસંગ છે. બે એક થયા નથી. ખરેખર બે એક નથી થયા, એમ કહે છે. મિશ્રિતપણું હોવા છતાં પણ, એમ. સમજાણું કાંઈ? સર્વ પ્રકારે ભેદકૌશલ્યતા. ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ, જેમાં જણાય રાગ, તે રાગ જેમાં જણાય તે હું. જે રાગાદિ જણાય એમાં હું નહિ. સમજાણું કાંઈ?

**'આ અનુભૂતિ છે તે જ હું છું...'** એટલે રાગને જાણનાર... જાણનાર... ને સ્વને જાણનાર એવી જ્ઞાનની દશા, તે દશા તે આ આત્મા છે એમ અનુભૂતિ તે જ હું છું. **'એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...'** દેખો! પહેલાં રાગનું થાતું હતું. ઝીણી વાત છે. રાગ પુણ્ય-પાપના વિકલ્પનું જ્ઞાન હતું. જ્ઞાન તો જ્ઞાનનું હતું. પણ માનતો હતો કે જાણે વિકલ્પથી જ્ઞાન એક થયું છે. સમજાણું કાંઈ? જ્ઞાન જાણક સ્વભાવ તો જાણક સ્વભાવનો જ હતો. પણ જાણક સ્વભાવ સાથે ઓલો વિકલ્પ, એની દૃષ્ટિ અંતરમાં નથી એથી જેવો વિકલ્પ

બહિર્મુખ છે એની સાથે આ વસ્તુ જાણે એકમેક મિશ્રિત થઈ હોય, એમ એ માનતો હતો. એક થઈ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહારનું તો કે દિ' ગરી ગયું છે અંદર? એ તો ભેદ જ છે. બહારની સાથે સંબંધ પણ શું છે? રજકણ સ્પર્શ્યા જ નથી. આ તો જે સ્પર્શેલા છે એની સાથે વાત કરે છે. શું? શરીર, વાણી, મન, જડ પરમાણુને તો કદી સ્પર્શ્યો જ નથી આત્મા. ત્રણ કાળમાં સ્પર્શ્યો નથી. ફક્ત સ્પર્શ થયો છે એને રાગ-દ્વેષના વિકલ્પની સાથે. કારણ કે એક સમયનો અનિત્ય તદાત્મ્યભાવ એને પોતાનો ભાવ જાણી ત્યાં રોકાઈ રહેલો છે. આહાહા..!

બીજી રીતે કહીએ તો એ જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્ય જ્યોતથી બાહ્ય લક્ષે પ્રગટેલા પુણ્ય-પાપના ભાવ એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. એ અજીવ સ્વરૂપને, આ જીવ સાથે જાણે મિશ્રિત હોય એમ માનીને, તેમાં જ હું છું એમ માનીને રખડી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...**' '**परमविवेककौशलेनायम**' સર્વ પ્રકારે પરમ, ત્યાં પરમ લીધું છે. વિવેક ભિન્ન. એની કૌશલ્યતા, પ્રવીણતા. ભગવાન આત્મા જેમાં જણાય એ જાણનાર ભૂમિકા તે આત્માની છે. રાગ અને વિકલ્પ એ આત્માની ભૂમિકા નથી. એ આત્મામાં છે નહિ. આહાહા..! આમ અંદર જાણે ત્યારે તેને આત્મજ્ઞાન થાય એમ કહે છે. વૈદરાજજી! એ વિના ધર્મ-બર્મ છે નહિ. લાખ જાત્રા જાય, લાખ સમ્મેદશિખરના માથા ફોડે જઈને. કાંઈ ધર્મ-બર્મ નથી એમ કહે છે. રાડ નાખે. સાંભળને હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં સુધી કાંઈ ધર્મ-બર્મ છે નહિ.

મુમુક્ષુ :- ત્યાં સુધી કરવું શું?

ઉત્તર :- આ કરવું. જાણવાનો પ્રયત્ન આ કરવો. જે પ્રયત્ન રાગ અને પર તરફ કરે છે. એ આ કરવો. એ માટે તો અહીં કહે છે.

આ તો 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ દિગંબર સંત ટીકા કરે છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં બિરાજમાન હતા. ભગવાન પાસે ગયા હતા. આવીને આ લાવ્યા. અને કહે છે કે ભગવાન આમ કહે છે અને અમે પણ એમ માનીએ છીએ અને અનુભવીએ છીએ. આહાહા..! અરે..! ભગવાન! અરે..! પ્રભુ! ઓલી ગરી ગઈ છે ને બહુ. ક્યાંય સૂઝ પડતી નથી. પણ સૂઝ પડતી નથી એ જ સૂઝ પડે છે અંદર. સમજ્યા? વૈદરાજજી! એક છોકરો અમને પૂછતો હતો. સાત વર્ષનો છોકરો. સાત વર્ષનો, હોં! મહારાજ! તમે આત્માને જુઓ જુઓ (એમ) કહો છો. સાત વર્ષનો છોકરો. હમણાં ત્રણ-ચાર વર્ષ પહેલાં. અહીં જામનગરનો. છોકરો અત્યારે દસ વર્ષનો થયો. એ પૂછતો હતો. ઊભો થઈ ગયો. ચર્ચા ચાલતી હતી. અમે તો બધાને પ્રભુ-પ્રભુ કહીએ ને. ઊઠીને કહે, પ્રભુ! આપ કહો છો કે આત્માને

દેખો. તો આંખ બંધ કરીએ તો અંધારું દેખાય છે. આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. કોને દેખવો? એમ પૂછ્યું. વૈદરાજજી! પછી એને કહ્યું, ભાઈ! અંધારું દેખાય છે એ શેમાં દેખાય છે? અંધારું અંધારામાં દેખાય? કે અંધારું ચૈતન્યમાં દેખાય? હજી સમજતા નથી. અંધારું દેખાય છે ને? અંધારું. અંધારું અંધારામાં દેખાય છે કે ચૈતન્યમાં દેખાય છે? ચૈતન્યમાં અંધારું દેખાય છે. આ અંધારું છે એમ નક્કી કોણ કરે છે? જ્ઞાન કરે છે. જ્ઞાનમાં અંધારું નથી. પણ જ્ઞાન, આ અંધારું છે એવો નિર્ણય કરે છે. પકડી શકતા નથી. મૂળ એ લાઈન જ નથી ને. ઓલો તો સાત વર્ષનો છોકરો હતો. કહ્યું કે હા. એમ કહ્યું હોં! પ્રભુ! અંધારું દેખાય છે ને? તો અંધારામાં અંધારું દેખાય છે? અંધારાના અસ્તિત્વમાં અંધારું દેખાય છે? કે ચૈતન્ય પ્રકાશમાં અંધારું દેખાય છે? તો ચૈતન્ય પ્રકાશ જોવે છે કે આ અંધારું છે. તો ચૈતન્યપ્રકાશનો નિર્ણય થયો. આહાહા..!

મુમુક્ષુ :– ચૈતન્યપ્રકાશ અને બે ભિન્ન થઈને.

ઉત્તર :– બે ભિન્નનો નિર્ણય થયો. ત્યાં ક્યાં કોઈ દિ' વિચાર કર્યો નથી. એમ ને એમ આંધળે આંધળી દોડ. અંધારું છે ને? એ કાંઈ અંધારું અંધારાને જાણે? ન જાણે. શું? અંધારું અંધારાને જાણે? ન જાણે. એ જડની પર્યાય છે. જાણનાર તો જ્ઞાન છે કે આ અંધારું છે. હું અંધારું નથી.

એમ અહીંયાં કહે છે, દેખો! રાગાદિ અંધારું છે, વિકાર છે. તો કહે છે કે સર્વ પ્રકારે ભેદજ્ઞાન. એ નહિ. આ નહિ. આ... આ... આ... આ જેમાં જણાય, જેમાં જણાય, જેમાં જણાય તે જાણનાર તે આત્મા. આ નહિ. સમજાણું કાંઈ? અહીં તો દિશા ફરે ત્યારે દશા ફરે, એમ કહે છે. આહાહા..! શું થાય? આખી વિદ્યા, આત્મવિદ્યા જે હિન્દુસ્તાનની અને જૈનદર્શનની મૂળ ચીજ આખી ફેરફાર, બહુ ફેરફાર (થઈ ગયો). બાહ્ય ત્યાગથી માપ કરવા માંડ્યા. પછી બહુ ઓલા કહે, ચરણાનુયોગમાં આવા આચરણ છે, એ આચરણથી આનું અનુમાન થાય. પણ અનુમાન ચરણાનુયોગથી થાય નહિ. સાંભળ તો ખરો. એનું અનુમાન તો અંદર સમ્યગ્જ્ઞાનથી થાય. સમજાય છે કાંઈ? આહા..! બાલં પશ્યન્તી લિંગમ્. અજ્ઞાનીઓ લિંગ ભેખને દેખે. મિશ્ર જીવો સાધારણ એની ક્રિયાકાંડ કેવી છે એમ દેખે. તત્ત્વજ્ઞાની તેની દૃષ્ટિ અને સ્વભાવનું વલણ ક્યાં છે એ દેખે. આહાહા..! સમજાય છે?

અહીં તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' 'કુંદકુંદાચાર્ય' મુનિ દિગંબર હતા. એના ૯૦૦ વર્ષ પછી થયા. અત્યારે ૯૦૦, પછી હજાર. કહે છે કે ભાઈ! તું આત્મા છો ને. એ આત્મા તો જ્ઞાન અને શુદ્ધ સ્વરૂપ છે ને ભાઈ! એમાં રાગાદિ છે એ આત્મા છે કે એ તે રાગનો જાણનાર છે? જાણનાર, એનો જાણનાર એ રૂપે થાય કે એનો જાણનાર પોતાના રૂપે રહે? આહાહા..! સમજાણું? જેમ શરીરનો જાણનાર શરીર રૂપે રહે? જાણનાર જાણનાર રૂપે રહે ત્યારે શરીરને જાણે. જાણનાર જાણનાર રૂપે રહીને શરીરને જાણે. શરીર રૂપે થાય આત્મા?

એમ આત્મા જાણનાર જાણનાર રહીને રાગને જાણે. તો રાગથી પૃથક્ થઈ ગયો એ તો. સમજાણું કાંઈ?

એનો અર્થ એ કે જે મિશ્રિતપણું હતું રાગ સાથે એ વિકલ્પ ને પુણ્યપાપ સાથે જે બહિરલક્ષમાં હતો, એને આ જાણે છે કોણ? તો જાણે છે એવું અંતર્મુખ જ્ઞાન થયું. જાણનાર આ જ્ઞાનદશા, આ જ્ઞાન. એ અંતર વળી જ્ઞાન તે આત્મા, એમ જ્યાં અનુભૂતિ થઈ એનું નામ આત્મજ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આત્મજ્ઞાન એટલે જે ઓલું રાગનું જ્ઞાન હતું એમ માનતો. પુણ્ય-પાપ આદિ રાગનું જ્ઞાન અથવા રાગરૂપ હું. સમજાય છે? રાગનું જ્ઞાન. એ વખતે કાંઈ જ્ઞાન રાગનું નહોતું. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પ... છતાં અહીંથી જ એ કીધું છે કે અનુભૂતિ તે હું છું. એ વખતે પણ જ્ઞાન જ્ઞાનનું જ હતું. પણ રાગ સાથે મિશ્રિત છે એમ માન્યું હતું. સમજાણું કાંઈ? કારણ કે એનું લક્ષ ત્યાં હતું ને એટલે આ જ્ઞાન જ્ઞાનનું છે અને રાગને જાણનાર જ્ઞાનનું છે, એમ નહોતું. પણ આ રાગનો જાણનાર એ ત્યાં રોકાઈ ગયેલો હતો, એમ કહે છે. સમજાય છે?

એ '**સર્વપ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવિણપણાથી આ અનુભૂતિ છે...**' જાણનાર રાગથી લક્ષ ખસ્યું. રાગથી લક્ષ ખસ્યું. ભેદ થયો ને? ખસીને આ જાણનાર તે હું, એમ અંતરમાં ગયો કે આ અનુભૂતિ છે તે હું. અનુભવ નામ જાણનારનો અનુભવ થયો તે આત્મા છે. રાગ એ આત્મા નહિ, દયા-દાન આત્મા નહિ, વ્યવહાર વિકલ્પ એ આત્મા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...**' શું કહે છે? '**આ અનુભૂતિ છે તે જ હું છું એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે...**' જુઓ! જ્ઞાનમાં આત્મા જાણ્યો કે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ છે. એ રાગરૂપ, પુણ્યરૂપ, બહિર્મુખપણાના વિકલ્પપણે અંતર્મુખ ચીજ કોઈ દિ' થઈ નથી. બહિર્મુખના વિકલ્પપણે અંતર્મુખની ચીજ બહિર્મુખપણે કોઈ દિ' થઈ નથી. એમ બહિર્મુખના લક્ષથી છૂટી ભેદજ્ઞાન કર્યું. ભાષા. એનો અર્થ એ કે પરના લક્ષથી છૂટી ભેદજ્ઞાનના પ્રવીણપણાથી. એટલે એના લક્ષથી છૂટીને અંદરમાં ગયો જ્ઞાનસ્વરૂપ આ જ્ઞાન તે આત્મા. તે આત્મા જેવો જાણ્યો તેવો જ છે. ચૈતન્ય શુદ્ધ. પર્યાયમાં આનંદ આવ્યો, પર્યાયમાં જ્ઞાન આવ્યું એને પકડવાનું, અનુભૂતિ થઈ, પ્રતીત આવી. આ જ આત્મા એમ જે જાણ્યો, તેવો જ છે. જાણ્યો જ્ઞાનમાં તેવો જ છે. '**એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે ત્યારે...**' એને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ જગતના નાના નાના ખેલની કુંચી, કુંચી ને રેસા ને ફેસા કાઢે. રસ-રસ. રસ-કસ નથી કહેતા? રસ-કસ કાઢે. શેરડીના છોતરાનો પણ અંદર જરી કસ ન રહી જાય તો આમ લોઢાના ચીચોડે (ચડાવીને) કસ કાઢે છે. આ શેરડી સમજ્યાને? ગન્ના. શેરડીના કટકા હોય છે ને. દાંતમાં ચૂસીને કાઢી નાખે તો થોડો તો રસ રહે, હોં! અને ઓલા લાકડાના

ચીંચોડામાં જે કરતા લાકડાના પીલવાના, તોપણ થોડો રસ રહે. સમજ્યા? હવે લોઢાના થયા. કૂચા એકલા. એકલો કસ કાઢી નાખે અંદરથી. રસ લઈ લે એકલો આખો. સમજાય છે કાંઈ? એમ આત્માનો રસ, જ્ઞાનરસ એ રાગના કૂચામાં નથી. આહાહા..!

ભેદજ્ઞાનની છીણીએ બહિર્મુખના રાગને, અંતર્મુખના જ્ઞાનને જુદું પાડી અને આ અનુભવ થયો તે આત્મા છે એમ જાણ્યું છે. સમજાણું કાંઈ? એ વાતની વાતું નથી ભાઈ! એ તો અંદરની વાતું છે. એટલે એ કાંઈ શબ્દે પકડે જણાય એવું નથી. આ વસ્તુ–આ વસ્તુ જેની હયાતીમાં અસ્તિપણે જેની મોજૂદગીમાં જ્ઞાન છે. આ રાગ છે એ રાગ આ છે, આ છે એણે રાગ જ જાણ્યો? આ રાગ છે એ જાણ્યું તો જ્ઞાને. એટલે રાગ અને જ્ઞાન બે એક નથી. એથી જ્ઞાન અંતર્મુખ થઈને આ આત્મા છે, એમ જાણ્યું. સમજાણું કાંઈ?

**'આ અનુભૂતિ છે તે જ હું છું એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...'** શું? શ્રદ્ધાન. એમ ને? શ્રદ્ધાન. **'આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...'** શું? કે **'આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે...'** એમ. પ્રાપ્ત થતું શ્રદ્ધાન ઉદય થાય છે. સમજાણું કાંઈ? **'એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...'** એમ. આત્મજ્ઞાન થયું એમાંથી પ્રાપ્ત થતું. **'આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે...'** એકલો જ્ઞાનનો ગોળો, જ્ઞાનનો પિંડ આનંદનો રસકંદ એ છે. **'એવી પ્રતીતિ...'** જાણવાથી પ્રતીતિ થઈ. કાંઈ જાણ્યા વિના પ્રતીતિ શેની? એમ કહે છે. જે ચીજ જાણી નથી એની શ્રદ્ધા કરો. પણ શી રીતે કરે શ્રદ્ધા? કહો, સમજાણું આમાં? **'જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ...'** કોનું? કે શ્રદ્ધાન. **'એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...'** શ્રદ્ધાન, આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું સમકિત પ્રગટ થાય છે. આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું સમકિત પ્રગટ થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાણું આમાં? આત્મજ્ઞાન એટલે આ આત્મા એમ જ્ઞાન (થયા) વિના પ્રતીત ક્યાંથી આવી? કોની આવી? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહારમાં ખસેલું જ પડ્યું છે. ક્યાં ગરી ગયું છે અંદર? મફતનો ગમે તેટલો પોકાર કરે નહિ. ત્યાં ગરી ગયું છે ત્યાં? મહાસુખ અહીં ગરી ગયો છે અંદર? એ ત્યાં બધા પડ્યા છે ત્રણે એના ઘરે. મફતનો વિકલ્પની જાળ ઊભી કરી અને એને જાણનારો જુદો છું એમ ન માનતા આ જ હું છું. એમ માને છે, લ્યો! એનો પોતાનો અપરાધ છે કે કો'કનો અપરાધ છે એમાં? સમજાણું કાંઈ? આ જણાય છે એમ કહે છે. દેખો!

**'આ અનુભૂતિ છે તે જ હું છું એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...'** સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન થતાં આ આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? જ્યારે હવે સમ્યક્ થયું, આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું સમ્યગ્દર્શન થયું **'ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી...'** દેખો હવે. હવે ઠરવાનું નક્કી થઈ ગયું. સમજાણું કાંઈ? શું કહ્યું? **'સમસ્ત**

**અન્યભાવોનો ભેદ થવાથી...**' શું કહ્યુ? આત્મજ્ઞાન થયું કે આ આત્મા તે જ્ઞાનાનંદ, રાગાદિ નહિ. એમ ભાન થયું ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ થયું. જ્યારે જાણ્યું એની પ્રતીત થઈ. જાણ્યા વિના પ્રતીત શેની? એમ કહે છે. આ આત્મા, એમ પ્રતીત-શ્રદ્ધા થઈ. શ્રદ્ધા થઈ '**ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી...**' દયા, દાન, વિકલ્પાદિ તે મારા નથી એમ ભેદ થવાથી '**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે...**' દેખો હવે.

'**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે...**' નિઃશંક ઠરવાને એટલે? આમ ઓલો રાગમાં ઠરતો હતો આમાં ઠીક છે.. આમાં ઠીક છે.. એમ મિથ્યાત્વમાં ઠરતો ને એમાં? નિઃશંક થયો કે આ સ્વરૂપમાં જ ઠરવું એ જ ચીજ છે. વિકલ્પાદિ ભેદથી જુદો પડતા '**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું...**' જુઓ! ભાષા. બધામાં ઉદય, ઉદય. સમજાણું? શ્રદ્ધાનો ઉદય થયો. આ સૂર્ય ઊગે, કહે છે ને? સૂર્ય ઉદય થયો. એમ અહીંયાં સમકિત ઉદય થયો. 'સમકિત રૂપી રે સૂરજ ઊગિયો.' એ એમ કહે છે. ક્યારે પણ? ઉદય કીધો. એય..! સમકિતનો ઉદય! ઉદયભાવ! ઉદય એટલે પ્રગટવું. ઉદયભાવ નહિ. સેઠી! આહાહા..! સૂર્ય ઉદય પામ્યો. આ ઉદય થયો. આનો હમણાં ભાગ્યોદય છે, એમ કહે છે ને માણસ? ભાગ્યોદય છે. આને આ ઉદય છે. અહીં કહે છે, સમકિત ઉદય થયું. એટલે? કે આત્મજ્ઞાન થયું આ આત્મા. આત્મજ્ઞાન એટલે કે આત્માનું જ્ઞાન. આત્મજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. આત્મજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. જે આમ રાગાદિનું જ્ઞાન માનીને બેઠો હતો એ મિથ્યા ભ્રમ હતો. કારણ કે એ જ્ઞાન રાગનું નથી. જ્ઞાન આત્માનું હતું. એ જ્ઞાન આત્માનું છે એમ ભાન આત્મજ્ઞાન થયું ત્યારે આત્મજ્ઞાનમાં શ્રદ્ધા ઉદય થાય છે. ત્યારે સમ્યગ્દર્શનનું પ્રગટપણું થાય છે. ઉદય એટલે પ્રગટ થાય છે. આહાહા..! શાંતિથી વિચારેને આ બધા શાસ્ત્ર. પણ એકદમ તકરાર, વાદવિવાદ કરે. બાપુ! આવો વખત છે ને વિચાર તો કર. તારા માટે તો જો. વાદવિવાદનું શું કામ છે તારે? બીજો ભલે ગમે તે કરતો હોય, ખોટું કરતો હોય. પણ પોતાને સ્વાધ્યાયથી, ન્યાયથી શું આચાર્ય કહે છે અને કેમ હોવું જોઈએ, એમ પોતા માટે નિર્ણય કરવાનો વખત લે નહિ અને બીજા માટે પડ માંડે. એય..! સોનગઢવાળાએ આ કર્યું. બધું કર્યું એણે.

અહીં કહે છે કે શ્રદ્ધાન ઉદય થાય છે. ત્યારે ઉદય થાય છે. તે વિના સમકિત પ્રગટ થતું નથી. આ વસ્તુ આત્મા તે જ્ઞાન અને જ્ઞાન તે આત્મા, એમ અનુભવ થયો ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ્યું. ત્યારે ચારિત્ર ઉદય થાય છે, પછી એમ કહે છે. એ વિના ચારિત્ર હોય નહિ. વૈદરાજજી! એ વિના જોડા-બોડા છોડવા ને ફોડવા કહે છે એ મિથ્યાત્વનું પોષણ છે, એમ કહે છે. માને કે અમે જોડા છોડ્યા, અમે સહન કરીએ છીએ. મુનિ સહન કરે છે ને એટલે અમે સહન કરવાનો અભ્યાસ કરીએ છીએ. શેનો પણ અભ્યાસ? વાત બીજી છે આ. દીકરીએ કહ્યું ને? છોકરીએ. બહેને કહ્યું ને તમારા ઘરની દીકરીએ? પિતાજી! આ સાંભળો. સાંભળતા

હતા બરાબર, હોં! એટલે કહે છે. સાંભળો, સાંભળો પિતાજી! આ સાંભળો. આ વાત બીજી છે. અત્યાર સુધી બધા મીંડા છે. આહાહા..!

કહે છે.. આહાહા..! ભાષા જુઓને બધી! આ ઉદય પામે. '**श्रद्धानमुत्प्लवते**' એમ છે ને? '**उप्लवते**' ભાષા એમ છે. '**श्रद्धानमुत्प्लवते तदा समस्तभावान्तरविवेकन निःशङ्कमवस्थातुं शक्यत्वादात्मानुचरणमुत्प्लवमानमात्मानं**' એમ છે. બેયમાં એ શબ્દ છે. આહાહા..! સંસ્કૃતની એ તો વાત કરી, હોં! આ તો ઉદયનો શબ્દ શું વાપર્યો છે એમ જોયું. '**मुत्प्लवमान**' વ્યુત્સર્ગ. પંડિતજી! ઊત છે ને. વિશેષપણે પ્રગટ થાય છે. '**उप्लवते**'. કહો, સમજાય છે કાંઈ? '**ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી...**' જ્યારે સમ્યગ્દર્શનમાં ભાન થયું, આત્મજ્ઞાન થયું એટલે પ્રતીત થઈ, ઉદય થઈ ત્યારે એમ થયું કે અન્ય ભાવોનો ભેદ થઈ ગયો. કોઈપણ વ્રતાદિના વિકલ્પો, દયા દાનના વિકલ્પથી આત્મા ભિન્ન પડી ગયો. એમાં ને એમાં છે હજી. ફેર છે એમાં? હિન્દી છે ને હિન્દી? ઠીક.

'**સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ લીધે...**' જુઓ! નિઃશંકપણું આવ્યું પહેલું. આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એમાં જ ઠરવું તે ચારિત્ર છે, એમ નિઃશંકપણું (થયું). સમ્યગ્દર્શન થયું એટલે નિઃશંક ઠરવાને નક્કી થયું. આ રાગ કરું તો આમ થાશે, વિકલ્પ કરું તો આમ થાશે, વ્યવહાર કરું તો આમ થાશે, પછી કરું તો થશે એ વાત ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..! કો'કને આ માર્ગ લાગે એલ.એલ.બી. અને બી.એ.નો હશે મોટો જાણે. ક્યાંયનો હશે. આ તો હજી પહેલા એકડાની વાત છે. એય..! વિજયકુમારજી! આ જાણે તમારે મોટા મોટા એમ.એ. ભણે છે ને એવી હશે આ વાત? આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શનની વાત પહેલી છે. સમજાણું કાંઈ?

'**ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી...**' એટલે? વિકલ્પમાત્ર ચૈતન્યના અંતર્મુખની દશામાં નથી અને બહિર્મુખનો વિકલ્પ તેની સાથે એકપણું નથી. એમ થવાથી '**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું...**' દેખો! એ આત્માનું આચરણ એ ચારિત્ર છે. આત્મા જ્ઞાનાનંદમાં ઠરવું એ આચરણ છે, એનું નામ ચારિત્ર છે. આ પંચ મહાવ્રત આદિ વિકલ્પ એ ચારિત્ર નથી. આહાહા..! એ તો આસ્રવ છે. આત્માનું આચરણ ઉદય થતું. કહો, સમજાણું? '**આત્માને સાધે છે.**' લ્યો ઠીક! ચારિત્ર આવ્યું ને. એ .. આત્માને સાધે છે. ખરેખર ચારિત્ર થયું ને. મોક્ષનું સાક્ષાત્ કારણ તો એ છે. એટલે ત્યાં સાધે છે એમ લઈ લીધું.

મુમુક્ષુ :- આચરણ.

ઉત્તર :- હા. ઠેઠ લીધું. ઓલું તો આત્મજ્ઞાનથી શ્રદ્ધા ઉદય થઈ અને શ્રદ્ધા થઈને ચારિત્ર (થયું), એ ચારિત્ર આત્માને સાધે છે, એમ. પૂર્ણને સાધે છે. આત્માને સાધે. એ આત્માને સાધે છે. એટલે પૂર્ણ પ્રાપ્તિમાં ચારિત્ર સાધન (છે). પણ એ ચારિત્ર સ્વરૂપમાં રમવું

એ ચારિત્ર છે. આહાહા..! આત્માનું આચરણ. વ્યવહાર વિકલ્પ છે એ આત્માનું આચરણ નથી. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ આત્માનું આચરણ નથી. એ રાગ છે, આસ્રવ તત્ત્વ છે એ તો. રાડ નાખે, રાડ નાખે. બાપુ! શું કરવા? શાંતિથી જો ને. શાંતિથી જો ને. તારા ઘરના સ્વભાવમાં આટલી કિંમત છે એની કિંમત દેતો નથી, તું રાગની કિંમત દેવા જા તો તારી મૂર્ખાઈ થાય છે. સમુળગો તું તારા ઘરની મોટપને મોટપ દેવા ન જા અને આ રાગને મોટપ દેવા જા તો તારી મૂર્ખાઈ થાય છે. આહાહા..!

ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના આચરણને સાધે છે. '**આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.**' એ ઉપપત્તિની એક વ્યાખ્યા થઈ. હવે '**અન્યથા અનુપપત્તિ છે..**' એની બીજી વ્યાખ્યા કરશે. આમ સાધ્ય નામ મુક્તિની પર્યાય એવી આત્માની સિદ્ધિની આ રીતે પ્રાપ્તિ છે. એ સિવાય બીજી રીતે પ્રાપ્તિ નથી. કહો, બરાબર છે? હવે ઘરે જઈને આ વાંચવું જોઈએ ન બેસે તો. એમ ને એમ અહીં સાંભળ્યે ન રાખવું પાછું. વાંચવું જોઈએ. એય..! સેઠી! મેળવવું જોઈએ. વાત તો કેટલી આવે છે. પોણા કલાકથી તો ચાલે છે.

મુમુક્ષુ :- આ ભાવ જ આવતા નથી.

ઉત્તર :- નથી ભાવ આવતા તો રસ છે ઓલાનો. તમે તો બાયડી-ભાયડો બે છો. તમને રસ નથી આવતો શું છે? ઓલા ઝાઝા છોકરા-છોકરી હોય એ સલવાણા હોય. તમે ક્યાં સલવાણા છો ત્યાં? એનો રસ આવવો જોઈએ. સંસારમાં કેમ રસ આવે છે? કોઈ પાંચ હજારની પેદાશ એક કલાકમાં બતાવે તો હેં! એમ થઈ જાય. હેં! શું હેં? મરવાનું છે, મરને હવે. પાંચ હજાર આવે તો મરીશ ત્યાં રાગમાં. હેં! શું હેં? એક કલાકમાં પાંચ હજારની પેદાશ. એક કલાકમાં પાંચ હજારની પેદાશ. ક્યાં? એમ અંદરથી આવે હોં! હેં! મરવાનું છે હવે સાંભળને. પાંચ હજાર આવે તો શું છે? તારા પુણ્ય પૂર્વના હશે એ બળી જશે અને રાગ કરે છો એનું પાપ બંધાશે. હવે એમાં તને હેં! આવે છે. સીત્તેર લાખના કરોડ થાશે. શેના? ફિલમના. કહ્યું હતું એણે. કહ્યું હતું નહિ? એણે કહ્યું હતું મને. પૂનમચંદને ૭૦ લાખની ફિલમ છે એના કરોડ થાશે. કહો, સમજાણું? પણ શું ધૂળ છે હવે ૭૦ લાખ અને કરોડમાં. એમાં આત્માને શું? ઊંચો થયો કે હેઠો પડ્યો?

આ આત્મા. આહાહા..! રાગથી અધિક એટલે ભિન્ન, પુણ્યથી ભિન્ન, વ્યવહારથી ભિન્ન એવા આત્માનું જ્ઞાન થતાં, શ્રદ્ધા પ્રગટ થતાં આ જ આત્માનું આચરણ કરવું અને અનુભવ કરવો, એનાથી આત્માની સિદ્ધિ છે. બાકી કોઈ રીતે (સિદ્ધિ થતી નથી). જુઓ! આ ત્રણ જ માર્ગ કહ્યા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ. એક જ. બીજો કોઈ વ્યવહાર-ફ્યવહાર બીજો હતો એ મોક્ષમાર્ગ છે, એમ ના પાડે છે અહીં જુઓ! અહીં તો એક જ મોક્ષમાર્ગ છે, એમ કહે છે. 'ટોડરમલે' ઘરનું નથી કહ્યું. 'ટોડરમલજી'એ મોક્ષમાર્ગ બેનું પ્રરૂપણ કહ્યું છે. બે માર્ગ કહ્યા નથી. કથન કહ્યું છે એ શાસ્ત્રમાંથી કહ્યું છે. એણે ઘરનો એક શબ્દ કહ્યો

નથી. એને ઉડાવે. એ અહીં પૂછે છે કે આ સંસ્કૃતની ટીકાનો અર્થ છે કે અદ્ધરથી કરો છો? એમ કહે છે. કે હિંમતભાઈએ અદ્ધરથી કર્યા છે? હિંમતભાઈએ. આ સંસ્કૃત ટીકાનો અર્થ છે. અમારે દલાલ છે ઈ. સંસ્કૃત ટીકાના અર્થ છે ને આ? હિંમતભાઈએ કરેલા. કે અદ્ધરથી છે? આ સંસ્કૃત ટીકાના છે આ. '**निःशंकमवस्थातुं शक्यत्वादात्मानुचरण-मुत्प्लवमानमात्मानं साधयतीति साध्यसिद्धेस्तथोपपत्तिः**' આ જ છે. અહીં તો અક્ષરે અક્ષર હિંમતભાઈએ અક્ષરે અક્ષર લખ્યું છે આ. પહેલા એટલું બધું નહોતું ચોખ્ખું. થોડુંઘણું કરેલું ભાઈએ ઠીક કર્યું. જયચંદ્ર પંડિતે. પણ આ તો બરાબર શબ્દે શબ્દ લખ્યું છે. 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય', 'નિયમસાર' સંસ્કૃત ટીકાને અડીને કર્યું છે. જુઓને, અત્યારે નથી કરતા, આટલા વર્ષથી માથે નાખ્યું તોપણ. સંસ્કૃત ટીકા હાથ આવતી નથી. આચાર્યની ટીકા વિના શું કરવું એકલું? એ રખડ્યું અત્યારે. એ આચાર્યની ટીકા હોય તો કરે. નહિતર કરતા નથી ઈ. કહો, સમજાણું આમાં? એમ કે આચાર્યનું હોય તો મારે સ્પષ્ટીકરણ આશ્રય લઈને કરવું છે. આપણા ઘરનો એકેય અક્ષર ન થાય. આચાર્યના હૃદય હોય એ સામાન્યપણે એમણે કહ્યું હોય કે આ કહેવાનું છે એમ કરીને ખોલાય. પણ એમણે ન કહ્યું હોય એટલે એક અક્ષર આપણાથી કહેવાય નહિ. મહા સંતો, દિંગબરો મુનિઓ, સંતો કેવળજ્ઞાનીના કેડાયત, કેવળજ્ઞાનીના કેડાયત, તીર્થંકરના કૂળના જન્મેલા. એવા સંતો દિગંબરો એ સિદ્ધના કૂળમાં જનારા એમણે એક એક અક્ષર કહ્યો છે. એનાથી કોઈ વિરૂદ્ધ કેમ લખે? સમજાય છે? એ સંતો મહા ભવભીરુ હતા. ભવભીરુ... ભવભીરુ...

'ધવલ'માં લખે છે કે અરે..! આ બે પ્રકૃતિ આમ કહી છે આઠમે. ફલાણે આટલી કહી છે. .. મારાથી કેમ બીજી કહેવાય? બે પ્રકાર ધારણામાં ચાલ્યા આવ્યા છે. એક પ્રકાર સાચો હશે એ વાત બરાબર છે. પણ બે પ્રકાર ચાલ્યા આવ્યા એમાં કયો સાચો એ મારાથી જીભ ન ઊપડે હવે. 'ધવલ'માં છે. આહાહા..! 'વીરસેનસ્વામી'. આઠમા ગુણસ્થાનમાં આટલા ભાગમાં એક ભાગમાં આટલી પ્રકૃતિ જાય અને બીજામાં આટલી જાય. એક આચાર્યનો મત છે કે આટલી પહેલી જાય અને પછી (બીજી જાય). બેય વાત કહે છે એ અમે સાંભળેલી પરંપરાએ ધારશું કહેશું. બેમાં વાત એક સાચી હશે. પણ મારાથી કેમ જુદી પડે? આહાહા..! સમજાણું કાંઈ? મહાસંતો આભના થોભ જેવા સંતો દિગંબરો પાક્યા છે. એમની ટીકાઓ, એમના અર્થો એ તો આત્માને સ્પર્શીને આવેલી વાત છે. એમાં ફેરફાર કરવા કોઈ સમર્થ છે નહિ. આ આચરણ. ટીકામાંથી આ અર્થો આવેલા છે. હવે પ્રાપ્તિ ન થાય બીજી રીતે એ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૪, ગુરુવાર, તા. ૧૭-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૭-૧૮. પ્રવચન નં. ૭૮**

'સમયસાર' જીવ-અજીવ અધિકાર ચાલે છે. ૧૭-૧૮ ગાથા. શું કહે છે? જુઓ! પહેલી વાત પહેલા ઈ આવી ગઈ, પહેલા પેરેગ્રાફમાં તો એમ આવી ગયું, એનાથી આ વિરુદ્ધ છે. આ આત્મા, અનાદિ કાળથી પુણ્ય-પાપ આદિ અનેક વિકલ્પોનો જે વિકાર છે તેને પોતાના માની પોતાના જીવનું અસ્તિત્વ એમાં માને છે. અસ્તિત્વ સમજ્યા? મોજૂદગી. એનાથી ભેદજ્ઞાન નથી કરતો. જેને પોતાના માને તેને જુદા કેમ કરે? અનાદિ કાળથી સંકર નામ પુણ્ય-પાપ સાથે મિશ્ર-ખીચડો, ખીચડો કરે છે. ખીચડો સમજો છો? ખીચડી નહિ પણ ખીચડા એટલે દાણાની સાથે કોઈ મગનો દાણો, બાજરીનો દાણો (ભેગો કરે). એકરૂપ દાણો નહિ અને આ એક નહિ, બધો ખીચડો. એમ ભગવાન આત્મા રાગાદિ ભાવને પોતાના માનતો હતો એને ભેદજ્ઞાની પ્રવીણતાથી, વિવેકથી, કૌશલતાથી રાગથી ભિન્ન મારી ચીજ અનુભવમાં આવવાવાળી અનુભૂતિ તે હું આત્મા છું. રાગથી ભિન્ન અનુભવમાં આવનારો આત્મા તે હું આત્મા છું. એવું આત્મજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આ જ આત્મા છે, આ જ આત્મા એવી શ્રદ્ધા થાય છે. એ શ્રદ્ધા ઉદય થાય છે. અને શ્રદ્ધા ઉદય થતાં આ જ આત્મામાં ઠરવાથી, રમવાથી અવશ્ય-જરૂર કર્મથી છૂટાશે એવો નિર્ણય થાય છે. એવો નિર્ણય થાય પછી સ્વરૂપમાં અનુચરણ કરવું, આચરણ કરવું. શુદ્ધ સ્વભાવ જેવું જ્ઞાન થયું એવી પ્રતીત થઈ, એમાં આમ રમણતા કરવી તે ચારિત્ર. તેનાથી આત્માની મુક્તિની સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

આત્માની મુક્તિ અર્થાત્ પરમાનંદની પૂર્ણતા, પરમાનંદની પૂર્ણતા, પરમ શુદ્ધતાની પૂર્ણતા આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મ અનુચરણ દ્વારા એની પ્રાપ્તિ થાય છે, અન્યથા થતી નથી. સમજાય છે કાંઈ? એ કાલે આવી ગયું છે. બીજો કોઈ માર્ગ નથી. સમજાય છે કાંઈ? પૂજા ને ભક્તિ ને દાન, દયાના વિકલ્પથી મુક્તિ નથી થતી એમ કહે છે. ઠીક હૈ? એ કાલે આવ્યું હતું. રાત્રે બોલ્યા હતા, ૫૦માં. તમે બોલ્યા પછી પકડાવ્યું, જુઓ! શું કહે છે? બોલો, કડી છે કે નહિ? પાપ કો પાપ સબ લોગ કહે. શું શબ્દ છે? પાપને પુણ્ય નહિ, પાપને પાપ બધા કહે. પાપને પાપ બધા કહે, પણ પુણ્યને પાપ વિરલ કહે, એમ છે. દ્યાનતરાયની કડીમાં આમ છે. તમે ભૂલી ગયા. ગોખે તો કાયમ બોલે. સમજાય છે કાંઈ?

અહીં તો ઈ કહે છે, પોતાનું શુદ્ધ સ્વરૂપ રાગથી વર્તમાન મિશ્રિત થાય છે એમ દેખાય છે, પણ એમ છે નહિ. પરની સાથે તો મિશ્રિત છે નહિ, પરદ્રવ્ય તો ભિન્ન જ છે, કર્મ,

શરીર આદિ તો ભિન્ન જ છે. ફક્ત પુણ્ય-પાપનો જે વિકલ્પ શુભ-અશુભ રાગ ઉઠે છે, તેની સાથે મિશ્રિત દેખાય છે (પરંતુ) એમ છે નહિ. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પથી ભિન્ન પોતાનો આત્મા આ જ્ઞાન અનુભૂતિ, જ્ઞાનસ્વરૂપ તે આત્મા, અનુભૂતિ તે આત્મા એમ પહેલાં આત્મજ્ઞાન ઉદય થાય છે–આત્મજ્ઞાન પ્રગટ થાય છે. આત્મજ્ઞાન થયું એમાં શ્રદ્ધા–સમ્યગ્દર્શન થયું કે આ જ આત્મા (છે), આ જ આત્મા, આ જ આત્મા. એમાં સ્થિર થવાથી સર્વ કર્મથી છૂટાશે, એવો સમ્યગ્દર્શનમાં નિર્ણય થયો. આત્મા આનંદકંદ છે તેમાં સ્થિર થવાથી કર્મથી છૂટાશે, એવી સમ્યગ્દર્શનમાં પ્રતીતિ થઈ. અને પછી એમાં લીનતા કરવાથી આત્મ અનુચરણ થયું, આત્મ આચરણ થયું, આત્મચારિત્ર થયું. એ ચારિત્રથી દર્શન, જ્ઞાન, ચારિત્રથી મુક્તિ થાય છે. '**સાધ્ય આત્માની સિદ્ધિ...**' સાધ્ય નામ મુક્ત દશાની સિદ્ધિ આ ત્રણ ઉપાયથી થાય છે. ત્રણે એક જ છે. બીજી રીતે થતી નથી. બીજો કોઈ માર્ગ મુક્તિને માટે નથી. મોક્ષમાર્ગ એક જ છે, બે માર્ગ નથી. સમજાય છે કાંઈ?

'**પરંતુ...**' હવે કહે છે. પેરેગ્રાફ આવ્યો ને? '**જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...**' જુઓ! '**જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...**' જ્ઞાનસ્વરૂપ અનુભવસ્વરૂપ. અહીંયા જ્ઞાનસ્વરૂપ લ્યો. '**આબાળગોપાળ સૌને...**' આબાળવૃદ્ધ. બાળકથી વૃદ્ધ. '**સદાકાળ પોતે જ અનુભવમાં...**' અનુભવમાં-જ્ઞાનમાં સદા '**પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' એ જ્ઞાન જ સ્વયં સદા અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ? આબાળગોપાળ–બાળકથી માંડી વૃદ્ધ અને યુવાન એમાં આવી ગયા, બધાને જ્ઞાન જ અનુભવમાં સદા સ્વયં (આવે જ છે). રાગ, પરને જાણવામાં પણ જ્ઞાનનો જ અનુભવ થાય છે. '**પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' સમજાય છે કાંઈ? ઊર્ધ્વતા એનો એક સ્વભાવ છે. આત્માનો... સાધારણમાં ઊર્ધ્વતા, ઊર્ધ્વતા ગમન લખ્યું છે, પણ 'શ્રીમદ્‌' ઊર્ધ્વતાનો સ્વભાવ એમ લીધો છે,.. ઈ આવે છે ને? 'બનારસીદાસ'માં, 'સમતા, રમતા, ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ' આવે છે ને? આવે છે ને? 'ચેતનતા વેદકતા એ સબ જીવ વિલાસ.' જીવની વ્યાખ્યા કરી છે. એમાં એક ઊર્ધ્વતા જીવનો ગુણ ગણવામાં આવ્યો છે. ઊર્ધ્વતા. ઊર્ધ્વતાની વ્યાખ્યા છે. 'સમયસાર નાટક'માં તો સાધારણ અર્થ કર્યો છે. સાધારણ માણસ હોય (એને સમજાય માટે). પણ અહીંયાં બહુ સરસ અર્થ કર્યો છે.

આપણે આવ્યું, '**અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...**' પહેલી લીટી–પહેલી પંક્તિ. આબાળવૃદ્ધ–બાળકથી માંડી વૃદ્ધ એટલે બધા જીવ. બધાના અનુભવમાં–એના જ્ઞાનમાં સદા અને સ્વયં જ, સદા અને સ્વયં જ '**આવતો હોવા છતાં...**' એના અનુભવમાં સદા સ્વયં જ્ઞાન જ આવે છે. સમજાય છે કાંઈ? રાગ, શરીર આદિ જે બધી ક્રિયા થાય છે, એમાં પહેલાં જ્ઞાન જ ખ્યાલમાં આવે છે, જ્ઞાન જ ખ્યાલમાં આવે છે. ભાઈ! એનો અર્થ સરસ

કર્યો છે, જુઓ!

**'કોઈપણ જાણનાર...'** 'શ્રીમદ્'ના ચમત્કારી અર્થ છે.

**સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ. ૨૬.**

એ 'બનારસીદાસ'નો શ્લોક છે. અને જડમાં એ છે,

**તનતા મનતા વચનતા, જડતા જડસમ્મેલ;**
**લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકે ખેલ. ૨૭.**

ઊર્ધ્વતા. આવ્યું અહીંયાં? જુઓ! અહીંયા ઈ કહે છે, **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** પોતાનું જ્ઞાન જ તેને (અનુભવમાં) આવે છે. કેમ?

**'કોઈ પણ જાણનાર...'** ઈ તો હિન્દી છે ને. જાનનેવાલા. **'કોઈ પણ જાણનાર ક્યારે પણ...'** કોઈ વખતે, સમયે પણ **'કોઈ પણ પદાર્થને...'** આટલા શબ્દો લીધા છે. **'કોઈ પણ જાણનાર ક્યારે પણ કોઈ પણ પદાર્થને...'** એમ લીધું છે. **'પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય નથી.'** શું કહે છે સમજાણું? કોઈ પણ જાણનાર જીવ કોઈ કાળે કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે-આત્મા અવિદ્યમાનપણે પરને જાણે, એમ બને નહિ. ભાષા જુઓ! શું કહ્યું સમજાણું? **'કોઈ પણ જાણનાર...'** આ ઊર્ધ્વતાની વ્યાખ્યા છે. ઈ જ વ્યાખ્યા અહીંયાં લાગુ પડે છે. **'કોઈ પણ જાણનાર ક્યારે પણ...'** ક્યારે પણ એટલે કોઈ પણ કાળે અને કોઈ પણ પદાર્થને. કોઈ પણ એટલે બધા જીવ, કોઈ જડ આદિને જાણનાર **'પોતાના અવિદ્યમાનપણે...'** પોતાના અવિદ્યમાનપણે. પરને ક્યારે પણ કોઈ પણ પદાર્થને જાણનાર **'પોતાના અવિદ્યમાનપણે...'** પોતાની હયાતી વિના જાણે **'એમ બનવા યોગ્ય નથી.'** શશીભાઈ! પોતાની વિદ્યમાનતા-હયાતી ન હોય તો આ રાગ, આ શરીર, આ જીવ એમ જાણ્યું કોણે? જ્ઞાનચંદજી! સમજાય છે કાંઈ?

**'પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે,...'** ભાષા જુઓ! પ્રથમ પોતાની હયાતી-વિદ્યમાન-મોજૂદગી ઘટે છે. પોતાનું વિદ્યમાનપણામાં એ જણાય છે કે આ શરીર, આ વાણી, આ આ, આ આ, આ રાગ. સમજાય છે કાંઈ? પોતાના વિદ્યમાનપણામાં-હયાતી-મોજૂદગીમાં (જાણવું) ઘટે છે. **'અને કોઈ પણ પદાર્થનું...'** કોઈ પણ પદાર્થ કા **'ગ્રહણ,...'** આવે છે, **'ત્યાગાદિ છૂટે છે કે ઉદાસીન...'** આ ત્રણ અવસ્થાનું જ્ઞાન થવામાં **'પોતે જ કારણ છે.'** જ્ઞાન થવામાં કારણ છે. આ રાગ ગયો, શરીર છૂટ્યું, આ ચીજ ગઈ, આ ચીજ આવી એમાં ઉદાસીનતા, એ બધામાં જ્ઞાન જ પ્રથમ કારણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું બીજામાં?

'**કોઈ પણ પદાર્થનું ગ્રહણ...**' ગ્રહણ શબ્દે ચીજ આવવાની હોય ત્યારે અને છૂટવાવાળી હોય ત્યારે અને ઉદાસીનતા વખતે '**જ્ઞાન થવામાં પોતે જ કારણ છે.**' ચીજ છૂટી, ચીજ આવી, પરથી ઉદાસીન રહ્યો એ બધામાં જ્ઞાન પોતે જ કારણ છે. જાણવું.. જાણવું..

મુમુક્ષુ :- કરવું-ફરવું નહિ.

ઉત્તર :- એમાં કરવું-ફરવું નથી. આહાહા..! બહુ ચમત્કારી અર્થ લીધો છે એમણે! સમજાય છે કાંઈ?

'**કોઈ પણ પદાર્થનું...**' આમ ગ્રહણ નથી કરી શકતો. '**ત્યાગાદિ કે ઉદાસીન...**' ગ્રહણ, ત્યાગ અને ઉદાસ, ત્રણ વાત લેશે. અને જાણવું. તેનું જ્ઞાન થવામાં પોતે જ કારણ છે. '**બીજા પદાર્થના અંગીકારમાં...**' હવે બીજો પદાર્થ આવ્યો. રોટલી લીધી, ગઈ, આહાર આવ્યો, આહાર છૂટ્યો. '**બીજા પદાર્થના અંગીકારમાં, તેના અલ્પ માત્ર પણ જ્ઞાનમાં...**' તેના અલ્પ માત્ર પણ તે વખતના જ્ઞાનમાં. જેમ રોટલી આવી, ભૂક્કો થયો, કટકા થયા તેનું જ્ઞાન તો પ્રથમ આત્મા કરે છે. એ તો જ્ઞાન કરે છે. '**જ્ઞાનમાં પ્રથમ જે હોય, તો જ થઈ શકે...**' એનામાં પ્રથમ જો જ્ઞાન હોય તો જ આને જાણવાનું જ્ઞાન થઈ શકે. '**એવો સર્વથી પ્રથમ રહેનારો...**' એવો સર્વથી પ્રથમ રહેનારો '**જે પદાર્થ તે જીવ છે,...**' તે જીવ છે.

મુમુક્ષુ :- પહેલો નંબર બધામાં.

ઉત્તર :- પહેલો નંબર બધામાં છે, ભાઈ! રાગ થયો તો જ્ઞાન થયું, જ્ઞાનમાં જણાયો છે, છૂટ્યો તો જ્ઞાને જાણ્યું. શરીર આવ્યું તો જ્ઞાને જાણ્યું, છૂટ્યું તો જ્ઞાન જાણે છે, ઉદાસીન-વીતરાગતા થઈ તો જ્ઞાન જાણે છે. સમજાય છે કાંઈ?

'**તેને ગૌણ કરીને...**' ભગવાન જાણનારને લક્ષમાં લીધા વિના કે ગૌણ કરીને '**એટલે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઈચ્છે...**' આત્મા વિના કોઈ પણ જાણવા ઈચ્છે '**તો તે બનવા યોગ્ય નથી, માત્ર તે જ મુખ્ય હોય...**' જાણનાર જ મુખ્ય હોય. જ્યાં જ્યાં સદા કાળ સર્વદા સર્વ પદાર્થનું આવવું-જવું, એ પોતાની વિદ્યમાનતા મોજૂદગી હોય તો તે જણાય છે. તો મુખ્યતા જાણનારની થઈ. કહો, સમજાય છે કાંઈ? '**માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય...**' જાણનારની વિદ્યમાનતા મુખ્ય હોય તો જ જાણી શકાય. તો બધામાં મુખ્યતા-ઊર્ધ્વતા આત્માની થઈ. '**એવો એ પ્રગટ 'ઊર્ધ્વતાધર્મ' તે જેને વિષે છે,...**' એવો પ્રગટ ઊર્ધ્વતાધર્મ જેમાં છે '**તે પદાર્થને શ્રી તીર્થંકર જીવ કહે છે.**' આહાહા..! જ્ઞાનચંદજી! રતિભાઈ!

દરેક પ્રાણીને પોતાની વિદ્યમાનતા વિના બીજું જણાય એમ બને? તો પોતાની વિદ્યમાનતામાં જ્ઞાનની હયાતીમાં-મોજૂદગીમાં સૌનું જાણવું થાય છે તો મુખ્યતા-ઊર્ધ્વતા તો

આત્માની થઈ. કહો, ચંદુભાઈ! ઈ અહીંયાં લાગુ પડે છે. જુઓ!

મુમુક્ષુ :- બધાથી ઊંચો.

ઉત્તર :- બધીથી ઊંચો, બધાથી અધિક-ભિન્ન રહેનારો, ... રહેનારો.

**'પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ...'** જુઓ આ! બધામાં, ઈ વાત કરી છે. બધામાં, લેવું-દેવું, જાણ્યું તે બધામાં જ્ઞાનની જ મુખ્યતા હોય છે. સમજાય છે કાંઈ? સ્વયં જ (અનુભવમાં) **'આવતો હોવા છતાં...'** હવે કહે છે. થાય તો આમ છે પણ માનતો નથી. એની દૃષ્ટિ સ્વ ઉપર નથી. આહાહા..! છે તે આમ જ. આબાળગોપાળને જ્ઞાનમાં સ્વયં આવતો હોવા છતાં. આત્માનું જ્ઞાન જ.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનની વિદ્યમાનતામાં જ જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? કારણ કે તેની વિદ્યમાનતા વિના કોઈ જણાય, એની અવિદ્યમાનતામાં કોઈ જણાય, એ ન હોય અને કોઈ જણાય એમ બનતું નથી. સમજાય છે કાંઈ?

આમ હોવા છતાં **'અનાદિ બંધના વશે...'** બંધના વશે, હોં! બંધ કરાવતો નથી. ભાષા જુઓ! અનાદિ બંધના (વશે). આમ જ્ઞાનમાં જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. બધામાં જ્ઞાન મુખ્ય છે એમ લક્ષ નહિ કરીને, અનાદિ બંધને વશ થઈ **'પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...'** પર સાથે એકત્વબુદ્ધિ. શરીર, વાણી, મન, હું કર્મ, હું રાગ, પુણ્ય-પાપ આદિ વિકલ્પ હું. બધાને જાણનારની મુખ્યતા-ઊર્ધ્વતાને તો ભૂલી ગયો, અનુભવમાં તે જ આવી રહ્યો છતાં કર્મના બંધના, પરના લક્ષે, વશે પરના લક્ષે અને વશ થઈને **'પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું'...'** આ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન તે હું છું **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** ઓલામાં ઉદિત થતું હતું. ત્યાં તો આત્મજ્ઞાન થયું હતું, ભાઈ! એમ કહેવું છે. સમજ્યાને? આત્માને જાણવો જોઈએ, પછી એનું શ્રદ્ધાન. બસ, એટલું જ લખ્યું છે. અહીં ઉદય ભાષા વાપરી છે. પાઠમાં ફેર છે કાંઈ? **'विमूढस्यापमहमनुभूतिरित्यात्मज्ञानं नोत्प्लवत्ते' 'नोत्प्लवत्ते'**. ત્યાં **'उत्प्लवत्ते'** (છે). શબ્દ એક જ છે. ત્યાં **'उत्प्लवत्ते'** છે, અહીં **'नोत्प्लवत्ते'** છે. શબ્દ તો એકનો એક છે. ફેર નથી. છે? જુઓ! બધામાં કરશે. **'उत्प्लवत्ते'**. બરાબર. એ તો એણે શબ્દફેર કર્યો છે એટલું. પાઠ તો આટલો જ છે, જુઓ! **'विमूढस्यापमहमनुभूतिरित्यात्मज्ञानं नोत्प्लवत्ते'** એક જ શબ્દ છે, બેય સંસ્કૃતમાં છે. શું કહે છે? જુઓ!

આત્મા પ્રત્યેક સમયમાં પ્રત્યેક ક્ષેત્રમાં પ્રત્યેક પરપદાર્થને જાણવાના કાળે પોતાનું જ્ઞાન જ તેને મુખ્યપણે જાણવામાં આવે છે. પણ એમ નહિ માનીને, જ્ઞાનમાં જણાનારી ચીજ ઉપર લક્ષ રાખીને તે જ હું છું અને તેને જ હું જાણું છું, એમ અનાદિથી કર્મ-પરને વશ

થઈને મૂઢ અને અજ્ઞાનીજનને **'આ અનુભૂતિ છે...'** આ જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું... (થાય છે). રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ. તેને જાણવું.. જાણવું.. જાણવું એવો જે **'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** આત્મજ્ઞાન એને પ્રગટ થતું નથી, અજ્ઞાન પ્રગટ થાય છે. રાગ.. રાગ, પુણ્ય, દયા, દાનનું જ લક્ષ કરીને લક્ષ કરનારનું જ્ઞાન કરતો નથી પણ જેનું લક્ષ કરે છે તેનું જ્ઞાન કરે છે અને તે હું છું, એવું અજ્ઞાન પ્રગટ કરે છે. સમજાય છે કાંઈ? જુઓ! ટીકા કેવી છે!

ભગવાન આત્મા.. કોઈપણ પદાર્થમાં બાળ, વૃદ્ધ હો કે યુવાન હો, ભોગની વાસનાના કાળમાં, કષાયની વાસનાના કાળમાં પ્રથમ પોતાની વિદ્યમાનતા વિના આ છે, આ થયું એમ જાણ્યું કોણે? સમજાય છે કાંઈ? મને રાગ થયો, મને ક્રોધ થયો. સમજ્યા? રાગ, ક્રોધનું તો અહીંયાં જ્ઞાન થયું. જાણવામાં મુખ્યતા થઈ કે આ થયું. એમ એણે જાણ્યું. દયાનો ભાવ થયો, આ ભાવ થયો, આ ભાવ થયો, શરીરમાં આમ થયું, આ છૂટી ગયું, શરીર છૂટે છે, મરે ત્યારે આત્મા ઊંડે ઊંડે ચાલ્યો જાતો હોય એમ એને લાગે. ઊંડે ઊંડે ક્યાં જાય? પણ પેલી ચરબી ઘટી ગઈ હોય ને. તેનું પણ જ્ઞાન કરનારો છે એ તો. સમજાય છે કાંઈ? પણ એ જ્ઞાન, આ જ્ઞાન-જાણવું... જાણવું.. જાણવું.. જાણવું.. એ જ્ઞાન એને નહિ પણ લક્ષ પર ઉપર છે ને (એટલે તેમાં) ઊંડો ઊતરી જાય છે. ઊંડો ઊતરી જાય એમ લાગે તો શું આત્માનો અભાવ થઈ જાય છે? આ ક્ષયરોગવાળાને શરીર બહુ જીર્ણ થઈ જાય. જાણે એમ લાગે અંદર (ઊંડો ઊતરી જાય છે). ક્યાં અંદર ઊતરે? ઊતરે કોણ? એ તો આ બધું થાય છે એવું જાણવું મુખ્ય થાય છે. જાણવું મુખ્ય થાય છે. જાણવું મુખ્ય થાય છે તેનું તો લક્ષ કરતો નથી અને આ થયું એમાં એકાકાર થઈને તેને આત્મજ્ઞાન અનુભૂતિ પ્રગટ થતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અંતર તત્ત્વ તે આત્મા.

ઉત્તર :- પણ ઈ તો વસ્તુ જ એવી છે ને. તત્ત્વ-આત્મા શું બહાર છે? આહાહા..! શું કહે છે સમજાય છે?

ભગવાન આત્મા.. **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** ભાષા જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાન આત્મા એમ કહીને જ બોલાવે છે. **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** લ્યો, ભગવાન તરીકે બોલાવ્યો. ભલે ભૂલ કરે છે તોપણ છે તો ભગવાન. સમજાય છે કાંઈ? **'અનાદિ બંધના વશે...'** આમ પર ઉપર લક્ષ (છે). અનાદિથી ઇન્દ્રિયનું લક્ષ, રાગનું લક્ષ. જેનું જ્ઞાન કરે છે, જેમાં જ્ઞાન થાય છે, જેનું જેમાં એ સંબંધી અહીંયા જ્ઞાન થાય છે એ જ્ઞાનનું લક્ષ કરીને આ આત્મા એમ જાણતો નથી. સમજાય છે કાંઈ? એ તો બહિર્દૃષ્ટિ

અને અંતરદૃષ્ટિ એમ બતાવે છે મૂળ તો. આ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. આ જ્ઞાન તે આત્મા એમ નહિ માનીને, એ જ્ઞાનની પર્યાયમાં જે ચીજ દેખાય છે ને? એ દેખાતી ઉપર આ.. એમ ત્યાં લક્ષ જાય છે. એકત્વબુદ્ધિ થઈને '**નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને...**' પોતાનું જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... પ્રત્યેકમાં મુખ્ય વર્તમાન વિદ્યમાનતા વિના ન જણાય એવી ચીજ છે તેને નહિ જાણીને, તેને નહિ જાણીને અને પરને જ આ મારું, આ મારું, એ જ જાણું છું, તેને જાણું છું, એને જાણું છું એમ રોકાઈ ગયો તો એ મૂઢ અજ્ઞાનીજનને '**આ અનુભૂતિ છે તે જ હું છું**' એ બધામાં જાણન.. જાણન.. જાણન.. જાણન.. જેની વિદ્યમાનતામાં બધું જણાય છે એવું જાણન.. જાણન.. એ અનુભૂતિ આત્મા છે એવું આત્મજ્ઞાન અજ્ઞાનીને ઉદય થતું નથી. કેમકે એની વૃત્તિ પર ઉપર છે, દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે પણ! આચાર્યોએ ગજબ શૈલી કરી છે ને! સાદી વાત અને સીધી વાત.

ભાઈ! આ જાણનશક્તિવાળાની વર્તમાન દશાની વિદ્યમાનતા વિના કઈ ચીજ જણાય? એ ચીજ જણાય છે?

મુમુક્ષુ :- પરને જાણવાની મજા તો વઈ જાય.

ઉત્તર :- પરને જાણવાની મજા વઈ જાય છે. ધૂળમાંય નથી પરને જાણવાની મજા. આકુળતા છે. આહાહા..!

જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જેની હયાતી વિના, વિદ્યમાનતા વિના, મોજૂદગી વિના તેનો ભાવ ન હોય તો આ છે એમ જાણ્યું કોણે? જેની મુખ્યતામાં હયાતી છે એ જાણવામાં આવનારી ચીજ આમ હોવા છતાં પણ અજ્ઞાની પર સાથેની એકત્વબુદ્ધિથી આ આત્મા જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન તે આત્મા એવો અનુભવ-આત્માનું જ્ઞાન થતું નથી. જુઓ! આમાં એમ નથી કહ્યું કે કર્મને કારણે થતું નથી, દર્શનમોહનું જોર છે એટલે નથી થતું. એમ નથી કહ્યું. અને પહેલાં પણ ઈ કહ્યું હતું. સમજાય છે કાંઈ? આત્માને જાણવો જોઈએ, આવ્યું ને? પ્રથમ. 'પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે '**આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે...**' સમજાય છે કાંઈ? આત્મા પ્રાપ્ત થાય છે. અહીં લેવું, નીચે લેવું. '**આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું...**' નીચે બીજા પેરાગ્રાફમાં. '**આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું...**' એ તો પ્રગટ થતો કહો કે પ્રાપ્ત થતો, શબ્દ ફેરવ્યો છે. બીજું કાંઈ છે નહિ. આ '**उत्प्लवत्ते**' છે. આહાહા..! શું કહે છે?

ભગવાન આત્મા, કોઈ પણ ચીજ, કોઈ પણ વિકૃત ભાવ, કોઈ પણ યાદગીરી, કોઈ પણ સ્મૃતિ એ સ્મૃતિ-યાદગીરીમાં પોતાનું જ્ઞાન જ મુખ્યપણે આવે છે. એવું પોતાનું જ્ઞાન જ, સદા સ્વયં જ પોતાનું જ્ઞાન જ અનુભવમાં, જાણવામાં આવતું હોવા છતાં પર સાથેની એકત્વબુદ્ધિને વશ આ આત્મા જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. અનુભૂતિ આત્મા એવું આત્મજ્ઞાન એને

ઉત્પન્ન થતું નથી. આ કારણ મૂક્યું. બીજું કોઈ કારણ નથી. એને કર્મનું જોર છે માટે આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી અને કર્મ મંદ પડ્યા તો ત્યાં આત્માનું ભાન થયું પૂર્વે કહ્યું એવું, એમ કાંઈ છે નહિ. એ તો નિમિત્તમાત્ર વસ્તુ છે. સમજાય છે કાંઈ? વૈદરાજજી! કર્મ-બર્મ આમાં કાંઈ કરતા નથી. કર્મ ક્યાં ગયા?

મુમુક્ષુ :- કર્મ કર્મમાં રહ્યા.

ઉત્તર :- કર્મ કર્મમાં જડમાં રહ્યા. અહીંયાં ક્યાં ઘૂસી ગયા છે? આહાહા..!

કહે છે, આ અજ્ઞાન અને આ જ્ઞાન. ભગવાન આત્મા પ્રત્યેક ક્ષેત્રમાં, પ્રત્યેક કાળમાં-સદા કાળમાં પરપદાર્થના ગ્રહણ ત્યાગના કાળમાં, ઉદાસીન કાળમાં.. ગ્રહણ-ત્યાગ કરી શકવાનો પ્રશ્ન નથી, આવવું-જવું. સદા આવ્યા-ગયા અને ઉદાસીનમાં બધામાં જ્ઞાનની પ્રધાનતા, વિદ્યમાનતા, મુખ્યતા, મોજૂદગી વિના જાણે કોણ? વિદ્યમાન જ્ઞાનની મોજૂદગીની વિદ્યમાનતા પ્રસિદ્ધ થઈ. આમ પ્રસિદ્ધ છે છતાં તેને પ્રસિદ્ધ નહિ કરીને રાગાદિ અને પર આદિ પ્રસિદ્ધ છે એમ મૂઢ અજ્ઞાની પરને પ્રસિદ્ધ કરે છે. આહાહા..! તેથી એને આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. કહો, જયકુમારજી! કેમ ચંદુભાઈ! ગયા ને બધા અમદાવાદવાળા? કહો, સમજાણું આમાં? એઈ..! નેમિદાસજી! સમજાણું કે નહિ?

આ ભગવાન આત્મા પોતાની ચૈતન્યની પર્યાયની વિદ્યમાનતામાં બધું જાણવામાં આવે છે એવી મુખ્યતા તો જાણવાની રહે છે. એમ હોવા છતાં આ જાણનારો હું છું, એમ અંતર્મુખ દૃષ્ટિ નહિ કરીને પરને આધીન થઈને રાગ અને પુણ્યને પ્રસિદ્ધ કરીને આ જ હું છું, એવા મૂઢને આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. કહો, સમજાય છે કાંઈ? વશે. વશ કીધો ને? પોતે વશ થઈ ગયો ને? કહીને વાત? અનાદિ બંધને વશ થઈ જાય છે. અનાદિ બંધ એને વશ કરતાં નથી. આમ વશ થવું જોઈએ (અર્થાત્) જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. આમ આવવું જોઈએ એના બદલે આમ (પર બાજુ) જાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? પોતાના જ્ઞાનમાં જે ચીજ જણાણી તે નહિ, ખરેખર તો એ ચીજ સંબંધિત પોતાનું જ્ઞાન આવ્યું છે. રાગ, દ્વેષ, દયા, દાન, શરીરનાદિ અવસ્થા સંબંધી પોતાનું જ્ઞાન પોતાના ખ્યાલમાં આવ્યું છે. પોતાનું જ્ઞાન પોતાને ખ્યાલમાં આવ્યું છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાના ખ્યાલમાં આવ્યું છે. એમ નહિ જાણીને એને હું જાણું છું, એમ રાગ અને પરપદાર્થ સાથે એકત્વબુદ્ધિ કરીને પોતાના સ્વતંત્ર જ્ઞાતા-દૃષ્ટાનું આત્મજ્ઞાન કરતો નથી. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ!

આ તો જીવ-અજીવ અધિકાર (છે), જુઓ! જીવ અર્થાત્ આ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન તે હું, એવા જ્ઞાયકભાવનું જ્ઞાન નહિ કરીને આ જ્ઞાન જેને જાણે છે તે હું, એમાં એનું લક્ષ છે. જાણનાર ઉપર એનું લક્ષ નથી. જાણનારમાં લક્ષ નથી. જે

ચીજ જણાય છે એમાં લક્ષ કરીને પરમાં એકત્વબુદ્ધિ કરીને મૂઢ થઈને (રખડે છે). સમજાય છે કાંઈ? અજ્ઞાનીજનને... ઓહોહો..! બાળગોપાળ વૃદ્ધ...

**'આ અનુભૂતિ છે તે જ હું છું'** આ જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. તે જ હું છું એમ પોતાના અસ્તિત્વમાં નહિ આવીને પરમાં આ હું છું (એમ માને છે.), **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** એને આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. સમજાય છે કાંઈ? બરાબર છે? શ્રીપાલજી! શું આવ્યું? આ વાત તો બહુ સૂક્ષ્મ પડી. ઓહોહો..! શું પણ ટીકા! ભાઈ!

કોઈ કહે કે કજીયા થતા હતા, ક્લેશ થતો હતો ત્યાં તમે હતા કે નહિ? હું ત્યાં હતો પણ ખબર નથી. કજીયામાં.. કજીયા સમજ્યા? ક્લેશ... ક્લેશ. ઝઘડો થાય છે ત્યાં તમે હતા કે નહિ? હું નહોતો, પણ હું જાણતો હતો. પણ તું નહોતો તો જાણતો'તો કોણ? એ કજીયામાં નહોતો, એ ક્લેશમાં નહોતો પણ ક્લેશ થયો એનું જાણવું તો તારામાં હતું કે નહિ? સમજાય છે કાંઈ? જાણવામાં હું હતો એમ નહિ માનીને હું ક્લેશમાં ગયો, તેને જ હું જાણું છું, હું ક્લેશને જ જાણું છું, એ બુદ્ધિ વિભ્રમ છે. સમજાય છે કાંઈ? જેમાં પોતાથી ક્લેશ સંબંધી પોતામાં પોતાથી જ્ઞાન થાય છે. ક્લેશ સંબંધી ક્લેશને કારણે નહિ. એ પહેલા આવ્યું ને? સદાકાળ પોતે જ, એમ શબ્દો પડ્યા છે. સમજાય છે કાંઈ? સદાકાળ પોતે જ. એ વખતે મારતા હતા, ખૂન કરતા હતા ત્યારે મારી ઉપસ્થિતિ હતી. આ આપે છે ને? શું કહેવાય? સાક્ષી. તમે હતા? હું તો ચાલ્યો જતો હતો, ચાલ્યો જતો હતો ત્યાં એને મારતા હતા, એટલું જોયું છે. શું કામ એની મને ખબર નથી. પણ તારા જ્ઞાનમાં એ વાત આવી કે નહિ? એને મેં જાણ્યું. પણ એને જાણ્યું કે તારા જ્ઞાનને જાણ્યું? સમજાય છે કાંઈ? કહો, રતિભાઈ!

એમ પોતાનું જ્ઞાન જ જણાય છે અને સ્વયં જ જાણે છે, હોં! એ ચીજ છે તો અહીંયાં જ્ઞાન થયું એમ પણ નથી. એ ચીજ છે તો જ્ઞાન થયું એમ નહિ. વજુભાઈ! આરે.. આરે..! આ ભારે વાત, ભાઈ! આ છે તો જાણવું થયું એમ કહે છે. ભગવાન આત્મા છે. આબાળગોપાળમાં પ્રભુ આત્મા છે, એ છે તેને જાણવું થયું. એ જાણવું થયું તે હું છું, એવું આત્મજ્ઞાન નહિ કરીને અનાદિથી પરનું.. પરનું.. પરનું જ્ઞાન મને થયું, પર હું છું તો મને જ્ઞાન થયું, એ મૂઢદશા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ વખતે મને એવો જ ખ્યાલ કેમ આવ્યો મને? ક્રોધ જ કેમ ખ્યાલમાં આવ્યો? ક્રોધ છે તો જ્ઞાન થયું. એમ છે નહિ. સાંભળ! દયાનો ભાવ આવ્યો. તો દયાના ભાવનું જ્ઞાન કેમ થયું? દયાનો ભાવ છે તો એવું જ્ઞાન થયું? એમ છે નહિ. એનું જ્ઞાન સ્વયં સદા પોતાથી જ્ઞાન થાય છે. એ ભાવ એવો છે એમ જાણે છે માટે એ ભાવથી જ્ઞાન થાય છે એમ છે જ નહિ. આહાહા..!

કહો, ધીરૂભાઈ! સમજાય છે કાંઈ આમાં? આરે..! ભારે વાત મૂકી છે ને, જુઓને!

ભાઈ! તારી વિદ્યમાનતા વિના પર જણાય એ કેમ બને? અને જાણવાની વિદ્યમાનતા તારામાં છે એ તારે કારણે થઈ છે. ક્રોધાદિ થયો, રાગાદિ થયો, દેહમાં ક્રિયા થઈ તેથી અહીંયાં જાણવું થયું એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્રિયા મોંઘી છે.

ઉત્તર :- આ કહે, ક્રિયા મોંઘી છે, આ બહુ સોંઘુ હતું. પણ.. ભગવાન આત્મા જાણન.. જાણન.. જાણન.. જાણન.. જાણન.. જાણન... પોતાની હયાતીમાં જાણે છે એમ લક્ષ કરવું તેનું નામ આત્મજ્ઞાન છે. અને બહાર લક્ષ કરવાથી આત્મજ્ઞાન રોકાઈ ગયું. આ છે, તે હું છું, તે હું છું, તેને જાણું છું, એ છે તો હું જાણું છું, એ છે તો જાણું છું, તેને જાણું છું.. ખલાસ થઈ ગયું. આત્માની વર્તમાન અસ્તિત્વની શ્રદ્ધા રહી નહીં. તો ત્રિકાળની શ્રદ્ધા રહી નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, એ અજ્ઞાનીજન પરને વશ થઈને જ્ઞાન સ્વયં થાય છે તે તરફનું લક્ષ કરીને **પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...**’ એકપણાનો નિશ્ચય થઈ ગયો. એ છે તો જ્ઞાન થયું, એ છે તો જ્ઞાન થયું. એટલે વજન ગયું રાગ ઉપર. ક્રોધ થયો ને એટલે જ્ઞાન થયું, શરીરની અવસ્થા આમ થઈ, જુઓ! આમ આમ થઈ તો જ્ઞાન થયું. ખોટું છે, એમ કહે છે. આમ આમ થઈ તો જ્ઞાન થયું (એમ નથી). જ્ઞાન તો જેમ છે તેમ જાણે ને? જેવું હોય તેનાથી વિરૂદ્ધ જાણે? આમ આમ થતું હતું એટલે એવું જાણ્યું. પણ જાણ્યું છે તે તેને કારણે નથી જાણ્યું, પોતાની પર્યાયથી જાણ્યું છે, પોતાથી જાણ્યું છે, સ્વાધીનતાથી જાણ્યું છે. પોતાના કર્તા-કર્મથી જાણ્યું છે. તેને નથી જાણ્યું. .... જાણે માટે તેને કારણે જાણ્યું એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

સામે જીવના દયા પાળી. તો એવું જ જ્ઞાન થયું. જ્ઞાન થયું તો તેને કારણે જ્ઞાન થયું છે? પોતાથી થયું છે. ત્યાં જીવ બચી ગયો. બચી ગયો એ પર્યાય તો પરમાં થઈ. તે કાળે જ્ઞાનની પર્યાય જાણે છે કે આ થઈ. ઈ જાણે છે તે સ્વયં પોતાથી જાણે છે. આમ થઈ એટલે જાણે છે એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલું મૂક્યું છે! ઓ..હો..હો..! ગજબ ટીકા! ‘અમૃતચંદ્રાચાર્યે’ તો અત્યારે આ ભરતક્ષેત્રમાં આવી ટીકા ભાવની સૂચક (અજોડ કરી છે). એ વખતમાં મુનિ હતા તો સંપ્રદાયને મહત્તા ન આવી. બીજા સંપ્રદાય ચાલુ થઈ ગયા હતા ને. એ વખતે ન આવી કે આ મુનિ છે. ઓહો..! પોતાના અભિમાનમાં પરની અધિકતા શું છે એ ખ્યાલમાં આવતું નથી. અહીંયાં પોતાની અધિકતા બધામાં છે તે ખ્યાલમાં નથી આવતી અને પરની અધિકતા ખ્યાલમાં આવે છે એ અજ્ઞાન છે. આહાહા..!

મુમુક્ષુ :- વસ્તુ તો એકની એક છે, પેલું તો જુદું જુદું..

ઉત્તર :- જુદું જુદું એને કારણે થાય, જ્ઞાન પણ પોતાને કારણે જુદું જુદું થાય છે, એમ અહીંયાં કહે છે. એ જુદી જુદી, ભિન્ન ભિન્ન અવસ્થા છે તો તેને કારણે જ્ઞાન થાય છે એમ નહિ.

**'સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** જુઓ! અનુભૂતિ ભગવાન આત્મા સદા પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં, એમાં બધું વજન છે. એક લીટીમાં તો.. ઓ..હો..હો..! **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ...'** કોણ? આત્મા, હોં! અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા **'સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** ઓહોહો..! એની હયાતી આત્માથી છે, આ હયાતી આત્માની. પણ એ હયાતી-મોજૂદગીનો સ્વીકાર નહિ કરીને પરને વશ થઈને પરમાં એકપણાના નિશ્ચયથી મૂઢ અજ્ઞાનીજનને, ભગવાન જાણન.. જાણન.. જાણન.. જાણન.. આત્મા એવી દૃષ્ટિ નથી કરતો તો અનુભૂતિ થતી નથી. આત્માનું જ્ઞાન થતું નથી.

**'અને તેના અભાવને લીધે...'** જ્યારે આત્માનું જ્ઞાન જ નથી (ત્યાં) હવે તારે કોનું જ્ઞાન કરવું છે? પહેલી ચીજ તો ઈ છે. વૈદરાજજી! એના જ્ઞાન વિના તેં શું કર્યું? એમ કહે છે. વૈદની દવા ધૂળમાંય નથી કરી. નહિ? વૈદની (દવા) એ તો જડથી થાય છે. એ ગોળી થાય છે ઈ જડની અવસ્થા છે. જડની અવસ્થા છે તો તે સમયે પોતાથી તેની અપેક્ષા વિના પોતામાં જાણવાની ક્રિયા સ્વયં પોતાથી થાય છે. એમ નહિ જાણીને હું તેને કરું છું અને ઈ છે તો મારામાં જ્ઞાન થાય છે, મૂઢ છે.

મુમુક્ષુ :- વૈદ વિના ઘોડિયું થાય?

ઉત્તર :- વૈદ વિના ઘોડિયા થાય છે. વૈદરાજજી! અહીંયાં તો આવી ભગવાનના ઘરની વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વસ્તુનું સ્વરૂપ આવું કહે છે. આહાહા..! મેં બધાને જાણ્યા છે કે નહિ? કહે છે. મેં બધાને જાણ્યા છે કે નહિ? ભગવાન તો કહે છે. ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા છે, મારી પર્યાયને જાણી છે તો બધાને જાણી લીધા. પર્યાય જાણી એમાં, હોં! આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જૈન પરમેશ્વર સર્વજ્ઞ પરમેશ્વરના મુખમાં આવી વાત આવી. ભગવાન! આબાળવૃદ્ધ બધા છે ને. એની વર્તમાન આત્મા અનુભૂતિ છે તે જ બધાને ખ્યાલમાં આવે છે. કેમકે પોતાના જ્ઞાન વિના, વિદ્યમાનતા વિના કઈ ચીજનો ખ્યાલ આવે? એ ચીજનો ખ્યાલ નથી આવતો. છતાં અજ્ઞાની, અહીંયાં ખ્યાલમાં આવનારી ચીજના અસ્તિત્વનો સ્વીકાર નહિ કરીને આ ચીજનો સ્વીકાર કરે છે. જીવ-અજીવ અધિકાર છે ને? જીવનો સ્વીકાર નહિ કરીને અજીવનો સ્વીકાર કરે છે. જે પર ચીજ છે તેનો સ્વીકાર કરે છે કે આ હું છું, આ હું છું. તેનાથી મને જ્ઞાન થયું, તેનાથી મને જ્ઞાન થયું, ઈ છે તો મને જ્ઞાન થયું, એને

ટકાવી રાખું તો મારું જ્ઞાન ટકી રહે. એ ચીજ રહે તેનાથી મારું જ્ઞાન (ટકે), તો એ વસ્તુ ટકાવી રાખું તો મારું જ્ઞાન ટકે. પણ એનાથી થયું જ નથી. હું ટકું તો ટકી શકું છું. આહાહા..!

ભારે વાત, ભગવાન! ગજબ વાત! દિગંબર સંતોની આવી વાત પણ ક્યાંય ન મળે, હોં! આહાહા..! અન્યમાં તો ક્યાંથી હોય? શશીભાઈ! એ વૈષ્ણવ હતા, હોં! વૈષ્ણવ. અન્યમાં તો નથી પણ જૈનના સંપ્રદાયમાં બીજા સંપ્રદાયમાં આ સિવાય આ વાત ત્રણ કાળમાં ક્યાંય નથી. એવી ચીજ તે ચીજ. આમ આત્મા એનો કબુલ કરે અને એને ખ્યાલ આવે... આહા..હા..! આ તો વસ્તુનું વર્ણન જ આમ સત્ય છે. સમજાય છે કાંઈ? જ્ઞાનચંદજી! આહાહા..! જુઓ!

'**જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...**' આહાહા..! અરે..! પ્રભુ! પણ પેલા અજ્ઞાની છે એને પણ ભગવાન આત્મા ઠરાવો છો? ભગવાન આત્મા તો આવો જ છે. પણ નિજ ભગવાનની મહિમા જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. પોતાથી થાય છે તેની મહિમા નથી આવતી. સામી ચીજ, શાસ્ત્રના પાના બરાબર સામે સરખા રહે ને તો મને જ્ઞાન થાય છે. એઈ..! આહાહા..! ભ્રમ એવો થયો કે તે જ સમયે પોતાના જ્ઞાનની હયાતીમાં-મોજૂદગીમાં પોતાને કારણે પોતાનું જ્ઞાન થાય છે એમ નહિ માનીને ઈ પરથી થાય છે અને પર છે તો થાય છે અને પર છે તો હું છું, એ શબ્દાદિ પર છે તો મારી જ્ઞાન અવસ્થા છે એવી પરમાં એકત્વબુદ્ધિ થઈને મારું જ્ઞાનસ્વરૂપ તે હું છું, એવું આત્મજ્ઞાન તેને પ્રગટ થતું નથી. પહેલામાં પહેલી આ ચીજ છે. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! આમાં બધું ઊડી જાય છે.

આ શબ્દ છે તો જ્ઞાન થયું, સામે શબ્દ હતા તો જ્ઞાન થયું. દિવ્યધ્વનિ હતું તો જ્ઞાન થયું. અહીં તો કહે છે કે તારી હયાતી વિના આને જાણ્યું કોણે? તો તારા જ્ઞાનની મુખ્યતા છે કે ધ્વનિની મુખ્યતા છે? પરદ્રવ્યની મુખ્યતા છે કે તારી મુખ્યતા છે? આહાહા..! અહીં તો કહે, દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય. તો કહે, સોનગઢિયા દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય (એમ કહે છે). અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! સોનગઢ કહે છે કે દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય. ભગવાન! એમ નથી, પ્રભુ! તારી જ્ઞાનની પર્યાય દિવ્યધ્વનિથી થાય છે?

મુમુક્ષુ :- દિવ્યધ્વનિ તો એમ કહે છે કે તારાથી થાય છે.

ઉત્તર :- આ દિવ્યધ્વનિ શું કહે છે? આ દિવ્યધ્વનિ છે. ભગવાનની વાણી સંતો કહે છે. ભાઈ! તારા જ્ઞાનની મુખ્યતામાં તારું જ્ઞાન થાય છે. એનું નહિ. એ સંબંધી તારું જ્ઞાન તારામાં સ્વયં સદા તારાથી થાય છે. આહાહા..! એમ કહે, દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય (એમ કહીને) આણે તો વ્યવહારનો લોપ કરી નાખ્યો. આ અમારા મોટા પંડિત અહીંયાં બેસી ગયા. એ લોકો નિંદા કરે છે. અરે..! ભગવાન! પ્રભુ! તું શાંત થા, ભાઈ! પ્રભુ! આ માર્ગ તો આત્માનો છે, નાથ! આહાહા..! એની બલિહારી છે, નાથ! તારી ચૈતન્યની સત્તાની વ્યક્તતાના અંશમાં સદા સ્વયં જણાતો હોવા છતાં એનાથી થયું, ઈ છે તો થયું

(એમ તું માને છો). તો એ પ્રકારનું જ્ઞાન કેમ થયું? પણ એ પ્રકાર જ્ઞાન જેમ છે તેમ જાણે કે જેવું ન હોય તેવું જાણે? સમજાય છે કાંઈ? એ તો જ્ઞાનની વિદ્યમાનતાની એવી વ્યક્તતા છે. એને લઈને છે? શબ્દને લઈને છે? પેલા કહે, પદ્મપુરાણ જુઓ તો પદ્મપુરાણનું જ્ઞાન થાય છે. અને સમયસાર કેમ લ્યો છો? તો સમયસારથી વિશેષ જ્ઞાન અહીંયાં થાય છે. એવો એક જણા સાથે એક તર્ક થયો હતો. સમજાય છે કાંઈ? તમે સમયસાર કેમ લ્યો છો? તમે નિમિત્તને માનતા નથી તો સમયસાર કેમ લ્યો છો? પદ્મપુરાણ કેમ વાંચતા નથી? અરે..! ભગવાન! અરે..! પ્રભુ! ભણેલા મોટા મોટા પંડિત, હોં! અરે..! પ્રભુ! તું શું કહે છે? કહે છે, તમે સમયસાર લઈને કેમ બેસો છો? પદ્મપુરાણ કેમ લેતા નથી? કોણ લે અને કોણ બેસે? પ્રભુ! તને ખબર નથી. એ સમયસારના જે શબ્દો છે એ શબ્દના કાળમાં પોતાનું જ્ઞાન પોતાને કારણે જાણવામાં આવે છે. તે જ શબ્દ સંબંધી પોતાના જ્ઞાનની સ્ફુરણા પોતાથી થાય છે, શબ્દથી નહિ. આહાહા..!

મુમુક્ષુ :- સમયસારનું જ માહાત્મ્ય થયું એને.

ઉત્તર :- એનું જ માહાત્મ્ય થયું. આ સમયસાર એટલે આત્મા. આહાહા..! આ સમયસાર આમ કહે છે. એ.. ચંદુભાઈ!

પુણ્યને વિષ્ટા કહે છે, એક જણો કહે. ભાઈ! પુણ્યને વિષ્ટા કહે છે એ તો હળવું છે. શાસ્ત્રકાર તો પુણ્યને ઝેર કહે છે. એઈ..! સોનગઢથી કાંઈક પૈસા મળતા હશે. અરે..! પ્રભુ! પણ આ તને શું થયું છે? અરે..! કોઈ માણસ સત્યનો સ્વીકાર કરે એને માથે આમ આરોપ દઈ દેવો, આ તે કાંઈ સજ્જનતા કહેવાય? એવી સજ્જનતા હોય? બાપા! એમ ન હોય, ભાઈ! એટલો અન્યાય ન થાય. આ ભગવાન આત્મા.. આ..હા..હા..! એ તો સત્સ્વરૂપનો ધણી છે. એને વાત બેસી જાય તો એ સોનગઢની છે, સોનગઢની કહે છે માટે સોનગઢવાળાએ પૈસા દીધા માટે માને છે. અરે..! એમ ન કહેવાય, પ્રભુ! આહાહા..! એ.. જ્ઞાનચંદજી! આ શું પોકાર કરે છે! જુઓને! આહાહા..!

કહે છે, અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા પોતાથી તે સમયે ભગવાનને જોયા? તો કહે છે, ના. ત્યારે શું? એ સમયે ભગવાન છે તો ભગવાનનું જ્ઞાન થયું એમ નથી. તે જ સમયનું જ્ઞાન જ, અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ બાળગોપાળ સૌને સદા અનુભવમાં (આવે છે). સમવસરણમાં પણ અનંત વાર ગયો છે કે નહિ? અનંત વાર ગયો છે. કલ્પવૃક્ષના ફૂલ (લઈને ભક્તિ કરી). એ પર્યાય થઈ તે જ સમયે આત્માના જ્ઞાનની પર્યાય સ્વયં પોતાથી થઈ છે. પોતાથી થઈ છે તો આ જ્ઞાન હું છું, એમ નહિ માનીને આનાથી થઈ એ દૃષ્ટિફેર છે. આહાહા..! આ તો સાચી વાત જ આવી છે એમાં બીજું શું કાઢવું? સમજાય છે કાંઈ? સમાજ સમતોલ રહે એવી વાત કહેવી. લ્યો. ભાઈ! જેમ સત્ય રહે એમ કહેવું, એમ કહે

ને. અને કહેવું એ વાણીનો .. છે. સમજાય છે કાંઈ? જ્ઞાનમાં જેવું સ્વરૂપ છે તેમ સમજ, એમ શ્રદ્ધા કર, એમાં ઠર.

'સીમંધર' ભગવાનને જોયા? ના. તે સમયની જ્ઞાનની તારી પર્યાય હતી. ભગવાન હતા, આ 'સીમંધર' ભગવાન છે, મહાવિદેહમાં બિરાજે છે તે જ ભગવાન છે. એવું જ્ઞાન કોને થયું? તારી પર્યાયમાં થયું. કોનાથી થયું? તારાથી થયું. પરથી થયું? સમજાય છે કાંઈ? તો જેનાથી થાય છે તેને તો માનતો નથી અને જેનાથી નથી થતું તેને માનીને આત્મજ્ઞાન પ્રગટ કરતો નથી. આહાહા..! કહો, આ તો સમજાય છે કે નહિ? ભાઈ! આજ તો હિન્દી છે ને. બે દિવસથી ભાઈ આવ્યા છે ને. દિલ્હીથી આવ્યા છે. બે દિવસથી ગુજરાતી હતી. ગુજરાતી સહેલી છે, બહુ એવી (કઠણ) નથી. સરળ છે. થોડા થોડા શબ્દો કો'ક ખાસ આવી જાય. કાઠિયાવાડી અમારા ઘરની. ચડિયાતું. અમારા શેઠ નથી કહેતા? ચડિયાતા. અમારા પંડિતજી કહે, ચડિયાતું શું હશે? ચડિયાતા બેસો. ચડિયાતા એટલે આમ ઊંચા બેસો. ઈ ખાસ કાઠિયાવાડી ભાષા કહેવાય. એવી બહુ ભાષા આપણને (ન આવડે). સમજાય છે કાંઈ? ઓહોહો..!

કહે છે, **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે...'** જ્યાં આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રત્યેક કાળમાં, પ્રત્યેક ક્ષેત્રમાં પોતાની વિદ્યમાનતામાં બધાને જાણે છે, બધાને જાણે છે શું બધા સંબંધી પોતાનું જ જ્ઞાન પોતાથી જાણે છે. સમજાય છે કાંઈ? એવી સ્વસન્મુખની દૃષ્ટિ થઈ નહિ તો તેના અભાવથી **'નહિ જાણેલાનું શ્રદ્ધાન...'** નહિ જાણેલાની શ્રદ્ધા કરો. કોની કરે? જે ચીજ જણાણી નહિ તેની શ્રદ્ધા શું? એમ કહે છે. સમજાય છે કાંઈ? **'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી,...'** જે ચીજ જ ખ્યાલમાં નથી આવી કે આ જ્ઞાનસ્વરૂપ છે. પરની અપેક્ષા વિના નિરપેક્ષ પોતાથી જ્ઞાન કરનાર છે એવો જ્ઞાનમયમૂર્તિ પ્રભુ આખો આત્મા છે. એવો આત્મા જ્ઞાનમાં આવ્યો નહિ તો **'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાના શ્રદ્ધાન સમાન હોવાથી,...'** પછી કહે કે મને શ્રદ્ધા આપો. પણ કોની? વસ્તુ તો જાણી નથી. જાણ્યા વિના શ્રદ્ધા કેવી? શેઠજી એમ કહે છે કે એ તો અરૂપી છે. પણ અરૂપી જ જાણવામાં આવે છે, એમ અહીંયાં કહે છે. પંડિતજી! વૈદરાજજી! અરૂપી અરૂપી જાણ્યું કોણે? અરૂપી જાણ્યું કોણે? આ અરૂપી છે એમ કઈ ભૂમિકામાં નક્કી કર્યું? કોણે કર્યું? શા કારણે કર્યું? પોતાના કારણે કર્યું છે. માણસે એવી તુચ્છતા કરી નાખી છે ને. જાણે આપણે કાંઈ નહિ. સમજાય છે કાંઈ?

નિજ સ્વરૂપ... અહીં ભગવાન સંતો કહે છે, અનંત કેવળીઓ કહે છે તે દિગંબર મુનિ કહે છે. પોતાના ઘરનો એક અક્ષર નથી. ત્રિકાળ સનાતન સત્ય પ્રસિદ્ધ કર્યું છે. ભગવાન!

જેને આત્મા પરથી ભિન્ન આ જ્ઞાન કરનારો તે જ હું આત્મા છું. પરને કારણે નહિ, એવું આત્માનું જ્ઞાન અથવા આત્માનો ભાસ થયો નહિ તો જે ચીજનું ભાન થયું નહિ એની શ્રદ્ધા ક્યાંથી થઈ? ગધેડાંના શિંગડાના શ્રદ્ધાન જેવી થઈ. ચીજ આ છે એમ ખ્યાલમાં તો આવ્યું નહિ. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જેવો જોયો, એવી હું જ્ઞાનજ્યોતિ એમ અનુભવમાં જ્ઞાનમાં, પ્રતીતમાં, વેદનમાં આવી નહિ તો નહિ જાણેલાનું શ્રદ્ધાન શું? જે ચીજ ખ્યાલમાં આવતી નથી એની શ્રદ્ધા કરો. કોની શ્રદ્ધા કરે? ગધેડાના શીંગડા સમાન છે. તેથી '**શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...**' આવા આત્માના જ્ઞાન વિના એને સમ્યગ્દર્શન થતું નથી. જુઓ! સમજાય છે કાંઈ? '**ઉદય થતું નથી..**'

'**ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે...**' શ્રદ્ધાન થયું નહિ. આ આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે એની શ્રદ્ધા થઈ નહિ. તો એમાં ઠરવું, નિઃશંકપણે ઠરવું એનું તો અસમર્થપણું થયું. નિઃશંક ઠરવાના.. '**અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ હોવાથી...**' એને ચારિત્ર-બારિત્ર હોતું નથી. આત્મજ્ઞાન વિના સમ્યગ્દર્શન નહિ અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર થતું નથી. '**આત્માને સાધતું નથી...**' લ્યો. એ આત્માને સાધી શકે નહિ. એની મુક્તિ થતી નથી. '**આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.**' આ દૃષ્ટિ ને આ જ્ઞાન ને આ દૃષ્ટિ ને આ ચારિત્ર વિના આત્માની મુક્તિ કદી થતી નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૫, મંગળવાર, તા. ૧૮-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૭-૧૮, શ્લોક-૨૦. પ્રવચન નં. ૭૯**

૧૭-૧૮ ગાથાનો ભાવાર્થ. **ભાવાર્થ :- 'સાધ્ય આત્માની સિદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે,...'** શું કહે છે? સાધ્ય નામ આત્માની શાંતિની પૂર્ણ પ્રાપ્તિ એવી જે મુક્તિ. સમજાય છે કાંઈ? આત્માની પૂર્ણ શાંતિની પ્રાપ્તિનું નામ મુક્તિ. એ મુક્તિ સાધ્ય છે. સાધ્યનું સાધન કરવાથી પ્રાપ્ત થનારી મુક્તિ. તો કહે છે કે સાધ્ય જે આત્મા, એની સિદ્ધિ **'દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે,...'** એના આત્માની મુક્તિ અથવા પરમાનંદની પ્રાપ્તિ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી જ છે. **'બીજી રીતે નથી.'** બીજા કોઈ પ્રકારે મુક્તિની અથવા સ્વતંત્ર આનંદની પ્રાપ્તિ, આ સિવાય બીજા કોઈ પ્રકારે નથી. હવે કહે છે કે કોને કહેવું? દર્શન, જ્ઞાન, ચારિત્ર કોને કહેવા?

**'કારણ કે :- પહેલાં તો આત્માને જાણે...'** જુઓ! કેમકે જેની મુક્તિ કરવી છે એ કોણ છે? **'પહેલાં તો આત્માને જાણે...'** એમ કહ્યું. બીજી ચીજ જાણવી કે આમ કરવું કે આમ જાણવું, (એમ નથી કહ્યું). ભગવાન આત્મા જાણનારો જાણે છે તે કોણ છે? જાણે છે તે છે કોણ? શરીર, વાણી, મન તો જડ છે. પુણ્ય-પાપના ભાવ થાય છે એ તો વિકાર આસ્રવ છે. જેને શાંતિની પ્રાપ્તિ એવી મુક્તિની જેને અભિલાષા છે તો એણે પહેલાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મુક્તિ થાય છે તો પહેલાં આત્માને જાણવો જોઈએ એમ કહે છે. **'આત્માને જાણે કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું.'** દેખો! જાણવામાં આવનારો, જાણનારો. આત્માને (જાણે કે) જાણનારો અનુભવમાં આવે છે. જ્ઞાન, સમજણ, જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. એ જાણનારો અનુભવમાં આવે છે. રાગ, પુણ્ય, દયા, દાન એ તો પરવસ્તુ થઈ ગઈ. સમજાય છે કાંઈ? એ રાગાદિ કે દયા, દાનને જાણનારો તે આત્મા છે. સમજાય છે કાંઈ?

દયા, દાન, વ્રતના જે ભાવ છે એ આત્મા નહિ. આત્મા તો એનો પોતામાં રહીને પોતાના જ્ઞાનથી તેનું જ્ઞાન થાય છે. તો પહેલાં પોતાનો જાણનારો ભગવાન આત્મા હું આ જાણનારો છું તે જ હું છું. તો એનું લક્ષ ક્યાં જાય છે? આત્મા ઉપર. દેહ, વાણી, મન આ જે અવસ્થા થાય છે કે રાગ અંદર દયા, દાનના પરિણામ આવ્યા પણ એમાં જાણનાર વિના આ છે એમ જાણ્યું કોણે? જાણનારની હયાતી વિના જાણ્યું કોણે? તો જાણનારો જ મુખ્ય થઈ ગયો. તો કહે, આત્મા અરૂપી છે, જણાતો નથી. વેદરાજજી! અહીં તો ઈ કહે છે કે ઈ જ જણાય છે. આહાહા..!

મુમુક્ષુ :- પ્રત્યેક સમયે તે જ જણાય છે?

ઉત્તર :- ઈ જ જણાય છે. પરચીજને જાણવામાં પણ આત્મા જ જણાય છે. પરચીજ તો પરમાં રહી ગઈ. રાગાદિ, ક્રોધાદિ જણાયા. તો જાણવામાં તો તે સંબંધીનું પોતાનું જ્ઞાન જણાયું છે. જ્ઞાન જણાય છે તેને નહિ જાણીને આ જણાય છે, તો દૃષ્ટિ પર ઉપર ગઈ. તેણે આત્માને જાણ્યો નહિ. સમજાય છે કાંઈ?

**'આત્માને જાણે...'** ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ, જેવા અશરીરી સિદ્ધ પરમાત્મા છે એવો હું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત છું. ઓહોહો..! 'આ જાણનારો અનુભવમાં આવે છે...' અનુભવમાં ઈ જ આવે છે. માન્યતાનો ફેર હતો, એમ કહે છે. રાગ ને વ્યવહાર વિકલ્પ જણાય છે એ વાત જ ખોટી છે, કહે છે. આ તો જાણનારો જે અનુભવમાં આવે છે તે હું છું. સમજાય છે કાંઈ? જાણનારો જાણે છે તેનો અનુભવ થયો, તે હું. તેને અનુસરીને આ હું, તે આત્મા. એવા આત્માનું પહેલાં જ્ઞાન થવું જોઈએ. આ જ્ઞાન વિના એને કદી કલ્યાણની શરૂઆત થતી નથી. સમજાય છે કાંઈ? ધર્મની શરૂઆત આત્મજ્ઞાન વિના કદી થતી નથી. **'ત્યાર બાદ...'** ત્યાર બાદ આ જાણનારો અનુભવમાં આવે છે. જાણનારો છે, તે જ અનુભવમાં આવે છે, તે જ અનુભવ વેદનમાં આવે છે તે હું છું એવું આત્મજ્ઞાન પહેલાં પ્રગટ કરવું. જુઓ! પહેલાં આ આવ્યું. કહેતા હતા ને કે એ તો અરૂપી છે.

મુમુક્ષુ :- અરૂપી છે પણ નક્કી કોણે કર્યું?

ઉત્તર :- પણ અરૂપી છે એમ નક્કી કોણે કર્યું? જ્ઞાને નક્કી કર્યું છે. હું અરૂપી છું, હું રૂપી નહિ, હું રાગ નહિ, હું શરીર નહિ એ નક્કી કોણે કર્યું? નક્કી કરનાર અરૂપી જ્ઞાનનો અનુભવ થાય છે. જાણવું તે જ્ઞાન જ આત્મા ખ્યાલમાં આવે છે, બીજી ચીજ ખ્યાલમાં આવતી નથી. સમજાય છે કાંઈ? જગતની આખી પંચાત પડ મૂકી બધી. પોતાનું સ્વરૂપ શું છે એની ખબર નહિ.

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, ભાઈ! આ જાણનારો તને અનુભવમાં આવે છે. તું તો એમ માને છો કે આ રાગ મને અનુભવમાં આવે છે, દેહ મને અનુભવમાં આવે છે. એમ નહિ. તે સંબંધી પોતાનું પોતામાં જ્ઞાન છે, તે જ્ઞાન અનુભવમાં આવે છે. એમ અંતર દૃષ્ટિ કરીને આત્માનો પ્રથમ અનુભવ કરવો, આત્માનું જ્ઞાન કરવું તે જ પ્રથમ ધર્મની શરૂઆત અહીંથી થાય છે. કારણ કે ધર્મનો કરનારો આત્મા છે. આત્માનું ભાન થયું તો એ આત્મા પ્રથમ ધર્મની શરૂઆત અહીંથી થઈ કે હું આત્મા છું. રાગ નહિ, વ્યવહાર નહિ, પુણ્ય નહિ, શરીર નહિ. એમ આવ્યું કે નહિ? આ વચ્ચે દયા, દાન, વ્યવહાર રત્નત્રયના વિકલ્પ આવે છે તે હું નહિ, હું તો જ્ઞાન છું. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ત્યાર બાદ...'** ત્યાર બાદનો અર્થ જ્ઞાનમાં આવ્યું કે આ આત્મા. કોઈ ચીજ ખ્યાલમાં આવી. પછી પ્રતીતિ થઈ કે આ આ ચીજ છે. એમ પોતાના જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન

અનુભવમાં આવે છે. પોતાને જે અનાદિથી વિકાર, પુણ્ય-પાપ, પરને જ્ઞેય બનાવતો હતો એ જ્ઞેય બનાવતો હતો. એ જ્ઞાન તો પોતાનું હતું, પણ પરને જ્ઞેય બનાવીને જ્ઞાન એમાં રોકાતું હતું. તેને જાણનાર જ્ઞાન હું છું એમ પોતાને જ્ઞેય બનાવ્યો ત્યારે આત્માનું જ્ઞાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જાણનારો પોતાના જ્ઞેયને છોડીને, જાણે તો છે પોતાને, જ્ઞાન થાય છે પોતામાં, પણ તેને છોડીને પરનું લક્ષ કરીને પરને જાણું છું એમ માન્યતા (કરે છે), પરને જાણનારો હું એમ નહિ માનીને હું પરનો જાણનારો છું, આ પરને જાણ્યું તે હું છું એમ અનાદિથી મિથ્યાભ્રમ અજ્ઞાનમાં પરને જાણ્યું, એમ માનીને પોતાને ભૂલી ગયો હતો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જે જાણવામાં આવનારો તે જ હું અનુભવમાં આવનારો છું, બીજી કોઈ ચીજ નથી. એમ અંતરમાં અનુભવ કરીને આત્માનું જ્ઞાન કરવું. પછી પ્રતીતિ-શ્રદ્ધાન થાય છે. ત્યારે સમ્યગ્દર્શન-પ્રતીત યથાર્થ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા જે આમ હતો તે આમ અંતરમાં આવ્યો ત્યારે પ્રતીત થઈ કે આ આત્મા. જાણ્યા વિના કોની પ્રતીતિ? સમજાય છે કાંઈ? જેના જ્ઞાનમાં આ ચીજ છે એમ આવ્યા વિના પ્રતીતિ કરો. પણ કોની પ્રતીતિ કરે? સમજાય છે કાંઈ? કોની પ્રતીતિ? કરોને માનોને. એને માનો. પણ કોને માનવું? જે ચીજ છે એ ખ્યાલમાં તો આવી નહિ. આ ચીજ છે એમ જ્ઞાનમાં આવ્યું નહિ. પ્રતીત કોની કરવી? વિશ્વાસ કોનો કરવો? સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવમાં આવે છે ત્યારે આ આત્મા, એવું સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. છે તો આત્મજ્ઞાનની સાથે સમ્યગ્દર્શન. પણ આ આત્મા ચૈતન્યસ્વરૂપ એકલી જ્ઞાનની મૂર્તિ આત્મા છે. તે પોતાને અને પરને જાણે છે પણ જાણવાનો સ્વભાવ પોતામાં છે. તે જ હું છું, એમ અંતર્મુખ થઈને આત્માનું જ્ઞાન થયું, આત્માનું જ્ઞાન થયું, આત્માનું જ્ઞાન થયું ત્યારે પ્રતીતિ થઈ કે આ આત્મા. આત્માનું જ્ઞાન થયું તો પ્રતીતિ થઈ કે આ આત્મા. સમજાય છે કાંઈ?

અહીં રાગનું જ્ઞાન, પુણ્યનું જ્ઞાન, વ્યવહારનું જ્ઞાન થયું તો આ આત્મા એમ ન થયું. અહીંયાં તો આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાનમૂર્તિનું જ્ઞાન થયું, આ આત્મા એવું જ્ઞાન થયું તો એ આત્મામાં, આ આત્મા એવી પ્રતીતિ થઈ. આહાહા..! પહેલા અહીંથી શરૂઆત થાય છે. વૈદરાજજી! તમે તો આડેઅવળે ભરડાભરડ બહુ કરતા હતા. પહેલી શરૂઆત ત્યાંથી થાય છે. આ છોડીને પછી સ્વાધ્યાય કર્યા કરે, સ્તુતિ કર્યા કરે. એકડા વિનાના બધા મીંડા છે. મીંડા કહે છે ને? શૂન્ય.. શૂન્ય. બિંદી. આહાહા..!

'**ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ...**' પ્રતીતિરૂપ એનું એક યથાર્થ લક્ષણ છે ને? પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી એકલો જ્ઞાનસ્વરૂપી ભિન્ન. 'દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન'. કેવલ ચૈતન્યનું જ્ઞાન. રાગ નહિ, પુણ્ય નહિ, વિકલ્પ નહિ. એ નહિ, એ

કંઈ આત્મા નથી. સમજાય છે કાંઈ? આવો ધર્મ કેવો હશે આ? ઓલા તો પહેલાં કહે કે, છકાયની દયા પાળવી, વ્રત પાળવા, ચોવિહાર કરવો, રાત્રે ન ખાવું, કંદમૂળ ન ખાવા. લ્યો. ભગવાન કહે છે કે એ ધર્મ-બર્મ નથી. સાંભળ તો ખરો. એ તો રાગની મંદતાનું પુણ્ય છે. અને હું પરનું કામ કરું છું ને છોડું છું એ તો મિથ્યા દષ્ટિ છે. તત્ત્વની ખબર નથી.

કહે છે, કેમકે '**વિના જાણ્યે શ્રદ્ધાન કોનું?**' જે ચીજનું જ્ઞાન જ નથી તો એની પ્રતીતિ કઈ રીતે કરશે? સમજાય છે કાંઈ? સંસારમાં એમ કરાય છે. સગપણ હોયને સગપણ? સગપણને શું કહે છે? સગાઈ. સગાઈ વખતે બીજો છોકરો બતાવે ને લગન વખતે બીજો બતાવે. બરાબર નક્કી ન કર્યું હોય. સગાઈ વખતે પોતાનો છોકરો સાધારણ હોય. સમજ્યા? સગાઈ વખતે બીજો છોકરો બતાવી દે. પછી લગન વખતે પોતાનો છોકરો બતાવે. પેલાને ખ્યાલ પણ ન હોય. બરાબર જોયો હોય નહિ. થોડો વહેમ તો પડી જાય. આ નહિ, આ નહિ. પણ હવે શણગારીને લાવ્યા. આમાં વ્હેમ પડ્યો. એમ થાય છે કે નહિ? નેમિદાસભાઈ! ગામે ગામ ઘણે ઠેકાણે થાય છે.

મુમુક્ષુ :- બધા કરે છે.

ઉત્તર :- બધા કરે છે. પોતાનો છોકરો સાધારણ હોય. તો થોડી વાર બીજો છોકરો બતાવી દે. સગપણ પછી કહે જાઓ. પછી લગન વખતે બીજો છોકરો. ખબર વિના આની સાથે લગન કરવા કે આની સાથે? જ્ઞાન તો થયું નથી. સમજાય છે કાંઈ?

એમ આત્મા શું ચીજ છે એનું જ્ઞાન થયું નહિ અને પ્રતીત કરો. કોની પ્રતીત કરે? સમજાય છે કાંઈ? કેમકે વિના જાણ્યો શ્રદ્ધાન કોનું કરશે? વસ્તુ જ જ્યાં જ્ઞાનમાં (આવી નથી કે) આ ચીજ (છે ત્યાં શ્રદ્ધાન કોનું?) ભલે અસંખ્ય પ્રદેશ ખ્યાલમાં ન આવે પણ આ જ્ઞાન તે હું. જ્ઞાનનું-આનંદનું વેદન જે થયું, આનંદનું વેદન તે આત્મા, તે આત્મા. શાંતિનું વેદન થયું, આત્માને જાણવાથી શાંતિનું વેદન થયું તો એ શાંતિ અનંત કાળમાં નહોતી થઈ એવી શાંતિના રસનું વેદન થયું કે આ આત્મા. એમ જાણ્યા વિના પ્રતીતિ કોની થાય? કહો, સમજાય છે કાંઈ? કાંઈકનું કાંઈક લગાવી દે, કાંઈકનું કાંઈક માની લે અને માને કે અમે આત્મા માનીએ છીએ. એમ છે નહિ.

'**પછી...**' જુઓ! શ્રદ્ધાન કોનું કરશે? માટે પહેલા આત્માને જાણવો. તેને જાણ્યો તો શ્રદ્ધા થઈ કે આ આત્મા. આ આનંદનું વેદન થયું તો આ આત્મા. શાંતિનું વેદન થયું તે આત્મા. કષાયરહિત ભાવ થયો તે આત્મા. આ આત્મા, એમ જ્ઞાન થઈને પ્રતીત થઈ તેનું નામ સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? '**પછી સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને...**' દેખો! પછી રાગ, દ્વેષ, દયા, દાનના વિકલ્પ બધા ભાવોથી ભેદ કરીને '**પોતામાં સ્થિર થાય...**' જુઓ! વ્યવહાર વ્રત, દયા, દાનના વિકલ્પ છે એ પરભાવ છે. તેનાથી ભેદ કરીને પોતામાં સ્થિર રહેવું તેનું નામ ચારિત્ર છે. રાગમાં સ્થિર રહે એ તો વિકાર છે, અચારિત્ર

છે. સમજાય છે કાંઈ?

**'પછી સમસ્ત અન્યભાવોથી...'** સમસ્ત અન્યભાવ લીધા છે, હોં! સમસ્ત અન્યભાવ. ચાહે તો ગુણ-ગુણી ભેદનો વિકલ્પ હો, ચાહે તો દયા, દાનનો હો, ચાહે તો ભક્તિ, પૂજાનો હો-બધા વિકલ્પના ભેદ ભાવથી. **'અન્યભાવોથી ભેદ કરીને...'** કેમકે આત્માને જાણ્યો કે આ આત્મા છે, રાગાદિ આત્મા નહિ. **'પોતામાં સ્થિર થાય...'** નિજ સ્વરૂપ જ્ઞાનમૂર્તિ ચિદાનંદ પ્રભુમાં લીન થાય તેનું નામ ચારિત્ર છે. વૈદરાજજી! ચારિત્ર એટલે શું?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં લીન થવું..

ઉત્તર :- આત્માનું ભાન થઈને પ્રતીતિ થઈ અને એ આત્મામાં અન્ય વિકલ્પ જે દયા, દાન આદિ હતા તેનાથી ભેદ કરીને-જુદાં કરીને સ્વરૂપમાં સ્થિર રહેવું તે ચારિત્ર છે.

મુમુક્ષુ :- નિશ્ચય ચારિત્ર.

ઉત્તર :- તે સાચું ચારિત્ર. પાછા વળી નિશ્ચય ચારિત્ર (કહે છે). પાછું લાકડું આવ્યું. શેઠે ધાર્યું છે ઘણું, વાંચ્યું છે ઘણું, હોં! વૈદરાજ છે અને શેઠ છે. બધા કૂચા છે. અહીં તો નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહારથી તો ભેદ કર્યો. જુઓ!

**'અન્યભાવોથી ભેદ કરીને...'** જુઓ! વિકલ્પમાત્ર. દયા, દાન, વ્રતના વિકલ્પ તો રાગ છે જ, પણ હું આત્મા ગુણી છું અને એમાં આનંદ રહે છે અથવા ચારિત્ર કે અંદર સ્થિર થાઉં એવો વિકલ્પ, એ રાગ, એ અન્યભાવથી ભેદ કરીને, અન્યભાવથી જુદા પડીને સ્વરૂપમાં સ્થિર થવું એનું નામ ચારિત્ર છે. નિશ્ચય કહીને જાણે પેલો વ્યવહાર રહી ગયો. પેલા કહે, પહેલાં વ્યવહાર કરે પછી નિશ્ચય આવે. ધૂળમાં (આવે). એવું ઘૂંટાવ્યું છે ને માણસને. ઘૂંટ્યા ઈ ઘૂંટ્યા. ઘૂંટ્યાને શું કહે છે? ઘૂંટના. આહાહા..!

**'એ પ્રમાણે સિદ્ધિ છે.'** લ્યો. આ પ્રકારે આત્માની મુક્તિ થાય છે. એમ ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ફરમાવે છે. કહો, સમજ્યા? અન્યભાવોથી ભિન્ન આત્માનું જ્ઞાન, અન્યભાવોથી ભિન્ન આત્માની શ્રદ્ધા, અન્યભાવોથી ભિન્ન સ્વરૂપની સ્થિરતા. આહાહા..! કદી સાંભળ્યું નહિ, શું ચીજ છે. એમ ને એમ આંધળા થઈને ચાલે. 'અંધો અંધ પિલાય' એમ શાસ્ત્રમાં છે. આંધળો જાનારો અને આંધળો દેખાડનારો. ચાલો પડો કૂવામાં. માર્ગ શું છે અને માર્ગની પ્રતીતિ કોને કહે છે અને માર્ગમાં રમણતા (કોને કહેવી) એની ખબર નથી.

**'આ પ્રમાણે સિદ્ધિ છે.'** જુઓ! આ પ્રકારે મુક્તિ થાય છે, વ્યવહાર-ફ્યવહારથી નહિ. શેઠ! વ્યવહારથી નહિ. આત્મા પુણ્ય-પાપના શુભ-અશુભભાવથી ભિન્ન (છે). એ તો તમે કહ્યું હતું. પુણ્યને પાપ તો વિરલ કહે છે. તમે કહ્યું હતું કે નહિ?

મુમુક્ષુ :- ઈ તો ગાવા માટે ને.

ઉત્તર :- ગાવા માટે હોય? બેસવા માટે જોઈએ.

મુમુક્ષુ :- એમાં લખ્યું છે, વિરલા જાણે.

ઉત્તર :- એનો અર્થ, એની દુર્લભતા બતાવી કે પુણ્ય જે દયા, દાન, વ્રતના ભાવ છે એ પુણ્ય છે તેને અનુભવીજન સમ્યગ્દૃષ્ટિ તો પાપ કહે છે. કારણ કે રાગ છે, બંધનું કારણ છે, ઝેર છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની એને ગળે વળગાડે છે, જ્ઞાની કહે છે કે ઝેર છે. મારું ચૈતન્ય અમૃતસ્વરૂપ ઈ રાગથી, વિકલ્પથી ભિન્ન છે. એવું ભાન કરીને પ્રતીતિ કરીને, અન્યભાવોથી ભેદ કરીને (સ્થિર રહે છે). ભેદ તો પહેલાં જ્ઞાનમાં થયો છે પણ અહીં તો કહે છે કે અહીં સ્થિર રહેવું છે તો રાગથી ખસીને અહીંયા ઠરવું એમ કહે છે. આહા..! સમજાય છે કાંઈ?

'**પણ જો જાણે જ નહિ...**' જુઓ! આત્મા શું ચીજ છે? આત્મા પરમાત્મા સાક્ષાત્ પ્રભુ છે. અંતર વીતરાગમૂર્તિ આત્મા છે. વીતરાગમૂર્તિ અરૂપી ચૈતન્ય વીતરાગમૂર્તિ છે. તો એની પર્યાયમાં વીતરાગત પ્રગટ થવી એ જ વર્તમાન મોક્ષમાર્ગ છે. આહાહા..! '**પણ જો જાણે જ નહિ...**' ભગવાન આત્મા કોણ છે, પોતાનું સ્વરૂપ શું છે એ જાણે નહિ '**તો શ્રદ્ધાન પણ ન થઈ શકે;...**' ગધેડાના શીંગડા જગતમાં નથી તો વિશ્વાસ પણ ન થઈ શકે. જાણ્યા વિના વિશ્વાસ કોનો કરવો? સમજાય છે કાંઈ? સસલાને શીંગડા છે? વિશ્વાસ કરો, વિશ્વાસ કરો. પણ કોનો કરે? જાણ્યા વિના કોનો વિશ્વાસ કરે? છે જ નહિ ને. આકાશના ફૂલનો વિશ્વાસ કરો. ફૂલ જગતમાં છે જ નહિ. એમ આત્માનો વિશ્વાસ કરો. જાણ્યો નથી. કોને કરે? જાણ્યા વિના? આ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ રાગ, શરીર જડથી ભિન્ન છે અને પોતાના શુદ્ધ આનંદથી, શાંતિથી અભિન્ન એક છે, એમ પોતાને જાણ્યા વિના શ્રદ્ધા કોની? જ્ઞાનમાં આવ્યા વિના વિશ્વાસ ક્યાંથી થયો? '**શ્રદ્ધાન પણ ન થઈ શકે;...**' એવી સ્થિતિમાં સ્થિરતા ક્યાં કરશે? હજી પોતાનું સ્વરૂપ જ્ઞાયક ચૈતન્યમૂર્તિનો અનુભવ નથી, જ્ઞાન નથી, શ્રદ્ધા નથી તો સ્થિરતા ક્યાં કરશે? વ્યવહાર ચારિત્ર તો પહેલા કરશે કે નહિ? સમ્યગ્દર્શન વિના ચારિત્ર. ચારિત્ર હોતું જ નથી. અજ્ઞાની માને છે કે અમને સમ્યગ્દર્શન નથી, પણ ચારિત્ર છે, ચારિત્ર છે. પણ ધૂળમાં ચારિત્ર હોય? ચારિત્રનો અર્થ તો ચરવું છે. તો કોઈ ચીજ જોઈ હોય એમાં ચરવું-રમવું એનું નામ ચારિત્ર છે. સમજાય છે કાંઈ? આ ઢોર પણ ચરે છે તો ઘાસ જોઈને ચરે છે કે નહિ? કે ધૂળને ચરે છે? ચરે છે ને? ઢોર. ઢોર-પશુ ઘાસ ચરે છે. તો આ ચરવું શેમાં? આત્મા શું ચીજ છે એનું જ્ઞાન થયું નથી, શ્રદ્ધા થઈ નથી, ચરવું શેમાં? સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના ચારિત્ર ત્રિકાળમાં હોતું નથી. આહાહા..! રાત્રે કહેતા હતા ને? બધું પાળતા હતા ને. પોતાની શક્તિ પ્રમાણે જાણ્યું એટલું પાળ્યું. એની ના પાડે છે અહીંયાં. હવે હળવે હળવે અહીંયાં રહ્યા ને? કાલે કહેતા હતા, અમને તો હજી છ દિવસ થયા છે. કાલે કહેતા હતા ને. હજી છ દિવસ થયા છે. પહેલાં સાંભળ્યું ન હોય તો શું કરે? પહેલાં સાંભળ્યું ન હોય ને. કેમ સેઠી! એ તો અમારે સેઠી પણ એમ

હતા, હોં! ઈ પણ એમ હતા. હવે બેઠા છે. આહાહા..!

**'તો સ્થિરતા શામાં કરે?'** શામાં કરે, એની ઉપર વજન છે. ક્યાં કરશે? આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યનું ભાન પણ નથી, શ્રદ્ધા નથી તો ક્યાં સ્થિરતા કરશે? એ તો રાગમાં એકાગ્ર થશે. એ કાંઈ ચારિત્ર-ફારિત્ર નથી. ઓહોહો..! **'તેથી બીજી રીતે સિદ્ધિ નથી એવો નિશ્ચય છે.'** બીજી કોઈ રીતે આત્માની મુક્તિ થતી નથી. આ જ રીતિ અને વિધિથી મુક્તિ થાય છે. કહો. શ્લોક. ૨૦મો શ્લોક.

**कथमपि समुपात्तत्रित्वमप्येकताया**
**अपतितमिदमात्मज्योतिरुद्गच्छच्छम्।**
**सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं**
**न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धि।।२०।।**

**શ્લોકાર્થ :- 'આચાર્ય કહે છે કે :'** 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ ૯૦૦ વર્ષ પહેલાં થયા. મહા ભાવલિંગી સંત. 'કુંદકુંદાચાર્ય'નું કહેલું છે તેનું પેટ ખોલનારા. સમજાય છે કાંઈ? એ આચાર્ય કહે છે. સંત ભાવલિંગી પરમેશ્વરપદમાં ભળેલા છે. ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં. હોં! લોએ બધામાં લેવું. જેમ છેલ્લામાં છે ને? ણમો લોએ સવ્વ સાહૂણં. તો ણમો લોએ બધામાં લઈ લેવું. એવો શાસ્ત્રમાં પાઠ છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વા આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવ્વજ્ઝાયાણાં, ણમો લોએ સવ્વ સાહૂણં. એ છેલ્લું પદ બધામાં લઈ લેવું. એમ 'ધવલ' શાસ્ત્રમાં પાઠ છે. કહે છે કે એવા આચાર્ય, જેને ચાર જ્ઞાન, ચૌદ પૂર્વના ધરનારા ગણધર (નમે).

'સીમંધર' ભગવાન વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. તીર્થંકર મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. સમવસરણમાં મોજૂદ (છે). એમના ગણધર છે એ જેમને નમસ્કાર કરે છે. 'અમૃતચંદ્રાચાર્ય'ને પણ નમસ્કાર કરે છે. તે સમયે પણ એ જ હતા, અત્યારે પણ એ જ ગણધર છે. 'અમૃતચંદ્રાચાર્ય' તો ૯૦૦ વર્ષ પહેલા થયા. ભગવાનનું આયુષ્ય તો ક્રોડ પૂર્વનું છે. અને ગણધરનું આયુષ્ય પણ મોટું છે. અબજો... અબજો.. અબજો વર્ષના આયુષ્ય છે ત્યાં. સમજાય છે કાંઈ? ક્રોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. અત્યારે બિરાજમાન છે. ૧૯મા 'મલ્લિનાથ', ૨૦ 'મુનિસુવ્રત'ના વખતથી બિરાજમાન છે. અને આવતી ચોવીસીના બારમા, તેરમા તીર્થંકર થશે ત્યાં સુધી રહેશે, ત્યારે મુક્તિ થશે. સીત્તેર લાખ કરોડ.. સમજ્યા? સીત્તેર લાખ કરોડ છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય છે. સીત્તેર લાખ કરોડ છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. એવા એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. એટલું મોટું આયુષ્ય છે. એવું આયુષ્ય છે. ભગવાન વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. સમવસરણમાં જીવંત છે, જીવનમુક્ત છે. એમના ગણધર છે. એ ણમો લોએ સવ્વ આઈરિયાણં બોલે છે. એ પણ રચના કરે છે ત્યારે 'અમૃતચંદ્રાચાર્ય' એવા છે કે જેને ગણધરના નમસ્કાર પહોંચે છે. સમજાય છે કાંઈ?

એ આચાર્ય કહે છે, અરે..! **'અનંત (અવિનશ્વર)...'** લીધું. સમજ્યા? નાશ નથી એટલું. અનંત એટલે નાશ નથી એમ લેવું છે. એમ લેવું છે. અનંત એટલે પરિપૂર્ણ ને ઘણું, એમ નથી લીધું. અનંત એટલે નાશ નથી એવું **'ચૈતન્ય જેનું ચિહ્ન છે...'** આત્માનું ચૈતન્ય ચિહ્ન કદી નાશ પામે નહિ એવો સ્વભાવ છે, એમ કહે છે. આત્મા, એનું ચૈતન્યચિહ્ન-જાણવું લક્ષણ કદી નાશ નથી પામતું. સમજાય છે કાંઈ? આત્મા ચૈતન્યલક્ષણ. લક્ષણથી લક્ષિત થાય છે. એવું ચૈતન્યલક્ષણ **'જેનું ચિહ્ન છે એવી આ આત્મજ્યોતિ...'** જેનું અવિનાશી ચિહ્ન છે એવી આ આત્મજ્યોતિ. આહાહા..! ભાષા જુઓ! ખૂબી. રાગ કે વિકલ્પથી એનો પત્તો નથી લાગતો. કેમકે લક્ષ આત્મા અને ચૈતન્ય ચિહ્ન-લક્ષણ છે. આત્મા લક્ષ અને વિકલ્પ રાગાદિથી લક્ષ પ્રાપ્ત થાય એ રાગ એનું લક્ષણ નથી, એમ કહે છે. નાશ વિનાનું ચૈતન્ય ચિહ્ન જેનું લક્ષણ છે એવી આત્મજ્યોતિ. આહાહા..! કેટલી વાત કરે છે! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા દેહ એનું લક્ષણ નથી કે એનાથી લક્ષમાં આવે. દયા, દાનના વિકલ્પ એ લક્ષણ નથી કે જેથી લક્ષમાં આવે. અને એ તો નાશવાન છે, ભાઈ! પેલા વિકલ્પ તો નાશવાન છે, ફેરફાર થઈ જાય છે. ચૈતન્યલક્ષણ તો અવિનાશી છે. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. અવિનાશી લક્ષણ છે. આહાહા..! કેટલી વાત કરે છે! રાગ છે, વિકલ્પ છે એ તો પલટી જાય છે, શુભાશુભ રાગ પલટી જાય છે. આ તો ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય જેનું લક્ષણ છે એવી આત્મજ્યોતિ. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન આત્મા, જેનું અવિનાશી ચૈતન્ય ચિહ્ન છે. આહાહા..! ભારે પણ ટીકા! આ પુણ્ય-પાપના વિકલ્પ એ લક્ષણ નહિ અને એનાથી આત્મા પ્રાપ્ત થતો નથી. એમ પહેલાં નિષેધ કરે છે. આહા..! શું રાગ, દયા, દાન, મંદ કષાય એનું લક્ષણ છે કે એનાથી આત્મા લક્ષમાં આવે છે? અને એ તો ફેરફાર થઈ જાય છે, કૃત્રિમ ભાવ છે. આ તો ચૈતન્ય લક્ષણ અવિનાશી લક્ષણ, અકૃત્રિમ લક્ષણ, શાશ્વત લક્ષણ. આહાહા..! સમજાય છે કાંઈ? કોની વાત ચાલે છે? આત્મજ્યોતિ. આત્મજ્યોતિ અવિનાશી ચૈતન્યચિહ્નવાળી જ્યોતિ છે. એ ચૈતન્ય લક્ષણથી આ આત્મા એમ લક્ષ અનુભવ થાય છે. કોઈ રાગથી, વિકલ્પથી, નિમિત્તથી, પરની વાણીથી આત્માનું અનુભવજ્ઞાન થતું નથી. સમજાય છે કાંઈ?

**'અનંત..'** નાશ વિનાનું **'ચૈતન્ય જેનું ચિહ્ન...'** ચૈતન્ય, હોં! ચેતન તો આત્મા છે. આ ચૈતન્ય લક્ષણ છે ને જ્ઞાન. **'જેનું ચિહ્ન...'** જેનું (એટલે) કોનું? **'એવી આ આત્મજ્યોતિ...'** આ આત્મજ્યોતિ. જુઓ! પહેલા આ જ્ઞાન કરો, કહે છે. ચૈતન્ય લક્ષણ ચિહ્ન, એંધાણ.. એંધાણ કહે છે તમારામાં? નથી કહેતા. અમારી કાઠિયાવાડી ભાષા છે. એ લક્ષણને એંધાણ કહે છે. આ એંધાણે ચાલ્યા જાઓ. એમ ચૈતન્યલક્ષણના એંધાણથી અંદર ચાલ્યા જાઓ.

**'એવી આ આત્મજ્યોતિને...'** એટલે આ નિર્ણય કર્યો. **'અમે...'** હવે અમે. કોઈ

કહે છે કે અમે ન લેવું. અહંકાર થઈ જશે એમાં. સર્વમાં ભાગ પડી જાય છે. પણ આત્મા ભિન્ન પોતાનું અસ્તિત્વ રાખે છે તો અમે આવ્યા વિના રહેતું નથી. સમજાય છે કાંઈ? હું, તો હું વિકલ્પ છે. નહિ. એ જુદી વસ્તુ વિકલ્પ છે. પણ અમે (કહેતાં) બીજાથી જુદા પડીને ભાગ પડી જાય છે અભેદથી. એમ નથી. કેટલાકને બધાને એક ઠરાવવા છે ને. બધા એક આત્મા, જાઓ! એમ નથી. અમે ચૈતન્ય લક્ષણથી લક્ષિત આત્મા કરીને '**અમે નિરંતર...**' '**સતતમ્**' શબ્દ પડ્યો છે. જુઓ! વિકલ્પ છે, લખતી વખતે પણ અમે નિરંતર આત્માનો જ અનુભવ કરીએ છીએ. અમારા આત્માનું જ વેદન અંતરમાં નિરંતર રહે છે. વાણીમાં વાણી રહી, વિકલ્પમાં વિકલ્પ રહ્યો. મારામાં એ છે જ નહિ.

'**નિરંતર અનુભવીએ છીએ...**' જુઓ! સમકિતીને, મુનિને એવા અનુભવનો ખ્યાલ આવે છે કે ભગવાનને પૂછવું પડે? એ તો ખબર પડે નહિ અમને, એમ કહે છે. અહીં તો કહે છે, અમે અનુભવ કરીએ છીએ ખબર પડે છે. જાણવામાં આવે છે. જુઓ! છે એમાં? જુઓ! '**અનુભવીએ છીએ...**' ભગવાન જાણે અમને સમ્યગ્દર્શન છે કે નહિ, એમ નહિ. અમે, આત્માનું જ્ઞાન, એની શ્રદ્ધા અને સ્થિરતાનો અનુભવ અમે કરીએ છીએ. ત્રણે બોલ આવી ગયા. સમજાય છે કાંઈ? ચૈતન્યચિહ્ન લક્ષણવાળો આત્મા, એવી આત્મજ્યોતિ, જ્ઞાન થયું છે, પ્રતીતિ થઈ છે. '**અમે નિરંતર અનુભવીએ છીએ...**' એમાં જ અમારી એકાગ્રતા ચાલુ છે. સમજ્યા? આહાહા..! પંચ મહાવ્રતના વિકલ્પ-ફિકલ્પ પણ મારા નહિ. આહાહા..! આ તો પંચમઆરાના મુનિ છે. આ તો હજી ૯૦૦ વર્ષ પહેલાં થયા. દિગંબર સંત જંગલવાસી વનવાસી હતા. એ કહે છે કે '**અમે નિરંતર અનુભવીએ છીએ...**'

મુમુક્ષુ :- ગાથા 'કુંદકુંદાચાર્યે' બનાવી.

ઉત્તર :- મૂળ ગાથા 'કુંદકુંદાચાર્ય'ની, પણ આ કળશ છે 'અમૃતચંદ્રાચાર્ય'ના. કળશ 'અમૃતચંદ્રાચાર્ય'ના. મૂળ શ્લોક જે લાલ છે ને? લાલ, એ 'કુંદકુંદાચાર્ય'ના (છે). સમજાય છે કાંઈ?

કહે છે કે '**નિરંતર અનુભવીએ છીએ...**' કેટલી વાત મૂકી! એનું તો અનંત ચૈતન્ય અવિનાશી લક્ષણ એ ચૈતન્ય છે, બીજું કોઈ એનું લક્ષણ નથી. અને તે અવિનાશી છે. અવિનાશી લક્ષણ દ્વારા આત્માનું લક્ષ થાય છે. તો આત્માનું જ્ઞાન થયું, પ્રતીતિ થઈ કે આ જ આત્મા જ્ઞાનાનંદ છે. અને એમાં સતત અનુભવ કરીએ છીએ. સ્વરૂપ આનંદમાં અમે લીન રહીએ છીએ. એનું નામ ચારિત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ? '**કારણ કે તેના અનુભવ વિના...**' તેના અનુભવ વિના. તેના નામ ભગવાન આત્મા ચૈતન્ય લક્ષણથી લક્ષિત ભગવાન આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કર્યા વિના '**અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી.**' જુઓ! નિષેધ કરે છે. કોઈ વ્યવહારથી-ફ્યવહારથી મુક્તિ થાય છે એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'તેના અનુભવ વિના...'** શુદ્ધ ચૈતન્યપ્રભુ ચૈતન્ય લક્ષણથી લક્ષિત અનુભવમાં આવનારો અને એની પ્રતીતિ થઈ, એમાં અનુભવ થયો તે જ અનુભવથી મુક્તિ થાય છે. એ સિવાય **'અન્ય રીતે...'** બીજા પ્રકારે-દયા, દાન, વિકલ્પ વ્યવહાર, નિમિત્ત, શરીર, સંહનન આદિથી સાધ્ય જે આત્માની મુક્તિ એની સિદ્ધિ અન્ય પ્રકારે થતી નથી. સમજાય છે કાંઈ? વ્યવહારથી થતી નથી એમ નિષેધ કર્યો. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો લખ્યું છે એ બરાબર છે કે મોક્ષમાર્ગ તો એક જ છે. બે તો કથન કર્યા છે. વ્યવહાર તો બંધનું કારણ છે. આ એક જ મોક્ષનું કારણ છે. ગાથા દીઠ વાત નીકળે છે પણ કોણ જાણે શું કરે છે? અપ્રમાણિત છે, 'ટોડરમલજી' અપ્રમાણિત છે. બે મોક્ષમાર્ગની ના પાડે છે. બે મોક્ષમાર્ગ માને તેને ભ્રમ કહે છે. અમે કહીએ છીએ કે બે મોક્ષમાર્ગ ન માને તે ભ્રમમાં પડ્યા છે. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- અમને આગમની શ્રદ્ધા છે.

ઉત્તર :- અમને આગમની શ્રદ્ધા છે. અમે તો આગમની શ્રદ્ધાથી લખ્યું છે તેવું માનીએ છીએ. તમે લખ્યું છે એમ માનતા નથી. સાંભળ તો ખરો. શું લખ્યું છે? કઈ નયનું કથન છે (એની તને ખબર નથી). નયના જ્ઞાન વિના યુક્ત અયુક્ત અને અયુક્ત યુક્ત થઈ જાય છે. આહા..! વ્યવહારનયનું કથન છે કે નિશ્ચયનું કથન છે? વ્યવહાર તો નિરૂપણ કથનની અપેક્ષાથી વાત છે. વસ્તુ સ્વરૂપ એવું નથી. સમજાય છે કાંઈ?

**'તેના અનુભવ વિના...'** જુઓ!

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભ હૈ રસકૂપ
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષસ્વરૂપ.

આ મોઢે કર્યું ને પછી ગડબડ તો બહુ કરતા હતા. આ તો એક વાત છે. શેઠ! આ તો કહેવાની વાત છે. તમને કંઠસ્થ તો હતું ને, ભાઈ! કંઠસ્થ હતું. અર્થની ખબર નહોતી. વાત ઈ. ઈ પણ કાલે બોલ્યા હતા, કાલે નહોતા બોલ્યા?

વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવૈ વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઊપજૈ, અનુભવ યાકૌ નામ.

સમજાય છે કાંઈ? 'વસ્તુ વિચારત ધ્યાવતૈ' ભગવાન ચૈતન્ય જ્ઞાનજ્યોતિ સ્વરૂપનું ધ્યાન કરવાથી. 'વસ્તુ વિચારત, વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવૈ વિશ્રામ'. વિકલ્પ છે એ મરી જાય છે, મન મરી જાય છે. મનના વિકલ્પ છૂટી જાય છે. 'રસ સ્વાદત..' મરી જાય પછી ઊપજે શું? 'રસ સ્વાદત સુખ ઊપજૈ' આત્માના આનંદના રસનો સ્વાદ આવે છે. 'અનુભવ યાકો નામ.' એ અનુભવ મોક્ષનો માર્ગ છે. બાકી માર્ગ-ફાર્ગ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યય અને ઉત્પાદ, ધ્રુવ. ત્રણ લીધા. વસ્તુ ત્રિકાળી ધ્રુવ, એનો વિચાર કરતાં મન વિશ્રામ પામે છે-વિકલ્પ નાશ પામે છે. અને આત્માના આનંદનો રસ ઉત્પન્ન થાય છે. બસ, એનું નામ અનુભવ. એ 'અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ'. એ સિવાય

કોઈ મોક્ષનો માર્ગ નથી. સમજાય છે કાંઈ?

પહેલા વ્યવહાર કરતાં કરતાં થાય કે નહિ? ઝેર ખાતા ખાતા અમૃતનો ઓડકાર આવે ને? લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવે છે? નહિ. લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવે છે? નથી આવતો. એમ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે? નથી થતો. વ્યવહારની ગંધ છે. રાગની-લસણની (ગંધ છે). આહાહા..! એઈ..! દેવાનુપ્રિયા! ભારે વાત પણ, ભાઈ!

'**તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની...**' મુક્તિ એવી '**સિદ્ધિ નથી.**' હવે કહે છે, '**કેવી છે આત્મજ્યોતિ? જેણે કોઈ પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે...**' ત્રણપણું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. એ ત્રણપણું પયર્યયમાં છે. '**તોપણ જે એકપણાથી ચ્યુત થઈ નથી...**' દ્રવ્યસ્વભાવથી એકત્વથી ચ્યુત થઈ નથી. સમજાય છે કાંઈ? '**कथम् अपि समुपात्तत्रित्वम् अपि एकतायाः**' બસ, ઈ. અને '**अच्छम् उद्गच्छत्**' '**જે નિર્મળપણે ઉદય પામી રહી છે.**' લો. એ જ્યોતિ... સમજાય છે કાંઈ? નિર્મળતા '**अच्छम् उद्गच्छत्**' '**નિર્મળપણે ઉદય પામી રહી છે.**' '**अच्छम्**' એટલે નિર્મળતા '**उद्गच्छत्**' એટલે ઉદય પામી રહી છે. '**अच्छम् उद्गच्छत्**' નિર્મળતાથી નિર્મળતા પામી રહી છે, એમ કહે છે. એમાં રાગ પામે છે, વ્યવહાર પામે છે એમ નહિ. નિર્મળતાથી ઉદયને પામી રહી છે, ભગવાનજ્યોતિ. ચૈતન્યજ્યોતિની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ કરતાં નિર્મળતા જ પ્રાપ્ત થાય છે. નિર્મળતા પ્રાપ્ત કરતાં.. કરતાં.. કરતાં.. કેવળજ્ઞાન થઈ જાય છે. એ નિર્મળતાથી મુક્તિ, કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. રાગાદિથી મુક્તિ થતી નથી. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :–** '**આચાર્ય કહે છે કે જેને કોઈ પ્રકારે...**' જેને એટલે આત્માને. '**કોઈ પ્રકારે પર્યાયદૃષ્ટિથી ત્રણપણું પ્રાપ્ત છે...**' પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન એવા ત્રણ ભેદ પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે છે. '**તોપણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી...**' શુદ્ધ વસ્તુ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જુઓ તો '**એકપણાથી રહિત નથી થઈ...**' ભગવાન એકસ્વરૂપે ચિદાનંદ છે તેનાથી કદી ભ્રષ્ટ થયો નથી.

મુમુક્ષુ :– દ્રવ્ય તો અશુદ્ધ છે.

ઉત્તર :– દ્રવ્ય અશુદ્ધ ક્યાંથી આવ્યું? દ્રવ્ય તો ત્રિકાલ શુદ્ધ છે. પર્યાય અશુદ્ધ છે, દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જુઓ. એ કહે છે, પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. હમણાં આવ્યું છે. અરે..! ભગવાન! બહુ પણ મરડી નાખ્યું. ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે, પર્યાય અશુદ્ધ છે. તો કહે, નહિ. પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. એમ એ લોકો કહે છે. અરે..! ભગવાન! સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વભાવ. શુદ્ધ સ્વભાવ તો કાયમ એકરૂપ ત્રિકાળ પરમાત્મા એવો ને એવો બિરાજમાન છે. તારી પર્યાયમાં અશુદ્ધતા છે તેનો નાશ કરીને શુદ્ધતા પ્રગટ કરવી તેનું નામ મોક્ષ છે. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ સચ્ચિદાનંદ

પ્રભુ સિદ્ધ સમાન પરમાત્મા પોતાનું સ્વરૂપ બિરાજમાન છે. ખબર નહિ. કોઈ ઠેકાણે આવ્યું હોય ને કે અશુદ્ધ પર્યાય છે માટે દ્રવ્ય અશુદ્ધ. એને અને આને શું છે? અહીં તો કહ્યું નહિ? તન્મય કીધું એ દાખલો આપે છે. શુભ થયો તો તન્મય થઈ ગયો. એ તો પર્યાયની વાત કરી. દ્રવ્ય ક્યાંથી તન્મય થઈ ગયું? એ 'પ્રવચનસાર'માં આવે છે ને. એ તો બીજી વાત કરે છે. અશુભ પરિણામ તન્મય પર્યાયમાં થાય છે. ધર્મ પણ શુદ્ધરૂપ પરિણત થાય છે. ધર્મ પરિણત આત્મા જ તન્મય આત્મામાં-શુદ્ધોપયોગમાં તન્મય થાય છે, એમ કહે છે.

'**શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી...**' શુદ્ધ દ્રવ્ય. દ્રવ્ય નામ વસ્તુ.. વસ્તુ સત્ સત્ સત્ શુદ્ધ. એવી દૃષ્ટિથી જુઓ તો '**જે એકપણાથી રહિત...**' એ આત્મજ્યોતિ-ભગવાન આત્મજ્યોતિ કોઈ દિ' ત્રણ પ્રકારે થઈ નથી. એ તો એકરૂપ વસ્તુ છે. પર્યાયમાં ત્રણ પ્રકાર દેખાય છે. '**જે અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહી છે...**' લો. '**अपतितम्**'નું શું કર્યું? ચ્યુત થઈ નથી, અપતિત છે. પતિત નથી, પતિત નથી, પતિત નથી એમ કહ્યું. '**એકપણાથી રહિત નથી થઈ...**' ઠીક. શુદ્ધ દ્રવ્યથી એકપણાથી રહિત નથી થઈ. પતિત-પડી નથી, એમ. '**જે અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહી છે...**' ઓ..હો..! શું કહે છે? પર્યાયમાં ત્રણ પ્રકાર હોવા છતાં શુદ્ધ દ્રવ્યમાં એકપણાથી કદી પતિત થઈ નથી.

'**એવી આત્મજ્યોતિનો અમને નિરંતર અનુભવ કરીએ છીએ.**' પંચમકાળના સંત પંચમકાળના. ભગવાન પછી તો ૧૫૦૦ વર્ષ ગયા. સમજાય છે કાંઈ? ૯૦૦ વર્ષ થયા ને? પછી મુનિ કહે છે કે અમે પંચમકાળના સંત કહીએ છીએ, દિગંબર સંત વનવાસી (કહે છે), નિરંતર અનુભવ કરીએ છીએ. લો. આત્માનો અનુભવ કરે છે ખબર પડી ગઈ? એ તો સૂક્ષ્મ છે, સમ્યગ્દર્શન સૂક્ષ્મ છે, જ્ઞાન સૂક્ષ્મ છે. ભાઈ! સૂક્ષ્મ પણ એ તો પ્રત્યક્ષ આમ નજરે નથી પડતા. સમજાય છે કાંઈ? આંધળો સાકર ખાય તો વેદનમાં કંઈ પરોક્ષ છે? આંધળો સાકર ખાય એ દેખે નહિ, પણ સાકરને ખાય છે એ વેદનમાં તો પ્રત્યક્ષ છે કે નહિ? કે પરોક્ષ છે? એમ આનંદનો અનુભવ, ભલે એ અસંખ્ય પ્રદેશ નજરે ન પડે. આ આનંદનો અનુભવ, શાંતિનો અનુભવ છે તે જ આત્મા છે, બીજી કોઈ ચીજ આત્મા છે જ નહિ.

'**એમ કહેવાથી એવો આશય પણ જાણવો કે જે સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તે...**' જુઓ! ભલામણ કરે છે કે '**જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે.**' અનુભવથી જ મુક્તિ છે. એ સિવાય મુક્તિ કોઈ દિ' થતી નથી. સમ્યગ્દૃષ્ટિને પણ કહે છે કે તું તારા અનુભવમાં રહે. અનુભવ કરો, ઠરો, એનાથી મુક્તિ થાય છે. સમજાય છે કાંઈ? માર્ગ જાણે લાગે એવો મોટો એલ.એલ.બી. કેવો હશે માર્ગ? આ તો હજી પહેલેથી વાત કરે છે, ભાઈ! આત્મા આનંદકંદ સ્વરૂપ છે એનું પહેલાં ભાન કરો. ભાન કરીને પ્રતીત કરો, ત્યારબાદ સ્વરૂપમાં રમણતા કરો એ જ મુક્તિનો માર્ગ છે. ભગવાન વીતરાગ પરમેશ્વર

જૈન પરમેશ્વરના માર્ગમાં આ એક માર્ગ છે. બીજો માર્ગ જગત કહે છે તે માર્ગ વીતરાગનો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! હવે ટીકા. થોડી ટીકા લીધી છે, જુઓ! બાકી છે.

**ટીકા :- 'હવે, કોઈ તર્ક કરે...'** તર્ક કરે, કાલે પ્રશ્ન આવ્યો હતો. **'આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે,...'** છે? ટીકામાં છે? ભાઈ! આ રહી. આમાં છે એની ટીકા છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની. છે ને, જુઓને! **'ननु ज्ञानतादात्म्यादात्मा ज्ञानं नित्यमुपास्त एव'** 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે, શ્લોકની ટીકા છે. **'કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે,...'** તાદાત્મ્ય એકસ્વરૂપે જ છે. આત્મા અને જ્ઞાન એક સ્વરૂપે જ છે. આ આત્મા અને જાણન.. જાણન.. જાણન.. જાણન.. જાણન.. જાણન.. તો તદ્રૂપ છે. જેમ અગ્નિમાં ઉષ્ણતા તદ્રૂપ છે, જેમ સાકરમાં મીઠાશ તદ્રૂપ છે, એમ આત્મામાં જ્ઞાન તો તદ્રૂપ જ છે, જુદું નથી. ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી તો કદી જુદો પડતો જ નથી. જુદો પડે તો આત્મા રહેતો નથી. શિષ્યનો પ્રશ્ન છે. **'તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે;...'** જુઓ! ભગવાન આત્મા... કેવી વાત કરે છે!

આ શરીર, વાણી, મન તો માટી-ધૂળ છે. કર્મ પણ માટી-ધૂળ છે. આ પુણ્ય-પાપના વિકલ્પ એ કૃત્રિમ છે. એ કાંઈ આત્મામાં નિત્ય રહેનારી ચીજ નથી. આત્મામાં નિત્ય રહેનારી ચીજ તો જ્ઞાન છે. આત્મા અને જ્ઞાન તો તદ્રૂપ એક સ્વરૂપે તદાત્મક-તદ્ આત્મક-તત્ સ્વરૂપે છે. તો જ્ઞાનનું નિત્ય સેવન કરે જ છે. આત્મા તદ્રૂપ રહે છે તો જ્ઞાનનું સેવન કરે જ છે. શિષ્યનો પ્રશ્ન છે. **'તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?'** આહાહા..! આત્મા વસ્તુ આમ જ્ઞાનથી એકરૂપ તદ્રૂપ તો છે જ. આત્મા જ્ઞાનની સેવા કરે જ છે. સમજ્યા? જ્ઞાનનું નિત્ય સેવન કરે જ છે. કેમકે જ્ઞાનને છોડીને આત્મા અન્યપણે તો રહેતો નથી. તો જ્ઞાનપણે જ આત્મા રહે છે. આત્મા જ્ઞાનપણે ન રહે તો જડ થઈ જાય. જ્ઞાન અને આત્મા તો એકરૂપ તદ્રૂપ રહે છે. તો આત્મા જ્ઞાનની સેવા કાયમ કરે છે.

અહીં જ્ઞાન કેમ કહ્યું છે? રાગની અને પુણ્ય-પાપની સેવા કરી છે તે બતાવવા કહે છે કે જ્ઞાનની સેવા (કરવી). **'તો પછી તેને જ્ઞાનની ઉપાસના...'** એ તો એકના એક શબ્દ છે, હોં! ઉપાસ્ય શબ્દ છે ને એમાં? ઉપાસ્ય શબ્દ બેયમાં પડ્યા છે. જ્ઞાનની નિત્ય ઉપાસના કરે છે. શિષ્ય કહે છે, હોં! શું? કે આત્મા અને જ્ઞાન... શિષ્યે આટલું તો પકડી લીધું છે. પુણ્ય-પાપના ભાવ એ આત્મામાં નિત્ય નથી. એની સાથે નિત્ય રહેતા નથી. શરીર, વાણી, આ માટી-ધૂળ એ તો નિત્ય રહેતા નથી. એ તો બહાર ચાલ્યા જાય છે. એને કારણે આવે છે અને એને કારણે જાય છે. આ તો જગતની ધૂળ-માટી ચીજ છે. અને પુણ્ય-પાપના વિકલ્પ પણ આત્માની સાથે એકરૂપ રહેતા નથી. આટલો તો શિષ્યને ખ્યાલ આવ્યો. આત્મા અને જ્ઞાન એકરૂપ રહે છે. એ તો સદા નિત્ય રહે છે. તો આત્મા તો

જ્ઞાનની સેવા (કરે જ છે). જ્ઞાનથી જુદો રહેતો નથી. જુદો રહેતો નથી. જ્ઞાન અને આત્મા એકરૂપ રહે છે. તો જ્ઞાનની સેવા તો આત્મા કરે જ છે. કરે છે તો પછી ફરીને જ્ઞાનની સેવા કરો? પાછું કહે છે, જ્ઞાનની સેવા કરો. આ શિક્ષા કેમ આપવામાં આવે છે?

**'તેનું સમાધાન :- તે એમ નથી.'** તું કહે છે તેમ નથી. **'જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે...'** જ્ઞાન અને આત્મા એકસ્વરૂપે છે. **'તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...'** જ્ઞાનની એકાગ્રતા ક્ષણમાત્ર કદી કરી નથી. એણે તો રાગની સેવા અનંત કાળથી કરી. દયા, દાન, વ્રત, તપ, કામ, ક્રોધ, શુભાશુભ રાગ આવ્યો ને? રાગ કર્યો તેની સેવા કરી છે. આ જ્ઞાનની સેવામાં એકાગ્ર થયો નથી. જુઓ! અન્યની સેવાની તો વાતેય નથી. અન્યની સેવા આત્મા કરી શકતો નથી. સેવા ધર્મ ગહન છે ને એવું બધું આવે છે. અન્યની સેવા-બેવા કોઈ કરતું નથી. ધૂળ કોણ કરે છે? એ તો સૌ સ્વતંત્ર પદાર્થ છે. પરની સેવા કોણ કરે? શું કરે? માણસને કાંઈ ખબર ન મળે. બિચારા જેવા હાંકે એવું હાંકે.

અહીં તો એટલું કહે છે કે જ્ઞાન અને આત્મા એકરૂપ હોવા છતાં તેણે જ્ઞાનની અંતર એકાગ્રતા એક સમય પણ કરી નથી. એકાગ્રતા કરે એનું નામ જ્ઞાનની સેવા છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. પણ પર્યાયમાં અનાદિથી રાગની સેવા કરે છે. સમજાય છે કાંઈ? વ્યવહાર વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઉઠ્યો, બસ! એની સેવા કરે છે મૂઢ જીવ અને માને છે કે અમે આત્માની સેવા કરીએ છીએ. શરીરની સેવા ને પરની સેવાની વાત તો છે જ નહિ.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા આમ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અને જ્ઞાન એકરૂપ હોવા છતાં જ્ઞાનની એકાગ્રતા એક ક્ષણમાત્ર, એક સમયમાત્ર પણ અનંત કાળમાં કરી નથી. જ્ઞાન અને આત્મા તાદાત્મ્ય હોવા છતાં જ્ઞાનની એકાગ્રતા અનંત કાળમાં એણે કરી નથી. આ જ્ઞાનની એકાગ્રતા થવી એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહાહા..! એ સમ્યગ્જ્ઞાન, ચિદાનંદ પ્રભુની એકાગ્રતા થવી એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. રાગ, દયા, દાન, વિકલ્પમાં એકાગ્રતા તે અચારિત્ર છે. તેને ધર્મ માનવો મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...'** આહાહા..! અરે..! ત્રિકાળ જ્ઞાન અને આત્મા એક છે ને? એ તો ત્રિકાળ તાદાત્મ્ય શક્તિરૂપે ત્રિકાળ એકરૂપ છે. પણ એ તરફની એકાગ્રતા ક્યાં થઈ છે? બરાબર છે? જ્ઞાનચંદજી! એક સમય પણ જ્ઞાનની સેવા-એકાગ્ર થાય તો મુક્તિ થયા વિના રહેતી નથી. થઈ ગયો વખત... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૬, બુધવાર, તા. ૧૯–૧૦–૧૯૬૬**
**ગાથા–૧૭–૧૮, ૧૯. પ્રવચન નં. ૮૦**

'સમયસાર' જીવ-અજીવ અધિકાર ચાલે છે. ૧૭-૧૮ની પાછળની ટીકા છે, જુઓ! ટીકા, ટીકા. એ પ્રશ્ન કેમ ઉઠ્યો? ટીકા છે ને? ૧૯ ગાથા ઉપર. ૧૭-૧૮ પછી. '**હવે કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે,...**' છે? શું કહે છે? શિષ્યને પ્રશ્ન કેમ ઉઠ્યો? કે આચાર્ય મહારાજે એમ કહ્યું કે આ આત્મા, જેમ રાજાને છત્ર, ચામર આદિ ચિહ્નથી ઓળખીને આ રાજા છે, એવો નિર્ણય કરીને પછી એની સેવા આરાધના કરે તો એને આજીવિકા મળે.

એમ આ આત્મા જીવરાજા. દેહમાં ભગવાન જીવરાજાનું પહેલાં આત્મજ્ઞાન કરે કે આ ચીજ શું છે? શુદ્ધ આનંદ જ્ઞાયકમૂર્તિ છે એનું જ્ઞાન કરીને શ્રદ્ધા કરવી કે આ જ આત્મા છે અને એની સેવા કરવી. એને આત્માનું અનુચરણ કહો, આશ્રય કહો, આરાધના કહો, સેવા કહો. સમજાય છે કાંઈ? આ આત્મા જે છે એ અનંત આનંદ આદિ શુદ્ધ સ્વભાવની મૂર્તિ છે. પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ તેનાથી રહિત (છે). શરીર, કર્મથી તો રહિત છે જ. એવા આત્માનું પહેલાં જ્ઞાન કરીને કે આ જ આત્મા છે, એનો અનુભવ કરીને અનુભવમાં શ્રદ્ધા કરવી કે આ જ આત્મા છે કે જે આત્મામાં ઠરવાથી, રમવાથી, સેવન કરવાથી, આરાધન કરવાથી મારા બધા કર્મ છૂટી જશે, બંધન છૂટી જશે. એમ આચાર્યે કહ્યું તો શિષ્યને પ્રશ્ન ઉઠ્યો. સમજાય છે કાંઈ? શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે મહારાજ આપ શું કહો છો? આત્મા અને જ્ઞાન તો એક સ્વરૂપે છે જ. આત્મા અને જ્ઞાન તો તાદાત્મ્ય-તદ્સ્વરૂપે છે. તો જ્ઞાનની સેવા નથી કરતો એમ ક્યાંથી આવ્યું? કેમકે જ્ઞાન અને આત્મા બે જુદાં નથી. બે ભિન્ન નથી. તો આપ કહો છો કે આત્માના જ્ઞાનનું સેવન કરવું, જ્ઞાનનું સેવન કરવું. જ્ઞાનની આરાધના કરવી, જ્ઞાનની સેવા કરવી, જ્ઞાનનું અનુચરણ કરવું, જ્ઞાનનું આચરણ કરવું. જ્ઞાન અને આત્મા તો એક જ વસ્તુ છે, ભિન્ન તો છે નહિ. સમજાય છે કાંઈ? કેમ? વૈદરાજજી! શિષ્યનો પ્રશ્ન છે.

મુમુક્ષુ :- જ્ઞાન અને આત્મા એક જ છે.

ઉત્તર :- એક જ છે અને આપ કહો છો કે જ્ઞાનની સેવા કરો, જ્ઞાનની સેવા કરો, જ્ઞાનનું આરાધન કરો, જ્ઞાનનું આચરણ કરો, જ્ઞાનનો આશ્રય કરો, એનો આશ્રય કરો. શું આશ્રય કરે? આત્મા અને જ્ઞાન તો એક જ છે. એવો શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ?

'**આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે,...**' ભગવાન આત્મા અને એનું જ્ઞાન એ તો એકરૂપ જ છે, એક સ્વરૂપે છે. અભેદ છે, ભિન્ન નથી, જુદું નથી. જુઓ! સમજાય

છે કાંઈ? **'તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે;...'** એ તો આત્મા જ્ઞાન સ્વરૂપી જ છે તો સદાય જ્ઞાનનું જ સેવન કરે છે અને આપ કહો છો કે જ્ઞાનનું સેવન કરો, જ્ઞાનનું સેવન કરો. સેવન કરે જ છે એને સેવન કરો શું કરવા કહો છો? સમજાય છે કાંઈ? **'તો પછી તેને જ્ઞાનની ઉપાસના...'** ઉપાસના કહો, સેવા કહો, આરાધના કહો, બધી એક જ વાત છે. **'કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?'** મહારાજ! સર્વજ્ઞ પરમેશ્વર અને સંતો, આપ મુનિઓ અમને આત્માના જ્ઞાનનું સેવન કરવું એવી શિક્ષા કેમ આપો છો? આત્મા અને જ્ઞાન તો એક સ્વરૂપે છે, ભિન્ન તો છે નહિ. તો એની સેવા કરવાનું કેમ કહો છો? બરાબર છે? પ્રશ્ન તો એનો સમજવો જોઈએ ને.

**'તેનું સમાધાન :-'** મોટી વાત આવી છે, એમાં જુઓ! **'તે એમ નથી.'** તું કહે છે એમ નથી. **'જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે...'** જોકે ભગવાન આત્મા પોતાના જ્ઞાનગુણ જ્ઞાનસ્વભાવ જ્ઞાનશક્તિ જ્ઞાનસત્ત્વ, આત્મા સત્ અને જ્ઞાન સત્ત્વ, એની સાથે અભેદ એકરૂપ તો છે. સમજાય છે કાંઈ? **'તોપણ એક ક્ષણમાત્ર પણ...'** જુઓ! **'એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...'** કેવા શબ્દો ઉપાડ્યા! દુનિયા કહે છે કે નહિ? પરની સેવા, પરની સેવા. સેવાનામ ધર્મો, યોગીનામપિ ગહનો. શું કીધું? પરમ ગહનો, એમ કહે છે. કઈ સેવા ઈ? આ આત્માની સેવા. યોગીનાંમપિ અગમ્ય ગહનો. પરની સેવા કોણ કરી શકે છે? ધૂળ. પરની સેવા કરી કોણ શકે છે પરદ્રવ્યની? સમજાય છે કાંઈ? શરીરને સેવા કોણ કરી શકે છે? આ તો જડ માટી-ધૂળ છે. પરપદાર્થ તો ભિન્ન છે. એની સેવા કોણ કરી શકે છે? અરે..! સર્વજ્ઞ પરમેશ્વર કે એમના પ્રતિમાની સેવા કોણ કરી શકે છે? પરની સેવા કરી શકે છે? એ તો શુભભાવ આવે છે તો પર ઉપર ભક્તિ આદિ (થાય) છે. એ પણ ખરેખર જ્ઞાનની સેવા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ...'** એક ક્ષણમાત્ર પણ, એક સમયમાત્ર પણ **'જ્ઞાનને સેવતો નથી;...'** જુઓ, ઠીક! આત્મા અને જ્ઞાનસ્વરૂપ તો એક સ્વરૂપે છે, છતાં આમ હોવા છતાં જ્ઞાનની એકાગ્રતાની સેવા એક સમયમાત્ર પણ એણે કરી નથી. સમજાય છે કાંઈ? સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્યપ્રકાશ સૂર્યની એક સેકંડના અસંખ્ય ભાગમાં જ્ઞાનની સેવા અર્થાત્ એકાગ્રતા અર્થાત્ આરાધના અર્થાત્ જ્ઞાનનો આશ્રય એક સમય પણ અનંત કાળમાં એણે કર્યો નથી. સમજાય છે કાંઈ? બીજું બધું કર્યું. ભગવાન તીર્થંકર દેવ-ગુરુ-શાસ્ત્રની સેવાનો ભાવ એ તો રાગ છે, એ તો પુણ્ય છે. સમજાય છે કાંઈ? પરની સેવા તો કરી શકતો નથી પણ કોઈ દુઃખી પ્રાણી હોય એને આહાર-પાણી આદિ દેવાનો ભાવ હોય તો એ શુભ છે. એ કંઈ જ્ઞાનની સેવા નહિ, આત્માની સેવા નહિ. ઓહો..! સમજાય છે કાંઈ?

આત્મા આત્માની સેવા કરે. આ ભારે, ભાઈ! પરની સેવા કરે કે પોતાની સેવા કરે?

પેલા તો એમ કહે કે, પરોપકાર (કરો). ભલે અમારે એકાદ ભવ કરવો પડે તોપણ અમારે લોકોની સેવા માટે જન્મ ધારણ કરવો પડે તો હરકત નથી. અહીં તો કહે છે કે, મૂઢ છો. તું ક્યાં પરની સેવા કરી શકે છો? તારામાં શુભરાગ થાય છે, શુભ. ભગવાનની ભક્તિ, પરના દુઃખ ટાળવાનો ભાવ આવે એ તો રાગ છે, એ કોઈ ધર્મ નથી, એ કોઈ આત્માની સેવા નથી. ઓહોહો..! સેવા શબ્દ નાખીને શું કહ્યું? જુઓ! અનુચરીને એમ કહ્યું છે ને એમાં? અનુચરણ, ઉપાસના, સેવા. આત્માની ઉપાસના એણે કરી જ નથી. ઓહોહો..! નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' અનંત વાર અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત આદિ લીધા, પાળ્યા પણ એ જ્ઞાનની સેવા નહિ. સમજાય છે કાંઈ? એ રાગની સેવા કરી. વૈદરાજજી!

મુમુક્ષુ :- જ્ઞાનની સેવા કેવી રીતે?

ઉત્તર :- એ તો વાત ચાલે છે. ઈ તો કહે છે કે જ્ઞાનની સેવા, પોતાનું સ્વરૂપ ચૈતન્યજ્યોતમાં એકાગ્ર થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું પ્રગટ કરવું એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જ આત્માની સેવા છે. આહા..! સમજાય છે કાંઈ? ભારે ભાષા મૂકી. સમજાય છે કાંઈ? '**नित्यमुपास्ते**' સેવા કરે છે ને? ના. કોણ કહે છે સેવા કરે છે? તેં તારી સન્મુખ એક સમય પણ જોયું નથી. એક સમય પણ તારી સન્મુખ જોયું નથી. પરસન્મુખ જોઈને તારાથી વિમુખ રહ્યો. અને તારા સ્વભાવથી વિમુખ રહ્યો તો તેં તારી સેવા કદી કરી નથી. પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, બ્રહ્મચર્ય શરીરથી પાળ્યું તોય કહે છે કે જ્ઞાનની સેવા નથી કરી. એ આત્માની સેવા નહિ, એ તો રાગની સેવા છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'**એક ક્ષણમાત્ર...**' ક્ષણ શબ્દે એક સમય, હોં! એક સમય. આહાહા..! કહો, ભીખાભાઈ! અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્યે' જે પાઠમાં કહ્યું છે એમાંથી 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી. સમજાય છે કાંઈ? મહા દિગંબર સંત મુનિ બે હજાર વર્ષ પહેલાં 'કુંદકુંદાચાર્ય' થયાં. એમના પછી લગભગ એક હજાર વર્ષે 'અમૃતચંદ્રાચાર્ય' થયા. એ 'અમૃતચંદ્રાચાર્ય' ભાવલિંગી સંત વનવાસી મુનિ સંત હતા. એ કહે છે કે અરે..! પ્રાણીઓ! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોત પ્રભુની સેવા કદી કરી નથી. આ દુનિયાના ધંધા-ફંદામાં પણ બાયડી, છોકરા કે કુટુંબની સેવા કરી નથી. તો શું કર્યું? એ સમયે રાગ થયો, એ રાગની સેવા કરી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વાત નથી. હજી અશુભરાગની વાત આવી. અહીં તો સ્ત્રી, કુટુંબની સેવા જ કરી નથી. એને માટે કમાય છે એ નહિ. પોતાના રાગ માટે ભાવ છે. એ અશુભરાગની સેવા કરી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ માટે આવ્યો તો શુભરાગ થયો. તો શુભરાગની સેવા કરી. સમજાય છે? એમાં આત્માની સેવા ન આવી. આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ, એ ચૈતન્યબિંબમાં એક સમયમાત્ર પણ અનંત કાળમાં વિકલ્પ જે રાગ શુભાશુભ છે, તેનાથી ખસીને પોતાની ચૈતન્યજ્યોતમાં એક સમયમાત્ર પણ આ આત્મા, એવી સેવા કરી નથી. સમજાય છે કાંઈ? શિષ્ય એમ કહે છે કે સદાય સેવા કરે છે ને. આત્મા અને જ્ઞાન તો એક છે. આ શરીર તો ભલે ભિન્ન છે. આ હાડકા, શરીર, કર્મ એ તો આત્માથી ભિન્ન છે જ, જુદા છે, વાણી પણ ભિન્ન-જુદી છે અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ નવા નવા થાય છે એ તો જુદા છે. પણ જ્ઞાન અને આત્મા તો કાયમ રહે છે, એ કંઈ નવા નવા નથી થતા. શું કહ્યું સમજાણું? પુણ્ય-પાપના ભાવ તો નવા નવા થાય છે તો કાયમ નથી રહેતા. આ કાયમ નથી રહેતા. પણ આત્મા અને જ્ઞાન તો કાયમ રહે છે. તો આત્મા અને જ્ઞાનસ્વભાવ... જેમ અગ્નિ અને ઉષ્ણતા. તો અગ્નિથી ઉષ્ણતા જુદી છે? એક જ છે. જેમ સાકર અને મીઠાશ જુદી છે? એક છે. એમ ભગવાન આત્મા અને જ્ઞાન એક છે, શિષ્ય કહે છે. એક છે તો એ તો સેવા કરે જ છે. સેવા કરી નથી, સાંભળ તો ખરો. આહાહા..! લ્યો, આ સેવાનાં ગહનો આ. લોકો કહે છે કે પરની સેવા કરવી ને પાંચ-પચાસ લાખ દેવા ને આમ દેવું ને ધૂળ કરવું. એ સેવા-ફેવા નથી, એવો રાગ તો અનંત વાર કર્યો, સાંભળ તો ખરો. કરોડો-અબજોનું દાન દીધું એમાં રાગભાવ મંદ થયો, પુણ્ય બંધાણું એ આત્માની સેવા નહિ. ઓહોહો..! ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજમાન સર્વજ્ઞ પરમેશ્વર, એની પૂજા મણિરત્નના દીવાથી, કલ્પવૃક્ષના ફૂલથી હીરા માણેકના થાળથી કરી, તોપણ આત્માની સેવા નહિ. એ તો રાગ, શુભરાગની સેવા (છે). એમ આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'કુંદકુંદાચાર્ય'ના શ્લોકમાંથી કાઢ્યું છે. સમજાય છે કાંઈ? આ કેવી વાત!

ભાઈ! આ જ્ઞાન તે આત્મા, એમ હોવા છતાં પર્યાયમાં આ જ્ઞાન તે આત્મા, એવી એકાગ્રતા તેં કદી કરી નથી. તેં તો અનંત કાળથી રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, શુભાશુભ ભાવમાં રોકાઈ ગયો. એ આત્મા નહિ. એ આત્મા નહિ એની તેં સેવા કરી. લ્યો, વૈદરાજજી! શું કર્યું અત્યાર સુધી? કાંઈ નથી કર્યું? કર્યું તો છે, કંઈ નથી કર્યું એમ નહિ, કર્યું તો ખરું-શુભાશુભ રાગ. આહાહા..! સમજાય છે કાંઈ? કર્યું તો ખરું. શુભરાગ, અશુભરાગની સેવા કરી. આચાર્ય એ કહે છે.

ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય છો. એ તારા જ્ઞાનસ્વરૂપની તેં કદી એકાગ્રતા કરી નથી. અને કરી હોય તો તને જન્મ-મરણ રહે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! સંતોની કથનની પદ્ધતિ... આમ સેવા નથી કરી એટલે આમ સેવા અનંત વાર કરી છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? અનંત વાર સમેદશીખરની જાત્રા કરી, અનંત વાર શેત્રુંજયની જાત્રા કરી, અનંત વાર સમવસરણમાં ગયો. સમવસરણમાં અનંત વાર દિવ્યધ્વનિ સાંભળી. પણ જ્ઞાનની સેવા એક સમય કરી નહિ. આહાહા..! એ તો બધા

પરલક્ષી ભાવ, પરલક્ષી ભાવ. શુભ ઉત્પન્ન થયું એની તેં સેવા કરી, એનાથી સ્વર્ગ આદિ મળ્યા અને ચાર ગતિમાં રખડ્યો. ઓહોહો..! સમજાય છે કાંઈ?

શિષ્યે તો એવો પ્રશ્ન કર્યો હતો કે પ્રભુ! આત્મા છે ને. એટલું તો એણે નક્કી કર્યું હતું કે આ આત્મા છે ને. તો એ શરીર, વાણી સાથે તાદાત્મ્યસ્વરૂપે નથી. એટલું તો એણે (નક્કી કર્યું છે). આ શરીર, વાણી તો જડ છે. એની સાથે તો આત્મા એકરૂપ છે જ નહિ. અને પુણ્ય-પાપના ભાવ થયા એની સાથે એકરૂપ નથી. એટલું તો એણે નક્કી કર્યું. પુણ્ય-પાપના ભાવ છે એ વિકલ્પ, રાગ છે. ક્ષણમાં નવા ઉત્પન્ન થાય છે, જાય છે, ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન-ધ્વંસી છે. ઉત્પન્ન-ધ્વંસી નામ વિકાર, દયા, દાન આદિ વિકલ્પ ઉત્પન્ન થાય છે, વળી નાશ પામે છે. તો એની સાથે તો એકરૂપ નથી. પણ આ જ્ઞાનની સાથે તો આત્મા એકરૂપ છે કે નહિ? ચૈતન્યજ્યોત છે, છે. પણ સેવા નથી કરી, હોં! ઈ તદ્રૂપ છે એ તરફની સન્મુખતા એક સમય નથી કરી. કહો, વજુભાઈ! કેવી સેવા કરી હશે? બધી બહારની કરી. રાગની. આહાહા..!

આ શાસ્ત્ર વાંચ્યા તો કહે છે કે રાગ આવ્યો. રાગની સેવા કરી, લ્યો એમ કહે છે. શાસ્ત્ર વાંચ્યા, શાસ્ત્ર સાંભળ્યા, શાસ્ત્ર કંઠસ્થ કર્યા તોપણ એની સન્મુખનો જે વિકલ્પ રાગ આવ્યો એની સેવા કરી છે, જ્ઞાનની સેવા કરી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કઈ ઢબે વાત નાખે છે 'અમૃતચંદ્રાચાર્ય'! રાજાની સેવા કર એમ આત્માની સેવા કર. આત્માની સેવા એટલે શું? જ્ઞાનની સેવા. જ્ઞાનની સેવા શું? જ્ઞાન અને આત્મા તો એક જ છે. અરે..! સાંભળ તો ખરો. એક જ છે તો તું ક્યાં સન્મુખ થયો છો? એ તરફ સન્મુખ તો થયો નથી. વિમુખતાથી તેં કામ લીધું છે. અનાદિથી આત્માના જ્ઞાનથી વિમુખતાથી કામ લીધું છે. સન્મુખ તો એક સમય થયો નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? **'भूदत्थमस्सिदो खलु'** એ રીતે અહીં નાખવા માગે છે. શૈલી જે છે ઈ છે ને. કહો, સેઠી! બરાબર છે? શું બરાબર? તમારા ગામમાં જયપુરમાં તો કેટલા વર્ષોથી મંદિર છે. બધાના દર્શન કર્યા છે કે નહિ? બધાના? અહીં કહે છે કે આત્માના દર્શન એકવાર પણ કર્યા નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલા મંદિર! ઓલાપણે ક્યાં.. સોનાગિર? સોનાગિર નહિ પણ ઓલી પણે. પપોરાજી. ત્રિકમગઢ પાસે કેટલા મંદિર! અહીંથી અહીં ને અહીંથી અહીં ને અહીંથી અહીં. કેટલો વખત લાગે. બે કલાક, ત્રણ કલાક થાય ત્યારે માંડ માંડ પૂરું થાય. બધું જોયું છે ને. બધે ગયા હતા ને. કહે છે કે.. ત્યાં તો ઘણાં છે. હજી નવું એક મંદિર થાય છે. વળી નવો એક માનસ્તંભ. ત્રણ માનસ્તંભ તો હતા, ચોથો માનસ્તંભ (કરે છે). આટલા મંદિર છે, કેટલા? ૭૬. વળી ૭૭મું (કરે છે). આહાહા..!

અહીં તો કહે છે કે આવા મંદિર અને મંદિરના દર્શન ને મંદિરની સેવા ને ભગવાનની પૂજા તેં અનંત વાર કરી છે, લે. પણ આત્માની પૂજા એક સમય કરી નથી. જ્ઞાનચંદજી!

એક સમય નહિ. એક સમય આત્માની સેવા કરે તો જન્મ-મરણનો નાશ થયા વિના રહે નહિ. આહાહા..! કઈ રીતે વાત કરે છે!

**'એમ નથી.'** આચાર્ય કહે છે કે તું કહે છે એમ નથી. ભાઈ! દુનિયાની સેવા કરવી ને આમ કરવું ને આ કેટલાક માણસ મરી જાય છે ને પરની સેવા કરનારા. એક જણ સેવા કરનાર છોકરો હતો તો મરતા મરતા સનેપાત લાગ્યો હતો તો બસ, આમ કરો, આમ કરો, આમ કરો, આમ કરો. મરતાં મરતાં, હોં! મરી ગયો. અમરેલીમાં હતો. કહો, સમજાણું કાંઈ? ભાઈ! આ આત્મા વસ્તુ ચૈતન્યજ્યોત સ્વરૂપ, એ ચૈતન્યજ્યોત ચેતનની સન્મુખતા એક સમય પણ કરી નથી. એક સમયમાત્ર જો સન્મુખ થયો હોય તો ગ્રંથિભેદ થયા વિના રહે નહિ. મિથ્યાત્વનો નાશ થયા વિના રહે નહિ અને તને તારો સાક્ષાત્ અનુભવ થયા વિના રહે નહિ. આ અનુભવની વાત કરે છે. સમજાય છે કાંઈ? અનુભવ કર્યો. અનુભવ કહો કે સેવા કહો. શુભ-અશુભરાગ કર્યા પણ ભગવાન આત્મા જ્ઞાનથી તાદાત્મ્ય છે, તાદાત્મ્ય છે, રાગથી તાદાત્મ્ય નહિ. પુણ્યના ભાવથી આત્મા તદ્રૂપ નથી. છતાં જ્ઞાનથી તદ્રૂપ છે પણ તદ્રૂપની સન્મુખ કદી થયો નહિ. સમજાય છે કાંઈ?

**'એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...'** આહાહા..! કહો, વૈદરાજજી! છે એમાં? જુઓ! છે ને. જ્ઞાનની સેવા ન કરી. આ વૈદની સેવા કરી કરીને મરી ગયો. આમ કરે ભસ્મ ને બસ્મ ને હો.. હા. સમજ્યાને? વળી એક જણ કહે, આપણે સાધુ-બાધુને આહારમાં આપશું. તો એટલો તો લાભ થશે ને, એટલો તો લાભ થશે ને. એ તો સાચા સાધુ હોય અને એમ થયું હોય તો પણ એ શુભભાવ છે. એ આત્મસેવા નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. કર્યું. એ કર્યું જ નથી, સમજ્યો જ નથી. એ તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજનો શ્લોક છે એમાંથી કાઢ્યું છે. જીવરાજા **'अणुचरिदव्वो'**. આત્માનું અનુચરણ-સેવા કદી કરી નહિ. સેવા કરવી. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો ને? કેમ સેવા નથી કરી? જ્ઞાન તદ્રૂપ છે. પણ તદ્રૂપ છે તો તેં ક્યાં તદ્રૂપ માન્યું છે? જ્ઞાનગુણ અને ગુણી અભેદ છે એવી જ્યારે તારી દૃષ્ટિ ઈ તરફ જાય તો તેં માન્યું. અહીં તો રાગ ને પુણ્ય ને વિકલ્પ.. ગુણ અને ગુણી અભેદ છે, એ અભેદ તારી દૃષ્ટિમાં આવ્યો છે ક્યાં? સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ એ બધો તો રાગ છે, વિકલ્પ છે. વિકલ્પમાં અભેદ આવ્યો ક્યાં? એ તો ભેદ પડી ગયો. આહાહા..!

**'કારણ કે સ્વયંબુદ્ધત્વ...'** કાં તો સ્વયં પોતાથી જાગૃત થઈ જાય છે. જ્ઞાનનો બોધ કરીને. **'અથવા બોધિબુદ્ધત્વ (બીજાના જણાવવાથી જાણવું તે)-એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.'** જુઓ! સ્વયંબુદ્ધત્વ કાં બોધિબુદ્ધત્વ. નિસર્ગ કાં અધિગમ. એમ બે લીધાં. અનાદિકાળથી એણે જ્ઞાનની સેવા કરી નથી. જ્ઞાનની સેવા ક્યારે થાય છે? કે એને

ગુરુગમ મળે કે આ આત્મા તું આનંદકંદ છો એની સેવા કરો. કાં નિસર્ગ-પહેલાં સાંભળ્યું હોય, પણ તે વખતે રહ્યું નહિ. અંદરમાં આનંદકંદ છે એમ સ્વભાવનું ભાન થઈ જાય ત્યારે એ બે કારણપૂર્વક આત્માની સેવા થાય છે. જુઓ! '**કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.**' એમ કહે છે. જ્ઞાન તો છે પણ પર્યાયમાં જ્ઞાનની ઉત્પત્તિ (ક્યાં છે)? જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થાય તો જ્ઞાનની ઉત્પત્તિ (થાય). જ્ઞાનની ઉત્પત્તિનો અર્થ સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિની ઉત્પત્તિ એ જ્ઞાનની ઉત્પત્તિ. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપની રાગની ઉત્પત્તિ તો અનંત વાર કરી અને અનંત વાર છે અને ઈ તો કરે જ છે. એ કોઈ નવી ચીજ નથી. એ કોઈ અપૂર્વ ચીજ નથી, નવી નથી. પણ ભગવાન આત્મા ગુરુગમે કાં નિસર્ગે, આ આત્મા ચૈતન્યજ્યોત છે એમ ભાન થાય ત્યારે જ્ઞાનસ્વરૂપમાંથી શક્તિમાંથી શુદ્ધતામાંથી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે જ્ઞાનસ્વરૂપ છે, જે રાગરૂપ નથી, જે રાગરૂપ નથી, જે જ્ઞાનસ્વરૂપ છે એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાનું સેવન કરવાથી ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનની ઉત્પત્તિ થાય છે...**' પાછો કારણપૂર્વક શબ્દ પડ્યો છે. સમજાય છે કાંઈ? પોતાનું નિસર્ગ સ્વભાવનું ભાન થઈને થાય કાં ગુરુગમ મળ્યો. ભાઈ! તું તો ચૈતન્ય શુદ્ધાત્મા છો ને. 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને, અમારા ગુરુએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. સમજાય છે કાંઈ? ગુરુએ કહ્યું કે તારો આત્મા તો પ્રભુ! ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ છે. એનો તું અનુભવ કર, સેવા કર, તારી પર્યાયમાં-દશામાં પ્રગટ કર. એમ ગુરુએ કહ્યું કાં નિસર્ગ પોતામાં થઈ ગયું. તો બે કારણપૂર્વક પોતાનો આશ્રય કરીને (જ્ઞાનની ઉત્પત્તિ થાય છે). અહીં ક્યાં કહ્યું નિમિત્તકારણ છે? સમજ્યા? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપની સાથે શ્રદ્ધા, આનંદ આદિ અનંત ગુણ છે. અહીં તો રાગની ઉત્પત્તિ થઈ અને જ્ઞાનની ઉત્પત્તિ ન થઈ, બસ, એટલું બતાવવું છે. તો જ્ઞાનની ઉત્પત્તિનો અર્થ એકલા જાણપણાની ઉત્પત્તિ, એમ નહિ. જાણપણાની ઉત્પત્તિ, શ્રદ્ધાની ઉત્પત્તિ, શાંતિની ઉત્પત્તિ, આનંદની ઉત્પત્તિ. પોતાના જ્ઞાયક સ્વરૂપ તરફની એકાગ્રતા કરવાથી અનંત ગુણની શુદ્ધિની વ્યક્તતાની ઉત્પત્તિ થાય છે. સમજાય છે કાંઈ? અનંત ગુણની વ્યક્તતાની શુદ્ધિની ઉત્પત્તિ, આ શું કહે છે? કેટલા ગુણ છે? અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા છે. પોતે પરમેશ્વર છે. પોતાનું સ્વરૂપ પોતાનો પરમેશ્વર છે. એ તરફનો ઝુકાવ, વિકારથી વિમુખ, નિમિત્તથી પરાન્મુખ, સ્વભાવની સન્મુખ. સમજાય છે કાંઈ? નિમિત્તથી પરાન્મુખ, વિકારથી વિમુખ, સ્વભાવની સન્મુખ. ત્યારે જ્ઞાનની ઉત્પત્તિ, જ્ઞાનની નામ આત્માની, આત્મા જેવો દ્રવ્ય-ગુણમાં છે એવી પર્યાયમાં ઉત્પત્તિ થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**(કાં તો કાળલબ્ધિ...)**' અથવા અહીં સ્વકાળ. '**(ત્યારે પોતે જ જાણી લે...)**' સ્વયં જ જાણી લે કે ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ આનંદ છે. '**(અથવા કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે-જેમ સૂતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અથવા તો કોઈ**

**જગાડે ત્યારે જાગે.)**' સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ તરફના ઝુકાવથી પોતાનું ભાન થાય. કાં ગુરુએ કહ્યું પછી પોતાના ઝુકાવથી ભાન થાય.

મુમુક્ષુ :- પહેલેથી..

ઉત્તર :- પહેલેથી પોતાથી થાય છે, બસ. સ્વભાવથી થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ગુરુ સિવાય. ગુરુ પહેલુંવહેલું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ સાંભળ્યું છે પણ થાય ત્યારે ગુરુએ સંભળાવ્યું, એમ કહેવામાં આવે. બસ, થઈ રહ્યું, ખલાસ થઈ ગઈ વાત. બોધિબુદ્ધત્વ, એ તો કહે છે કે ચૈતન્ય આવો છે, એમ કહ્યું. બસ, એટલું. પણ તેં જ્યારે એનો આશ્રય કર્યો ત્યારે એણે કહ્યું, એમ લાગુ પડે. બતાવે છે, યથાર્થ ઉપદેશ ગુરુગમ એને મળે છે. સર્વજ્ઞ પરમેશ્વરના સંતો, મહામુનિઓ ધર્માત્મા એને કહે છે કે ભાઈ! તું રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ, કર્મ નહિ, અલ્પજ્ઞ નહિ. તું તો સિદ્ધસ્વરૂપી આત્મા છો ને. એનો વિચાર કર. તું તો પૂર્ણ પ્રભુ છો ને. એનો વિચાર કર. એમ આવ્યું. અંદર આશ્રય કર્યો ત્યારે ભાન થયું. જ્યાં સુધી પરનો આશ્રય રહે ત્યાં સુધી ભાન થતું નથી. કહો, સમજાય છે કાંઈ? એ વાત અહીંયાં સિદ્ધ કરી. હવે ફરીને પ્રશ્ન (થાય છે).

'**અહીં ફરી પૂછે છે...**' અહીંયાં ફરીને પૂછે છે '**જો એમ છે તો જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે...**' આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે એમ કહે છે, હોં! એ તો જ્ઞાનસ્વરૂપ છે. તો શું જાણ્યા પહેલાં અજ્ઞાની છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? '**જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે કેમ કે તેને સદાય અપ્રતિબુદ્ધત્વપણું છે?**' સદા ભાન નથી અનાદિકાળથી? જાણ્યા પહેલાં અજ્ઞાની હતો,? અપ્રતિબુદ્ધ હતો? સમજુ નહોતો? મૂર્ખ હતો? એમ કહે છે. અરે..! આવો આત્મા મૂર્ખ છે? એમ. ભગવાન આત્મા ચિદાનંદ જ્યોતસ્વરૂપ એ અપ્રતિબુદ્ધ હતો? અજ્ઞાન હતું?

'**તેનો ઉત્તર :- એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.**' વસ્તુના ભાન વિના એ અજ્ઞાની છે. ઓહોહો..! અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, પંચ મહાવ્રત લીધા. અજ્ઞાની છે. નિજ ચૈતન્યસ્વરૂપના જ્ઞાન અને ભાન વિના એ બધા ભાવ અજ્ઞાન છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અગિયાર અંગ ભણે તો શું? એ તો પરલક્ષી છે. પોતાનું જ્ઞાન કર્યા વિના અગિયાર અંગ ભણવામાં વ્યવહાર પણ ન આવ્યો. અને અગિયાર અંગમાં કહ્યું તો એ છે કે તું તારો અનુભવ કર. એમ અગિયાર અંગમાં કહ્યું હતું. આપણે આવ્યું ને? બાર અંગમાં એ કહ્યું છે. બાર અંગમાં પણ એ કહ્યું છે કે તું તારા આત્માનો અનુભવ કર. બાર અંગની

વિશેષતા નથી, તારા સેવનની વિશેષતા છે. ઓહોહો..! કેટલા કૂદકા માર્યા? વૈદરાજજી! કેટલા કૂદકા મારી મારીને સેવા કરી. ધૂળની કરી, કહે છે. જાત્રા કરી સમેદશીખરની.

ભગવાન આચાર્ય મહારાજ મુનિરાજ કહે છે એ ભગવાનનું કહેલું (કહે છે). ભાઈ! તેં કદી આત્માની સેવા કરી નહિ, હોં! આહા..! અમારી પાસે પણ અનંત વાર આવ્યો, હોં! ભગવાન કહે છે, અમારી પાસે પણ આવ્યો, સમવસરણમાં આવ્યો પણ અમે કહીએ છીએ એવી તારી સેવા તેં ન કરી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આમ ને આમ .. ખાધી લાગે છે અંદર. આમ સન્મુખમાં લાભ છે એવી રુચિ જ થઈ નહિ. પરસન્મુખતાથી લાભ છે એવી રુચિમાં પડ્યો રહ્યો. લ્યો, ઉત્તર. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અંતર આનંદકંદ જ્ઞાનમૂર્તિમાં સ્વસન્મુખ થવું જ લાભનું કારણ છે, એમ રુચિમાં આવ્યું નહિ. પરસન્મુખમાં કાંઈક કરતાં કરતાં સ્વસન્મુખ થઈ જશે. પરસન્મુખના ભાવથી સ્વસન્મુખ થઈ જશે એવું શલ્ય, એવી શ્રદ્ધા રહેશે. ડોસા પકડે છે, હવે થોડું થોડું પકડે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાઈ! તું પ્રભુ પાસે ગયો ને, સમવસરણમાં ભગવાન પાસે અનંત વાર ગયો, હોં! મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા વર્તમાન બિરાજમાન છે. 'સીમંધરપ્રભુ' બિરાજમાન છે. તીર્થંકરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ બિરાજમાન છે. સંતો ગણધરો બિરાજમાન છે. એવા મહાવિદેહક્ષેત્રમાં પણ પ્રભુ! તેં અનંત વાર જન્મ લીધો છે. સમવસરણમાં ગયો, વાણી સાંભળી, વાણીમાં આવ્યું કે તેં તારી સેવા ન કરી. એ ભાવ પકડ્યો નહિ. સમજાય છે કાંઈ? મહાજન મા-બાપ સાચા પણ મારી ખીલ્લી ખસે નહિ, એમ આવે છે ને? મહાજનની જગ્યા હોય છે ને થોડી? ખીલ્લી મારવી હોય તો.. વાત તમારી સાચી પણ મારી ખીલ્લી નહિ ખસે. ખીલ્લી સમજો છો? તમારે આવતી હશે. હદ.. હદ. હદ રોપવા માટે. જમીન પોતાની ન હોય, થોડી મહાજનની હોય. પોતાની હદમાં થોડી લઈ લીધી અને ખીલ્લી મારી દીધી. પછી કહે, ખીલ્લી તો છે તમારી હદમાં પણ મારી ખીલ્લી નહિ ખસે, મહાજન મા-બાપ સાચા. પણ સાચા ક્યાંથી? આ મારી જમીન લઈ લીધી ને સાચા ક્યાંથી થયા?

મુમુક્ષુ :- એટલી જમીન વિના મકાન સારું ન થાય.

ઉત્તર :- મકાન સારું ન થાય પણ તેં આજ્ઞા ક્યાં માની? મહાજન તો સાચા. તમારી થોડી જમીન હતી, બે હાથની મને જરૂર હતી તો મેં લીધી. પણ હવે ખીલ્લી ખસે નહિ. પેલો કહે, અમારી બે હાથ લીધી હવે અમારે ઘણી અડચણ પડે છે. આ બાજુ. વચ્ચે વંડી કરવી છે, ખાલી રાખવું છે તો પછી .. મા-બાપ તમે સાચા, બરાબર વાત છે, પણ મારી હદમાં માપ લીધું છે એ ખસે નહિ. સેઠી!

એમ ભગવાન! ત્વમેવ સત્‌જન, ત્વમેવ સત્‌જન. પ્રભુ! પણ ભગવાન કહે છે કે તારી સેવા તેં કરી નહિ. ... આપની સેવા કરું પછી આત્માનો લાભ ન થાય? ભગવાન કહે

છે, નહિ. અમારી સેવા સન્મુખમાં તો તને રાગ થશે, વિકલ્પ થશે, એમાં નિર્વિકલ્પ દૃષ્ટિ થતી નથી. આહાહા..! બરાબર છે? એઈ..! સુજાનમલજી! શું છે? ઠીક છે, ઠીક છે, અમે ક્યાં ના પાડીએ છીએ, ઠીક છે. પણ એના વિના ચાલે નહિ. એક જણ કહેતો હતો, સમેદશીખરના દર્શનથી ૪૯ ભવે(મોક્ષ) થઈ જશે. કીધું, એ ભગવાનની વાણી નહિ. ત્યારે કહે, એ નહિ, બરાબર છે, બરાબર છે તમે કહો છો ઈ. વળી બરાબર ક્યાંથી આવ્યું? સમેદશીખર તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યના દર્શનથી ભવકટી થશે? સાક્ષાત્ સમવસરણમાં પરમેશ્વર પાસે ગયો તોપણ ભવકટી ન થઈ. કેમકે પરસન્મુખમાં ભવના નાશનો ઉપાય છે જ નહિ. સમજાય છે કાંઈ? તારા લાખ, ક્રોડ કરને. સમેદશીખર અનંત વાર જા તો શું, એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું લક્ષ કરવાથી શુભરાગ જ થાય છે. એનાથી આત્માની સેવા અને જન્મ-મરણનો નાશ થતો નથી. ત્રણ કાળ, ત્રણ લોકમાં નહિ. સમજાય છે કાંઈ? ઈ કહે, મારી પાસે સમેદશીખરના માહાત્મ્યનું એક પુસ્તક છે. કીધું, હશે. આ શેત્રુંજયનું માહાત્મ્ય કહે છે એવું. એમાં ૪૯ ભવ લખ્યા છે. કીધું, એવું લખ્યું હોય તો ભગવાનની વાણી નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ કરે, એમ કહે છે. એ વાત જ જૂઠી છે. ૪૯ ભવ શું અનંત ભવમાંથી એક ભવ નહિ ટળે. ઈ વાત જ ખોટી છે. ભગવાનની વાણી એવી હોય જ નહિ. આ ભગવાન અહીંયાં શું કહે છે? કે અમારા તરફના લક્ષે તને રાગ થાય છે. તારી સેવા વિના તારા જન્મ-મરણ નહિ મટે. ૪૯ ભવ શું અનંત ભવમાંથી એક ભવ નહિ ઘટે. આહાહા..! રાડ નાખે માણસ. પાર્શ્વનાથ ભગવાન ... ઓહોહો..! જય ભગવાન! લાંબાલસ થઈને પડે. પ્રભુ! એ પરસન્મુખનો વિકલ્પ છે. એ આત્માની નિર્વિકલ્પ અનુભવ દૃષ્ટિ નહિ. આહાહા..! આ તે વાત પણ. આવે, હો, વચ્ચે વ્યવહાર પૂર્ણ વીતરાગ ન હો તો એવો ભાવ આવે છે, હોય છે, પણ છે ઈ બંધનું કારણ. અબંધ પરિણામ ઉત્પન્ન થવાનું કારણ એ નહિ. અબંધ પરિણામ સમ્યગ્દર્શનના, અબંધ પરિણામ કહો કે સમ્યગ્દર્શન કહો, એ અબંધ પરિણામ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ ભગવાન આત્મા છે. એના આશ્રયથી જ, સેવા કરવાથી જ અબંધ પરિણામ ઉત્પન્ન થાય છે. કારણ કે ભગવાન આત્મા જ અબંધસ્વરૂપે છે. આત્મા દ્રવ્ય-ગુણ અબંધ સ્વરૂપ છે. અબંધસ્વરૂપની સેવા કરવાથી અબંધ પરિણામ થાય છે. રાગથી પરની સેવા કરવાથી તો રાગ થયો. રાગ બંધ પરિણામ છે. બંધ પરિણામથી અબંધ પરિણામ થાય, એમ કદી બનતું નથી. ભારે વાત, ભાઈ! તકરાર.. તકરાર. ઝઘડા આત્માની સાથે. સેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બીજું શું છે. મહારાજ! એવું જાણ્યું ત્યારે જ્ઞાની થાય છે? જાણ્યા વિના શું? પરસન્મુખ ભલે ગમે તેટલો રાગ કરે, પુણ્ય આદિ કરે તોપણ અજ્ઞાની છે? અપ્રતિબુદ્ધ

છે? મૂર્ખ છે? એ વાત બરાબર છે? હા, બરાબર છે. સમજાય છે કાંઈ?

**'વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી (ક્યાં સુધી) અપ્રતિબુદ્ધ છે...'** કેટલો કાળ મૂર્ખ રહેશે? કેટલો કાળ અપ્રતિબુદ્ધ રહેશે? પ્રતિબુદ્ધ નામ વસ્તુનું જેવું સ્વરૂપ છે એના ભાન વિના અપ્રતિબુદ્ધ કેટલો કાળ રહેશે? સમજાય છે કાંઈ? એના પુરુષાર્થની ઊલટી ગતિ કેવી છે કે જેથી અપ્રતિબુદ્ધ રહે છે? એમ પૂછે છે. સમજાય છે કાંઈ? એ અપ્રતિબુદ્ધ અજ્ઞાની કઈ રીતે રહે છે? અને કેટલો કાળ રહે છે? ક્યા કારણે રહે છે? **'તે કહો.'** તે કહો. શિષ્યનો પ્રશ્ન છે, અંદરની ઝંખના છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજે તો શ્લોક બનાવ્યા. 'અમૃતચંદ્રાચાર્યે' શંકા ઊભી કરી. શિષ્ય આશંકા કરે છે એને ઉત્તર દે છે. મફતનો ઉત્તર નથી અહીંયાં. સમજાય છે કાંઈ? એવી આશંકા છે કે મહારાજ! આ અજ્ઞાની કેટલો વખત રહેશે? એનો કાળ કેટલો? ક્યાં સુધી અજ્ઞાની રહે? એનું લક્ષણ શું? અને અજ્ઞાન છૂટી જશે, જ્ઞાન થાય છે તો અપ્રતિબુદ્ધિનો કાળ કેટલો? મૂર્ખતાનો કાળ કેટલો? એનો ઉત્તર. ૧૯.

**कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।**
**जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव।।१९।।**

આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' જ્યારે આ શ્લોક રચતા હશે જંગલમાં...! નીચે હરિગીત. ઉપર મૂળ શ્લોક છે. નીચે એનું હરિગીત છે.

**નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',**
**-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.**

આ કારણ આપ્યું, ભાઈ! આટલા કર્મ રહે ને આમ રહે ને, એમ નહિ. આ કારણે અપ્રતિબુદ્ધ રહે છે. આહાહા..! તારું જ કારણ છે. સમજાય છે કાંઈ?

એની ટીકા. અન્વયાર્થ લેવો છે? **'જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીર આદિ નોકર્મમાં 'આ હું છું' અને હુંમાં 'આ કર્મ-નોકર્મ છે'- એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ છે.'** આ વ્યાખ્યા-શબ્દાર્થ. ટૂંકામાં, ટૂંકામાં. એનું વિશેષ સ્પષ્ટીકરણ કરશે. ટૂંકામાં શું કહ્યું? જ્યાં સુધી આત્મા જડ કર્મ હું છું અને ભાવ-દયા, દાન, વિકલ્પ આદિ ભાવકર્મ હું છું અને શરીર આદિ નોકર્મ હું છું અને એ મારામાં છે. જ્યાં સુધી આત્મા એમ માને કે એ જડકર્મમાં હું છું, પુણ્ય દયા, દાન, વ્રત પરિણામ શુભાશુભ ભાવમાં હું છું અને નોકર્મ શરીરમાં હું છું અને ભાવકર્મ, દ્રવ્યકર્મ અને શરીર મારામાં છે. હું એમાં છું અને તે મારામાં છે. સમજાય છે કાંઈ? જ્યાં સુધી..

પ્રશ્નનો ઉત્તર બહુ ટૂંકામાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' દીધો. શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ! આ અપ્રતિબુદ્ધિ મૂર્ખ ક્યાં સુધી રહે છે? આત્મા અજ્ઞાની ક્યાં સુધી રહે છે? ભાઈ! ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદસ્વરૂપને ભૂલીને શુભાશુભ પુણ્યમાં, પાપમાં, કર્મમાં, શરીરમાં અને

વાણીમાં હું છું અને એ પુણ્ય-પાપ, શરીર, કર્મ મારામાં છે એવી જ્યાં સુધી બુદ્ધિ રહે છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ, મૂર્ખ અને અપ્રતિબુદ્ધ છે. સમજાય છે કાંઈ? જેવો છે એવો પ્રતિબુદ્ધ નથી, એનાથી વિરુદ્ધ અપ્રતિબુદ્ધ છે. સમજાય છે કાંઈ?

**ટીકા :-** 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ ટીકામાં દૃષ્ટાંત આપે છે. '**જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં...**' અર્થ લીધો, અર્થ. '**પહોળું તળિયું, પેટાળ આદિ...**' એ વ્યંજન લીધો-આકાર. '**પેટાળ આદિના આકારે પરિણત થયેલ પુદ્‌ગલના સ્કંધોમાં 'આ ઘડો છે'...**' શું કહે છે? જુઓ! અહીંયાં સ્પર્શથી ઉપાડ્યું છે, હોં! રંગથી નથી ઉપાડ્યું. સ્પર્શ છે ને? અનાદિનો સ્પર્શ છે ને. એકેન્દ્રિય આદિ સ્પર્શનો ભાવ કદી છૂટ્યો નથી. પહેલાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એમ લીધું છે. આદિ ભાવ-અર્થપર્યાય. અર્થપર્યાય એટલે આકૃતિ સિવાયના બીજા ઘટના ગુણો. અને એ જ ઘટનો આકૃતિ પર્યાય. પહોળું, ઊંડું અને પેટાળ આદિ. આકૃતિ, હોં! આકૃતિ. આકાર પરિણત '**થયેલ પુદ્‌ગલના સ્કંધો...**' ભાષા કેટલી લે છે? '**આકારે પરિણત થયેલ પુદ્‌ગલના સ્કંધોમાં...**' ઘડામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને આકાર પરિણત પુદ્‌ગલ સ્કંધ છે. કુંભારે એ ઘડો આકાર પરિણત બનાવ્યો છે એમ નથી. પહેલા તો એ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ?

ફરીથી. '**જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં...**' ગુણમાં અને એની પર્યાયમાં. '**પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત...**' આકાર-એની વ્યંજનપયર્યાય લીધી છે. ઘડાની આકૃતિ અને ઘડાનું રૂપાંતર વર્ણ, ગંધ, રસ, સ્પર્શના થયા. એ '**આકારે પરિણત થયેલ...**' કોણ પરિણત થયા છે? '**પુદ્‌ગલના સ્કંધોમાં...**' એ પુદ્‌ગલના સ્કંધોમાં પરિણત થયા છે. '**સ્કંધોમાં 'આ ઘડો છે'...**' એમાં ઘડો છે ને? '**એમ, અને ઘડામાં 'આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો...**' એ પુદ્‌ગલના સ્કંધોમાં ઘડો છે અને ઘડામાં એ સ્પર્શ આદિ. '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્‌ગલ-સ્કંધો છે' એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે...**' એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે. શું કહ્યું સમજાણું?

ઘટ લીધો. ઘડાનો દૃષ્ટાંત. ઘડામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને આકાર છે એમાં ઘડો છે અને ઘડામાં ઈ છે. એમાં ઘડો છે અને ઘડામાં ઈ છે. વર્ણ, ગંધ, સ્પર્શ, રસ, આકારમાં ઘટ છે અને ઘટમાં ઈ છે. એ બેની અનુભૂતિ અભેદ છે. બેનું જ્ઞાન અભેદ છે. કારણ કે બે જુદાં નથી. દૃષ્ટાંત પણ થોડું કઠણ છે. આકારે પરિણત થયેલા પુદ્‌ગલમાં ઘડો છે. અને આકારે પરિણત.. સમજ્યાને? ઘડામાં છે અને ઘડો આકારે પરિણતમાં છે. આહા..!

'**તેવી રીતે...**' તેવી રીતે. '**કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામ...**' આત્મામાં પુણ્ય-પાપના ભાવ એ અંતરંગ પરિણામ અને કર્મ આદિ એમાં લઈ લેવા. '**નોકર્મ-શરીરાદિ બાહ્ય વસ્તુઓ-કે જેઓ (બધાં) પુદ્‌ગલના પરિણામ છે...**' ... બપોરે આવે છે ને? અહીં

જીવનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે. ત્યાં કર્તા-કર્મ સિદ્ધ કરવું છે. જીવ જ્ઞાયક સ્વરૂપમાં, જેમ ઘડામાં સ્પર્શ, રસ આદિ છે અને સ્પર્શ, રસ આદિમાં ઘડો છે, એવી રીતે અજ્ઞાની જ્યાં સુધી એમ માને કે પુણ્ય-પાપમાં, શરીરમાં, વાણીમાં હું છું અને પુણ્ય-પાપ, શરીર, વાણી મારામાં છે. એવો વિકાર નોકર્મ અને કર્મ સાથે અભેદ અનુભવ છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! સમજાય છે કાંઈ?

દષ્ટાંત આપ્યો છે, જુઓ! અહીંયાં ઘડાનો દષ્ટાંત. એ તો બરાબર છે, કહે છે. એ તો બરાબર છે. સમજાય છે? પણ કર્મ, નોકર્મ આદિ અંતરંગ પરિણામ. પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર આદિ નોકર્મ. આદિ એટલે વાણી, બાહ્ય નિમિત્તો. બાહ્ય નિમિત્તોમાં હું છું, દીકરો જ હું છું, હું છું એ જ દીકરો છે, એ જ મારો દીકરો છે. મૂઢ છો. વસ્તુ પર છે ત્યાં ક્યાં દીકરો થઈ ગયો?

મુમુક્ષુ :- વ્યવહારે.

ઉત્તર :- વ્યવહારે કે દિ' હતો? બોલવામાં આવે છે. એને ઓળખવામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી (કહેવાય). વૈદરાજે એટલું પકડ્યું છે.

અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજ મહાસંત મુનિ આવી વાત આવી સાદી સાદી સાદી ટૂંકામાં સત્ય કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન! સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને આકારમાં ઘડો છે અને ઘડામાં એ સ્પર્શ, રસ, ગંધ અને આકાર છે. એ તો બરાબર છે, કહે છે. એ અભેદ અનુભૂતિ બરાબર છે. એમ કોઈ એમ માને કે, એવી જે અભેદ અનુભૂતિ છે તેમ મારા પુણ્યના પરિણામમાં હું છું અને પુણ્ય પરિણામ મારામાં છે, (તો એ) મૂઢ છે. એમ કહે છે. આહાહા..! એઈ..! આમાં ક્યાં બહુ શીખવવું પડે એવું છે.

વસ્તુ ચૈતન્યમૂર્તિ, એમાં રાગાદિ વિકલ્પ, શરીર, વાણી, કર્મ. અહીં જીવનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને. જીવનું અસ્તિત્વ (સિદ્ધ) કરવું છે, બપોરે કર્તા-કર્મ સિદ્ધ કરવું છે. અહીંયાં આત્મા પોતાનું અસ્તિત્વ તો ચૈતન્યસ્વભાવમાં એનું અસ્તિત્વ છે. એવું અસ્તિત્વ નહિ માનીને પોતાના જ્ઞાયક સ્વરૂપનું અસ્તિત્વ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, રાગાદિ શુભાશુભ પરિણામમાં પોતાનું અસ્તિત્વ માને છે અને પુણ્ય-પાપનું અસ્તિત્વ પોતામાં માને છે, એ મૂર્ખ છે. સમજાય છે કાંઈ? બપોરે બીજી વાત (ચાલે છે). કર્તા-કર્મની છે ઈ. રાગ મારું કર્મ છે અને હું કરું છું, એમ ત્યાં લીધું. અહીં કહે છે કે રાગમાં હું છું, રાગમાં હું છું. પણ રાગ છે એ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ જ્ઞાનના પ્રકાશનો એમાં અભાવ છે અને ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે. આત્મા ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે. ચૈતન્યનું નૂર છે. ચૈતન્યનું નૂર પ્રભુ આત્મા છે અને રાગ છે એમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. તો જ્યાં સુધી ઘડામાં વર્ણ, ગંધ અને આકાર અને વર્ણ, ગંધ, આકારમાં ઘડો છે, એમ મૂર્ખ અપ્રતિબુદ્ધ અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વરૂપમાં-રાગમાં હું છું અને રાગાદિ મારામાં છે, હું શરીરમાં છું, શરીર મારામાં છું,

હું કર્મમાં છું, કર્મ મારામાં છે, કર્મ મારામાં છે એવી અભેદની બુદ્ધિ છે ત્યાં સુધી અપ્રતિબુદ્ધિ અને અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? બાહ્ય વસ્તુમાં.. હજી એટલું લીધું, જુઓ! '**(બધાં) પુદ્‌ગલના પરિણામ છે...**' સાંભળો! પુણ્ય-પાપના ભાવ, કર્મ, પુણ્ય-પાપ ભાવ ભાવકર્મ, કર્મ જડકર્મ, શરીર-વાણી નોકર્મ એ પુદ્‌ગલના પરિણામ છે. અને '**આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા)...**' છે. આમ ખુબીની વાત છે. આત્માના સ્વભાવનો અભાવ બતાવનારા છે. તિરસ્કાર કરનારા છે. તેને પોતાના માને તો આત્માના સ્વભાવનો તિરસ્કાર થાય છે, અભાવ થાય છે.

ખરેખર તો એ રાગાદિ છે, શરીરાદિ છે તે આત્માના અસ્તિત્વમાં નથી. તો આ ભાવ તો આત્માનો તિરસ્કાર કરાવનારા છે, અભાવ કરાવનારા છે. તેમાં પોતાપણું માનવું એ અપ્રતિબુદ્ધ છે. શુભભાવ આત્માનો તિરસ્કાર કરનારા છે, એમ અહીંયાં કહે છે. વૈદરાજજી! આહાહા..! અરે..! એને સત્ય વાત સાંભળવા મળે નહિ, ઈ સમજે કે દિ' અને કે દિ' સમ્યગ્દર્શન પ્રગટ કરે અને એને ધર્મ ક્યાંથી થાય? આહાહા..! એ '**આત્માનો તિરસ્કાર કરનારા છે-તેમનામાં 'આ હું છું'** એમ માને છે ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૭, ગુરુવાર, તા. ૨૦-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૯. પ્રવચન નં. ૮૧**

જીવ-અજીવ અધિકાર. ૧૯મી ગાથા. ટીકા ચાલે છે. જુઓ! દૃષ્ટાંત આવ્યો ને પહેલો દૃષ્ટાંત? કે ઘડો છે ને ઘડો. ઘડાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવમાં, એના ભાવમાં અને એના આકારમાં પુદ્‌ગલ સ્કંધોમાં, એ પુદ્‌ગલ સ્કંધોમાં. સમજાય છે? '**આકારે પરિણત થયેલ પુદ્‌ગલના સ્કંધોમાં 'આ ઘડો છે'...**' આ ઘડો છે. બરાબર છે ને? ઘડો સમજો છો ને? આ ઘડો છે. '**અને ઘડામાં...**' એમ પાછું. આ ઘડો છે અને ઘડામાં '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્‌ગલ-સ્કંધો છે.**' અને પુદ્‌ગલ સ્કંધમાં ઘડો છે '**એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે,...**' એ તો બરાબર છે કહે છે. એ જ્ઞાન થાય એ તો બરાબર છે.

'**એવી રીતે...**' એ દૃષ્ટાંતે '**કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો...**' આત્મામાં વિકારી પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ અને કર્મ-જડ આદિ '**તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ-કે જેઓ પુદ્‌ગલના પરિણામ છે...**' એ પુણ્ય-પાપના ભાવ પણ પુદ્‌ગલના પરિણામ છે, આત્માના નહિ. આત્મા ચૈતન્યજ્યોત, એના તો ચૈતન્ય પ્રકાશના સ્વભાવરૂપ જ પરિણામ હોય. વિકાર પરિણામ, કર્મ, અને નોકર્મ-શરીર આદિ એ પરિણામ કેવા છે? કે પુદ્‌ગલના પરિણામ છે. '**અને આત્માનો તિરસ્કાર કરનારા છે.**' આત્માનો અભાવ મનાવનારા છે. એને માનતા, '**આ હું છું**' એમ માનતા આત્માનો અભાવ થાય છે. આત્માનો તિરસ્કાર કરનારા છે. આહાહા..!

શુભ-અશુભભાવ, આ શુભમાં હું છું. એ પુદ્‌ગલ પરિણામ શુભ મારા છે એમ માનતા આત્માનો તિરસ્કાર થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યદેવ દિવ્ય શક્તિ. પહેલું આવી ગયું છે ઓલામાં કર્તા-કર્મમાં. દેવ... દેવ... દેવ... પોતે દેવ છે. ચૈતન્ય આનંદ આદિ લક્ષ્મી સંપન્ન ભગવાન આત્મા એને એ પુણ્ય પરિણામમાં, પાપના ભાવમાં, કર્મ, શરીર આદિ ક્રિયાઓ થતી હોય તેમાં હું છું, એમાં હું છું એટલે હું (અને) એ એક છીએ એમ માનનાર એ પુદ્‌ગલાદિ, રાગાદિ પરિણામ આત્માનો તિરસ્કાર કરનારા છે, નુકસાન પહોંચાડનારા છે. એને પોતાના માનવાથી આત્માને નુકસાન છે. સમજાણું કાંઈ? એ સ્વરૂપ ચૈતન્યનું નથી. જ્ઞાયક ચૈતન્યજ્યોતનું એ રાગાદિ ભાવ ચૈતન્યનું સ્વરૂપ નથી. છતાં એમાં પોતે છે, એમનામાં હું છું. એમ છે ને? આત્માનો તિરસ્કાર કરનારા એટલે રાગ આદિમાં અસ્તિત્વ સ્વીકારતા, રાગાદિમાં પોતાની એમાં હયાતી માનતા આત્માનો તિરસ્કાર થાય છે. બરાબર છે? હવે બરાબર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ત્યાં આગળ (પોતાને) માને તો આત્મા એનાથી પર છે, એનું તો એને ભાન પણ થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ પુદ્‌ગલના પરિણામ એક ચૈતન્યરામ આનંદકંદ એ સિવાયના પુણ્ય-પાપ, શરીર, કર્મ બધા પુદ્‌ગલ પરિણામ. બસ, એક વાત. એક કોર રામ અને એક કોર ગામ. ગામ એટલે સમૂહ. વિકારીભાવ, કર્મ, શરીર એમાં હું.. એમાં હું... એ હું... એમાં હું... એ વસ્તુમાં હુંપણું માનવાથી પોતાનું ચૈતન્ય સ્વરૂપ છે તેનો અનાદર થાય છે. સમજાણું કાંઈ? હુંપણું જે પોતાનું છે એનો ભાવ રહેતો નથી. સમજાય છે કાંઈ?

'**તેમનામાં 'આ હું છું',...**' જુઓ ભાષા! પુણ્ય-પાપના ભાવમાં, એમનામાં આમાં હું છું. એટલે દૃષ્ટિ તો ત્યાં રહી. રાગાદિ ભાવ પુણ્ય, દયા, દાન, વ્રતાદિ શુભભાવ એમાં હું છું-એનો અર્થ જ કે એમાં હું એટલે પોતે તો એમાં જ છે. પોતે એનાથી જુદો નથી. સમજાણું કાંઈ? '**તેમનામાં 'આ હું છું.**' જોયું! '**તેમનામાં 'આ હું છું.**' આ હું છું. પુણ્યના પરિણામ, પાપના ભાવ, દેહની દશા, કર્મનો ઉદય આદિ દશા, આ હું છું એમ માનતા પોતાનું અસ્તિત્વ જે ભિન્ન છે એનો અનાદર થાય છે. એ તિરસ્કાર કરનારા છે. સમજાણું કાંઈ? એ એક બોલ થયો.

'**એમ અને આત્મામાં...**' હવે આમ લીધું. એમાં હું છું એમ કહ્યું. આત્મામાં એ છે એમ માને. અરસપરસ છે. '**આત્મામાં આ કર્મ-મોહ આદિ અંતરંગ...**' પરિણામ. આત્મામાં રાગાદિ પરિણામ છે. આત્મામાં રાગાદિ પરિણામ. પહેલું રાગાદિ પરિણામમાં આત્મા છે એમ હતું. આ આત્મામાં રાગાદિ પરિણામ છે. આત્મામાં કર્મ શરીર છે, આત્મામાં શરીર અને કર્મ છે. મારામાં કર્મ છે. મારામાં શરીર છે, મારામાં રાગ છે, મારામાં પુણ્યભાવ દયા-દાન વ્રત એ મારામાં-આત્મામાં છે. '**આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા)...**' છે.

મુમુક્ષુ :- પુણ્ય તિરસ્કાર કરે?

ઉત્તર :- પુણ્ય તિરસ્કાર કરે છે.

મુમુક્ષુ :- પુણ્યથી તો ભગવાન મળે છે.

ઉત્તર :- પુણ્યથી ભગવાન ક્યાં મળે? પુણ્ય ફલા અરંહતા, એમ છાપામાં આવે છે. પુણ્યથી તો અરિહંત પદ મળે. અરે..! એ ક્યાં વાત છે? ત્યાં તો પુણ્ય ફળ તો સામગ્રી અને સંયોગની વાત છે. સમવસરણ ને એ પુણ્ય. એ તો બહારનો સંયોગ આપે. પુણ્યભાવ આત્માના સ્વભાવનો તિરસ્કાર કરનારા છે. કહો, વૈદરાજજી! કહો, કેટલું ઢીલું મૂકવું? રામજીભાઈ કહે, થોડું ઢીલું મૂકો. નહિ?

અહીં તો એમ કહે છે. શુભભાવ હોય પણ એમાં હું છું અને એ મારામાં છે તો આત્માનો

અનાદર થાય છે. વાસ્તવિક અસ્તિત્વ તત્ત્વ જે છે એનો નિષેધ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડું થોડું ધ્યાન રાખે તો સમજાય. ગુજરાતી હવે અહીં તો પછી ક્યાં સુધી ચાલે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ વાત ન સમજાણી, મહારાજ.

ઉત્તર :- બસ. તો અત્યાર સુધી ૭૪ વર્ષમાં સાંભળ્યું નહિ કાંઈ?

અહીં તો ભગવાન પરમેશ્વર અને સંતો, મુનિઓ અને જ્ઞાનીઓ જેમ છે તેમ કહે છે. આહાહા..! ભગવાન! જ્યાં તું છો ત્યાં પુણ્યના, પાપના પરિણામ, કર્મ, શરીર નથી. અને જ્યાં તું નથી એવા પુણ્ય-પાપ ને કર્મમાં આત્મા નથી. આહાહા..! અહીં તો અસ્તિ સિદ્ધ કરવું છે ને? જીવ-અજીવ અસ્તિત્વ સિદ્ધ કરવું છે. ત્યાં કર્તા-કર્મ સિદ્ધ કરવું છે. જે સ્થાનમાં જે સિદ્ધ કરવું હોય એ હોય ને.

ભગવાન આત્મા પોતાની ચૈતન્યમૂર્તિ, અનાદિઅનંત ધ્રુવ ચૈતન્ય સ્વભાવ, એને પરથી ભિન્ન પોતાના સ્વરૂપને ન માનતા અનાદિથી અજ્ઞાની એ પુણ્યના પરિણામ, પાપના ભાવ અને શરીરની ક્રિયામાં રોકાઈ ગયો. અટકી ગયો એટલે કે એ હું છું... આ હું છું... આ હું છું... અને એ બધા મારામાં છે. એટલે મારામાં છે એને જુદા કેમ કરે ઈ? સમજાણું કાંઈ? એ બધા પુણ્ય-પાપના કૃત્રિમ ક્ષણિક ભાવ છે વિકારી. દયા, દાન, ભક્તિ, ષટ્કર્મ આદિના પરિણામ વિકારી છે. આહાહા...! નિર્વિકારી ચૈતન્યધાતુ એમાં એ નથી છતાં એ મારામાં છે એમાં તારા ચૈતન્યસ્વરૂપના પૂર્ણ સ્વરૂપનો અનાદર થઈ જાય છે. તિરસ્કાર થાય છે, તિરસ્કાર થાય છે ભગવાન આત્માનો. એ તિરસ્કાર કરનારાઓનો આદર કરતા આનો તિરસ્કાર થાય છે. અનાદર થઈ જાય છે. સમજાણું કાંઈ?

ભગવાન! અહીં દૃષ્ટિના ફેરે તિરસ્કાર અને અતિરસ્કારની વાત છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ અનાદિઅનંત સ્વયંસિદ્ધ અકૃત્રિમ અણકરેલું એવું આત્માનું સ્વરૂપ શુદ્ધ છે. છે સત્. એ સત્‌ને સત્ સ્વભાવ તરીકે ભિન્ન ન માનતા રાગ અને પુણ્યમાં હું અને એ મારામાં, એમ બેમાં એકપણું માનતા પોતાના જુદાપણાનો નાશ થાય છે. જુદાપણાનો દૃષ્ટિમાં નાશ થાય છે. વસ્તુ તો વસ્તુ રહે છે. પણ હું છું નહિ. આ એ હું અને એ મારામાં. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પુદ્ગલ પરિણામો છે.'** **'આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા) પુદ્ગલ-પરિણામો છે...'** એટલે કે આત્મામાં પુદ્ગલ પરિણામો છે, આત્મામાં પુદ્ગલ પરિણામો છે. પહેલું હતું એ પુદ્ગલ પરિણામમાં આત્મા છે. આ આત્મામાં પુદ્ગલ પરિણામ છે એમ વસ્તુના અભેદથી-એ બેને એક માનવાથી, એમ. **'એમ વસ્તુના અભેદથી...'** સમજાણું કાંઈ? શરીરની ક્રિયા હું કરું છું. એનો અર્થ કે એમાં હું છું. એમાં હું છું અને એ શરીર મારામાં છે. શરીર મારામાં છે એટલે જુદો હું ચૈતન્ય છું નહિ. એમ માનનાર એમ વસ્તુના

એકપણાથી, અભેદપણાની '**જ્યાં સુધી અનુભૂતિ છે...**' એમ બેની એકપણાની માન્યતાનો અનુભવ છે '**ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે;...**' ત્યાં સુધી આત્મા સ્વસંવેદનજ્ઞાનના ભાન વિનાનો છે. આહાહા..! બરાબર છે?

શિષ્યનો પ્રશ્ન હતો કે મહારાજ! આવું અજ્ઞાનપણું, અપ્રતિબુદ્ધપણું કેટલો કાળ રહેશે? એમ પૂછ્યું હતું ને? પહેલા પ્રશ્ન કર્યો હતો ને ઉપર? કેટલો વખત રહેશે? કોઈ કહે કે આ દરિદ્રપણું અમારે કેટલો કાળ રહેશે? એમ પૂછે ને કોઈ? સમજ્યા ને? અમારે બહુ અંદરમાં એ ખાનગી કાગળ આવે છે. એક જણાનો એવો કાગળ આવ્યો કે હવે આ અમારું દરિદ્રપણું કેટલો કાળ રહેશે કાંઈ જ્યોતિષમાં જુઓ. જ્યોતિષમાં જુઓ નહિ પણ આપના જ્ઞાનમાં જુઓ. એમ એવો પત્ર આવ્યો હતો. કહો, હવે અમે જોવા જઈએ ત્યાં. એવો પત્ર આવ્યો પત્ર કે આ દરિદ્રપણું કેટલો કાળ રહેશે અમારે? કાંઈ શાંતિ આવતી નથી. એકમાંથી એક અને બીજામાંથી ત્રીજું, કાંઈ કાંઈ દખલ ઊભી જ થાય છે. છોકરાવને રળવા મોકલીએ. પૈસા આપીએ. પૈસા બીજા બિચારા આપે પાંચ દસ હજાર, વીસ હજાર પણ ક્યાંય મેળ ખાતો નથી. આ ક્યાં સુધી આવું રહેશે કાંઈ જ્ઞાનમાં ભાસે છે? એય..! ધનજીભાઈ! એમ પૂછે. આહાહા..! કેટલાય કાગળ આવે ખાનગી. એ જાણે કે પૈસા બહુ છે ને. એને એમ છે કે મહારાજ પુણ્યશાળી અને એને માનનારા પુણ્યશાળી. પૈસા તો કરોડો રૂપિયા પડ્યા છે એની પાસે.

મુમુક્ષુ :- દુઃખ મટાડવું હોય તો ...

ઉત્તર :- પણ શું દુઃખ? આ જન્મ-મરણનું દુઃખ છે કે એ દુઃખ છે? તારા આત્માના આનંદને ભૂલીને તું દુઃખ માને છો, વિકારમાં તું માને છો એ દુઃખ છે. દુઃખ સંયોગનું છે નહિ. પ્રતિકૂળ સંયોગ અને અનુકૂળ સંયોગ સુખ-દુઃખ છે જ નહિ. આહાહા..! હવે જે પ્રતિકૂળ એની માન્યતા કરી કે મારામાં આનંદ નથી પણ આ રાગમાં અને આમાં આનંદ છે. એ દુઃખની માન્યતા, એ મિથ્યાત્વની માન્યતા એણે ઊભી કરી છે. એણે ઊભી કરી છે. એને ટાળવી એ એને ટાળવી છે કે બીજો કોઈ ટાળી દેશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મહારાજ! ...

ઉત્તર :- અહીં જવાબ કોણ દે છે? અહીં એક કાગળનો ઉત્તર લખતા નથી. મફતના બિચારાના કાગળ જાય. પાંચ-પાંચ પૈસા શું બેસે છે ? મફતના જાય. ઉત્તર-ફુતર નથી લખતા. એ કોણ લખે નવરા. અહીંયા આવે તો ખરું ને. અહીં અમારે ક્યાં નવરાશ છે? એવા પત્રો લખવાની નવરાશ નથી, કહેવાની પણ નવરાશ નથી. મફતનો કાગળ જાય એનો.

અહીં તો કહે છે કે ભાઈ! તને દુઃખ છે એ શેનું છે? દુઃખ જે તને થાય છે એ શેનું છે? શેનું સમજ્યા? ક્યા પ્રકારનું છે? તારો આત્મા આનંદસ્વરૂપ છે એને પુણ્ય-પાપવાળો માનવો, પુણ્ય-પાપના વિકારવાળો માનવો, એને જુદો ન માનવો એ તને દુઃખ છે. હવે

એ દુઃખ ઊભું કોણે કર્યું છે? ઉત્પત્તિ એણે કરી છે. પુણ્ય-પાપ હું... પુણ્ય-પાપ હું... પુણ્ય-પાપ હું... શરીર હું... એની રક્ષા કરું... એની રક્ષા કરું. ધૂળેય નહિ થાય, સાંભળને! શરીરની રક્ષા કરું. સારા કર્મ બાંધું, સારા કર્મ બાંધું. બાંધવા છે ને તારે, હજી છૂટવું નથી ને? મૂઢ સારા કર્મ બાંધુ અને શરીરને સારું રાખું અને પુણ્ય-પાપ ઠીક છે એમ માનવું, એમાં આત્મા છે એમ એણે માન્યો છે. એ મિથ્યાદષ્ટિનું મહાન અનંતુ દુઃખ છે. કહો, હવે એ દુઃખને ટાળવાની કળા તો એમાં હું નથી અને મારામાં હું છું, એમ ભેદજ્ઞાન કરવું એ દુઃખ ટાળવાની કળા છે. એ ન કરે અને બીજો કાંઈક ઉપાય બતાવો. પણ બીજો શેનો હોય? કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- .. દુઃખી થાય છે.

ઉત્તર :- દુઃખી કોને લઈને છે? રોટલા નથી મળતા માટે દુઃખી છે? એણે માન્યું છે કે મારું આ શરીર. એને અનુકૂળ અનાજ આદિ નથી. એવી એની માન્યતા એને દુઃખરૂપ છે. આહા..! સમકિતી-જ્ઞાની... આ તો અત્યારે વળી મોંઘું થઈ ગયું. નહિતર તો પાંચ રૂપિયા, દસ રૂપિયા મળે મહિને. અને બીજાને લાખો મળે. રોટલી અને છાશ ખાય. વિકલ્પ આવે. આનંદ છે. અમે દુઃખી છીએ જ નહિ, એમ માને. અમે દુઃખી છીએ જ નહિ. દુઃખી દુનિયા પાસે દુનિયા રહી.

મુમુક્ષુ :- સમતા જ્યાં આવી ગઈ...

ઉત્તર :- સમતા પણ આ સમતા. એવી સમતા નહિ જેવી તમે કહો છો એવી.

અહીંયાં તો પુણ્ય-પાપનો રાગ મારો નથી અને મારામાં પુણ્ય-પાપ છે જ નહિ. હું તો આનંદસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ છું એમ ભેદજ્ઞાન થયું. સ્ત્રી બે હો, પાંચ રૂપિયા મળે, રોટલી અને છાશ લે. આનંદ છે. કેમ છે ભાઈ? આનંદ છે. અમે દુઃખી નથી. દુઃખી તમે છો. પૈસાવાળા, બાયડી-છોકરા, સો-સો, પાંચસો-પાંચસો માણસ આમ ખમ્મા ખમ્મા (કરતા હો), સોનાની મોટરું (હોય). તું દુઃખી છો. સમજાણું કાંઈ? ભાઈ! આપને કાંઈક મદદ કરીએ. સુખી છીએ. તું માગે છે આ જોઈએ... આ જોઈએ.. આ જોઈએ. આત્મા જોઈએ એની તને ખબર નથી. તું મોટો દુઃખી છે. સમ્યગ્દષ્ટિ પૈસાવંતને, તૃષ્ણાવંતને આત્માના ભાન વિનાને દુઃખી દેખે છે.

મુમુક્ષુ :- અમારા.. દુઃખી દેખે છે.

ઉત્તર :- એ દુઃખી દેખે છે. લોકો કહે સુખી. એ ધૂળમાંય નથી. સાંભળને હવે. તારી સોનાની મોટરો-ફોટરો એ તો ધૂળ બહારમાં રહી ગઈ. સુખો ક્યાંથી આવ્યો ન્યાં? સમ્યગ્દષ્ટિ પોતામાં આનંદ માને છે. એ રાગમાં આનંદ માનતો નથી, પુણ્યના પરિણામમાં માનતો નથી, શરીરમાં માનતો નથી, સંયોગમાં માનતો નથી. તે દષ્ટિએ બીજાને દેખે છે. બીજાને પણ એ દષ્ટિએ દેખે છે. આ પૈસાવાળા કરોડ, બે કરોડ સુખી? ના ના. કોણ કહે છે સુખી

છે? મહા દુઃખી છે બિચારા.

મુમુક્ષુ :- પૈસા છે માટે?

ઉત્તર :- પૈસા માટે નહિ. પૈસા મારા અને એનું મારે રક્ષણ કરવું, એથી અમે સુખી એવી માન્યતાથી એને દુઃખ છે. આહાહા..! એય..! સેઠી! તમારા મોટા બંગલા દેખીને એને એમ ન થઈ જાય. આહા..! મોટા બંગલા, પાંચ-પાંચ કરોડ રૂપિયા અને આમ ને તેમ. દુઃખી-દુઃખી છે બિચારા.

મુમુક્ષુ :- એ બંગલા છે માટે.

ઉત્તર :- બંગલા છે માટે નહિ. એ મારા અને હું એનો. મારી ચીજ ભિન્ન છે એનું ભાન નથી માટે દુઃખી છે ઈ. કારણ કે આનંદમૂર્તિ આત્મા એની એને ખબર નથી. માટે પરમાં ઝાંવા નાંખે છે કે અહીંથી સુખ.. અહીંથી સુખ... અહીંથી સુખ (મળશે). મૂઢ દુઃખી છે. વજુભાઈ! કેમ હશે? કરોડ-કરોડના બંગલા અને આમ ચારે કોર આરસપહાણ. શું કહેવાય? સંગેમરમર. કારીગરી કરી કરીને લટકા લટકાવ્યા હોય. ગોળ ગોળ ચક્કર. સમજ્યાને? આખા બંગલાને. આહાહાહા..! એક કરોડ, બે કરોડ, સાડા ત્રણ કરોડનો બંગલો વળી એક ઠેકાણે નહોતો? એ ક્યાંક હતો. નહિ? મૈસુર. મૈસુરમાં સાડા ત્રણ કરોડનો હતો ઓલો જોવા ગયા હતા એ. પણ એ તો નવું મકાન થયું છે. બંગ્લોર. બેંગ્લોર. બેંગ્લોરમાં નહિ? એક થયું છે નવું. જોડે આપણે ઉતર્યા હતા બહાર. એ મોટો કરોડનો, બે કરોડનો, ત્રણ કરોડનો. સરકારનો છે. એવા સંગેમરમર ગોળ ચક્કર કરી કરીને લટકાવ્યા હોય બધા. ધૂળમાંય સુખ નથી. એ ખુરશીએ બેઠો મહા દુઃખી છે બિચારો.

મુમુક્ષુ :- ખુરશી છે માટે દુઃખી છે?

ઉત્તર :- ખુરશી છે માટે નહિ. એ કહે છે કે હું બેઠો છું આમાં. હું બંગલામાં બેઠો છું, હું ખુરશીમાં બેઠો છું, આની ક્રિયા કરવામાં બેઠો છું. એ મૂઢ છે એ દુઃખી છે. સ્વરૂપ ચૈતન્ય છે એમાં બેસવું જોઈએ. સમજાય છે કાંઈ? આહાહા..! માથે પંખા નખાય, હોં! ઓલા આવે ને? આમ ઝુલતા પંખા. બહારથી દોરી ખેંચે.

મુમુક્ષુ :- હવે તો વીજળીના આવે છે.

ઉત્તર :- હવે વીજળીના થયા હશે.

મુમુક્ષુ :- આમ ચાંપ દબાવે.

ઉત્તર :- હા, એ ચાંપ દબાવે. આ તો અમે તે દિ' જોયેલું ને. વડોદરા. ત્રણ હજારનો પગાર હતો માસિક. વડોદરા. (સંવત) ૧૯૬૩ની સાલ.

મુમુક્ષુ :- તે દિ' વીજળી નહોતી.

ઉત્તર :- વીજળી નહોતી. (સંવત) ૧૯૬૩ની સાલમાં અમારો કેસ ચાલ્યો હતો. અફીણનો. દોઢ મહિનો કેસ ચાલ્યો હતો. મહિનાનો ત્રણ હજારનો પગાર હતો એનો. ૬૩ની સાલમાં.

એક યુરોપિયન બહાર જંગલમાં રહેતો હતો. ત્યાં અમારો કેસ ચાલતો હતો. ખોટો કેસ હતો જૂઠો. ઈ બેસે ને પછી મોટું આમ લુગડાનું હોય. એની દોરી નાખે અને લાકડામાંથી બહાર કાઢે અને બહારથી ખેંચે.

મુમુક્ષુ :- પહેલાં એમ હતું.

ઉત્તર :- હા, પહેલાં એમ હતું. પછી તો આપણે ક્યાં કોર્ટ જોઈ છે. ૬૩માં જોઈ હતી. એક કોર્ટ હમણાં જોઈ હતી. ક્યાં હતી? વડોદરામાં, નહિ? વડોદરમાં એક કોર્ટ છે. જે કોર્ટમાં અમારો કેસ ચાલતો હતો એ કોર્ટમાં વ્યાખ્યાન થયું હતું હમણાં ૨૦૨૦મી સાલમાં. કીધું, અહીં કોર્ટમાં અમે આવતા. ઉપર કેસ ચાલે છે. નીચે વ્યાખ્યાન હતું. આહાહા..! ૬૩ની સાલ વાત છે, હોં! સંવત ૧૯૬૩. ધૂળમાંય સુખ નથી. ત્યાં કોર્ટમાં બેઠો બિચારો આકુળતા–આકુળતા (ભોગવે છે). આ કર્યું... આ કર્યું... આ કર્યું... આ કર્યું... બે હજારનો પગાર આવશે ને પછી આ કરશું, પછી આ કરશું. એની ફરતે એટલા હોય. દુઃખી... દુઃખી... દુઃખી... આત્મા આનંદમૂર્તિની માન્યતા વિના, એની નજરું પડ્યા વિના, રાગથી ભેદજ્ઞાન કર્યા વિના બધા પ્રાણી દુઃખી છે. જે પ્રાણીને બહારમાં સગવડતાનો પાર ન હોય.

અહીં તો કહે છે કે એ સંયોગો તે હું અને સંયોગ મારામાં, તિરસ્કાર કરનારા એ જીવો દુઃખી છે. સમજાણું કાંઈ? **'એમ વસ્તુના અભેદથી...'** જુઓ! અહીં ભાષા છે ને. જેણે પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મમાં એકપણાની બુદ્ધિ અને એ મારામાં એમ એકપણાની બુદ્ધિ, હું એમાં, એ મારામાં એકપણાની બુદ્ધિ-એ અનુભૂતિ છે ત્યાં સુધી અપ્રતિબુદ્ધ નામ દુઃખી છે. ત્યાં સુધી દુઃખી છે, ત્યાં સુધી સ્વસંવેદનજ્ઞાનનો અભાવ છે, ત્યાં સુધી એ મૂરખ છે. અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય, પાંચ હજાર, દસ હજાર. દસ હજાર તો ઓછા થઈ ગયા. કારણ કે દસ હજારનો તો પગાર છે આને. લાખ-લાખનો પગાર મહિનાનો હોય, લ્યોને. એય..! સુમનભાઈને દસ હજારનો પગાર છે. રામજીભાઈના દીકરાને. એમ માણસ વાતું કરે છે. આપણે ક્યાં જોવા ગયા છીએ. એના બાપને પણ ખબર નથી. દસ હજારનો પગાર છે અમેરિકામાં. પણ શું છે? ધૂળ છે. દસ હજાર હોય કે લાખ હોય. પણ જ્યાં સુધી પરમાં, પરને લઈને મને સગવડતા અને પરને લઈને ન હોય તો મને અગવડતા, એમ માનનાર જ્યાં સુધી છે ત્યાં સુધી તે દુઃખી છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? રાગાદિ ભાવ થાય તો ઠીક, આ સંયોગ હોય તો ઠીક, જેને લઈને મને સગવડતા રહે., સગવડતા રહે. બહારના સાધનમાં સગવડતા રહે.

મુમુક્ષુ :- ભગવાન પાસે જવાય.

ઉત્તર :- હા. પુણ્ય સારા હોય તો ભગવાન પાસે જાય. એ દુઃખી છે.

મુમુક્ષુ :- સમકિત પામે.

ઉત્તર :- સમકિત ધૂળમાંય પામે નહિ આ. સમકિત તો એ સગવડતાના સંયોગ અને

સંયોગ તરફના લક્ષવાળો રાગ, એનાથી ભિન્ન આત્માને ભાળે ત્યારે સુખી અને સમકિતી થાય. આહાહા...! સમજાણું કાંઈ? ભગવાન પાસે સમકિત નથી તારું.

**'એમ વસ્તુના અભેદ...'** નામ એકપણાથી. રાગના પરિણામને એક (માને), આત્મા અને રાગને એકપણે માને, આત્માને અને શરીરને એકપણે માને, આત્માને અને કર્મને એકપણે માને ત્યાં સુધી તે અભેદબુદ્ધિ નામ બેમાં એકપણાની માન્યતા છે. ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે અને ત્યાં સુધી તે દુઃખી છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આસ્રવ...

ઉત્તર :- આ શું છે? અપ્રતિબુદ્ધિનો અર્થ શું છે? ભાન વિનાનો છે મુરખ. આત્મામાં આનંદ છે એમ ભાન નથી અને અહીં આનંદ છે એમ માને એ મૂરખ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલી વાત કરી પહેલી.

શિષ્યે પૂછ્યું હતું કે પ્રભુ! આ અપ્રતિબુદ્ધ ક્યાં સુધી રહે? કે જ્યાં સુધી રાગથી માંડીને કોઈપણ રજકણ કે પદાર્થ, સોના, રૂપા, ચાંદીના ઢગલા થાય એમાં હું છું. આ ભગવાનનું સમવસરણ હોય ને, તો એમાં હું છું એટલે એથી મને લાભ થાય. એનાથી મને લાભ થાય. તો એનો અર્થ થયો કે એમાં હું છું અને એ મારામાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ વાત કરે છે કે ઉપદેશ અને વિકલ્પ બેય આત્માથી ભિન્ન છે. ઉપદેશ અને વિકલ્પ પોતાના માને ત્યાં સુધી મિથ્યાદષ્ટિ, અભેદબુદ્ધિ મિથ્યાદષ્ટિ દુઃખી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપદેશ પણ ક્યો ઉપદેશ? ઉપદેશ તો પર છે. આહાહા..! ઉપદેશ અને સાંભળવામાં જે વિકલ્પ-શુભભાવ થયો, એમાં હું છું કે એને લઈને મને લાભ છે એ માન્યતા અભેદપણાની મિથ્યાદષ્ટિની છે. આહાહા..! એને સંયોગથી ખસીને ભેદજ્ઞાન કરવાનો અવસર નથી. આહાહા..! આકરી વાત, ભાઈ! એય..! દેવાનુપ્રિયા! સમવસરણમાં લાભ થાશે. એનો અર્થ થયો કે હું આત્મા ત્યાં છું અને એ મારામાં છે.

મુમુક્ષુ :- .. અહંપણું માનીને ..

ઉત્તર :- ધૂળમાં. બેય એક જાતનો છે. એમ કહે કે કુટુંબમાં પોતાપણું માને છે એના કરતાં ભગવાનને પોતાના માને. પણ બધો પર તરફનો રાગ એક જ છે. સંયોગ તરફના લક્ષે આકુળતા ઉત્પન્ન થયા વિના રહેતી નથી. સ્વભાવના આશ્રયે અનાકુળતા ઉત્પન્ન થાય ત્યાં આકુળતા ઉત્પન્ન થતી નથી. એક જ વાત, એક જ વાત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો નિમિત્ત.. પણ પરથી ભેદ પાડે ત્યારે પ્રતિબુદ્ધ થાય છે. હમણાં આવશે દેખો! હમણાં આવશે. હજી તો અપ્રતિબુદ્ધની વ્યાખ્યા છે. સમજ્યા? પાઠ તો એટલો

છે. હવે અપ્રતિબુદ્ધની વ્યાખ્યા. સમજ્યા ને? હવે એ .. પાઠનો અર્થ થઈ ગયો. પણ એમાં આચાર્યની શૈલી છે ને. હવે પ્રતિબુદ્ધની વ્યાખ્યા કરે છે.

'**અને જ્યારે કોઈ વખતે,...**' એટલે પોતાના આત્માના સંભાળના કાળે '**જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે...**' શું કહે છે? દર્પણ છે ને રૂપી દર્પણ? દર્પણ કહે છે? અરીસો. એ '**સ્વ-પરના આકારનો પ્રતિભાસ...**' અરીસો પોતાના આકારના સ્વરૂપને બતાવે, પરને બતાવે. અગ્નિ સામે હોય તો અગ્નિની જ્વાળા ને એનું અહીં સ્વરૂપ બતાવે. એ અગ્નિ અહીં નથી આવી. અરીસામાં અગ્નિ નથી, અરીસામાં જ્વાળા નથી. એ '**રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી...**' જુઓ ભાષા. '**રૂપી દર્પણની સ્વ-પરના...**' સ્વરૂપનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા છે. દર્પણની તો સ્વચ્છતા છે. અને ઉષ્ણતા અને જ્વાળા બે લીધી, ભાઈ! અર્થપર્યાય અને આકૃતિની પર્યાય. અગ્નિ છે એની ઉષ્ણતા એની અર્થપર્યાય છે, અને જ્વાળા આકાર છે વ્યંજનપર્યાય. ઓલામાં બે લીધું હતું ને ઘડામાં? ઘડામાં બે લીધું હતું. એનો વર્ણ, ગંધ, સ્પર્શ, ભાવ અને એન પહોળો ને પેટાળ આદિ આકાર. અહીં તો વ્યંજનપર્યાય અને અર્થપર્યાય એ સ્વતંત્ર પોતાથી થાય છે, એમ સિદ્ધ કરે છે. એ અગ્નિની ઉષ્ણતા એ એનો સ્વભાવ છે. એ અર્થપર્યાય છે. અને એનો આકાર જ્વાળા દ્રવ્યની વ્યંજન પર્યાય છે. ઉષ્ણતા અને જ્વાળા અગ્નિની છે. એ અરીસામાં નથી આવી. અરીસામાં તો અરીસાની સ્વચ્છતા છે. એવું દેખાય છે ને અરીસામાં? એ અરીસાની અવસ્થા છે. અગ્નિની ઉષ્ણતા, આકાર-બાકાર ત્યાં આવ્યો જ નથી. એ તો અરીસાનો આકાર છે. અરીસાનો આકાર છે. આમ દેખાયને જ્વાળા એ અરીસાનો આકાર છે. અંદરના કાચના સ્કંધનો આકાર છે. અને જેમ જ્વાળા લાલ લાલ દેખાય એ પણ અરીસાની સ્વચ્છતાની પર્યાય છે. એની પર્યાય અહીં આવતી જ નથી. સમજાણું કાંઈ?

'**રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી...**' દર્પણનો સ્વભાવ તો સ્વ-પરના સ્વરૂપને પ્રતિભાસ બતાવે છે. એવી સ્વચ્છતા જ એની છે. '**પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે...**' ત્યાં, હોં! અહીં છે એ નહિ. ત્યાં છે એ એનામાં છે. અહીં છે એ તો અરીસાની અવસ્થા છે. '**તેવી રીતે અરૂપી આત્માની તો...**' જુઓ! ઓલો રૂપી દાખલો. દાખલો તો રૂપીનો આપ્યોને. અરૂપીનો શી રીતે આપે? ભગવાન આત્મા અરૂપી છે. વસ્તુ છે, પિંડ છે, ચૈતન્યઘન છે, વિજ્ઞાન પિંડ છે. એવા '**આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે...**' આત્માનું તો સ્વ ને રાગ ને પર એનું જાણવાપણું એ જ પોતાનું જ્ઞાતૃત્વ છે. એ આત્માનું છે. રાગ, શરીર ક્રિયા આદિ સંબંધી જે પોતામાં જ્ઞાન થાય એ પરસંબંધી પોતાનું જ્ઞાન છે અને પોતા સંબંધી પોતાનું જ્ઞાન છે. એ સ્વ-પર સંબંધી પોતાનું જ્ઞાન એ જ્ઞાતૃતા જ આત્માની છે. રાગ અને શરીરની અવસ્થા એ તો પરમાં ગઈ. એ કાંઈ આત્મામાં નથી.

સમજાણું કાંઈ? આહાહા..!

'**અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી...**' પોતાને અને પરને જાણનારી '**જ્ઞાતૃતા...**' ઓલામાં હતું ને? પ્રતિભાસ કરનારી સ્વચ્છતા. એમ જાણનારી જ્ઞાતૃતા જ છે. ભગવાન આત્માનું તો સ્વને પરને જાણવાની દશા સ્વરૂપ જ આત્મા છે. રાગ, શરીર, કર્મ એ આત્માના નથી. એ તો પરવસ્તુ છે. સમજાણું? '**અને કર્મ તથા નોકર્મ પુદ્‌ગલનાં છે...**' અને કર્મ અને રાગાદિ બધા પુદ્‌ગલના છે. શુભ-અશુભભાવ, કર્મ, શરીર, વાણી પુદ્‌ગલના છે. '**એમ...**' એમ. હતું ને ઓલામાં? એમ વસ્તુના અભેદથી હતું. '**એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી...**' એમ પોતાથી જાણે કાં પરના ઉપદેશમાં પણ એ આવ્યું હતું કે તું જ્ઞાતૃ (સ્વરૂપ) છો. એમ નિમિત્ત પછી પણ પોતાથી જાણે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિમિત્ત સામું જોઈને જાણતો હશે?

'**પોતાથી જ અથવા પરના ઉપદેશથી...**' ત્યાં ઉપદેશનું નિમિત્તપણું સાક્ષાત્ હોય ત્યાંથી છૂટીને આમ ભેદજ્ઞાન કર્યું તો પરના ઉપદેશથી એમ નિમિત્તથી કથન છે. આગળ વાત લાગી હોય અને પછી કર્યું તો એ પોતાથી થયું, એમ કહેવામાં આવે છે. સમજાણું? જાતિસ્મરણથી થાય વગેરે વગેરે ઘણા દાખલા આપ્યા છે આમાં. 'અધ્યાત્મ તરંગણી'માં ઘણાં દાખલા આપ્યા છે. સમજાણું? પોતાથીના દાખલા આપ્યા છે હોં એમાં.

મુમુક્ષુ :- દેવ..

ઉત્તર :- દેવ દર્શન આવે ને બધા. આવે તો ખરા. ... .. એમ નિમિત્ત. ત્યાં એક નિમિત્તપણું ઈ અને બીજું જાતિસ્મરણ. દેવાગમ દર્શન, .. આવે છે ને બીજાને? વીજળી પડી, જેમ તારો ખર્યો હનુમાનજીને, .. તારો ખર્યો ત્યાં અંદર ઊતરી ગયા. એ તો પોતાને બહારના નિમિત્ત શું છે. પોતાને સ્વયંસિદ્ધ પામ્યો ત્યારે. એની વાત છે. એ સ્વયંમાં નાખ્યું છે. અનિત્ય આદિ અનુપ્રેક્ષા ચિંતવન, આત્મસ્વરૂપ પ્રાપ્તિ. લ્યો. ણમો સ્વયંબુદ્ધાણં. ઈતિ આગમ વચનાત્. અથવા અન્યત્ ગુરઉપદેશાદિ. ગુરુના ઉપદેશથી, લ્યો. ... પણ જાણ્યું તો એણે પોતે રાગથી ભિન્ન આત્માને. સમજાણું કાંઈ? જાતિસ્મરણથી હો, દેવદર્શન પણ આમ જાણ્યું શું?

પર ને રાગથી પર ભિન્ન ચૈતન્ય સ્વરૂપ. એવું ભેદજ્ઞાન થયું ત્યારે કહે છે કે '**પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...**' દેખો! જેનું મૂળ તો ભેદવિજ્ઞાન છે. પરથી જુદાંપણાનું ભાન છે. '**એવી અનુભૂતિ ઉત્પન્ન થશે...**' એ રાગથી ભિન્ન, શરીરથી ભિન્ન, પુણ્ય પરિણામથી જુદો એવું આત્માનું જ્ઞાન થશે '**ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે.**' જ્યારે અનુભૂતિ થશે ત્યારે પ્રતિબુદ્ધ થશે. કહો, વૈદરાજજી! આહાહા..! ત્યાં સુધી આ પૂજા ને ભક્તિ ને સ્તુતિ ને ગોખ્યા કરે ત્યાં સુધી કાંઈ પ્રતિબુદ્ધ નહિ થાય, એમ

કહે છે. અંદરથી રાગના વિકલ્પથી અને દેહની ક્રિયાથી, એનાથી ભિન્ન પડીને ભેદજ્ઞાન જેનું મૂળ (છે) એનાથી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે તે આત્મા સ્વસંવેદનજ્ઞાની પ્રતિબુદ્ધ થશે. આહાહા..! પાછું છે તો સ્વસંવેદનને. ત્યાં ક્યાં પરનું વેદન કરવું છે? પ્રતિબુદ્ધ થશે એનો અર્થ કે સ્વસંવેદન કરશે. પોતાનો સ્વભાવ રાગથી, વિકલ્પથી ભિન્ન કરે ત્યારે સ્વસંવેદન કહેવાય, ત્યારે તે પ્રતિબુદ્ધ થયો કહેવાય, ત્યારે તે જ્ઞાની થયો કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રના બધા ભણતરના વિકલ્પથી ભેદ પાડી અને પોતાનું જ્ઞાન કરશે ત્યારે જ્ઞાની થશે, એમ કહે છે.

મુમુક્ષુ :- ખુલાસો હજી કરો ને.

ઉત્તર :- ખુલાસો કર્યો ને.

મુમુક્ષુ :- સ્વસંવેદન...

ઉત્તર :- સ્વસંવેદન. જ્યારે પણ કોઈ કાળે રાગને, પુણ્યને, શરીરને, વાણીને, પરને એનાથી ભિન્ન પાડી પોતાનું સ્વસંવેદનજ્ઞાન કરશે ત્યારે તે પ્રતિબુદ્ધ થશે. એનો ઉપાય આ એક જ છે એમ કહે છે. ભેદવિજ્ઞાન કરશે ત્યારે પ્રતિબુદ્ધ થશે. અભેદ કરશે ત્યાં સુધી અપ્રતિબુદ્ધ રહેશે. લ્યો, આ ટૂંકો શબ્દ.

મુમુક્ષુ :- બેય વાત નાખી.

ઉત્તર :- એ તો બેય નાખીને એમણે પોતે. વાત એક છે પાઠમાં. અપ્રતિબુદ્ધ. ટીકા નાખી. નાખે ને બધું વિસ્તાર કરવા. પાઠમાં એટલું છે કે ત્યાં સુધી અપ્રતિબુદ્ધ રહેશે. એમ નથી કહ્યું કે એને કર્મનું જોર રહેશે, ફલાણું પાકશે, .. પાકશે, કાળ પાકશે ત્યારે થાશે એમ પણ નથી કહ્યું અહીં.

મુમુક્ષુ :- એ તો ભેદવિજ્ઞાન કરશે ત્યારે થશે.

ઉત્તર :- એ પોતે ભેદવિજ્ઞાન કરશે ત્યારે એનો કાળ પાકી ગયો. એમ કહે છે.

મુમુક્ષુ :- કાળલબ્ધિ પાકશે...

ઉત્તર :- એ છે. એમાં ભેદજ્ઞાન કર્યું કાળ લબ્ધિ છે જ પર્યાયમાં અને ભાન થયું કે છે.

મુમુક્ષુ :- બધાય કારણ ભેગા છે.

ઉત્તર :- પાંચેય કારણ ભેગા હોય એક સમયમાં. સમજ્યાને? એક કારણ હોય અને બીજું કારણ ન હોય તો એ કારણ કહેવાય જ નહિ. કહે છે ને ઉપાદાનમાં તો યોગ્યતા હોય પણ નિમિત્ત સરખું ન હોય તો કામ ન થાય. વળી ઉપાદાનમાં હોય, નિમિત્ત સરખું હોય અને પ્રતિબદ્ધ કારણ હોય તો ન થાય. પણ એમ હોય જ નહિ. એ તો વ્યવહારના કથન છે એવા શાસ્ત્રના. બાકી ઉપાદાનનું કાર્ય થાય ત્યારે નિમિત્ત નિમિત્તપણે હોય જ. અને પ્રતિબદ્ધ કારણનો અભાવ હોય જ. બહુ પણ... પોતાના તરફથી જોવું નથી અને પરથી

જોઈને વાતું કરવી.

**'પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...'** જેનું મૂળ તો ભેદવિજ્ઞાન છે ભલે પરથી પણ મૂળ તો ભેદવિજ્ઞાન છે. **'એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ...'** તે સમ્યગ્જ્ઞાની થશે. અપ્રતિબુદ્ધ અહીં સુધી રહેશે, પ્રતિબુદ્ધ ત્યારે થશે. બેય વાત લઈ લીધી. સમજાણું કાંઈ? લ્યો, એ શ્લોકની ટીકાનો અર્થ થયો. શ્લોકનો અર્થ તો પહેલા આવી ગયો. અબેદબુદ્ધિમાં...

**'ભાવાર્થ :- જેમ સ્પર્શાદિમાં...'** સ્પર્શ, રસ, ગંધ, રંગ આદિ **'પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે,...'** લ્યો! બન્ને એકરૂપ અનુભવાય છે. એ તો બરાબર છે કહે છે. **'સ્પર્શાદિમાં પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો...'** એમ. સમજાય છે? ગુણમાં ગુણી અને ગુણીમાં ગુણ. લ્યો, બીજી ભાષાએ કહીએ તો. **'તેમ જ્યાં સુધી આત્માને,...'** તેમ જ્યાં સુધી આત્માને **'કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની...'** એમ. આત્માને કર્મ-નોકર્મમાં. પુણ્ય-પાપના ભાવ કર્મ અને શરીરમાં આત્માની **'ભ્રાંતિ થાય છે...'** આત્માની ભ્રાંતિ થાય છે-બંને એકરૂપ ભાસે છે ત્યાં સુધી તે અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. એક બોલ લીધો હજી એક બોલ. શું કીધું? જ્યાં સુધી સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ગુણમાં ગુણી ઘડો અને ઘડામાં ગુણ એ બરાબર છે. એમ ત્યાં સુધી આત્માને પુણ્ય-પાપના ભાવમાં, શરીરમાં આત્માની ભ્રાંતિ થાય છે, બંને એકરૂપ ભાસે છે ત્યાં સુધી તે અજ્ઞાની પ્રતિબુદ્ધ રહિત અપ્રતિબુદ્ધ છે. અને **'આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે...'** એમ બીજું લીધું. સમજાણું?

**'આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની...'** આત્મામાં રાગ ને કર્મ ને શરીર છે. આત્મામાં છે. એમ **'ભ્રાંતિ થાય છે,...'** એમ છે નહિ, કહે છે. સમજાણું કાંઈ? **'બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે;...'** ઘણું સ્પષ્ટ છે. બરાબર છે? વૈદરાજજી! જ્યાં સુધી રાગથી મને લાભ છે, પુણ્યથી મને લાભ છે તો પુણ્યમાં આત્મા છે એમ માન્યું. અને પુણ્ય મારામાં છે એમ માન્યું. ત્યાં સુધી અજ્ઞાની છે, મિથ્યાદષ્ટિ છે, દુઃખી છે, ધર્મ વિનાનો છે. સમજાય છે કાંઈ?

**'અને જ્યારે તે એમ જાણે કે...'** લ્યો! **'અને જ્યારે તે એમ જાણે કે...'** પાછો એનો એ જાણે. પાછો એમ નહિ કે બીજું કાંઈક થાય તો જાણે. એ એમ પોતે અવળું જાણે છે એ સવળું જાણે ત્યારે. **'જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે...'** જાણનાર-દેખનાર તે આત્મા. રાગાદિ જ્ઞાનમાં જણાય છતાં તે રૂપે તું થતો નથી. જ્ઞાનમાં શરીરાદિ જણાય છતાં જ્ઞાન તે રૂપે થતું નથી. શુભભાવ આદિ થાય તે જ્ઞાનમાં જણાય છતાં જ્ઞાન શુભભાવરૂપે થતું નથી. સમજાણું કાંઈ? **'આત્મા તો જ્ઞાતા જ છે અને કર્મ-નોકર્મ પુદ્ગલનાં જ છે...'** રાગાદિ ભાવ, શરીર, કર્મ એ બધા પુદ્ગલના છે, ચૈતન્યના

નથી. ચૈતન્ય તો એકલી ચૈતન્યજ્યોતિ સ્વરૂપે જ આત્મા છે. એ સિવાય રાગાદિ એ બધા ચૈતન્યના પ્રકાશથી પ્રકાશમાં ભિન્નપણે જણાય એવી ચીજ છે. એકપણે જણાય એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ?

**'કર્મ-નોકર્મ પુદ્‌ગલનાં જ છે ત્યારે તે પ્રતિબુદ્ધ થાય છે.'** ત્યારે તે જ્ઞાની થાય છે, ત્યારે તે સમ્યગ્દૃષ્ટિ થાય છે. એ વિના સમ્યગ્દૃષ્ટિ થતો નથી. કહો, હવે એ પુણ્ય પરિણામ કરતાં કરતાં સમ્યગ્દૃષ્ટિ થાય કે પુણ્ય પરિણામને ભેદ જાણીને આત્માનું જ્ઞાન કરે ત્યારે સમ્યગ્દૃષ્ટિ થાય? સમજાણું કાંઈ? જે એમાં નથી અને જેમાં આત્મા નથી એને કર્યે આત્માને સમ્યક્ થાય? જેમાં રાગ નથી અને રાગમાં આત્મા નથી. તો એ રાગ વડે આત્માને સમ્યગ્દર્શન પ્રતિબુદ્ધપણું થાય?

મુમુક્ષુ :- ન થાય.

ઉત્તર :- બસ, ખલાસ થઈ ગઈ વાત. રાગની મંદતા એ સમ્યગ્દર્શનનું કારણ છે એમ નથી.

મુમુક્ષુ :- દલીલ તો બહુ આવે છે.

ઉત્તર :- દલીલ તો આવે. લોકોની દલીલ વ્યવહારના લખાણ એટલા બધા.. એનું ફળ સંસાર. સમજાણું કાંઈ?

**'કર્મ-નોકર્મ પુદ્‌ગલનાં જ છે...'** પાછા પુદ્‌ગલનાં જ છે. હું તો એક જ્ઞાનસ્વરૂપે ચૈતન્યજ્યોત છું. આત્માનું તો જ્ઞાનસ્વરૂપ જ છે. એ ત્રિકાળી ચૈતન્યજ્યોત જ છે. પુણ્ય-પાપના ભાવરૂપે કોઈ દિ' ચૈતન્ય થયું નથી અને પુણ્ય-પાપ ચૈતન્યરૂપે થયા નથી. ચૈતન્ય પુણ્ય-પાપરૂપે થયો નથી, પુણ્ય-પાપ ચૈતન્યરૂપે થયા નથી. આહાહા..! **'જેમ અરીસામાં...'** એ દાખલો સવળાનો આપ્યો છે. **'અગ્નિની જ્વાળા દેખાય...'** અગ્નિની જ્વાળા દેખાય. **'ત્યાં એમ જણાય છે કે જ્વાળા તો અગ્નિમાં જ છે,...'** જ્વાળા કાંઈ અરીસામાં નથી.

મુમુક્ષુ :- .. બગડી નથી.

ઉત્તર :- બગડી નથી. અરીસાની સ્વચ્છતા જ છે એ. બગડે શું? ધૂળ. એ અરીસાની સ્વચ્છતા જણાય છે એ. બગડ્યું તો શું ધૂળ છે? ધોળું હોય તો સ્વચ્છતા અને આવું હોય તો અસ્વચ્છતા, એમ છે જ નહિ.

જ્ઞાનમાં રાગ જણાય માટે મેલ અને વીતરાગ જણાય અમેલ, એમ છે? જ્ઞાન તો રાગને પણ જાણે અને વીતરાગને પણ જાણે. સમજાણું કાંઈ? કેવું ઝીણું આમાં વૈદરાજજી! આહાહા..! કદી સાંભળ્યું નથી, વિચાર્યું નથી, મનન કર્યું નથી. ક્યાંથી ઘડ બેસે? આહાહા..! એ જ્વાળા શબ્દ રાખ્યો છે. ઓલો આકાર છે ને એટલે જ્વાળા રાખી. ઉષ્ણતા તો છે. ઓલો આકાર આમ દેખાય ને આમ-આમ. એ આકાર તો સ્વચ્છતા અરીસાની છે. ઓલો આકાર તો

ત્યાં છે જ્વાળાનો. જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી. અરીસામાં પેઠી નથી. અગ્નિની જ્વાળા આમ-આમ જે અરીસામાં દેખાય એ અગ્નિની જ્વાળા નથી પેઠી. ત્યાં હાથ અડાડો જોઈ. જ્વાળા આમ આમ દેખાય છે ને (ત્યાં હાથ અડાડો).

મુમુક્ષુ :- .. સ્વચ્છ છે.

ઉત્તર :- એ તો સ્વચ્છ છે. એ તો પોતાની અરીસાની સ્વચ્છતા દેખાય છે. ત્યાં ઉષ્ણતા છે? હાથ લગાવો હાથ. ત્યાં તો ઠંડી અવસ્થા છે. ઉષ્ણતા તો ત્યાં છે. જ્વાળા ત્યાં છે. આહાહા..! અફીણ-અફીણ સમજ્યા? અફીણનો ગોટો પડ્યો, અફીણ આટલું દસ શેર (હોય) તો શું અફીણ દેખાય છે અંદર? અફીણમાં તો કડવાશ છે. ત્યાં તો અરીસાની અવસ્થા છે. તો કિંમત બે આવે. દસ શેર અફીણ અહીંયા અને દસ શેર અફીણ અરીસામાં. બેય વેચો. અફીણ સમજ્યાને? અરીસામાં દેખાય, લ્યો! અરે..! સોનું. દાગીના ૨૫-૫૦ સામે પડ્યા હોય. અરીસામાં દેખાય. બેય વેચો. આ તો અરીસાની અવસ્થા છે. શું વેચે? ધૂળ. સોનું ક્યાં છે ત્યાં? સોનું તો અહીં છે. એમ જ્વાળા અગ્નિમાં છે, અરીસામાં નથી. અરીસામાં દેખાય એ અરીસાની સ્વચ્છતા છે. કહો, એ મેલું નથી. એય..! દેવાનુપ્રિયા! એ જ્વાળા આમ આમ દેખાય એ મેલું નથી, એ તો અરીસાની સ્વચ્છતા છે. અગ્નિ-બગ્નિ ક્યાં પેઠી છે અંદર? આહાહા..! કાંઈ ખબર ન મળે અને એમ ને એમ ચાલો ધર્મ કરો... ધર્મ કરો... ધર્મ કરો. એક તો ધર્મ કરનારા બિચારા નવરા નથી થતાં પણ કરનારા થાય તો આ કરો ને પુણ્ય કરો ને આ કરો.

‘**તે પ્રમાણે કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...**’ ભગવાન ચૈતન્યસૂર્ય એમાં રાગાદિ અંધકાર પેઠાં નથી. કર્મ-શરીરાદિ પેઠાં નથી. ‘**આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે...**’ લ્યો! આત્માની જ્ઞાનની નિર્મળતા એવી છે ‘**કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય;...**’ જેવો રાગ હોય એવું જણાય, શરીર હોય એવું જણાય. કર્મનો ઉદય હોય એમ જણાય., જણાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રતિબિંબ એટલે? અહીં ક્યાં પ્રતિબિંબ ગરી ગયું'તું?

‘**પોતાના આત્મામાં નથી પેઠાં; આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય;...**’ છે. જ્ઞેયનું પ્રતિબિંબ એટલે જ્ઞાનાકાર પરિણામ પોતાનો પોતામાં છે એ. એ જ્ઞેય સંબંધી જ્ઞાનાકાર પરિણામ પોતાનો પોતામાં છે. જ્ઞેય સંબંધી જ્ઞાનાકાર પરિણામ પોતાનો પોતામાં છે. એ જ્ઞેયને કારણે જ્ઞાનાકાર થયો છે એમ પણ નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! આ ઉપાદાન-નિમિત્તના વાંધા બધા. ‘**એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે-**’ જ્ઞાનમાં જણાય. સમજ્યા? અરીસો રાખ્યો હોય ને આમ અરીસો મોટો. આ નાગરવેલના પાનવાળા બહુ રાખે. સડક ઉપર જે જાય એમાં દેખાય બધું. મોટો અરીસો હોય છે ને?

નાગરવેલના પાનવાળા બહુ રાખે. બધું દેખાય. તો અંદર છે એ? એ ચીજ અંદર છે? એ તો રસ્તા ઉપર ચાલી જાય છે. એ તો બહારની ચીજ છે. અહીં તો અરીસાની અવસ્થા છે. એમ ચૈતન્યઅરીસો પડ્યો છે આ જગતના ભ્રમમાં પડેલો આમ. જેમ ઓલો નાગરવેલની દુકાને પડ્યો હોય, એમ આ જગતમાં પડ્યો છે અરીસો. આ બધી ચીજ રાગાદિ શરીર આદિ આવે જાય-આવે જાય એને જાણનાર છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.'** ત્યાં સુધી તે અજ્ઞાની રહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૯, શનિવાર, તા. ૨૨-૧૦-૧૯૬૬**
**ગાથા-૧૯. ૨૦થી ૨૨, શ્લોક-૨૧ પ્રવચન નં. ૮૨**

... (અગ્નિની) ઉષ્ણતા તો ત્યાં રહી. અહીં જે દેખાય છે એ તો અરીસાની સ્વચ્છતા દેખાય છે. ઈ મેલું નથી. એ અરીસાનો મેલ નથી. સમજાય છે કાંઈ? અરીસામાં લાલ દેખાય, આમ-આમ થતું દેખાય એ અરીસાની અવસ્થાનો મેલ નથી. એ અરીસાની સ્વચ્છતા જ છે. જેમાં અગ્નિની ઉષ્ણતા અને જ્વાળા પ્રતિબિંબ થાય છે એમ કહેવું પણ એ પોતાની જ અરીસાની સ્વચ્છતા છે.

એમ '**કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...**' જીવ-અજીવ અધિકાર છે ને. જડ કર્મ અને દયા-દાન, પુણ્ય-પાપના ભાવ એ આત્માના જ્ઞાન-અરીસામાં પેઠાં નથી. સમજાય છે કાંઈ? અરીસામાં જેમ અગ્નિ અને જ્વાળા એ બહાર છે. અગ્નિ અને જ્વાળાનું હોવાપણું અગ્નિમાં છે. અરીસામાં એની જ્વાળા અને ઉષ્ણતાનું હોવાપણું અહીંયાં નથી. એમ આત્મામાં કર્મ અને પુણ્ય-પાપના ભાવ એના અસ્તિત્વમાં છે. એ આત્માના જ્ઞાનપર્યાયમાં પેઠાં નથી. સમજાણું કાંઈ?

જીવનું અસ્તિત્વ-જીવ જે આત્મા એનો જ્ઞાનસ્વભાવ આનંદ એમ જ્યાં ભાન થયું તો પોતામાં હોવાપણે શુદ્ધ આત્મા, એના ગુણની નિર્મળ પર્યાય એના હોવાપણામાં છે. સમજાય છે કાંઈ? પણ કર્મ અને પુણ્ય-પાપના, દયા-દાન, વ્રત-ભક્તિના જે ભાવ દેખાય છે એ ભાવ ભાવમાં છે, અજીવમાં. એ અજીવમાં છે. જેમ અગ્નિની ઉષ્ણતા અને જ્વાળા અગ્નિમાં છે. એમ શુભ-અશુભભાવ એ અજીવભાવમાં છે. એ જીવભાવમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સ્વચ્છતા. કહીએ છીએ ને હજી દાખલો આપે છે. અરીસો અને અગ્નિ. બે દૃષ્ટાંત. અગ્નિની ઉષ્ણતા અને જ્વાળા આમ-આમ થાય છે એ એના હોવામાં થાય છે, અરીસાના હોવામાં નહિ. અરીસાના હોવામાં એ સંબંધીનું અહીં સ્વચ્છતાનું પોતાનું પરિણમન, પોતાના સ્વચ્છતાનું પરિણમન એ અરીસામાં જણાય છે. એ અરીસામાં છે. એ અરીસામાં છે. એ અગ્નિની ઉષ્ણતા અને જ્વાળા અહીં નથી. પણ અરીસાની સ્વચ્છતામાં જે લાલ આદિ જ્વાળાનો આકાર દેખાય એ તો અરીસાની સ્વચ્છતાની પર્યાય છે. સમજાણું કાંઈ?

એમ ધર્મી જીવને આત્મા ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ (છે) એમ ભાન થયું છે. તેથી એની દૃષ્ટિ રાગ ઉપર, કર્મ ઉપર હોતી નથી. પણ કર્મ અને રાગ કે પુણ્ય-પાપના ભાવ એ તેના અસ્તિમાં રહ્યા. આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા, અનુભવમાં જ્ઞાનપણે પરિણમતો એ જ્ઞાનની દશામાં રાગ ભાવકર્મ અને દ્રવ્યકર્મ અહીં જણાય છે, એ જ્ઞાનની પર્યાય જણાય

છે. અહીં જણાણું માટે જ્ઞાનપર્યાય મેલી થઈ છે, એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

**‘કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...’** કેમકે ચૈતન્ય સ્વરૂપ તો જ્ઞાનમૂર્તિ પ્રભુ છે, એમ જ્યાં પ્રતીત અને અનુભવમાં લીધો એવો જે જ્ઞાયકભાવ, એમાં પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના, કામ-ક્રોધના ભાવ એ આત્મામાં પર્યાયમાં પેઠાં નથી. પર્યાયમાં પેઠાં નથી, હોં! દ્રવ્ય-ગુણની તો વાત નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું થયું? પર્યાયમાં જ્ઞાન થયું છે. સ્વ-પરનું જ્ઞાન થયું છે. જે પ્રકારનો રાગ અને જે પ્રકારના કર્મ પ્રકાર કે શરીરની અવસ્થા (થાય) એ પ્રકારનું અહીંયાં સ્વના લક્ષે સ્વનું જ્ઞાન થતાં એ સંબંધીની જ્ઞાનપર્યાય સ્વચ્છતા રૂપે પરિણમી છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**‘કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...’** અહીં જીવ-અજીવનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને? બપોરે કર્તા-કર્મ સિદ્ધ કરવું છે. અત્યારે હોવાપણું. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એવું જ્યાં હોવાપણે અંતરમાં અનુભૂતિ આત્માનો સ્વાદ આવી અને આત્માનો અનુભવ થયો, ત્યાં તે જ્ઞાનમાં સ્વપ્રકાશક પર્યાય સાથે જે પ્રકારના વિકલ્પો ઊઠે છે, શરીરની અવસ્થા, કર્મનો ઉદય થાય છે એ પ્રકારનું પોતાનું જ્ઞાન, એ સંબંધી પોતાના પોતાને કારણે જ્ઞાનની સ્વચ્છતા રૂપે પરિણમે છે. એને જાણતાં જ્ઞાન મેલું નથી થતું. એને જાણતા તો જ્ઞાનનો પોતાનો પર્યાય પરિણમે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું. .. રામસ્વરૂપજી!

આ તો જીવ-અજીવ અસ્તિત્વ. જીવનું હોવાપણું અને અજીવનું હોવાપણું કેમ છે, એમ બતાવે છે. આત્માનું હોવાપણું અને અણાત્માનું હોવાપણું, એ હોવાપણું કેમ છે? એ પુણ્ય-પાપ આદિ અણાત્માનું હોવાપણું છે. કર્મ, શરીરનું અણાત્માનું અજીવનું હોવાપણું છે. અજીવ છે ને એ? અહીં જીવ ચૈતન્યજ્યોત જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ અનુભવ થયો તો એના હોવાપણામાં એ પોતાની સ્વ-પર પર્યાયનું સ્વચ્છતાનું પરિણમન એના હોવાપણામાં છે. પણ રાગ, ભાવકર્મ અને દ્રવ્યકર્મ એની પર્યાયના હોવાપણામાં નથી. સમજાણું કાંઈ? અરે..! ભારે વાત!

**‘આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય;...’** પ્રતિબિંબ દેખાય એટલે? જેવા રાગાદિ વિકલ્પ પુણ્ય-પાપનું દેહાદિ હોય એવું અહીં જ્ઞાન થાય. **‘એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે...’** આત્માના જ્ઞાનસ્વભાવમાં પુણ્ય-પાપના ભાવ અને વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ શરીરાદિ જ્ઞેય છે. જ્ઞેય છે, જ્ઞાન નથી. આત્મા નથી એ.

મુમુક્ષુ :- અજીવ છે?

ઉત્તર :- હા, અજીવ છે. કીધું ને જીવ સામે એ અજીવ છે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર મોક્ષમાર્ગ?

ઉત્તર :- વ્યવહાર મોક્ષમાર્ગ અણાત્મા છે, અજીવ છે.

મુમુક્ષુ :- કઠણ પડે.

ઉત્તર :- કઠણ પડે તો કરો નક્કી. જ્ઞાનચંદજી!

અહીંયાં તો જીવ-અજીવ અધિકાર છે. નામ શું છે માથે? જીવ-અજીવ અધિકાર. તો જીવ-અજીવ અધિકારમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાના સ્વરૂપને જાણે અને રાગાદિ વ્યવહાર વિકલ્પને જાણવાના અસ્તિત્વરૂપે પરિણમે. પણ એ જ્ઞેયરૂપે પરિણમે એવું એના સ્વરૂપમાં છે નહિ. અજ્ઞાનીને એમ છે. પણ અજ્ઞાની માને છે કે હું રાગરૂપે પરિણમું છું, રાગરૂપે થાવ છું, વિકારરૂપે થઈ ગયો. એવી એની માન્યતામાં ગરી ગઈ છે વાત. સમજાણું કાંઈ? પોતાના હોવાપણાનો શુદ્ધભાવ અસ્તિત્વ, મોજૂદગી દૃષ્ટિમાં લીધી નથી. એથી અજ્ઞાનીને પોતાના હોવાપણા તરફનું લક્ષ નથી. એથી એને હોવાપણાનો જે પુણ્ય-પાપ અને શરીરાદિ બાહ્ય લક્ષની જે થયેલી વસ્તુ કે બાહ્ય વસ્તુ, બાહ્ય લક્ષે થયેલી બાહ્ય વસ્તુ, એમાં હું છું એમ માને છે. એ માને છે. એમ થઈ ગયો નથી. કાંઈ જ્ઞાયકસ્વરૂપ રાગરૂપ થઈ જાય કે શરીરરૂપ થઈ જાય, એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞેય પોતાનું જ છે. પ્રતિબિંબ તો નિમિત્તની વાત કરી. એ તો એ સંબંધી પોતાનું જ્ઞાન, આત્મા સંબંધી પોતાનું જ્ઞાન. બેની સ્વચ્છતાનું પરિણમન તે આત્માની પર્યાયમાં છે. ઠીક! દલાલ છે ને. આહાહા..!

ભાઈ! એ ચૈતન્યજ્યોત પ્રભુ જ્ઞાનમૂર્તિ છે. એ ચૈતન્યના નૂરનું પૂર છે. એમાં રાગ સંબંધીનું પોતાનું તે કાળે, પોતાને કારણે પોતાના સંબંધમાં, પોતાના કર્તા-કર્મથી થયેલો જ્ઞાનપર્યાય છે. એ રાગ છે માટે કર્તા અને જ્ઞાનપર્યાય કર્મ, એમ છે નહિ. અથવા રાગની હયાતી છે.... અહી આપણે કર્તા-કર્મ રહેવા દઈએ. ત્યાં રાગ છે માટે અહીં જ્ઞાનનું પરિણમન થયું-અસ્તિ, એમ નથી. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો જીવ-અજીવ અધિકાર અને કર્તા-કર્મ આદિ મુખ્ય વસ્તુ છે. કહો, સમજાય છે?

કહે છે કે '**તે પ્રમાણે કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...**' એ વિકારના પરિણામ અને કર્મના ભાવ ચૈતન્યજ્યોત પ્રભુ, જ્ઞાયકભાવના હોવાપણામાં એનું હોવાપણું આવતું નથી. સમજાણું આમાં? આ ગુજરાતી કાંઈ બહુ એવું નથી. જરી જરી સમજાય એવું છે. કેમ ધર્મચંદજી! ધર્મચંદ તો અહીં બહુ રહે છે. હમણાં ખુબ રહી આવ્યા. આત્માની જ્ઞાનસ્વચ્છતા એવી છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે. એ પ્રતિભાસે છે. ચૈતન્યના પોતાના સ્વભાવના હોવાપણાના ભાન કાળમાં, ચૈતન્યના શુદ્ધ ને જ્ઞાયકભાવના હોવાપણાના ભાવમાં રાગ ને કર્મ સંબંધીનું પોતાનું જે સ્વપરપ્રકાશક જ્ઞાન, એની સ્વચ્છતા એ પ્રતિભાસે છે. ખરેખર સ્વચ્છતા પ્રતિભાસે છે. એ (પર) પ્રતિભાસે છે એમ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

**'એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ...'** એવો ભેદજ્ઞાનરૂપ એટલે? એ પુણ્ય-પાપના રાગ અને દેહાદિની કર્મની ક્રિયા એનાથી ભગવાન જ્ઞાનમૂર્તિ ભિન્ન છે. પરના હોવાપણામાં આત્મા નથી અને આત્માના હોવાપણામાં એ પુણ્ય અને વ્યવહાર રત્નત્રયનો રાગ નથી. **'એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ...'** એવો રાગથી ભિન્નરૂપ આત્માનો અનુભવ, આત્માનો સ્વાદ, આત્માની અનુભૂતિ. સમજાણું? એટલે કે જ્યારે રાગ અને પુણ્યમાં એકત્વ હતું ત્યારે તેનો સ્વાદ આકુળતા અને દુઃખરૂપ આવતો. પુણ્ય-પાપના વિકલ્પો જે પર છે તેમાં એકત્વબુદ્ધિમાં એનો સ્વાદ આકુળતા અને દુઃખરૂપ હતો. એ વાસ્તવિક આત્માનો સ્વભાવ અને સ્વાદ નહિ. પણ જ્યારે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એનાથી પણ આત્મા આત્માનું હોવાપણું તેના અસ્તિત્વમાં આત્મા નથી. રાગના અસ્તિત્વમાં આત્મા નથી. આત્મા જ્ઞાયકસ્વરૂપના હોવાપણામાં ભગવાન બિરાજે છે એમ જ્યારે ભેદજ્ઞાન થયું, ત્યારે ભેદજ્ઞાનરૂપ અનુભવ, ત્યારે અનુભવમાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો. સમજાય છે કે નહિ? સોહનલાલજી! આ સમજાય છે? આ બધી વાત ક્યાંય નથી. સાંભળી છે કે નહિ તમે તો? તેરાપંથીના સાધુ હતા એ. સાધુ હતા, પછી છોડી દીધું. તેરાપંથી છે ને? તુલસી. એમાં સાધુ હતા. .. આવ્યા હતા. છોડી દીધું બધું. બહુ ગડબડ છે ત્યાં. અત્યારે મુંબઈ આવ્યા. દુકાને વેપાર-ધંધો કરે. સમજાણું કાંઈ?

આ વાત કે પર તરફના દયાનો ભાવ, મહાવ્રતનો ભાવ, ઉપદેશનો ભાવ. સમજ્યા? સોહનલાલજી! એ શું છે? બધો રાગ. એ રાગ રાગમાં હોવાપણે છે. એનો અર્થ, રાગ અજીવપણામાં હોવાપણે છે. એટલે કે રાગમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે માટે તે અજીવપણે છે. ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશના નૂરમાં સ્વપર પ્રકાશની સ્વચ્છતામાં તે પ્રકારનું પ્રતિબિંબ રાગનું જ્ઞાન થાય, એ પોતાથી થાય છે, હોં! રાગથી નહિ. એવા જ્ઞાનમાં એ જણાય તેથી કાંઈ જ્ઞાન મેલું થઈ ગયું છે, એમ છે નહિ. સમજાણું કાંઈ?

અરીસામાં વિષ્ટા જણાય તેથી ત્યાં અરીસા વિષ્ટાપણાની પર્યાયપણે દુર્ગંધપણે થઈ છે? અરીસામાં અગ્નિની ઉષ્ણતા જણાય એ અગ્નિની ઉષ્ણતા નથી, એ તો અરીસાની સ્વચ્છતા છે. કારણ કે ત્યાં હાથ અડાડો તો ત્યાં કાંઈ ઊનું છે નહિ. ત્યાં ક્યાં અગ્નિ હતી તો ઊની હોય? એમ ભગવાન આત્મા ચૈતન્યજ્યોત રૂપી અરીસો એમાં પુણ્ય-પાપના રાગ અને દેહાદિની ક્રિયા એ પર તરીકે, જ્ઞેય તરીકે અહીંયાં પેઠાં નથી. પણ જ્ઞેય તરીકે પોતાના અસ્તિત્વમાં તે બીજા છે, એમ જણાય છે. સમજાણું કાંઈ?

**'એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ...'** દેખો! એ રાગ અને પુણ્યથી વિકલ્પથી જુદો ભગવાન... હજી તો આત્મા આને કહીએ. આને આત્મા કહીએ. આત્માને રાગવાળો અને પુણ્યવાળો માને એ આત્મા નથી. એ તો આસ્રવતત્ત્વ છે. પુણ્ય-પાપના પરિણામ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવ તો એ લોકો જીવ કહે છે. એય..! કહે છે કે નહિ તમારે? આસ્રવ જીવ છે કે

અજીવ? જીવ. ભેદ છે કે અભેદ? આસ્રવ આત્મા સાથે ભેદ છે કે અભેદ? શું કહે? જો ભેદ કહે તો એની માન્યતા નથી, અભેદ કહે તો આસ્રવ સિદ્ધમાં નથી.

મુમુક્ષુ :- પરિણામ..

ઉત્તર :- પરિણામ બરાબર છે. પણ ભેદ છે કે અભેદ? વ્યવહારથી અભેદ, નિશ્ચયથી ભેદ. એમ હોવું જોઈએ ને? એ વાત છે નહિ. ..માં નથી પહેલેથી. પંથ ત્યાંથી નીકળ્યો છે ને. ત્યારથી એ નથી. કારણ કે શાસ્ત્રમાં એમ આવે કે જીવના પરિણામ છે ને એ? પણ પરિણામ વિકાર છે. વિકાર પરિણામ આત્માની સાથે તાદાત્મ્ય સંબંધ છે કે અનિત્ય તાદાત્મ્ય સંબંધ છે? નિત્ય તાદાત્મ્ય સંબંધ છે કે અનિત્ય તાદાત્મ્ય સંબંધ છે? અનિત્ય તાદાત્મ્ય. ખલાસ થઈ ગયું. એ પરિણામ નિત્ય તાદાત્મ્ય (નથી). જ્ઞાનાનંદ જેમ નિત્યાનંદ છે એમ રાગનો નિત્યાનંદ સ્વભાવ એનો નથી. એ તો વ્યવહારથી તાદાત્મ્ય છે. નિશ્ચયથી છે નહિ. એમ વાત છે. પર્યાયમાં એમ છે. આહાહા..! સમજાય છે?

**'એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય...'** ગુરુએ કહ્યું કે જો આ આત્મા આમ છે. ત્યારે એ પોતે અનુભવ કરે રાગથી ભિન્ન પડીને તો અનુભવ થાય. **'ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.'** શિષ્યનો પ્રશ્ન હતો ને? કે ક્યારે આ પ્રતિબુદ્ધ થાય? આ રીતે પ્રતિબુદ્ધ થાય. આ રીતે પ્રતિબુદ્ધ થાય.

**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-**
**चलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।**
**प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-**
**र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।**

**'શ્લોકાર્થ :- જે કોઈ આત્માઓ...'** પુરુષો એટલે આત્માઓ લઈએ છીએ અહીં. **'પોતાથી...'** પોતાના આનંદ જ્ઞાયક સ્વરૂપને પોતાથી જાણે **'અથવા પરના ઉપદેશથી...'** ઉપદેશ સાંભળ્યો અને પછી પોતાનું ભેદજ્ઞાન કરે. **'કોઈ પણ પ્રકારે...'** કોઈ પણ પ્રકારે મહાન સ્વભાવ સન્મુખના પુરુષાર્થ દ્વારા **'ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી અવિચળ પોતાના આત્માની અનુભૂતિને પામે છે,...'** શું કહે છે? **'જે કોઈ આત્માઓ પોતાથી જ...'** પોતાથી એટલે સમજ્યા ને? તમારે આવે છે ને શું? અપને સે. એ શબ્દ થોડો ફેર. **'અથવા પરના ઉપદેશથી કોઈ પણ પ્રકારે...'** એટલે મહાન પુરુષાર્થથી **'ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે...'** શું કહે છે? ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિ કારણ છે. કોનું? કે **'અવિચળ પોતાના આત્માની અનુભૂતિને પામે છે,...'** (તેનું). સમજાણું કાંઈ?

**'કોઈ પણ પ્રકારે ભેદવિજ્ઞાન...'** એટલે કે રાગ, કર્મ, શરીર એનાથી ભેદ નામ જુદો ભગવાન, એવું જેનું મૂળ-ભેદ જુદું પાડવું જેનું મૂળ ઉત્પત્તિ કારણ છે. અનુભૂતિની ઉત્પત્તિ

ભેદવિજ્ઞાનથી થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? પુણ્યના ભાવ, શુભરાગ કે કર્મ કે દેહ એનાથી ભેદ પાડવો-જુદું પાડવું-એવું ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ. જેનું મૂળ ઉત્પત્તિકારણ કોનું? **'એવી અચળ પોતાના આત્માની અનુભૂતિ...'** પ્રથમ વાત છે, હોં! હજી તો આ. સમ્યગ્દર્શનના કાળની વાત છે.

અહીં તો .. કેમ લીધું? કોઈ કહે કે પણ ઓલો વ્યવહાર છે ને રાગ? રાગ મંદ પડે છે ને. એ કાંઈ કારણ થાય છે કે નહિ? તો કહે, ના. એનાથી જુદું પડવું જેનું કારણ એવી અનુભૂતિ. સમજાણું કાંઈ? કેમ કે રાગની મંદતા એ અજીવભાવ છે, અજીવભાવ છે. ભગવાન આત્મા જ્ઞાયકભાવ ચૈતન્ય ઉપયોગી અહીં કહેશે હમણા. **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं'** ભગવાન આત્મા તો જ્ઞાનની જ્યોતસ્વરૂપ પ્રભુ ચૈતન્યજ્યોત આનંદમૂર્તિ છે. એવા આત્માને રાગથી, વિકલ્પથી (જુદો પાડે). કહે છે ને માણસો? કે ભાઈ! આ રાગ પહેલો હોય. પણ પહેલો એટલે શું? મોહનભાઈ! શું કહ્યું? પહેલો જોઈએ રાગ, વ્યવહાર જોઈએ. પણ વ્યવહાર એટલે શું? એ કહે છે કે જેનું ભેદજ્ઞાન મૂળ ઉત્પત્તિકારણ એવી અનુભૂતિ. આહાહા..! વિજયકુમારજી! સમજાય છે કે નહિ? રાત્રે પ્રશ્ન કરતા હતા ભાઈ. આહાહા..!

અહીં તો જે વસ્તુ છે એ દુઃખરૂપ વિકૃત હોઈ શકે જ નહિ. સાધારણ નિયમમાં પદાર્થ સ્વતઃ સ્વભાવ કાયમની અસલી શક્તિ ને અસલ સત્ત્વનું સત્ત્વ, એ વિકાર અને દુઃખરૂપ હોઈ શકે જ નહિ. એ તો સાધારણ નિયમ એનો છે. એવો જે ભગવાન આત્મા એકલો જ્ઞાનના સત્‌વાળું સત્ત્વ અને આનંદરૂપી જેનું સત્ત્વ, શુદ્ધ જેનું સત્‌નું સત્ત્વ. ભાવ લેવો છે ને અહીંયાં. એવા સત્ત્વને, એને અહીંયાં જીવ કહેવામાં આવે છે. એ જીવની અનુભૂતિ એ રાગના પુણ્યના વિકલ્પની, ચાહે તે કષાયની મંદતા હો પણ એ અજીવ લક્ષે ઉત્પન્ન થયેલો, અજીવના હોવાપણાનો ભાવ છે. જીવના હોવાપણાનો વાસ્તવિક એ ભાવ નથી. તેથી ભગવાન આત્મા જ્ઞાયકજ્યોત તરફ ઢળતાં, એ રાગથી ભેદ પાડતાં-(સ્વ તરફ) ઢળતાં એની ઉત્પત્તિનું કારણ, અનુભૂતિનું આ કારણ થાય છે. આહાહા..! રાગથી જુદું પાડવાનું, અનુભૂતિની ઉત્પત્તિ એમાંથી થાય છે. રાગથી ભેદ પાડવાની કળાથી અનુભૂતિની ઉત્પત્તિ થાય છે. હવે આ વાત છે. ફરીને કહીએ આપણે એમાં શું?

અહીંયાં તો જીવ-અજીવની વ્યાખ્યા છે ને. તો ભગવાન આત્મા ચૈતન્યના નૂરનો પૂર પ્રભુ આત્મા છે. એકલું પૂર.. પૂર.. પ્રવાહ ભર્યો છે આખો. એવા ચૈતન્યના પ્રકાશનું પૂર પ્રભુ, એમાં પુણ્ય અને પાપના ભાવ પેઠાં નથી. એથી એની અનુભૂતિમાં પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પાડવાની (કળા) જેનું ઉત્પત્તિકારણ એવી અનુભૂતિ. સમજાણું કાંઈ? આ તો ઓલા કહે કે પહેલો વ્યવહાર હોય તો આ થાય. પણ પ્રભુ! વ્યવહાર કહેવો કોને? વ્યવહાર એટલે અજીવ. વ્યવહાર એટલે અજીવ. એ અજીવ હોય તો જીવ થાય. એનો અર્થ શું? એય..!

આટલું બધું હા? એય..! સેઠી! આ શેઠીયાને બોલાવ્યા, પેલું પંડિતને કીધું. વ્યવહાર રાગ મંદ હોય એ અજીવ કીધો છે. કેમકે એમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. અજીવ હોય તો જીવ હોય. એનો અર્થ શું?

મુમુક્ષુ :- અજીવ જગતમાં હોય તો જીવ હોય.

ઉત્તર :- એમ છે જ નહિ. જીવ છે તો જીવ છે. અજીવ છે તો અજીવ છે. પોતપોતાને કારણે સૌ છે. કોઈને કારણે કોઈ હોય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...વ્યવહારનો નંબર ગયો.

ઉત્તર :- નંબર ક્યાં ઉતરી ગયો? એનામાં નંબર પહેલો રહ્યો. એ અજીવભાવ રૂપે અજીવભાવ બરાબર રહ્યો. જીવ ભાવમાં એ પેઠો નથી. પણ અજીવમાં અજીવપણે બરાબર રહ્યો. આહાહા..! ભારે વાત!

ચૈતન્ય સ્વભાવ અનાદિઅનંત જ્ઞાયકમૂર્તિ જ્યોત એ જીવ. એ જીવને રાગાદિથી ભેદજ્ઞાન જે ઉત્પત્તિનું મૂળ છે એવી અનુભૂતિ, અચળ અનુભૂતિ આત્માની ત્યારે પામે છે. સમજાણું કાંઈ? શુભરાગ ખરેખર દુઃખરૂપ છે. દુઃખરૂપ છે એ જીવસ્વભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એથી એને અજીવભાવ ગણીને જ્ઞાયકભાવના ભાન કાળમાં એ દુઃખના પરિણામનું જ્ઞાન પોતામાં થાય તે જ્ઞાનની સ્વચ્છતા પોતાની છે. એક એને જાણતાં જ્ઞાન પોતાનું થયું એનું, એથી જ્ઞાન મલિન થયું એમ નથી. સમજાય છે કાંઈ?

અરીસામાં... અહીં વિષ્ટા પડી હોય બહાર. વિષ્ટામાં વિષ્ટા છે. અરીસામાં છે? અરીસાની સ્વચ્છતાની પર્યાય છે. ભલે અહીં ગંધ મારતી હોય મહાવિષ્ટા. એક બોકડો મરી ગયેલો ઈયળું પડી હોય આમ. બોકડો. ત્યાં ગંધ છે? એ તો અરીસાની સ્વચ્છતાના અસ્તિત્વમાં અરીસો જણાય છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન ચૈતન્યઅરીસામાં, જ્ઞાનસ્વરૂપ અરીસો એમાં રાગાદિ દુર્ગંધ વસ્તુ, દુઃખરૂપ મેલ છે. દયા, દાન, વ્રત, ભક્તિ વિકલ્પ એ મેલ દુઃખરૂપ વિકાર દુઃખરૂપ છે. એનું અહીં જ્ઞાન થતાં જ્ઞાન મલિન થતું નથી. કેમકે જ્ઞાન દુઃખરૂપ થતું નથી. દુઃખનું જે જ્ઞાન છે એ તો પોતાનું જ્ઞાન છે, એમાં પરિણમેલું જ્ઞાન છે. આહાહા..! આવી સીધી ચૈતન્યમૂર્તિ પ્રભુ, મહાન અસ્તિત્વમાં બિરાજમાન, એનો એને ભરોસો આવતો નથી. એને અહીંથી થાશે... અહીંથી થાશે... અહીંથી થાશે... એ ક્યાંય નવરો થાતો નથી. બીજેથી થાશે એના પોતામાં આવવાને. સમજાણું કાંઈ?

અહીં તો શાસ્ત્ર સંબંધીનું જ્ઞાન, રાગની મંદતા સંબંધીની ક્રિયા એ બધી પરલક્ષી ખરેખર તો એ બધો ભાવ જીવ સ્વભાવને એનાથી મદદ નથી. એનું ભેદ કરવું એવું જે ભેદવિજ્ઞાન, વિજ્ઞાન '**જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી અવિચળ પોતાના આત્માની અનુભૂતિ...**' આહાહા..! પરના લક્ષવાળું જ્ઞાન અને પરના લક્ષવાળા રાગની મંદ ક્રિયા એ બધો જીવનો વાસ્તવિક સ્વભાવ નથી. આહાહા..! એ ચૈતન્યજ્યોતની બલિહારી છે પણ એને બેસે નહિ.

આ રખડ્યા રખડ... રખડ્યા રખડ... અહીંથી થાશે ને અહીંથી... કો'કને સમજાવી દઉં, કો'કને આમ કરી દઉં, બીજા પાસેથી લઈ લઉં, આમ કરું, દાન કરાવું બીજા પાસે, ખુબ કરાવું તો પછી મને લાભ (થાય). ધૂળમાંય નથી સાંભળને હવે. મરી જાઈશ માથા પીટીને. કરોડો રૂપિયા અહીં ખર્ચાવી દઉં, મંદિર અહીં કરાવી દઉં, ઓલી પાસે આ જાત્રા કરાવી લઉં, અહીં કરાવી લઉં, આટલા પુસ્તક બનાવી દઉં તો કાંઈક અંદર (લાભ થાશે).

મુમુક્ષુ :- દસમો ભાગ આવે.

ઉત્તર :- ધૂળમાંય ભાગ આવતો નથી. એનાથી લાભ માને એ મિથ્યાત્વનો ભાગ આવે છે.

મુમુક્ષુ :- દલાલી થાય ને.

ઉત્તર :- મિથ્યાત્વની દલાલી છે. એની દલાલીમાં કોણ રહે? ઓલો રાજી થાય અને પોતે થાય એમ?

એક જ વાત. ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ. ઉપયોગ કહેશે પછીની ગાથામાં. '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' ભગવાન સર્વજ્ઞે તો ઉપયોગમય ચૈતન્યને જોયો છે. અને તું આ રાગ ને આનાથી થાશે... આનાથી થાશે... ક્યાં મંડ્યો તું આ? આહાહા..! 'સમયસાર'ની રચના તે કોઈ રચના! ગજબ! કહો, સમજાણું કાંઈ? આહાહા..! અને તે પણ સાદી ભાષાથી. એમાં કાંઈ બહુ વ્યાકરણ ને સંસ્કૃત ભણ્યો હોય તો જ આ જણાય એવું કાંઈ નથી. ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે કે નહિ? એ ચૈતન્ય તો ઉપયોગ દર્શન-જ્ઞાનમય સ્વરૂપ છે. તો એ ભગવાન આત્મામાં રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિ એ રાગ એમાં ક્યાંથી આવ્યો? જો એનો હોય તો નીકળી કેમ જાય? સિદ્ધ થતાં રહેતો નથી. માટે એનો નથી. માટે એનાથી લાભ થતો નથી.

મુમુક્ષુ :- .. ભેગો રહે છે.

ઉત્તર :- જરીયે ભેગો નથી. માને છે. ભેગો હતો કે દિ'? ભિન્ન-ભિન્ન-ભિન્ન રાગ થાય પણ ત્રિકાળ આમ રહે છે? ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા રહે છે. છતાં રાગ કૃત્રિમ નવો નવો થાય છતાં હું એવો છું, હું એવો છું એમ માને છે. ભ્રમ છે, ભ્રમ. આહાહા..! સમજાણું?

ન્યાયથી, લોજીકથી, વસ્તુસ્થિતિથી કાંઈ એને સમજવું પડશે કે નહિ? એમ ને એમ માની બેસે એમ ન ચાલે. સમજાય છે કાંઈ? એના ભાવમાં ભાસન થવું જોઈએ ને કે આ.. આ.. આ.. આ શું છે. સમજાણું કાંઈ? ભાવમાં ભાસન થયા વિના માન્યું, એ માન્યું છે જ નહિ. એ માન્યતા જ શેની પણ? ભાસન વિના... એ તો આવી ગયું આપણે. જાણ્યા વિના શ્રદ્ધા કોની? સસલાના શીંગડાની છે. ખરગોશ-સસલાના શીંગડા.

હોવાપણે ચૈતન્ય જે જ્ઞાનસ્વરૂપે છે, આનંદસ્વરૂપે છે એને અહીંયાં રાગાદિ સ્વરૂપે છે જ નહિ. તો જે સ્વરૂપે નથી તે સ્વરૂપથી આત્માને લાભ થાય? જે સ્વરૂપે છે તે સ્વરૂપે આત્માથી લાભ થાય. સમજાણું કાંઈ? મોટી આટી નાખી દીધી. લોકોને એટલી નાખી દીધી

છે એ બિચારો ઊંચો આવે નહિ. આમ કરશું... આમ કરશું.. આમ કર્યું.. ફલાણું કરી દીધું, આટલા માણસોનું કરી દીધું. લાખો માણસને સમજાવ્યા. આ બધા હતા બિચારા ફલાણી જાત આવી હતી, ધર્મ વિનાના. મેં એને સમજાવ્યા. કાંઈ લાભ મળે? ધૂળેય નહિ, સાંભળને હવે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પ આવે એ પુણ્યબંધ છે. માને છે કે બીજાને ધર્મ પમાડ્યો. શું ધર્મ પમાડે? તું જ પામ્યો નથી ત્યાં પમાડવામાં નિમિત્ત ક્યાંથી થયો? બીજાને લાભ થાય તો મને લાભ થશે એમ તો માને છે. એની પર્યાયમાં લાભ થાય તો મને થોડો લાભ તો મળશે ને. પ્રવચન પ્રભાવનાનો લાભ (મળશે). પ્રભાવનાની વ્યાખ્યા કર તું. તારામાં વિકલ્પ આવ્યો શુભરાગ, બસ! એટલી મર્યાદા. એ પુણ્યબંધનું કારણ છે. હવે બીજા સમજે, ન સમજે, એનાથી લાભ-અલાભ છે એ તો ત્રણ કાળમાં છે નહિ. પણ એમાં ને એમાં ઘૂંચીને, એમાં ને એમાં માની રહ્યો છે કે આપણે કલ્યાણ કરીએ છીએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આટલી બધી નિશ્ચયની વાત .. પ્રભાવના...

ઉત્તર :- કોણ પ્રભાવના કરતો હતો? એય..! અમારા કહે છે કે આટલી બધી જો નિશ્ચયની વાતું કરશો તો પછી આ કોઈ પ્રભાવના કરશે નહિ. ભાવ એને આવશે પણ એને પોતાનો માનશે નહિ. ત્યારે એને વ્યવહાર પ્રભાવના કહેવામાં આવે. નહિ માને પોતાનું ત્યારે નિશ્ચય થયો. ત્યારે ઓલો રાગ વ્યવહાર પ્રભાવનાનું પુણ્યબંધનું કારણ છે. આહાહા..! એણે પણ ભૂલ એવી ખાધી છે ને. ક્યાંક... ક્યાંક... ક્યાંક.. છલ-છલ કાઢીને ઊભો રહ્યો છે.

અહીં વ્યાખ્યા કેમ થાય છે આ? '**કોઈપણ પ્રકારે ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે...**' સમજાણું કાંઈ? એવા બધા વિકલ્પો, એ વાણી કે બીજા સમજે, ન સમજે એ બધાથી આત્મા ભિન્ન (છે) એવું ભેદવિજ્ઞાન. આહાહા..!

મુમુક્ષુ :- ઉઘાડું સત્ છે.

ઉત્તર :- ઉઘાડું સત્ છે. નાગુ સત્ છે. ઉઘાડું સત્ એવું જ હોય. આ તો નાગા બાવા બાદશાહ છે મુનિ. નગ્ન સત્ય, વસ્તુ સત્ય છે આ. સમજી લે એ રીતે, નહિતર તારા આરા નહિ આવે એમ કહે છે. બાકી મરી જા તું ક્રિયાકાંડ કરીને, સૂકાઈને બાયડી-છોકરા છોડ્યા છે ને અપવાસ કર્યા છે. લાંઘણું કરી છે.

ભગવાન આત્મા એકલું ચૈતન્યનું દળ, એવા હોવાપણાનું જ્યાં ભાન થયું, ત્યાં તેને અનુભૂતિ થઈ. એ અનુભૂતિનું મૂળ ઉત્પત્તિનું કારણ કોણ? એ અનુભૂતિ, આનંદનો અનુભવ, તેની ઉત્પત્તિનું મૂળ કારણ કોણ? દયા, દાન આદિ વિકલ્પથી ભિન્ન પડીને ભેદવિજ્ઞાન જેની ઉત્પત્તિનું કારણ એવી અનુભૂતિ. કહો, વજુભાઈ! છે એમાં? છે કે નહિ એમાં? મોટા પથરા ઘણા ખડકાવ્યા છે એણે. મોટા ઈજનેર હતા ને. એના ગામમાં રાજમાં ઈજનેર હતા. રાજા

પણ એનાથી વધારે માથાફોડીયો હતો. મોટા દસ-દસ લાખના મકાન કરે. એ પોતે હોંશિયાર હતો. આ એના ઈજનેર હતા. સેઠી! ૭૫૦ નો પગાર મળતો તે દિ', હોં! પાંચ-છ વર્ષ પહેલા. આપણા પંડિતજીના ભાઈ આ વજુભાઈ. એના દીકરાની દીકરી.. છોડી દીધું. પછી અવસ્થા થઈ એટલે છોડી દીધું. ૫૫ વર્ષ થયા એટલે છોડે ને, શું કરે પછી? કહો, સમજાણું આમાં? એ સરકાર આપતા હતા હોં! ૭૫૦નું છોડ્યું તો ૧૨૦૦ પગાર આપતા હતા. માસિક ૧૨૦૦. પછી ૫૫ થયા. પાતળું શરીર પછી ક્યાં સુધી ખેંચવું? કહો, સમજાણું આમાં? વાત તો સાચી છે કે નહિ?

અહીં તો કહે છે, બાપા! એ રાગની મજુરી છોડને, ભાઈ! બહારની તો કોણ કરે છે? કેવી ભાષા વાપરી છે, જુઓને! **'કોઈ પણ પ્રકારે ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિ કારણ છે...'** કોનું? અચળ પોતાના આત્માની અનુભૂતિ એનું મૂળ. આ ભેદ પાડતા જે ઉત્પત્તિ થાય અનુભૂતિ, તેને તે આત્મા પામે છે. એમ વાત છે. બરાબર છે? રામસ્વરૂપજી! પહેલાં એની કળા, એની રીત પણ ખ્યાલમાં ન લે, એની ઉત્પત્તિ કેમ (થાય) એને? આહાહા..!

**'તે જ પુરુષો દર્પણની જેમ પોતામાં પ્રતિબિંબિત થયેલા...'** ભાષા જુઓ! **'દર્પણની જેમ પોતામાં પ્રતિબિંબિત થયેલા...'** કોણ પ્રતિબિંબિત થયેલા? **'અનંત ભાવો...'** રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, વિકલ્પ, શરીર, વાણી, મનની ક્રિયા બધા પરદ્રવ્યના અસ્તિત્વની પર્યાય, **'અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકારરહિત હોય છે,...'** અર્થાત્ તેનું જ્ઞાન કરવા છતાં તે વિકારવાળી થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'દર્પણની જેમ પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત...'** દર્પણમાં પ્રતિબિંબિત થયેલા ભાવ-સ્વચ્છતા અરીસાની (છે) તેથી તે અરીસો મેલો છે એમ નથી. એમ ભગવાન ચૈતન્યઅરીસો તે તે કાળે, તે તે પ્રકારના રાગ-દ્વેષ વિકલ્પ ને ક્રોધાદિ, શરીરાદિની અવસ્થાને જાણતું જ્ઞાન, એ જ્ઞાનમાં પ્રતિબિંબ જ્ઞેયોનો ભાવ પોતાના જ્ઞાનરૂપે પરિણમવું પોતાના સ્વભાવથી એવો જ્ઞાનનો સ્વભાવ છે. એથી તે વિકારરૂપ થતી નથી. એ જ્ઞાનજ્યોતિ કાંઈ વિકારરૂપ થતી નથી. અરીસામાં વિષ્ટા દેખાય છે કાંઈ વિષ્ટારૂપ થયો નથી. છે? આમ કેરી હોય પચાસ-સો. ઊંચી-ઊંચી કેરી આમ પડી હોય. અરીસામાં જણાય. એ કેરી છે? અરીસાની સ્વચ્છતા છે. આહાહા..! કેરી જણાવાથી અરીસો મેલો નથી થયો. કોયલા જણાવાથી કોલસા-કોલસા પચ્ચીસ મણ આમ દસ મણ (દેખાય તો) એ અરીસો મેલો નથી થયો. એમ આત્મા-અરીસો પુણ્ય-પાપના મેલરૂપી કોલસાને જાણતું જ્ઞાન મેલરૂપે નથી થયો. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની કથનની પદ્ધતિ તે .. ફડાક. એમાં નિર્દય રીતે આવ્યું હતું કે નહિ? આહાહા..!

ભાઈ! એક વાત તો બરાબર પાકી તો કર. પાકી તો કર કે જે પાકી થયેલી કોઈ દિ' મોળી પડે નહિ. ભગવાન આત્મા એની એને પ્રાપ્તિ કરવી હોય એટલે આનંદની પ્રાપ્તિ કરવી હોય, એટલે કે સુખી થવું હોય, સ્વતંત્ર સ્વતંત્રપણે પોતાથી આનંદની પ્રાપ્તિ થાય

એવું થવું હોય તો એણે રાગાદિથી ભેદજ્ઞાન કરીને અનુભૂતિ કરવી તે તેનો ઉપાય છે. રાગાદિનું ભેદવિજ્ઞાન કરીને, ભેદ પાડીને અનુભૂતિ કરવી તે તેનો ઉપાય છે. કહો, સમજાણું આમાં?

'**પ્રતિબિંબિત થયેલા...**' એટલે કે '**દર્પણની જેમ પોતામાં પ્રતિબિંબિત થયેલા...**' દર્પણ કાંઈ મેલું થતું નથી. એમ ભગવાન આત્મા '**પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી...**' ભાનરૂપે થયેલું છતાં એ '**વિકારરહિત હોય છે,...**' એનું જ્ઞાન થતાં કાંઈ જ્ઞાન મેલું થતું નથી. આહાહા..! ખબર છે હોં! પા કલાકની વાર છે. કો'કને થઈ જાય ૮ થી ૯ હતું ને કાલે. આજ સવા આઠથી સવા નવ છે. એમ કહ્યું હતું છોકરાઓને. યાદ રાખજો કદાચ નવે પૂરું થઈ જાય નહિ. સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે...**' ભાષા શું કરે? ખરેખર તો જ્ઞાનનો આકાર છે. એ જ્ઞેયનો આકાર છે જ નહિ. પણ નિમિત્તથી કથન છે. '**જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે...**' જાણે જ્ઞેયનું સ્વરૂપ અહીં આવતું હોય. એ તો એક સમજાવવાની શૈલી છે. '**તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી.**' કહો, સમજાણું કાંઈ? એનો અર્થ એવો છે કે જેનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ધ્રુવ છે એવું જેના અસ્તિત્વ ઉપર દૃષ્ટિ ગઈ છે, આવા મહાન હોવાપણા ઉપર દૃષ્ટિ થઈ છે એના જ્ઞાનમાં રાગાદિ જણાય છતાં જ્ઞાનની પર્યાય મેલી થતી નથી. કારણ કે તેના જ્ઞાનના સ્વના લક્ષે તે જ્ઞાન થયેલું છે. અજ્ઞાનીને રાગ ઉપરના લક્ષે એકલું રાગનું જ્ઞાન થતાં જ્ઞાનની પર્યાય એને નિર્મળ ભાસતી નથી. કેમકે સ્વના લક્ષે થતું નથી. પરના લક્ષે થતાં દયા, દાન, વ્રતના પરિણામને ભાળતું તે જ્ઞાન મેલું દેખાય છે, મેલું દેખાય છે. સમજાણું કાંઈ?

'**હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય તેનું ચિહ્ન બતાવો;...**' લક્ષણ. એ ચિહ્ન-ચિહ્ન. એંધાણ-એંધાણ. એંધાણ કહે છે તમારે? ચિહ્ન. અમારે એંધાણ કહે છે. એય.. ઓલેપણે જાવ. જુઓ લીલી-લીલી મેડી છે ને એ એનું મકાન. લીલી મેડી છે ને. મેડીને શું કહે છે? મજલા. ઓ લીલા રંગની મજલા એ એંધાણે ચાલ્યા જાવ. વડ દેખાય છે છેટે ત્યાં આગળ છે તે એંધાણ-ચિહ્ન. એમ આ આત્માને અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે એનું કોઈ એંધાણ હશે? લક્ષણ છે? ચિહ્ન છે? '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' આવી જેને જિજ્ઞાસા છે એને આ ઉત્તર દેવામાં આવે છે.

**अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।**
**अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।**
**आस मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।**
**होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि।।२१।।**
**एयं तु असब्भूदं आदवियप्पं करेदि संमूढो।**
**भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो।।२२।।**

હરીગીત

**હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,**
**જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.**
**હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,**
**વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.**
**અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;**
**ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.**

ઓહોહો..! શૈલી તે પણ શૈલી! જુઓ! શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સામાન્ય વાત કરી છે. અહીંયાં વળી ત્રણ કાળના બધાને રાગને પોતાનો માનનારો, ભવિષ્યને માનનારો, એમ કહે છે. કહેશે જુઓ!

'**ટીકા :- જેમ કોઈ પુરુષ ઈંધન અને અગ્નિને મળેલાં દેખી...**' એ લાકડું અને અગ્નિ. ભાષા જુઓ! પુણ્ય-પાપના ભાવ બધા લાકડા જેવા છે અને આત્મા ચૈતન્ય અગ્નિ જેવો છે. દાખલો એવો આપ્યો છે. '**જેમ કોઈ પુરુષ ઈંધન અને અગ્નિને મળેલાં દેખી એવો જૂઠો વિકલ્પ કરે કે અગ્નિ છે તે ઈંધન છે,...**' અગ્નિ છે તે લાકડા છે. લાકડા સમજ્યા? ઈંધન. '**ઈંધન છે તે અગ્નિ છે;...**' લાકડા છે તે અગ્નિ છે. ભાષા તો જુઓ! દાખલો પણ 'અમૃતચંદ્રાચાર્ય'નો ગજબ! સંતોએ, દિગંબર મુનિઓએ જગતને કરુણા કરીને સ્પષ્ટ વાત સાદી ભાષામાં મૂકી દીધી. સમજાણું કાંઈ?

'**અગ્નિ છે તે ઈંધન છે, ઈંધન છે તે અગ્નિ છે;...**' પહેલી સાધારણ વાત કરી, સામાન્ય, સામાન્ય. અગ્નિ છે તે લાકડા છે અને લાકડા છે તે અગ્નિ છે. એમ સામાન્ય માન્યતાની વાત છે. હવે ત્રણ કાળના ભેદ પાડે છે. '**અગ્નિનું ઈંધન છે,...**' અગ્નિનું લાકડું છે અને લાકડાનો અગ્નિ છે. એ વર્તમાન વાત કરી, વર્તમાન. ઓલી સામાન્ય વ્યાખ્યા કરી. પછી વર્તમાન. ત્રણ કાળનો ભેદ પાડે છે. આ '**અગ્નિનું ઈંધન છે, ઈંધનનો અગ્નિ છે;...**' એ વર્તમાન. લાકડાનો અગ્નિ છે અને અગ્નિનું લાકડું છે એ સામાન્ય. સામાન્ય વાત કરી. પહેલી વર્તમાન કીધી, પહેલી સામાન્ય કીધી.

'**અગ્નિનું ઈંધન પહેલાં હતું,...**' એ અગ્નિના લાકડા પહેલા કાળમાં હતા. ભૂતકાળમાં. '**ઈંધનનો અગ્નિ પહેલાં હતો;...**' લાકડાનો અગ્નિ પહેલાં હતો. '**અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે,...**' એ અગ્નિના લાકડા ભવિષ્યમાં થશે. '**ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે;-આવો ઈંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે...**' ભાષા જુઓ! આવો લાકડામાં જ અગ્નિનો વિકલ્પ કરે એમ ભાષા છે, હોં! આમ જે લાકડા ઈંધનમાં-અગ્નિનો વિકલ્પ કરે '**તે જૂઠો છે, તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે,...**' તેનાથી લૌકિક મૂરખ છે એમ જાણી શકાય છે.

અપ્રતિબુદ્ધ એટલે લૌકિક મુરખ છે આ એમ જાણી શકાય છે. હવે લોકોત્તર મુરખની વાત કરે છે. અપ્રતિબુદ્ધનો પ્રશ્ન કર્યો છે ને? આમ લક્ષણ એનું શું લીધું?

**'તેવી રીતે...'** હવે દૃષ્ટાંતનો સિદ્ધાંત. **'કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે કે...'** પરદ્રવ્યમાં આટલી સામાન્ય વ્યાખ્યા છે. શરીર, પુણ્ય, પાપ, દયા, દાન, વિકલ્પ શુભ-અશુભ રાગ, શરીર, વાણી, ક્રિયા આદિ. **'આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ...'** આત્મવિકલ્પ એટલે હું આત્મા છું એમ માને છે. હું આત્મા છું, એમ. **'પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે છે કે હું આ પરદ્રવ્ય છું,...'** જુઓ! જેની શ્રદ્ધામાં-જ્ઞાનમાં એમ આવે છે કે હું આ રાગ ને શરીર ને કર્મ છું. જુઓ! આ એનું લક્ષણ બતાવે છે. અજ્ઞાની કેમ ઓળખાય? અપ્રતિબુદ્ધ કેમ ઓળખાય? મૂઢ જીવ અજ્ઞાની કેમ જણાય? ઓલામાં મૂઢ હતો અગ્નિ અને લાકડાનો મૂરખ. લૌકિક મૂરખ. આ લોકોત્તર મૂરખ.

આ અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને અહીં? **'હું આ પરદ્રવ્ય છું.'** પુણ્ય, પાપ, શરીર, વાણી, મન એ હું છું, મારા અસ્તિત્વમાં છે નહિ. એમાં હું છું. **'હું આ પરદ્રવ્ય છું. આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે;...'** એ રાગાદિ પુણ્ય-પાપ એ મારા સ્વરૂપે છે. સમજાણું? એ સામાન્ય વાત કરી. સામાન્ય. સામાન્ય સમજ્યા? સંક્ષેપમાં-ટૂંકું. હું આ પુણ્ય-પાપ, શરીર-વાણી-એમ કોઈ માનતો હોય તો સમજવું કે અપ્રતિબુદ્ધ-મૂઢ છે ઈ. કોઈ એમ માનતો હોય કે આ રાગ પુણ્ય છે એનાથી મને લાભ થાય છે તો સમજ કે એ અસ્તિત્વ પોતામાં છે એમ માને છે. સમજાણું કાંઈ?

હું આ પરદ્રવ્ય છું એટલે પુણ્ય પરિણામ એ હું છું. કેમકે એનાથી મને લાભ થાશે. એમ માનનારો હું પરદ્રવ્ય છું એમ માને છે. રાગથી ભિન્ન પોતાના સ્વરૂપને માનતો નથી. એવો અપ્રતિબુદ્ધ પુણ્યથી મને લાભ એટલે કે મારા અસ્તિત્વનો લાભ મને પુણ્યથી થશે, મારા અસ્તિત્વનો લાભ મને પાપથી થશે, મારા અસ્તિત્વનો લાભ સગવડતા હશે એનાથી થશે. સમજાય છે? અને અગવડતા હશે તો દુઃખ થશે તો મને લાભ આત્માનો થશે. એમ પરદ્રવ્યના અસ્તિત્વથી પોતે પોતાનું 'હું આ પરદ્રવ્ય છું' એમ માને છે. અને આ પરદ્રવ્ય મુજ સ્વરૂપ છે. એ પરવસ્તુ મારા સ્વરૂપે છે, મારાથી જુદાં નથી. રાગ જુદા હોય? અત્યારે રાગ જુદા હોય? એક જણાને એમ પૂછયું હતું. દ્રવ્યયોગ અને ભાવયોગ કોને કહેવો? મોટા આચાર્ય હતા એને પૂછ્યું હતું. (સંવત) ૧૯૯૫ની સાલમાં. એટલું કીધું મેં તો. આ તો સાધારણ પ્રશ્નનો ઉત્તર શું કહે છે. દ્રવ્યયોગ અને ભાવયોગ અત્યારે કોને કહેવો? અત્યારે જુદા પડે નહિ. ઠીક! સમજાણું? ૧૯૯૫ની વાત છે. પોષ વદ ૧૪. આહાહા..! અરે..! ભગવાન! આ શું ચાલે છે અત્યારે!

અહીં કહે છે કે... દ્રવ્યયોગ અને ભાવયોગ અત્યારે જુદા નથી. અહીં તો એ જ આમ

કહે છે. ઓલા પ્રદેશનું કંપન અને પાછા કર્મ-ગ્રહણ શક્તિ એમ આત્માના પર્યાયમાં બે છે. દ્રવ્યયોગ એક કોર રાખો. અહીં તો કહે છે કે એ કંપન એ કર્મ ગ્રહણ કરવાની શક્તિ એ પરવસ્તુ છે. એને એમ માને છે કે હું આ પરદ્રવ્ય છું. સમજાણું કાંઈ? રાગાદિ હું છું એ કંપન પ્રદેશનું કંપન થાય. કર્મગ્રહણ શક્તિ એવી યોગ્યતા એ પણ ખરેખર આત્મસ્વભાવ નથી. એ ખરેખર પરદ્રવ્ય છે, ભાઈ! શું કીધું સમજાણું? રાગ, પુણ્ય, કર્મ અને કર્મગ્રહણ શક્તિની યોગ્યતા અને પ્રદેશનું કંપન્ન એ બધું ખરેખર સ્વદ્રવ્યસ્વરૂપ નથી. આહાહા..!

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ-પાંચેય બોલ એકેય જીવસ્વરૂપ નથી. આહાહા..! અરે..! ભગવાન! સમજાણું કાંઈ? એ પાંચેય બંધના કારણ છે. એ પોતે જીવ સ્વરૂપ ન હોય. જીવ સ્વરૂપ બંધનું કારણ હોઈ શકે જ નહિ. આહાહા..! કહે છે કે આ અજ્ઞાની છે એમ કેમ ઓળખાય? તો કહે છે કે ભાઈ! તારા ચૈતન્યમૂર્તિ સિવાય એ વસ્તુ પર છે એનાથી લાભ માને તો સમજવું કે પરને જ પોતાનું માને છે. આહાહા..! સમજાણું? એ સામાન્ય.

હવે મારું પરદ્રવ્ય છે. એ વર્તમાન. વર્તમાનમાં પરદ્રવ્ય રાગ, પુણ્ય, કંપન આદિ બધું મારું. પરદ્રવ્ય મારું છે. આ મારું છે, ભાઈ! એ પ્રદેશ કંપન વિકલ્પ-રાગ, કર્મ, શરીરની અવસ્થા એ બધું હું છું તો આ છે. હું છું તો આ છે. એ છે તો હું છું. હું છું તો એ છે, એ છે તો હું છું. સમજાણું કાંઈ? હું આ પરદ્રવ્ય છું અને **'આ પરદ્રવ્ય હું છું;...'** એ સામાન્ય વાત કરી. હવે ત્રણ કાળ મેળવે છે. મારું આ પરદ્રવ્ય છે અને આ પરદ્રવ્યનો હું છું. વર્તમાનમાં ભગવાન જ્ઞાયકજ્યોત સિવાય કંપન, રાગ, વિકલ્પ, શરીર, કર્મ એ બધા આ પરદ્રવ્ય, આ પરદ્રવ્ય છે તે હું છું. મારું આ પરદ્રવ્ય છે અને આ પરદ્રવ્યનો હું છું. એમ માનનાર અપ્રતિબુદ્ધ અજ્ઞાની મિથ્યાદષ્ટિના લક્ષણ આ છે. એની બીજી વાત કરશે, આ વર્તમાનની કરી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૦, રવિવાર, તા. ૨૩-૧૦-૧૯૬૬**
**ગાથા-૨૦થી ૨૨, પ્રવચન નં. ૮૩**

સમજાવે છે. આ અધિકાર જીવ અને અજીવનો છે. જીવપણું કોને કહીએ અને અજીવપણું કોને કહીએ? બેની ભિન્નતાની વાત આમાં છે. ભિન્નતા એટલે જુદાઈ. એનું દૃષ્ટાંત આપે છે કે '**જેમ કોઈ પુરુષ ઇંધન...**' લાકડા. ઇંધન એટલે લાકડા. લાકડા કહે છે ને? '**અને અગ્નિને મળેલાં દેખી...**' અગ્નિ અને લાકડા-ઇંધનને આમ મળેલા જોગ દેખી '**એવો જૂઠો વિકલ્પ કરે કે અગ્નિ છે તે ઇંધન છે,...**' અગ્નિ છે તે લાકડા (છે). લાકડા સમજો છો ને? લકડી. અને લાકડી છે તે અગ્નિ છે. એ સામાન્ય વાત. '**અગ્નિનું ઇંધન છે, ઇંધનનો અગ્નિ છે;...**' એ વર્તમાન વાત. વર્તમાન એમ માને કે અગ્નિના લાકડા છે અને લાકડાનો અગ્નિ છે. અગ્નિનું ઇંધન પહેલા હતું. એ અગ્નિના લાકડા પહેલાં પણ હતા. ઇંધનનો અગ્નિ પહેલાં હતો. અરસપરસ. અગ્નિ લાકડાનો હતો, લાકડા અગ્નિના હતા. પહેલાં. દૃષ્ટાંત ઓલામાં આત્મામાં આપશે.

'**અગ્નિનું ઇંધન ભવિષ્યમાં થશે,...**' અગ્નિના લાકડા ભવિષ્યમાં થશે અને '**ઇંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે;-આવો ઇંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે...**' જે કોઈ એવા લાકડાના અગ્નિનો વિકલ્પ નામ માન્યતા કરે છે '**તે જૂઠો છે,...**' કારણ કે અગ્નિનું સ્વરૂપ એમ નથી. લાકડારૂપે અગ્નિ થાય એમ કોઈ દિ' બનતું નથી. '**તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે,...**' એનાથી લૌકિક મૂરખ છે એમ ઓળખાય છે. સમજાણું કાંઈ? લૌકિક આ મૂરખ છે એમ ઓળખાય છે.

'**તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે...**' ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ હોવા છતાં પરદ્રવ્યમાં અસત્યાર્થ (આત્મવિકલ્પ કરે). પુણ્ય-પાપના રાગ, શરીર-વાણી ક્રિયા એ બધા જડ લાકડા છે. આત્મા ચૈતન્ય-અગ્નિ છે. સમજાય છે કાંઈ? જેમ અગ્નિમાં લાકડા છે (એને) જોડે દેખીને માને, અગ્નિનું લાકડું અને લાકડાની અગ્નિ. એમ લોકોત્તર મૂઢ અજ્ઞાની, આ લૌકિક મૂઢ કહ્યો, હવે ધર્મમાં મૂઢ જીવ '**આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે કે 'હું આ પરદ્રવ્ય છું,...'**' સામાન્ય વાત. હું પુણ્ય-પાપના ભાવ, દેહાદિની ક્રિયા એ હું આ પરદ્રવ્ય છું. પુણ્ય-પાપના ભાવ એ પર છે એ હું છું. હું આ પરદ્રવ્ય છું એમ માને છે. સમજાણું કાંઈ? મૂઢ અધર્મદૃષ્ટિ જેની છે, જેને આત્મા શું ચીજ છે એની ખબર નથી, એ હું આ શુભ પુણ્યનો ભાવ, આ શરીર એ બધું હું છું. આ પરદ્રવ્ય મુજ સ્વરૂપ છે. એ પુણ્યભાવ, વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવ એ મારા સ્વરૂપે છે. એમ માનનાર અપ્રતિબુદ્ધ અજ્ઞાની મૂઢ છે. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિ છે.

એને આત્મા શું ચીજ છે એની એને ખબર નથી.

'**હું આ પરદ્રવ્ય છું,...**' રાગાદિ, પુણ્યાદિ, પાપાદિ, શરીરાદિ મારા છે અને એ પુણ્ય-પાપ શરીરાદિ મારા સ્વરૂપે છે. મારા સ્વરૂપે છે. આ અસ્તિ સિદ્ધ કરવું છે ને? ખરેખર પુણ્ય-પાપના ભાવ શરીર, કર્મ આદિ અજીવતત્ત્વ છે, અજીવભાવ છે. જીવભાવ તો ચૈતન્ય જ્ઞાનજ્યોતિ એ જીવભાવ છે. એ જીવભાવની સાથે જે પુણ્ય-પાપ અને શરીરમાં પોતાને જોડે છે કે આ હું છું અને એ મારા સ્વરૂપે છે, એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને તત્ત્વ દૃષ્ટિની ખબર નથી. સમજાય છે કાંઈ? સામાન્ય, એ સામાન્ય વાત કરી.

હવે વર્તમાન. '**મારું આ પરદ્રવ્ય છે,...**' વર્તમાન. આ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ, દેહ, વાણી મારા છે. આ બધા બાયડી-છોકરા, કુટુંબ, પુણ્ય-પાપભાવ એ મારા છે. એમ જે માને છે વર્તમાન એ મૂઢ જીવ છે. સોભાગભાઈ! શું કરવું? આ છે એને નાખી દેવા? સમજાણું કાંઈ? અહીં કહે છે કે પણ તારા છે જ નહિ. વર્તમાનમાં એ પુણ્ય અને પાપ, શરીર-વાણી, કર્મ અને એના ફળ બહારના એ બધાં પરદ્રવ્ય (છે એને) આ મારું પરદ્રવ્ય છે એમ માનનારને સ્વ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે, એની એને દૃષ્ટિ અને ભાન નથી. એને આત્મજ્ઞાન નથી. એને જડ એ હું અને હું એ જડ, જડ એ હું અને જડ મારામાં એમ માનનારા અપ્રતિબુદ્ધ મૂરખ, લોકોત્તર મૂરખ છે. સમજાણું કાંઈ?

'**મારું આ પરદ્રવ્ય છે,...**' આ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય, પાપ, શરીર, વાણી, મન અને કર્મ એ બધા પર છે. એ પરદ્રવ્ય મારું છે, મારું આ પરદ્રવ્ય છે એમ માનનાર, અગ્નિના લાકડા છે એમ માનાનારા આ મારા છે એમ માને છે એ લોકોત્તર મૂરખ છે. આહાહા..! સમજાણું કાંઈ? ચાહે તો અગિયાર અંગ ભણેલો હોય, નવ પૂર્વ ભણેલો હોય અને કષાયની મંદતાના પંચ મહાવ્રતના પરિણામની ક્રિયામાં હોય. પણ તે પંચ મહાવ્રતના પરિણામ તે આ મારું આ પરદ્રવ્ય છે, એ રાગભાવ એ મારું આ પરદ્રવ્ય છે, એ મારું છે, એમાં મારું હોવાપણું છે, એમાં મારું હોવાપણું છે અને આ પરદ્રવ્યનો હું છું અને એ રાગાદિ પુણ્યાદિ મારામાં છે. સમજાણું? અહીં અસ્તિત્વની વાત છે. જીવ-અજીવનું હોવાપણું. જીવના હોવાપણામાં, અસ્તિત્વમાં, મોજૂદગીમાં તો જ્ઞાન, આનંદ અને શાંતિ સ્વરૂપ તે આત્મા છે. એ જ્ઞાયક સ્વભાવ ચૈતન્યજ્યોત અંગારો-ચૈતન્ય અંગારો એ આત્મા છે. એમ ન માનતાં એ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ તે માંડીને કર્મનું બંધન અને એના ફળો-એ બધા આ મારા પરદ્રવ્ય છે અને આ પરદ્રવ્યનો હું છું (એમ માને છે). કપુરચંદભાઈ! એય..! છોટાભાઈ! શું છે આ? શું કહે છે આ? અત્યાર સુધી પૈસામાં એવા ગુંચાઈ ગયા છે કે ક્યાંય સળ પડતી નથી, સળ. અંદર જુદો શું છે કાંઈ ખબર પડતી નથી, એમ કહે છે.

'**હું...**' છે શબ્દ અંદર? બતાવો એય..! હિંમતભાઈ! જરી બતાવો તો ખરા એને ચોપડા

નહિ હાથ આવે. **'મારું આ પરદ્રવ્ય છે,...'** મારું આ.. એનો અર્થ થાય છે. મારા આ પુણ્ય અને પાપના ભાવ, એનાથી પડ્યું બંધન, એનાથી મળ્યો સંયોગી ભાવ-સંયોગી ચીજ- એ મારું આ પરદ્રવ્ય છે એમ માનનાર મૂઢ મિથ્યાદષ્ટિ અધર્મદષ્ટિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અધર્મ દષ્ટિનો અર્થ વળી શું થયો? અસત્યને સત્ય માન્યું એ અધર્મ દષ્ટિ થઈ. શું થયું પાપ થયું. શું થયું? આહાહા..!

**'મારું આ...'** શુભ-અશુભભાવ, વર્તમાન શુભ-અશુભભાવ, હોં! ...ભાઈ! એય..! છોટાભાઈ! શું? આ વર્તમાન શુભ-અશુભભાવ, આ રળવાના, ફરવાના, દયા-દાન આદિ જે ભાવ શુભાશુભ-એ આ પરદ્રવ્ય મારું એમ માનનારો મૂઢ છે, અધર્મી છે, પાપદષ્ટિ છે, દુઃખદષ્ટિ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'આ પરદ્રવ્યનો હું છું;...'** આ જે પુણ્ય-પાપ એનું બંધન અને એનું ફળ, એનો હું છું એમ માનનાર વર્તમાનમાં, વર્તમાનને પરને પોતાનું માને અને પોતાને પરરૂપ માને તે મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. ચાહે તો મુનિ હો બાહ્યથી ક્રિયાકાંડી જૈનનો દિગંબર સાધુ હો, પણ જે વર્તમાન એના પુણ્યના પરિણામ અને આ મારા છે, એનાથી મારામાં હયાતી છે અને એની હયાતી મારામાં છે, એમ માનનાર લોકોત્તર મિથ્યાદષ્ટિ મૂરખ છે. સમજાણું કાંઈ? કહો, ભાઈ! આમાં કઠણ શી રીતે થયું? આ બે વસ્તુ છે. જુઓ! એક આ અને એક આ. હવે આ કહે કે આ મારું... આ કહે કે આ મારું... આ કહે કે આ મારામાં છે.

મુમુક્ષુ :- સરળ...

ઉત્તર :- સરળ. સાંભળ્યું ન હોય તો જરી લાગે કઠણ.

ભગવાન આત્મા ચૈનત્યજ્યોત ચૈતન્ય બિંબ પ્રભુ આત્મા છે. એનામાં એક વિકલ્પ પુણ્યનો પણ આમાં અસ્તિમાં નથી. એની હયાતીમાં એના હોવાપણામાં એ નથી. છતાં અનાદિથી અજ્ઞાની આ મારું, મારું આ પરદ્રવ્ય છે. વર્તમાન શુભ અને અશુભભાવ અને વર્તમાન તેના બંધન અને તેનું આ ફળ પૈસા, ધૂળ આદિ આ બાયડી, છોકરા, કુટુંબ-એ બધા મારું આ પરદ્રવ્ય છે અને આ પરદ્રવ્યનો હું છું. હું એ પુણ્ય-પાપના ભાવનો છું, હું બંધનનો છું, એ બાયડીનો છું, એ પૈસાનો છું, એ મકાનનો છું, એ કપડાનો છું, એ આબરૂનો હું છું. ભારે વાત. સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ આમાં? આ ગાથામાં છે ઈ. આ ગાથાની વાત છે ને. શેની માંડે છે આ? ગાથાની વાત છે એ ટીકાની છે અને ટીકાની છે એ આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હજી આવે છે. હજી ક્યાં આવ્યું છે પણ? હજી વાત આવવા તો દ્યો.

**'મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું;...'** હવે એમાં સચેત-અચેત અને મિશ્રનો પ્રશ્ન આવ્યો. એ આવી ગયું કીધું એમાં. સચેતમાં સ્ત્રી આદિ, અચેતમાં દાગીના

આદિ, શરીરાદિ, કર્મ આદિ અચેત. અને સચેતમાં રાગાદિ પુણ્ય-પાપના ભાવ એ સચેત છે. અને એ રાગ અને શરીરાદિ એ બે હું એ મિશ્ર છે. મૂળ પાઠમાં સચેત, અચેત અને મિશ્ર છે. સમજાય છે કાંઈ? વર્તમાનમાં પુણ્ય અને પાપના ભાવ જે સચેત કહેવાય છે તે પણ મારા, એમ માને તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. વર્તમાનમાં આ અચેતન કર્મ અને શરીર જે અચેતન છે, એ મારા માને તે મૂઢ છે. ગૃહસ્થની અપેક્ષાએ લઈએ તો એને સચેત એના પુત્ર-પુત્રી આદિ જે આત્મા, એ મારા છે એમ માને એ મૂઢ છે. અચેતન-એના દાગીના, લૂગડા, કપડા એ મારા એમ માને એ અચેતને આત્મા માનનારો મૂઢ છે. મિશ્રમાં એ આત્મા, એના પુત્ર આદિ અને દાગીના શરીરાદિ એ મિશ્ર થઈને મારા છે તે મૂઢ જીવ છે. હવે બરાબર થયું. ઓલા પાઠમાં સચેત-અચેત મિશ્ર હતું. હળવે હળવે ચાલ્યું આવે છે. ભારે વાત, ભાઈ!

અમદાવાદમાં નીકળ્યો અને ઝવેરીની દુકાન દેખી. બજારમાં ચોકમાં આવે છે ને? માણેકચોક. ત્યાં આ મારી દુકાન છે અને આનો હું છું. એનો માલિક હું છું. એ મૂઢ કહેવાય કે નહિ? માણેકચોકમાં ઝવેરીની દુકાન છે. નીકળ્યો કોઈ ફરવા. આમ નજર પડી. આ મારી દુકાન છે અને આ પરદ્રવ્યનો હું છું. એનો હું માલિક છું. એનો હું છું. એમ જીવ ચાર ગતિમાં ફરતો સ્વતંત્ર, જ્યાં-જ્યાં વર્તમાન એને પુણ્ય... અહીં વર્તમાનની વાત છે હમણાં, પુણ્ય અને પાપના ભાવ થાય એ પરવસ્તુ છે. આત્માની ચીજ નથી, એ પરની દુકાન છે. અજીવની દુકાન છે ઈ. આહાહા..! પુણ્ય અને પાપ અજીવની દુકાન છે. એનાથી બંધાયેલું કર્મ એ અજીવ છે. એ અજીવની દુકાન છે. એના ફળ મળ્યા બહારમાં સચેત-અચેત, મિશ્ર એ બધા.. સમજાય છે? પરદ્રવ્ય છે. એ અજીવની દુકાન છે. એ અજીવને-મારું આ પરદ્રવ્ય છે, મારું આ અજીવ છે. પુણ્ય-પાપ, કર્મ બંધન આ મારું છે અને આ પરદ્રવ્યનો હું છું, એનો હું છું. હું પુણ્ય-પાપનો છું કે હું કર્મનો છું, હું બાયડીનો છું, છોકરાનો છું, શરીરનો છું-એમ માનનાર મૂઢ લોકોત્તર અપ્રતિબુદ્ધ અજ્ઞાની કહેવામાં આવે છે. કહો, બાલચંદજી! આહાહા..!

સચેત રાગાદિ, મિશ્ર ગુણસ્થાન આદિ. ગુણસ્થાનનો મિશ્ર ભાવ છે ને થોડો અંશે, એ પણ મારા છે અને એનો હું છું, એ પણ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાય છે કાંઈ? ગુણસ્થાનનો અંશ જે છે ચેતનનો અને એમાં રાગાદિ ભેદ છે એ બધા ભેદો તે હું છું. મારું આ પરદ્રવ્ય છે, ગુણસ્થાન મારા છે-એ મિશ્ર છે. અને આ પરદ્રવ્યનો ગુણસ્થાનનો હું છું. ઝીણી વાત છે. એમ અજ્ઞાની અનાદિથી વર્તમાનપણે, મિથ્યાદૃષ્ટિપણે માની રહ્યો છે. આહાહા..! બાલચંદજી! એ વખતે આવ્યા નહોતા, નહિ? ફાગણ સુદમાં. બે ભાઈ આવ્યા હતા. સમજાય છે કાંઈ? આહાહા..! ભાઈ! જેવું તારું હોવાપણું જેમ છે તેમ ન માનતાં એનાથી બીજી રીતે હોવાપણામાં તારો સ્વીકાર અને એના હોવાપણામાં અંદર તારામાં સ્વીકાર, એ જ મોટું મિથ્યાદૃષ્ટિપણું છે. કહો, સમજાય છે કાંઈ? એનું નામ જ અધર્મદૃષ્ટિ છે, એનું નામ અધર્મ છે.

મુમુક્ષુ :- એ કથંચિત્ લેવું.

ઉત્તર :- કથંચિત્ શેનું લેવું? એકલું અધર્મ છે. આહાહા..! એ પાપદૃષ્ટિ છે, દુઃખદૃષ્ટિ છે. એ દુઃખની ખાણમાં પડવાની એ દૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો...'** આ પરનો, પુણ્ય-પાપનો આ ભાવ, એનો હું છું. હું છું તો એ પુણ્ય-પાપ થયા. પુણ્ય-પાપ છે એમાં હું છું. હું છું તો પુણ્યભાવ થયા. પુણ્યભાવ થયો તો એ મારામાં છે. એનો હું છું. મિથ્યાદૃષ્ટિ છે. ધર્મની ખબર એને નથી. સમજાણું કાંઈ? કપૂરભાઈ! બહુ ઝીણું છે આ. બહારનું ઓલું જાડું-જાડું કરીને જ્યાં હોય ત્યાં માન્યું હોય એમાં આ મારું. પહેલી વ્યાખ્યા એ વર્તમાનની થઈ. વર્તમાનની, એની વ્યાખ્યા (થઈ).

હવે **'મારું આ પહેલાં હતું,...'** હવે ભૂતકાળ. જે કોઈ એમ માને કે પૂર્વે શુભભાવ હતા તો મને મનુષ્યપણું મળ્યું તો વર્તમાન ઠીક છે. તો પૂર્વના પુણ્યભાવને પોતાનો માન્યો, ભૂતકાળના પુણ્યભાવને પોતાનો માન્યો લાભમાં. તો એમ કહે છે કે મારું આ પહેલા હતું. એ પુણ્યભાવ પૂર્વે મારા હતા, મેં કર્યા હતા, એથી મનુષ્યદેહ મળ્યો, એથી વાણી મને મળી. મૂઢ છો.

મુમુક્ષુ :- પુણ્યભાવ વિનાનો ...?

ઉત્તર :- એ ક્યાં આત્મા હતો? મનુષ્ય તો જડ થયો. આત્મા ક્યાં થયો એમાં? સમજાણું કાંઈ? આહાહા..! સોભાગભાઈ!

મુમુક્ષુ :- જાડો અર્થ થાય તો ખ્યાલમાં આવે. આ ઝીણો અર્થ થાય છે.

ઉત્તર :- આ ઝીણો અર્થ થાય છે. જાડો અર્થ થાય તો ખ્યાલમાં આવે. આહાહા..!

ભાઈ! તું ચૈતન્ય પ્રભુ છો ને! અકૃત્રિમ, અનાદિઅનંત ચૈતન્ય રસકંદ છો. અનાદિઅનંત વીતરાગ રસકંદ આત્મા છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું એનું રૂપ છે. એમાં પુણ્ય-પાપના ભાવ ગયા કાળના, પુણ્યભાવ હતા તો અમને પુણ્યબંધન થયું, એમ ભૂતકાળના ભાવને પ્રશંસે છે, અનુમોદે છે કે આ ભાવ હતો તો અમને મનુષ્યપણું મળ્યું, મનુષ્યપણું મળ્યું તો સાંભળવાનું મળ્યું. સાંભળવાનું મળ્યું તો ધર્મનો લાભ થયો. વાત જૂઠી તદ્દન છે. આહાહા..! અહીંયા સાંભળો તો ખરા! એ રખડ્યો છે આમ ને આમ ઊંધે રસ્તે. આહાહા..!

ભાઈ! તારા હોવાપણામાં, પ્રભુ! તારા હોવાપણાનો લાભ તારાથી થાય? કે તારા હોવાપણાના લાભમાં પૂર્વના પુણ્યભાવ કર્યા હતા ને તો ભાઈ! પુણ્ય કર્યા હતા તો આ મળ્યું. માટે એ મારા હતા. મારું આ પહેલા હતું, એ પુણ્ય મારું પહેલા હતું. મૂઢ છો, ભાઈ! તને પુણ્યનો ભાવ (થયો એ તારો નહોતો). એ અગ્નિ લાકડાનો પૂર્વે નહોતો. અગ્નિ લાકડાનો પૂર્વે નહોતો. એમ ભગવાન ચૈતન્ય પૂર્વે પણ પુણ્યભાવનો નહોતો. આહાહા..! ...ભાઈ!

અગ્નિ અને લાકડાને સંબંધ છે? લાકડું ભિન્ન, અગ્નિ ભિન્ન છે. જુદા છે બેય. એમ ભગવાન ચૈતન્યજ્યોત સ્વરૂપ અને પુણ્ય-પાપના ભાવ આદિ પૂર્વે હતા એ પણ આત્માના નહોતા. આત્માને લાભદાયક નહોતા, આત્મામાં નહોતા, એ તો રાગભાવ હતો. એને એમ કહે કે મારું આ પહેલા હતું. અમે પૂર્વે મનુષ્યભવ પામ્યા હતા, એમાં પુણ્ય કર્યા હતા અને એ પુણ્યને લઈને આવું અમને મળ્યું છે. તો એ પૂર્વના પુણ્ય મારા પહેલા પુણ્ય હતા. એમ માનનાર મૂઢ, અગ્નિને જેમ લાકડું માને છે, એમ ચૈતન્યને રાગ અને પુણ્યવાળો ભૂતકાળની અપેક્ષાએ માને છે. આહાહા..! છોટાભાઈ! ત્યાં કલકત્તામાં સાંભળ્યું ન હોય અંદરથી. નવરાશ પણ ક્યાંથી હોય? પણ હવે જાય તો બીજું સાંભળે. દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, લ્યો! આહાહા..!

કહે છે કે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! ભાઈ! તું તો ચૈતન્યમૂર્તિ સદા રહ્યો છો ને. તારા અખંડ ચૈતન્ય રત્ન, ચૈતન્ય રત્નાકરમાં કોઈ દિ' ભૂતકાળમાં પણ એ પુણ્ય આત્માનું થયું નહોતું. તે માન્યું હતું કે આ પુણ્ય મારા. માને તો ગમે તે માને. આહાહા..! સમજાણું કાંઈ? ગયા કાળમાં આ પહેલા હતું. '**મારું આ પહેલા હતું,...**' એ રાગ મારો હતો. ગુણસ્થાન કોઈ મિથ્યાત્વ આદિનું ગુણસ્થાન એ મારા હતા. એ પૂર્વે મારા દીકરા હતા. આ મારી સ્ત્રી હતી, અમારે દીકરા હતા, અમારે આ હતા.. અમારે આ હતા.. પૂર્વે આ હતા. એમ પૂર્વની અવસ્થાઓને વર્તમાનમાં એમ માને કે ઠીક હતું તો ગયા કાળમાં એ પરનો જ હતો, એમ એણે માન્યું છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**મારું આ પહેલા હતું,...**' સચેત રાગ, અચેત કર્મ, મિશ્ર ગુણસ્થાન અને આમ સચેત ગૃહસ્થની અપેક્ષાએ અમારા છોકરા હતા, અમારે બાયડી હતી, અમારે એ ગુણસ્થાન હતું. મિથ્યાત્વ ગુણસ્થાન એ અમારું હતું. સમજાણું કાંઈ? એમાં અમે શુભભાવ કરેલા, એમ કરતા ઊંચા આવ્યા છીએ. મૂઢ છો. એ શુભભાવથી ઊંચો ત્રણ કાળમાં આવતો નથી. સમજાણું કાંઈ? તારું ઊંચાપણું તો અંતર આનંદકંદના આશ્રયથી ઊંચાપણું આવે છે. એમાં પુણ્યના ભાવને કારણે ઊંચો તું આવ્યો? તું આવ્યો? એ તો જડ આવ્યું ઊંચું. શું કરવું? માલચંદજી! અરે..રે..! આ ભારે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મારું આ પહેલા (હતું). ધૂળનો પણ માલિક નથી. સાંભળને! ચૈતન્યપ્રભુ આત્મા, જ્ઞાનજ્યોતિ ઝળહળ જ્યોતિ જ્ઞ સ્વભાવી પ્રભુ, જ્ઞ સ્વભાવી, જ્ઞાનસ્વભાવી ચૈતન્ય સ્વભાવ જેનો ત્રિકાળ એકરૂપ સ્વભાવ '**सव्वण्हुणाणदिट्ठो**' હવે આવશે. હવે આવશે હોં! આગળ ૨૪મી ગાથા. ભગવાને તો '**सव्वण्हुणाणदिट्ठो**'. સર્વજ્ઞ જ્ઞાને તો ઉપયોગ રૂપી દીઠો તને ભગવાને તો. આ રાગરૂપે તું ક્યાંથી થઈ ગયો પૂર્વે કે આ રાગ હતો તો મને ઠીક થયું? ક્યાંથી તને ઠીક થાય? આહાહા..! કેમ છે જ્ઞાનચંદજી? આ નોકરી મળી, હજાર બારસોનો

પગાર. અનુકૂળ હોય તો નિવૃત્તિ મળે, લ્યો! તો લાભ થાય. હવે બિચારાને સો રૂપિયાનો પગાર મળતો હોય, બસ્સો રૂપિયાનો હોય તો ઘરમાં ચાર-છ છોકરા. એનો નભાવ કરવો કે એનાથી નિવૃત્તિ લઈને ધર્મ કરવો? ઘણા મોટા પગારદાર હોય. લ્યો, હજાર-અગિયારસોનો પગાર. હવે એમાં શું? ખર્ચ થાય તો પાંચસો-છસ્સો અને વળી પાંચસો વધે. તો નિવૃત્તિથી કામ લઈ શકે. આમ છે તેમ છે. એટલો તો લાભ થાય કે નહિ? ..ભાઈ! મૂઢ છો? કહે છે કે તારા પરપદાર્થની અનુકૂળતાએ તને લાભ થાય એટલે પરપદાર્થને અને આત્માને એક માન્યા. આહાહા..! કેમ હશે આમાં? એય..! શાંતિભાઈ! આ બધા પૈસાવાળા છે. પૈસાવાળા હોય તો અહીં નિવૃત્તિ મળી, લ્યો. આહાહા..! ધૂળમાંય નથી. કહે છે કે નિવૃત્તિ એને કહેવાય જ નહિ. નિવૃત્તિ તો રાગથી રહિત સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે, એનો દૃષ્ટિ ભાવ કરે ત્યારે એને નિવૃત્તિ મળી એમ કહેવામાં આવે. આહાહા..! એ કાંઈ બાહ્યના સંયોગો મળ્યા માટે નિવૃત્તિ મળી, એમ છે નહિ. કહો, સોભાગભાઈ!

આ 'સમયસાર' તો ઘણા થોડા શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધો. બહુ થોડામાં સ્વ અને પરની એક્તા શું અને ભિન્નતા શું, એ બધું આમાં સમાડી દીધું છે. બહુ ટૂંકા શબ્દોમાં સમાડવું છે. સમજાય છે કાંઈ? નાટક હોય કોઈ સો વર્ષ ભર્તુહરિનું. તોપણ દસ થી બેમાં સમાડી દેવું હોય. નાટક રાત્રે દસથી શરૂ થાય, બે વાગે પૂરું થઈ જાય. ભલે ૯૨ વર્ષના આયુષ્યવાળો હોય કે સો વર્ષનો. એને કાંઈ ૯૨ વર્ષ જોઈએ સામે બતાવવા? એમ આ 'સમયસાર' નાટક છે આ. આત્માની અનાદિઅનંતની સ્થિતિ થોડા શબ્દોમાં, થોડા કાળમાં બતાવવી છે. આહાહા..! સેઠી! તેથી નાટકના માહાત્મ્ય છે, કારણ હેતુ છે. નાટકને કોઈપણ ભર્તુહરી માળવાનો મહારાજા. એનું નાટક પાડે તો ૧૦ થી ૨માં પુરું થઈ જાય. બાળક થયો, પરણ્યો, આ થયું, ફલાણું થયું, ઢીકણું થયું. એમાં બધું સમજી જાય. બે વાગે પૂરું. એમ અહીંયાં ૪૧૫ શ્લોકમાં થોડા શબ્દોમાં, થોડા કાળમાં અનાદિઅનંત આત્માની ભૂલ અને અભૂલ કેમ છે, તેને બતાવવું છે. એથી 'અમૃતચંદ્રાચાર્યે' નાટક નામ પાડ્યું છે. અલૌકિક સંતોની કથની પણ અલૌકિક! બાપુ! આ તો થોડામાં ઘણું અમારે કહેવું છે. એ ચાર કલાકમાં આખા જીવનનો આદર્શ બતાવવો છે. એમ આ ૪૧૫ શ્લોકમાં. આ ૪૧૫ છે. આખા આત્માનું વિપરીત કેમ માનતો હતો અને અવિપરીત કેમ જાણે, એનો આખો સમાવેશ કરી દેવો છે. સમજાણું કાંઈ?

**'મારું આ પહેલા હતું,...'** તારા ચૈતન્ય સ્વભાવમાં આ મારું હતું કે' દિ' આવ્યું? મારું પહેલા હતું. એ કર્મ મેં બાંધ્યું ને. ભાઈ! આપણે સારું કર્મ બાંધશું ને, પૂર્વે બાંધ્યું હતું ને તો આ મળ્યું લ્યો. એમ ઘણાં અત્યારે વાતું કરે. પૂર્વે પુણ્ય કર્મ બાંધ્યું હતું (તો આ સાંભળવા મળ્યું). (માટે) તમે પુણ્યનો નિષેધ ન કરો. આ પૂર્વે પુણ્ય બાંધ્યું હતું તો આ બધું સાંભળવાનું મળ્યું. એ મૂઢ જીવ પૂર્વના પુણ્યને મારું માને છે. સમજાણું કાંઈ?

અને વર્તમાન પણ સંયોગ મળ્યા એનાથી મને લાભ માનનારો સંયોગને જ આત્મા માને છે. એ વાણી આદિ મળી કે સંયોગો મળ્યા એનાથી મને લાભ થાય એમ એ સંયોગને, અજીવને એટલે જીવ સ્વભાવ જેમાં નથી એને જીવ માને છે. સમજાણું કાંઈ?

વર્તમાનમાં પણ એમ કોઈ માને કે આ વાણી અને સંયોગ મળ્યો, સમવસરણ મળ્યું તો મને લાભ (થયો). તો એ વર્તમાનમાં અજીવને જીવ માને છે. એ તારો જીવસ્વભાવ ત્યાં નથી અને એને લઈને જીવસ્વભાવ પ્રાપ્ત થતો નથી. આહાહા..! જ્ઞાનચંદજી! શું કરવું? તારી તને ખબર નથી. સ્વતંત્ર ચૈતન્યજ્યોત બિરાજમાન ભગવાન આત્મા છે. એને તું પરના કંઈ પણ આશ્રયથી લાભ માનવા જા ત્યાં તારું ખૂન થઈ જાય છે. તારી પ્રભુતા લૂંટાઈ જાય છે એમ કહે છે. આહાહા..!

પ્રભુ! તું ચૈતન્યમૂર્તિ પ્રભુ છો. અંતર પરમેશ્વર જ તું સાક્ષાત્ ચિદાનંદ પરમેશ્વર છો. એવા પરમેશ્વરને ગયા કાળના કોઈ પુણ્યને લઈને આ સામગ્રી મળી માટે પુણ્ય ઠીક હતા. લુંટાઈ જાય છે તારી પ્રભુતા. આહાહા..! શશીભાઈ! સચેત, અચેત અને મિશ્ર બધું લેવું હોં ભૂતકાળનું. સમજાણું? આ પરદ્રવ્યનો ધ્યાનનો વિકલ્પ કર્યો હોય ને સિદ્ધનો ગયા કાળમાં (કે) સિદ્ધ આવા હતા એમ વિકલ્પ કર્યો. એનાથી લાભ થાય એમ માન્યું છે એ પરદ્રવ્યને જ આત્મા માને છે. આહાહા..! પોપટભાઈ! બહુ ઝીણું છે હોં! ઓલા પેંથીએ પેંથીએ પાડે છે. આ તો વાળે વાળે મોતી પરોવે છે.

ભાઈ! તારા હોવાપણાની તને ખબર નથી. તારા હોવાપણામાં શું છે? અને તારા હોવાપણામાં શું નથી એના ભાન વિના એ ચૈતન્યને ધર્મ ન થાય. સમજાણું કાંઈ? પહેલું તો સાંભળવાને જ મળે નહિ આવું. એય..! જાવ પૈસાવાળાને પૈસા ખર્ચવાનું કહે, ઓલાને કહે મંદિર બે-પાંચ બનાવી દો, ઓલાને કહે કે અહીં પૂજા કરી નાખો, જાત્રા કરી નાખો દસ લાખ ખર્ચીને. ના ના ભાઈ! એ પુણ્યભાવ અને એના સંયોગની ક્રિયા એ આત્માની નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કેટલું સમાવ્યું છે! સચેત-અચેત-મિશ્ર એ ગાથામાં રહી ગયું છે. એ ટીકામાં ન નાખ્યું પણ એનો વિસ્તાર લઈ લેવો. પાઠમાં છે ને. પહેલી ગાથા છે. જુઓને!

**अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।**
**अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।**

એ શ્લોક એવો જ 'પરમાત્મપ્રકાશ'માં છે આ. સમજાય છે? ત્યાં વધારે વિસ્તાર ટીકામાં બહુ કર્યો છે. વધારે કર્યો છે, આનાથી વધારે ત્યાં કર્યો છે. સચેત મિશ્ર. ત્યાં વધારે કર્યો છે. કહો, સમજાણું આમાં? મારું આ પહેલાં હતું. રાગાદિ, કર્માદિ, સંહનન આદિ. અત્યારે કહે છે ને કે મજબૂત સંહનન હોય ને તો દયા પાળી શકાય. હિંસાધર્મી સામે ઊભા રહી શકાય. નમાલા-બાયલા હોય એ ઊભા રહી શકશે? સામે ઓલા જોર કરીને આવ્યા હોય

.. શરીર મજબૂત જોઈએ, આવું જોઈએ, તો આપણે અહિંસા પાળી શકશું. નહિતર નહિ પાળી શકીએ. મૂઢ છો? આ ક્યાંથી લાવ્યો? શરીર આવું હોય તો અમે અહિંસામાં ઊભા રહી શકશું, એ વાત છે? શરીરની સ્થિતિ, અહિંસામાં રહી શકશે, એમ છે?

ભગવાન આત્મા રાગરહિત સ્વરૂપની દૃષ્ટિની સ્થિરતામાં, અહિંસામાં રહી શકે. એને પરની બિલકુલ અપેક્ષા છે નહિ. ઘણા એવા મારે ગપ્પા. ઓલો કહે, આહાહા..! બહુ સારી વાત કરે છે. ભાઈ! શરીર મજબૂત જોઈએ. અરે..! બોરડીએ.. બોરડી હોય ને? બોરડી સમજો છો? બોર-બોર. નાના નાના બોર હોય છે ને. બોરડીએ તો બોર પાકે, ત્યાં કેરી પાકે? એમ આ નમાલી બાયડી અને એવી સ્ત્રીઓને તમે રાખો એનામાં કોઈ રાજકુમાર સારા પાકે? સારા તૈયાર કરો. સ્ત્રીઓને તૈયાર કરો કેળવીને કે જેથી તેના શું કહેવાય? છોકરા-ફરજંદ.. ભૂલી જવાય. એના ફરજંદ સારા પાકે. બોરડીએ આંબા પાકતા હશે? બોરડી-બોરડી. નાના બોર હોય ને. ત્યાં કેરી લટકતી હશે? આમ. એમ જેના શરીર નબળા બાયડ્યુંના ઠેકાણા વિનાના ત્યાં કોઈ ઉત્તમ પુરુષો પાકતા હશે? બનાવ શરીરને સારા. મૂઢ છો? શરીરને સારા બનાવે એમાં આત્મા ક્યાંથી સારો હતો?

મુમુક્ષુ :- બનાવી જ કોણ શકે?

ઉત્તર :- કોણ બનાવી શકે? આવા ને આવા ગપ ચલાવે. એય..! કપૂરભાઈ! આમ શરીરને મજબૂત બનાવો, આમ કરો, તેમ કરો, ફલાણું કરો. તમારે આવતું હશે કે નહિ એમાં કાંઈ? ક્યાં ગયા? અત્યારે નહિ આવ્યા હોય. કામમાં હશે. ઓલા છોકરાવ આવ્યા છે ને. વિદ્યાર્થી આવ્યા છે. અહીં કસરત થવાની છે. આહાહા..! શું કહે છે સમજાણું?

શરીર આવું કરવું જોઈએ. એને પુણ્ય સારા બાંધશો તો શરીર મજબૂત મળશે. મજબૂત મળશે તો હિંસા સામે ટકી શકશું. પોતાને નભવું હોય તો બધા સાધનો પણ મજબૂત જોઈએ. તો શું થાય? ધર્મ ટકી શકે. મૂઢ છે? ધર્મ તો આત્માના સ્વભાને આશ્રયે ટકી શકે. સંયોગને આશ્રયે ટકી શકે છે? સમજાણું કાંઈ? અરે..રે..! એવા શલ્ય હોય છે કે એના શલ્યની એને ખબર ન હોય. સમજાણું?

'**મારું આ પહેલાં હતું,...**' બાપા! શરીર સારા મળ્યા હતા. લક્ષ્મી-બક્ષ્મી ઠીક મળી હતી તો નિવૃત્તિએ અમે ધર્મ કર્યા, પુણ્ય કર્યા છે, લ્યો. સમજ્યા? એથી અમને આ બધું ફળ્યું. એ એમ પરને પોતાનું માને છે. હું આનો પહેલા હતો. મેં પુણ્ય કર્યા હતા, મેં બાંધ્યા હતા રજકણો. કર્મ અમે બાંધ્યા હતા. અમે બાંધ્યા એવા જુઓ અમને મળ્યા છે. ત્યારે અમે નિવૃત્તિથી કામ લઈએ છીએ. મૂઢ છો? નિવૃત્તો કેવો તારે? નિવૃત્તિ તો રાગરહિતની અનુભવ દૃષ્ટિ કર ત્યારે નિવૃત્તિ કહેવાય છે. એ નિવૃત્તિમાં બાહ્ય સાધનની બિલકુલ અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ આ. આવી વાતું ભગવાન ખુલ્લી મૂકતા હશે સાધુઓ જગત પાસે? નાગા બાદશાહ છે. ખુલ્લી મૂકે ખુલ્લી આમ છે. નહિતર

અપ્રતિબુદ્ધ મૂરખ છો. ભણ્યો ગણ્યો હોય અને ક્રિયાકાંડ કરતો હોય તોપણ મોટો મૂરખ છો લે. ચૈતન્ય ભગવાન જ્ઞાનજ્યોતિ પ્રભુ પરમાત્મા એને કંઈ પણ લપ પૂર્વમાં અને વર્તમાનમાં કંઈ ખોસીસ અંદર કે આનાથી લાભ થયો અને આનાથી લાભ થશે. મૂઢ છો. મરી જઈશ. ચાર ગતિમાં રખડીશ. ચૈતન્યને જુદો પાડી શકીશ નહિ. આહાહા..! એય..! કપૂરભાઈ! આવું તો બધું તમારે સાંભળવાનું મળે નહિ. ત્યાં તમારે કલકત્તામાં ક્યાં મળતું હતું. નવરો હોય તો માંડ એક કલાક જાય કો'ક દિ'. આપે ઓલો માથે દીધો હોય આમ કરો... આમ કરો... આમ કરો... .. કરો. આમ કરો. પૌષધ સુધારો, વ્યવહાર સુધારો. કોલસા ધોળા કરો. કોલસા ધોળા નહિ થાય. બાળ તો ધોળા થશે, સાંભળને હવે. કોલસા હોય છે ને. એને ધોળા કરો. નહિ થાય ધોળા. વ્યવહાર સુધારો, આ કરો, ફલાણું કરો, બીજાના કામ કરો, ધૂળેય નથી કરી શકતા, સાંભળને હવે. કોલસાને બાળી નાખ અગ્નિ મૂકીને તો ધોળો થાશે. કોઈપણ બહારના સાધન ભૂતના, વર્તમાનના મારા આત્માને મદદગાર નથી અને હું એમાં નથી. એમ બાળ અગ્નિ મૂક અંદરથી. સમજાય છે કાંઈ? પૈસાવાળાને ઘણાને એવું હોય. અમે પૈસાવાળા છીએ જુઓ! અમારે લઈને આ ધર્મની શોભા થઈ. ગરીબ માણસ બેઠા હોય ..તારા લાખ માણસ બેઠા હોય પણ અમે એક બે-પાંચ-દસ કરોડવાળો મોઢા આગળ બેઠો હોય તો કેટલી શોભા! એક લાખ રૂપિયા, બે લાખ, પાંચ લાખ કરી દયો. કરો ચંદા. પાંચ લાખ ને એક રૂપિયા. ઓલો કહો દસ લાખ, ઓલો કહે પંદર લાખ. લ્યો!

મુમુક્ષુ :- આવો દાખલો મળવો મુશ્કેલ છે.

ઉત્તર :- ઈ કહે છે કે આવો દાખલો મળવો મુશ્કેલ. પણ હોય તો પણ અહીં કહે છે કે કાંઈ નથી એમ કહેવું છે અહીં તો. કિંમત શું એની? અમારે લઈને ધર્મની શોભા. બાપા! તમે પૈસા વિનાના નિર્ધન માણસ શું કરો? સાંભળને હવે. નિર્ધન કોણ છે? આનંદકંદનો સધન ભગવાન છે. સમજાણું કાંઈ? ભગવાન સધન છે. એ નિર્ધન કોઈ દિ' નથી. નિર્ધન હતો માટે ગરીબ છે એમ માનવું આત્માને, સધન માટે અધિક છે એમ માનવું, મૂઢ પરને પોતાનું માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મારું આ પહેલાં હતું,...**' આ બધું એમાં છે, હોં! ઘરનું કાંઈ નથી. પાછું આમાંથી કાઢીએ છીએ, આ તો આ શબ્દમાં છે એ બધું. આ તો એકલા સૂત્રો પડ્યા છે. સિદ્ધાંતો એકલા છે. સિદ્ધાંતના તો દાખલા આપવામાં આવે, જેથી એને સિદ્ધાંતનો ભાવ સમજવામાં આવે છે. '**હું આનો પહેલાં હતો;...**' મેં પુણ્ય કર્યા હતા, મેં પુણ્ય કર્યા. પણ તું પુણ્ય કર? પુણ્ય તો વિકાર અજીવ છે. તારા સ્વભાવમાં કે દિ' પુણ્ય હતા? સમજ્યા? અમે પુણ્ય કર્યા હતા, અમારા એ પુણ્ય હતા. અમે શરીર આવું .. હતું.

'**હું આનો પહેલા હતો; મારું આ ભવિષ્યમાં થશે,...**' બાપુ! આ પુણ્ય કરશું તો ભવિષ્યમાં બધા સારા સાધન મળશે. તેથી લાભ મળશે. કેટલાક એમ કહે કે ભાઈ!

પુણ્ય કરો, સ્વર્ગમાં જાશો, ભગવાન પાસે જવાશે અને ત્યાં સમકિત પમાશે. મૂઢ! નહિ પમાય, સાંભળ. એય..! સેઠી! ભારે વાત આકરી! '**મારું આ ભવિષ્યમાં થશે,...**' બાપા! પુણ્ય કર્યા એ નકામા નહિ જાય. એ આપણને સ્વર્ગ આપશે અને સ્વર્ગમાંથી ભગવાન પાસે જવાય. મૂઢ છો. સંયોગથી આત્માને લાભ ભવિષ્યમાં થશે, એમ માને છો? જડને આત્મા તું માને (છો), આત્માને આત્મા માનતો નથી. લાલચંદજી! શું છે? વાંચ્યું છે કે નહિ તમે? આહાહા..! સમજાય છે ને ભાઈ આ? થોડું-થોડું. સોભાગભાઈને તો ગુજરાતી બરાબર સમજાય છે. એ તો ઘણીવાર આવે છે ને. આહાહા..!

અરે..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' જંગલમાં રહ્યા. ત્યારે તમે બીજાને લાભ આપવા વિકલ્પ શું કરવા કર્યો? લખવાનો. અરે..! સાંભળને હવે. એ વિકલ્પ અમારો છે જ કે દિ'? અને વિકલ્પમાં અમે લાભ માન્યો છે કે દિ'? સાંભળને! મને આ વિકલ્પ થયો તો એમાં પુણ્ય બંધાશે, એમાંથી ભવિષ્યમાં તીર્થંકર થાશું, ઈન્દ્ર થાશું, ભગવાન પાસે જવાશે. માન્યું છે કે દિ' અમે? ... અમે તો કહીએ છીએ કે આ મારું ભવિષ્યમાં વિકલ્પનું ફળ આવશે. એ તો જડ માનનાર છે. જડ માનનારા છે. અમે ચૈતન્ય એને માનતા નથી. આહાહા..! એય..! વજુભાઈ! હવે આમાં કાંઈ નમતું મૂકાય એવું છે કે નહિ થોડું? બે ભાગ પાડો, એક જણો કહે. સોનગઢવાળા કહે છે 'કાનજીસ્વામી' કહે છે અને અમે કહીએ એમાં થોડું-થોડું.. એ થોડાક આમ ચાલે અને અમે થોડાક આમ ચાલીએ પછી ભેગા થઈ જાશું. પંડિતજીને કીધું, ના પાડો આમાં આપણે. કો'ક એમ કહેતા. ઓલા નહિ? પૂનમચંદ એય તમારા? પૂનમચંદ ઘાંસીલાલ. નહિ? ઓલા કાળા પત્થરનું મંદિર કરાવે છે ઘણા વર્ષથી. એ એક ફેરી કહેતા હતા. એવું સાંભળ્યું છે અહીં હોં! 'કાનજીસ્વામી' કહે છે એ થોડું નમતું મૂકે અને આ લોકો થોડું નમતું મૂકે તો બે ભેગા થઈ જાય. આમાં નમતું શી રીતે મૂકવું?

અહીં તો ચોખ્ખી વાત છે કે કોઈ ભવિષ્યમાં આ હું પુણ્ય બાંધું છું, પુણ્ય છે એ મારા વર્તમાન માને એ મૂઢ છે અને એનાથી ભવિષ્યમાં મને કાંઈ લાભ થશે એ માનનારો મૂઢ છે એમ માને છે, કહે છે. હવે એમાં નમતું શી રીતે મૂકવું? એય..! વાડીભાઈ! દાંત કાઢે છે અમારે સેઠી! આ મીઠાલાલને નાખો વચ્ચે, બહુ મીઠા માણસ છે. હળવે હળવે ફૂંકે, હળવે હળવે આમ આમ કર્યા કરે. પણ મીઠાલાલજી કોને કહે?

ભગવાન! બાપુ! તું કોણ છો? ભાઈ! તારા ચૈતન્યની સ્વતંત્રતાના અંતર સાધનમાં પરની બિલકુલ જરૂર નથી. અને જો પરના સાધનથી માન્યું તો તેં જડને જ આત્મા માન્યો છે, એમ અહીં કહે છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો પોકાર (છે). જીવ અજીવની સત્તા ભિન્ન છે. જીવની સત્તા ચૈત્નય જ્ઞાયક પ્રભુ. તેથી કહે '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' ભગવાન આત્મા તો ઉપયોગ લક્ષણ, જ્ઞાનદર્શન સ્વરૂપવાળો આત્મા છે. એને તું ભૂતકાળમાં રાગવાળો, વર્તમાનમાં અને ભવિષ્યમાં રાગથી અને સંયોગથી લાભ માન, ભગવાન!

તેં આત્માને માન્યો નથી. આહાહા..! ઓલાને એવું સારું લાગે એમ કે આમ કરશો તો આમ થાશે. આમ કરશો તો આમ થાશે. પછી દાખલો આપે 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો. જુઓ! કાંઈક પુણ્ય કરશે તો નિમિત્ત મળશે તો સંસ્કાર રહેશે તો વળી પામી જશે. પણ પામશે તો આત્માથી કે એનાથી? સાંભળને. સમજાણું કાંઈ? એ દાખલો આપે 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો. એક દાખલો છે ને.

**'મારું આ ભવિષ્યમાં થશે,...'** આપણા ભાવ કર્યા હશે એ અલેખે નહિ જાય. એ શુભ-અશુભ.. સમજ્યા? અલેખે નહિ જાય. ભવિષ્યમાં આપણને સગવડતા મળશે. પૈસા-બૈસા મળે. શરીર નિરોગી મળે, લ્યો! શરીર નિરોગી મળશે તો ધર્મ થાય. સરોગી મળે તો થાય? માટે આપણે કાંઈક કરીએ તો શરીર નિરોગી મળશે. એથી એ માનનારો, હું આ ભવિષ્યમાં મારું થશે એમ અચેતનને પોતાનું માને છે. સેઠી! અરે..! રોગ કે અરોગ એ જડની અવસ્થા છે. એ તને ક્યાં લાભ-અલાભમાં નુક્સાન કરે છે?

સાતમી નરકનો નારકી મહા પીડા જેની, ૨૫-૨૫ નરકમાં સંયોગની પ્રતિકૂળતાનો પાર નહિ. પ્રતિકૂળતા કોણે ગણી છે? એમાં જ અંદર ઉતરે છે ફડાક! પરની ઉપેક્ષા કરી, સ્વની અપેક્ષામાં ઉતરી જાય છે. ૨૫-૨૫ નરકે સમ્યગ્દર્શન પામે છે. એ આત્માના પુરુષાર્થથી પામે. એને બહારના પ્રતિકૂળ સાધન તો આટલા હતા. શું છે? એ સાધન શું તને કરે છે? રોકે છે? એમ કોઈ માને કે પાપની પ્રતિકૂળતાના સાધનોમાં આત્મા નિવૃત્તિ નહિ લઈ શકે તો એ અચેતનને જ જીવ માને છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? કોણ જાણે ઓલા શાંતિભાઈ આવે તો વળી કાંઈક હશે એમાં. કહો, સમજાણું આમાં? આહાહા..! આમાં આટલું ભર્યું હશે! આ તો થોડું એટલું કહેવાની શક્તિ છે.

સચેત-અચેત અને મિશ્ર ભૂતકાળના, વર્તમાન કે ભવિષ્યના. રાગથી માંડીને બધું આવે. પછી એને જેટલો ઉકેલ કરવો હોય એટલો કરે. મારું આ ભવિષ્યમાં થશે. ભાઈ! કર્યા નહિ જાય. એમ વળી કેટલાક કહે. આ પુણ્ય કર્યા હોય ને કાંઈક એ કર્યા ન જાય. એ દાડીયાની દાડી ન જાય. પોપટભાઈ! દાડીયા સમજો છો? મજૂર. આ દિવસની દાડી નથી કરતા? મજૂરી. શું કહે છે તમારે? આ એક દિવસના દાડીયા. એમ કે એક દિવસનું દાડીયું હોય ને દિવસ કરેલું, એનો દોઢ રૂપિયો કે બે રૂપિયો હોય એ (મળે). પહેલા ચાર આના હતા. હવે બે રૂપિયા થયા. ત્રણ આના, ત્રણ આના હતા. અહીં પથરાનું કામ કરતા હતા. એક દિવસના ત્રણ આના. આ દોઢ રૂપિયો થઈ ગયો. એ એમ કહે, દાડીયાની દાડી ન જાય. મજૂરી કરે એક દિવસની તો એને દોઢ રૂપિયા કે રૂપિયો મળી જાય. દાડીયા દાડી ન જાય. એમ આપણે કાંઈ કરશું એનું ફળ આવશે. અરે..! સાંભળ તો ખરો પણ. એમ બોલે. એવા બોલે કર્યા (લેખે લાગશે). પુણ્ય ગળે વળગ્યું છે. લખાણ એટલા બધા આવે. બાપા! મેળ નહિ ખાય ક્યાંય. હવે શું કહે?

અહીં તો કહે છે કે ભવિષ્યમાં આ મારા પુણ્યથી મને લાભ થશે. સારી સામગ્રી હશે ને તો લાભ થાશે. તો એ સામગ્રીને જ આત્મા માને છે. રાજારામજી! શું કરવું હવે અહીંયાં? બીજા સાથે મેળ નથી ખાતો ને શું કરવું? ઝઘડા થાય છે.

મુમુક્ષુ :- એવી વાત છે તો...

ઉત્તર :- એવી વાત છે. આ તો બાપુ એવી છે. વીતરાગનું ઘર, સર્વજ્ઞના પેટ પરમાત્માની વાત (છે). ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રિકાળ જ્ઞાન થયું. એ ભગવાનની વાણીમાં એ વાત આવી છે. તે જ સંતો કહે છે, એ જ વાત કહે છે. આ છે... આ છે... આ છે... ભાઈ! આહાહા..! સમજાણું?

**'મારું આ ભવિષ્યમાં થશે,...'** કાંઈક.. કાંઈક.. કાંઈક તો મદદ (મળશે). આ સંહનન મજબૂત જોશે ને. વજ્રનારાચ (હશે) તો કેવળ થશે. આ માણસપણું મળશે તો કેવળ થાશે. આર્યપણું મળશે તો કાંઈક ધર્મ સંભળાશે. પણ આર્યપણામાં જન્મ ન થાય ને એમ ને એમ થઈ જશે? હવે સાંભળને. આર્યપણામાં અનંત વાર ઊપજ્યો. એનાથી ધર્મનો લાભ નથી. આ સમવસરણમાં અનંત વાર ગયો એનાથી લાભ નથી, એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- .. દિવ્યધ્વનિ...

ઉત્તર :- દિવ્યધ્વનિ પર છે. પરથી મને લાભ માનનારો, પરને જડને જ આત્મા માને છે, એમ કહે છે. આહાહા..! પોપટભાઈ! વાતું બહુ એવી છે, હોં! આહા..!

ભાઈ! ચૈતન્યના નૂરનું પૂર છોને તું. ચૈતન્યના નૂરના પૂરમાં એ વિકલ્પ શેનો? પરમાત્મા તો ચૈતન્યના નૂરના પૂરનો ભરપુર ભરેલો છે, એને આત્મા કહીએ. એ સિવાય આ રાગ અને રાગનું બંધન અને એના ફળ ભવિષ્યમાં અમને ઠીક પડશે. કાંઈક ઠીક પડશે. આ બાંધી દીધું હોય. હવે એમાં કહે કે તમે ધર્મ કરો. એમ થાતો હશે? ... લેવાનું હોય, કાંઈક આમ હોય તો ધર્મ થાય. મૂઢ છો?

મુમુક્ષુ :- .. એની સાથે સંબંધ નથી.

ઉત્તર :- હા, એની સાથે સંબંધ નથી. એવા આમ ખુલ્લા સાધન હોય તો ત્યાં ધર્મ પામવાને લાયક થાય. અને આમ હોય તો ન થાય. કહે છે કે તું જડને જ આત્મા માને છો. સેઠિયા!

મુમુક્ષુ :- .. લાભ માને તો બધા જડ?

ઉત્તર :- બધા જડ છે. પરની વસ્તુથી લાભ થતા હશે તને? તેથી તો નિમિત્તની મૈત્રી છોડતો નથી. 'પ્રવચનસાર'માં કહ્યું છે ને કે પોતાના જ્ઞાનમાં એ જ્ઞેય નિમિત્ત પડે છે તો એને એમ લાગે છે કે આને લઈને અહીં થાય છે. માટે એની મૈત્રી છોડતો નથી. સમજાણું? એય..! ન્યાલભાઈ! આ બધા જૂના માણસ છે. હવે શું આનું કરવું? આનો નિવેડો શી રીતે કરવો? અત્યાર સુધી આ ૩૦ વર્ષ સુધી રસ ખાધો નહિ. એની ક્રિયાનું કાંઈક ફળ

હશે કે નહિ? કે આ તો 'કાનજીસ્વામી' તો કહે, બિલકુલ નહિ... બિલકુલ નહિ.. નિશ્ચયાભાસ છે ઈ, જાવ. બીજા હોય તો એમ કહે નહિ, રાગની મંદતા હોય તો એના વિના થાય નહિ અને એનાથી થાય. વ્યવહાર પણ એનો સાચો અને નિશ્ચય પણ સાચો. એય..! ભગવાન! આ તો ભગવાન કહે છે, બાપા! સમજાય છે? આ તો ભગવાનના ઘરની વાત છે. આ કાંઈ કોઈના ઘરની વાત નથી. છે તો ઘરની, પણ કોઈની કલ્પનાની વાત નથી. આહાહા..! સેઠી! શું કરવું? મારું આ ભવિષ્યમાં થશે. પણ જો આ મહેન્દ્રભાઈ આવા છે અનુકૂળ તો આવીને મકાન કરાવી દીધું, લ્યો. મકાન કરાવ્યું તો નિવૃત્તિથી ધર્મ થઈ શકે, લ્યો! અને છોકરો એવો પાક્યો હોય તો તો નહિ, બાપુજી આવવું પડશે. પિતાજી અહીં આવો. દુકાને બેસો. ૫૦ હજારનું મકાન કરાવ્યું. લ્યો, પિતાજી જાવ. અહીં રહો અને અહીં મરો. મરો એટલે કે પછી... સેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો એ છે. ઈ પણ મરવું છે ને. દેહ છોડીને સમાધિ. ભગવાન આત્મા બિલકુલ ભૂત, ભવિષ્ય અને વર્તમાન, રાગ અને રાગના ફળથી તદ્દન નિરાળો છે. તદ્દન નિરાળો છે. એના ભાનથી મરે તેને સમાધિમરણ કહે છે. બાકી બધા નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નિર્વિકલ્પો અહં... એવો વિકલ્પ એ મારો છે અને એનાથી મને લાભ થાય એ બાળમરણે મરે છે. જડને પોતાનો માનીને મરે છે. રાડ નાખી જાય. નાત બહાર કરે એવા છે. અહીં તો સોગનઢમાં કોઈ નાત રહી નહિ, અહીં કોઈનો વાડો રહ્યો નહિ. જેને ઠીક પડે એ માનો અને ન ઠીક પડે તો કાંઈ નહિ. નહિતર ઓલા વાડામાં રહેવા દે નહિ. નહિ, અમારા સમાજમાં નહિ. પણ પહેલેથી અમે નીકળી ગયા, સાંભળને. વાત તો સાંભળ હજી ચૈતન્યની, તત્ત્વના સત્ત્વની, એના સત્ત્વમાં શું છે? ચૈતન્ય સત્ છે. એના સત્ત્વમાં શું રાગ સત્ત્વ પડ્યું છે? અને એના સત્ત્વના એના ભાવને શું બહારના સાધનથી લાભ થાય એવું પડ્યું છે સત્ત્વ? સમજાણું કાંઈ? બહારના સત્ત્વના સાધનથી અહીં આત્માને લાભ ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં થાય, એવી ચીજ છે નહિ. એ ચીજ એવી નથી.

'**હું આનો ભવિષ્યમાં થઈશ;...**' એ મારા થાશે બધા. અમારા થાશે, અમારા થાશે. અમારાથી જુદા નહિ પડે. કહે છે ને? લાકડીએ માર્યા પાણી જુદા નહિ પડે. અમારા ભાવ કરેલા ફળશે ત્યાં આવીને. મોઢા આગળ આમ હાજરાહજૂર. લ્યો લક્ષ્મી, લ્યો લાડવા, લ્યો બાયડી, લ્યો છોકરા, આ મકાન શું જોવે છે તમારે? હામ-દામ ને ઠામ. એ બધા મળશે. પણ મળે એમાં તને શું મળ્યું? મૂઢ એ તો પર મળ્યું જડ. સમજાણું કાંઈ? એય..! ભીખાભાઈ! શું કરવું આમાં હવે?

મુમુક્ષુ :- જાડું થઈ ગયું.

ઉત્તર :- જાડું થઈ ગયું? આ તો ત્રણે કાળનું..

ભગવાન! તારી બલિહારી છે, બાપા! ભાઈ! તું તો એવો સ્વતંત્ર પ્રભુ છો ને. તારે કોઈપણ વિકલ્પ અને વિકલ્પના ફળમાં સંયોગના સાધનની તને જરૂર નથી. એવી તારી ચીજ છે. આહાહા..! એ માટે આચાર્ય મહારાજ આ સ્પષ્ટ કરે છે.

'**આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.**' આવા જૂઠા વિકલ્પથી એ મૂરખ છે, મિથ્યાદષ્ટિ છે, મૂઢ છે. ભલે દિગંબર સાધુ હો, અગિયાર અંગ ભણેલો હોય પણ આવી જેની માન્યતા છે એ અપ્રતિબુદ્ધ નામ ચૈતન્યના સ્વસંવેદનને જાણતો નથી. સમજાણું કાંઈ? હવે સવળું શું છે એ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૧, સોમવાર, તા. ૨૪-૧૦-૧૯૬૬**
**ગાથા–૨૦થી ૨૨, પ્રવચન નં. ૮૪**

'સમયસાર' ગ્રંથ છે, એમાં જીવ-અજીવ અધિકાર છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજ સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં થયા. સંવત ૪૯માં ભગવાન 'સીમંધર' પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન છે, ત્યાં ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. દિગંબર મુનિ હતા. અને ત્યાંથી આવીને આ 'સમયસાર' આદિ શાસ્ત્ર રચ્યા છે. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્ય' થયા ને? એ સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં થયા. મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા 'સીમંધર' ભગવાન બિરાજમાન છે. તેમના દર્શન કરવા લબ્ધિ હતી તો ત્યાં ગયા હતા. અને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. અને ત્યાંથી આવીને આ 'સમયસાર' આદિ શાસ્ત્ર બનાવ્યા છે. એમાં આ 'સમયસાર'ના જીવ-અધિકારમાં ૨૦થી ૨૨ ગાથા ચાલે છે, જુઓ! નીચે બીજો પેરેગ્રાફ છે.

**'વળી અગ્નિ છે તે ઈંધન નથી,...'** છે નીચે? શું કહે છે અહીંયાં? શિષ્યનો એ પ્રશ્ન હતો કે આ આત્મા અજ્ઞાની છે એમ કઈ રીતે ઓળખાય? આ અજ્ઞાની, આત્માનું ભાન નથી, મૂઢ છે એનું કયુ એવું ચિહ્ન છે કે જેથી ઓળખાય? અને આ આત્મા જ્ઞાની છે-ધર્મી છે તે ક્યા લક્ષણથી ઓળખાય? એવો શિષ્યનો પ્રશ્ન છે. એના ઉત્તરમાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' આ ગાથા કહે છે. એમાં અપ્રતિબુદ્ધ અજ્ઞાની કેવો છે એ તો કાલે ચાલ્યું. હવે આજે જ્ઞાની કેવો હોય છે એની વાત છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનું શું લક્ષણ છે? સોભાગભાઈ! સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનું શું લક્ષણ છે અને ક્યા લક્ષણથી તે ઓળખાય છે, એ અધિકાર અહીંયાં ચાલે છે. સમજાય છે કાંઈ? જુઓ! પહેલા કહે છે, 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ પહેલાં દૃષ્ટાંત આપે છે. મૂળ શ્લોક 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત પહેલા સંવતમાં (થયા તેમના છે). પછી 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ ૯૦૦ વર્ષ પહેલાં દિગંબર મુનિ થયા એમની ટીકા છે. એ ટીકાનું આ હિન્દી છે. પહેલા દૃષ્ટાંત. જ્ઞાની ધર્મી જીવ કઈ રીતે ઓળખાય, એનો પહેલાં દૃષ્ટાંત આપે છે.

**'અગ્નિ છે તે ઈંધન નથી,...'** ઈંધન સમજો છો ને? લાકડી. અગ્નિ છે તે લાકડી નથી. બરાબર છે? અગ્નિ છે ને? અગ્નિ ઈ લાકડી નથી, લાકડી છે તે અગ્નિ નથી. બેય ભિન્ન છે ને? દૃષ્ટાંત નથી સમજતા? સિદ્ધાંત તો પછી આવશે. અગ્નિ છે તે ઈંધન નથી અને ઈંધન છે તે અગ્નિ નથી. પહેલા નાસ્તિથી વાત કરી. હવે અસ્તિ. **'અગ્નિ છે તે અગ્નિ જ છે.'** અગ્નિ છે તે અગ્નિ જ છે. **'ઈંધન છે તે ઈંધન જ છે.'** લાકડી છે તે લાકડી જ છે. અગ્નિ લાકડી નથી અને લાકડી અગ્નિ નથી અને અગ્નિ ઈંધન નથી. **'અગ્નિનું ઈંધન નથી, ઈંધનનો અગ્નિ નથી,...'** અગ્નિની લાકડી નથી અને લાકડીનો અગ્નિ નથી. **'અગ્નિનો**

**જ અગ્નિ છે,...**' .. પહેલા વાત કરે છે. પહેલા સાધારણ વાત કરી પછી વર્તમાન કહે છે. '**અગ્નિનું ઇંધન નથી, ઇંધનનો અગ્નિ નથી, અગ્નિનો જ અગ્નિ છે, ઇંધનનું ઇંધન છે...**' એ વર્તમાન વાત કરી પછી આત્મામાં વિશેષ લેશે. આ તો દૃષ્ટાંત છે ને.

'**અગ્નિનું ઇંધન પહેલાં હતું નહિ,...**' ભૂતકાળમાં અગ્નિની લાકડી નહોતી અને લાકડીની અગ્નિ પહેલા નહોતી. એ નાસ્તિથી વાત કરી. હવે '**અગ્નિનો અગ્નિ પહેલાં હતો, ઇંધનનું ઇંધન પહેલાં હતું; અગ્નિનું ઇંધન ભવિષ્યમાં થશે નહિ...**' ભવિષ્યની વાત કરે છે. અગ્નિની લાકડી ભવિષ્યમાં થાશે નહિ અને '**ઇંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ,-અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઇંધનનું ઇંધન જ ભવિષ્યમાં થશે...**' અસ્તિ-નાસ્તિથી વાત કરી છે.

'**આ પ્રમાણે જેમ કોઈને અગ્નિમાં જ...**' અગ્નિમાં જ '**સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય તે...**' લૌકિક સમજુ કહેવાય છે. અગ્નિમાં અગ્નિ અને લાકડીમાં લાકડી એમ જાણનારો (સમજુ કહેવાય છે). ત્રણ કાળમાં અગ્નિ તો અગ્નિ જ છે, ઇંધન ઇંધન જ છે. ભૂતકાળમાં પણ અગ્નિ લાકડીની થઈ નહોતી અને લાકડી અગ્નિની થઈ નહોતી. એમ યથાર્થ જાણે તેને લૌકિક સમજુ કહેવામાં આવે છે. સમજુ કહે છે ને? પ્રતિબુદ્ધ-શાણા. એને લૌકિક સમજુ કહેવામાં આવે છે. હવે ધર્મી સમજુ કોને કહે છે? પેલું તો દૃષ્ટાંત આપ્યું. હવે જરી સૂક્ષ્મ પડશે.

'**આ પ્રમાણે...**' સમ્યગ્દૃષ્ટિ જીવ-ધર્મી જીવ-સમ્યગ્જ્ઞાની જીવ એમ માને છે કે '**હું આ પરદ્રવ્ય નથી,...**' હું, પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર આદિ પરદ્રવ્ય છે, એ પરદ્રવ્ય હું નથી. સમજાય છે કાંઈ? સોભાગભાઈ! છે? '**આ પ્રમાણે...**' એ તો દૃષ્ટાંત આપ્યો. '**હું આ પરદ્રવ્ય નથી,...**' સમ્યગ્દૃષ્ટિ ધર્મી એને કહે છે કે તે પોતાથી (ભિન્ન) પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર અને કર્મના ફળરૂપ બાહ્ય સંયોગ એ પરદ્રવ્ય હું નથી એમ માને છે. પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ પણ પરદ્રવ્ય છે, એ આત્માના નહિ. સમજાય છે કાંઈ? આસ્રવતત્ત્વ છે. અશુદ્ધ છે અને આસ્રવતત્ત્વ છે. તો આસ્રવતત્ત્વ એ આત્મતત્ત્વ નહિ. સમજાય છે કાંઈ? ઇંધનની અગ્નિ કદી થઈ નથી અને અગ્નિનો ઇંધન કદી થયો નથી. એમ ધર્મી પોતાને એમ જાણે છે કે '**હું આ પરદ્રવ્ય નથી,...**' હું આ પુણ્ય-પાપના ભાવ અને કર્મ, શરીર કદી નથી.

મુમુક્ષુ :- કદી નથી એનો શું અર્થ?

ઉત્તર :- હવે આવશે, ત્રણ કાળ આવશે. અહીં તો પહેલાં સામાન્ય વાત કરે છે.

'**હું આ પરદ્રવ્ય નથી,...**' પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, કામ, ક્રોધના ભાવ બેય પુણ્ય-પાપ આસ્રવતત્ત્વ છે. તો અહીંયાં આસ્રવતત્ત્વને ધર્મી પોતાથી પર ભિન્ન જાણે છે. સમજાય છે કાંઈ? જે પરદ્રવ્ય છે તેને પોતાના માને

તો એ મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે.

મુમુક્ષુ :- પૈસા...

ઉત્તર :- પૈસા-ફૈસા કે દિ' એના હતા? પૈસા જુદા જડના છે. સોભાગભાઈ! પૈસા તો જડના છે, અજીવના છે. એ તો પુદ્ગલ છે, પૈસા તો પુદ્ગલ છે, શરીર પુદ્ગલ છે, કર્મ પુદ્ગલ છે, વાણી પુદ્ગલ છે. એ તો જડ છે. અહીંયાં તો આત્મામાં થવાવાળા શુભજોગ અને અશુભજોગ જે આસ્રવતત્ત્વ છે તેને પણ અહીંયાં પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે. બરાબર છે? સમજાય છે કે નહિ? ભાઈ! જુઓ! આ સમ્યગ્દષ્ટિ એને કહે છે કે પુણ્ય-પાપના શુભ-અશુભભાવ, કર્મ, શરીર અને પુણ્ય-પાપના બાહ્ય ફળ, પ્રતિકૂળ-અનુકૂળ સંયોગ, એ બધું હું નથી, એ પરદ્રવ્ય છે. શું કરવું આમાં? આ તો સાથે ને સાથે રહે છે. સાથે ભલે હોય, આ તો જડ માટી ધૂળ છે. આ તો માટી પુદ્ગલ છે, જડ છે. વાણી પણ પુદ્ગલ છે, કર્મ પણ અજીવ પુદ્ગલ છે. પણ એના લક્ષે પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ થયા એ જેમ અગ્નિની લાકડી નથી, એમ આત્માના પુણ્ય-પાપ ભાવ નથી. આત્મા તો જ્ઞાનાનંદ ઉપયોગ તે આત્મા છે. અજ્ઞાની એમ માને છે કે પુણ્ય-પાપ મારા છે અને એનાથી મને લાભ થશે અથવા પુણ્ય-પાપમાં જેની સુખબુદ્ધિ છે કે એનાથી મને સુખ મળશે અને પુણ્ય-પાપમાં હિતબુદ્ધિ છે, એ જીવને અજીવ માને છે.

ફરીને કહીએ. જીવ-અજીવ અધિકાર છે. માથે જીવ-અજીવ અધિકાર છે. ધર્મીજીવ પોતાને જ્ઞાનમૂર્તિ ચૈતન્યસ્વરૂપ જ્ઞાતા-દષ્ટા આનંદકંદ આત્મા છે એમ માને છે. અને મારાથી ભિન્ન જે પુણ્ય-પાપના ભાવ (છે)... જુઓ! '**હું આ પરદ્રવ્ય નથી**' પરદ્રવ્યની વ્યાખ્યા આ છે. સચેત સ્ત્રી-પુત્ર આદિ, અચેત લક્ષ્મી આદિ, મિશ્ર-ઝવેરાત સહિતની સ્ત્રી આદિ અને અંદરમાં સચેત રાગ, અચેત કર્મ એ બધી મારી ચીજ નહિ, એ તો પરદ્રવ્ય છે. મારી ચીજ હોય તો મારાથી કદી જુદી પડે નહિ. જુદી પડે એ મારી નહિ. સમજાય છે કાંઈ? કહે છે કે '**હું આ પરદ્રવ્ય નથી,...**'

મુમુક્ષુ :- ભિન્ન પડે ત્યારે નહિ ને.

ઉત્તર :- અત્યારે નથી. જુદી તો જુદી જ છે. એ ક્યાં ધૂળ ગરી ગઈ છે? ચૈતન્યમૂર્તિ જ્ઞાયક આત્મા છે. જ્ઞાનસ્વરૂપી.. ઈ ૨૪ ગાથામાં આવશે. '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' ભગવાને તો ઉપયોગ ચૈતન્યમૂર્તિ જ્ઞાન-દર્શનનો પિંડ ભગવાન આત્મા છે, એમ જોયું છે. દેહમાં બિરાજમાન ભગવાન ભગવાન સર્વજ્ઞે એવો જોયો છે કે કર્મ, શરીર આદિને તો ભગવાને અજીવ જોયા છે અને પુણ્ય-પાપના ભાવને તો ભગવાને આસ્રવ જોયા છે. ભગવાને એને આત્મ સ્વરૂપે જોયા નથી. બરાબર છે? ભગવાન તો '**सव्वण्हुणाणदिट्ठो**' ભગવાને તો આત્માને જ્ઞાન, આનંદ અને શુદ્ધ સ્વભાવનો પિંડ જોયો છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞનું જ્ઞાન આધારમાં લેવાય?

ઉત્તર :- ન લેવાય? તો આ શું કહે છે? '**सव्वण्हुणाणदिट्ठो**'. ૨૪માં આવશે, '**सव्वण्हुणाणदिट्ठो**' ભગવાનના જ્ઞાનમાં તો એમ જોવામાં આવ્યું છે કે '**उवओगलक्खणो णिच्चं**' ભગવાન આત્મા જાણન-દેખન સ્વભાવનો ભરેલો પુર, નુરથી ભરેલો આત્મા છે. એમાં કોઈ શુભાશુભ ભાવ નથી. એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. શુભભાવને ઊડાડે છે, એ આત્મા નહિ. શુભજોગનો ભાવ છે ને? શુભજોગ, એ આત્મા નહિ, એમ કહે છે. કેમકે એ તો આસ્રવ છે. આસ્રવ છે એ આત્મા નહિ. સાત તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ સાત તત્ત્વ છે કે નહિ? તો સાતમાં એક અજીવતત્ત્વ ભિન્ન છે, જીવતત્ત્વ ભિન્ન છે, આસ્રવતત્ત્વ ભિન્ન છે. જો ભિન્ન ન હોય તો સાત (ભેદ) પડે કેવી રીતે? સમજાય છે કાંઈ? ભાઈ! આજે તો થોડી થોડી હિન્દી ચાલે છે. ગુજરાતી જરી એને (સમજાતું નથી).

વાત ઈ છે કે અનંત કાળમાં એણે એની ઓળખાણ કરી નથી. અનંત અનંત કાળ થયો. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,' આવે છે કે નહિ? ઈ 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.' આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય છે, પુણ્ય-પાપના ભાવથી રહિત છે એવો એણે કદી અનુભવ કર્યો નથી. અને એ અનુભવ કર્યા વિના એને કદી સુખ ને શાંતિ ને ધર્મ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' મહારાજે શ્લોક કર્યા એની ટીકા કરે છે, સ્પષ્ટીકરણ કરે છે. ટીકા નામ સ્પષ્ટીકરણ કરે છે. પહેલા એ શબ્દ લીધો, '**હું આ પરદ્રવ્ય નથી,...**' મિથ્યાદૃષ્ટિ જૈન સંપ્રદાયમાં રહેવા છતાં જે કોઈ પુણ્ય-પાપના ભાવ મને હિતકર છે, મને સુખકર છે, મારા છે એમ માનનાર, ભગવાન કહે છે કે એ અજ્ઞાની મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. રામસ્વરૂપજી! આહાહા..! છે શું? ધર્મીએ પોતાના આત્માને કર્મથી, શરીરથી અને શુભાશુભ ભાવથી ભિન્ન પ્રતીતિમાં, અનુભવમાં લીધો છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ 'હું આ પરદ્રવ્ય નથી' એમ માને છે. શુભ-અશુભભાવ અને '**આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,...**' અસ્તિ-નાસ્તિ એમાં ને એમાં કહે છે. પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ, કર્મ, શરીર હું નથી, હું એ નહિ '**આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,...**' પુણ્ય-પાપના ભાવ, કર્મ એ મારા આત્મસ્વરૂપે નથી. મુજસ્વરૂપ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હજી અસ્તિ-નાસ્તિ એકની વાત કરે છે. '**હું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,...**' એકની વાત. હજી અસ્તિમાં પછી કહેશે. હજી નાસ્તિમાં બે બોલ લીધા. નાસ્તિમાં શું લીધું? હું આ પુણ્ય-પાપના ભાવ, કર્મ નથી અને પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર મુજસ્વરૂપ નથી. મારા સ્વરૂપમાં એ છે જ નહિ. સમજાય છે કાંઈ? એ નાસ્તિથી

વાત કરી. હવે અસ્તિથી કરે છે.

**'હું તો હું જ છું,...'** હું તો હું જ છું. ધર્મી સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો ગૃહસ્થાશ્રમમાં હો કે મુનિ ત્યાગી હો, પણ એ સમ્યગ્દૃષ્ટિ પોતાને એમ માને છે કે **'હું તો હું જ છું,...'** હું તો ચૈતન્ય જાણનાર-દેખનાર સ્વભાવ તે હું, હું જ છું. **'પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે;...'** એ પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર અને સ્ત્રી, કુટુંબ આદિ બાહ્ય (પદાર્થ) એ તો પરદ્રવ્ય જ છે. પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે. સમજાય છે કાંઈ? એમાં ને એમાં બે-બે બોલ નક્કી કરે છે. પેલામાં તો નાસ્તિની વાત હતી ને. અહીં તો અસ્તિની વાત કરે છે. કાલે નાસ્તિની આવી હતી. અહીં તો હવે પ્રતિબુદ્ધનું લક્ષણ-સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ શું? આ ધર્મી છે એનું શું ચિહ્ન છે કે જે ચિહ્ન દ્વારા એ સમ્યગ્દૃષ્ટિ ઓળખાય છે?

એનું લક્ષણ એ છે કે હું એ પરદ્રવ્ય નથી, એ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી. ત્યારે છું કોણ? **'હું તો હું જ છું, પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે;...'** સમજાય છે કાંઈ? ઈ સામાન્ય વાત કરી હજી તો. સામાન્ય સમજાય છે? સંક્ષેપમાં સામાન્ય વાત કરી. હવે પછી ત્રણ કાળ ઉતારશે. ત્રણ કાળ હવે ઉતારશે, પહેલા સામાન્ય. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, આઠ વર્ષની બાલિકા હો કે દેડકો હો, મંડુક હો. દેડકો કહે છે ને? મંડુક-મેંઢક, એ પણ સમ્યગ્દર્શન પામે છે. ભગવાનના સમવસરણમાં જાય છે તો સમ્યગ્દર્શન પામે છે. અને અઢી દ્વિપ બહાર સમ્યગ્દૃષ્ટિ અસંખ્ય અત્યારે છે. પશુ. અઢી દ્વિપ બહાર સ્વયંભૂરમણ સમુદ્ર આદિમાં અસંખ્ય જ્ઞાની સમકિતી પશુ છે. તો એ સમ્યગ્દૃષ્ટિ ધર્મીનું ચિહ્ન શું? એવી કોઈ ક્રિયા કરે એ કોઈ ચિહ્ન છે? નહિ. એનું ચિહ્ન શું છે? લક્ષણ શું છે? કે એ એમ માને છે કે હું તો હું જ છું. હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું અને પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે. આહાહા..!

પહેલા કહ્યું હતું કે હું આ પરદ્રવ્ય નથી. એમ કહ્યું હતું. પછી આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી, કહ્યું હતું. નથીથી લીધું હતું. પછી અસ્તિથી લીધું છે. હું તો હું જ છું અને પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય છે. આહા..! અંતર આ સમજવાની કોઈ દિ' મહેનત જ કરી નથી. અનંત કાળ થયો ચોર્યાશી લાખ (યોનિમાં) રઝળતા રઝળતા મરી ગયો એમાં. અબજોપતિ પણ અનંત વાર થયો, ભિખારી અનંત વાર થયો, નરકમાં નારકી અનંત વાર થયો, નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. સમજાય છે કાંઈ? પણ પોતાની મૂડી શું છે, અંદર શું ચીજ છે એને કદી એક સમય પણ ઓળખી નથી. બરાબર છે? સોભાગભાઈ! પોતાની મૂડી, હોં! પૈસાની મૂડી એ ધૂળની છે. મૂડી છે કે નહિ? શું છે? એ પુદ્‌ગલ છે, માટી છે. માટી પોતાની મૂડી ક્યાંથી થઈ? પોતાની હોય તો પોતાની સાથે રહે. ધૂળ પોતાની છે નહિ.

અહીં તો ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્માએ કહેલું સંતો દિગંબર મુનિ જગત પાસે આત્મખ્યાતિ પ્રસિદ્ધ કરે છે. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્મપ્રસિદ્ધિ. આત્મા કોને કહેવો? કહે છે કે હું આ પરદ્રવ્ય નથી, પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી, હું તો હું આત્મા આનંદકંદ જ્ઞાયક

છું અને પરદ્રવ્ય જે પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત પરિણામ તે બધા પરદ્રવ્ય તે પરદ્રવ્ય જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ સામાન્ય વાત કરી હતી, હવે ત્રણ કાળ લે છે, ત્રણ કાળ.

**'મારું આ પરદ્રવ્ય નથી,...'** વર્તમાનમાં. ધર્મી જાણે છે કે **'મારું આ પરદ્રવ્ય નથી,...'** વર્તમાનમાં પુણ્ય-પાપ ને શરીર એ મારું નથી. **'મારું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્યનો હું નથી,...'** પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ, કર્મ, શરીર અને કર્મનું ફળ એ પરદ્રવ્ય હું નથી. એ નાસ્તિથી લીધું છે, ભાઈ! વર્તમાન નાસ્તિથી. હવે વર્તમાન અસ્તિથી. આહાહા..! ટીકા કેટલી સ્પષ્ટ કરી છે!

મુમુક્ષુ :- બહુ સ્પષ્ટ.

ઉત્તર :- બહુ સ્પષ્ટ છે, ભાઈ! લ્યો. બહુ સ્પષ્ટ છે.

ભગવાન! તું કોણ છો? તને તારી ખબર નથી અને તને ધર્મ થઈ જશે? ખબર વિના ક્યાંથી ધર્મ થશે? ઈ કહે છે, ભગવાન! દિગંબર સંત ૯૦૦ વર્ષ પહેલાં 'અમૃતચંદ્રાચાર્ય' થયા. એમની આ ટીકા છે. મૂળ શ્લોક તો 'કુંદકુંદાચાર્ય'ના છે. સંવત ૪૯માં ભગવાન 'કુંદકુંદ' (મહાવિદેહમાં ગયા હતા). મંગલં ભગવાન વીરો, નથી આવતું? 'મંગલં ભગવાન વીરો, મંગલ ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો'. મહાસમર્થ પુરુષ એ તો. ભગવાન પાસે સાક્ષાત્ ગયા હતા. 'સીમંધર' પરમાત્મા પાસે. મદ્રાસથી એંસી માઈલ દૂર એક પોન્નુર હિલ છે. જોયું છે? મદ્રાસથી એંસી માઈલ દૂર આ બાજુ એક પોન્નુર હિલ ટેકરી છે. વંદેવાસ નામનું નાનું ગામ છે. ત્યાંથી પાંચ માઈલ દૂર ટેકરી છે. ત્યાં 'કુંદકુંદાચાર્ય' ધ્યાનમાં રહેતા હતા. ૨૦૦૦ વર્ષ પહેલા. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. ટેકરી છે. ત્યાં અમે બે વાર ગયા છીએ. હવે થોડા મકાન પણ થયા છે. મદ્રાસથી એંસી માઈલ દૂર એક વંદેવાસ નામનું દસ હજારની વસ્તીવાળું એક નાનું ગામ છે. ત્યાંથી પાંચ માઈલ દૂર ટેકરી છે-પોન્નુર હિલ. પોન્નુર નામ સોનું. સોનાની ટેકરી. અંગ્રેજીમાં પોન્નુરને સોનું કહે છે-સુવર્ણ. એનું નામ ટેકરી એવું છે. ત્યાં 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા ધ્યાનમાં રહેતા હતા. નાની નાની ગુફા છે પણ એ તો હવે નાની થઈ ગઈ. અમે બધું જોયું છે. અને ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર 'સીમંધર' ભગવાન પાસે જાત્રા કરી. સમજાય છે કાંઈ?

કહે છે, સમ્યગ્દૃષ્ટિ પોતાને કેવો ઓળખે છે અને જાણે છે? અને બીજાને કેવી રીતે ઓળખાય? ઈ એમ માને છે કે **'મારું આ પરદ્રવ્ય નથી...'** વર્તમાનમાં એ પુણ્ય-પાપ મારા નથી. અને એ પરદ્રવ્યનો હું નથી. પુણ્ય-પાપ આસ્રવતત્ત્વ અને કર્મતત્ત્વનો હું નથી. એ પુણ્ય-પાપ આસ્રવતત્ત્વ અને કર્મતત્ત્વ મારા નહિ અને હું ઈ નહિ. આહાહા..! અરે..! સમજાય છે કે નહિ? એ તો નાસ્તિથી કહ્યું. વર્તમાન નાસ્તિથી કહ્યું, ભાઈ!

હવે '**મારો જ હું છું,...**' એ વર્તમાન અસ્તિથી કહે છે. '**મારો જ હું છું,...**' હું તો જ્ઞાન અને શુદ્ધ આનંદકંદ છું. હું જ્ઞાયક સ્વભાવના નુર, ચૈતન્ય સ્વભાવના નૂરથી ભરેલો ભરપૂર છું. હું ચૈતન્ય છું, પુણ્ય-પાપ આદિ હું નથી. વર્તમાનમાં હું નથી, પણ હું તો ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છું. મારામાં પુણ્ય-પાપ, શરીર વર્તમાનમાં નથી. વર્તમાનમાં નથી ... સમજાય છે કાંઈ? કોઈ કહે કે જ્યારે છૂટશે ત્યારે થશે. એમ નહિ. આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શરીર નહિ, પુણ્ય-પાપ વિનાનો આત્મા છે. શરીર તો ધૂળ રહી ગઈ. આ તો માટી છે, અજીવ પુદ્ગલ છે. આ તો અજીવતત્ત્વ પુદ્ગલ માટી ધૂળ છે. આ ક્યાં આત્મા છે? આ તો માટી ધૂળ છે. સ્મશાનની રાખ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે સ્મશાનની રાખ થશે થોડા દિવસમાં. રાખ જ છે. શાસ્ત્ર મડદું જ કહે છે. એમાં કહે છે, જુઓ! ૯૬ ગાથામાં. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે આ મડદું છે. ૯૬ ગાથામાં આવે છે. સમજાય છે કાંઈ? ૯૬ ગાથા છે કે નહિ? ૯૬. કાઢો તમારે જોવી હોય તો. આ 'સમયસાર'માં તો ઘણું ભર્યું છે. બધો માલ ભર્યો છે. માલ જ માલ ભર્યો છે. ૧૭૦ પાનું. ક્યા કહતે હૈં? ૧૧૭? અમારે કાઠિયાવાડીમાં ૧૭૦ કહે છે. ૧૭૦. નીચે છેલ્લી બે લિટી. '**અને મૃત ક્લેવર (–શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો...**' છે? છેલ્લી લીટી છે. ૧૭૦ (પાનું). બીજી આવૃત્તિ છે, ઠીક! '**મૃત ક્લેવર (–શરીર) વડે...**' પહેલામાં ક્યાં છે બોલોને પણ. ક્યુ પાનું છે? '**મૃત ક્લેવર (–શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' શું કહે છે? કે આ મૃતક ક્લેવર છે, વર્તમાન. મૃતક ક્લેવર છે–આ શરીર. પોતે પરમ અમૃત ભગવાન આત્મા છે. પરમ અમૃતરૂપ ભગવાન, પરમ અમૃત અતીન્દ્રિય આનંદ રૂપ આત્મા મૃતક ક્લેવરમાં અનાદિથી મૂર્છાયો છે. મૂર્છાને કારણે પુણ્ય-પાપ અને શરીરની ક્રિયા મારી છે, એમ મૂઢ જીવ એનો કર્તા પ્રતિભાસે છે. શેઠિયા! જુઓ!

અહીં મૃતક, આ અમૃત. એવા શબ્દ છે. 'અમૃતચંદ્રાચાર્ય' છે ને? ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' આમ ગુલાંટ મારે છે, આ મૃતક, અમૃત. આત્મા અમૃતસ્વરૂપ છે, આત્મા અમૃત આનંદસ્વરૂપ છે અને આ મૃતક ક્લેવર છે. એ શબ્દની રચના (એવી કરે છે). આ મૃતક ક્લેવર અજીવ છે કે જીવ છે? આ અજીવનું દ્રવ્ય અજીવ, અજીવના ગુણ અજીવ, અજીવની પર્યાય અજીવ. ત્રણે અજીવ છે.

મુમુક્ષુ :- પણ મરી ગયા પછી ને.

ઉત્તર :- મરી ગયેલું જ છે. આમાં કે દિ' જીવ હતો? જીવ તો ભિન્ન છે. એ તો ચૈતન્યમૂર્તિ ભિન્ન છે. શરીરને આત્મા કદી અડ્યો જ નથી. કેમકે શરીર જડ છે, ભગવાન

અરૂપી છે આત્મા. શરીરને અડ્યો જ નથી. મૂઢ માને છે કે શરીરને હું અડ્યો છું અને શરીર મારું છે. એ તો મિથ્યાદષ્ટિનું લક્ષણ બતાવે છે. સમજાય છે કાંઈ? ચાહે તો ધર્મની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ કરે પણ એ પરિણામ અને શરીરની ક્રિયા મારી, મૂઢ છે-મિથ્યાદષ્ટિ છે. તને ધર્મની ખબર નથી. સમજાય છે કાંઈ?

**'મારો જ હું છું, પરદ્રવ્યનું પરદ્રવ્ય છે...'** એ વર્તમાનમાં લીધું. હવે ભૂતકાળમાં લ્યે છે. ભૂતકાળ. અધિકાર ચાલે છે ઈ. ચાલે છે ને? ૨૦, ૨૧, ૨૨ ગાથા. શું આવ્યું? **'આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...'** આહાહા..! ૨૦થી ૨૨ ગાથા ચાલે છે ને ઈ. શું કહે છે? પહેલા વર્તમાનમાં લઈ લીધું. ધર્મીજીવ પોતાને વર્તમાનમાં, વર્તમાનમાં પુણ્ય-પાપ મારું સ્વરૂપ છે એમ માનતો નથી. પુણ્ય-પાપને પરદ્રવ્ય માને છે અને એ મારા સ્વરૂપમાં નથી, એમ માને છે. **'આ પરદ્રવ્યનો હું પહેલા હતો નહિ...'** ગતકાળમાં પુણ્ય-પાપના ભાવનો, કર્મનો, શરીરનો હું ભૂતકાળમાં કદી નહોતો. અગ્નિ લાકડીની ભૂતકાળમાં કદી થઈ નથી. એમ હું ચૈતન્ય-અગ્નિ જ્ઞાયકસ્વરૂપ છું એ ભૂત નામ ગતકાળમાં પુણ્ય-પાપ અને કર્મ, શરીરનો હું થયો જ નથી. સમજાય છે કાંઈ? બહુ સૂક્ષ્મ વાત છે આ. લોકોએ માની નહિ, ક્યાંય શીખ્યા નહિ. એમ ને એમ સ્થૂળ દૃષ્ટિથી ચાલ્યા જાય છે અને ધર્મ કરીએ છીએ એમ માને છે. ચીજની ખબર કાંઈ નથી. આહા..!

કહે છે, **'આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,...'** કોણ? ગતકાળમાં પણ નિગોદમાં હો કે ચાહે તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિમાં હો પણ હું તો પરદ્રવ્યનો પહેલા નહોતો. પુણ્ય-પાપનો પહેલા હું નહોતો. ભાઈ! આહાહા..! નિગોદમાં હો તોપણ હું પુણ્ય-પાપનો હતો નહિ, એમ કહે છે. દેવલોકમાં હો તોપણ હું ગતકાળમાં પુણ્ય-પાપનો હતો નહિ. દેવની ઋદ્ધિનો હું હતો નહિ, દેવના શરીરનો હું હતો નહિ. આહા..! સમજાય છે કાંઈ? ખબર ન મળે હું કોણ છું, ક્યાં છું, કેવો છું. કરો ધર્મ. ધર્મ કેમ થાય? ધર્મ કરનાર કોણ છે, કેવો છે એની તો ખબર નથી અને ધર્મ થશે. ક્યાંથી થશે? ધૂળમાંથી થશે?

કહે છે કે ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ દિગંબર સંત ૯૦૦ વર્ષ પહેલાં (થયા) એમની આ ટીકા છે. છે તો 'કુંદકુંદાચાર્ય' મહારાજના શ્લોક. ટીકા કરે છે ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ ભાવલિંગી સંત પરમેશ્વરપદને અનુભવે છે. સમજાય છે કાંઈ? કહે છે કે સમ્યગ્દૃષ્ટિ ચાહે તો ચોથાવાળો હો, પાંચમાવાળો હો કે મુનિ હો પણ સમ્યગ્દૃષ્ટિ તો પોતાને **'આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,...'** એમ માને છે. પહેલાં તો મેં પુણ્ય કર્યા હતાને, પહેલાં તો મેં પાપ કર્યા હતાને, પહેલાં તો મેં પુણ્ય કર્યા હતાને તો હું માણસ થયોને. પણ સમ્યક્ત્વી માને છે કે હું તો કદી પુણ્યરૂપ થયો જ નથી. આહાહા..! શું ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ એ વિકારરૂપ થાય છે? પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. જીવતત્ત્વ શું આસ્રવતત્ત્વ રૂપ થાય છે? સમજાય છે કાંઈ? **'આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,...'** અનંત

કાળ (થયો). નિત્ય નિગોદથી માંડી અનંત ભવમાં નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો ને? પુણ્ય કરીને શુક્લલેશ્યા કરીને નવમી ગ્રૈવેયક ગયો. મિથ્યાદૃષ્ટિપણું રાખીને, આત્માના ભાન વિના.

કહે છે કે જ્યારે આત્માનું ભાન થયું કે હું તો ચૈતન્ય જ્ઞાન શુદ્ધ જ્ઞાતા છું. એ હું પહેલાં પરદ્રવ્યનો હતો નહિ. એ પુણ્ય-પાપનો, શરીરનો, વાણીનો હું કદી હતો નહિ. આહાહા..! જો થયો હોઉં તો એ છૂટે ક્યાંથી? જો હું પરદ્રવ્યરૂપ થયો હોઉં તો હું અત્યારે છૂટ્યો કેવી રીતે? હું પરદ્રવ્ય રૂપ થયો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આ રીતે આ તો જીવ-અજીવની વ્યાખ્યા છે, હોં! હું જીવ, પુણ્ય-પાપ અજીવ, એમ કહે છે અહીંયાં તો. જેમ કર્મ, શરીર અજીવ છે એમ પુણ્ય-પાપમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. શુભ-અશુભભાવમાં ચૈતન્યપ્રકાશનું નુરનો અભાવ છે. રાગ, શુભ-અશુભરાગમાં ચૈતન્યના નૂરનો અભાવ છે. તે અપેક્ષાથી પુણ્ય-પાપને અહીંયાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' અજીવ કહે છે. જેમ શરીર અને કર્મમાં ચૈતન્ય નથી, આ જડ છે, એમ પુણ્ય-પાપમાં ચૈતન્યનું નૂર-પ્રકાશનો અભાવ છે. રાગ પોતાને જાણતો નથી, રાગ જ્ઞાનને જાણતો નથી, રાગ પર દ્વારા જણાય છે. તો અહીંયા કહે છે કે હું એને અજીવ કહું છું. 'કુંદકુંદાચાર્ય' મહારાજ કહે છે કે જેમાં ચૈતન્યના પ્રકાશનું કિરણ નથી એ અજીવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક ગાથા પણ બરાબર સમજે તો ખ્યાલ આવે. પણ સમજવું નહિ ને આમ ને આમ ચાલવું છે. બરાબર છે, ભાઈ! સમજવાની દરકાર નહિ, ચાલો એમ ને એમ. સંસારની વાતની બધી સમજણ કરે, છતાં એ તો મળવું, ન મળવું ભાગ્યાધીન છે, તારા પુરુષાર્થાધીન નથી. પૈસા આદિ ધૂળ મળવી.. ધૂળ.. ધૂળ આ પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ મળે છે ને? ધૂળ. પૂર્વના પુણ્ય હોય તો મળે છે તારા પુરુષાર્થથી કદી મળતી નથી. (ધર્મ) તો પુરુષાર્થથી થાય છે. એમ ભાગ્યથી પુરુષાર્થ થઈ જાય એવું નથી. ધર્મ ભાગ્યથી મળે એવી ચીજ નથી. ધૂળ મળે. સમજાય છે કાંઈ? સોભાગભાઈ! ... મળી ગઈ ધૂળ, જુઓને! પૈસા. કરોડ, બે કરોડ ધૂળ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મળે છે ક્યાં? એની પાસે આવ્યા તો માન્યું કે મને મળ્યા. એવી મમતા તો એની પાસે આવી ને? ચીજ તો ચીજમાં રહી. ચીજ ક્યાં અહીંયા ઘૂસી જાય છે? ચીજ તો ચીજમાં રહી. એની પાસે આવે છે? ભાવમાં માને છે કે મને મળી, મને મળી. વિકલ્પ, રાગ એની પાસે આવ્યો. એ ચીજ આવી નથી.

મુમુક્ષુ :- ચીજ ક્યારે આવશે?

ઉત્તર :- કદી નહિ. ત્રણ કાળમાં નહિ આવે. સમજાય છે કાંઈ? આહાહા..! આ શરીર પણ આત્મામાં આવશે નહિ. આ શરીર તો ધૂળ અજીવ માટી છે, આ તો ઉપર ઉપર

ફરે છે, સ્વતંત્ર દ્રવ્ય છે.

અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, એની ટીકા કરનારા કહે છે, ભાઈ! બાપુ! ધર્મીની ઓળખાણ કરવાનું ચિહ્ન શું? કોઈ એમ કહે કે મારા પૂર્વના પુણ્ય હતાને તો મને લાભ થયો. તો સમજ કે મૂઢ મૂરખ છે. એને આત્માની ખબર નથી. મારા પૂર્વના પુણ્ય હતા તો મને પૈસા મળ્યા. મૂઢ છો. પુણ્ય જ તારા નથી ત્યાં વળી પૈસા તારા ક્યાંથી થયા? એ અજ્ઞાનીને ઓળખવાનું એંધાણ-લક્ષણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- લોકથી તો વિરુદ્ધ છે.

ઉત્તર :- લોકથી તો વિરુદ્ધ જ હોય ને વીતરાગમાર્ગ. આ તો વીતરાગમાર્ગ છે, જગત માને છે એવો લૌકિકમાર્ગ નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા. દિવ્યધ્વનિમાં આવ્યું એને આગમ કહે છે. ભગવાને જાણ્યું એને ધર્મ કહે છે, એ સિવાય દુનિયા માને છે એ કોઈ ધર્મ-ફર્મ છે જ નહિ. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવાય કોઈ સ્થાનમાં, કોઈ માર્ગમાં કોઈ ધર્મ છે નહિ. સમજાય છે કાંઈ? હજી જૈનમાં જન્મેલાને ખબર નથી કે સર્વજ્ઞ શું કહે છે, તો અન્યમાં તો છે જ ક્યાં? સમજાય છે કાંઈ? વેદાંત ને ફેદાંત ને આત્મા એક જ છે, એમ માને છે. એ તો બધા મિથ્યાદૃષ્ટિ, એમાં તો ધર્મ હોય જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. અત્યારે સમવસરણમાં છે. ચોવીસ તીર્થંકર તો સિદ્ધપદને પ્રાપ્ત થયા. આ તો અરિહંતપદમાં બિરાજે છે. 'સીમંધર' ભગવાન હજી અરિહંત-ણમો અરિહંતાણંમાં બિરાજે છે. 'સીમંધર' ભગવાન અહીં છે ને? બધું જોયું ને? મંદિરમાં એ, સમવસરણમાં એ, માનસ્તંભમાં ભગવાન બિરાજે છે. એની પ્રતિષ્ઠા છે. ભગવાન મહાવિદેહક્ષેત્રમાં અરિહંતપદે તીર્થંકરપદે બિરાજે છે. ચોવીસ તીર્થંકર તો મોક્ષપદે સિદ્ધપદ થઈ ગયા. હવે તીર્થંકરપદ છે નહિ. એ તો અશરીરી થઈ ગયા. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાનની વાણીમાં જેવું આવ્યું એ 'કુંદકુંદાચાર્ય'ને તો અનુભવમાં હતું, ચારિત્રવંત હતા, આનંદકંદમાં હતા, વિશેષ સ્પષ્ટ જ્ઞાન થયું તો આ બનાવ્યું. ભગવાન આમ કહે છે ભાઈ! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર વીતરાગ સો ઇન્દ્રિની ઉપસ્થિતિમાં આ કહે છે, દિવ્યધ્વનિ દ્વારા આમ કહેતા હતા. ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં હતી. અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, અર્ધલોકના સ્વામી ઈશાનઇન્દ્ર એમની ભગવાનના સમવસરણમાં હાજરી છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું, ધર્મીજીવ એને કહીએ કે ભૂત નામ ગયો કાળ અનંત થયો, તો અનંત કાળમાં હું કદી પુણ્ય-પાપભાવનો, કર્મનો, શરીરનો થયો જ નથી. સમજાય છે કાંઈ? આહા..!

**'આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ, આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,...'** પરદ્રવ્યનો હું હતો નહિ અને પરદ્રવ્ય મારા પહેલાં હતા નહિ. એમ અરસપરસ લીધું છે.

સમજાય છે કાંઈ? પરદ્રવ્ય જે પુણ્ય-પાપ, કર્મ, શરીર, વાણી એનો પહેલાં ભૂતકાળમાં હું એક સમયમાત્ર નહોતો અને એ પરદ્રવ્ય પહેલાં મારા હતા નહિ. સમજાય છે કાંઈ? પરદ્રવ્યનો હું હતો નહિ અને પરદ્રવ્ય મારા પહેલાં હતા નહિ. કેટલું સ્પષ્ટીકરણ કર્યું છે! સમજાય છે કાંઈ? એ સમજાય એવી વાત છે. એવી કોઈ કઠણ નથી. પણ એની દરકાર કરી નથી. છે, સંસ્કૃત છે. આ તો હિન્દીમાં છે.

**'આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ, આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,...'** પરદ્રવ્યનો હું હતો નહિ, એ મારા થયા નથી. ત્યારે શું થયું છે? **'મારો હું જ પહેલાં હતો,...'** છે? ભાઈ! હું જ મારો (હતો). હું એટલે ચૈતન્યમૂર્તિ, હું તો જ્ઞાયકજ્યોત છું. હું તો મારો જ અનંત કાળમાં હતો. હું કદી રાગ અને શરીર રૂપ થયો જ નથી ને. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ તો હિન્દી છે, આ તો સમજાય એવું છે. ભાવ જરી ઝીણા છે, ભાવ. આહાહા..!

પ્રભુ આત્મા ધર્મી-સમ્યગ્દૃષ્ટિ થાય છે ત્યારે એ રાગથી પૃથક્ પોતાને જાણે છે. વ્યવહાર રત્નત્રય જે વ્યવહાર આવ્યો ને? વિકલ્પ-રાગ, તેનાથી પણ પોતાને ભિન્ન જાણે છે. વર્તમાનમાં ભિન્ન જાણે છે તો ભૂતકાળમાં પણ હું ભિન્ન જ રહ્યો હતો. ભિન્ન જ રહ્યો હતો, એ મારા હતા નહિ, એ મારામાં રહ્યા નહિ. આહા..! સોભાગભાઈ! આ તો સમજાય એવી વાત છે. આ બહુ એવી ઝીણી નથી. એવી સૂક્ષ્મ વાત નથી, સ્થૂળ વાત છે. આહાહા..!

**'મારો હું જ પહેલાં હતો,...'** જુઓ! સમજ્યા? **'મારો જ હું છું, પરદ્રવ્યનું પરદ્રવ્ય છે;...'** સમજ્યા ને? **'આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,-મારો હું જ પહેલાં હતો, પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલાં હતું;...'** એ પુણ્ય-પાપ ને શરીર તો પહેલેથી જ પરદ્રવ્યના હતા. મારા કદી હતા નહિ. આહાહા..! આ ભેદજ્ઞાન.. ભેદજ્ઞાન. આનું નામ ભેદજ્ઞાન, આનું નામ સમ્યગ્જ્ઞાન, આનું નામ સમ્યગ્દર્શન. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે, સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત થતી નથી. એકડા વિનાના મીંડા. કોઈ કિંમત નહિ. આહાહા..!

પરમેશ્વર સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ જિન પરમેશ્વર પરમાત્મા, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક એક સમયની જ્ઞાનની પર્યાયમાં જણાઈ ગયા. એમની ઈચ્છા વિના વાણી નીકળી. ભગવાનને ઈચ્છા હોય નહિ. એ તો વીતરાગ છે, સર્વજ્ઞ છે. ઈચ્છા વિના ૐ ધ્વનિ નીકળી. એને સાંભળીને ગણધરદેવે બાર અંગ રચ્યા. બાર અંગની રચનામાં આ આવ્યું છે. સમજાય છે કાંઈ?

**'મારો હું જ પહેલાં હતો,...'** આહા..! હું જ્ઞાયકમૂર્તિ તો જ્ઞાયકમૂર્તિ જ પહેલા હતો. અને **'પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલાં હતું;...'** ગયા કાળમાં પણ રાગ, પુણ્ય તો મારાથી જુદા જ હતા. હવે ભવિષ્ય. **'આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...'** મારું પુણ્ય-ભવિષ્યમાં શુભભાવ મારો થશે. નહિ. મારી લક્ષ્મી ભવિષ્યમાં થશે, મને શરીર મળશે, મને સંહનન

મળશે, મને સમવસરણ મળશે. એ તો પરદ્રવ્ય છે. **'આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...'** હું ભવિષ્યમાં અલ્પ કાળ પણ જ્યાં રહું ત્યાં સંસારમાં ભલે પણ... છે ને? એ **'પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...'** પુણ્ય પરિણામ ભવિષ્યમાં મારા થશે નહિ. ઓહોહો..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ શુભરાગ છે. તો કહે છે કે ધર્મી શુભરાગ વર્તમાનમાં મારો નથી અને ભવિષ્યમાં શુભરાગ મારો થશે નહિ. આહાહા..! ષોડશ કારણભાવના આવે છે કે નહિ? એ હું નહિ, હોં! નહિ, એ નહિ. જેનાથી બંધન થાય એવા ભાવ વર્તમાનમાં મારા નથી અને ભવિષ્યમાં મારા થશે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? શાંતિથી સ્વાધ્યાય કરે નહિ, મનન કરે નહિ, મિંઢવણી કરે નહિ પછી પોતાની કલ્પનાથી સમજી લે અને માની લે કે ધર્મ કર્યો. એવી વસ્તુ નથી. સમજાય છે કાંઈ? અનંત કાળ વીત્યો. એણે એક સેકંડ પણ રાગથી ભિન્ન ભેદજ્ઞાન કદી કર્યું નથી. સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓને!

સમ્યગ્દૃષ્ટિને તીર્થંકર ગોત્રનો શુભભાવ આવે છે. તો કહે છે કે શુભભાવમાં હું નથી, શુભભાવ મારામાં નથી. આહાહા..! અને એ માને કે મને તીર્થંકર ગોત્ર બંધાય તો મને લાભ થશે. લાભ ક્યાંથી થશે? શુભરાગ જ મારો નથી, મને લાભ ક્યાંથી થશે? સમજાય છે કાંઈ? હું જ મારો પહેલાં હતો. આ તો ભવિષ્યની વાત (ચાલે) છે. **'આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...'** (ભવિષ્યમાં) સમવસરણમાં મને રાગ થશે તે મને નહિ થાય, એમ કહે છે. આહાહા..! ભવિષ્યમાં પણ તમે કેવળજ્ઞાન પામશો અને પછી તમને સમવસરણ થશે અને.. શું કહે છે? ગંધકૂટી (થશે). મને નહિ થાય, મને નહિ થાય. એ તો જડની પર્યાય છે. મારામાં તો કેવળજ્ઞાન થશે એ હું છું. એઈ..! ન્યાલભાઈ! આહાહા..! અરે..! કદી પોતાની શું ચીજ છે અને પોતાથી પરને કઈ રીતે અપનાવું છું એની ખબર નથી.

અહીં તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત મુનિ મહામુનિ ભાવલિંગી પરમેશ્વરનો અંદર સ્પર્શ કર્યો છે. ચારિત્રદશામાં આનંદમાં રમે છે. કહે છે, વિકલ્પ આવી ગયો, શાસ્ત્ર બની ગયું. જુઓ! ભાઈ! એ વિકલ્પમાં હું નથી, હોં! અને શાસ્ત્ર બને છે તેમાં હું નથી. આહાહા..! હું નથી, ત્યાં હું નથી. આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપ છું તેમાં હું છું, હોં! સમજાય છે કાંઈ? મારું ચૈતન્યસ્વરૂપ સનાથ ભગવાનઆત્મા હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપી ભૂતકાળમાં પણ રહ્યો, વર્તમાનમાં પણ એવો જ છું અને ભવિષ્યમાં હું એમ જ રહીશ. આહાહા..!

**'પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...'** સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ હતું, ભાન હતું. ભવિષ્યમાં પુણ્ય-પાપ મારા નહિ થાય. હું પુણ્ય કરીશ ને... પણ પુણ્ય-પાપ મારા જ નથી થવાના પછી કરે કોને? આહાહા..! **'પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ, એનો હું ભવિષ્યમાં થઈશ નહિ...'** એ મારા નહિ થાય, હું પુણ્ય-પાપનો નહિ થાઉં. પુણ્ય-પાપ મારા નહિ થાય, હું પુણ્ય-પાપનો નહિ થાઉં. આહાહા..! ભવિષ્યમાં. સામાન્ય વાત કરીને પછી વર્તમાન,

ભૂત અને ભવિષ્યની વાત કરી. કેટલું સ્પષ્ટીકરણ કર્યું છે! ઓહોહો...! દિગંબર સંત મુનિ જંગલમાં વસનારા જગતની કાંઈ પડી નથી એમને. પણ એવો વિકલ્પ આવી ગયો તો કહે છે, પ્રભુ! એ વિકલ્પમાં હું વર્તમાનમાં નથી, હોં! હું એમાં નથી. હું તો મારા જ્ઞાનસ્વરૂપમાં છું. અને વાણી રચી તો વાણીમાં હું નથી, હોં! વાણીમાં હું નથી આવ્યો અને વાણીમાં હું નથી આવ્યો અને વાણીમાં મારામાં આવી નથી. આહાહા..! કેમ જ્ઞાનચંદજી! કેટલું સ્પષ્ટીકરણ કરે છે! કેટલું યથાતથ્ય! યથાતથ્ય વાત! ત્રિકાળ સર્વજ્ઞથી સિદ્ધ થયેલી પરમાત્માના મુખથી નિકળી એવી વાત સિદ્ધ કરે છે.

ભગવાન! તું આવો છો, તું નક્કી કર. નિર્ણય કર, નિર્ણય કર, નિર્ણય બીજો હોય તો ફેરવી નાખ. આહાહા..! ચક્રવર્તીના રાજમાં કઈ રીતે રહે આવી વસ્તુ હોય તો? રાજમાં ક્યાં છે? સમકિતી ચક્રવર્તીના રાજમાં છે જ નહિ.

મુમુક્ષુ :- શરીરમાં નથી પછી રાજમાં ક્યાંથી હોય?

ઉત્તર :- શરીરમાં નહિ, રાગમાં નથી. ચક્રવર્તીના પદમાં પડ્યો હોય અને જરી અશુભરાગ આવી ગયો એમાં આત્મા નથી માનતા, હું આત્મા એમાં છું જ નહિ. હું એનામાં નથી, ઈ મારામાં નથી. એવું ભેદજ્ઞાન ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિને પણ વર્તે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચક્રવર્તી ઈન્દ્ર....આવે છે કે નહિ? 'ઈન્દ્ર સરખી સંપદા, ચક્રવર્તી કા...' આવે છે ને? ભાઈ! શું છે? 'ચક્રવર્તીકી સંપદા ઈન્દ્ર સરિખા ભોગ, કાગવિટ સમ માનતહૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' આવે છે ને? ભાઈ! એ રાડ નાખે છે, અર..ર..ર..! પુણ્યને વિષ્ટા કહે છે! અરે..! સાંભળને! ભગવાને તો પુણ્યને ઝેર કહ્યું છે. જુઓને! અહીં તો અજીવ કહ્યું છે. મોક્ષ અધિકારમાં પુણ્યને તો ઝેર કહ્યું છે. ભગવાન આનંદકંદ અમૃતમાં પુણ્ય ક્યાંથી આવ્યું? એ તો ઝેર છે. લોકો રાડ નાખે છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતની મૂર્તિ છે ને, પ્રભુ! એ અમૃતની મૂર્તિથી વિરુદ્ધ ભાવ (છે). અહીં લખ્યું છે, ભાઈ! ઓલામાં ટીકામાં. કે રાજસેવક, કોઈ રાજસેવક હોય એ રાજસેવક રાજાના શત્રુનો સંસર્ગ અને પ્રીતિ કરે તો એ રાજાનો આરાધક નહિ. આજે હમણાં જોયું. કીધું, શું છે આમાં? કોઈ રાજનો સેવક રાજાની વિરુદ્ધ શત્રુની સેવા કરે, સંસર્ગ કરે તો રાજાનો આરાધક નહિ. એમ ભગવાન પરમાત્મા ચિદાનંદ સ્વરૂપ, એનો શત્રુ પુણ્ય-પાપના ભાવ વેરી, એનો સંસર્ગ કરે એ પરમાત્માનો આરાધક નહિ. ભાઈ! પંડિતજી! આજે હમણાં જોયું ને. કીધું, 'જયચંદ્ર પંડિતે' શું લખ્યું છે? લ્યો, ઈ જ પાનું નીકળ્યું, જુઓ! ઈ જ પાનું. જુઓ! '**यथा कोपि**' 'જયસેનાચાર્ય'ની ટીકા છે. '**राजसेवकपुरुषो**' 'જયસેનાચાર્ય' દિગંબર સંત થયા છે એમની ટીકા છે. '**कोपि राजसेवकपुरुषो राजशत्रुभिः**' રાજનો સેવક કહેવરાવે અને રાજના શત્રુનો '**सह संसर्ग कुर्वाण**' સંસર્ગ કરે, પરિચય કરે, '**सन् राजाराधको न भवति**' એ રાજનો આરાધક નહિ થાય, રાજાનો સેવક ન કહેવાય.

'**तथा परमात्माऽराधक**' પરમાત્મા પોતાનું ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ પરમઆત્મા એટલે પરમ આનંદકંદ શુદ્ધ જ્ઞાયક તેનો આરાધક પુરુષ '**पुरुषस्तत्प्रतिपक्षभूतमिथ्यात्वरागादिभिः**' ભગવાન આત્માથી વિપરીત મિથ્યા અભિપ્રાય અને રાગ-દ્વેષ આત્માથી વિપરીત છે, પુણ્ય-પાપ. '**रागादिभिः परिणममाणः परमात्माराधको न भवतीति**' એ આત્માનો આરાધક થતો નથી. આરાધક નથી. આહાહા..! ભિન્ન રહીને આનંદથી પરિણમે છે, એમ કહે છે મૂળ તો. સમજાય છે કાંઈ? '**परिणममाणः**' લીધું છે. પુણ્ય-પાપ રૂપે પરિણમે છે એ ચૈતન્યનો આરાધક નહિ. એ આત્માનો વિરોધી ભાવ છે. વિરોધી ભાવથી ભિન્ન પડીને નિજ શુદ્ધ આનંદમાં અને જ્ઞાયકમાં પરિણમે છે, રાગને ભિન્ન રાખીને, એ આત્માનો આરાધક છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ? 'જયસેનાચાર્ય' છે, હોં! 'જયસેનાચાર્ય'ની ટીકા છે. આ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા ચાલે છે. કહો, બરાબર છે કે નહિ?

રાજનો સેવક રાજાના વિરોધીનો સંસર્ગ, પરિચય કરે, લાડવા જમાડે, આવકાર કરે તે રાજાનો વિરોધી છે. એ રાજાનો આરાધક નહિ. એમ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, એના વિરોધી પુણ્ય-પાપ, શરીરાદિ ભાવ, મિથ્યાત્વ.. અહીં તો મિથ્યાત્વ, રાગાદિ ભાવ લીધા છે, મિથ્યા અભિપ્રાય-પુણ્ય મારું છે, પાપમાં મજા છે એવો મિથ્યા અભિપ્રાય અને રાગ-દ્વેષ એ આત્મા ચૈતન્યના વિરોધી છે. એનું પરિણમન કરે તે આત્માનો આરાધક નહિ. સમજાય છે કાંઈ? ઓહો..! આચાર્યોએ દિગંબર સંતોએ તો વાતને એક એકને ફોલવાની જેમ ખુલ્લી કરી દીધી છે. ફોલવા સમજો છો? શું કહે છે? ખુલ્લી.. ખુલ્લી કરી નાખી છે. એક એક વાતને સ્પષ્ટ (કરી છે). આ માર્ગ છે. સમજાય છે કાંઈ? એમાં ગડબડી કર તો તારા ઘરની છે માર્ગ એવો નથી. ન્યાલભાઈ! આહા..!

ભગવાન! ભગવાન તરીકે જીવને બોલાવે છે, હોં! ૭૨ ગાથામાં છે. ભગવાન આત્મા, એમ કહે છે. 'અમૃતચંદ્રાચાર્ય'. ભગવાન આત્મા.. ૭૨ ગાથામાં છે. ૭૨ ગાથા છે ને? ૭૨. ૭૨ને શું કહે છે તમારે? બહત્તર. જુઓ! ૭૨. આસ્રવો શેવાળ-મેલ છે. ટીકા છે. પુણ્ય-પાપના ભાવ તો મેલ છે. જેમ '**જળમાં શેવાળ...**' શેવાળ થાય છે ને? કાઈ. કાઈ મેલ છે એમ આત્મામાં પુણ્ય-પાપ તો મેલ છે. જુઓ! '**આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...**' ટીકા છે, ૭૨ની પહેલી લીટી. તેથી '**અશુચિ છે (-અપવિત્ર છે) અને ભગવાન આત્મા તો...**' એમ પાઠ છે. ૭૨ ગાથાની ટીકા છે. ભગવાન આત્મા તો સદા નિર્મળ છે, પ્રભુ! એ તો અતિનિર્મળ છે, તેને હું આત્મા કહું છું. પુણ્ય-પાપના ભાવ, જેમ જળમાં શેવાળ છે એમ મેલપણે અનુભવાય છે. એ કેમ આત્મા થાય? મેલ આત્મામાં ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ?

અહીં પણ કહે છે કે '**પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ, એનો હું ભવિષ્યમાં થઈશ નહિ...**' એ તો નાસ્તિથી કહ્યું. '**હું મારો જ ભવિષ્યમાં થઈશ,...**' હું મારો

જ ભવિષ્યમાં થઈશ. હું તો જ્ઞાનાનંદસ્વરૂપી મારામાં રહીશ ભવિષ્યમાં. આહા..! '**આ (પરદ્રવ્યનું) આ (પરદ્રવ્ય) ભવિષ્યમાં થશે.**' એના એ થશે. પુણ્ય-પાપના પુણ્ય-પાપ ભવિષ્યમાં થશે, મારો હું થઈશ. મારા એનામાં નહિ, એના મારામાં નહિ.

'**એવો જે સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય છે...**' લ્યો. એવો જે સ્વદ્રવ્ય નામ ચૈતન્ય ભગવાનમાં જ સાચો આત્મવિકલ્પ-નિર્ણય કરે છે, નિર્ણય થયો છે '**તે જ પ્રતિબુદ્ધ...**' જ્ઞાની છે. તે સમકિતી છે. તે જ્ઞાનીનું લક્ષણ છે. તેનાથી જ્ઞાની ઓળખાય છે. એ અધિકાર પૂરો થયો, અહીં પૂરો થયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૨, મંગળવાર, તા. ૨૫-૧૦-૧૯૬૬**
**ગાથા-૨૦થી ૨૨, શ્લોક-૨૨, ગાથા-૨૩થી ૨૫**
**પ્રવચન નં. ૮૫**

૨૦-૨૧-૨૨નો ભાવાર્થ. કોઈ કહે છે ને કે આ 'સમયસાર' છે એ તો છઠ્ઠા ગુણસ્થાન ઉપરના માણસોને માટે છે આ બધું. એમ કેટલાક કહે છે ને ઘણાં? અહીં તો કહે છે કે હજી અપ્રતિબુદ્ધને સમજાવવા માટે વાત છે.

મુમુક્ષુ :- છઠ્ઠા ગુણસ્થાનવાળાને તો...

ઉત્તર :- એ તો થઈ ગયું. હવે એને ક્યાં સમજવું છે? ભાન થઈ ગયું છે. એને ક્યાં સમજવું છે? એ તો ચારિત્રદશા આનંદમાં રમણતા છે. અહીં તો જુઓને આ શું કહે છે? પહેલેથી પ્રતિબુદ્ધિનું લક્ષણ શું એ તો પૂછયું છે. અપ્રતિબુદ્ધ અજ્ઞાની કેમ ઓળખાય, એમ તો પહેલું પૂછયું છે. મિથ્યાદૃષ્ટિ જેને આત્માનું ભાન નથી, અજ્ઞાન છે એની પિછાણ ક્યા લક્ષણે થાય? એ તો પ્રશ્ન છે. અહીં તો જ્ઞાની-અજ્ઞાનીની જ મુખ્યપણે આખા સમયસારમાં વાત છે.

'**ભાવાર્થ :- જે પરદ્રવ્યમાં આત્માનો વિકલ્પ કરે છે...**' એટલે કે આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત છે તેને ભૂલી અને પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગ, દયા, દાન, વ્રત અને કામ, ક્રોધ પરિણામ કે શરીરાદિ-એ મારા એવો જે વિકલ્પ નામ અધ્યવસાય કરે છે એ તો અજ્ઞાની છે. અહીં તો ત્યાંથી વાત લીધી છે. શરૂઆતથી લીધી છે. જે કોઈ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ સર્વજ્ઞે દીઠેલું ચૈતન્યતત્ત્વ... આવશે ૨૩-૨૪માં. એવા આત્માને આત્મા તરીકે અંતર્મુખ નહિ સ્વીકારતા બહિર્મુખથી ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ અને કર્મ અને શરીર એ બધા અમે છીએ. કેમકે ક્યાંક પોતે છે એનું અસ્તિત્વ તો માનવું પડશે ને એને? જે રીતે પોતાની હયાતી જ્ઞાયક સ્વરૂપે છે એ રીતે હયાતી પ્રતીતમાં ન આવે તો ક્યાંક છું, એવી પ્રતીતિ તો એને કરવી પડશે. સમજાય છે કાંઈ? તો કહે છે કે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ઉપયોગ નિત્ય કેવળજ્ઞાન, કેવળદર્શન ઉપયોગ. કેવળ એટલે એકલું જ્ઞાન દર્શન જેનું સ્વરૂપ છે, એવા આત્માને જેણે જાણ્યો નથી, માન્યો નથી એ બીજામાં પોતાપણે માની-જાણીને ટકી રહ્યો છે. કહો, સમજાણું આમાં?

'**જે પરદ્રવ્યમાં...**' એટલે જ્ઞાયકસ્વભાવ એવું સ્વતત્ત્વ, એ સિવાય પરદ્રવ્ય એટલે પુણ્ય-પાપ કર્મ શરીર આદિ, એમાં પોતાપણાનો વિકલ્પ નામ એ હું છું, એમ માને છે એ તો અજ્ઞાની છે. મૂળ વાત છે, મૂળ. '**અને જે પોતાના આત્માને જ પોતાનો માને છે...**' પહેલાં પદમાં એ લીધું છે. પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપે ચૈતન્ય છે, પરિપૂર્ણ શુદ્ધ આનંદ છે એમ જે અંતર્મુખ થઈને જાણે અને ભાસે, ભાવભાસન થઈને જેને અનુભવ છે '**તે**

**જ્ઞાની છે.**' કહો, સમજાણું કાંઈ? બે વાત કરી અહીં તો, અજ્ઞાની અને જ્ઞાનીની. ત્રણ ગાથામાં પાંચ પદ તો અજ્ઞાનીના અને છઠ્ઠું પદ શું? આ ત્રણ ગાથા ગઈને? ત્રણમાં અજ્ઞાનીની વાત કરી અને એક ચોથું પદ. પાંચ પદ અજ્ઞાનીના, છઠ્ઠું પદ એક જ્ઞાનીનું વર્ણવ્યું. એક જ પદથી વાત કરી છે. છેલ્લું નહિ? '**भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो**' સમજાણું કાંઈ? આહાહા..!

ચૈતન્ય મહા ભગવાન શાંત સાગરનો મહા ચૈતન્ય રત્નાકર, એમાં તો એકલા રત્નો જ ચૈતન્ય આનંદ આદિના ભર્યા છે. એમાં કોઈ પુણ્ય-પાપનો વિકલ્પ શરીર-વાણી એમાં છે નહિ. એવા આત્માને પોતાપણે અંતરમાં ન માન્યો, એથી એનું માનવું વિકાર અને પરમાં ગયું તો કહે છે કે એ જે સ્વરૂપ છે તેને ન માનતા, પરનું પોતાનું માન્યું. એ અજ્ઞાનભાવ છે, મિથ્યાત્વભાવ છે, એ સંસારના દુઃખનું મૂળ કારણ છે.

'**અને જે પોતાના આત્માને...**' એટલે જેવું એનું સ્વરૂપ જ્ઞાન-દર્શન-આનંદ આદિ શુદ્ધ (છે) એને અંતર્મુખ થઈને, એનો સ્વાદ લઈને, આસ્વાદ લઈને, અનુભવ કરીને '**આત્માને જ પોતાનો માને છે તે જ્ઞાની છે–**' જ્ઞાનમાં આવેલી ચીજ જાણીને માની છે, તેને જ્ઞાની કહેવામાં આવે છે. એ વાત આવી ગઈ બધી. '**એમ અગ્નિ-ઈંધનના દૃષ્ટાંત દ્વારા દૃઢ કર્યું છે.**'

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–**' આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

**त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं**
**रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।**
**इह कथमपि नात्मानात्मना साकमेकः**
**किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।**

'**શ્લોકાર્થ :– જગત અર્થાત્ જગતના જીવો...**' જગતને કહે છે એટલે કે જગતના જીવોને કહે છે. હે જગતના જીવો! '**અનાદિ સંસારથી માંડીને...**' જે સંસારની વિકારદશાની આદિ નથી. અનાદિથી જીવ પોતાના આનંદ રસિક સ્વરૂપને અનાદિથી ભૂલેલો (છે). એથી એને કહે છે કે હે આત્માઓ! '**અનાદિ સંસારથી માંડીને આજ સુધી...**' અનંત કાળ, નિગોદના કાળથી નવમી ગ્રૈવેયકે અનંત વાર (ગયો). મિથ્યાદૃષ્ટિપણે દિગંબર જૈનનો સાધુ દિગંબર થયો. વ્યવહાર. તો '**આજ સુધી અનુભવ કરેલો મોહને...**' અનંત કાળમાં એણે મોહને જ અનુભવ્યો છે. સમજાય છે કાંઈ? પર શરીરાદિને અનુભવ્યું નથી. તેમ આત્માને અનુભવ્યો નથી. સંયોગોને અનુભવ્યા નથી કોઈ દિ', એમ એણે આત્માને અનુભવ્યો નથી કોઈ દિ'. શું અનુભવ્યું છે?

અનાદિ નિગોદથી માંડીને '**અનુભવ કરેલા મોહને...**' મિથ્યા ભ્રમ. તે ચૈતન્યના સ્વભાવની આડ મારીને વિકલ્પને, રાગને પોતાના માને છે એવો જે મોહ, એમ સિદ્ધ કર્યું. અનાદિથી

મોહ હતો. પર્યાયમાં મોહ અનાદિથી હતો. શુદ્ધ આત્મા છે. દ્રવ્ય-ગુણે (છે) એટલે પર્યાયે પણ શુદ્ધ હતો, એમ છે નહિ. સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ શુદ્ધ એટલે પર્યાયે શુદ્ધ હતો અનાદિથી, એમ નથી. એથી એ સિદ્ધ કર્યું કે **'અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને હવે તો છોડો...'** આમ કહે છે. અરે..! પ્રભુ! હવે તો મૂક. બહુ કર્યું તેં. આહાહા..!

આત્મા આનંદ... જુઓ! કહેશે. **'હવે તો છોડો...'** હવે તો છોડો. એનો અર્થ કે હવે છોડી શકાય છે. ભલે અનાદિ કાળનો મોહ સેવ્યો પણ છોડી શકાય છે. અનાદિકાળનો મોહ એટલે પરને, રાગને પોતાના અનુભવમાં લીધો એથી છોડી શકાતો નથી, એમ નથી. સમજાણું કાંઈ? એથી આચાર્ય કહે છે કે હવે તો છોડો. છોડી શકાય છે, હોં! એમ કહે છે. આહાહા..! ભાઈ! તું આનંદ અને જ્ઞાનની મૂર્તિ છો ને. સર્વજ્ઞ ભગવાને તને કેવળજ્ઞાન અને, કેવળ એટલે એકલું જ્ઞાન અને એકલા દર્શનમય તને ભગવાને જોયો. તો એ વસ્તુ બીજી રીતે કેમ થાય? ભગવાને તને આમ જોયો અને તું માને છો બીજી રીતે. સમજાણું કાંઈ? અહીં તો પહેલેથી શરૂ કરી છે. ઓલા કહે કે 'સમયસાર' તો છઠ્ઠા ગુણસ્થાન (વાળા માટે છે). આવે છે ને જરી 'જયસેનાચાર્ય'નું? પંચમ ગુણસ્થાન ઉપરવાળાને. એ તો રાગ ઘટાડવાની અપેક્ષાએ વાત છે.

મુમુક્ષુ :- એમાં લખ્યું છે ને બીજાને ગૌણપણે...

ઉત્તર :- ગૌણપણે. પણ અહીં તો મુખ્યપણે જ આ લીધું છે. શરૂઆતમાં તો મુખ્યપણે જ આ છે. એ તો પછી ઓલો નિર્જરાનો અધિકાર લેતાં... વધારે લીધું છે. કહો, સમજાય છે?

બે વાત સિદ્ધ કરી. એક તો વસ્તુ ભગવાન આત્મા એણે એને માન્યો નહિ, એથી એણે મોહનો અનુભવ કર્યો અનાદિથી. એક (વાત). અને છોડી શકાય છે હવે. અનાદિનો અનુભવ છે માટે છોડી શકાતો નથી, એમ નથી. કેમકે એ તો પર્યાયનો અનુભવ, વિકારનો અનુભવ, ક્ષણિકનો અનુભવ છે. કહો, માલચંદજી! ભાષા જુઓને! **'इदानीं'** છે ને? હવે તો છોડો ભાઈ! લ્યો! **'जगदिदानीं त्यजतु'** એમ કહીને કહે છે, પ્રભુ! તારા પુરુષાર્થની ખામીએ મોહનો અનુભવ છે. ઊલટાએ. સૂલટો તું કરી શકે છો. તારા અધિકારની વાત છે. સમજાણું કાંઈ?

**'છોડો અને...'** છોડીને શું થાય? **'રસિક જનોને રુચિકર,...'** સમ્યગ્દૃષ્ટિ જીવોને આનંદના સ્વાદથી રુચિકર એવો આત્મા. સમજાણું કાંઈ? તને કહે છે કે તને તો મોહનો અનુભવ છે. હવે સમ્યગ્દૃષ્ટિને તો આનંદના સ્વાદના રુચિથી અનુભવ છે. રસિકજનો, આત્માના આનંદના રસિકજનોને, રુચિ નામ જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે એવા રુચિકર સમકિતીને રુચિકર એવો આત્મા, એમ કહે છે. તને કહે છે કે રાગને એકત્વ માનીને મોહને અનુભવ્યો અનાદિથી. સમજાણું? હવે છોડ. છોડીને શું (કર)? જે ચૈતન્યના રસીલા, આત્માના

આનંદના રસીલા જીવો, એ આનંદના રસીકજનોને રુચિકર, આત્મા આનંદના સ્વાદથી આ આત્મા છે એમ રુચિ જેને થઈ છે. તારો મોહ હતો એમાં તો આકુળતાનો અનુભવ હતો. હવે આત્મા કેવો? કે રસિકજનોને રુચિકર, રુચિકર છે. ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ ચૈતન્ય ધર્મીજીવને રુચિકર એ આત્મા છે. બીજો રુચિકર છે નહિ.

‘**ઉદય થઈ રહેલું...**’ છે. તે પણ પ્રત્યક્ષ પ્રત્યક્ષ આત્મામાં આનંદમાં આવે એવો એ આત્મા છે, એમ કહે છે. આહાહા..! ‘**ઉદય થઈ રહેલું જે જ્ઞાન...**’ પ્રગટ જ્ઞાન છે એને કહે છે. રાગ (અને) મિથ્યાત્વને તો તારે નવો નવો પ્રગટ કરવો પડે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરને, રાગને, વિકલ્પને પોતાનો માનવો, એ તો ક્ષણે ક્ષણે નવું ઉત્પન્ન કરવું પડે છે. આ તો વસ્તુ ત્રિકાળ પડી જ છે. આહા..! સમજાણું કાંઈ? કહે છે, ‘**રસિક જનોને રુચિકર, ઉદય થઈ રહેલું જે જ્ઞાન...**’ ધર્માત્મા જીવને રુચિકર રસિક જીવોને તો આત્મા છે. એ તો જ્ઞાન પ્રત્યક્ષ પ્રગટ છે. વસ્તુ જ એ છે, ચૈતન્ય જ એ છે, જ્ઞાન જ એ છે, નિત્ય એ છે. ધ્રુવ એમ ને એમ પડેલું સત્ત્વ છે એ તો. એને અનુભવો, એમ કહે છે. મોહને છોડી, મોહનો અનુભવ છોડી અને આત્માના આનંદનો સ્વાદ લ્યો, એમ કહે છે. કહો, સેઠી! શું કરવું ઈ (કહે છે).

‘**રસિક જનોને રુચિકર,...**’ આત્માના આનંદના રસિયા, એને રુચિકર એવો આત્મા. એ તો ઉદય થયેલું જ્ઞાન પ્રગટ છે. વસ્તુ તો એવી ને એવી ચૈતન્યજ્યોત પડી છે. ‘**તેને આસ્વાદો;...**’ લ્યો, એને અનુભવો. આ એનું નામ આત્માનું જ્ઞાન અને આત્મ સમ્યગ્દર્શન છે. કહો, સમજાય છે? અહીં તો બે જ વાત કરી, મિથ્યાત્વને છોડીને અનુભવ કરો. બસ, બે વાત કરી. પછી આગળ વધવું એ વળી પછી કહેશે. સમજાણું કાંઈ?

‘**ઉદય થઈ રહેલું જે...**’ ત્યાં પણ ઉદય થયેલું જ્ઞાન છે, જુઓ! આવ્યું કે નહિ ઉદય થયેલું જ્ઞાન? ઓલામાં આવ્યું હતું ને ચારિત્ર ઉદય થાય છે, જ્ઞાન ઉદય પામે છે, શ્રદ્ધા ઉદય થાય છે એમ આવ્યું હતું ને? ૧૭ અને ૧૮. શ્રદ્ધા ઉદય થાય છે. પહેલાં જ્ઞાન થાય છે પછી શ્રદ્ધા ઉદય થાય, પછી ચારિત્ર ઉદય થાય એમ લીધું છે. જ્ઞાન પ્રાપ્ત થાય છે. પછી એને શ્રદ્ધા ઉદય થાય. પહેલો આત્મા લેવો છે ને? સમજાણું કાંઈ? શું કહ્યું વળી? વજુભાઈ! વજુભાઈ કહે, શું કહે છે આ? એ ૧૭-૧૮માં છે. જુઓ! ‘**મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...**’ સમજાય છે? એને પછી નીચે કહે છે. જુઓ! ‘**આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...**’ જુઓ! ‘**અનુભૂતિ છે તે જ હું છું એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે...**’ ઓલું તો પ્રાપ્ત થાય છે એમ લીધું. સમજાણું કાંઈ? પહેલું જ્ઞાન લેવું છે ને. છે કે નહિ? બીજા પેરેગ્રાફમાં છે. જુઓ! ‘**આ અનુભૂતિ છે તે જ હું છું એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે**

**એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે.**' સમજાણું કાંઈ? જ્ઞાનથી લેવું છે ને એટલે જ્ઞાનમાં પ્રાપ્ત થયું. પછી એમ થયું ને શ્રદ્ધા પ્રગટ થઈ અને ચારિત્ર પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ઉદય-ઉદય શબ્દ વાપર્યો છે, લ્યો! નકારમાં પછી ઓલું લીધું છે.

'**એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...**' એમ. સમજ્યા ને? આવું નથી કરતો એને આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. '**તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી.**' એમ લીધું છે. સમજાણું કાંઈ? આ તો મહા ટીકા છે. 'સમયસાર' એટલે ચૌદ પૂર્વનો જેમાં ભેડાર ભર્યો છે. સાર. સમજાણું કાંઈ? લોકો શાંતિથી, ધીમેથી (સમજે તો સમજાય એવું છે). ઓલા કહે નહિ, એ તો ઊંચાવાળાની વાત છે. ત્યારે ઓલા હેઠલાવાળા કાંઈ સમજે નહિ એને કહે, 'સમયસાર' વાંચવા જેવું નથી. એ 'સમયસાર' હમણાં વાંચવું નહિ. સાંભળવું નહિ. હમણાં પ્રથમાનુયોગનો અભ્યાસ કરવો. એવું આવે છે હમણાં છાપામાં. પ્રથમાનુયોગનો અભ્યાસ કરવો. એ પ્રથા તૂટી ગઈ માટે આ બધું થઈ ગયું. માટે પ્રથા શરૂ કરી દયો એ. આ 'સમયસાર'ની પ્રથા શરૂ થઈ ગઈ જ્યાં હોય ત્યાં, એમ કહેવા માગે છે. ભાઈ! મૂળ તો અધ્યાત્મ જે વસ્તુ છે એ જ મૂળ તો સાર છે. ચારેય અનુયોગમાં કરીને કરવાનું તો વીતરાગતા છે. પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા એ આખા ચાર અનુયોગનો સાર છે. પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા, એટલે વીતરાગતા થઈ. સમજાણું કાંઈ? ચારેય અનુયોગમાં એ કહેવું છે. શબ્દેશબ્દમાં ઈ છે. ચાર અનુયોગમાં વીતરાગતા તેનું તાત્પર્ય છે. વીતરાગતાનો અર્થ? પરની રાગાદિની ઉપેક્ષા કરી અને સ્વમાં ઠર, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી, એ કરવાનું છે તારે અને એ વસ્તુ તાત્પર્ય છે.

કહે છે, '**કારણ કે આ લોકમાં...**' લ્યો ભાઈ! પ્રભુ! તું કોણ છો તને ખબર નથી. તું તો જ્ઞાનસ્વરૂપ છો, એમ કહે છે. કીધું ને? '**ઉદય થઈ રહેલું જે જ્ઞાન...**' છે ને? ઉદય થઈ રહેલું જ્ઞાન પ્રગટ ચૈતન્યજ્યોત છે ને આત્મા તો. એને રાગ અને પુણ્ય વળી એમાં કેવા? સમજાણું? દયા, દાન, વ્યવહાર વિકલ્પ એમાં કેવા? કેટલાક કહે છે ને કે વ્યવહાર પહેલો. પણ વ્યવહાર ક્યાં આવ્યો અહીં? આમાં છે નહિ એનું ભાન કરવામાં વ્યવહાર પહેલો આવ્યો ક્યાં? આહાહા...! પણ એવું ઘૂંટ્યું છે ને વાંચીને એટલે એમાંથી પાછું ફરવું એને ગોઠતું નથી. એ પ્રવાહ ઉપદેશનો પાછળ ઓછો કરવો, ઘટાડો કરવો ગોઠતું નથી એને.

અહીં તો કહે છે કે જ્ઞાન ઉદય થઈ રહેલું ત્રિકાળ તેને આસ્વાદો. લ્યો! એ તો વસ્તુ જ પડી છે ચૈતન્યજ્યોત અને જ્ઞાન તરીકે .. કીધો. '**કારણ કે આ લોકમાં આત્મા છે**

**તે ખરેખર કોઈ પ્રકારે અનાત્મા સાથે કોઈ કાળે પણ તાદાત્મ્યવૃત્તિ પામતો નથી,...'** શું કહે છે? આ જગતમાં ભગવાન જે આત્મા છે, છે તે જ્ઞાન ચૈતન્યસ્વરૂપે પરમાત્મા પોતે છે તે ખરેખર કોઈ પ્રકારે, કોઈ પ્રકારે (અર્થાત્) નિશ્ચય કે વ્યવહાર કે કોઈ પ્રકારે, અનાત્મા એટલે રાગરૂપે, શરીરરૂપે, વિકારરૂપે, કર્મરૂપે અનાત્મા સાથે આવા ભાવ સાથે અને કોઈ કાળે. એવા ભાવ સાથે અને કોઈ કાળે પણ તાદાત્મ્યવૃત્તિ નામ રાગ ને પુણ્ય ને આત્માનું એકપણું એવું કોઈ દિ' એમાં થતું નથી. સમજાણું કાંઈ?

**'આ લોકમાં આત્મા છે તે...'** આત્મા છે તે **'ખરેખર...'** યથાર્થપણે જુઓ (તો) **'કોઈ પ્રકારે...'** કોઈ પ્રકારે. ભાઈ, વ્યવહારે તો છે ને, વ્યવહારે તો છે ને. એમ કહે છે ને માણસ? વ્યવહારે તો કર્મની સાથે સંબંધ છે કે નહિ? અહીં તો કહે કોઈ પ્રકારે પર સાથે કાંઈ સંબંધ થયો જ નથી. માને છે એમ કહે છે. **'કોઈ પ્રકારે અનાત્મા...'** અનાત્મા શબ્દે પુણ્ય-પાપ, કર્મ અને શરીર આદિ બધું. સમજાણું કાંઈ? એ આગળ લેશે ૨૩ ગાથામાં બદ્ધ-અબદ્ધ શબ્દ લેશે. બદ્ધ અને અબદ્ધ લેશે. બંધાયેલું જોડે અને અબદ્ધ ... કોઈ સાથે એકપણું, કોઈ કાળે પણ, કોઈ કાળે પણ, નિગોદના કાળમાં પણ... આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યશક્તિનું સત્ત્વ જે છે, ચૈતન્ય સત્ત્વ જે છે, ચૈતન્ય સત્ત્વ છે એ કોઈ કાળે કોઈ રાગાદિ શરીરાદિ રૂપે એકપણાને પામ્યું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તાદાત્મ્ય થયું નથી.

ઉત્તર :- તાદાત્મ્ય થયું નથી તો એકરૂપ થયું નથી, એટલું. એટલું એટલે શું વળી બીજું? શું વળી એને કહેવું છે?

મુમુક્ષુ :- તાદાત્મ્ય થયું... સામાન્ય થયું તો ખરા ને.

ઉત્તર :- ક્યાં થયું પણ? એકરૂપ થયું નથી. ત્રણ કાળમાં થયું નથી. ત્રણ શબ્દ છે.

**'કોઈ પ્રકારે અનાત્મા સાથે કોઈ કાળે...'** આ ત્રણ તો શબ્દ છે. છે ને એમાં? **'कथमपि साकमेकः'** છે ને? **'किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।'** આહાહા..! ભાષા જુઓને! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે ચૈતન્ય જ્યોત એ **'કોઈ પ્રકારે...' 'ખરેખર કોઈ પ્રકારે અનાત્મા સાથે...'** એટલે પુણ્ય-પાપ અને શરીર-કર્મ સાથે **'કોઈ કાળે...'** ભાઈ! નિગોદના કાળમાં તો ત્યાં એકરૂપ...? ના ના. ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ તો જ્ઞાયક જ રહ્યો છે ત્યાં પણ. સમજાણું કાંઈ? આવે છે ને 'પ્રવચનસાર'માં. નહિ? ૧૯૯ ગાથા. જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. અનેરા પ્રકારે અધ્યવસિત કર્યો છે. એવો પાઠ છે. નિર્ણય જૂઠો કર્યો છે. સમજાણું?

જુઓ! ૨૦૦મી ગાથા છે. છેલ્લે. **'અનાદિ સંસારથી આ જ સ્થિતિએ (જ્ઞાયકભાવપણે જ) રહ્યો છે...'** સમજાણું કાંઈ? ટીકામાં જ છે હોં. **'मासंसारमनयैव स्थित्या स्थितं'** અનાદિ સ્થિતિ એમ ને એમ રહેલી છે. **'અનાદિ સંસારથી આ જ**

**સ્થિતિએ (જ્ઞાયકભાવપણે જ) રહ્યો છે અને જે મોહ વડે અન્યથા અધ્યવસિત થાય છે (અર્થાત્ બીજી રીતે જણાય છે-મનાય છે),...'** વસ્તુ તો જ્ઞાયક તે જ્ઞાયક જ રહી છે. વસ્તુ તે બીજી થાતી હશે? એમ છઠ્ઠી ગાથામાં લીધું ને 'સમયસાર'માં. જ્ઞાયક જડરૂપે થતો નથી. જડ એટલે પુણ્ય-પાપ રૂપે થયો નથી. વસ્તુ જે છે આમ ચૈતન્યરસનો કંદ દ્રવ્ય છે, એ દ્રવ્ય તે પુણ્ય-પાપરૂપે કે દિ' થાય? સમજાણું કાંઈ? પણ એને એમ થઈ જાય. આમ થશે, આમ થઈ ગયું હશે? આમ થઈ ગયું હશે? એટલે એને ભરોસો બેસતો નથી. રાગમય થયો છે, આના મય થયો છે, તન્મય થઈ ગયો લાગે છે.

કહે છે કે **'કોઈ પ્રકારે...'** એક. **'અનાત્મા સાથે...'** બે. અનાત્મા એટલે રાગ ને પુણ્ય ને પાપ. **'કોઈ કાળે...'** એટલે સમયમાં. **'તાદાત્મ્યવૃત્તિ (એકપણું)...'** લ્યો, ચાર બોલ તો લીધા. **'તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી,...'** કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મનુષ્ય પણ નથી અને રાગ પણ નથી, એમ કહે છે અત્યારે. આ શેની માંડી છે આ? અત્યારે શું, ભૂતકાળમાં નિગોદમાં હતો તો પણ જ્ઞાયક જ્ઞાયકપણે જ રહ્યો છે. ત્યાં તાદાત્મ્યવૃત્તિપણે પામ્યો નથી. તદ્રૂપ પામે તો કોઈ દિ' છૂટે નહિ. પામ્યો જ નથી. માન્યતા કરી છે. કહ્યું ને આ ૨૦૦ ગાથા 'પ્રવચનસાર'ની. જ્ઞેય અધિકાર. જ્ઞેય અધિકાર. જ્ઞાયક જ્ઞેય તો .... જ્ઞેય અધિકાર છે ને? જ્ઞાયક તો એવો ને એવો વસ્તુ રહી છે. બીજી રીતે અધ્યવસાય નક્કી કર્યો છે કે આમ નહિ... આ હું નહિ... આ હું નહિ... માન્યતામાં ફેર કર્યો છે. વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! એ કહેશે અહીંયાં. સમજ્યાને. પ્રસન્ન થા.. પ્રસન્ન થા એમ કહેશે. હવેની ગાથામાં કહેશે. આવો ને આવો રહ્યો છે, તને ભેદ કરીને બતાવીએ હવે તો પ્રસન્ન થા. એ કોઈ દિ' બીજારૂપે થયો નથી. શું કરવા પોક મૂકે છો કે અરે..! અરે..! મને આમ થઈ ગયું. નથી થયું કોઈ દિ'. આહાહા..!

મુમુક્ષુ :- ટેવ પડી ગઈ છે પોક મૂકવાની.

ઉત્તર :- ટેવ પડી (છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે તો વાત છે આ. બે જણા હોય તો નિવૃત્તિ લેવાનો વખત નથી મળતો, એમ કહે છે. ટેવ પડી ગઈ છે માટે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ભગવાનને કહે છે. એ ક્યાં મટાડે? મટાડ તો તું મટાડ એવું છે કારણ કે તેં અનેરી રીતે અધ્યવસાયથી માન્યું છે. એ અધ્યવસાય તારે છોડવાનો છે. આહાહા..! ક્રિયા આ એણે કરવાની છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એને ક્રિયા કહેવાય?

ઉત્તર :- એ ક્રિયા ન કહેવાય? પર્યાયનું ફરવું એ ક્રિયા. પરિણામી પદાર્થ. સમજાય છે? એ ક્રિયા નથી? બહારમાં નથી દેખાતી? પર્યાય ફરે એ બહાર છે કે નહિ? અંદર ક્યાં ગઈ હતી? દ્રવ્ય તો કાયમ છે ઈ છે. પર્યાય ફરે છે એ ક્રિયા. શું આવ્યું નહિ? વસ્તુ પરિણામી દ્રવ્ય. પરિણામ આવ્યું ને? 'કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ ક્રિયા પર્યાયની ફેરની વસ્તુ એક ત્રય નામ.' હવે આવશે, હોં! ૮૬મી ગાથા. સમજાણું કાંઈ? 'કર્તા પરિણામી દ્રવ્ય...' કર્તા કોણ? કે પરિણમનારો તે દ્રવ્ય. 'કર્મરૂપ પરિણામ...' એનું કર્મ એટલે કાર્ય તે એનું પરિણામ છે. 'ક્રિયા પર્યાયની ફેરની...' પર્યાયનું પલટવું એ ક્રિયા. આ ક્રિયા નથી? આહાહા..! સમજાણું કાંઈ? પણ એની એને મહત્તા દેખાતી નથી. આ બહારની શરીર, વાણી આ થાય, આમ થાય, છૂટું થાય, ભેગું થાય. આમ થાય. એકલો જાય, જંગલમાં જાય, લૂગડા ફેરવે ત્યારે મેં ક્રિયા કરી. એને સંતોષ થાય અને બીજાને દેખાય. પણ એ વાત જ ખોટી છે. સમજાણું કાંઈ?

**'આત્મા એક છે...'** કેમકે પાછું સ્થાપે છે. **'તે અન્ય દ્રવ્ય સાથે એક્તારૂપ થતો નથી.'** ભગવાન એક સ્વરૂપે છે. ચૈતન્ય સ્વરૂપે છે. એ અનેક વિકલ્પ આદિ ભાવરૂપે એકસ્વરૂપ તે અનેકરૂપે કોઈ દિ' થયો જ નથી. સમજાણું કાંઈ? માટે મોહને છોડી શકાય છે. રસિકજનોને રસિલો એવો ભગવાન આત્મા અનુભવમાં આવી શકે છે, એમ સિદ્ધ કરે છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશો કળશા ભર્યા છે અમૃતથી. લ્યો, એ ત્રણ ગાથાનો એક શ્લોક કરીને સાર કહ્યો.

**'કેમ કે આત્મા એક છે...'** વજન અહીં છે, હોં! **'साकमेकः'** છે એ ને? **'साकमेकः'** એ તો એક છે... એ તો એક છે.. જુઓ ભાષા! વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... જ્ઞાનમૂર્તિ એક છે. **'તે અન્ય દ્રવ્ય સાથે...'** એકતાપણે કેમ પામે? અનેક વિકલ્પ સાથે એક દ્રવ્ય છે તે એકતાપણે કેમ પામે? એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો મેં જોયો હતો ને. જોયો હતો મેં. રાણપુરનો એક વાણિયો હતો. ભંગીયો હતો, ભંગીયો. ભંગીયો સમજ્યા? ભંગી. ભંગડી હશે. પોતાને વેપાર હતો ઘીનો. એ ડબા લઈને જાતો હોય, ઓલી ભંગડી સાથે જાતી હોય એમાંથી સંબંધ થઈ ગયો, પરણ્યો અને રહ્યા. નાતને જમાડીને રહ્યો. નાત જમણ વિના રહે નહિ. નાતને જમાડ પછી રાખશું. ભંગીયો થાય તો એના નાતના માણસને.. ખાટલો રાખે આમ ખાટલો. ખાટલો સમજ્યા ને? કાથીનો. ખાટલા નથી સમજતા? ચાર પાય. કાથીવાળો. ત્યાં ઓલો બેસે. જો એની ભંગડીને પરણવું હોય તો. નીચે બેસે એના જેટલા નાતીલા ઉપર ન્હાય. એ પાણી પડે એના ઉપર. સેઠી!

મુમુક્ષુ :- એ ક્યાં..

ઉત્તર :- એ અહીં હતું. થોડા દિવસ પહેલા. આ બાજુ હતો. સાંભળ્યું છે આ બાજુ સાંભળ્યું છે. આ તો આના ઘરે બન્યું છે રાણપુરમાં. .. મેં જોયો હતો. ગામમાં રહેવા આવ્યો હતો ને. કોઈએ કહ્યું કે... એ શું કહેવાય? વખારિયો. વખારિયો-વખારિયો. ઢીચકો હતો. આ વખારિયો ભંગીયો થયો છે. ભંગીયો માન્યો હતો. ભંગીયો થયો છે કે દિ'?

મુમુક્ષુ :- બન્યા પછી તો થઈ ગયો ને?

ઉત્તર :- એ થયો જ નથી, એમ કહે છે. એ મફતનો માન્યો છે. એ તો છે ઈ છે. આહાહા..! ભંગી, હોં! હરીજન કરતા પણ ભંગી ઘણા હલકા હોય છે. આ હરિજન હશે કે ભંગી, ખબર નહિ.

**'ભાવાર્થ :- આત્મા પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે કોઈ કાળે...'** જુઓ! ભગવાન આત્મા ચૈતન્યજ્યોત સ્વરૂપ ચૈતન્ય ગાંગડો. એ જ્ઞાનનો ઢેલો. એકલો જ્ઞાન સત્ત્વ સ્વરૂપ પ્રભુ. અનંત ગુણો સાથે ભલે (હો) પણ જ્ઞાનમૂર્તિ સૂર્ય તેજ, એકલું ચૈતન્યનું તેજ. એવું ચૈતન્ય તેજ સૂર્ય. પરદ્રવ્ય સાથે અંધકાર-રાગ અંધકાર છે. પુણ્ય-પાપના ભાવ એ અંધકાર છે. શરીરાદિ અંધકાર અચેતન છે. એની **'સાથે કોઈ પ્રકારે કોઈ કાળે...'** કોઈ કાળે **'એક્તાના ભાવને પામતો નથી.'** થોડું પણ સત્ય એણે નક્કી કરવું જોઈએ. સમજાય છે કાંઈ? આમ છે તે આ ચૈતન્ય પર રૂપે થયો નથી. તારી માન્યતાને ઘર ઘાલ્યા. આ હું... આ હું... આ હું... આ હું... ક્યાંય એને સખ નથી. આવું હોય તો ઠીક.. રાગ હોય તો ઠીક... આ હોય તો ઠીક... આ હોય તો ઠીક એણે એને જ આત્મા માન્યો છે. સમજાણું કાંઈ? કાંઈક કષાય મંદ હોય, કાંઈક આમ હોય અને બહારથી કાંઈક ત્યાગ હોય તો દેખાય ચરણાનુયોગના આચરણથી કે અમે તો .. આત્મા છે. એમ કરીને બાહ્યના બાહ્ય ભાવ દ્વારા એ જાણી શકાય, બાહ્ય ભાવ દ્વારા એની ઓળખાણ થઈ શકે એ પણ શલ્ય મોટું છે અંદર. એ એને અંદરમાં આવવા દેતું નથી. જુઓ! શું કહે છે?

**'પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે કોઈ કાળે એક્તાના ભાવને પામતો નથી.'** તારા દર્શન-શ્રદ્ધાની માન્યતામાં તેં માન્યું છે. વસ્તુ તો વસ્તુપણે છે. એકપણે પામી જ નથી. એ ક્રિયાને ગુલાંટ ખાય જ્ઞાન જ્ઞાન સ્વરૂપે છે એમ અનુભવ થયો, એ ક્રિયા થઈ. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ક્રિયા. **'એ રીતે આચાર્યે, અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે...'** જુદાપણું બતાવ્યું છે, ભાઈ! જુદા તે જુદા છે. જુદા થયા ત્યારે એનો અર્થ થયો કે જુદાં હતા. જુદા થયા ત્યારે એનો અર્થ કે જુદાં હતા. હતા જુદાં તો જુદાં થયા. એક હોય તો જુદા કેમ થાય?

**'અને પ્રેરણા કરી છે કે એકપણારૂપ મોહને હવે છોડો...'** એકપણારૂપ મોહને. રાગમાં હું છું, પુણ્યમાં હું છું, આ કષાયની મંદતામાં, ક્ષણિક દશામાં, વિકૃતમાં હું છું, એવા મોહને હવે છોડો. એવો એકપણારૂપ મોહ, એમ. **'અને જ્ઞાનને આસ્વાદો;...'** ભગવાન

આત્મા તો અતીન્દ્રિય આનંદના સ્વાદથી, પૂર્ણ રસથી ભરેલો, એને આસ્વાદો. ઓલો રાગનો આસ્વાદ લે છો એ ભ્રમ અને આકુળતા છે. એ છૂટે એટલે અહીંયાં અનાકુળતા આત્માના આનંદનો સ્વાદ લ્યો. એ સ્વાદ લેવો એનું નામ ધર્મ છે. આહાહા..!

**'મોહ છે તે વૃથા છે,...'** વ્યાખ્યા કરી, હોં! મોહ મોહ નથી કહેતા? મોહ એટલે નિષ્ફળ, મોહ એટલે ફોગટ, મોહ એટલે વૃથા. વૃથા, જૂઠો તેં માન્યો છે, ભાઈ! ભગવાન આત્મા આમ ચૈતન્ય એકલો જ્ઞાતા-દ્રષ્ટાના રસનો કંદ, એમાં જૂઠું તેં માન્યું. આ રાગ ને પુણ્ય થઈ ગયું એમ માન્યું એ જૂઠું છે, એ મોહ છે, વૃથા છે, **'જૂઠો છે, દુઃખનું કારણ છે.'** સમજાણું કાંઈ? કહો, આ તો સહેલું છે, સોભાગભાઈ! સોભાગભાઈ અમે આવ્યા હતા અલિગઢ. અલિગઢને? તમે રહેતા હતા ત્યાં આવ્યા હતા. એક વ્યાખ્યાન સાંભળીને એમ બોલ્યા હતા.. આહાહા..! આ સમજે એને ભવ ન રહે, એમ બોલ્યા હતા, હોં! અલિગઢ આવ્યા હતા ને. તમારો દીકરો પણ આવ્યો હતો. મોટો દીકરો આવ્યો હતો તમારો. અહીં સાંભળીને બોલ્યા હતા કે આહાહા..! આ વાત જેને રુચિ જાય તો ભવ ન રહે. વાત બરાબર છે. સમજાણું કાંઈ?

લ્યો! **'હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :-'** અહીં તો વાત એમ છે. અજ્ઞાનીને સમજાવવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાનીને સમજાવવાનો પ્રયત્ન છે આ? ઓલા કહે, એ તો છઠ્ઠા ગુણસ્થાનવાળાનું, એક જણો કહે કે બારમા ગુણસ્થાનવાળાની વાત છે. અમારે સંપ્રદાયમાં એમ કહેતા હતા. આ તો બધી બારમા ગુણસ્થાનની વાત છે 'સમયસાર'. ઠીક! પણ આ અપ્રતિબુદ્ધિને સમજાવાનો પ્રયત્ન કરે. અનાદિનો અપ્રતિબુદ્ધિ એને ઓળખાવ્યો. એને હવે સમજાવે છે. અનાદિનો અપ્રતિબુદ્ધ કેમ ઓળખાય? એના લક્ષણ કહ્યા કે પરને પોતાનું માને આ વિધિથી, એ પોતે અપ્રતિબુદ્ધ છે. એને હવે સમજાવે છે. સમજાણું કાંઈ? જીવ-અજીવનો અધિકાર છે. જીવને જાણતો નથી તેને અપ્રતિબુદ્ધ કહે છે. એ નથી જાણતો તેને સમજાવે છે એ વાતનો અધિકાર ચાલે છે. જીવ-અજીવ અધિકાર ચાલે છે.

**अण्णाणमोहिदमदी मज्झमिणं भणदि पोग्गलं दव्वं।**
**बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।।२३।।**
**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।**
**कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।**
**जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।**
**तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।।२५।।**

ભાષા જુઓ! કર્મથી-ફર્મથી કોઈથી નહિ.

આહાહા..! એ જંગલમાં 'કુંદકુંદાચાર્યે' જ્યારે ગાથા.. અંદર જ્ઞાનમાં ક્ષયોપશમમાં જ્ઞાન તરવરતું હશે એમાં વિકલ્પ ઉઠ્યો હશે અને આ ગાથા રચાઈ ગઈ હશે ત્યારે. એ જંગલમાં.

આહાહા..! આત્માને ઉતાર્યો છે નીચે. ગયો હતો રાગમાં. ઉતરી જા, ભાઈ! ન્યાંથી ઉતરી જા, અહીં આવ.

**'અજ્ઞાનથી મોહિતમતિ...'** જુઓ! આમ લીધું છે પહેલેથી જ, હોં! કર્મને લઈને આમ છે અને ઢીકણાને લઈને આમ છે, એ વાત છે નહિ આમાં. એ તો બીજા શાસ્ત્રમાં નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત છે.

મુમુક્ષુ :- બેય શાસ્ત્ર સાચા છે.

ઉત્તર :- બેય સાચા છે. ખોટા કોણે કીધા? અહીંયાં પોતાની ભૂલથી થાય છે. ત્યાં ભૂલમાં નિમિત્ત કોણ હતું એમ બીજા શાસ્ત્રએ બતાવ્યું છે. કોઈ બીજા કર્મે એ કરાવ્યું છે એ વાત ક્યાંય હોઈ શકે નહિ ત્રણ કાળમાં.

મુમુક્ષુ :- કર્મેષુ એમ મોટા અક્ષરે લખ્યું છે.

ઉત્તર :- ભલે લખ્યું હોય. મોટા અક્ષરે લખ્યું હોય તો શું છે? 'ગોમ્મટસાર'માં આવતા ને આવડા આવડા અક્ષર. 'ગોમ્મટસાર'. આ તો નાના અક્ષરે છે. 'ગોમ્મટસાર' પાંચ ભાગ હોં! આમ આવડા આવડા. મોટા અક્ષરે હો કે નાના અક્ષરે હો. ભગવાન! તું ભૂલ્યો એ વાત સાચી. પણ એ ભૂલ્યામાં કારણ તારું છે. ત્યારે બીજી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. આમ છે વસ્તુ. નહિતર તો આ ઉપદેશ કોને આપે? ભાઈસા'બ કર્મ છોડને ભાઈ! કર્મ છોડને. અહીં તો અજ્ઞાનીને કહે છે, અજ્ઞાન તારી બુદ્ધિ છે છોડ એમ કહે. ભાઈસાબ કર્મ છૂટી જા હોં! હવે એને ધર્મ કરવો છે.

મુમુક્ષુ :- કર્મની પૂજા...

ઉત્તર :- કર્મની પૂજા. વાત સાચી, હોં! પૂજા આવે છે કે નહિ? ..જી! પૂજા આવે છે ને. આવે છે ને ઓલી જ્ઞાના.. શું કહેવાય? કર્મની પૂજા. અંતરાય પૂજા. અંતરાયની પૂજા. કર્મની પૂજા હોય ભાઈ? એ તો એનો અભાવ કરવાનો શુભ વિકલ્પ છે એવી રીતે પૂજાની ભક્તિ છે ભાવ કરવાની. કર્મની જડની પૂજા થાતી હશે. કર્મ બિચારાને ખબર નથી કે અમે કોણ જગતમાં ચીજ છીએ. જડ-માટી ધૂળ છે. તું ભૂલ્યો માટે તેનું નામ પડ્યું કર્મ. કારણ કે તેં વિકારી પરિણામ કર્યા ત્યારે એ તો પરમાણુ હતા અમુક જાતના. એની પર્યાયમાં એ જાતનું નામ પડ્યું કે આ જ્ઞાનાવરણી, આ મોહનીય, આ ફલાણું... આ ફલાણું... એમાં નામ હતું નહિ. એ પર્યાયમાં એ પણે પડ્યું. હવે એને તું પૂજવા (નીકળ્યો). એને પૂજવા છે. એને પૂજવા છે કે અહીં પૂજવું છે? આવે છે કે નહિ તમારે? થયું હશે કે નહિ? ચીમનભાઈ! અંતરાય-બંતરાયની પૂજા કરી હશે કે નહિ? કરી. ક્યાં ગયા મણિભાઈ? બધી પૂજા-બુજા કરી હશે કે નહિ કર્મની? હા કરી છે, લ્યો. કર્મને બહુમાન આપ્યું એ કર્મની પૂજા, એમાં આત્માની અપૂજા. લ્યો! સમજાણું કાંઈ?

પહેલેથી ઉપાડ્યું. જોયું.!

**અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,**
**'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.**
**સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,**
**તે કેમ પુદ્ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.**
**જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,**
**તું તો જ એમ કહી શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫.**

આહાહા..! બદ્ધ-અબદ્ધ શબ્દ પડ્યો છે ને ભાઈ? ૨૩માં. એમાં એ ટીકામાં ખુલાસો ચોખ્ખું નહિ આવે. પુદ્ગલ દ્રવ્ય, બસ એટલું. પુદ્ગલ દ્રવ્યને મારું માને એમ લેશે. એ સમ્મુચય લીધું. એ રાગ, પુણ્ય, પાપ, શરીર, વાણી બધું પુદ્ગલ કરીને નાખી દીધું. અહીં બદ્ધ-અબદ્ધ એટલે બદ્ધમાં શરીરાદિ, કર્મ આદિ અને અબદ્ધમાં ધંધા, પુત્રાદિ અબદ્ધ છે એમ કહ્યું જુદા. પણ બધા પુદ્ગલ. એક રાગથી માંડીને બધા પુદ્ગલ. એમ કરીને ટીકામાં સામાન્ય વાત કરી નાખી છે. સમજાણું કાંઈ? પા કલાકની વાર છે, હોં!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અન્વયાર્થમાં તો હોય જ ને. આ તો ટીકામાં.

શરીરાદિ બદ્ધ છે, ધન્ય ધાન્ય અબદ્ધ છે. બેય વસ્તુ લીધી છે. કર્માદિ અહીં નજીક છે એ બદ્ધ કહેવાય છે. ઓલી ભિન્ન ચીજ છે તો અબદ્ધ કહેવાય છે. પુણ્ય-પાપના પરિણામ એ બદ્ધ છે નજીક છે માટે. બાકી ફળ આદિ અબદ્ધ છે. બધા પુદ્ગલ છે. સમજાણું કાંઈ? સામાન્ય વાત. એક કોર ભગવાન આત્મા, એક કોર રામ અને એક કોર ગામ. એક કોર ચૈતન્ય ભગવાન આખો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એક કોર વિકલ્પ, શરીર, વાણી બધું. સમજાણું?

હવે અજ્ઞાનીને સમજાવવાની આ ગાથા છે, હોં!

'**ટીકા :- એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના...**' આઠે કર્મ છે ને એક સાથે નિમિત્ત? '**એકીસાથે અનેક પ્રકારની બંધનની...**' આઠે કર્મ છે ને આઠેય જ્ઞાનાવરણાદિ. જોડે નજીક. જેમ સ્ફટિકની જોડે અનેક પ્રકારના રંગ હોય છે ફૂલ આદિ, એમ આત્માના ચૈતન્ય સ્ફટિકમાં અનેક પ્રકારના ઉપાધિના આઠ કર્માદિ નિમિત્ત છે. '**એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિ...**' છે. વસ્તુ સ્વરૂપ એનું નથી. '**અતિ નિકટપણાથી...**' નજીક છે ને. એકક્ષેત્રાવગાહે છે ને આઠ કર્મ? જ્યાં ભગવાન આત્માના અસંખ્ય પ્રદેશ છે તે જ ઠેકાણે આઠ કર્મના રજકણો, રાગાદિ છે. અહીં કર્મ લેવું છે.

'**અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે...**' વેગ. એને પરને વશ થયેલો એવા વહેતા એટલે થતાં અસ્વભાવભાવો. પુણ્ય અને પાપ વિકારીભાવો એ '**સંયોગવશે...**' એ ઉપાધિના સંયોગને વશ થયેલો એને વશે '**જે (અપ્રતિબુદ્ધિ જીવ)**

**અનેક પ્રકારના...**' હવે દાખલો આપે છે એ તો. એકસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિ. સમજાણું? .. દાખલો આપ્યો છે. '**કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે-**' કૌંસમાં લખ્યું છે ને નીચે? અંદર ટીકામાં.

ભગવાન આત્મા આમ અંતર જોતો નથી ને એથી ઓલી કર્મના નિમિત્તની ઉપાધિથી એના લક્ષે ચૈતન્ય આચ્છાદિત થઈ ગયો છે. ચૈતન્ય નિર્મળાનંદ ભગવાન હોવા છતાં કર્મના નિકટપણાના લક્ષે ત્યાં લક્ષ દોરાઈ ગયું છે અને વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવો એક પછી એક.. એક પછી એક... અનેક પ્રકારના પાણીનો વેગ જેમ આવે, પાણીનો વેગ જેમ આવે અને પ્રવાહ આવે એમ પુણ્ય-પાપના વિકલ્પનો વેગ અસ્વભાવભાવો વહેતા છે. એવા સંયોગના વશે અપ્રતિબુદ્ધ જીવ-અજ્ઞાની જીવ એને તાબે થઈ ગયો છે. સમજાણું કાંઈ?

'**અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' આ દૃષ્ટાંત છે. '**અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની...**' '**જેમાં સ્ફટિકમણિ મૂક્લો હોય તે વસ્તુ.**' વાસણ. અથવા પાંદડા હોય કે ફૂલ આદિ મોટા હોય. એમાં સ્ફટિક મૂકે. '**અનેક પ્રકારના વર્ણવાળા આશ્રય...**' જેમાં મૂકાણું તે. '**નિકટતાથી...**' ફૂલ પણ એવા હોય છે આમ કાળા, રાતા અને લીલા હોં! આમ. સ્ફટિક મૂકે ને એ બહુ નિકટથી અંદર ઉપાધિ દેખાય. '**રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો...**' સ્ફટિકમાં જાણે રંગ ચડી ગયો હોય. ઓલા કાળા, રાતા ફૂલ મૂક્યા હોય અને મોટા મોટા પાંદડા ખુલ્લા હોય એ રંગ જાણે એમાં ગરી ગયો હોય એવા '**રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**'

એમ અજ્ઞાની પરના વશે થયેલો વિકારના રંગે રંગાયેલો એને આત્મા માને છે. એ અપ્રતિબુદ્ધ છે. સમજાણું કાંઈ? લ્યો, હજી તો અજ્ઞાનીને સમજાવવાની વાત અહીંથી લીધી. બાપુ! આમ એકરૂપ ચૈતન્ય છે એમાં ન જોતાં અનાદિથી કર્મના સંબંધના લક્ષમાં દોરાયેલો, વેગે અસ્વભાવના અનેક પ્રકારના પ્રવાહ હોવાથી એને વશ થઈ ગયેલો અજ્ઞાની ઓલા સ્ફટિકમણિને જેમ કાળા, રાતા ફૂલનો આશ્રય મળતાં અથવા જેમાં મૂકાણું છે તે રંગાયેલું સ્ફટિક દેખાય છે, એમ અજ્ઞાનીને રાગ અને વિકારથી રંગાયેલો આત્મા દેખાય છે. સમજાણું કાંઈ?

'**અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી...**' જેમાં મૂકેલું સ્ફટિક છે તે અનેક રંગવાળું હોવાથી '**નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે, અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી...**' તિરોભૂત થઈ ગયો, ઢંકાઈ ગયો ભગવાન. એ સ્ફટિકમાં જેમ રંગ કાળો, રાતો દેખાય ત્યાં સફેદ સ્ફટિક છે એ તો ગુપ્ત થઈ ગયું. એમ ભગવાન ચૈતન્ય સ્ફટિક જેવો છે, એ કર્મના નિકટના સંબંધના લક્ષે ઉત્પન્ન કરેલા વેગવાળા સ્વભાવભાવોથી જાણે ઢંકાઈ ગયો આત્મા. એ જ છે એમાં આત્મા ઢંકાઈ ગયો. પર્યાયબુદ્ધિથી વાત કરે છે, ભાઈ! પર્યાયબુદ્ધિમાં રાગાદિમાં રંગાયેલો ચૈતન્ય નિર્મળાનંદ ભિન્ન છે તેને ભાળતો નથી. એને વિકારના રંગવાળો આત્મા છે એમ ભાળે છે. સમજાણું કાંઈ?

વસ્તુબુદ્ધિ નહિ હોવાથી. અપ્રતિબુદ્ધને કહે છે ને. વસ્તુસ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય એ દષ્ટિમાં નહિ હોવાથી એની વર્તમાન પર્યાયના લક્ષે એને કર્મના વશે ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના રંગવાળો જાણે હું છું. વિકારવાળો, પુણ્યવાળો, પાપવાળો, શરીરવાળો, કર્મવાળો. એમ લક્ષ થવાથી ભગવાન ચૈતન્યમૂર્તિ તિરોભૂત થઈ ગયો, આત્મા એને ઢંકાઈ ગયો. આ પ્રગટ થઈ ગયો. વિકારના પરિણામ હું, શરીર હું, કર્મ હું એમાં આત્મા ઢંકાઈ ગયો. ઢંકાઈ ગયો સમજો છો ને? તિરોભૂત. હિન્દી ભાષા નહિ હોય ઢંકાઈ ગયોની. અત્યંત તિરોભૂત, ઢંકાયેલો આપણે અહીં ગુજરાતી ભાષામાં. તિરોભૂત થઈ ગયો.

આખી ચીજ હોય ત્યાં પડે તો આમ ... મોટો ડુંગર હોય ડુંગર. ઢંકાઈ ગયો. એમ ચૈતન્ય ડુંગર મોટો જ્ઞાનસાગર પડ્યો છે મોટો. પણ પરના વશમાં, વિકારની લાગણીના વશમાં પડ્યો આખો ઢંકાઈ ગયો. ચૈતન્ય ડુંગર મોટો પર્વત છે, આનંદકંદ ચૈતન્ય રત્નાકર. અજ્ઞાનીના રાગમાં રંગાયેલાને તેની સૂઝ પડતી નથી. સૂઝ પડતી નથી સમજો છો? સમજમેં આતા નહિ.

**'અત્યંત તિરોભૂત...'** જોયું! અત્યંત તિરોભૂત. એક અંશ પણ ખ્યાલમાં નથી, એમ કહે છે. એકલો પુણ્ય અને પાપ, વિકાર અને શરીર બસ, એ જ એના (લક્ષમાં છે).. જીવ-અજીવ અધિકાર છે ને? વિકારનું અસ્તિત્વ તે જ હું... તે જ હું... એમાં હું, એ જ હું... **'અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી...'** દેખો! પોતાનો સ્વભાવભાવ જે ચૈતન્ય જ્યોત જ્ઞાનની મૂર્તિ એકલો જ્ઞાનસ્વભાવ એનાથી ઢંકાઈ ગયેલો હોવાથી. **'જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ...'** રાગ અને પુણ્યની રુચિના રંગમાં ચડી ગયેલો, વિકલ્પના રંગે રંગાયેલો ભગવાન, એ પોતાનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ભિન્ન સ્વભાવભાવ, એનું ભેદજ્ઞાન અસ્ત થઈ ગયું. એને જુદું પાડવાની તાકાત રહી નહિ.

**'સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે એવો છે,...'** આહાહા..! અહીં તો કહે છે કે ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે એ તો ત્રિકાળ એવો છે. પછી કહેશે આગળ. સર્વજ્ઞ. **'સર્વજ્ઞ-જ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરાવામાં આવેલ જે નિત્ય ઉપોયગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...'** નિત્ય હોં! પાછો નિત્ય. જ્ઞાન દર્શન નિત્ય હોં! એક સમયની પર્યાય નહિ અહીં. જ્ઞાન દર્શન નિત્ય ઉપયોગ. જ્ઞાન-દર્શનનો નિત્ય ઉપયોગરૂપ સ્વરૂપ. કાયમ જાણન-દેખન એવો ઉપયોગ ધ્રુવ ઉપયોગ એવો ઉપયોગસ્વરૂપી આત્મા છે. સમજાણું કાંઈ? કાયમ જ્ઞાન દર્શન જે નિત્ય ધ્રુવ એવું જ એનું સ્વરૂપ છે, એવો ઉપયોગમય આત્મા છે. એને ભૂલી આ વિકારમય પરિણામમાં એના રંગે રંગાયેલો એટલે રાગના રંગ વિનાનો ચૈતન્ય સ્વભાવભાવ તિરોભૂત થઈ ગયો છે-ઢંકાઈ ગયો છે. નજરમાં તેને આવતો નથી. નજરમાં રાગ રાખ્યો એને રાગ રહિત આત્મા નજર આવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'પોતાના સ્વભાવભાવપણાથી જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ...'** સમસ્ત, હોં!

અંશ પણ .. કે આ જ્ઞાનનો અંશ હું એ રહ્યું જ નથી ત્યાં. રાગ... રાગ... રાગ... રાગ... રાગ... વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... મલિન... મલિન... મલિન... મલિન... આસ્રવ... આસ્રવ... આસ્રવ... એ પર્યાયબુદ્ધિમાં ત્યાં ટકેલો તેટલા અસ્તિત્વમાં પોતાનું હોવાપણું માનનારો રંગાયેલો રાગના રંગ વિનાના ચૈતન્યને જુદો પાડવાની ભેદજ્ઞાન જ્યોતિ જેની આથમી ગઈ છે. ભાષા તો બધી એ જ કરી છે, હોં! પહેલેથી એ કરી છે. કર્મને લઈને આમ થયું... કર્મને લઈને આમ થયું એ વાત જ નથી અહીં. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવું હોય ત્યારે. આ તો વસ્તુની સ્થિતિ જ આ જ પ્રમાણે એના આત્મામાં ઊભી થાય છે. સમજાણું કાંઈ? અરે..! અધ્યાત્મરસના રસિયા એને આ રસ આવે એવી વાત કરી છે.

ભગવાન આત્મા જેના સ્વભાવભાવ, જેનો સ્વભાવભાવ વસ્તુ, એનો સ્વભાવભાવ જ્ઞાયકભાવ નિત્ય દર્શન જ્ઞાન ઉપયોગ ભાવ રાગના રંગમાં ચડેલો ઢંકાઈ ગયો છે એને. એથી એને જુદું પાડવાની ભેદવિજ્ઞાન શક્તિ આથમી ગઈ છે. આહાહા..! ઉદય પામવી જોઈએ, એ અપ્રતિબુદ્ધિને આથમી ગઈ છે. સૂરજ આથમી જાય છે ને? ઓલામાં ઉદય-ઉદય લીધું. અહીં અસ્ત લીધું. '**ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે એવો છે,...**' સમજાણું કાંઈ?

'**અને મહા અજ્ઞાનથી જેનું હૃદય...**' જુઓ હવે. ઓલું '**अण्णाणमोहिदमदी**' છે ને? '**મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ...**' ભાષા જુઓ! મહા અજ્ઞાનથી, પાછું એમ. સ્વરૂપ ચૈતન્ય ભગવાન બિરાજમાન એનું અજ્ઞાન મહા તને. '**જેનું હૃદય પોતે...**' પોતે પોતાથી જ. કર્મથી નહિ. આહાહા..! '**વિમોહિત છે-**' એ અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ, એમ પાછું જોયું! એમ નહિ અનેકાંત કરો. કર્મથી પણ વિમોહિત છે અને આત્માથી પણ વિમોહિત છે. એમ ન હોય તો પછી એને અનેકાંત થાતું નથી. 'જ' હોય નહિ ભગવાન અમારે. એમ કહે છે કેટલાક. હવે સાંભળને! જ જ અહીં હોય. શરાફજી! જુઓ! આ 'જ' આવ્યો. 'શ્રીમદ્'માં આવે છે ને? 'મારો મહાવીર જ ન કહે.' એ બીજી રીતે છે. નિત્ય-અનિત્યમાં, આત્મા નિત્ય-અનિત્ય છે અને નિત્ય જ છે, આત્મા અનિત્ય જ છે એમ ન કહે. આ તો આમ જ છે.

'**વિમોહિત છે-એવો અપ્રતિબુદ્ધિ જીવ સ્વપરનો ભેદ નહિ કરીને,...**' લ્યો! એવો અજ્ઞાની સ્વપરનો ભેદ નહિ કરીને અસ્વભાવોને જ પોતાના કરતો, લ્યો. '**પુદ્ગલદ્રવ્યને આ મારું છે એમ અનુભવે છે.**' એની વ્યાખ્યા વિશેષ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૩, ગુરુવાર, તા. ૨૭-૧૦-૧૯૬૬**
**ગાથા-૨૩થી ૨૫ પ્રવચન નં. ૮૯**

આ ‘સમયસાર’ જીવ-અજીવ અધિકાર. ૨૩-૨૪-૨૫ની ટીકા. થોડું ચાલ્યું છે પણ ફરીને. શું આ અધિકાર છે? જીવ જેવો છે તેવો તેને અનુભવે, તેને સમ્યગ્દર્શન કહે છે. એ જીવ જેવો નથી તેવો એને અનુભવે અને માને તેને આત્માની શ્રદ્ધા નથી પણ તેને મિથ્યા દૃષ્ટિ અનાત્માની શ્રદ્ધા છે. એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? જીવ-અજીવ અધિકાર છે ને? ભગવાન આત્મા એ તો જ્ઞાન-દર્શન ઉપયોગ નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ઉપયોગસ્વરૂપ છે, ત્રિકાળ, હોં! એવા આત્માને અંતરમાં આત્મા તરીકે શ્રદ્ધવો, અનુભવવો એને આત્મા માન્યો કહેવાય અને એને સમ્યગ્દર્શન કહેવાય. આ સિવાય એની પર્યાયમાં કર્મના નિકટના સંબંધમાં અનેક પ્રકારના અસ્વભાવભાવો જે ઉત્પન્ન થાય છે (અર્થાત્) પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, કામ, ક્રોધ વગેરે, એ મારા છે એમ જે અનુભવે છે એ દુરાત્માન મિથ્યાદૃષ્ટિ જીવ છે. સમજાય છે કાંઈ?

**‘એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે...’** ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ જ્ઞાયકપિંડ છે. છતાં કર્મના નિકટના સંબંધમાં અસ્વભાવભાવ, વિભાવભાવ, પુણ્ય-પાપભાવ, અશુદ્ધ ભાવ એ ભાવોના વશે અપ્રતિબુદ્ધ જીવ અજ્ઞાની અનાદિથી **‘અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...’** જેમાં સ્ફટિકમણિ જે આશ્રયસ્થાનમાં મૂકવામાં આવ્યું હોય, જે વાસણમાં, એનો જે રંગ સ્ફટિકમાં દેખાય, એને એવો સ્ફટિક માનનારો જેમ મૂરખ છે, એમ ભગવાન ચૈનત્યગોળો, શુદ્ધ જ્ઞાનનો કંદ એને કર્મના નિમિત્તના સંગમાં પુણ્ય અને પાપના વિકલ્પો અને વિકાર ઊઠે છે એને એ પોતાના માનીને અનુભવે છે એ લોકોત્તર મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે.

**‘અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી...’** ભગવાન આત્મા એકલો સ્વભાવભાવ જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રકાશનો રસકંદ એવા ભાવથી **‘જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે...’** ભગવાન આત્મા ચૈતન્યસત્તા, અહીં અસ્તિત્વની સિદ્ધિ કરે છે. ચૈતન્ય વસ્તુ એકલો સ્વભાવભાવ, જ્ઞાયકભાવ એવું જે પોતાનું જીવનું હોવાપણું... અજ્ઞાનીને અનાદિથી જૈન સાધુ થયો અનંત વાર, ત્યાગી થયો અનંત વાર પણ મિથ્યાદૃષ્ટિ રહ્યો. કેમ? એ ચૈતન્યમૂર્તિ આનંદ જ્ઞાયકમૂર્તિના ભાવને પુણ્ય-પાપના ભાવ પોતાના માનીને તેને ઢાંકી દીધો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઢંકાઈ ગયો છે દૃષ્ટિમાં. દૃષ્ટિમાં રહ્યો નહિ. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. એણે અનંત કાળમાં એ વાત લક્ષમાં લીધી નથી. આત્મા હોવાપણું કેવો છે એમ એણે અંતર દૃષ્ટિમાં અનુભવમાં લીધું નથી. નથી લીધું એટલે ત્યારે લીધું શું? એમ કહે છે.

'**અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી...**' જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત જ્ઞાયકભાવ છે, એ પુણ્ય-પાપના વિકલ્પની ઉપાધિ કર્મના નિમિત્તના સમીપના ઉપાધિના ભાવથી એમાં પોતાનું અસ્તિપણું સ્વીકારીને સ્વભાવભાવ ત્રિકાળ જ્ઞાયક છે, તેને તેણે તિરોભૂત કરી નાખ્યો છે. તિરોભૂત એટલે ઢાંકી દીધો છે. સમજાણું કાંઈ? '**જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે એવો છે,...**' એ તો આ પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, તપ ને વ્રત કરવા એવો જે ભાવ એ મલિનભાવ, બંધનભાવ, ઉપાધિભાવ છે. એને જ આત્માનો માનીને તેણે આત્માના સ્વભાવને અંતરમાં તિરોભૂત-ઢાંકી દીધો. સમજાણું કાંઈ? આ તો અસ્તિત્વનો અધિકાર છે ને? કર્તા-કર્મનો અધિકાર તો બપોરે ચાલે છે.

કહે છે કે '**ભેદજ્ઞાનરૂપ જ્યોતિ...**' રાગ, પુણ્યના વિકલ્પોથી મારી ચૈતન્ય જ્યોત જુદી છે એવી ભેદજ્ઞાન જ્યોતિ તો એને અસ્ત થઈ ગઈ છે-આથમી ગઈ છે. સમજો છો?

મુમુક્ષુ :- અસ્ત ઉદય થયો તો...

ઉત્તર :- એ વાત જ એ છે. આથમી ગયેલી છે. ઉદય થઈ જ નથી.

ભગવાન ચૈતન્ય સ્વરૂપ એકલો જ્ઞાનરસનો કંદ ગોળો એને આત્મા કહીએ. એ આત્મા એવો આત્મા એની દૃષ્ટિમાં નથી લેતો. કેમ? કે વિકારી પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના જે શુભભાવ-અશુભભાવ, એમાં એનું અસ્તિત્વ સ્વીકાર્યું છે, કે આ પણ હું છું. એથી એને જુદું પાડવાની ભેદજ્ઞાન જ્યોતિ અસ્ત થઈ ગઈ છે, એમ કહે છે. આહાહા..! અહીં તો હજી પહેલી વાત છે, હોં! હજી સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની વાત છે. પોપટભાઈ! વેપાર આડે આ બધું ઝીણું પડે એવું લાગે. આ જ છે. એને સમજવું પડશે જો કલ્યાણ કરવું હોય તો. બહારથી મરી જાય તો કાંઈ થાય એવું નથી.

મુમુક્ષુ :- આત્માનું કલ્યાણ એટલે શું?

ઉત્તર :- આત્માનું હિત અથવા આત્મા જે ચીજે, જે સ્વરૂપે છે, તેની કિંમત જેમ છે તેમ કરવી હોય તો આ સમજવું પડશે. પુણ્ય-પાપ, શરીર આદિની કિંમત કંઈ નથી, કંઈ નથી. એની કિંમત ઉડાડ્યા વિના ચૈતન્યની કિંમત અંદરમાં થાય એવી નથી. ચૈતન્યની કિંમત થયે પુણ્ય-પાપના વિકલ્પ અને તેના ફળની કિંમત જ્ઞાનીને કાંઈ રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

તેથી કહે છે, ભગવાન આત્મા... આગળ કહેશે. '**મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે-**' આ બધું આવી ગયું છે પરમ દિવસે. પણ જરી ફરીને (લીધું). પ્રભુ આત્મા સ્ફટિક જેવો શુદ્ધ હોવા છતાં. સ્ફટિક રત્ન જેમાં મૂકેલું હોય તેના

રંગથી જાણે સ્ફટિક રંગાયેલું હોય, એમ લૌકિક મૂરખ સ્ફટિકને માને છે. એમ ભગવાન આત્મા ચૈતન્યગોળો શુદ્ધ આનંદકંદનો હોવા છતાં કર્મના નિકટના, નિકટના સંબંધે જે વિકારના પરિણામમાં જાણે રોકાઈ ગયેલો હોય, એમાં રહેલો હોય એમ માનીને (પોતાની) પરથી ભિન્ન પાડવાની જ્યોતિ આંધળી થઈ ગઈ છે. અને અજ્ઞાન, મહાન અજ્ઞાન કર્મને લઈને નહિ. કોઈ કારણે કે આ કેમ થયું? કર્મને કારણે કર્મનું જોર છે માટે. ના, બિલકુલ નહિ.

'**મહાઅજ્ઞાનથી જેનું હૃદય...**' અજ્ઞાનથી જેનું હૃદય. પોતાના ચૈતન્યની જાતની કિંમતને ભૂલીને એ પુણ્ય અને પાપના વિકલ્પ અને રાગની લાગણીની કિંમતમાં, કિંમતમાં, અધિકતામાં, બહુમાનમાં એમાં હું છું, એ મને લાભદાયક છે એમ તેમાં રોકાઈને પોતાના અજ્ઞાનથી ભૂલેલો છે. સમજાણું કાંઈ? આહાહા..! ઓલા કર્મના લાકડા નાખે, કર્મને લઈને આમ છે... કર્મને લઈને આમ છે. મૂઢ બધાય. કર્મને લઈને માનનારા એ પણ મૂઢ છે અને કર્મના નિમિત્તે પોતે વિકારી પરિણામ કરે છે, એ પોતાના અજ્ઞાનને કારણે કરે છે એમ ન માનતા પરને કારણે આવું થાય (એમ માને) એ પણ મૂઢ જીવ છે, એમ કહે છે. એના જીવના ચૈતન્યની જાતની, ભાતની ખબર નથી. કહો, લાલચંદજી!

'**એવો અપ્રતિબુદ્ધ જીવ...**' અપ્રતિબુદ્ધ નામ મૂઢ જીવ '**સ્વપરનો ભેદ નહિ કરીને,...**' ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા અસ્તિપણે મહાન મોજૂદપણે ચૈતન્યરત્નાકર પ્રભુ, એ અને પર વિકારી ભાવ બેની જુદાઈને નહિ કરીને '**પેલા અસ્વભાવભાવોને...**' જુઓ! અસ્વભાવભાવ જે આત્માના સ્વભાવ છે જ નહિ. શુભ અને અશુભભાવ આત્માના સ્વભાવમાં છે નહિ, સ્વભાવ છે નહિ. એની અસ્તિમાં, એની મોજૂદગીમાં, આત્માની હયાતીમાં આત્મા જેટલી સત્તાવાળો છે તેમાં એ પુણ્ય-પાપના ભાવની સત્તા છે જ નહિ. સમજાણું કાંઈ? '**પેલા અસ્વભાવભાવોને જ પોતાના કરતો, પુદ્ગલદ્રવ્યને આ મારું છે એમ અનુભવે છે.**' એ પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધના પરિણામ એ આત્મા છે-એ હું છું એમ માનીને વિકારને અનુભવે છે. તેને મૂઢ અને અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ અજૈન કહ્યો છે. સોભાગભાઈ! ભારે! અહીં સુધી તો આવ્યું હતું પરમ દિ'.

'**પુદ્ગલદ્રવ્યને આ મારું છે...**' પુદ્ગલદ્રવ્ય સમજાય છે? એ પુણ્ય અને પાપ, કષાયની મંદતા, દયા, દાન, ભક્તિ, પૂજા, જાત્રા ભાવ એ બધા પુદ્ગલ છે. એ આત્મા નથી. આહાહા..! રાગ છે ને, ભાઈ! ચૈતન્યની વિરૂદ્ધના જેટલા અજ્ઞાનભાવ તે બધા પુદ્ગલભાવ, એમ કહ્યા. ભગવાન ચૈતન્યસૂર્ય, એનાથી વિરૂદ્ધ જેમાં જ્ઞાનનો પ્રકાશનો અભાવ (છે) એ બધા પુદ્ગલ છે, એમ કહીને તે રાગાદિ બધા પુદ્ગલ છે એને પોતાનું માને છે તે જીવને માનતો નથી. આહાહા..! આ તો બહુ સાંભળે ત્યારે સમજાય એવું છે હોં, કપૂરચંદભાઈ! એય..! છોટાભાઈ! કો'ક દિ', બે દિ' આવે ને ચાર દિ' આવે એમાં ઉપરટપકે નથી બેસે એવું ઝટ આ. આહાહા..! મોટા માંધાતાને મુશ્કેલ છે ને અત્યારે. મોટા મોટા ત્યાગી થયા એ પણ મૂઢ છે, એમ કહે

છે અહીં તો. જે રાગની મંદતા તે આત્મા અને એનાથી મને લાભ થાય, એમ માનનાર મૂઢ નામ અનાત્મા જડ છે, એમ કહે છે. પુદ્ગલ છે એ તો, આત્મા નહિ. આહાહા..! એય.! સેઠી! રાડ નાખે બીજા તો સાંભળતા. હાય.. હાય.. આ! અરે..! વીતરાગ પરમાત્મા એમ કહે છે. સાંભળને. હમણાં કહેશે. હમણાં વીતરાગ કહે છે, એમ કહેશે. સર્વજ્ઞદેવ આમ કહે છે ને તું વળી ક્યાંથી નવો નીકળ્યો? આવશે હમણાં. ટીકામાં જ છે.

મુમુક્ષુ :- મૂળ ગાથામાં જ છે.

ઉત્તર :- ગાથામાં છે ને. સમજાણું કાંઈ?

‘**(જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારની વર્ણની નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે, સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી તેવી રીતે અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે-**’ કર્મના નિમિત્તના ઉપાધિ પુણ્ય-પાપ, શુભ-જાત્રા, ભક્તિ-વ્રત, નિયમ બધા ભાવ ઉપાધિ મેલ છે, વિકાર છે, પુદ્ગલ છે, જડ છે, અચેતન છે. આહાહા..! રાડ નાખે. એવો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે ‘**તેથી પુદ્ગલદ્રવ્યને પોતાનું માને છે. એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે...**’

મુમુક્ષુ :- અપ્રતિબુદ્ધને ભગવાન સમજાવે છે.

ઉત્તર :- સમજાવે છે. ભગવાન જ સમજાવે. જુઓ! હમણાં કહેશે. ભાઈ! ભગવાને તો આમ જોયો અને કહ્યો અને તું વળી ક્યાંથી આવું માને છે. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરદેવ.. કહેશે... ‘**सव्वण्हुणाणदिट्ठो**’ સર્વજ્ઞે તો નિત્ય ઉપયોગ, હોં! એકલો જ્ઞાન દર્શનનો રસકંદ નિત્યાનંદ પ્રભુ, એ આત્મા છે એમ ભગવાને જોયો, જાણ્યો અને કહ્યો અને તું આ આત્માને પુણ્ય-પાપના રાગથી લાભ માને તો એ પુણ્ય-પાપને જ તેં આત્મા માન્યો. સમજાણું કાંઈ? જે ચીજથી પોતાને લાભ માને તે ચીજથી અભેદ માન્યા વિના એમ થઈ શકે નહિ. કહો, જયંતિભાઈ! આહાહા..!

‘**એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કે :- હે દુરાત્મન્!**’ જુઓ! હે દુઃઆત્મનઃ. ભગવાન ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પિંડ છે ને. આ રાગાદિ થાય એ તો અચેતન જડ છે. તારા આત્મામાં ક્યાં હતા એ? સમજાય છે કાંઈ? ચૈતન્યના નૂર, એના પૂરમાં તો પ્રકાશ છે. આ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો અંશ એ પ્રકાશ નથી, એ તો અંધારા છે. પ્રકાશ અને અંધારા બે એક ક્યાંથી તેં કર્યા? આહાહા..! સમજાણું કાંઈ? ‘**હે દુરાત્મન્!**’ દુઃઆત્મન્. આત્મન્ તો કહ્યો પણ હે ખોટા આત્મા! એમ થયું ને? આહાહા..! પ્રભુ! તું તો ચૈતન્ય સ્વરૂપ ભગવાને જોયો છે ને. તને તો ભગવાને સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે, એ પુણ્ય-પાપના વિકલ્પને તો ભગવાને આસ્રવ જોયો છે. પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવને તો ભગવાને આસ્રવ જોયો છે. આસ્રવ તો અચૈતન્ય છે. ચૈતન્યના

નૂરથી પર છે. સમજાણું કાંઈ? ભગવાને શરીર કર્મને અજીવ જોયા છે. અને તને તો ભગવાને જ્ઞાન દર્શનનો પિંડ જોયો છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! ચંદુભાઈ! સમજાય છે આ? પછી કાલે આ કહેતા કે ત્યાં ઝાઝા માણસ હશે તો બીજું નીકળશે. એમ કરીને.. નીકળવું હોય એ નીકળશે. કહો, સમજાણું આમાં? પહેલેથી ઉશ્કેરણી કરતા હતા. એમ કે ઝાઝા માણસ હોય એના પ્રમાણમાં વ્યાખ્યાન આવે ને. સમજાણું? દાખલા, દલીલ આપીએ ઝાઝા માણસ હોય તો.

કહે છે કે હે '**આત્માનો ઘાત કરનાર!**' આહાહા..! આ હિંસા મોટી. ભગવાન આત્મા ચૈતન્યના પૂર, એને રાગના અંધકારવાળો માનવો અને એ રાગ જે વ્યવહાર પુણ્ય-પાપના વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, હોં, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો એ રાગ છે, એ ધર્મ નહિ. પંચ મહાવ્રતના પરિણામ એ રાગ છે, ધર્મ નહિ. શાસ્ત્રના ભણતરનો વિકલ્પ એ રાગ છે, ધર્મ નહિ. એ રાગ છે તે અચેતન આંધળો છે, અંધારું છે. એવા અંધારાને લઈને તું આત્મા એને લઈને માને છે (તો) હે આત્માના ઘાત કરનાર! કરુણાથી (કહે) છે, હોં! મુનિ છે. પંચ મહાવ્રતધારી સંત, જંગલમાં વસનારા દિગંબર સંત.

હે '**આત્માનો ઘાત કરનાર!**' એટલે? ભગવાન ચૈતન્ય જ્ઞાયકની મૂર્તિ અનાદિઅનંત પ્રભુ બિરાજે છે ને. એવા આત્માને છોડીને તું આ પુણ્ય-પાપ ઉપાધિભાવ, એ વડે જાણે રંગાઈ ગયેલો હોય આત્મા અને એ સ્વરૂપે હોય, એનાથી લાભ માનીને એ સ્વરૂપે હોય એમ તેં માન્યું છે તો હે આત્માના હિંસક! આત્માને આખો તેં ઘાત કરી નાખ્યો એમ કહે છે. પુણ્ય-પાપના ભાવને પોતાના માનનારા આત્માનો મોટો ઘાત કરીને મોટો હિંસક-હિંસક છે. આહાહા..!

મુમુક્ષુ :- છ કાયની હિંસા તો નથી ને.

ઉત્તર :- છ કાયની હિંસાનો બાપ હણાઈ ગયો. છ કાયની હિંસા ત્યાં ન થઈ ને. છકાયમાં આત્મા પોતે છે કે નહિ? આત્મા કોને કહેવો? એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય એ કાયને આત્માને કહેવો? વચમાં પુણ્ય-પાપ ભાવ (છે) એને આત્મા કહેવો? કોને કહેવો આત્મા? સાંભળ્યો નથી તેં. આત્મા કોને કહેવો? ભગવાન આત્મા કોને કહે છે? ભગવાન સાત તત્ત્વની શ્રદ્ધા નવની કરાવે એમાં આત્મા કોને કહે છે? ચૈતન્યનો ગોળો, જ્ઞાનની મૂર્તિ પ્રભુ તેને આત્મા કહે છે. એવા આત્માને ન માનતાં તું શુભ-અશુભભાવ, આ તો હજી દેહની ક્રિયા અમે કરીએ છીએ અને એમાંથી લાભ (થશે). એ તો મહામૂઢ છે. આત્માનો મોટો ઘાતક છે.

મુમુક્ષુ :- આત્મઘાતિ...

ઉત્તર :- આત્મઘાતિ. મહા. સંસ્કૃત છે, જુઓ! '**रे दुरात्मन्, आत्मपंसन्**' છે ને? '**आत्मपंसन्**'

મુમુક્ષુ :- '**पंसन्**' એટલે?

ઉત્તર :- વિરોધ. વિરોધ કરનારા, ઘાત કરનારા. છે જ નહિ, એમ. આહાહા..! એ પછી કહેશે. આહા..! શું કહે છે?

પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એમ કહે છે કે અમે તો આત્માને જ્ઞાન સ્વરૂપી દીઠો છે. એને તું ન માનતા તું રાગને લાભદાયક માને છો, તું સર્વજ્ઞને માનતો નથી, સર્વજ્ઞની વાણીમાં આવો આત્મા આવ્યો એને માનતો નથી અને તું ગુરુને માનતો નથી. ત્રણેને માનતો નથી અને તારા આત્માને માનતો નથી. આહાહા..! કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું આવ્યું?

મુમુક્ષુ :- ગુરુને માનતા નથી.

ઉત્તર :- કહ્યું શું ગુરુએ? આત્મા જ્ઞાનમૂર્તિ.. ..માં આવે છે જુઓ!

'**જેમ પરમ અવિવેકથી ખાનારા...**' જેમ પરમ અવિવેકથી ખાનારા હાથી. હાથીને ચુરમુ અને ઘાસ પડ્યું હોય તો એ હાથી ઘાસ ને ચુરમું એક જાણીને ખાય છે. જુદું પાડતો નથી. ચુરમું કહે છે ને. ચુરમા. ઘઉંના લાડવા હોય છે કે નહિ? અધ મણ ચુરમુ આપે અને પાંચ મણ ઘાસ આપે. ઘણું ખાય ખરો ને. પણ ભેગું. પૂળા ભેગો લાડવો. પોપટભાઈ! ઘાસના પૂળા ભેગું ચુરમું. એ અવિવેકથી ખાનારા '**હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે...**'

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ જ કહેવું છે. એ તો દાખલો છે.

'**એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.**' એટલે શું કહે છે? ભગવાન તું તો આનંદકંદ ચુરમું છો અને પુણ્ય-પાપના ભાવ ખડ છે ખડ. આહાહા..!

મુમુક્ષુ :- એને તો લાડવો છે, આને તો કાંઈ નથી.

ઉત્તર :- આ તો એમ કે લાડવો ભેગો ખાય. એ તો દાખલો આપ્યો.

મુમુક્ષુ :- અહીં તો એકલું ખડ જ ખાય છે.

ઉત્તર :- અહીં તો એકલું ખડ જ ખાય છે. ખડ ખાય છે. આ નથી કહેતા એલા ખડ ખા છો? જૂઠું બોલે ત્યારે કહે ને. કપૂરભાઈ! ખડ ખાય છે તું? શું કહે છો? પાછો બોલે કે તું ખડ ખા છો. આપણે બે વાતચીત થઈ ગઈ અને તું આમ ફરી જા. ભગવાન કહે છે કે ખડ ખા છો. અમે આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત આત્માનું સત્ત્વ તો ચૈતન્ય જ્યોતનું નૂરનું પૂર જોયું છે. અને તું આ રાગને પોતાનો માનીને ખા. ખડ ખા છો આ તું. જયંતિભાઈ! આરે..! સત્ય સ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિ છે અને રાગ છે તે પુણ્ય વિકલ્પ ચાહે તો તીર્થંકર ગોત્ર બાંધવાનો હો, (પણ) અચેતન રાગ છે. આહાહા..! એ રાગથી આત્માને

બિલકુલ કિંચિત્ જરીએ લાભ નથી.

મુમુક્ષુ :- નુક્સાન તો નથી ને.

ઉત્તર :- નુક્સાન છે. રાગ તે નુક્સાન. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ અચેતન રાગ છે. અધર્મ છે. આહાહા..!

મુમુક્ષુ :- .. તીર્થંકર થાય ને.

ઉત્તર :- તીર્થંકર કોણ થાતું હતું? એ તીર્થંકર થાય તો બહારનું ફળ આવે, કેવળજ્ઞાન થાય એ તો આત્માના જ્ઞાનથી થાય. આહાહા..! આત્માથી આત્મા થાય છે. એ અણાત્માથી આત્મા થાય છે? રાગ તો અણાત્મા છે. એનાથી આત્મા કેવળજ્ઞાન થાય છે? આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યફળા અરહંતા.

ઉત્તર :- આવ્યા. એ તો ફળ આ ધૂળના ઢગલા આવે બહારના એ. સમવસરણના. એમાં એને શું? ઈ ક્યાં આત્મા હતો? એ તો કેવળજ્ઞાન પોતાના જ્ઞાનથી પામ્યા અંદરથી. આનંદકંદના અનુભવનથી સ્થિરતા કરીને કેવળજ્ઞાનને પામ્યા. ત્યારે ઓલી પ્રકૃતિનો ઉદય આવ્યો તો બહારના ઢગલા દેખાણા. એ તો બહારના સંયોગની વાત છે. આત્મા ક્યાં હતો ત્યાં?

મુમુક્ષુ :- પુણ્યના ફળ તરીકે..

ઉત્તર :- પુણ્યનું ફળ કહ્યું ને એ. પુણ્યનું ફળ બહારનું. કેવળજ્ઞાન ક્યાં પુણ્યનું ફળ હતું? આહાહા..! અરે..! એની તો એકેય શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને માને કે અમે જૈન છીએ. શાંતિભાઈ!

કહે છે, **'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.'** બે વાર કહ્યું, હોં! **'जहीहि जहीहि'** ભાઈ! છોડને. એ ઘાસ સાથે ચુરમા ન ખવાય. ઘાસને છોડ. એમ ભગવાન જ્ઞાનમૂર્તિ આનંદનો કંદ છે ને. અરે..! એને આ પુણ્ય-પાપના ભાવ, અહીં તો વધારે પુણ્યની વાત છે. પુણ્યના ભાવ ઝેર છે, ઝેર છે. આહાહા..! એને તું આત્મા માને છો, એને આત્માને લાભદાયી માને છો. કહે છે કે હે આત્માના ઘાતક! હિંસા કરનારો, લ્યો! આ મોટી હિંસા કરનાર. જેવું એનું જીવન ચૈતન્યપ્રાણનું, આનંદકંદનું છે એ રીતે આત્માનો ન સ્વીકાર કરીને આ પુણ્યને પરિણામે આત્માને લાભ થશે, પુણ્ય પરિણામ મારા અસ્તિત્વમાં છે, લાભ થશે એ માનનારનો અર્થ જ એ છે કે એ પરિણામ મારા સ્વરૂપમાં અભેદ તરીકે છે. એટલે કે મને લાભ થશે. એનો અર્થ કે એ પરિણામ મારી જાતના છે. સમજાણું કાંઈ? એને કહે છે, ભાઈ! સુંદર આહારને ખડ સાથે ખાય એવા ઢોરના સ્વભાવને છોડને. આહાહા..!

હવે આધાર આપે છે, હોં! બાપુ! ભગવાને તો આમ કહ્યું છે ને, જોયું છે ને. મુનિ આચાર્ય 'કુંદકુંદાચાર્ય' (કહે છે), ભગવાન કેવળજ્ઞાની ત્રિલોકના નાથે તો આમ જોયું છે ને. ભાઈ! તું આ શી રીતે બીજે ભરમાઈ ગયો. આહાહા..! શું કહે છે?

**'જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે...'** ભગવાન

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે, જેને સંદેહ રહ્યો નથી, જેને વિપરીતતા રહી નથી, જેને અચોક્કસતા રહી નથી. નિઃસંદેહ અવિપરીત અને ચોક્કસ વસ્તુનું સ્વરૂપ જે આત્માનું છે તે અનુભવાયું અને પૂરું થઈ ગયું. **'જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય,...'** ઓહો..હો..! ભગવાનનું જ્ઞાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની, એને સંદેહ તો સમસ્ત નાશ થયા, વિપરીતતા સમસ્ત નાશ થઈ, અચોક્કસતા સમસ્ત નાશ થઈ. **'અને જે વિશ્વને પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે...'** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર. એ તો વિશ્વ નામ **'(સમસ્ત વસ્તુઓને) પ્રકાશવાને એક અદ્વિતીય...'** લ્યો, આવ્યું આમાં. વિશ્વને પ્રકાશવાને. વિશ્વને જાણે છે કે નહિ ભગવાન? ઘણાં કહે, ભગવાન વિશ્વને જાણે એ વ્યવહાર છે માટે ખરેખર નહિ. આહાહા..! એ તો તન્મય થઈને જાણતા નથી માટે વ્યવહાર.

**'વિશ્વને પ્રકાશવાને...'** સારા (-આખો) લોક ત્રણ કાળ ત્રણ લોકને પ્રકાશવાને. **'એક અદ્વિતીય...'** સામે છે વિશ્વ બધું અને પોતે એક અદ્વિતીય જ્યોતિ. **'એક અદ્વિતીય જ્યોતિ છે...'** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારનો કદી વિરહ પડ્યો નથી. ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારનો કોઈ દિ' વિરહ પડ્યો નથી. સદાય ત્રણ કાળના જાણનારા ત્રણેય કાળમાં બિરાજમાન (હોય જ). ભૂતકાળથી તે અત્યાર સુધી છેક સુધી રહે. કોઈ દિ' ત્રણ કાળના જાણનારા સર્વજ્ઞની ગેરહાજરી હોય ત્રણ કાળમાં, એમ હોઈ શકે નહિ. એવા ભગવાન જેને જ્ઞાનમાં પ્રકાશથી એક અદ્વિતીય જ્યોતિ છે. અદ્વિતીય જ્યોતિ છે. એક જ્યોતિ ચૈતન્ય જ્યોતિ. એના જ્ઞાનની નિર્મળતા અંતરના અનુભવથી જ્યાં પ્રગટ થઈ. એણે **'એવા સર્વજ્ઞ જ્ઞાનથી...'** એવા સર્વજ્ઞ જ્ઞાનથી. એવા સર્વજ્ઞના જ્ઞાનથી **'સ્ફુટ કરવામાં આવેલ...'** પ્રગટ કરવામાં આવેલ. ભગવાનના જ્ઞાનથી પ્રગટ કરવામાં આવેલ. શું? **'જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...'** નિત્ય, હોં! અહીં પર્યાયની વાત નથી. કેવળજ્ઞાન, કેવળદર્શન. કેવળજ્ઞાન એટલે પર્યાય નહિ. એકલો જ્ઞાન શક્તિ, દર્શન શક્તિસ્વરૂપ શુદ્ધ કેવળ એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શન, એવો આત્મા ભગવાને જોયો છે.

મુમુક્ષુ :- .. ગાથામાં કહ્યો એવો.

ઉત્તર :- હા, એવો કહ્યો છે. સમજાણું કાંઈ?

**'सव्वण्हुणाणदिट्ठो'** સર્વજ્ઞ ભગવાને તો એમ જોયો છે. શું? **'उवओगलक्खणो णिच्चं।'** એ તો જ્ઞાન દર્શનના ઉપયોગ સ્વરૂપ સ્વભાવ નિત્ય દીઠો છે. એમાં ક્યાંય પુણ્ય-પાપના રાગ અને શરીરની ક્રિયા-ક્રિયા ભગવાને આત્મામાં દીઠી નથી. સમજાણું કાંઈ? અહીં તો હજી પહેલા એકડાની વાત છે. હજી તને આત્મા કોને કહેવો એની ખબર નથી. કહે, ચાલો કર્યો ધર્મ. ધૂળમાં ધર્મ છે? ક્યાં હતો? સમજાણું કાંઈ?

કહે છે, બધા સંદેહ, વિપરીતતા, અચોક્કસતા જેને નાશ થઈ ગઈ છે, એકેક. નિઃસંદેહ, યથાર્થ, ચોક્કસ એવું કેવળજ્ઞાન જેને પ્રગટ વર્તે છે. એ અદ્વૈત જ્યોતિ **'એવા સર્વજ્ઞ જ્ઞાનથી**

**સ્ફુટ...**' છે ને? સ્ફુટિક રત્ન, સ્ફુટિક રત્ન. પ્રગટ કર્યું છે ને. ભગવાને કેવળજ્ઞાનમાં જોઈને પ્રગટ કહ્યું છે ને. '**જે નિત્ય ઉપોયગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...**' જીવ એટલે કે નિત્ય જ્ઞાન અને દર્શનના ઉપયોગવાળો ત્રિકાળ, હોં! પર્યાય નહિ. એકલો જ્ઞાન દર્શનના ઉપયોગસ્વરૂપ જ ત્રિકાળ. ભગવાને એને જીવ કહ્યો છે. કહો, સમજાણું આમાં? આ અપ્રતિબુદ્ધને સમજાવે છે. કેટલાક કહે આ 'સમયસાર' છે એ સાતમા ગુણસ્થાનવાળાને છે, બારમાવાળાને છે. હજી પહેલા નંબરની એકડાની વાતની ખબર નથી. સાતમાની ક્યાં? આ તો અપ્રતિબુદ્ધ-મૂઢને સમજાવે છે. શેઠિયા! અપ્રતિબુદ્ધને સમજાવે છે. મૂઢ અજ્ઞાની, જે આમ વસ્તુ આ છે પ્રતિબુદ્ધ એનાથી વિપરીત છે, એને સમજાવે છે. આહા..!

કહે છે કે નિત્ય ઉપયોગવાળો ભગવાને તો આત્મા જોયો અને પ્રગટ કહ્યો. નિત્ય ઉપયોગ સ્વભાવરૂપ, નિત્ય ઉપયોગ સ્વભાવરૂપ, એને ભગવાને કાંઈ પુણ્ય પરિણામવાળો જોયો નથી. પુણ્ય તો વિકાર છે, અચેતન છે, જડ અંધારા છે. અંધારા સ્વરૂપ જોયો છે ભગવાને? અમે ભગવાનને માનીએ છીએ. ત્વમેવ સત્યં... ધૂળમાં ત્વમેવ સત્યં ક્યાંથી આવ્યું? ભગવાનની ખબર નથી, શું ભગવાન કહે છે, ઈ તો તને ખબર નથી. સમજાણું કાંઈ? ભગવાનના માનેલા ગુરુઓ શું કહે છે એની તને ખબર નથી. અને ભગવાનના કહેલા શાસ્ત્ર શું કહે છે એની તને ખબર નથી. અમે ભગવાનને દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ લ્યો. દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ. દેવ તારા કલ્પેલા, ગુરુ તારા માનેલા અને શાસ્ત્ર પણ તારા કલ્પેલા એને તું માને છો. સોભાગભાઈ! સમજાય છે કાંઈ?

'**તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ ગયું...**' ભાઈ! સર્વજ્ઞે પ્રગટ રૂપે આત્માને જ્ઞાન-દર્શન નિત્ય ઉપયોગવાળો શાશ્વત ભગવાને જોયો. એવો ભગવાન આત્મા પુદ્‌ગલ રૂપે એટલે પુણ્ય-પાપના વિકલ્પો રાગ જે છે એ પુદ્‌ગલ છે, એ રૂપે કઈ રીતે થઈ ગયો? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુણ્ય તો અનુપયોગ જડ છે. હમણાં આવશે બધું. જડ જડ. હવે એ તો ઘણીવાર આવી ગયું. અચેતન, અંધારા, ચૈતન્યના નૂરથી વિપરીત ભાવ. લોકોને લાગે કે આ નિશ્ચય છે, નિશ્ચય. આપણે વ્યવહાર કરો. મરી જાને વ્યવહાર કરીને. વ્યવહાર હતો કે દિ'? વ્યવહાર આવ્યો ક્યાંથી તારે? હજી નિશ્ચયના ભાન નથી ત્યાં વ્યવહાર આવ્યો ક્યાંથી? જેને આવું આત્મજ્ઞાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ વિકલ્પ વિનાનું, રાગ વિનાનું, અચેતન વિકાર વિનાનો છે એવો અનુભવ થયો. પછી રાગની મંદતાના ભાવને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! આ તો આંધળા-બહેરા. રાગ પણ આંધળો અને પછી આત્માના ભાન વિનાનો એ મારો વ્યવહાર એ તું પણ આંધળો. એય..! માલચંદજી!

મુમુક્ષુ :- ... દેખતો થાય નહિ.

ઉત્તર :- રાગ છે એમ જાણે છે. એ તો આંધળું છે. જાણે કે રાગ છે. મારી નાત નથી, મારી જાત નથી, મારામાં નથી. ભિન્ન છે તેને જાણે, બસ. આ સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ. સમજાણું કાંઈ? આહાહા..!

આવો '**નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવ દ્રવ્ય તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ ગયું...**' આ તો આશ્ચર્યથી ભાષા કરે છે. ભગવાન! સર્વજ્ઞ પરમેશ્વરે તો નિત્ય ઉપયોગ જીવદ્રવ્ય કીધો. એવું સત્ત્વ જે જીવનું તત્ત્વ, એ રાગરૂપે, વિકલ્પરૂપે શી રીતે થઈ ગયું? શું થઈ ગયું તને? એમ કહે છે. કેવી રીતે પુદ્‌ગલદ્રવ્ય થઈ ગયું? '**કે જેથી તું આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે એમ અનુભવે છે?**' કે જેથી તું એ શુભ-અશુભ રાગ એ મારા છે, મારા અસ્તિત્વમાં છે, મારી જાતના છે, મારા આત્મામાં છે એમ માનીને એને અનુભવે છો? એ શું થયું? આત્મા રાગરૂપ થઈ ગયો છે કોઈ દિ'? કહો, જમુભાઈ!

'**કેવી રીતે પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ ગયું...**' આહાહા..! આવી કથની ન મળે. સમજાય છે? દિગંબર સંતો વિના આ વાત ન મળે ક્યાંય. બધી આંધળી, ઊલટી-ઊલટી અજ્ઞાનની વાતું. શું છે? '**આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે એમ અનુભવે છે?**' કેવી રીતે પુદ્‌ગલ થઈ ગયું? ચૈતન્યના પ્રકાશનું પૂર એવો ચૈતન્ય, જેને ભગવાને તો નિત્ય ઉપયોગ શાશ્વત જ્ઞાન દર્શન ઉપયોગમય જોયો. શાશ્વતની વાત છે હોં! અહીંયાં ધ્રુવ. શાશ્વત જ્ઞાનદર્શન ઉપયોગવાળો ભગવાને જોયો અને પ્રગટ કર્યો. વાણીમાં-દિવ્યધ્વનિમાં ઈન્દ્રોની સમક્ષ સમવસરણમાં ભગવાનની વાણીમાં એમ પ્રગટ આવ્યું. નિત્ય શાશ્વત જ્ઞાનદર્શનના ઉપયોગવાળો તે આત્મા. શાશ્વત જ્ઞાનદર્શન તે આત્મા. આવો આત્મા ચૈતન્ય રત્નાકર એ રાગરૂપે કેમ થઈ ગયો? એવો ચૈતન્યપ્રભુ, એવા આંધળા રાગપણે કઈ રીતે તું માને છો કે આ મારા છે? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાનને મૂળમાંથી ઉખાડ્યું.

ઉત્તર :- મૂળમાં ઉખાડ્યા વિના પાછો અંકુરો રહી જાય ને. હતું ક્યાં અહીંયા. આવું કલકત્તામાં ક્યાંય મળે નહિ. ...ભાઈ! ખરું કે નહિ? છોટાભાઈ! ભાઈઓ ભેગા થાય તો ધંધાના પાપના પરિણામની વાતું કરે. આહાહા..!

અહીં તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, ભાઈ! એ સર્વજ્ઞને નાખ્યા, હોં! આચાર્યે. ભાઈ! 'કુંદકુંદાચાર્ય' કહે છે કે પ્રભુ તો આમ કહે છે ને ભાઈ! આહાહા..! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ લોક જાણે. અને આમ ઈન્દ્રો અર્ધ લોકના સ્વામી સામે સમવસરણમાં બેઠા હોય. શક્રેન્દ્ર, ઈશાન ઈન્દ્ર અર્ધલોકના સ્વામી, મોટા જગતના વાડ એની સામે ભગવાનની વાણીમાં આમ આવ્યું, એમ કહે છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞનું જ્ઞાન આધારમાં દેવાય?

ઉત્તર :- એ તો વળી એમ કહે કે સર્વજ્ઞે દીઠું માટે ક્રમબદ્ધ એમ નક્કી ન કરો. આત્મા

નક્કી કરીએ. એટલે તો કહ્યું, વિશ્વને પ્રકાશે છે, વિશ્વને પ્રકાશે છે. આધાર લઈને વાત કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ સર્વજ્ઞને પહેલો માન્યા વિના ધર્મ ચાલ્યો ક્યાંથી? ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે.

કહે છે, **'એક અદ્વિતીય જ્યોતિ છે એવા...'** ચૈતન્યસૂર્ય ભગવાન સર્વજ્ઞદેવ, જેને અસંખ્ય પ્રદેશે ચૈતન્યના અનંતા દિવડા પ્રગટ થઈ ગયા. એવા ભગવાને તો આત્માને જ્ઞાન દર્શનના શાશ્વત ઉપયોગસ્વરૂપને આત્મા કહ્યો છે. અહીં તો અલ્પજ્ઞ પણ નહિ, હોં! પુણ્ય-પાપ તો આત્મા નહિ, પણ વર્તમાન અલ્પજ્ઞ ઉપયોગ જે ઉઘાડ અલ્પદર્શી અને અલ્પવીર્ય એ આત્મા નહિ. નિશ્ચય આત્મા નહિ, એ વ્યવહાર આત્મા. નિશ્ચય આત્મા નહિ. આહાહા..! પુણ્ય પાપ તો આત્મા નહિ અને આત્માને લાભદાયક નહિ. પણ આત્માની પર્યાયમાં અલ્પજ્ઞતા જે વિકાસ ક્ષયોપશમ દેખાય છે એ આત્મા વ્યવહાર આત્મા, અભૂતાર્થ આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને અલ્પનો. અલ્પ કહ્યો ને અલ્પ. એક સમયની દશાનો. એ અભૂતાર્થ છે. ત્રિકાળ ભૂતાર્થ સ્વરૂપ તેને નિત્ય ઉપયોગવાળો આત્મા કહ્યો છે. જે સમ્યગ્દર્શનનો વિષય છે. અલ્પજ્ઞ પર્યાય આદિ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..!

'કુંદકુંદાચાર્ય', જેને 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો.' ગૌતમ પછી 'કુંદકુંદાચાર્ય' આવ્યા છે. એ પોતે ભગવાનને અંદર નાખે છે. ભાઈ! ભગવાને તો આમ કહ્યું છે ને. અમે તો કહીએ છીએ અને અમે તો જાણીએ છીએ, અમે તો અનુભવીએ છીએ એવો જ આત્મા છે. મુનિ છે ને. ભાવલિંગી સંત છે. આનંદના કંદમાં ઝુલતા ચારિત્રવંત છે. કહે છે કે '**सव्वण्हुणाणदिट्ठो**' ભગવાને આમ દીઠો છે ને પ્રભુ તને. અને તું એવો મીટી ફીટીને રાગરૂપે ક્યારે થઈ ગયો? શેઠિયા! શિવગોપાલજી! આહાહા..! ભગવાને તો આમ દીઠોને પ્રભુ! તું એ રૂપે ક્યાંથી થઈ ગયો? કે દિ' થઈ ગયો? આહાહા..!

હજી તો આત્મા કેવો અને કેમ છે તેની અસ્તિત્વની પ્રતીતિ અનુભવ તેને સમ્યગ્દર્શન કહે છે. એની વાત પહેલી કહે છે. સમજાણું કાંઈ? કહે છે, અરે..! એવો સર્વજ્ઞે દીઠેલો ભગવાને અને '**(સમસ્ત વસ્તુઓને) પ્રકાશવાને એક અદ્વિતીય...**' તેજ કે જેવું તેજ બીજે હોઈ શકે નહિ. એવા તેજના ધણીએ આત્માને આવો કહ્યો અને તું કહે છે કે હું રાગરૂપ થઈ ગયો, રાગ એ મારા અસ્તિત્વમાં છે. એ પુણ્ય મારા અસ્તિત્વ, મારી હયાતીમાં છે. હું હોઉં તો પુણ્ય છે અને પુણ્ય હોય તો હું છું. આમ ક્યાંથી થઈ ગયું? એ પુણ્ય હોય તો હું છું એમ ક્યાંથી થઈ ગયું? તું હો તો જ્ઞાન દર્શનથી છો. જ્ઞાન દર્શનથી છે. પુણ્ય હો તો આ છે એમ ક્યાંથી થઈ ગયું તને? સોભાગભાઈ! આ તો સાદી ભાષા છે, હોં! બહુ એવી ઝીણી નથી.

**'આ પુદ્ગલદ્રવ્ય મારું છે એમ અનુભવે છે?'** કઈ રીતે તને આ અનુભવ થાય છે? કેમ તને આ મનાઈ ગયું? એમ કહે છે. **'કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્યરૂપ થાય...'** જુઓ, હવે ન્યાય. **'કારણ કે જો કોઈ પણ પ્રકારે...'** ભગવાન જ્ઞાનદર્શનનો ધણી ઉપયોગમય પ્રભુ **'પુદ્ગલદ્રવ્યરૂપ થાય...'** રાગરૂપ થઈ જાય, પુણ્યરૂપ થઈ જાય, વ્યવહારના વિકલ્પરૂપ થઈ જાય **'અને પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય...'** અને રાગ ને વિકલ્પ આદિ જે પુદ્ગલ છે તે જીવ સ્વરૂપે થાય. જુઓ! દાખલો જુઓ દાખલો.

**'જો કોઈપણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્યરૂપ...'** કોઈપણ પ્રકારે જીવદ્રવ્ય રાગરૂપે, પુણ્યરૂપે, વ્યવહારરૂપે થાય અને વ્યવહાર રત્નત્રય આદિ રાગ તે **'પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય...'** આહાહા..! વ્યવહાર રત્નત્રય તે પુદ્ગલ માટી, જડ અચેતન, હોં! માટી એટલે એમાં રજકણ નહિ. અચેતન છે. ચેતનના નૂર પાસે વ્યવહાર રત્નત્રય તે અચેતન છે. તો કહે છે કે કઈ રીતે તારો આત્મા એ અચેતનરૂપે થઈ ગયો? કઈ રીતે તે અચેતન તે જીવ રૂપે થઈ ગયા? કહો, જ્ઞાનચંદજી! આહાહા..! બેની હયાતી ભિન્ન છે એમાં બે એક ક્યાંથી થઈ ગયા? ચૈતન્યના પૂરવાળો ભગવાન એના અસ્તિત્વમાં રાગ છે અને રાગની મર્યાદામાં, રાગની મોજૂદગીમાં આત્મા છે એટલે એનાથી લાભ થયો એટલે એનો અર્થ કે રાગની મોજૂદગીમાં હું છું. આ બે કેમ થઈ ગયું? આ શું થઈ ગયું તને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ નોટો ક્યાંય ધૂળમાં રહી ગયા. આ ઉપાધિ ભાવની સાથે સંબંધ છે ખરેખર તો.

મુમુક્ષુ :- ઉપાધિભાવ .. છે ને...

ઉત્તર :- એ તો બહાર રહ્યું. એમાં કાંઈ નથી. બધું બધું એમાં ગયું. પુણ્ય-પાપના ભાવ જ આત્મા સાથે નિબદ્ધ છે. પહેલા આવી ગયું છે કર્તા-કર્મમાં. ભગવાન આત્મા જેમ પીપરના ઝાડમાં લાખનો સંબંધ છે, એનું સ્વરૂપ નથી. નિબદ્ધ છે. તે પીપર નથી. પીપરનું ઝાડ, વૃક્ષ. એમ ચૈતન્યરૂપી ઝાડ નિત્ય ઉપયોગમાં પુણ્ય અને પાપ એ લાખ સમાન બંધ છે, નિબદ્ધ છે. સ્વરૂપ નથી. જીવ સ્વરૂપ નથી. પહેલું આવી ગયું છે. ૭૪ ગાથા. સમજાણું કાંઈ? અરે..રે..! કહે છે કે લાખ પીપર કેમ થઈ ગઈ? પીપર સમજો છો? પીપરનું ઝાડ હોય છે ને? ઝાડ હોય છે. ભાવનગર બહુ પીપર હતી પહેલા. એ .. ભરાતી આમ ત્યાં પીપર... પીપર સડક ઉપર. એ પછી લાખ થઈ તે ખવાઈ ગઈ તો એક પીપર નહિ. બેય મેં જોયેલા. ગૃહસ્થાશ્રમમાં. એક વાર ગયા હતા પીપર ચારે કોર. બીજી વાર ગયો ભાવનગર પાલેજથી. એલા પીપરું ક્યાં ગઈ? લાખ આવી હતી તો ખવાઈ ગઈ.

એમ ભગવાન ચૈતન્યના પૂર, જ્ઞાનના નૂર ભરપૂર ચૈતન્ય ઉપયોગથી ભરેલો પ્રભુ છે. એમાં પુણ્ય અને પાપ જે ભાવે બંધન થાય એ વિકલ્પ બધા લાખ સમાન છે. અચેતન

છે, આંધળા છે, અંધારા છે, જડ છે, પુદ્‌ગલ છે. પુદ્‌ગલ એટલે આ વિકાર. એ તું ચૈતન્ય મટીને પુદ્‌ગલ ક્યાંથી થઈ ગયો? અને પુદ્‌ગલ ફીટીને તું ક્યાંથી થઈ ગયો ચૈતન્ય? આહાહા..!

**'જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય તો જ 'મીઠાનું પાણી'...'** ભાષા જુઓ! દાખલો. મીઠું હોય છે ને મીઠું? એ વરસાદના ટાણામાં પાણી થઈ જાય. વળી પાણીનું મીઠું થાય. મીઠાનું પાણી થાય અને પાણીનું મીઠું થાય. એમ આ થઈ જાય છે? કારણ કે મીઠાનું પાણી થવામાં વિરોધ નથી અને પાણીનું મીઠું થવામાં વિરોધ નથી. આ તો વિરોધ છે. આહાહા..! પોપટભાઈ! મીઠું હોય છે ને મીઠું? વરસાદ આવે તો પાણી થઈ જાય. વળી પાછું પાણી જામી જાય તો મીઠું થઈ જાય. એમ આ હશે? ભગવાન ચૈતન્યના પૂર જ્ઞાનમૂર્તિ પ્રભુ એ પુણ્ય-પાપના મેલરૂપે, વિકારરૂપે થઈ ગયો? જેમ મીઠાનું પાણી થયું એમ થાતું હશે આ? અને પાણીનું પાછું મીઠું થાય. એમ વિકારના પરિણામ વળી આત્મા થાય એમ હશે? દાખલો કેટલો આપ્યો છે સહેલો! જુઓને! ખારાપણું અને દ્રવવું એ બે વિરોધ નથી. એ તો એનું સ્વરૂપ છે. એમ આત્મા અને રાગ બે વિરોધ છે, એનું સ્વરૂપ નથી. ઓલું તો એનું સ્વરૂપ છે. મીઠાનું પાણી થાય અને પાણીનું મીઠું થાય. એમ ભગવાન ચૈનત્ય ઉપયોગ એ ગળીને રાગ થઈ જાય? મીઠું ગળીને પાણી થાય એમ રાગ થઈ જાય? ત્રણ કાળમાં ન થાય. એમ રાગ જામીને ચૈતન્યબિંબ ઢીમ થાય? રાગ ચૈતન્યબિંબ ઢીમ થાય? ત્રણ કાળમાં ન થાય. કહો, ભીખાભાઈ! આહાહા..!

મુમુક્ષુ :–...

ઉત્તર :– ટાણે આવે ત્યારે કહે ને. આહાહા..!

ભગવાન! તું ભગવાન કેવો છો એની તને ખબર નથી. ભગવાનના તું વખાણ કરે. ભગવાન કહે, પણ તું કેવો છો, તને તારી ખબર વિના મારા વખાણ ક્યાંથી આવ્યા તારી પાસે? તું કેવો છો? તેવો હું પૂર્ણ છું. હવે તું કેવો છો એ તને ખબર નથી તો મારા વખાણ ક્યાંથી આવ્યા તારી પાસે? 'સમંતભદ્ર' કહે છે સ્તુતિમાં, હે નાથ! .. સત્તા, રાગને આત્માના માનનારા આત્માની સ્તુતિ નહિ કરી શકે. એ છે ને 'સ્વયંભૂ સ્તોત્ર'. ... સત્તા. .. નામ રાગ એવા પોતાને માનનારા અભવિ આદિ, પ્રભુ! આપને વંદન નહિ કરે હોં! એ. ત્યારે આ વંદન કરે છે ને? એ તો રાગને કરે છે. તમને ક્યાં કરે છે? આહાહા..! એ પૂજા ભગવાનની કરે છે? ના. એ તો રાગની પૂજા કરે છે. આહાહા..! સમજાણું? એને રાગમાં બધું મનાઈ ગયું છે. એ રાગની પૂજા કરે છે. પ્રભુ! આપને કોઈ માનતા નથી અજ્ઞાનીઓ. જેટલા પુણ્ય પરિણામ રાગથી લાભ માનનારા, રાગથી આત્માને માનનારા પ્રભુ આપને વંદન કરી શકતા જ નથી ત્રણ કાળમાં. આહાહા..! કહો. તું કોણ છો રાગ વિનાનો એ જાણ્યો નથી. ભગવાન રાગ વિનાના છે. એને કહે, ભગવાન આવા છો. ઓહોહો..! સમવસરણ ને ત્રણ કાળ જાણે. આહાહા..! દેવો આવે અને મોટું સમવસમરણ જામે એ ભગવાન. એ

ભગવાન નહિ.

**'મારું આ પુદ્ગલદ્રવ્ય એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે;...'** મીઠાનું પાણી એવા અનુભવની જેમ મારું આ પુદ્ગલદ્રવ્ય એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે? એમ કહે છે. **'પણ એમ તો કોઈ રીતે બનતું નથી.'** મીઠાનું પાણી થાય છે એમ ભગવાન કોઈ દિ' રાગરૂપ થાય છે એમ છે નહિ અને રાગ આત્મા થાય છે એમ છે નહિ. કોઈ દિ' નથી. એને દૃષ્ટાંતથી સમજાવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૪, શુક્રવાર, તા. ૨૮-૧૦-૧૯૬૬**
**ગાથા-૨૩થી ૨૫, પ્રવચન નં. ૮૭**

જીવ-અજીવ અધિકાર ચાલે છે. કેવળી તીર્થંકરના ગુણની સ્તુતિ કોને કહેવાય. કેવળજ્ઞાની ભગવાનના ગુણની સ્તુતિ કેમ કરાય? એમ છે આ. એના ઉત્તરમાં આત્માની સ્તુતિની વાત કરી છે. એમાં પણ ઈન્દ્રિયને જીતવું એણે ભગવાનના ગુણગ્રામ કર્યા, એટલે કે આત્માના અતીન્દ્રિય આનંદસ્વરૂપના સ્વરૂપમાં એકાગ્રતા કરી એ જ આત્માના ગુણ ગાયા એમ કહેવામાં આવે છે. સમજાણું? એમાં ઈન્દ્રિયને જીતતા. ઈન્દ્રિયના પ્રકાર ત્રણ પાડ્યા. એક દ્રવ્યેન્દ્રિય, એક ભાવેન્દ્રિય અને એક ઈન્દ્રિયના વિષયો. ત્રણેને ઈન્દ્રિય તરીકે કહેવામાં આવ્યું.

પહેલાંમાં એમ કહ્યું કે શરીર પરિણામને પ્રાપ્ત જે ઈન્દ્રિયો, શરીર પરિણામને પ્રાપ્ત જે ઈન્દ્રિયો જડ. એને ભેદવિજ્ઞાનના પ્રવિણપણાના બળથી પ્રાપ્ત. અહીં શરીરપણાના પરિણામને પ્રાપ્ત ઈન્દ્રિયો આ છે. ભગવાન આત્મા... તું એવા આત્માને માને છે એ લોકોત્તર મૂરખ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. જાય ને.

ઉત્તર :- ફરી વાર કહીએ.

સ્ફટિકનું દૃષ્ટાંત તો સમજાણું કે નહિ? જેમ સ્ફટિક છે એ તો સ્વચ્છ જ છે. એનો મૂળ સ્વભાવ તો સ્વચ્છ છે. પણ જે વાસણમાં મૂકવામાં આવે છે એ જેવું વાસણ હોય લીલા, પીળા, કાળા રંગનું એવી ઝાંય એમાં દેખાય છે, એ સ્ફટિકની મૂળ ચીજ નથી. એ સ્ફટિકમાં ઉપાધિભાવ છે. એ ઉપાધિભાવસ્વરૂપ સ્ફટિક જાણે એ લૌકિક મૂરખ ગણવામાં આવે છે. એમ ચૈતન્ય રત્ન વિજ્ઞાનઘન ભગવાન આત્મા કર્મના નિમિત્તના સંગમાં જે પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, કામ-ક્રોધના વિકલ્પરૂપ મેલરૂપી રાગ એ આત્મામાં એક સમયની દશામાં અસ્વભાવભાવ છે. એનો સ્વભાવભાવ નથી, અસ્વભાવભાવ છે. સમજાણું કાંઈ? એ અસ્વભાવભાવને જ આત્મા અનુભવે છે, આત્મા જાણે છે એ મિથ્યાદૃષ્ટિ લોકોત્તર મૂરખ છે. સમજાણું કે નહિ?

કહે છે કે, અરે.. મૂરખ! દુરાત્મન્ કહ્યું હતું. હે દુરાત્મન-આત્મઘાત કરનાર! એમ સંબોધન કર્યું હતું. સંતોને તો સંબોધન કરવામાં કાંઈ કોઈની પાસે ફંડફાળો કરવાનો નથી કે ઠીક પડે કે ઠીક નહિ પડે. હે દુરાત્મન્! હે આત્માનો ઘાત કરનારા! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ તો આત્માને નિત્ય ઉપયોગ લક્ષણવાળો દીઠો છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે નિત્ય નામ કાયમી જ્ઞાન દર્શનના શાશ્વત ઉપયોગસ્વરૂપ ભગવાને આત્માને જોયો છે. એવા આત્માને તું પુણ્ય-પાપ, વિકલ્પ, રાગવાળો માને છે

તો હે આત્મઘાતિ! તારી આવી દૃષ્ટિ ક્યાંથી વિપરીત થઈ ગઈ? સૂક્ષ્મ વાત છે, હોં! ..લાલજી! આહા..!

જીવ-અજીવ અધિકાર છે. જીવ તો ભગવાને એવો જોયો છે, '**सव्वण्हुणाणदिट्ठो**'. સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં, સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આત્મા એવો જોવામાં આવ્યો છે. કેમકે સર્વજ્ઞ ભગવાન શરીર, કર્મને અજીવ જોવે છે અને સર્વજ્ઞ ભગવાન પુણ્ય-પાપ ભાવને આસ્રવ અજીવ જોવે છે. આસ્રવ રૂપ ભાવ જીવસ્વભાવથી ભિન્ન જુએ છે. સમજાય છે કાંઈ? તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન આવે છે કે નહિ? તો તત્ત્વાર્થમાં અજીવ-શરીર, કર્મ તો ભગવાને અજીવ દીઠાં છે. અને એમાં પુણ્ય, પાપ, શુભ, અશુભ, દયા, દાન, વ્યવહાર રત્નત્રયના વિકલ્પ જે રાગ છે તેને તો ભગવાને આસ્રવ જોયા છે. એ જીવ-આત્મા ભગવાને તેમને જોયા નથી. એ તો આસ્રવ છે. આસ્રવ કહેતાં એ જીવસ્વભાવ નથી. સમજાય છે કાંઈ? આહા..!

હજી તો જીવ-અજીવ અધિકારની વાત ચાલે છે. આસ્રવ છે તેનાથી તો ભગવાને તારો આત્મા ભિન્ન જોયો છે. જ્ઞાન દર્શન શાશ્વત ઉપયોગસ્વરૂપ તે આત્મા. સમજાય છે કાંઈ? છત્તરગચ્છમાં દેવચંદજી (થયા) તે પણ કહે છે, શ્વેતાંબરમાં, હોં! 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ..' ગુજરાતી આવ્યું. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ...' હે નાથ! તમારા જ્ઞાનમાં જાણનશક્તિની રીત એવી છે, 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ...' હે પરમેશ્વર, હે સર્વજ્ઞદેવ, હે ધર્મપિતા, આપ તો સર્વ આત્માને નિજ સત્તાથી શુદ્ધ ચૈતન્યમૂર્તિ આપ જુઓ છો. સમજાય છે કાંઈ? હે ધર્મપિતા! હે જગતગુરુ નાથ! આપના સર્વજ્ઞ જ્ઞાનથી આપ તો એમ જુઓ છો, પ્રભુ! 'નિજ સત્તાએ શુદ્ધ સૌને લેખતા હો લાલ...' હે નાથ! આપ તો આત્માને શાશ્વત જ્ઞાન દર્શન ઉપયોગ શુદ્ધ સત્તાવંત જુઓ છો. સોભાગભાઈ! અને આ અજ્ઞાની આત્મા આવા આત્માને નહિ જાણીને, ન અનુભવીને, ન આદર કરીને, ન સત્કાર કરીને અને આ આત્માથી વિરુદ્ધ ભાવ જે પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગ વિકલ્પને આત્મા માનીને એને અનુભવે છે, પ્રભુ! તું મિથ્યાદૃષ્ટિ મૂરખ છો. ..લાલજી! જરી કડક તો છે. નથી કડક? સેઠિયાને કડક તો લાગતું નથી. ચીજ એવી છે. સમજાય છે કાંઈ?

જેને દુનિયા વ્યવહાર કહે છે, વ્યવહાર રત્નત્રય કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામ અને શાસ્ત્ર સન્મુખ થઈને વિકલ્પવાળું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન-રાગવાળું જ્ઞાન, તેને અહીંયાં કહે છે કે તે અજીવ છે. સેઠિયા! અરે..! અજીવને જીવ કેમ માને છે આ? એમ કહે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! ચૈતન્યસ્વરૂપ તો નિત્ય શાશ્વત જ્ઞાન દર્શન ઉપયોગમય છે. તેને વ્યવહાર વિકલ્પથી લાભ થાય એમ માનનાર રાગને જ આત્મા માને છે.

મુમુક્ષુ :- .. અજીવને જીવ માને છે.

ઉત્તર :- એ અજીવને આત્મા માને કહો કે રાગને આત્મા માને કહો કે આસ્રવને આત્મા

માને કહો કે અનાત્માને આત્મા કહો કે અજીવને આત્મા માને કહો. જીવ-અજીવ અધિકાર છે. આહા..!

કહે છે કે, ભગવાન તો આમ જોવે છે ને પ્રભુ! ૨૪મી ગાથામાં કહ્યું, **'सव्वण्हुणाणदिट्ठो'** **'सव्वण्हुणाणदिट्ठो'** 'કુંદકુંદાચાર્ય'ને સર્વજ્ઞને લેવા પડ્યા. અરે..! આત્માઓ! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, જેમને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે એ ભગવાને તો આત્માને.. એ ૨૪મી ગાથામાં આવશે, જુઓ! પાઠમાં છે, **'સર્વજ્ઞ-જ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરવામાં આવેલે જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ ગયું...'** સમજાય છે કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે તો જ્ઞાનનો કંદ વિજ્ઞાનઘન સ્વરૂપ તે આત્મા, જાનન-દેખન ઉપયોગ ત્રિકાળ, હોં! વર્તમાન પર્યાયની વાત નથી. જાણન-દેખન ઉપયોગ જે ત્રિકાળ જાણન-દેખન ઉપયોગસ્વરૂપ આત્મા ભગવાને જોયો છે. વર્તમાન જ્ઞાનની પર્યાયની વાત અહીંયા નથી. ભાઈ! વર્તમાન જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, વિકાસની પર્યાય એ તો વ્યવહાર આત્મા છે. નિશ્ચય આત્મા-ખરેખર આત્મા એ નહિ. શું કહ્યું? શરીર અને કર્મ જડ છે તે તો આત્મા નહિ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, શુભાશુભ ભાવ છે તે આત્મા નહિ. કેમકે એ તો અનાત્મા રૂપી આસ્રવ છે. અને આત્મામાં પ્રગટ વર્તમાન જ્ઞાન, દર્શન, વીર્યનો જે વિકાસ અંશ દેખાય છે, એક સમયનો વિકાસ અંશ છે તે વાસ્તવિક ત્રિકાળી આત્મા નહિ, એ વ્યવહારઆત્મા છે. તો વ્યવહારઆત્માને અભૂતાર્થ કહીને નિત્ય જ્ઞાન-દર્શન ઉપયોગસ્વરૂપ ભગવાન આત્માને ભગવાન પરમાર્થે ખરેખર આત્મા કહે છે. બહુ ઝીણું પણ આમાં. ..લાલજી! શું કરવું? ભારે ગડબડી થઈ ગઈ છે. અત્યારે તો એવી ગડબડી છે... આહાહા..!

ભગવાન કહે છે, પ્રભુ! તું આત્મા છો કે નહિ? તને આત્મા કેવો છે એવી પ્રતીતિ કરવી છે કે નહિ? સાત તત્ત્વમાં આત્મા કેવો છે એવી તારે પ્રતીત-શ્રદ્ધા, જ્ઞાન કરવું છે કે નહિ? જો તારે પહેલાં ભગવાન આત્મા કોણ છે એવી શ્રદ્ધા કરવી હોય તો એ આત્મા શરીર, કર્મમાં તો નથી, શરીર, કર્મરૂપ તો નથી, પુણ્ય-પાપમાં નથી, પુણ્ય-પાપ રૂપ નથી, અલ્પજ્ઞ અવસ્થા રૂપે નથી, અલ્પજ્ઞ અવસ્થામાં નથી. આહા..! સોભાગભાઈ! સોભાગભાઈ કાલે કહેતા હતા, આવું સાંભળવાનું ક્યાંય નથી મળતું. એમ કહેતા હતા. ભગવાન! તારી ચીજ કોઈ અલૌકિક છે, પ્રભુ!

અહીં તો કહે છે કે જે આવા ભગવાન આત્માને તું જે રાગાદિ પુદ્‌ગલ રૂપ માને છો તો અમે તો કહીએ છીએ કે સર્વજ્ઞ ભગવાને જ્ઞાન દર્શન ઉપયોગસ્વરૂપ ભગવાને જોયો છે. તો લવણ જેમ જળ થાય છે અને પાણી લવણ થાય છે. વર્ષાકાળમાં લવણની ગાંગડી પાણી થઈ જાય અને પાણી છે તે ગરમીમાં લવણ થઈ જાય છે. તો શું એવી રીતે ભગવાન આત્મા ચૈતન્યઘન ભગવાન શું પુણ્ય-પાપ, રાગ, શરીર રૂપ થઈ ગયો? જેમ લવણ પાણી

રૂપ થાય છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા વિજ્ઞાનઘન ચૈતન્યપ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે પૂર્ણાનંદ (છે), જેમાં પૂર્ણ જ્ઞાન દર્શનથી ભરપૂર આત્મા છે તે આત્મા શું રાગરૂપ થઈ ગયો? જેમ લવણ પાણી થાય છે એમ આત્મા શું પુણ્ય, દયા, દાન, વ્રતરૂપ થઈ ગયો છે? ...લાલજી! અને જેમ લવણનું પાણી છે તે પાણી ઢીમ થઈ જાય છે. ઢીમ સમજ્યા? શું કહે છે? જમ જાતા હૈ. એમ દયા, દાન, કામ, ક્રોધ, પુણ્ય-પાપના પરિણામ શું ચૈતન્યઘનમાં ઘૂસી જાય છે? ચૈતન્યઘન થઈ જાય છે? શું પુણ્ય-પાપના ભાવ વિજ્ઞાનઘન થાય છે અને વિજ્ઞાનઘન શું પુણ્ય-પાપ રૂપ થાય છે? લવણનું પાણી થાય છે, પાણીનું લવણ થાય છે. એમ આત્મા વિજ્ઞાનઘન ભગવાન તે શું રાગરૂપ થઈ જાય છે? કદી નથી થતો. આહાહા..! લાલચંદજી! ભારે વાત, ભાઈ! હજી તો આત્મા કેવો છે એની વાત કરે છે.

કહે છે, '**જેમ મીઠાનું પાણી એવા અનુભવની જેમ 'મારું આ પુદ્ગલદ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે; પણ એમ તો કોઈ રીતે બનતું નથી. એમ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છે.**' છે પેરેગ્રાફ? હિન્દીમાં ૫૯ પાનું છે, તમારે જુદું હશે. 'એમ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છે.' પહેલી વાત ચાલી ગઈ છે, આ તો થોડું ઉપરથી કહ્યું. સમજાય છે કાંઈ? જરી સૂક્ષ્મ વાત છે. એણે કદી આ વાત રુચિથી સાંભળી નથી. અનંત વાર બધું કર્યું. શું? વિકાર. બધાનો અર્થ જડનું કે પરનું નહિ. એણે કર્યું તો અનંત કાળમાં જે આત્મા નથી એવું કર્યું. પુણ્ય અને પાપના ભાવ જે અનાત્મા છે એવું કર્યું. તો અનાત્માપણે ચાર ગતિમાં રખડ્યો. સમજાય છે કાંઈ?

કહે છે કે, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર 'કુંદકુંદાચાર્યદેવ' સર્વજ્ઞનો આધાર દઈને કહે છે. અમે તો કહીએ છીએ કે ચૈતન્યપ્રભુ તો વિજ્ઞાનઘન છે, જ્ઞાયકજ્યોત છે, એ કદી પુણ્ય-પાપ રૂપ થયો નથી. ત્રણ કાળમાં થયો નથી. નિગોદમાં પણ ચૈતન્ય તો ચૈતન્ય જ્ઞાનઘન જ રહ્યો છે. નિત્યનિગોદમાં હો, એકેન્દ્રિયમાં હો, પંચેન્દ્રિયમાં હો ભગવાન એને આત્મા કહે છે કે એ તો વિજ્ઞાનઘન સ્વરૂપે જ છે. ત્યાં પણ પુણ્ય-પાપના વિકલ્પ રૂપે એ વિજ્ઞાનઘન થયો જ નથી. સમજાય છે કાંઈ? કેમકે પુણ્ય-પાપના ભાવ તો આસ્રવતત્ત્વ છે. તો જીવતત્ત્વ આસ્રવતત્ત્વ રૂપ કદી થયું નથી. અને પુણ્ય પરિણામ જે આસ્રવતત્ત્વ છે તે જીવતત્ત્વ રૂપ કદી થયા નથી. થયા નથી તોપણ અજ્ઞાની તેને પોતાના છે એમ માને છે. સેઠી! આવી વાત છે. આહાહા..! મૂળ વાતની ખબર ન મળે, મૂળ ચીજની ખબર ન મળે અને કહે છે કે અમારે ધર્મ થશે. .. લાલજી! આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર.... 'કુંદકુંદાચાર્ય' ગુરુ પોતાની વાત કહે છે પણ ભગવાનનો આધાર આપીને કહે છે. ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર જગતપિતા ધર્મપિતા ત્રિલોકના નાથ સમવસરણમાં ધર્મસભામાં અર્ધ લોકના સ્વામી શક્રેન્દ્ર અને અર્ધ લોકના સ્વામી ઈશાનઈન્દ્ર, એવા ઈન્દ્ર જે આભના થોભ જેવા બેઠા હતા એવા ભગવાને સર્વજ્ઞ પરમેશ્વરે દિવ્યધ્વનિ દ્વારા આમ

કહ્યું. અરે.. આત્માઓ! તમે તો વિજ્ઞાનઘન પ્રભુ આત્મા છો અને જે શુભ-અશુભ રાગ ભગવાન કહેતા હતા, અમારા પ્રત્યેનો જે ભક્તિનો વિકલ્પ ઉઠે તે પણ રાગ છે, આત્મા નહિ. એમ ભગવાન ઇન્દ્રની સમક્ષ સમવસરણમાં ભગવાન ફરમાવતા હતા. ..લાલજી! આહાહા..! લોકના સ્વામી આમ આભ મોટા! સો સો ઇન્દ્રની વચમાં ભગવાનની વાણી નીકળે છે. અત્યારે પણ ત્યાં ભગવાનની વાણી (નીકળે છે). મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' પરમાત્મા બિરાજે છે. 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં લગભગ ત્યાં ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. તેમણે અહીં આવીને આ બનાવ્યું છે. સમજાય છે કાંઈ?

અરે..! એ તો મુનિ હતા, ભાવલિંગી સંત હતા, અનુભવી હતા. સમ્યગ્દૃષ્ટિપૂર્વક આનંદના કંદમાં ઝુલનારા 'કુંદકુંદાચાર્ય' હતા. આહા..! એટલા પુણ્ય હતા અને એટલી પવિત્રતાની યોગ્યતા હતી કે ભરતક્ષેત્રના માનવીને પરમાત્માના મહિવેદહક્ષેત્રમાં સશરીરે જાત્રા થઈ. ..લાલજી! ભગવાન પાસે આઠ દિવસ રહીને આવ્યા. સમજાય છે કાંઈ? મદ્રાસથી એંસી માઈલ આ બાજુ એક વંદેવાસ છે, ત્યાંથી પાંચ માઈલ એક પોન્નુર હિલ ટેકરી છે. પોન્નુર હિલ-સોનાની ટેકરી. પોન્નુર-સોનાની. પોન્નુર હિલ. ત્યાં આગળ 'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર સંત ધ્યાનમાં રહેતા હતા. ત્યાં ધ્યાનમાં 'કુંદકુંદાચાર્ય'ને ભગવાન યાદ આવ્યા. અહો..! ભરતક્ષેત્રમાં ભગવાનના વિરહ પડ્યા. અરે..! અમારા અવતાર ભરતમાં, પરમેશ્વરના અમને વિરહ પડ્યા. પરમેશ્વર અહીંના નથી, પરમેશ્વર છે ત્યાં અમારા અવતાર નથી. અહીંયાં ભરતમાં પરમેશ્વર હતા એ તો ચાલ્યા ગયા. પરમેશ્વર છે ત્યાં અમારા અવતાર નથી. પરમેશ્વરના વિરહ પડ્યા. ચિંતવન કરતાં કરતાં એટલી ભક્તિ ઊછળી કે નમસ્કાર કર્યા. ... ભગવાનની વાણીમાં ઇચ્છા વિના સત્ ધર્મ વૃદ્ધિ હજો! એવો અવાજ નીકળ્યો. સભાએ સાંભળ્યું કે આ શું? અહીં કોઈ છે નહિ ને આ અવાજ શું નીકળ્યો? ત્યાં તો એકદમ 'કુંદકુંદાચાર્ય' ... ચાર આંગળ ઊંચે ચાલવાની ૠદ્ધિ હતી. તેમના મિત્ર પણ ત્યાં દેવ હતા. ત્યાંથી આવ્યા. ભગવાન પાસે ઊભા. પાંચસો ધનુષનો દેહ. બે હજાર હાથ. આ ચાર હાથ. પતંગિયા જેવા દેખાય. ચક્રવર્તીએ કહ્યું, ભગવાન સિંહાસનમાં બેસી ગયા, નીચે હતા, ચક્રવર્તી કહે, મહારાજ! આ છે કોણ? મનુષ્ય આકારે છે કોણ આ? તીડ જેવા દેખાય. તીડ કહે છે ને? સમજ્યા? નાનો કીડો. કોણ છે? ભગવાન કહે છે, ભરતક્ષેત્રના ધર્મ આચાર્ય-ધર્માચાર્ય એલ્લક છે નાના, એલાચાર્ય છે. આહાહા..! ત્યાં આઠ દિવસ સાંભળ્યું. ભાવમુનિ તો હતા.

અહીં કહે છે, અરે..! સર્વજ્ઞ ભગવાન તો આમ કહેતા હતા ને. સર્વજ્ઞ પ્રભુએ તો આ આત્માને શુદ્ધ ચૈતન્યઘન કહ્યો છે અને તું આ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આત્માના છે અને તેનાથી મને લાભ થશે, તેનાથી કિંચિત્ તો આત્માને લાભ થશે ને. એમ તું માને છો તો અનાત્માને જ તું આત્મા માને છે. સેઠિયા! રાડ નાખે. અર..ર..ર..! ભાઈ! ભગવાન પાસે જા. પૂછ ભગવાનને. પણ તું જાઈશ શેનો? સમજાય છે કાંઈ? કહે છે...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો મહાવિનયી હતા. એને કહે છે કે, અમે તો અલ્પજ્ઞ છીએ. અમે તો આત્માને એવો રાગથી-વિકલ્પથી ભિન્ન અનુભવીએ છીએ. પણ સર્વજ્ઞ ત્રિલોકના નાથ જે ધર્મના ધુરંધર આશ્રય છે એ ધર્મના મૂળ સર્વજ્ઞ પરમેશ્વર છે તેમના મુખમાંથી નીકળેલી વાણીમાંથી શાસ્ત્રો (રચાયેલા) છે, એવા ત્રિલોકનાથ આમ કહે છે. સમજાય છે કાંઈ?

કહે છે, ભાઈ! તને આવી ગડબડ ક્યાંથી ઉઠી? ચૈતન્યગોળો ભિન્ન પરમાત્મા અંદર ચૈતન્ય બિરાજે છે એને તું આ જે રાગનો વિકલ્પ ઉઠ્યો એનાથી મને લાભ થાય. એનો અર્થ કે વિકલ્પ તે હું છું, એનો અર્થ કે રાગમાં મારી ચીજ છે અને એ રાગમાં હું છું. આહા..! સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત દઈને કહે છે, જુઓ!

'**જેમ ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ...**' લવણ. લવણનું લક્ષણ ખારાપણું-ખારું, ખારાનું દળ છે. ખારાશનો પિંડ છે ને લવણ? ખારાશનો પિંડ છે. '**એવું લવણ પાણીરૂપ થતું દેખાય છે...**' લવણનું દળ વર્ષાકાળમાં પાણીરૂપ થતું, લવણ પાણીરૂપ થતું દેખાય છે. '**અને દ્રવત્વ (પ્રવાહીપણું) જેનું લક્ષણ છે એવું પાણી...**' લવણનું પાણી, મીઠાનું પાણી. એ દ્રવત્વ-પ્રવાહીપણું '**જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે...**' એ પાણી જામી જાય છે. લવણ છે એ ગળી જાય છે એનું પાણી થાય છે. એ તો બરાબર છે, એનું સ્વરૂપ છે. '**કારણ કે ખારાપણું અને દ્રવપણાને સાથે રહેવામાં અવિરોધ છે...**' ખારાપણું અને દ્રવ્યત્વ નામ પ્રવાહીપણું સાથે રહેવામાં વિરોધ નથી. અવિરોધ છે. ખારાપણું દ્રવિત પણ થઈ જાય છે અને દ્રવિતપણું ઢીમ-જામી પણ જાય છે. તો ખારાપણામાં અને દ્રવિતપણામાં કોઈ વિરોધ નથી. '**અર્થાત્ તેમાં કોઈ બાધા નથી,...**' એ દૃષ્ટાંત થયો.

'**તેવી રીતે નિત્યઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય...**' જુઓ! ભગવાન જાણન-દેખન ઉપયોગ ત્રિકાળ શાશ્વત, ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય '**પુદ્ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી...**' ભાષા જુઓ! લવણ પ્રવાહીપણે પાણી થતું જોવામાં આવે છે. ભગવાન આત્મા જ્ઞાનઘન છે તે પુદ્ગલદ્રવ્ય નામ પુણ્ય-પાપ ભાવ અને કર્મરૂપ, શરીરરૂપ થતો જોવામાં આવતો નથી. છે? ભાઈ! શું કહે છે? જુઓ! આ તો વસ્તુ અલૌકિક વાત છે, તમારા સંસાર કરતાં. ચોપડાના નામા જુદાં અને આ નામા જુદાં છે. ઓલાના ધૂળ-ધાણીના નામા. સોભાગભાઈ!

મુમુક્ષુ :- ધૂળધાણીના નામા એટલે શું?

ઉત્તર :- આ ધૂળના-પૈસા આવ્યા ને ગયા, આવ્યા ને ગયા. બધી કષાયઅગ્નિ સળગી છે ત્યાં તો. સોભાગભાઈ! આ પૈસાવાળા રહ્યા સૌથી મોટા જુઓને અત્યારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૈસાવાળા ક્યાં હતા? મમતાવાળા છે. રૂપિયા લઈને આવ્યા છે અહીંયાં?

પાસે શું છે? આત્મા છે પાસે અને કાં ઈ મારું છે એવી મમતા છે, બીજું કાંઈ છે નહિ પાસે, લ્યો. સોભાગભાઈ! આહાહા..! કરોડોપતિ છે સોભાગભાઈ. અહીં તો કાંઈ લાગતું નથી. કાંઈ લાગતું નથી?

મુમુક્ષુ :- અમારી દૃષ્ટિથી જુઓ તો શું લાગે?

ઉત્તર :- શું લાગે? મમતા લાગે. ન્યાં છે એમ લાગે. પેલા ફકીરનો દાખલો આપે છે ને? સાંભળ્યું છે કે નહિ? જહાંગીર. જહાંગીર હતો ને? એની રાણી હતી નૂરજહાં. નૂરજહાં રાણી હતી. બહુ સુંદર દુનિયાની દૃષ્ટિથી. બહુ સુંદર. સુંદરનો અર્થ શું? નાક, આંખ સુંદર હોય ઈ સુંદર. હાડકાના આકાર સુંદર હતા તો નૂરજહાં (કહેવાતી). જહાં–દુનિયાનું નૂર–તેજ. એમ એક ફકીરે સાંભળ્યું હતું. એને થયું, લાવને જોવા જાઉં. દુનિયા કહે છે કે એના શરીરમાં બહુ તેજ છે. રાજા અને રાણી પલંગ ઉપર બેઠા હતા અને મકાનનું બારણું બંધ હતું. બારણું સમજ્યા? દરવાજો બંધ હતો. ફકીરને લબ્ધિ હતી તો ઉપરથી આવ્યો. બેઠા હતા. જોઈને (માથું ધુણાવ્યું). રાજા પૂછે છે, શાહીબાબા! તમે ક્યાંથી આવ્યા? દુનિયા કહેતી હતી કે તમારી રાણી બહુ સુંદર છે. એમ કહેતી હતી. નૂરજહાં. એટલું હું જોવા આવ્યો. તમારો દરવાજો બંધ હતો એટલે હું ઉપરથી આવ્યો. આવીને કહ્યું, લોકો કહેતા એવું મને દેખાતું નથી. રાજા કહે છે, બાબા! તમે અમારી દૃષ્ટિથી જુઓ. તમારી દૃષ્ટિથી નહિ.

ભગવાન! તું તો રાગ નહિ અને બાહ્ય ચીજની પર્યાયમાં તારો અધિકાર નહિ. તેં બનાવ્યું ઈ અમે કેવી રીતે જોઈએ? ઊંધું બહુ ભાઈ જગતથી. તું તો ભગવાન જ્ઞાનસ્વરૂપ છો ને, પ્રભુ! તું તો જાણન–દેખનની પર્યાયથી ખસીને કદી રાગરૂપ થયો છે કે તને અમે રાગરૂપ જોઈએ? આ તો અહીંયા કહે છે પ્રભુ. 'કુંદકુંદાચાર્ય' મહારાજ બે હજાર વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં થયા. એમણે આ (ગાથા) બનાવી, 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી. નવસો વર્ષ પહેલાં દિગંબર સંત 'અમૃતચંદ્રાચાર્ય' ધર્મધુરંધર આભના થોભ મહાસંત મુનિ ભાવલિંગી સંત. આહાહા..! પરમેશ્વરપદમાં બિરાજમાન પંચ પરમેષ્ઠી છે ને. ણમો લોએ આઈરિયાણં.

એ આચાર્ય કહે છે, અરે..! ભગવાન! ખારાશ દ્રવીને પાણી થાય છે. એમ આત્મા નિત્ય ઉપયોગલક્ષણવાળો શું રાગરૂપ કદી થયો છે? તને અમે (એવો) કઈ રીતે જોઈએ? સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! હજી તો મૂળ આત્મામાં... પ્રભુ! એ વિજ્ઞાનઘન સ્વરૂપ પ્રભુ, જેમ લવણ પાણી થતું જોવામાં આવે છે એમ શું પ્રભુ વિજ્ઞાનઘન વિજ્ઞાનઘન ચૈતન્યદળ પુણ્ય–પાપ રાગરૂપ થતો જોવામાં આવે છે? નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? નિત્ય ઉપયોગલક્ષણ. અહીં તો ભાષા જુઓ! પર્યાય પણ કાઢી નાખી અહીં તો. ભગવાન ધ્રુવ શાશ્વત જ્ઞાનલક્ષણ, ભલે લક્ષ કરનારી પર્યાય છે પણ પર્યાયમાં નિત્ય જ્ઞાન, દર્શન ઉપયોગવાળો આત્મા એમ દેખાય છે, એમ કહે છે. ભાઈ! પર્યાયમાં, પર્યાયમાં જ્ઞાન દર્શન ઉપયોગપણે ત્રિકાળ આત્મા છે, એમ જોવામાં આવે છે. શું એ જ્ઞાન દર્શન ઉપયોગવાળો આત્મા પર્યાયમાં

રાગવાળો થયો, એમ દેખાય છે? લવણ પાણી રૂપ થાય છે. તેમ ભગવાન આત્મા વ્યવહાર રત્નત્રય, વ્યવહાર રત્નત્રય રાગ વિકલ્પ છે તે રૂપ થતો જોવામાં આવે છે? એમ નથી દેખાતો. સમજાય છે કાંઈ? કપૂરભાઈ! આહાહા..!

પ્રભુ! એકવાર અમારી વાત તો સાંભળ! પરમાત્મા કહે છે, હોં! સંતો કહે છે. સંતો પરમાત્માના પ્રતિનિધિ છે. સમજાણું કાંઈ? અરે.. આત્મા! ભગવાન એમ કહે છે કે લવણ પાણીરૂપ થાય છે એ તો બરાબર દેખાય છે. શું ભગવાન આત્મા વિજ્ઞાનઘન ગળીને, ઢીમ જે લવણ છે તે ગળીને પાણી થાય છે તેમ ભગવાન વિજ્ઞાનઘન નિત્ય ઘન પ્રભુ શું ગળીને રાગ, પુણ્ય, વ્યવહાર રત્નત્રય રૂપે થયો છે એમ દેખાય છે? ના.

મુમુક્ષુ :- પુણ્ય-પાપ રૂપે થયું કોણ?

ઉત્તર :- થયું કોણ? જડ. અહીં તો જીવ-અજીવની વ્યાખ્યા ચાલે છે. પુણ્ય-પાપ અજીવ છે, અનાત્મા છે, આત્મા નહિ. આત્મામાં તેનો અત્યંત અભાવ છે. આહાહા..! સોભાગભાઈ! આવું ન્યાં કલકત્તામાં ન હોય તો રતનપુરમાં તો હોય જ ક્યાંથી. આહાહા..! અરે.. ભગવાન! તારી સત્ય વાત તને સાંભળવા ન મળે તો સત્યની પ્રતીતિ અને અનુભવ તો ક્યાંથી થાય? અને અનુભવ વિના કદી સમ્યગ્દર્શન અને ધર્મ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

લવણ, ખારાશ અને પાણી દ્રવત્વ-પ્રવાહીપણું, એમાં કાંઈ વિરોધ નથી. પ્રવાહી જામી જાય તો લવણ થાય છે. એમાં કોઈ વિરોધ નથી. શું એવી રીતે ભગવાન આત્મા વિજ્ઞાનઘન ઉપયોગ ચૈતન્યદળ છે, ભગવાન શું વ્યવહાર રત્નત્રય રૂપ વિકલ્પ અનાત્મા છે, શું આત્મા તે અનાત્મા રૂપે કદી થયો છે? કહો, સમજાય છે કાંઈ? લવણ પાણી થાય છે એવું દેખાય છે એ તો બરાબર છે. કારણ કે ખારાશને અને દ્રવત્વપણાને વિરોધ નથી. આ તો મોટો વિરોધ છે. ભગવાન ચૈતન્યઘન વિજ્ઞાનઘન પ્રભુને આત્મા કહ્યો. એ આત્મા, ત્યાં પાણી પ્રવાહરૂપ થઈને રાગરૂપ થાય એવું પાણી છે? નહિ, બિલકુલ નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં વિકલ્પ, રાગ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ અનાત્મા છે. આત્મા એ અનાત્મારૂપ કદી થયો જ નથી. ..લાલજી! આવી વાત ત્યાં ઉદેપુરમાં બહુ ન થાય, હોં! અહીં તો સોનગઢ છે ને (એટલે થાય). લોકોને સત્ય મળ્યું નથી. એવી ગડબડ, એવી ગડબડ (કરી નાખી છે). સમજાય છે કાંઈ?

ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજની વાત 'અમૃતચંદ્રાચાર્ય' સ્પષ્ટ કરીને ટીકા કરે છે. ટીકાનો અર્થ, જે ભાવ ગાથામાં ગૂઢરૂપ સામાન્યરૂપ રહસ્યરૂપ પડ્યા છે તેનું વિશેષ સ્પષ્ટીકરણ કરીને કહેવું તેનું નામ ટીકા. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' ટીકા કરતાં કહે છે, ભગવાન! તું તો વિજ્ઞાનઘન મૂર્તિ છો ને પ્રભુ! તો એ વિજ્ઞાનઘન ભગવાન, જેમ ખારું લવણ પાણી રૂપ થાય છે, એમ વિજ્ઞાનઘન ગળીને પ્રવાહી થઈને વિકારી થાય છે? રાગરૂપ થાય છે? શરીરરૂપ થાય

છે? શરીરની ક્રિયારૂપ થાય છે? ઈચ્છારૂપ થાય છે? વ્યવહાર રત્નત્રયનો રાગ શુભ ઉપયોગરૂપ થાય છે? બિલકુલ નહિ. કડક વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ જ વસ્તુ છે, આ જ વસ્તુ છે. આમ અનુભવ કર્યા વિના તને કોઈ દિ' ધર્મ થશે નહિ, એમ કહે છે. 'છ ઢાળા'માં આવે છે કે નહિ? 'લાખ બાત કી બાત નિશ્ચય ઉર લાઓ'. 'છ ઢાળા' છે ને? એમાં આવ્યું છે. 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર લાઓ'. 'દૌલતરામજી' કહે છે.

મુમુક્ષુ :- તોરી જગત દ્વંદ..

ઉત્તર :- હા, 'તોરી જગત દ્વંદ ફંદ, નિજ આતમ ધ્યાવો'. આત્મા પણ કેવો આત્મા? આવો. એ.. રતિભાઈ!

કહે છે કે પેલો રાગ આવે છે, રાગ, પંચ મહાવ્રતનો રાગ આવ્યો. રાગરૂપ આત્મા થયો છે? રાગરૂપ થયો? નિર્મળાનંદ પ્રભુ મેલરૂપ કઈ રીતે થાય? ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ એ અનાત્મારૂપ કઈ રીતે થાય? એ તો અનાત્મા છે. રાગ અનાત્મા છે. અહીં કહ્યું ને? અજીવ છે. અહીં અજીવ કહો. જુઓ! આગળ આવે છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ?

'**નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય...**' આટલી લીટીમાં આટલું ભર્યું છે. '**પુદ્ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી...**' પુદ્ગલદ્રવ્યની વ્યાખ્યા-એ પુણ્ય પરિણામ પણ પુદ્ગલદ્રવ્ય જ છે, ચૈતન્યદ્રવ્ય નહિ. સમજાય છે કાંઈ? પુદ્ગલદ્રવ્યનો અર્થ એ રજકણમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એમ પુણ્ય પરિણામમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એમ નહિ. પણ જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે રાગ છે એમાં ચૈતન્યપ્રકાશનો નૂરનો અભાવ છે. રાગ એ અંધકાર છે. અચેતન છે, એમાં ચૈતન્યપ્રકાશનું એક કિરણ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જેમ શરીરના કોઈ રજકણમાં ચૈતન્યપ્રકાશનો અંશ નથી, કર્મના કોઈ રજકણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ચૈતન્યનો અંશ નથી. એમ રાગમાં ભગવાન ચૈતન્યના નૂરના પ્રકાશનો અંશ નથી. સમજાય છે કાંઈ? જેમ સૂર્યમાં અંધકાર નથી, અંધકારમાં સૂર્ય નથી. એમ ભગવાન ચૈતન્યસૂર્ય સહજાત્મ ચૈતન્યસૂર્ય પ્રભુ એ રાગ રૂપી અંધકારમાં કઈ રીતે આવે? એ રાગરૂપી અંધકારમય કઈ રીતે થાય? રાગરૂપ અંધકારરૂપ કઈ રીતે થાય? કેમ થાય, પ્રશ્ન કરે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આમાં સમજી શકતો નથી, વાત ઈ છે. મૂઢ માને છે. સમજાય છે કાંઈ? સહજાત્મ સ્વરૂપ ચૈતન્યસૂર્ય, સહજાત્મ સ્વરૂપ ચૈતન્યસૂર્ય એકલો પ્રકાશના નૂરના પુરથી ભરેલો ભરપુર છે. એવો ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના પૂરથી ભરેલું તત્ત્વ (છે). ભગવાન એનું નામ આત્મા કહે છે. એ આત્મા રાગરૂપી અજ્ઞાન, અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાન નથી,

હોં! અજ્ઞાનનો અર્થ મિથ્યાત્વ એમ નહિ. એ શુભરાગ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાનના તેજના પ્રકાશનો અભાવ છે. સમજાય છે કાંઈ? ચૈતન્યસૂર્ય બિંબ ભગવાન એ રાગરૂપી ચૈતન્યના પ્રકાશના અંશનો જેમાં અભાવ છે, તો અચેતન એવો રાગ, ચાહે તો તીર્થંકરપણાનો ભાવ બાંધવાનો હોય, ષોડશકારણભાવના, ભગવાન કહે છે એ તો અચેતન રાગ અંધકાર છે. ભગવાનની વાણી સાંભળવી મહા મુશ્કેલ છે.

વચનામૃત વીતરાગના પરમશાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

જેના વીર્ય હીજડા જેવા-પાવૈયા જેવા છે, ભગવાન કહે છે, હોં! ક્લિવ કહ્યા છે. ક્લિવ-નપુંસક. જેના વીર્ય પાવૈયાને પાના ચઢે નહિ, પાવૈયાને સ્તનમાં દૂધ હોય નહિ. એમ જેનું વીર્ય પાવૈયા જેવું-હીજડા જેવું થઈ ગયું છે એ પુણ્યના પરિણામને આત્માના પરિણામ માનનારો પુણ્યથી ચૈતન્યને માનનારો પાવૈયો-હીજડો છે, એમ કહે છે. અહીં પૈસા-બૈસાનો ફંડફાળો કરાવવો નથી ને. નગ્ન મુનિ છે, નાગા બાદશાહથી આઘા. ..લાલજી! સમજાય છે કાંઈ? અરે.. ક્લિવ! એમ કહ્યું છે, હોં! પહેલા કહ્યું છે, પછી બે વાર કહ્યું છે. પુણ્ય-પાપ અધિકારમાં કહ્યું છે અને ૪૪ ગાથામાં કહ્યું છે. ક્લિવ. ક્લિવ નામ નપુંસક. વીર્યગુણનું એ કામ છે કે રાગ કરવો અને રાગ સ્વરૂપ પોતાને માનવો અને રાગથી, વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય એવું વીર્યનું કામ છે? વીર્યને આવું સોંપે છે? અમે તો વીર્યનું કાર્ય એવું કહ્યું છે કે સ્વરૂપ રચનાનું કાર્ય કરે એ વીર્ય છે. પોતાના શુદ્ધ સ્વભાવની રચના કરે તે વીર્ય છે. એમ ૪૭ શક્તિમાં ભગવાને ફરમાવ્યું છે. વીર્ય કોને કહે છે? આત્મસ્વરૂપની રચના કરે તે વીર્ય. શું રાગની રચના કરે તે વીર્ય છે? વેપાર-બેપાર, ધંધા-ફંધાનું તો કાંઈ વીર્ય જ નથી. એ તો થોથા નીકળ્યા. એઈ..! લાલચંદજી! લાલચંદજીને સોંપ્યું છે ને ત્યાંનું. ... સમજાય છે કાંઈ? વજુભાઈ! 'રણે ચડ્યો રજપુત છૂપે નહિ. ચંચળ નારીકો નૈન છૂપે નહિ, ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાયા.' એમ અહીંયાં ભગવાન કહે છે કે અમારી વીરતાની વાણી (સાંભળીને) અજ્ઞાનીને કાયરને આમ હાય.. હાય.. (થઈ જાય). એ વીર જીવો પુરુષાર્થી જીવો એને કબુલ કરી શકશે. અજ્ઞાનીના ગજા નથી કે એને આ આમ છે એમ માનતા એને પરસેવો વળી જાય છે. એ કપૂરભાઈ! શું છે? મોહનભાઈ! અરે..!

**'નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી...'** કહે છે ને, પ્રભુ! અમે કહીએ છીએ ને. ભાઈ! પેલું કીધું ને? કુંભાર ઘડો કરે છે એમ અમે તો જોતા નથી. માટી ઘડો કરે છે એમ અમે જોઈએ છીએ. અમે તો એમ જોતા નથી, 'કુંદકુંદાચાર્ય' કહે છે. ૩૭૨ ગાથા. કુંભાર કરે છે એમ અમે તો જોતા નથી. તને ક્યાંથી દેખાણું? કુંભાર ઘડાને કરતો નથી. એમ રાગ આત્મા થતો નથી એમ અમે જોઈએ છીએ. તને ક્યાંથી એમ દેખાણું? **'પુદ્ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી...'** આહાહા..!

ભગવાન ચૈતન્યપ્રભુ પોતાના શુદ્ધ સ્વરૂપમય રહેવામાં રાગનો અંશ એને સ્પર્શતો નથી. અને ચૈતન્ય સ્વરૂપ રાગને સ્પર્શતું-અડતું નથી. જેટલો રાગ ભાગ છે, વિકલ્પ ભાગ છે, વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે તે સ્વભાવને સ્પર્શતો નથી. ભગવાન આત્મ સ્વભાવ વિકલ્પને સ્પર્શતો નથી. કેમ? વિકલ્પ અને નિર્વિકલ્પ સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ છે. સમજાય છે કાંઈ? '**જોવામાં આવતું નથી.**' કેમ?

'**કારણ કે પ્રકાશ અને અંધકારની માફક...**' ભાષા જુઓ! પ્રકાશ અને અંધકારની જેમ. એ.. દેવાનુપ્રિયા! જુઓ, (દૃષ્ટાંત) આપ્યો. સૂર્ય રૂપી પ્રકાશથી અંધકાર ભિન્ન છે. પ્રકાશ કદી અંધકાર રૂપ થયો નથી, અંધકાર કદી પ્રકાશ રૂપ થયો નથી. એમ ભગવાન ચૈતન્યજ્યોત જ્ઞાનસૂર્ય પ્રભુ સમભાવી જ્ઞાનસૂર્ય પ્રભુ, સમભાવી નામ અકષાયી વીતરાગી વિજ્ઞાનઘન પ્રભુ. ત્યાં રાગરૂપ અંધકાર થઈ ગયો? પ્રકાશ શું અંધકાર રૂપ થઈ ગયો? આહાહા..! માણસને એમ થઈ જાય, એકાંત છે.. એકાંત છે. એકાંત નામ સત્ય વાત. સમજાય છે કાંઈ? આનાથી વિરુદ્ધ કહે તે સમ્યક્ એકાંત નહિ પણ મિથ્યાત્વ છે. આહાહા..!

કહે છે, '**જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી કારણ કે પ્રકાશ અને અંધકારની માફક...**' પ્રકાશ અને અંધકારની માફક. ભાષા જુઓ! '**ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે;...**' સાથેનો અર્થ, એકરૂપ રહેવામાં, એમ.

મુમુક્ષુ :- પર્યાયમાં તો ..

ઉત્તર :- પણ ઈ એકરૂપ નથી. આ તો સાથેનો અર્થ ઈ છે. એકરૂપ થઈને રહેવામાં વિરોધ છે. શું કહે છે? જુઓ! ઉપયોગ ચૈતન્ય ભગવાન જાણન-દેખન ઉપયોગ અને અનુપયોગ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભરાગ એ અનુપયોગ. શરીર અનુપયોગ, અશુભ અનુપયોગ, શુભરાગ અનુપયોગ, અનુપયોગ અંધકાર-ઉપયોગ પ્રકાશ. પ્રકાશ અને અંધકાર એકરૂપ કદી થતા નથી. એમ '**ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે;...**' સમજાય છે કાંઈ? એકસાથે નથી, ભિન્ન જ છે. એકરૂપ નથી. ભિન્ન છે. જડ પણ ભિન્ન છે. શરીર, કર્મ, બધી વસ્તુઓ શું એક છે? છે, હોય તો શું છે? પ્રકાશમાં અંધકાર નથી, અંધકારમાં પ્રકાશ નથી. એમ આત્મા જેને કહ્યો એ તો ચૈતન્ય વિજ્ઞાનઘન સ્વરૂપ પ્રભુ પ્રકાશમૂર્તિ છે. એમાં રાગાદિ અંધકાર નથી અને રાગાદિ અંધકારમાં ભગવાન આત્મા નથી. આટલી તો વાત દીવા જેવી સ્પષ્ટ છે. દીવા જેવી સમજ્યા? સૂરજ જેવી છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો તારી ચીજ. દુનિયા દુનિયાની જાણે. દુનિયા કંઈ સાથે આવશે નહિ. સમજાય છે કાંઈ? દુનિયાને ઠીક લાગે, દુનિયા સારી એમ કહે, આ કહે. દુનિયા તો ગાંડીઘેલી છે, પાગલ છે. પાગલના મોઢે કહેવડાવવું છે કે બધા ડાહ્યા છે? સોભાગભાઈ! આકરી વાત છે. આહાહા..!

નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગી મુનિ થઈને ગયો. એણે અંદરમાં પંચ મહાવ્રતનો રાગ હતો ને એમાં એની દૃષ્ટિ હતી કે એ હું છું અને એ મને લાભદાયક છે. એવી મિથ્યા દૃષ્ટિ પ્રકાશને

અંધકારરૂપ માનીને એવા મહાવ્રત પાળ્યા અને નવમી ગ્રૈવેયક ગયો, પડ્યો હેઠે. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો ફિર પીછે પટક્યો.' 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયે ફિર પીછે પટક્યો.' સજ્ઝાયમાં આવે છે, શ્વેતાંબરની સજ્ઝાયમાં આવે છે. અમે તો બધું જોયું છે ને. શ્વેતાંબરની સજ્ઝાયમાં આવે છે. ચાર સજ્ઝાય માળા છે ને? ભાઈ! સજ્ઝાય માળા નથી? અહીં બધી છે. દુકાન ઉપર હું રાખતો ત્યાં. દુકાન ઉપર હું વાંચતો. પાલેજ. ઘરની દુકાન હતી, પિતાજીની દુકાન હતી. દુકાને બેસતા હતા અને વાંચતા હતા. કામ જ આ કરતા હતા. વેપાર તો અમુક હતો, દુકાન ચાલતી હતી. એમાં આ આવ્યું છે. પંડિતજી! શ્વેતાંબરમાં આવું આવ્યું, હોં! 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછે પટક્યો'. આત્મભાન રાગથી ભિન્નતાના ભાન વિના એકલા પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળીને... શ્વેતાંબર તો અઠ્યાવીસ મૂળગુણ ન કહે, સત્યાવીસ મૂળગુણ શાસ્ત્રમાં છે, સત્યાવીસ ગુણ કહે છે ને? એ સત્યાવીસ કહે છે. બધામાં ફેરફાર છે. એ.. રતિભાઈ! બહુ ફેર છે, બે વચ્ચે હજારો બોલનો ફેર છે. આ તો સનાતન સત્ય છે, સર્વજ્ઞનું કહેલું પરમસત્ય છે.

એમાં પણ એમ કહ્યું, અરે.. આત્મા! તું દયા, દાન, વ્રતના પરિણામને પોતાના માનીને એમાં લાભ માનીને તેં મિથ્યાદષ્ટિપણું સેવીને દ્રવ્યસંયમ લીધો. અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો, એકત્રીસ સાગરની સ્થિતિમાં. ફેર પીછે પટક્યો. પડ્યો હેઠે. માણસ (થયો), ન્યાંથી ઢોર અને ન્યાંથી નિગોદમાં (ગયો). સમજાય છે કાંઈ? મિથ્યા તત્ત્વના આરાધનમાં નિગોદનું ફળ છે. સ્વભાવ સમ્યક્‌નું આરાધનનું ફળ મોક્ષ છે. વચ્ચે શુભાશુભ પરિણામના ફળમાં ચાર ગતિ છે.

અહીં કહે છે, '**પ્રકાશ અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે;...**' અહીં તો કહે છે, ખરેખર તો રહેતા જ નથી. જ્યાં ચૈતન્યનું ભાન થયું ત્યાં રાગ છે જ નહિ, એમ ભાઈ કહે છે. એઈ.. ભાઈ! એકસાથેનો અર્થ આ છે-એકરૂપ (થઈને રહ્યા નથી). ચૈતન્ય રૂપ ઉપયોગનું ભાન થયું ત્યાં રાગ છે જ નહિ. રાગ છે જ નહિ. ઉપયોગમાં રાગ છે જ નહિ, એમ કહે છે અહીં તો. અને રાગ જ્યાં છે ત્યાં આત્મ ઉપયોગ છે જ નહિ. એટલી વાત કરે છે. બહુ જોરથી. સમજાય છે કાંઈ? જાણન ભગવાન આત્મા, એવો ઉપયોગરૂપી ચૈતન્ય છે એવી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા થઈ એમાં રાગ રૂપી અંધકાર છે જ નહિ અને જ્યાં રાગ રહ્યો છે ત્યાં ચૈતન્યના ઉપયોગની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ છે જ નહિ. સમજાય છે કાંઈ? વિરોધ છે. પેલામાં વિરોધ નહોતો? શેમાં? લવણનું જળ થવામાં વિરોધ નહોતો અને જળનું લવણ થવામાં વિરોધ નહોતો. આમાં વિરોધ છે. પ્રકાશ અને અંધકારની માફક. લવણનું પાણી અને પાણીનું લવણ. પ્રકાશનો અંધકાર અને અંધકારનો પ્રકાશ, એમ કદી બનતું નથી. સમજાય છે કાંઈ? કહો, સોમચંદભાઈ! સમજાય છે કે નહિ આ? હળવે હળવે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ના. અહીં ના પાડે છે. ઉત્પન્ન થાય છે અનાત્મા, આત્મા નહિ. ઈ વાત કહે છે. એમાંથી ઉત્પન્ન થાય જ્ઞાન અને આનંદ. સૂર્યમાંથી પ્રકાશ નીકળે, પ્રકાશનું નૂર, અંધકાર નહિ. એવી વાત છે. એ તો દૃષ્ટિમાં તો એમ લીધું છે કે એ કર્મની જ પર્યાય છે, આત્માની નહિ. કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય એની દશા. ભગવાન આત્માની નહિ. બે ભેદ પાડે છે ને? બે ભેદ. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પ્રકાશ અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે;...'** અહીં તો કહે છે, પ્રકાશનું ભાન થયું ત્યાં રાગ નથી, જ્યાં રાગ છે ત્યાં પ્રકાશ નથી. આહાહા..! **'જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ.'** ભાષા કેટલી ફેરવી ફેરવીને કહે છે. પહેલા ઉપયોગ-અનુપયોગ લીધું, હવે જડ અને ચૈતન્ય (લીધું). ખરેખર રાગાદિ ભાવ જડ છે અને ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું નૂર છે. **'જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ.'** કોઈ દિ' એક થતા નથી. **'તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** હોં! એમ કહે છે. આહાહા..! ખુશી થા.. ખુશી થા. તારો આત્મા કદી રાગરૂપ થયો નથી. ખુશી થા ને, પ્રસન્ન થા ને. ..લાલજી! શું કહે છે? આનંદમાં આવી જા કે ઓ..હો..! હું આત્મા ચૈતન્યપ્રકાશનું નૂર રાગ રૂપ થયો નથી, એમ ભગવાન ફરમાવે છે. પ્રસન્ન થા. ચિંતા ન કર. અરે..રે..! હું રાગરૂપ થઈ ગયો, રાગા મારામાં છે. ના પાડે છે, સોમચંદભાઈ!

મુમક્ષુ :- ..

ઉત્તર :- સ્વભાવની અપેક્ષાએ. આત્માની અપેક્ષાથી અનાત્મા આત્મામાંથી ઉત્પન્ન થતો જ નથી. પર્યાયદૃષ્ટિથી એમાં હો, દ્રવ્યદૃષ્ટિમાં નથી.

**'જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ.'** લ્યો, એની એક લીટી છે. એમાં સર્વ પ્રકારથી એમાં બહુ લાંબી વાત છે. સર્વ પ્રકારે પ્રસન્ન થા. તને કોઈપણ ડખલ થાય એવી વાત નથી. સર્વથા સર્વ પ્રકારે **'સાવધાન થા અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ.'** આ ચૈતન્ય આનંદઘન હું છું એમ અનુભવ કર. સાવધાન થા. રાગરૂપ કદી થયો જ નથી, ત્રણ કાળમાં થયો નથી. પ્રસન્ન થા કે હું આવો જ રહ્યો છું. તારી દૃષ્ટિ ત્યાં લગાવી દે, આત્માનો અનુભવ કર. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, એનું નામ ધર્મ છે. વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૫, શનિવાર, તા. ૨૯-૧૦-૧૯૬૬**
**ગાથા-૨૩થી ૨૫, શ્લોક-૨૩ પ્રવચન નં. ૮૮**

'સમયસાર' જીવ-અજીવ અધિકાર ચાલે છે. કહે છે, અહીંયા દૃષ્ટાંત દીધું છે કે '**પ્રકાશ અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે;...**' શું કહે છે? ટીકાની છેલ્લી લીટી છે. જ્યાં સૂર્યનો પ્રકાશ છે ત્યાં અંધકાર રહેતો જ નથી. એ દૃષ્ટાંત (છે). એમ ચૈતન્યપ્રકાશ-પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય ચૈતન્યપ્રકાશ છે એમાં અજીવ નામ વિકલ્પ રાગાદિ, કર્માદિ અંધકાર રહેતાં જ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- રહેતાં નથી એટલે ...

ઉત્તર :- છે જ નહિ. પહેલાં માન્યું હતું, છે જ નહિ.

જીવ-અજીવ અધિકાર ચાલે છે. જીવ ચૈતન્યસૂર્ય પ્રકાશમૂર્તિ છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય પ્રકાશની અમૃતમયી મૂર્તિ આત્મા છે. તો આવા અમૃતમયી ચૈતન્યપ્રકાશનું તેજ તે આત્મા, તે ઉપયોગ. અને પુણ્ય-પાપ વિકલ્પ આદિ તે અનુપયોગ. સમજાય છે કાંઈ? વ્યવહાર અનુપયોગ. જડ કહે છે અહીંયાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહારનો લોપ થઈ જશે એમ કહે છે. વ્યવહાર વ્યવહારમાં હો, અંધકાર અંધકારમાં હો. આત્મા અંધકાર સંબંધી પોતાના જ્ઞાનમાં તે સંબંધી પ્રકાશ રાખે છે. પણ એ ચીજ પોતામાં રાખતો નથી. ફરી કહીએ છીએ, એમ કંઈ જવા નહિ દઈએ. હજી બે-ત્રણ વાર ચાલશે. સમજાય છે કાંઈ? એમ કાંઈ વાત છોડી નહિ દઈએ.

આત્મા-ભગવાન આત્મા એવો છે એ તો ચૈતન્યપ્રકાશનું નૂર છે. એના દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં ચૈતન્યનો જ પ્રસાર થાય, પ્રકાશ થાય એનું નામ આત્મા કહે છે. સમજાય છે કાંઈ? અને એ આત્મામાં જે પુણ્ય અને પાપ, દયા, દાન, વિકલ્પ, રાગાદિ વિકાર એ અંધકાર છે. કેમકે રાગમાં ચૈતન્યપ્રકાશનો અભાવ છે, શરીરમાં જેમ ચૈતન્યપ્રકાશનો અભાવ છે, કર્મમાં પ્રકાશનો અભાવ છે એમ વ્યવહાર રત્નત્રય કહો-જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામનો રાગ અને શાસ્ત્રનો પર સંબંધી વિકલ્પ રૂપી રાગ-એ બધામાં જ્ઞાન છે જ નહિ. જ્ઞાનપ્રકાશ ભગવાન આત્મા...

સાકરની અમૃતની મૂર્તિમાં ઝેરનો સ્વાદ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા ચૈતન્યની અરૂપી ચૈતન્યજ્યોત મૂર્તિ પ્રભુ આત્મા છે. એમાં પુણ્યાદિના વિકલ્પનો રાગ એ અંધકાર (છે), એ પ્રકાશમાં અંધકાર સહવર્તી-સાથે રહતો જ નથી. આહાહા..! અંધકારમાં અંધકાર હો, રાગ રાગમાં હો. ભગવાન આત્મામાં તો પોતા સંબંધી પ્રકાશ અને રાગ સંબંધી

પ્રકાશ, પોતાનો રાગ સંબંધી પ્રકાશ, રાગ સંબંધી પોતાનું જ્ઞાન પોતામાં છે. સમજાય છે કાંઈ? પણ એમાં રાગ ને શરીર ને કર્મ, ભગવાન ચૈતન્યપ્રભુમાં છે જ નહિ. ...લાલજી! સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- બહુ સૂક્ષ્મ છે.

ઉત્તર :- બહુ સૂક્ષ્મ કરીને ટાળવી નહિ. આવી સમજવાની વસ્તુ જ આ છે. ક્યાં ગયા? શેઠિયા નથી આવ્યા? સમજાય છે કાંઈ? સેઠી એમ કહે, સમજવાની વસ્તુ છે. મીઠા... સમજવાની વસ્તુ છે. સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનો તો આધાર આપ્યો.. 'અમૃતચંદ્રાચાર્ય' તો મુનિ છે, દિગંબર સંત છે ભાવલિંગી છે, જંગલવાસી-વનવાસી છે એમણે આ ટીકા બનાવી છે. ટીકા બનાવનાર અને ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના શ્લોક છે. બંન્નેએ કહ્યું કે '**सव्वण्हुणाणदिट्ठो**' સર્વજ્ઞ પરમેશ્વરે તો ભાઈ! તને ઉપયોગમય જોયો છે. જ્ઞાન દર્શન શાશ્વત ઉપયોગ, હોં! શાશ્વત જ્ઞાન દર્શન ઉપયોગમય તને જોયો છે. અને તું માને છે કે હું રાગ છું, વિકાર છું, શરીર છું, મારી મોજૂદગીમાં રાગ છે, વ્યવહાર છે, વિકલ્પ છે એમ તું ક્યાંથી લાવ્યો? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે એમના જ્ઞાનમાં તારી ચીજ જેવી આવી તેવી કહી, એવી છે. જાણન દેખન ઉપયોગમય પ્રભુ આત્મા છે. એ તો જાણન દેખન પ્રકાશનો પુંજ પ્રભુ આત્મા છે. એ આત્માને આત્મા નહિ માનીને રાગાદિને આત્મા માનીને રાગાદિ મારામાં છે અથવા રાગથી મારામાં લાભ થશે, મારામાં લાભ થશે તો રાગને જ પોતાનો આત્મા માન્યો છે. વિજયમૂર્તિ! .... આત્મામાં વ્યવહાર છે જ નહિ, એમ કહે છે. ત્યારે એને વ્યવહારનો-રાગનો અભાવ માનીને ચૈતન્યના સદ્ભાવમાં પરિપૂર્ણ પ્રકાશ આત્માનું નૂર-તેજ પડ્યું છે, એવી અનુભવ દૃષ્ટિ કરે ત્યારે એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અનુભવ થાય છે. આહા..! ભારે વાત. જગતને એટલું કઠણ (પડે છે). હજી મૂળ ચીજ... સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

'**પ્રકાશ અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં...**' અહીં તો એકસાથે નામ જ્યાં ચૈતન્ય છે ત્યાં રાગ નહિ, જ્યાં રાગ છે ત્યાં ચૈતન્ય નહિ, એમ કહે છે. અહીં તો છે જ નહિ. ભગવાન ચૈતન્યમૂર્તિ જ્યાં છે ત્યાં રાગ નથી અને રાગ જ્યાં છે ત્યાં અંધકાર છે, ત્યાં ચૈતન્ય નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? '**સાથે રહેવામાં વિરોધ છે;...**' ભગવાન આત્મા સમ્યક્ ભાન થયું ચૈતન્યપ્રકાશ પુંજનું, હું તો આત્મા જ્ઞાતાથી દૃષ્ટાથી ભરેલો આત્મા છું, એવો અનુભવ થયો તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ તો નિશ્ચયમાં જ લીન છે અને વ્યવહારથી મુક્ત છે. આવે છે? ક્યાં? 'બનારસીદાસ'માં. 'સમયસાર નાટક'માં અધ્યવસાયનો અધિકાર લીધો છે ને. 'સમયસાર નાટક'માં લીધું છે, બંધ.. બંધ (અધિકાર, પદ-૩૨).

**અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત ભાવ,**

**તેઈ વિવહાર ભાવ કેવલી-ઉકત હૈં.**

જેટલા પ્રકારનો રાગ શુભાશુભનો અંધકાર ભાવ છે, તેટલા પ્રકારના રાગને પોતાનો માનનારને તેટલા પ્રકારનું મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? 'બનારસીદાસ'.

**અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત ભાવ,**
**તેઈ વિવહાર ભાવ કેવલી-ઉકત હૈં.**
**જિન્હકૌ મિથ્યાત ગયૌ સમ્યક દરસ ભયો,**
**તે નિયત-લીન વિવહારસૌં મુક્ત હૈં.**

સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય ઉપયોગમયી સ્વરૂપમાં રાગાદિના અનુપયોગ-અંધકાર સ્વરૂપ એમાં છે જ નહિ. રાગાદિને અહીંયાં અજીવ ગણવામાં આવ્યા છે. આહાહા..! વ્યવહારભાવ જેટલો લોકો કહે છે તેને તો અહીંયાં અજીવ ગણવામાં આવ્યા છે. એઈ..! હો, તો જગતમાં અજીવ અનંત જડ નથી? છ દ્રવ્ય છે. હો, એમાં શું તેને કારણે આત્મા છે? એમ રાગાદિ પરિણામ વ્યવહાર છે તો આત્મા છે, એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? મૂળ વાત એની દૃષ્ટિમાં આવી નહિ તો એને બહુ કઠણ પડે છે. કદી સાંભળ્યું નથી, સમજાતું નથી, વિચાર કર્યો નથી કે પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ શું કહે છે? સાધારણ વાત હોય તો (શા માટે) ઈન્દ્રો ઉપરથી પોતાનું અર્ધ લોકનું સ્વામીપણું છોડીને અહીંયા ભગવાનની વાણી સાંભળવા આવે છે. સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં. સમજાય છે કાંઈ? ભગવાનની વાણી સાંભળવામાં સાધારણ વાત હશે? અલૌકિક અપૂર્વ અનંત કાળમાં પ્રાપ્ત નથી થઈ એવી વાત (સાંભળે છે). પ્રાપ્ત થઈ એવી પ્રાપ્તની વાત (લોકોમાં) સાંભળવા મળે છે.

ભગવાન ત્રિલોકનાથના મુખમાંથી નીકળે છે, પ્રભુ! તું તો ચૈતન્યના પ્રકાશનું નૂર છો ને, પ્રભુ! આત્માને અમે એવો જ કહીએ છીએ. અને એ આત્મામાં રાગાદિ જેટલો વ્યવહાર, લોકો કહે છે. વ્યવહારથી આત્મા પ્રાપ્ત થાય છે એમ કહેનારા અંધકારથી પ્રકાશ પ્રાપ્ત થાય છે એમ માને છે. સમજાય છે કાંઈ? 'પંચાસ્તિકાય'માં કહ્યું છે ને? વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય, એમ કહ્યું છે. એ તો નિમિત્તની રાગની મંદતાની વ્યવહારે અનુકૂળતા જોઈને વ્યવહાર સાધન એટલે ખરું સાધન નહિ, તેને વ્યવહાર સાધન કહીને આરોપ કરીને કથન કર્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યપ્રકાશનું સાધન શું અંધકાર હોઈ શકે? શું જીવ સ્વરૂપનું સાધન અજીવ હોઈ શકે? શું નિશ્ચય સ્વભાવનું સાધન વ્યવહાર હોઈ શકે? ઈ વાત છે. ભાઈ! એ તો નિમિત્ત શું હતું એનું જ્ઞાન કરાવવા વાત કરી છે.

ભગવાન આત્મા ઉપયોગમયી ચૈતન્યનો પિંડ પ્રભુ છે. ઓહો..! સમજાય છે કાંઈ? અનુપયોગ રાગાદિ વ્યવહાર દયા, દાન કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, તે રાગ પણ અનુપયોગ અચેતન, જડ અને અંધકાર છે. સેઠિયા! હાય.. હાય.. રાડ નાખે છે, હોં! ષોડશકારણભાવના ભાવતા ભાવતા... અરે.. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ તો વિકલ્પ છે, રાગ છે.

જેનાથી બંધ પડે એ ધર્મની પર્યાય નહિ. ધર્મની નહિ તો એ અંધકાર છે, અચેતન છે. આહાહા..! બાબુલાલજી! શું કહેવું છે? વ્યવહારનો લોપ થઈ જાય છે, એમ કહે છે. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! અંધકારનો પ્રકાશમાં અભાવ થાય ત્યારે જ પ્રકાશનો પ્રકાશ જ્ઞાનમાં આવે છે. સૂક્ષ્મ વાત ઘણી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ત્યારે નિમિત્ત કહેવાય છે. નિમિત્તનો અર્થ કે એક ભિન્ન ચીજ છે. પણ એ છે તો આ છે, એમ નથી. જેમ સ્વયં ગતિ કરે છે તો એ ગતિમાં નિમિત્ત ધર્માસ્તિ છે પણ ધર્માસ્તિ છે તો ગતિ કરે છે, એમ નથી. જીવ અને જડ ધર્માસ્તિ છે તો ગતિ કરે છે, એમ નથી. ગતિ કરે છે ત્યારે એક નિમિત્ત બીજી વસ્તુ છે એનું જ્ઞાન કરાવવાની વાત છે. એમ સ્વરૂપના અનુભવમાં વ્યવહાર છે તો અનુભવ થાય છે, એમ નથી. પણ પોતાના સ્વભાવનો અનુભવ થયો ત્યારે (પૂર્ણ) વીતરાગતા નથી તો રાગની મંદતાનો વ્યવહાર હોય છે, પણ પોતાની પર્યાયમાં નિશ્ચયની દૃષ્ટિમાં નથી, દૃષ્ટિના વિષયમાં નથી અને દૃષ્ટિની પર્યાયમાં પણ એ નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! ભાઈ! એણે એનું ઘર કદી સાંભળ્યું નથી.

ચૈતન્યમૂર્તિ..! આહાહા..! સમજાય છે કાંઈ? શરીરપ્રમાણ અમૃતની મૂર્તિ અણઘડાયેલી અંદર પડી છે. શરીરનું લક્ષ છોડી દે, શરીર પ્રમાણે રાગ પણ વ્યાપક છે. તેને પણ છોડી દે. શરીર પણ છે અને રાગ પણ જેટલામાં આત્માનું વ્યાપકપણું છે તેટલામાં રાગ પણ પૂરા ક્ષેત્રમાં વ્યાપક છે. પણ એના ક્ષેત્રમાં વ્યાપક હોવા છતાં ભાવમાં વ્યાપક નથી, એમ કહેવું છે. ખરેખર તો એનો ભાવ એ ક્ષેત્રમાં પણ વ્યાપક નથી. આહાહા..! સંવર અધિકારમાં તો એનું ક્ષેત્ર જ ભિન્ન ગણવામાં આવ્યું છે. રાગ, વ્યવહાર, દયા, દાન, ભક્તિના પરિણામનું ક્ષેત્ર જ ભિન્ન ગણવામાં આવ્યું છે. સંવર અધિકાર. આહાહા..!

મુમુક્ષુ :- પ્રદેશભેદ કહ્યું છે.

ઉત્તર :- પ્રદેશભેદ કહ્યું છે. પાઠ લીધો છે. ભગવાન! એ આત્મા શુદ્ધ ધ્રુવ શુદ્ધ ભાવ શુદ્ધ ક્ષેત્ર તે જ આત્મા. એકલો પ્રકાશનો પુંજ. એમાં અશુદ્ધતા છે તે ક્ષેત્ર ભિન્ન છે, ભાવ ભિન્ન છે, સ્વરૂપ ભિન્ન છે, તત્ત્વ ભિન્ન છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? લાલચંદજી! અહીં તો હજી (એમ માને કે) શરીરની ક્રિયા હું કરું છું અને એનાથી મને લાભ થાય છે, એનાથી ધર્મ થાય છે. આહાહા..! ભગવાન! શું થાય? પ્રભુ! તને શરણ નહિ રહે, હોં! મૃત્યુ કાળે... આહા..! શરણભૂતમાં રાગ પણ શરણભૂત નથી, હોં! અને પહેલાં શુભરાગ ઘણો કર્યો હોય તો એને રાગ પણ છૂટી ગયો છે. ૨૫-૫૦ વર્ષ ઘણો શુભરાગ કર્યો. પછી અશુભ કર્યા. એનો તો પુણ્યબંધ થઈ ગયો છે. હવે તારે શરણ કોનું લેવું? સમજાય છે કાંઈ? શુભભાવ ઘણા કર્યા. શુભભાવથી થયું શું? અત્યારે તો શુભભાવ રહ્યા નહિ. નવા

કરે એ જુદી વાત. પહેલાં જે શુભભાવ કર્યા તેનું તો પુણ્ય બંધાઈ ગયું છે, રજકણ બંધાઈ ગયા છે. હવે તારે શરણ કોનું છે? નજર ક્યાં કરવી છે? ભાઈ! એનો અર્થ ઈ છે કે બંધ થયો અને બંધનું કારણ એ તારી ચીજમાં શરણભૂત છે જ નહિ. અંતરમાં જ્ઞાનાનંદ ભગવાન, અંતરમાં જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુના અંતર નિધાનમાં નજર પડતાં જ તને શરણ મળે છે. બીજે ક્યાંય શરણ-ફરણ છે જ નહિ. સમજાય છે કાંઈ?

આ તીર્થંકર (ગોત્રનો) બંધનો ભાવ થયો. તીર્થંકરનો બંધ પડયો. એમાં શું? તીર્થંકરનો બંધ પડ્યો એની ઉપર નજર કરવી છે? મૃત્યુ વખતે સમાધિ મરણ કરવું છે તો શાંતિ ક્યાંથી લાવવી? એને ખબર પણ છે, 'શ્રેણિક'રાજાને કે મને તીર્થંકરનો બંધ પડ્યો છે, તો શું કરવું? એ ભાવ જે છે તે તો ચાલ્યો ગયો. છતાં ક્ષણે ક્ષણે નવા નવા બંધાય છે, તીર્થંકર ગોત્ર તો બંધાય છે ને, પંડિતજી! ઠેઠ આઠમા ગુણસ્થાન સુધી. બરાબર ધારાવાહી. શું કરવું? એ બંધ ઉપર નજર કરવી છે? શાંતિ ક્યાંથી લાવવી? ભાઈ! એ શાંતિ તો પ્રભુ આત્મામાં છે. બંધન અને બંધનનો ભાવ અને એની વર્તમાન જાણનારી પર્યાયમાં પણ શરણ નથી. ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદથી ભરેલી એના ઉપર નજર કરવાથી નજર ઠરશે. કેમકે સ્થિર વસ્તુમાં નજર ઠરશે, અસ્થિરમાં નજર ક્યાંથી ઠરશે? આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં શાંતિ મળશે. તેં બીજે લાખ પુણ્ય બાંધ્યા હોય ત્યાં નજર કર તો ત્યાં જડ રજકણ પડ્યા છે. અને એ ભાવ તો ચાલ્યા ગયા. નવા ભાવ કર તોપણ રાગ છે. શું રાગ ઉપર નજર કરવાથી શાંતિ મળશે? એ તો અંધકાર છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય નજીક આવ્યો નથી. અંધકાર પ્રકાશની નજીક આવ્યો? અંધકારનું લક્ષ છોડી ચૈતન્યનું લક્ષ કરે તો સમીપ આવ્યો. એવી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ એવો છે. સર્વજ્ઞ પ્રભુનો માર્ગ એવો છે. એ વસ્તુનો માર્ગ એવો છે. સ્વરૂપ એવું છે. શું કરે? શું કહે? બીજું શું લાવે? આહા..!

ભગવાન કહે છે.. ઓહોહો..! કેટલી વાત કરે છે! **'જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ.'** જડ શબ્દે રાગ, કર્મ અને શરીર ત્રણે જડ છે. કારણ કે રાગમાં જાણવાની શક્તિ નથી તો ઈ અપેક્ષાથી જડ છે. ભલે રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી પણ રાગમાં જે ભાવમાં પોતાને જાણવાનો સ્વભાવ નથી, પરને જાણવાનો સ્વભાવ નથી. એ તો અજ્ઞાન છે. અજ્ઞાન શબ્દે જડ છે. જ્ઞાનનો તેમાં અભાવ છે. વિજયમૂર્તિ!

મુમુક્ષુ :- વિજયની વાત છે.

ઉત્તર :- આ વિજયની વાત છે. રાગને પોતાને માને તો અવિજયની વાત છે. આહાહા..! કદી વાસ્તવિક તત્ત્વની સ્થિતિની મર્યાદા એના ખ્યાલમાં આવી નથી. સમજાય છે કાંઈ? અને એ ખ્યાલ વિના એને શરણભૂત તત્ત્વનો પત્તો લાગ્યો નહિ.

**'જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** પાઠમાં તો એમ છે ને. '**सर्वथा प्रसीद**' આહા..! પ્રભુ! હવે પ્રસન્ન થા ને, પ્રભુ! તને તો કહીએ છીએ કે ચૈતન્યનું નૂર રાગરૂપ થયું નથી, શરીરરૂપ થયું નથી. થયું નથી તો પ્રસન્ન થા ને હવે. આહાહા..! ..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ક્યાં? એવા ને એવા રહે છે. જુઓ! એવો ને એવો. ન્યાયથી કહ્યું કે નહિ? ચૈતન્યપ્રકાશ પ્રભુ શું રાગરૂપ થયો છે? શરીરરૂપ થયો છે? કર્મરૂપ થયો છે? તને કહીએ છીએ ને. પ્રકાશ અંધકારરૂપ થયો છે? ના. તો ચૈતન્યપ્રકાશ રાગરૂપ થયો છે? ના. પ્રસન્ન થા કે હું તો ચૈતન્ય આનંદરૂપ રહ્યો છું. બંસીલાલજી! એવી વાત છે. ધર્મની એવી વાત નથી કે બહારથી આમ આમ કરી લીધું એટલે ધર્મ થઈ ગયો. શેઠિયાને નવરાશ ન મળે પછી એકાદ પૂજા કરી આવે, જાઓ, ધર્મ થઈ ગયો. પછી ત્રેવીસ કલાક કરે પાપ. આ પણ થાય ને આ પણ થાય. અહીં તો કહે છે, એકેયમાં ધર્મ નથી.

આહા..! જુઓ તો ખરા, 'અમૃતચંદ્રાચાર્ય'. પાઠ તો એવો લીધો, '**सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं**' એમ બનતું નથી એટલું 'કુંદકુંદાચાર્યે' કહ્યું. પછી સ્પષ્ટ કરતાં 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, અરે..! પ્રભુ! પ્રસન્ન થા ને હવે. તું રાગરૂપ તો થયો નથી, રહ્યો નથી, છે નહિ. તું તો ચૈતન્યરૂપ જ્ઞાનાનંદ રૂપ છો, રહ્યો છે અને થઈશ. પ્રસન્ન થા. નજરમાં આત્મા લાવ. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! '**सर्वथा प्रसीद**' એમ શબ્દ પડ્યા છે. '**प्रसीद**' '**प्रसीद**' વિશેષ આનંદમાં આવ. આહાહા..! સમજાય છે કાંઈ? આખો આત્મા એકલો પ્રકાશ અને આનંદ આનંદની જ મૂર્તિ છે, અતીન્દ્રિય આનંદની અણઘડેલી મૂર્તિ અણઘટ ઘાટ અનાદિનો. એવા ચૈતન્યપ્રભુને અહીંયાં ભગવાન આત્મા કહે છે. એ આત્મા તો આત્મારૂપ જ રહ્યો છે ને પ્રભુ! ચાહે તો નિગોદમાં રહ્યો, ચાહે તો નરકમાં રહ્યો, એ આત્મા આત્માથી મટીને બીજું કાંઈ થયો જ નથી. સમજાય છે કાંઈ? પ્રકાશ કદી અંધકારરૂપ થયો જ નથી. તો પ્રસન્ન થા ને હવે. આહાહા..! છોડી દેને રાગની એકત્વબુદ્ધિ, એમ કહે છે મૂળ તો. તારામાં છે નહિ એની બુદ્ધિ છોડી દે ને, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'તારું ચિત્ત ઉજ્જ્વળ કરી સાવધાન થા...'** જુઓ! '**विबुध्यस्य**' આહાહા..! પ્રસન્ન થઈ '**विबुध्यस्य**' સાવધાન થા. આહા..! રાગમાં, પુણ્યભાવમાં એકત્વ છે તે અસાવધાની છે, મિથ્યાદષ્ટિપણું છે, એમાં સ્વરૂપની સાવધાનીનો અભાવ છે. એકવાર પ્રસન્ન થા, રાજી થા રાજી. છોકરો રીસાય ને બહુ. બહુ રીસાયો હોય ને તો કહે, લે આ તરબુચ. મોટું છે, ખુશી થા હવે. મોટું તરબુચ નથી આવતું? લાલચોળ કાઢીને આપે, લે ખા, ખુશી થા. રોવાનું મૂકી દે. આ ડગળીવાળો ભાગ આપ્યો, એમ કહે છે. ભગવાન ચૈતન્યમૂર્તિ તો તારી નજરની આળસે એમ ને એમ પડી રહી છે. સમજાય છે કાંઈ? 'નજરની આળસે રે મેં

નીરખ્યા ન નયણે હરિ' હરિ પ્રભુ આત્મા, હોં! આ આત્મા હરિ, બીજો કોઈ ઈશ્વર કર્તા-ફર્તા નથી. 'મારા નયણની આળસે રે મેં નીરખ્યા ન નયણે હરિ'. નજરની આળસે મેં ભગવાનને નીરખ્યા નહિ. નજર રહી ગઈ રાગ અને સંયોગ ઉપર. નજરમાં જ્ઞેય પર રહી ગયું. નિજ જ્ઞાન ભગવાન નજરમાં લીધો નહિ. આહાહા..!

ખુશીપણું તો અંદરની પ્રસન્નતાના અનુભવની વાત છે. અનુભવ કરીને આનંદમાં આવી જા, એમ કહે છે. એમ કહે છે. પ્રસન્નતાનો અર્થ એવો નથી. પ્રસન્ન થા નામ આનંદમાં-અતીન્દ્રિય આનંદના અનુભવમાં આવી જા, એમ કહે છે. કારણ કે ભગવાન આત્મા આનંદથી કદી છૂટ્યો જ નથી ને. કદી દુઃખરૂપ થયો જ નથી, એમ કહે છે. દુઃખ તો અંધકાર છે, આનંદ તો પ્રકાશનું પૂર છે. એવા અતીન્દ્રિયઆનંદને તને રાગથી ભિન્ન, પ્રકાશથી ભિન્ન અંધકાર છે, એમ બતાવી દીધું. ખુશી થા. પુરુષાર્થથી સ્વભાવની સાવધાની કરીને અનુભવ કર, એમ કહે છે. સમજાય છે કાંઈ? ભૂલી જા આખો સંસાર. લઈ લે આખો ભગવાન આત્મા દૃષ્ટિમાં. આહાહા..! એનું નામ જીવની પ્રતીતિનો અનુભવ નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ? ચંદ્રસેનજી! શું કહે છે? કરવું શું? આ કરવું. વચ્ચે વ્યવહાર આવે, રાગ આવે છે, ભક્તિ, પૂજા હો, પણ એ વસ્તુસ્થિતિ નહિ, એ ધર્મનું રૂપ નહિ, જીવનું સ્વરૂપ નહિ. ભગવાન! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ દુનિયા સાથે ક્યાંય મેળ ખાતો નથી. આહાહા..! જેને ઈન્દ્રો સ્વીકારે છે, ચાર જ્ઞાન ચૌદ પૂર્વ તો અંતર્મુહૂર્તમાં ગણધર રચે એવા ગણધર તો જેના દાસાનુદાસ છે! સમજાય છે કાંઈ?

મહાવિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે. ગણધર, જેને ચૌદ પૂર્વની અને ચાર જ્ઞાનની રચના તો અંતર્મુહૂર્તમાં થઈ ગઈ. એ પણ ભગવાન પાસે દાસાનુદાસ (થઈ જાય છે), હે નાથ! પોતાનું બહુમાન છે ને એટલે વિકલ્પમાં ભગવાનનું બહુમાન આવે છે. પણ બહુમાનમાં સ્વભાવનો આદર કદી છૂટતો નથી. સમજાય છે કાંઈ? અંતર નિશ્ચયની દૃષ્ટિ જે પોતાને છે એ કદી છૂટતી નથી. રાગ આવે છે છતાં પરનું બહુમાન કરવા છતાં પોતાનું બહુમાન એક ક્ષણ પણ છૂટતું નથી. આહા..! સમજાય છે કાંઈ?

**'સાવધાન થા...'** એનો અર્થ ઈ કે રાગ અને વિકલ્પને પોતાના માનનારો અજીવમાં સાવધાન છે. જીવમાં સાવધાન નથી. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' ગજબ! દિગંબર સંતોની કથની ન ભૂતો ન ભવિષ્યતિ. એ મુનિઓની વાત પરમાત્માને ખડા કરી દીધા છે. આવી ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં ક્યાંય નથી. સમજાય છે કાંઈ? ભગવાન સર્વજ્ઞની વાણી જ જાણે નીકળતી હોય એવી ટીકા છે! **'સ્વદ્રવ્યને જ 'આ મારું છે'...'** જુઓ! **'स्वद्रव्यं ममेदमित्यनुभव'**. આ સ્વદ્રવ્ય જ્ઞાન દર્શન આનંદમૂર્તિ એવું દ્રવ્ય છે તે મારું છું, એવો અનુભવ. એ પર્યાય. અનુભવ એ પર્યાય છે અને ત્રિકાળ જ્ઞાન દર્શન ઉપયોગમય આત્મા તે દ્રવ્ય.

સમજાય છે કાંઈ? ત્રિકાળ જ્ઞાન દર્શન ઉપયોગમય પિંડ ભગવાન તે દ્રવ્ય. તેનો અનુભવ તે પર્યાય. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એનો અનુભવ કર. રાગ અને વિકલ્પનો અનુભવ તેં અનંત કાળથી કર્યો. એ કંઈ આત્મા નથી. નથી તેનો અનુભવ કર્યો, છે તે રહી ગયો.

'**સ્વદ્રવ્યને જ...**' ભાષા જુઓ! રાગ તો બિલકુલ નહિ, ઈ પરદ્રવ્ય છે. કેટલો અર્થ કર્યો છે. પ્રકાશ-અંધકાર મેળવ્યા, ઉપયોગ-અનુપયોગ મેળવ્યા, જડ-ચેતન કહીને ભિન્નતા કહી, પછી સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એમ બે ભાષા કરી. ભગવાન આત્મા જાણન-દેખન ત્રિકાળ સ્વરૂપ ભગવાન સ્વદ્રવ્ય અને રાગ, વિકલ્પ, શરીર, કર્મ એ પરદ્રવ્ય. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં ટીકા છે એનો અર્થ થાય છે, ઘરના અર્થ નથી થતા.

કેટલાક કહે છે, સોનગઢવાળા નિશ્ચયની વાત કરે છે, વ્યવહારની વાત કરતા નથી. પણ સાંભળ તો ખરો, પ્રભુ! નિશ્ચય નામ સત્ય. આ ભગવાન આત્મા છે એવી વાત કરે છે. અહીં મુનિઓ આમ કહે છે, લ્યો. વ્યવહાર હો, હોય છે પણ એ વ્યવહારનું અહીંયાં વાત નહિ કરવાનું કારણ કે નિશ્ચય એ જ સત્ય છે. એનો અનુભવ કર્યો તો રાગ બાકી રહ્યો એનું જ્ઞાન રહી ગયું, જ્ઞાન રહી ગયું. રાગ પોતામાં રહ્યો નહિ. એની મુખ્યતા કરવાની અહીંયાં જરૂર નથી. વ્યવહારનયનો ગ્રંથ હોય ત્યાં બતાવે કે આવો વ્યવહાર હોય છે, આવો વ્યવહાર હોય છે, આવો વ્યવહાર હોય છે. સમજાય છે કાંઈ?

અહીં તો વ્યવહારનું જ્ઞાન કરવાની પણ વિશેષ જરૂર નથી, એમ કહે છે. તારું જ્ઞાન થયું એમાં રાગનું પણ જ્ઞાન પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં થઈ જાય છે, એવી વાત છે. આહાહા..! જુઓને! આ એવું લાગે ને. કદી અભ્યાસ નહિ, કદી પરિચય નહિ. અંતર દરકાર નહિ, આવી વાત સાંભળવા મળે નહિ. બંસીલાલજી! આ તો એલ.એલ.બી.ની વાત છે, વળી કેટલાક એમ કહે છે. ના, પ્રભુ! આ તો હજી એકડાની વાત છે. સમ્યગ્દર્શન રૂપી એકડો લગાવવાની વાત છે. સમજાય છે કાંઈ? પછી જે આત્મા જોયો, અનુભવમાં આવ્યો એમાં સ્થિર સ્થિર આનંદની લહેર અંદર ઉડાડવી એ ચારિત્ર છે. આનંદ, અતીન્દ્રિય આનંદના નિત્યાનંદના ભોજન કરવા. વારંવાર અતીન્દ્રિય આનંદનો સ્પર્શ કરવો એનું નામ ચારિત્ર છે. સમજાય છે કાંઈ? ચારિત્રની વ્યાખ્યા જુદી છે. ચરવું. આત્મા આનંદમૂર્તિ છે એવો અનુભવ સમ્યગ્દર્શનમાં થયો ત્યારે એમાં ચરવું, લીન થવું એનું નામ ચારિત્ર છે.

કહે છે, અરે..! પ્રભુ! '**સ્વદ્રવ્યને જ...**' સ્વદ્રવ્ય એટલે જીવ. '**આ મારું છે' એમ અનુભવ.**' એ પર્યાય. આ સ્વદ્રવ્ય ચૈતન્યમૂર્તિ છે. એમાં રાગ નથી, શરીર નથી, કર્મ નથી. ગુલાંટ ખા, અહીંથી દૃષ્ટિ છોડીને અહીં લાવ. અને અંતર ચૈતન્ય ભગવાનને સ્પર્શ કર. તો તને આત્મા શું છે (એનો પત્તો લાગશે). દ્રવ્ય પણ આનંદરૂપ છે, ગુણ પણ આનંદરૂપ છે, પર્યાયમાં આનંદ આવ્યો એ આનંદથી આખો આત્મા આનંદમય છે એવી પ્રતીતિ થઈ જશે. સમજાય છે કાંઈ? ભગવાન આત્માની અંતર દૃષ્ટિ કરવાથી જે અતીન્દ્રિય આનંદનો

સ્વાદ આવ્યો એ અતીન્દ્રિયના સ્વાદમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે આનંદમય છે એવી તને પ્રતીતિ થઈ જશે. દ્રવ્યમાં રાગ નથી, ગુણમાં રાગ નથી, પર્યાયમાં અંધકાર નથી-રાગ નથી એવી તને પ્રતીતિ થઈ જશે. આહાહા..! એનું નામ આત્મા જાણ્યો કહેવાય અને એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! કેમ બાબુલાલજી! શું કરવું? બધા રાડું પાડે છે. પ્રભુ! તારું ઘર તો જો. આ તારા ઘર જોવાની વાત કરે છે. એમાં તને કેમ પ્રતિકૂળતા લાગે છે? સમજાય છે કાંઈ?

ઢોર હોય ને? પશુ. એ સવારમાં જ્યારે બહાર કાઢે ત્યારે એને બહાર કાઢવા જરી કઠણ પડે. સાંજે ઘરે આવે ને, ઘરે (ત્યારે) દોડતા આવે, દોડતા. દોડતા સમજ્યાને? સાંજે જ્યારે બહારથી આવે ત્યારે દોડતા આવે. અને એમાં ગાયું એવી હોય ને બારણા બંધ હોય તો માથા મારે, ખોલ! ઝટ અંદર જાવું છે. કારણ કે બાર કલાક અહીંયાં રહેવું છે. સ્થિર સ્થિર રહેવું છે.

એમ કર્મ અને રાગમાં તો અનાદિ કાળથી તું બહાર રખડવા નીકળી ગયો છો. હવે તારા ચૈતન્યઘરમાં આવવામાં તને વાર કેટલી લાગે? અને એમાં તને ઉત્સાહ કેમ આવતો નથી? સમજાય છે કાંઈ? આહાહા..! 'પરમાત્મ પ્રકાશ'માં દૃષ્ટાંત આપ્યો છે, 'પરમાત્મ પ્રકાશ'. એક પશુ બાર કલાકથી બંધાયેલો હોય એને છોડવાથી એ ખુશી થાય છે. તો તને તો રાગના બંધનથી અમે છોડાવવાની વાત કરીએ છીએ અને તું ખુશી ન થા, પ્રસન્ન ન થા તો તું ઢોરમાંથી જઈશ. મુનિઓનું શું કાંઈ લેવું છે? એ તો નાગા મુનિ છે, નગ્ન દિગંબર મુનિ છે. એણે કાંઈ શેઠિયાને રાજી રાખવા છે પૈસાવાળાને? કે આ બધા રાજી રહે તો અમને સારું અનાજ આપે. અરે..! આહાર તો મળશે. શરીરને નભવું હોય તો નહિ મળે? સમજ્યા? દુનિયાની શું પડી છે? દુનિયા દુનિયાના ઘરમાં રહી. અમારા ઘરમાં રાગ નથી ત્યાં દુનિયા ક્યાંથી આવી? સમજાય છે કાંઈ?

કહે છે, આહા..હા..! ભગવાન! તારા ઘરમાં આવ તો ખરો, ઘર તો જો, ઘર તો જો. ખુશી થા ને, ભાઈ! સમજાય છે કાંઈ? છૂટવાની વાત કરે છે તો પશુ ખુશી થાય છે. તને રાગના બંધનથી ભિન્ન આત્માને બતાવીએ છીએ અને તું ખુશી ન થા કે અરે..! આ તો ભારે આકરું, ભારે કઠણ વાત. અરે..! લાલચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ દોરડાનો બાપ બાંધ્યો છે મોટો મિથ્યાત્વ. રાગનો વિકલ્પ એ મારો છે, એ મહા મિથ્યાત્વથી કઠણ બંધાયો છે. અજીવને જીવ માન્યો છે. એવી માન્યતાનું વજ્ર બંધન છે. શાસ્ત્રમાં આવે છે વજ્ર મિથ્યાદૃષ્ટિ. શાસ્ત્રમાં એમ આવે છે, હોં! વજ્ર મિથ્યાદૃષ્ટિ એવો પાઠ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પ્રસન્ન થા એનો અર્થ આનંદમાં આવી જા, એમ કહે છે, હોં! પ્રસન્ન એટલે ખુશી થઈ

જા એમ નહિ. ભગવાન! તારી ચૈતન્યમૂડી કદી ત્રણ કાળ ત્રણ લોકમાં રાગરૂપ થઈ નથી. એમ તને પ્રકાશ અને અંધકારનો ન્યાય આપીને તો સંભળાવ્યું. એવી ને એવી વસ્તુ રહી છે ને, નાથ! એની સંભાળ કરવાનો તારો પ્રયત્ન નથી અને એ પ્રયત્ન કરવામાં તને આકુળતા (થાય છે). ઈ આકરી વાત છે. પાપ કરવું એ સહેલું પડે છે? જેમાં દુઃખના ડુંગરમાં જવાનું છે, એ વાત તને સહેલી પડે છે. આ વાત કઠણ લાગે છે. આનંદનું ભોજન કરવામાં આવવું એ કઠણ લાગે છે. તારી સ્વભાવ પ્રત્યેની રુચિ નથી. રુચિ હોય તો રુચિ અનુયાયી વીર્ય આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પ્રસન્ન થનારો પ્રસન્ન થયા વિના રહે કોણ? આહાહા..!

**'સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ.'** કાલે તો ઉતાવળથી લઈ લીધું હતું.

**ભાવાર્થ :- 'આ અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે...'** હવે સાધારણ ભાષા, ચાલતી દેશભાષામાં (કહે છે). 'જયચંદ્ર પંડિત' જયપુરમાં થયા છે તેમણે કર્યો છે. **'અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે...'** એ પુદ્‌ગલ (એટલે) રાગ, શરીર આદિ બધા પુદ્‌ગલ છે, હોં! **'તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે...'** ઉપદેશ કરી સાવધાન કર્યો છે કે જાગ, જાગ ભગવાન! જાગ. તારી જાગૃતિનો કાળ છે. તારા ભવના અભાવ કરવાનો ભાવ છે. આહાહા..! બાપુ! આ તો ભવ અને ભવના અભાવનો કાળ છે. આ ભવમાં ભવવૃદ્ધિનું કારણ સેવીને તું જાય એ શું ભવ છે? સોભાગભાઈ!

**'જડ અને ચેતનદ્રવ્ય-એ બન્ને સર્વથા જુદાં જુદાં છે,...'** એકલા પરમાણુની વાત નથી, હોં! વિકાર-ફિકાર બધું જડ અને પરદ્રવ્ય છે. એવી વાત છે. જ્ઞાન અને અજ્ઞાન, બસ બે જ વસ્તુ. પરમાણુ પણ જડ અને રાગ પણ જડ અને રાગ અચેતન અને રાગ અજીવ. એક જીવ ચૈતન્યમૂર્તિ ભગવાન. એ સિવાય બધા અજ્ઞાન નામ જેમાં જ્ઞાન નથી એનું નામ અજ્ઞાન છે. રાગ, શરીર, કર્મ બધું અજ્ઞાન. જ્ઞાન નહિ. **'જડ અને ચેતનદ્રવ્ય-એ બન્ને સર્વથા જુદાં જુદાં છે, કદાચિત્ કોઈ પણ રીતે...'** કદાચિત્ એટલે કોઈ કાળે અને કોઈ પણ રીતે. કોઈ કાળે અને કોઈ પણ રીતે **'એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે;...'** આહાહા..! પ્રભુ સર્વજ્ઞ ભગવાનની જ્ઞાનની દૃષ્ટિમાં તો આમ જોયું છે. ભગવાન કદી રાગરૂપ થયો નથી. સમજાય છે કાંઈ? **'એમ સર્વજ્ઞે દીઠું છે;...'** લોકો કહે છે ને, સર્વજ્ઞ ભગવાનનો આધાર ન લેવો. ભગવાનનો આધાર ન લેવો, એમ કહે છે ને? ક્રમબદ્ધમાં કહે છે ને? ભગવાને જોયું છે તો ક્રમબદ્ધ થઈ ગયું કે જે સમયે જ્યાં જે થવાનું (છે તે થાય છે). અહીં તો સર્વજ્ઞનો આધાર આપે છે. સર્વજ્ઞને ભગવાને જોયું છે. સમજાય છે કાંઈ?

**'માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે;...'** રાગ, પુણ્ય વિકલ્પને

સ્વભાવમાં એકપણે માનવા, લાભ માનવો છોડી દે. તારા હિતની વાત કરીએ છીએ કે રાગની એકત્વબુદ્ધિ છોડી દે. '**વૃથા માન્યતાથી બસ થાઓ.**' જૂઠી માન્યતાને પૂરી કર. અલમ અલમ. બસ કર, બસ કર, બાપુ! હવે અનંત કાળ થયો, હોં ભાઈ! આહાહા..! ભગવાન! તને રખડતાં અનંત કાળ થયો, હવે બસ કર. તને ક્યાંય મજા તો પડી નહિ. સ્વર્ગમાં, નરકમાં ચારે કોર આકુળતા.. આકુળતા.. આકુળતા.. આકુળતા (ભોગવી). સમજાય છે કાંઈ? જ્યાં શાંતિ છે ત્યાં કોઈ દિ' નજર કરી નહિ. બસ કર હવે. છોકરો બહુ તોફાન કરે ત્યારે એનો બાપ કહે ને, હવે બસ થઈ, હોં! નહિતર એકબીજાનું મરણ થાશે, એમ કહે. એમ ઘરમાં કહે કે નહિ? છોકરો બહુ તોફાન કરે અને બહુ સટ્ટો કરતો હોય, લંપટી થઈ ગયો હોય તો કહે, હવે રહેવા દે, હોં! ઘરમાંથી તું લઈ લઈને નાખી દે, હવે ઘર નહિ ખમે. ચોરીને લઈ જતો હોય. કાં તું જુદો પડી જા. માટે હવે મૂકી દે વાત. અહીં કહે છે, હવે છોડી દે ને પ્રભુ! આહાહા..!

કરુણાબુદ્ધિથી આચાર્યોએ કેટલું કહ્યું છે! જેમ પુત્રને કહે ને, આમ કરીશ નહિ, હોં! આપણા ઘરની આ શોભા ન હોય, હોં! આપણા ઘરની આ શોભા ન હોય, એમ કહે છે કે નહિ? એમ અહીં કહે છે, બાપા! આત્માના ઘરની શોભા રાગને પોતાનો માનવો, રાગથી લાભ માનવો, ભગવાન! આપણાં ઘરની શોભા નહિ.

અમારે સંપ્રદાયના ગુરુ હતા ને, બહુ મીઠા હતા. બહુ મીઠા. ધર્મની તો દૃષ્ટિ હતી જ ક્યાં. આ વસ્તુ જ નહોતી. પણ પ્રકૃતિ બહુ લૌકિક મીઠી. પછી (સંવત) ૧૯૭૧ની સાલમાં આખું ચોમાસુ એકાંતરા અપવાસ (કરેલા). એક ટંક ખાવાનું. ૪૮ કલાકે. એક ટંક આજે, કાલે અપવાસ પછી પરમ દિવસે એક ટંક ખાવાનું. આખુ ચોમાસુ એમ કર્યું હતું. શાસ્ત્રના ઉપધાન કરતા હતા અમે. એકવાર એક દિવસ જમવાનું. અને કાલે અપવાસ અને પરમ દિ' જમવાનું. ચોવિહારા, હોં! પાણી-બાણી કાંઈ નહિ. એમ આખું ચોમાસુ (કરેલું). ૧૯૭૧નું ચોમાસુ લાઠીમાં હતું. ૭૧. દીક્ષા ૧૯૭૦માં થઈ હતી. બીજા વર્ષની વાત છે. પછી કોઈ વાર શરીરમાં એવું કાંઈક થઈ જાય ને તો અમે 'ભગવતી સૂત્ર' વાંચતા. 'ભગવતી સૂત્ર' છે ને? ૧૬૦૦૦ (શ્લોક). આમ સૂતા સૂતા (વાંચતો હતો). પછી એમ કહે, ભાઈ! આપણને આમ ન શોભે, હોં! એમ કહેતાં. મૂળચંદજી ને બીજા સૂતા સૂતા વાંચે. એટલે કહે, ભાઈ! આપણને આ ન શોભે. થોડીવાર સૂઈ જા. પુસ્તક મૂકી દે. એવી બહુ મીઠી ભાષા. સમજ્યા? સેઠી આવ્યા? શરીરનું કારણ હશે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તો કહે છે કે જે કહ્યું તેને થોડું કહો. એમ કહે છે. એની શેઠાઈની એવી વાત છે. ..ની વાત છે.

કહે છે કે વૃથા માન્યતા બસ કર, પ્રભુ! બસ કર. આહાહા..! કેટલી કરુણા છે! અંદર

કહ્યું ને? હવે પ્રસન્ન થા, ભાઈ! પ્રસન્ન થા. એ (ગાથા) પૂરી થઈ.

**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**
**अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।**
**पृथगथ विलसन्तं स्वं समालोक्य येन**
**त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।**

**શ્લોકાર્થ :- 'अयि' એ કોમળ સંબોધનના અર્થવાળું અવ્યય છે.'** કોમળ સંબોધન– હે ભાઈ! હે પ્રભુ! એમ કહે છે. ભગવાન કહે છે, હોં! આહા..! સંતો તો કહે છે કે ભગવાન આત્મા. બાપુ! એ પ્રભુ આત્માને પુણ્ય-પાપના મિલન ભાવ શોભા દે છે? અમારે ચેતનજી કોઈ વખતે બોલે છે ને? કાંઈક ગાયન બોલ્યા હતા. ચેતનજી કાંઈક બોલે છે ને? એવું ગાયન બોલ્યા હતા. મેં કીધું, આ ચેતન બોલ્યા હોય ઈ ગાયન લાગે છે. નહોતું એક ફેરી રાત્રે? શોભા નથી દેતું, એમ એક ફેરી બોલતા હતા. નહિ શોભતું હૈ, એમ કંઈક બોલ્યા હતા. અહીં કોઈક નાટકમાં હતું. નોરતા હતા ને નોરતા? એ જાતની દેશી હતી, દેશી. નહિ તને શોભે રે... સાંભળ્યું છે કે નહિ? તને શોભે નહિ ... એવી દેશી.

અહીં કહે છે, જુઓ! હે ભાઈ! આહાહા..! હે પ્રભુ! **'હે ભાઈ!'** સાધર્મી હોય ને જાણે! તું પણ આત્મા છો ને. તું પણ આત્મા છો, અમે આત્મા છીએ. હે ભાઈ! મારી નાતનો જાતનો તું આત્મા છો. હે ભાઈ! કોમળતાનો શબ્દ છે. કોમળતા. **'તું કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ...'** અર્થાત્ ગમે તેટલા પરિષહ પડો, ગમે તેવું મરણ પણ આવી જાઓ, પણ તારો અનુભવ કરવામાં પ્રયત્નશીલ થા, એમ કહે છે. ગમે તેવા કષ્ટ પડો. દુનિયા નિંદા કરો, આમ કરો અને વિચાર કરવામાં પણ શરીરની સ્થિતિ સરખી ન રહે, એમાં ગમે તેવા પરિષહ આવી જાય, દુઃખ પડે, વીંછી કરડે, પણ તારી ચૈતન્ય ચીજ છે તેનો પત્તો મેળવવામાં કષ્ટનું લક્ષ છોડી દે. સમજાય છે કાંઈ? હું આવું આસન લગાવી દઉં. મારા પગ દુઃખતા હતા. અહીંયાં આમ થતું હતું. ભગવાન! ગમે તેવા કષ્ટ હો, એનું લક્ષ છોડી દે. સમજાય છે કાંઈ?

**'કોઈ પણ રીતે મહા કષ્ટે...'** કોઈ તો એમ કહે કે આ પાગલ છે? શું કરે છે? ક્રિયાકાંડ ભક્તિ, પૂજા કરતા નથી. ધ્યાન કરે છે, ધ્યાન. શું આવ્યું ધ્યાનમાં? એમ અજ્ઞાનીની નિંદા, શરીરની ચેષ્ટા સરખી ન રહે એવું ધ્યાન, એવા બધા કષ્ટને સહન કરીને **'મરીને પણ...'** અર્થાત્ મૃત્યુનો દેહ છૂટવાનો પ્રસંગ આવી જાય તોપણ. એમ મરીને પછી .. રહે છે. **'મરીને પણ તત્ત્વનો કૌતૂહલી થઈ...'** એક વાર કુતૂહલ તો કર. તું દુનિયાની ગુપ્ત વસ્તુને જોવા માટે કેવું કુતૂહલ કરે છે. કોઈ રાણી મહારાણી બહાર ન નીકળતી હોય. ઓજલ હોય ને? ઓજલમાં રહે ને. પણ ખબર પડે કે આજે મહારાણી ઓજલ છોડીને મોટરમાં બહાર નીકળવાના

છે. આખું ગામ જોવા નીકળે. ઓજલ સમજો છો? પડદો. મહારાણી આજે પડદો છોડીને ગામમાં નીકળવાના છે. ચાલીસ વર્ષથી પડદામાં રહેતા હતા, આજે મહારાણી પડદો છોડવાના છે. આવો ચાલો. આખું ગામ નીકળે.

કહે છે, એ જોવા માટે તને કુતૂહલ થાય છે, અહીંયાં એકવાર જોવા માટે કુતૂહલ તો કર. સોભાગભાઈ! ભગવાન હવે બહાર નીકળે છે. રાગના પડદામાં અનાદિનો હતો. રાગ અને વિકલ્પના પડદામાં ભગવાન હતો. એ વિકલ્પને તોડીને હવે ભગવાન બહાર નીકળે છે. કુતૂહલ તો કર.

મુમુક્ષુ :- સમજાવવામાં કોઈ પ્રકારે મણા રાખી નથી.

ઉત્તર :- મણા રાખી નથી. સંતો આચાર્ય મહા એમાં આ દિગંબર મુનિઓની શું વાત કરવી! આહાહા..! જેના હૃદય અમૃતથી ભર્યાં છે. અતીન્દ્રિય અમૃતના જેણે અનુભવ કર્યા છે. ચારિત્રમાં તો અમૃતના દરિયા ઉછળ્યા છે. નિત્યાનંદ ભોજી આનંદઅમૃતનો અનુભવ કરે છે. એક વિકલ્પ આવી ગયો કરુણાનો. ભાઈ! પ્રભુ! હવે તો છોડને. પ્રભુ, ભાઈ! આહાહા..! બાપ પણ એવી રીતે કહેને પેલાને, ભાઈ! હવે આ ન હોય, હોં! હવે છોડ.

'**કૌતુહૂલી થઈ...**' ગમે તેવા કષ્ટ થાઓ. મરણ આવવાની સ્થિતિ પણ દેખાય કે આ દેહ તો છૂટી જશે. પણ એકવાર અંદર કુતૂહલ તો કર. અંતરની ચીજને જોવા માટે એકવાર કુતૂહલ તો કર. બહાર જોવામાં તો તારો બહુ કાળ ગયો, પ્રભુ! હોં! એ બરબાદ ગયો, ભાઈ! અહીં તો કહે છે કે ભગવાનને જોવામાં પણ? એ તો રાગ છે, કહે છે. સમજાય છે કાંઈ? શુભરાગ થાય છે. તારા તત્ત્વનો કૌતૂહલી થા. આ શું છે? આવી આવી વાત કરે છે!

**જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો**
**જે સ્વરૂપને સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો**
**તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો,**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો,**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**

આ 'શ્રીમદ્ રાજચંદ્રે' બનાવ્યું છે. ૩૦ વર્ષની ઉંમરે. એમનો ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. સાત વર્ષે જાતિસ્મરણ થયેલું. ૧૯૨૪માં જન્મ હતો. ૧૯૩૧માં જાતિસ્મરણ થયેલું. ૨૯ વર્ષની ઉંમરે 'આત્મસિદ્ધિ' બનાવ્યું. 'આત્મસિદ્ધિ' આ સામે છે. આ સામે પાટ પડી છે ને? એમના હસ્તાક્ષર છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના' પહેલી લીટી. ૧૪૨ શ્લોક છે.

**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.**

એવા ૧૪૨ શ્લોક ૨૯ વર્ષે બનાવ્યા. આપણે અર્થ થઈ ગયા છે. પછી આ 'અપૂર્વ અવસર' બનાવ્યું. ભાઈ! ભગવાને આત્મા દીઠો, અનુભવ્યો એ વાણીમાં પૂરું ન આવી શક્યું, હોં! તો સર્વજ્ઞ સિવાયના બીજા પ્રાણીની વાણીમાં એ ચૈતન્ય રતન હીરો કેવો કેમ છે, એ કઈ રીતે આવશે? આહાહા..! સમજાય છે?

અહીં કહે છે કે એકવાર કુતૂહલ કર તો તને હાથ લાગશે. વિસ્મયતા તો કર, વિસ્મયતા તો કર. અરે..! પણ આ શું? ચૈતન્ય બાદશાહ જેના વખાણનો પાર ન મળે, શાસ્ત્ર પણ વાત કરી કરીને પૂરા પડે છે કે હવે અમે પૂરું નહિ કહી શકીએ. સર્વાર્થસિદ્ધિના દેવો ૩૩ સાગર સુધી, આત્મા પામેલા સમ્યગ્દૃષ્ટિ જીવો ચર્ચા કરતાં કરતાં કરતાં ૩૩ સાગર જાય. એક સાગરમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ. એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ. એટલા ૩૩ સાગર શાસ્ત્રની સ્વાધ્યાય કરે. છેલ્લે કહે કે આ વિકલ્પે પાર નહિ પડે. અમે મનુષ્ય થશું ને સમાઈ જશું ત્યારે પાર પડશે. સમજાય છે કાંઈ? એવી ચીજને માટે કહે છે, કુતૂહલ તો કર. પછી શું કર? કે આનો જરી પાડોશી થઈ જા. રાગ અને શરીરનો.. પાડોશી કહે છે ને તમારે? '**આત્માનો અનુભવ કર...**' લો. સમજ્યા? પછી થોડી લીટી બાકી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧, રવિવાર, તા. ૩૦-૧૦-૧૯૬૬**
**શ્લોક-૨૩, પ્રવચન નં. ૮૯**

આ 'સમયસાર' જીવ-અજીવ અધિકાર ચાલે છે. એનો ૨૩મો કળશ ચાલે છે. ૨૩મો છે ને?

**अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**
**अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।**
**पृथगथ विलसन्तं स्वं समालोक्य येन**
**त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।**

એનો નીચે અર્થ છે. ઉપર શ્લોક છે ને? નીચે અર્થ છે. હિન્દી. વાત જરી અપૂર્વ સૂક્ષ્મ છે. અનાદિ કાળના સંસ્કાર, આ ચૈતન્યસ્વરૂપ જે આત્મા છે તે અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. વિજયમૂર્તિ! અતીન્દ્રિય આનંદની મૂર્તિ અંદર છે. આ દેહ, દેહ માટીનો પિંડ રજકણ છે. અને અંદર એક કાર્માણશરીર જેને કર્મ કહે છે તે પણ એક ઝીણી ધૂળ જ છે. અને વિકાર જે અંદર પુણ્ય-પાપનો શુભ-અશુભરાગ જે વિકલ્પ ઊઠે છે તે પણ વિકાર દુઃખરૂપ છે, એ આત્મા નહિ. આત્મા, એ વિકલ્પ શુભ-અશુભરાગ અને શરીરથી અંતર ભિન્ન અરૂપી ચૈતન્ય વિજ્ઞાનઘન આનંદકંદ, એવા આત્માને આત્મા કહે છે. એ આત્માનું જ્ઞાન અનંત કાળમાં એક સેકંડ પણ કર્યું નથી. તેથી ચોર્યાસી લાખ અવતારમાં (રખડે છે). અનાદિઅનંત આત્મા છે એવી વસ્તુની કદી ઉત્પત્તિ થતી નથી. એ તો અનાદિ છે. છે તેનો નાશ નથી અને છે તેની નવી ઉત્પત્તિ થતી નથી. એવો દેહમાં ભિન્ન ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ એ આત્મા છે.

અહીંયા આચાર્ય સંબોધન કરે છે કે અરે..! આત્મા! **'આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ! તું કોઈ પણ રીતે...'** ભગવાન આત્મા અંદર આનંદકંદ શુદ્ધ ચૈતન્ય છે તેની અંતરમાં દૃષ્ટિ લગાવી દે. **'કોઈ પણ રીતે મહા કષ્ટે...'** બહારમાં પ્રતિકૂળતા ભલે ગમે તેટલી હો પણ આ આત્મા શું ચીજ છે તેને સમજવા માટે, અનુભવવા માટે જરી કુતૂહલ તો કર. કુતૂહલ નામ જોવાની ચાહના તો કર. બીજી ચીજ જોવાની ચાહના અનાદિથી તને ચાલી આવે છે. પણ આ આત્મા શું ચીજ છે અંદર એને જોવાની ચાહનારૂપી કુતૂહલ તો કર. જેમાં તારું સ્વરૂપ પૂર્ણાનંદ ભરેલું છે તેનો પત્તો લાગ્યા વિના તને કદી સ્વતંત્ર શાંતિ અને સુખ મળશે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે કે **'મહા કષ્ટે...'** કષ્ટનો અર્થ બહારમાં અનેક પ્રકારની પ્રતિકૂળતા હોવા છતાં **'અથવા મરીને પણ...'** શરીર છૂટવાનો ક્યારેક અવસર આવી જાય એટલી પ્રતિકૂળતા હોય

તોપણ '**તત્ત્વોનો કૌતૂહલી થઈ...**' આ શું ચીજ છે? જેમાં બધા પદાર્થ જણાય છે, આ શરીર છે, આ કર્મ છે, રાગ છે, આ છે, આ છે, આ છે એ જેમાં-જેની સત્તામાં ચૈતન્યના હોવાપણામાં આ છે એમ જણાય છે, એ ચીજ શું છે? સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાન ચૈતન્ય મોજૂદગી, જેની ચૈતન્યપણાની મોજૂદગી છે, જેના ચૈતન્યપણામાં બધી ચીજ જણાય છે તો બધી વસ્તુ જાણવામાં મુખ્યતા, ઊર્ધ્વતા ભગવાન જ્ઞાનની છે. એ જ્ઞાન જ જાણે છે કે આ રાગ છે, જ્ઞાન જાણે છે કે શરીર છે, જ્ઞાન જાણે છે કે આ વાણી નીકળે છે, જ્ઞાન જાણે છે કે આ શરીર છૂટે છે, જ્ઞાન જાણે છે કે આ જીવનું શરીર બચ્યું. એ જાણનારો જેની સત્તામાં મુખ્યપણે પોતાની હયાતી ન હોય તો આ છે, એમ જાણ્યું કોણે? સમજાય છે કાંઈ? તો એ ચૈતન્યસત્તા શું છે? એકવાર જોવા માટે કુતૂહલ તો કર. સમજાય છે કાંઈ? ચંદુભાઈ! ચંદુભાઈ અમારે નરમ માણસ છે, હોં! જરીક એવું આવે ત્યાં આંખમાં આંસુ આવી જાય. આ ડૉક્ટર છે, રાજકોટના મોટા ડૉક્ટર છે. પણ ઈ શરીરના ડૉક્ટર છે, આત્માના ડૉક્ટર ન મળે.

મુમુક્ષુ :- તો આપ બનાવી દો.

ઉત્તર :- કોણ બનાવે? સમજાય છે કાંઈ?

કહે છે કે તું કોણ છે? અને કેવો છે? એમ જોવાની ચાહના તો કર. દુનિયાની ચીજ જોવાની ચાહના કરે છે. એક લાખ રૂપિયાનો સોનાનો હાર આવે તો આખું જગત અથવા ઘરના માણસો જોવા આવે, ઓહો..! બહુ સરસ આવ્યો. એક મકાનમાં સાધારણ દાગીનો આવે, નવું વાસણ લાવે. લ્યોને, પાંચ-પચાસ રૂપિયાનું નવું વાસણ લઈ આવ્યા. કેવું છે, ક્યાંથી લાવ્યા. મકાન નવું લીધું હોય, લાખ રૂપિયાનું, પચાસ હજારનું તો ઓહો..! ભગવાન! તું બાહ્ય ચીજને જોવા માટેનું કુતૂહલતા અને ચાહના ઉગ્રતાથી કરે છે પણ જે જોનાર છે એની ચાહના છે તને? સોભાગભાઈ! આહાહા..! કુતૂહલમાં એ કહ્યું છે, ભાઈ! તને કુતૂહલ નથી થતું? શું છે એવી ચાહના નથી થતી? આ બધાની ચાહના થાય છે, આ શું છે? આ શું છે? આ શું છે? ધૂળમાં શું છે શું, એ તો ધૂળ છે, જડ છે, માટી છે. પણ એને જાણનાર શરીરથી ભિન્ન છે અને પુણ્ય-પાપનો રાગ જે શુભાશુભ ઉત્પન્ન થાય છે એ પણ વિકાર દુઃખરૂપ છે. તેનાથી પણ ભગવાન ભિન્ન છે. સમજાય છે કાંઈ? તો એ કોણ છે એને જાણવાની કુતૂહલ તો કર.

'**તત્ત્વોનો કૌતૂહલી થઈ...**' અરે..! આ શું ચીજ છે? હું કોણ છું? હું છું તો મારા સ્વભાવમાં કોઈ ચીજ છે કે નહિ? હું સ્વભાવવાન છું તો મારામાં કોઈ સ્વભાવ છે કે નહિ? તો મારો સ્વભાવ છે કેવો? એમ ક્ષણ પણ તેં અનંત કાળમાં પોતાનો પત્તો લગાવવા માટે જિજ્ઞાસા કુતૂહલતા કદી કરી નહિ. બાકી બધું કર્યું. શું? વિકારી પરિણામ શુભ અને અશુભ કર્યા. ..રાયજી! પુણ્ય-પાપ ભાવ કર્યા, હોં! પરનું કાંઈ કર્યું નથી. મૂઢ માને છે. શુભ

અને અશુભ રાગ. એ રાગ કર્યો. એ તો જડ છે, જડને શું કરે? એ તો સ્વતંત્ર પદાર્થ છે. માટી પદાર્થ છે. જગતનો અસ્તિ પદાર્થ-મોજૂદગીવાળી ચીજ છે. એ ચીજ પોતાથી ટકીને પોતાથી પલટે છે. તેને પલટાવનાર બીજું કોઈ નથી. ફક્ત અનાદિકાળથી એણે એ કર્યું કે પોતાના સચ્ચિદાનંદ પ્રભુને ભૂલીને પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ, દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિના વિકારી પરિણામ કર્યા. એ વિકાર પરિણામ છે એ દુઃખરૂપ છે. એ આત્મા નહિ. આહાહા..! વિજયમૂર્તિ! દુઃખરૂપ છે? દાંત કાઢે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ-સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ છે. પ્રભુ આત્મા, આત્મા જેને કહીએ, આદિ અંત વિનાની ચીજ શાશ્વત વસ્તુ નવી ઉત્પન્ન થતી નથી, સંયોગમાં નાશ થઈને ભળી જતી નથી એવી આત્મવસ્તુ શું છે અંદર? તો કહે છે કે, એમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એનું કદી કુતૂહલ અનુભવ કરવાનું, એ ચીજ શું છે તેને પ્રાપ્ત કરવાની, એકત્વ કરવાનું કદી કુતૂહલ તેં કર્યું નહિ.

કહે છે, '**તત્ત્વોનો કૌતૂહલી થઈ...**' આમ તો કુતૂહલ કરે છે ને? ભોગ માટે, પૈસા માટે ને ધૂળ માટે. આ પૈસા કમાવા માટે, સ્ત્રીના ભોગ માટે, આબરૂ માટે, મોટી પદવી માટે અનાદિથી રાગ અને દ્વેષ કુતૂહલ કરીને નવી પદવી મને મળી, એમ અનાદિથી પોતાના ચૈતન્યના પદના ભાન વિના સંયોગી પદની વિસ્મયતા કરી પોતાને નવું કોઈ પદ મળ્યું-મહિને પાંચ હજારનો પગાર. સમજાય છે કાંઈ? પાંચ-દસ લાખની કમાણી થઈ. એમાં શું થયું? તને શું મળ્યું? એ તો ધૂળ છે. સમજાય છે કાંઈ? શરીરની નિરોગતા થઈ એ તો માટી છે, ધૂળ છે. એવી કઈ ચીજ મહત્તાવાળી કે જેને તું બહારમાં મહત્તા આપે છે? બહારમાં તો કોઈ ચીજની મહત્તા નથી. સોભાગભાઈ! કહે છે, કુતૂહલ તો કર કે કોઈ મહત્તાવાળી ચીજ અંદર પડી છે. જે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાને આત્માને... આ આવી ગયું એનો આ શ્લોક છે, હોં! આવી ગયું એનો છે ને. એનો કળશ છે.

'**सव्वण्हुणाणदिट्ठो**' ભગવાન પરમેશ્વર જેમના જ્ઞાનનો વિકાસ ત્રિકાળ જાણે એવી શક્તિનો વિકાસ થઈ ગયો, એવા પરમાત્માએ તારા આત્માને તો જ્ઞાન, આનંદ, દર્શન ઉપયોગ સ્વરૂપ જોયો છે. તારો આત્મા તો આવો છે એમ ભગવાને જોયું છે. અને તું માને છે કે હું શરીર છું, વાણી છું, કર્મ છું, આ પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે તે હું છું. તારી દૃષ્ટિ તત્ત્વ દૃષ્ટિથી વિરુદ્ધ છે. સમજાય છે કાંઈ? કદી પોતાની સંભાળ લીધી નહિ. બીજાની સંભાળ લઉં છું એવું અભિમાન કર્યું. અભિમાન, હોં! કરી શકતો નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાય છે કાંઈ? શરીરમાં પણ સફેદ વાળ આવે છે તો રોકી દે ને. તું કરી શકતો હો તો. સફેદ વાળ આવ્યા. એની પર્યાયના કાળમાં આવે છે, આત્મા શું કરી શકે? એને રોકી શકે છે? સમજાય છે કાંઈ? પોતાના શરીરની પર્યાય પણ રોકી શકતો નથી તો બીજા પદાર્થની ક્રિયા કે પર્યાય આત્મા કરે, એમ ત્રણ કાળમાં બનતું નથી. મૂઢે અનાદિથી એવી મદિરા, મિથ્યા

ભ્રમની મદિરા પીધી છે. દારૂ પીધો છે, દારૂ. હું આમ કરી લઉં, હું આમ કરી લઉં, હું આમ કરી લઉં. કોનું કરે? સાંભળ તો ખરો. તારાથી ભિન્ન વસ્તુ છે એ પણ ભિન્ન શાશ્વત પદાર્થ છે. અને તેનાથી ભિન્ન તું પણ શાશ્વત પદાર્થ છે. તારામાં પુણ્ય-પાપના ભાવ જે ઉત્પન્ન થાય છે, શુભ-અશુભરાગ, એ પણ ક્ષણિક દુઃખરૂપ વિકાર છે. એકવાર કુતૂહલ તો કર કે વિકાર અને શરીરથી આત્મા આત્મા કહે છે... સમજાણું? કોણ છે આ? પેલા શવિલાલ પાનાચંદ હતા ને? આઈ.સી. શું કહેવાય મોટી પદવી? આઈ.સી. એ પદવી ભણીને (સંવત) ૧૯૭૭માં આવેલા. શિવલાલ પાનાચંદ. મોટી પદવી હતી. પહેલા શરૂઆતમાં ૭૦૦ના પગારે ચડેલા. પછી ૩૫૦૦ના પગારે જયપુરમાં હતા. પછી આવ્યા. ૧૯૭૭ની સાલની વાત છે. વ્યાખ્યાન થયું ત્યારે. બુદ્ધિવાળો બહુ, હોં! આખા કપાટના કપાટના પોતે વાંચે તો યાદ રહી જાય, એટલી બુદ્ધિ. કીધું, આત્મા છે એનું કાંઈક કર્યું છે? મેં એમ પૂછ્યું. શિવલાલભાઈ! આમાં આત્મા છે એનું કાંઈ વિચાર્યું છે? વાંચ્યું તો મેં બહુ છે પણ હું હજી નિર્ણય ઉપર આવ્યો નથી. વિસાશ્રીમાળી હતા શિવલાલ પાનાચંદ. મૂળ નાગ્નેશના હતા. પછી તો મોટા પગારે ચડી ગયેલા, પછી તો ૪૮ વર્ષે મરી પણ ગયા. નાની ઉંમરમાં દેહ છૂટી ગયો. અહીંયા કાંઈક ... થયેલું. દેહ છૂટી ગયો. સમજાય છે કાંઈ? મેં કીધું, આત્મા અંદર વસ્તુ છે, જેમ આ પરચીજ છે એવી કંઈ વસ્તુ છે અંદર? તો કહે, વાંચ્યું તો છે બહુ, પણ હજી છે કે નહિ એનો નિર્ણય કર્યો નથી. બહુ સારી વાત છે. આ બધા એના ભણતર. એકડા વિનાના મીંડા. રણમાં પોક મૂકવા જેવા છે. અને દુનિયા તો એમ કહે, ત્રણ-ત્રણ હજારનો પગાર. .. ધૂળના પગાર. પણ તારી ચીજ શું એની તને ખબર નથી અને તું કહે છે કે હું સુખી છું. ક્યાંથી સુખી થયો? તું કાંઈ પરમાં છો? પોતાનો આત્મા છોડીને આનંદ અને શાંતિ શું પરમાં છે? ધૂળમાં છે? શરીરમાં છે? બાયડીમાં છે? પૈસામાં છે? વાણીમાં છે? હજીરામાં છે? હજીરો સમજ્યા? આ બંગલા. પાંચ-દસ લાખના બંગલા કર્યા હોય ને, એમાં છે? માટીમાં? કહે છે કે એકવાર કુતૂહલ તો કર કે આનંદ શું છે? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લાગે છે એટલે શું? લાગે છે? લાગે છે એટલે શું? મૂઢ માને છે કે મને આમાં ઠીક છે, મને આમાં ઠીક છે. ઈ તો માને છે, કલ્પના કરે છે. ધૂળમાં-શરીરમાં સુખ છે? લાડવામાં સુખ છે? ત્રણ લાડવા ખાધા પછી બે પરાણે આપો, તો કહે, ભાઈસા'બ હવે નહિ. શું કરવા નહિ? સુખ તો વધારે હોય એમ સારું, સુખ તો જેમ વધારે હોય એમ સારું. ત્રણ લાખના.. આ વાણિયામાં લગ્નમાં રિવાજ છે ને? લગન થાય પછી ... આપે. ખાયને બેઠો હોય બિચારો, ... પેલો કહો, મરી જઈશ, ભાઈસા'બ. પણ તું કહેતો હતો ને આ લાડવામાં સુખ છે? ત્રણમાં સુખ થોડું, ચારમાં વધારે, પાંચમાં વધારે, દસમાં એનાથી વધારે. ખોસ લાડવા દસ. ના, ના, ભાઈસા'બ નહિ, ભાઈસા'બ નહિ. સમજ્યા?

ના, ના હવે નહિ. નિદ્રામાં સુખ છે ને? સૂઈ જા. છ કલાકે જાગી જાય. શું કરવા? સુખ હતું ને? સુખમાંથી કેમ નીકળ્યો? સમજાય છે કાંઈ? પાણીમાં સુખ છે. પાણી પીધા જ કર. મોસંબી.. મોસંબી ખોસ અંદર. અધ મણ. ના, હવે નહિ. કેમ હવે નહિ? સુખની મર્યાદા શું? સુખ જો હોય તો એની મર્યાદા શું? હવે નહિ, હવે નહિ, હવે નહિ. સમજાય છે કાંઈ? સ્ત્રીના ભોગ. એક વાર, બે વાર, પાંચ વાર, દસ વાર. સમજાય છે? પછી કહે, હવે નહિ, હવે નહિ. શું કરવા નહિ? સુખ છે કે નહિ? કરને વારંવાર. મૂઢ માન્યતા કલ્પના ઊભી કરીને સુખ છે, એમ માને છે. સુખ છે નહિ. સુખ હોય તો...

મુમુક્ષુ :- એની જ સંખ્યા..

ઉત્તર :- એની સંખ્યા ઝાઝી છે જગતમાં. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! ભગવાન! તને તારી ખબર નહિ અને તું કહેવાય ડાહ્યો. એ તે કોના ઘરની વાત?

કહે છે આચાર્ય મહારાજ, અરે.. પ્રભુ! તું સચ્ચિદાનંદ પ્રભુ છો ને, ભાઈ! એની તને ખબર નહિ અને તું એમ માને કે હું ડાહ્યો છું અને સુખી છું. મૂઢ છે. સમજાણું કાંઈ? 'શ્રીમદ્દે' ન કહ્યું? સોળ વર્ષની ઉંમરે કહ્યું. 'શ્રીમદ્ રાજચંદ્ર'. સાત વર્ષે જાતિસ્મરણ હતું. આ 'શ્રીમદ્'. સોળ વર્ષે તો કહ્યું,

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?

હું કોણ છું? ક્યાંથી થયો? સોળ વર્ષે કહે છે. શું સ્વરૂપ છે મારું ખરું?

કોના સંબંધ વળગણા છે, વળગણા એટલે પ્રતિબંધ. રાખું કે એ પરિહરું?

એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, સોળ વર્ષે કહે છે. એક મોક્ષમાળા બનાવી. ..રાયજી! સાંભળ્યું છે ને એ તો? વાંચી છે પણ બીજે રસ્તે ચડી ગયા. સોળ વર્ષે કહે છે, હોં! મોક્ષમાળા લખતા હતા. દોઢ દિ'માં લખી, ત્રણ દિ'માં. એમાં લખતાં લખતાં એક પાઠમાં, આ રોશની હતી, રોશની એ ઢોળાઈ ગઈ. આ શું થયું? હું તો મોક્ષમાળા બનાવું છે. પછી આ પાઠ એમાં લખ્યો. નહિતર ગદ્ય લખવાના હતા. આ પદ્ય બનાવ્યું. સમજાય છે કાંઈ?

બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો. સોળ વર્ષ ને ચાર મહિને ૧૦૮ પાઠ (લખ્યા). આવી કડીઓ પાંચ. એવા ૧૦૮ પાઠ. સોળ વર્ષે. જાતિસ્મરણ સાત વર્ષથી હતું. હમણાં (સંવત) ૧૯૫૭માં ગુજરી ગયા. ૧૯૫૭ ચૈત્ર વદ પાંચમ. તું કોણ છો એની હજી તને ખબર છે? પ્રતિબંધ શું છે તને ખબર છે કાંઈ? તને ખબર છે તું કોણ છો? ખબર નથી. સમજાય છે કાંઈ?

'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' એમ કહ્યું, લ્યો. 'લેશ એ લક્ષે લહો'. બાહ્યમાં સુખ ઈચ્છવાથી તારા આત્માનો આનંદ લૂંટાય છે. આહાહા..! 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' આ ગુજરાતી છે. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' આમાં સુખ, અહીં સુખ, અહીં સુખ.

પ્રભુ! ચૈતન્ય બિરાજે છે આનંદકંદ, સચ્ચિદાનંદ ત્રિકાળ શાશ્વત વસ્તુમાં આનંદ નહિ માનીને એમાં આનંદ છે, (એમ માને છે). જેને પોતાના સ્વભાવથી બીજી ચીજની અધિકાઈ પોતામાં દેખાય, એ મૂઢ પરમાં સુખ માને છે. સમજાય છે કાંઈ? પોતાની ચીજ સિવાય બીજી ચીજમાં જેને મહત્તા, મહત્તા દેખાય, વાણીની મહત્તા, શરીરની મહત્તા, આબરૂની મહત્તા, શુભાશુભ ભાવની મહત્તા, જેને એની મહત્તા લાગે એને આત્માની મહત્તા અંદરમાં લાગતી નથી. સમજાય છે કાંઈ?

કહે છે, સુખ પ્રાપ્ત કરતાં પ્રભુ સુખ ટળે છે. અંદર આનંદકંદનો અનાદર થઈ જાય છે. એકવાર તો કુતૂહલ કર. આહાહા..! એ આનંદની મૂર્તિ પ્રભુ બિરાજે છે અંદર. ભાઈ! પણ એને વિશ્વાસ ક્યાં છે? કોઈ દિ' ખબર લીધી નથી, પરીક્ષા કરી નથી, સાંભળ્યું નથી. ભગવાન ચૈતન્યપ્રભુ વસ્તુ છે, દળ છે. જેમ સ્ફટિક રત્ન પત્થરનું છે, એમ ચૈતન્ય સ્ફટિક રત્ન છે. દેહમાં સ્ફટિક રત્ન ચૈતન્ય શરીર પ્રમાણે શરીરથી ભિન્ન, શરીર પ્રમાણે શરીરથી ભિન્ન. એવું ચૈતન્યદળ વિજ્ઞાનઘન આનંદકંદ એવી ચીજ તું છો. તેને જોવા, પ્રતીત કરવા, અનુભવ કરવા કુતૂહલ તો કર. જોવાની તીવ્ર જિજ્ઞાસા તો કર, એમ કહે છે અહીંયા. સમજાય છે કાંઈ? આખી દુનિયા જોઈ. આમ જોયું ને તેમ જોયું, ધૂળમાં કાંઈ નથી. તને જોયા વિના બધું જૂઠું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મોજૂદ પ્રત્યક્ષ દેખાય છે, લો. શું દેખાય છે? શેમાં દેખાય છે? એ દેખાય છે, આ દેખાય છે કે જ્ઞાન દેખાય છે? સાંભળો! અહીંયાં જ્ઞાનની મોજૂદગીમાં આ દેખાય છે. ત્યાં જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે કે એની પ્રસિદ્ધિ થાય છે? સમજાય છે કાંઈ? આ છે, એમ પ્રસિદ્ધિમાં જ્ઞાનની પ્રસિદ્ધિ થઈ કે નહિ? જ્ઞાને જાણ્યું કે આ છે. ઈ શેમાં જાણ્યું? જ્ઞાનમાં. આ છે, આ છે, આ છે, એમ પોતાની ચૈતન્યજ્યોતિમાં એ જણાયું. તો જાણનારની પ્રસિદ્ધિ થઈ કે જે જણાણું એની પ્રસિદ્ધિ થઈ? અજ્ઞાની એમ માને છે કે આની પ્રસિદ્ધિ થઈ, જ્ઞાની એમ માને છે કે આની (–જ્ઞાનની) પ્રસિદ્ધિ થઈ. આહાહા..! ભારે વાત! સમજાય છે કાંઈ?

કહે છે, એકવાર તો કુતૂહલ કર, પ્રભુ! તેં આ અનંત કાળમાં કદી કર્યું નથી. અને આવો મનુષ્યદેહ મળ્યો, ધૂળધાણી ને વાપાણી થઈ જશે. ફૂ.. થઈ જશે. તારા પાંચ પાંચ હજારના પગાર ને આમ હોય ને ધૂળ હોય, ક્યાંય સુખ નથી. સુખી છે કે નહિ? આ રામજીભાઈનો દીકરો સુખી નથી? દસ હજારનો પગાર છે. માસિક દસ હજાર. ભાઈનો દીકરો છે. સુમનભાઈ. એસો મોટી કંપનીમાં છે. ચાલીસ વર્ષની ઉંમર છે. ચાલીસ, એકતાલી, બેંતાલીસ. દસ હજારનો પગાર. એસો કંપની ત્યાં લઈ ગયા છે. એક જ દીકરો છે. દસ હજાર માસિક. સુખી હશે ને? ઈ આવે ત્યારે કહીએ છીએ. ક્યાંય ધૂળમાં પણ સુખી નથી. દસ હજારનો

પગાર શું ધૂળમાંય નહિ મળે. માસિક દસ હજાર, હોં! લોકોને થાય આહા..! હું પહોળો ને શેરી સાંકડી. પૈસા-બૈસા મળે... સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું એની યાદી છે? ઈ તો બિચારો ના પાડે છે, હોં! આમાં કાંઈ નથી. અમેરિકા જતા હતો તો દિલગીર થઈને જતો હતો, અરે..! હવે ક્યારે મળશું મહારાજ? આ પગાર તો જાજો થયો ને હું જાઉં છું. પગારનો જાજો આંકડો. પેલું તો નથી બોલ્યા. લોકો કહેતા ઈ આપણે સાંભળીએ. હવે અમેરિકા જાઈએ, પહેલા મદ્રાસ હતા, કલકત્તા હતા. ધૂળમાંય નથી. હેરાન.. હેરાન.. થાય છે. કેમ હશે આ? પૈસામાં કેમ હશે? આ પૈસામાં હશે કે નહિ? તો એને પૈસામાં ભારો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૈસામાં સુખ છે કે નહિ? તો ગળામાં પૈસા ખોસો, અહીં નાખો અંદર. ત્યાં પૈસા ખૂબ નાખી, રૂપિયા એકઠા કરીને વચમાં નાખો હેઠે. હેઠે પાંચ લાખ, ઉપર પાંચ લાખ અને વચમાં ખોસો. પેલો કહે, ભાઈસા'બ મરી જાઉં. શું કરવા? સુખ છે ને એમાં? મફત મૂઢ થઈને માને અને કલ્પનાનું રૂપ બીજું થાય તો કહે, ના, ના, ના. રૂપિયામાં સુખ નથી, બાયડીમાં સુખ નથી. એ તો મરી જાય. અમે ભોગ લીધા. એક જણો હતો. એક રાતમાં તેર વાર. મરી જઈશ પણ, બાયડી કહે. મરી જઈશ ક્ષય થઈને. ક્ષય થઈને મરી ગયો. સુખ કે દિ' હતા એમાં? આવા ને આવા મૂઢ જીવ.

ભગવાન આત્મા સચ્ચિદાનંદનો નાથ છે. જેના સ્મરણમાત્રથી જેને શાંતિ વળે, એના અનુભવમાત્રથી જેને શાંતિ વળે એવા પદાર્થને તો યાદ કરતો નથી. અને જેને યાદ કરતાં રાગ થાય અને દુઃખ થાય તેને વારંવાર યાદ કર્યા કરે છે. સોભાગભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, હવે કહે છે, ભાઈ! તારે જો હિતનું કાર્ય કરવું હોય, તારે હિતનું કામ કરવું હોય તો '**આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત પાડોશી થઈ...**' જા. શું કહે છે? શરીર આદિ શબ્દ પકડ્યો છે ને? આ ધૂળ છે, વાણી માટી છે. અંદરમાં પુણ્ય-પાપના ભાવ પણ (મૂર્ત છે). અહીં તો ભાઈ! મૂર્ત શબ્દ લીધો છે ને? એ મૂર્ત છે. ફેરવી ફેરવીને ભાષા લીધી છે. પહેલા પ્રકાશ-અંધકાર, ચૈતન્ય-જડ, ઉપયોગ-અનુપયોગ એમ લેતા લેતાં અહીં મૂર્ત લઈ લીધું. આહા..! આચાર્યની રચના! સમજાય છે કાંઈ? ભગવાન! તારા ચૈતન્યપ્રકાશનું નૂર. એ પુણ્ય-પાપના પ્રકાશ નથી, એ તો અંધકાર છે. પુણ્ય-પાપના ભાવ અંધકાર છે. ચૈતન્ય પ્રકાશનું નૂર છે. એ અંધકારને પણ જાણનારો છે. અંધકાર પોતાને નથી જાણતો, અંધકાર ચૈતન્યના નૂરના તેજને નથી જાણતો. ચૈતન્યપ્રકાશ ભગવાન આત્મા પોતાને જાણે છે અને રાગાદિ અંધકાર છે તેને પણ જાણે છે. એવો મૂર્ત.. મૂર્ત કહ્યો ને? સમજાય છે કાંઈ?

**'શરીરાદિ મૂર્ત દ્રવ્યનો...'** ઓહો..! એમ કહે છે, ભાઈ! એ ચીજ અરૂપી વિજ્ઞાનઘન પિંડ આત્મા છે. એમાં આનંદ છે. એ સિવાય પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે શુભાશુભ રાગ, એ તો દુઃખરૂપ છે, અનુપયોગ રૂપ છે, મૂર્ત છે, અંધકાર છે, જડ છે, રૂપી છે. આહાહા..! ભારે વાત. ચૈતન્યના નૂરનું પુર પ્રભુ અંદર પડ્યો છે ને. કોઈ પણ પદાર્થ હો, એ પદાર્થ તેના સ્વભાવ વિના ખાલી નથી હોતો. અફીણ હોય તો એ કડવાશથી ભરેલું છે. લવણ હોય ખારાશથી ભરેલું છે. ખડી હોય તો સફેદાઈથી ભરી છે. એમ ભગવાન આત્મા આનંદના સ્વભાવથી ભરેલો છે. ખબર નથી ક્યાં હશે? સમજાય છે કાંઈ? કહે છે, એકવાર તો શરીરાદિ, શરીરાદિ.. એક કોર ભગવાન રામ ચૈતન્યરામ અને એક કોર પુણ્ય-પાપના વિકલ્પ, રાગ અને શરીરાદિ બધું મૂર્ત છે, બધું મૂર્ત. રૂપી છે. એ આત્માનો સ્વભાવ નહિ. આહાહા..! ..જી! કઠણ વાત છે. આ દયા, દાનના ભાવ છે ને? કહે છે કે એ ચૈતન્ય નહિ. જડ છે. રાગ છે એ અંધકાર છે, વિકાર છે. આકરી વાત, આકરી વાત. જગતને આત્મા શું અને શું આત્મામાં છે અને હું શું કરી રહ્યો છું એની ખબર નથી.

કહે છે કે એકવાર તો સાંભળ. આવો મનુષ્યદેહ મળ્યો. આંખો વીંચાઈ જશે, જાઈશ ચોર્યાશીના અવતારમાં. આત્મા કાંઈ નાશ થાય એવો નથી. શરીર નાશ થાય, આત્મા નાશ થાય છે? માણસ પણ મરે ત્યારે એમ કહે કે એ.. જીવ ગયો. એમ કહે છે. ગયો તો ક્યાંક વસ્તુ રહી ને. વસ્તુ હતી એ ગઈ ને. અહીંયા હતી, બીજે ચાલી ગઈ. જેવી વાસનાના પ્રમાણે ભવ કર્યા. ભગવાન! તેં તારા સ્વરૂપને એક ક્ષણ પણ અનુભવ અર્થાત્ એની મહત્તા લાવીને, એને અધિક બનાવીને કદી તેં એનો અનુભવ કર્યો નહિ. સમજાય છે કાંઈ? આ તો જીવ-અજીવની વાત છે કે નહિ? પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર તો અજીવ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- છે ને, રૂપી છે બધા. સમજાય છે કાંઈ? જેમાં એ હિત માને છે. ધૂળમાં હિત નથી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ, એ દેહના છૂટવાથી એ છૂટે છે એ રાગ રહિત સ્વરૂપે આત્મા છે. આહાહા..! ભગવાન આત્મા..

આચાર્ય મહારાજ કહે છે, જેમ બાપ દીકરાને કહે ને, ભાઈ! તું ડાહ્યો છો ને, ભાઈ! આપણાં ઘરમાં આવું શોભે નહિ, હોં! આવું ન શોભે. પરઘર ચાલવું એ અમારા ખાનદાનને લાંછન લાગે. એમ કહે છે કે, બાપુ! તું તો આત્મા છો ને, ભાઈ! એ પુણ્ય-પાપના રાગ તને ન શોભે. અને શરીરની અધિકતા (કરે છે) કે મારું શરીર. બાપુ! એ તને ન શોભે. જે પરચીજ એનાથી તું તને અધિક માન, મોટપ માન, પ્રભુ! એ તને ન શોભે. આહાહા..! રાજેન્દ્રજી! જો પરચીજ હોય, કોઈની વસ્તુ હોય તેને પોતાની માની લે તો? ઝવેરીની દુકાન હોય. માણેક ચોકમાં નીકળ્યો. આ મારી છે. મૂરખ છે. ત્યાં છે, એમાં તારી છે એમ ક્યાંથી આવ્યું? એમ ચૈતન્યમૂર્તિ ભગવાન ફરતો ફરતો ફરતો અહીંયાં આવ્યો, એમાં આ ચીજ સંયોગમાં

દેખાય તો કહે, મારી છે. મારી ક્યાંથી થઈ? તારી હોય તો તારી પાસે સદા રહે. ઈ રહેતી નથી. એ તો પહેલા નહોતી, હવે રહેશે નહિ, છૂટી જશે. સમજાય છે કાંઈ? બહુ કઠણ વાત. શ્રીગોપાલજી!

આબાળગોપાળને આ કરવાની ચીજ છે, આ કર્યા વિના કદી સુખ મળતું નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં મરી જાય, સૂકાઈ જાય બીજી રીતે પણ આ ભગવાન આત્મા શરીરાદિ વિકલ્પથી, રાગથી, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ છે એ પણ રાગ છે, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના આદિ પરિણામ, વાસના દુર્ગંધ વાસ છે, ભગવાન તેનાથી ભિન્ન છે. ભાઈ! તેં તારી ભિન્નતા કદી પાડોશી થઈને જોઈ નહિ, જોઈ નહિ. કહે છે કે એ દ્રવ્યનો એક મુહૂર્ત પાડોશી થઈને. મુહૂર્ત શબ્દે થોડો કાળ. પાડોશીને એકમેક માને છે ને. આ શરીર મારું અને આ મારું. એક હોય તો પ્રભુ! છૂટે કેમ? સમજાય છે કાંઈ? રાગ અને પુણ્ય પરિણામ એ પોતા સાથે એક હોય તો છૂટે કેમ? એ તો છૂટી જાય છે, રાગ છૂટી જાય છે. પાપ આવે છે, પાપ છૂટી જાય છે અને પુણ્ય આવે છે, પુણ્ય છૂટીને પાપ આવે છે. બેય કૃત્રિમ ચીજ છે. ભગવાન આત્મા મૂર્ત દ્રવ્યનો એક ઘડી પાડોશી થઈ જા. એ રાગ હું નહિ, શુભરાગ હું નહિ, શરીરની કોઈ અવસ્થાની ક્રિયામાં હું નહિ એમ એક ક્ષણ પણ અનંત કાળ પણ તેં તારો પત્તો લીધો નહિ તેથી તને ધર્મ થયો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ધર્મી એવો ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુનો આશ્રય કરીને એકવાર પુણ્ય-પાપના ભાવનો પણ પાડોશી થઈ જા. આહાહા..! શરીર તો ઠીક છે, એ તો માટી છે પણ અંદરમાં જે શુભ-અશુભ રાગ ઉત્પન્ન થાય છે એ રાગનો પણ પાડોશી થઈ જા. પાડોશી કહે છે ને? હિન્દીમાં શું શબ્દ છે? પડોસી, ઠીક. અમારે કાઠિયાવાડમાં પાડોશી કહે છે. પાડોશી થઈ જા. પણ એને પાડોશી ... અમારા છે, અમારા છે. સમજ્યા? **'આત્માનો અનુભવ કર...'** મહા સિદ્ધાંતનો સાર. એક ક્ષણ પ્રભુ! તારી પ્રભુતાની તો તું સંભાળ કર. બહારની સંભાળ કરવામાં તો તારી જિંદગી ગઈ, અનંત અવતાર ગયા. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન બિરાજમાન છે એનો અંતર અનુભવ કર. તો રાગનો, શરીરનો ક્ષણમાત્રમાં તું પાડોશી થઈ જઈશ. સાથી થઈ જઈશ એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ સંબંધ તોડવા માટે. પાડોશી શું પોતાના ઘરમાં રહે છે? જુદાં ઘરમાં રહે છે એને પાડોશી કહે છે. કહે છે, ભગવાન! તેં અનંત કાળમાં આવું કર્યું નથી. એક સમયમાત્ર કર્યું નથી કે રાગ અને હું ભિન્ન છું, શરીર અને હું ભિન્ન છું. જેનાથી લાભ માને તેને એ ભિન્ન માની શકે નહિ. પણ આવી માન્યતા એણે એક સમયમાત્ર (કરી નથી) કે પ્રભુ જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોત છે, એમાં રાગાદિના વિકલ્પ એ દુ:ખરૂપ છે. એનો એક

ક્ષણ પણ પાડોશી, સાક્ષી અનુભવ કરીને આ આત્મા છે, એવો અનુભવ કરીને (પાડોશી થા). હજી પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે, હોં! પ્રથમ સમ્યગ્દર્શન આને કહે છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. એ વિના ધર્મની ત્રણ કાળમાં શરૂઆત થતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, '**શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત (બે ઘડી)...**' મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત. છે ને અંદર શબ્દ? '**मूर्तेः**' ભાષા કેવી કરી છે! જુઓને! ઓલામાં કીધું, '**मृत्वा**', '**मूर्तेः**' '**मृत्वा**' એક મુહૂર્ત પણ મરી જા. આહાહા..! ભાઈ! એ તારા હિતની વાત છે, હોં! તેં હિતની વાત કદી સાંભળી નથી, પ્રભુ! તેં અહિતની વાત સાંભળી અને અહિતની વાત તેં અનંત વાર અનુભવમાં લીધી. અહીં કહે છે, એક ક્ષણમાત્ર પણ ભગવાન આત્મા પહેલા એને ખ્યાલમાં લે કે આ કોણ છે? એ આત્મા છે. આત્મા છે તો જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ છે. શરીર પ્રમાણે શરીરથી ભિન્ન એની આકૃતિ અરૂપી ભિન્ન છે. શરીર પ્રમાણથી શરીરથી ભિન્ન એનું આત્મદળ, આનંદદળ, જ્ઞાન સત્ત્વ તદ્દન ભિન્ન છે. એવા ભગવાન આત્માનો અનુભવ કર. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. એ અનુભવનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ. એ સિવાય ધર્મ ત્રણ કાળમાં થતો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહ્યું ને. આત્માનુભવ. આત્માનુભવનો અર્થ શું? આનંદનો અનુભવ કર. એનું નામ આત્માનો અનુભવ. જે પુણ્ય-પાપ જે વિકલ્પ, રાગનું જે વેદન અને અનુભવ છે તે દુઃખરૂપ છે. પણ તને ભાન નથી. પાગલ દારૂ પીધેલો હોય, કૂતરો મોઢામાં પેશાબ કરે તો મીઠું લાગે. રાજકોટમાં બહુ લાગતું. પેલું હતું ને? ભાઈ! પારસીનો. દિશાએ અમારે એની કોર જાવું થાતું. મોટું પારસીનું કારખાનું છે ને. દિશાએ એની કોર જાવું. એક જણો દારૂ પીધેલો આમ પડ્યો ને તો કૂતરો મૂતરશે એના મોઢામાં. દારૂવાળાના મોઢામાં પેશાબ આવે તો એને મીઠો લાગે. એમ જ્યાં આત્મા ચિદાનંદ છે એની જેને ખુમારી નથી અને હું પુણ્ય-પાપ, શરીરાદિ છું એવો મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે એને અનુકૂળતામાં ઝેર ચડે છે. આહા..! મજા છે. ધૂળમાં મજા નથી. આ તો મૂળ વાત છે. અનંત કાળમાં એણે આ કર્યું નથી. અભ્યાસ પણ કર્યો નથી. બધો અભ્યાસ દુનિયાનો કરી કરીને મરી ગયો. મરતાં ઉં..ઉં.. (થાય). ડૉક્ટર પણ મરી જાય છે, હોં! ડૉક્ટર મરતા હશે કે નહિ? ચંદુભાઈ! ડૉક્ટર મરી ગયા.

મુમુક્ષુ :- ઈ તો આંખના ડૉક્ટર હતા.

ઉત્તર :- પણ ઈ જ સવારમાં કહ્યું. આંખના બહુ કર્યા પણ એની આંખનું ઓપરેશન કર્યું નહિ. રતિલાલ શાહ. કાલે મોટા મરી ગયા ને, લ્યો. બધાની આંખના કર્યા પણ એની આંખનું ઓપરેશન ન કર્યું. પહેલા જ્યારે મળ્યા હતા, (સંવત) ૧૯૯૦ની સાલમાં, રતિલાલ.

ત્યારે નાની ઉંમર હતી. ૧૯૯૦માં. ૩૨-૩૩ વર્ષ થયા. તે દિ' ૩૩ વર્ષનો હશે. ૬૬ વર્ષ થયા. મહારાજ! તમે ધર્મ-બર્મ કહો છો પણ હમણાં નહિ, એમ બોલતા હતા ત્યારે. જુવાનીમાં નહિ. ત્યારે (ક્યારે)? વૃદ્ધ થઈશ ત્યારે કરીશ. સદરમાં ચોમાસુ હતું ને? ત્યારે આવ્યા હતા. આ બધા હતા ને? આ બધાને ભણાવ્યા હતા ને. દેવિદાસભાઈને પૈસા આપીને ભણાવ્યા હતા. ખબર છે? પોરબંદરવાળા. પછી? હમણાં નહિ. પછી ૧૯૯૫માં આવ્યા હતા. અહીં ચોમાસામાં વ્યાખ્યાનમાં આવે. આ મહારાજનું વ્યાખ્યાન સાંભળીએ જો બે, ત્રણ, ચાર વાર તો આપણે આ સંસારના કામમાં નહિ રહીએ, એમ બોલ્યા. સંસારના કામના નહિ રહીએ. આ તો કહે છે, ... બાપુ! સાંભળને હવે, કામ કોણ કરી શકતો હતો? ધૂળ? તારા આંગળા આમ આમ થઈ જાય, એં.. પક્ષઘાત થાય ત્યારે આંગળા પણ હલાવી શકતો નથી. એ તો જડ છે. જડની અવસ્થા શું તારા અધિકારની વાત છે? સમજાય છે કાંઈ? પછી બોલ્યા, પછી કોઈ કોઈ વાર આવતા હતા. વ્યાખ્યાનમાં આવતા હતા. સાંજે નહોતા આવતા. શરીરને કાંઈક થઈ ગયું હતું. લ્યો, આ ઊડી ગયા. વૃદ્ધાવસ્થામાં કરશું. કે દિ' કરે? વૃદ્ધાવસ્થામાં ગોવિંદ ગાશું, શું કાંઈક આવે છે ને? ઘડપણમાં ગોવિંદ ગાશું. વાયદા કરી કરીને જ એમ ને એમ મરી ગયો. પૈસામાં જેમ વાયદા કરે ને? એમ વાયદા કરે, હમણાં નહિ, હમણાં નહિ, હમણાં નહિ. વૃદ્ધ થાશું (ત્યારે વાત). મરી જઈશ વૃદ્ધ થયા પહેલાં. તને ક્યાં ખબર છે, વૃદ્ધ થાઈશ કે નહિ. સમજાય છે? કરના હો તો કર લે પ્યારા, અભી કરને કા હૈ અવસર, પીછે અવસર મિલેગા નહિ. આહાહા..! પણ આ દુનિયાની દુકાન ને પેઢી ને એમાં પાંચ-દસ લાખ મળે, ધૂળ મળે, એમાં કાંઈક બે-પાંચ હજારનો, દસ હજારનો પગાર મળે. અને શરીર ચામડું જરી રૂપાળું હોય. ટોપા પહેરે આવા મોટા. હાથમાં લાકડી (રાખે) અને એક મોટર જો સારી હોય પચાસ હજારની. અને એ બેઠો હોય. હું પહોળો...! આહા..! હવે તો હું જ ભગવાન છું. અરે..! મરી જાઈશ, સાંભળને હવે. આ ક્યાં ચીજ તારી હતી? સમજાય છે?

કહે છે કે એકવાર તો તું જોનારો થઈ જા. એમ કહે છે. પાડોશી. ભાઈ! એકવાર તું દેખનાર છો એમ થઈ જા. રાગનો પણ દેખનારો, શરીરનો પણ દેખનારો. કરનારો કોઈનો નહિ, હું દેખનારો બધાનો. મારા સિવાય.... કેમ ચાલ્યા વકીલ? ... કામ માટે આવ્યા હશે. વકીલ છે તો કામ માટે (આવ્યા હશે). નટુભાઈ હતા. સમજાણું કાંઈ? દુનિયાના પણ ધોંસરા... કામના ધોંસરા. ધોંસરા સમજો છો? ધુરા. ગાડાની ધુરા હોય ને? બળદની દોરડી ખેંચે નહિ ત્યાં તો અંદર નાખે માથું. પણ હવે ખેંચવા તો દે. આમ ધોંસરું જ્યાં ઊંચું કરે ત્યાં (માથું નાખે). એમ જ્યાં કાંઈક કામ આવે તો કહે, મને સોંપજો, મને કરવા દેજો. પણ બળદની જેમ શું કરવા મરી જા છો? ઊભો રહે ને થોડો. માલચંદજી!

અહીં કહે છે, ભગવાન આચાર્ય મહારાજ સંત જગતની કરુણા કરીને કહે છે, ભાઈ!

એમ કહીને બોલાવ્યો છે ને? પેલામાં તો એમ કહ્યું છે, મિત્ર! હે મિત્ર! એમ લખ્યું છે, હોં! હે મિત્ર! આમાં લખ્યું છે. હે મિત્ર! એમ કરીને સંબોધે એટલે અમારી નાતનો છો. એમ. હું પણ આત્મા છું, તું પણ આત્મા છો. અમને આત્માનું ભાન થયું, તને કહીએ છીએ કે આ ભાન થઈ શકે છે. કરી લે. આ કરવાના ટાણા આવ્યા, પછી કંઈ નહિ કરી શકે.

'**આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ...**' જુઓ! ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ કરીને રાગ અને શરીર આદિની રુચિ છોડીને ભગવાન આત્માની રુચિ કરીને અંતરમાં આનંદનો અનુભવ કર '**કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ...**' પોતાના આત્માના વિલાસરૂપ. અંદર આનંદનો વિલાસ તને દેખાશે. આહાહા..! આ વિલાસ કરે છે ને? વિલાસ. હમણાં મોજ માણીએ છીએ. શેમાં? ધૂળમાંય ન મળે. આ આત્માનો વિલાસ. ચૈતન્ય પ્રભુ અતીન્દ્રિય આનંદથી બિરાજમાન અનાદિઅનંત મૂર્તિ છે. કહે છે કે એમાં એકાગ્ર થા તો તારા આત્માનો વિલાસ તને ખબર પડશે. આત્માના વિલાસરૂપ '**પોતાના આત્માને વિલાસરૂપ...**' પોતાનું સ્વરૂપ શુદ્ધ, એના અનુભવરૂપ વિલાસ આનંદની મોજમાં તને દેખાશે કે આ આત્મા છે. સમજાય છે કાંઈ?

'**સર્વ પરદ્રવ્યોથી જુદો...**' સર્વ શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપના વિકલ્પ. અહીંયાં દ્રવ્ય લીધું, ભાઈ! '**પરદ્રવ્યોથી જુદો...**' એ પરદ્રવ્યોમાં રાગાદિ ન લીધાં. સમજાણું? કેટલા પડખાંથી વાત કરે છે! '**સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે...**' આ શરીર, પુણ્ય-પાપનો રાગ સાથે જે એકત્વબુદ્ધિ છે કે એ હું છું, એવી જે માન્યતા, ભ્રમ છે એ તારો ભ્રમ ભગવાન આત્માનો અનુભવ કરવાથી છૂટી જશે. બીજો કોઈ ઉપાય નથી. '**શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે...**' મૂર્તિક. સમજાય છે કાંઈ? '**એકપણાના મોહને...**' એકત્વ રૂપી મોહ. રાગ હું છું, શરીર હું છું અને મારા સ્વરૂપમાં એ છે અને એમાં હું છું, એવી જે એકત્વબુદ્ધિ ભ્રમબુદ્ધિ પાખંડબુદ્ધિ દુઃખબુદ્ધિ '**તું તુરત જ છોડશે.**' આત્માના અનુભવથી છૂટશે, બીજો કોઈ ઉપાય નથી. સમજાય છે કાંઈ? ભારે ઊંચી વાત લાગે. કોઈને એમ લાગે, આ તે કોની વાત હશે? એલ.એલ.બી. ને એમ.એ. ને એની મોટી વાત હશે? ભાઈ! હજી તો ધર્મના એકડાની વાત છે. અરે..! ભગવાન! એને તો કંઈક લાગે, આ ક્યાંની વાત હશે? ધર્મ એટલે પહેલું આ કરે, કાંઈક સેવા કરે ને આ કરે.. દુલેરાયજી! આ કરે ને પછી ધર્મ થાય. ધૂળમાંય નથી. મરી જાને. પરની સેવા કરે છે કોણ? બાયડી મરે ૩૫ વર્ષની અને પોતાની ચાલીસ વર્ષની ઉંમર હોય પછી રોવે. હવે શું કરશો તમે? ચાલીસ વર્ષ થશે તમને, બીજા આપશે નહિ, મારી મરવાની તૈયારી છે. અને પરિવાર .. જુવાનિયા .. પછી વિચાર એમ થઈ જાય, આ પાંચ વર્ષ પહેલા જો મરી ગઈ હોત ને. મારી સ્ત્રી બહુ .. છે. આ કરતાં પાંચ વર્ષ પહેલાં મરી ગઈ હોત તો બીજું મળવાનું સહેલું પડત. તું કહેતો હતો ને મને સ્ત્રી ઉપર બહુ પ્રેમ છે. આમ તો ઊંડે ઊંડે

તારી ભાવના હતી કે પાંચ વર્ષ પહેલાં મરી ગઈ હોત તો કાંઈક થાત. અનુકૂળ તો મળે. હવે તો પરણાવે ૪૫ વર્ષે... પેલી રોતી જાય. તમે પાછળથી શું કરશો? રોટલા વિના શું કરશો? ફલાણું કરશો, પરણજો. લ્યો, એને મરીને ક્યાં જાવું છે રખડવા. અહીં કહે છે, પરણજો. પેલો કહે, પણ મને ૪૫ વર્ષ થયા, નહિ આપે કોઈ. આ કરતાં તું વહેલી મરી ગઈ હોત તો મને મળત તો ખરી. આ જગતની પ્રીતિ અને આ જગતના વ્હાલા. મફતનો માંડીને બેઠો છે. આહાહા..!

કહે છે, અરે..! **'પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે...'** એકપણાને છોડ, એકપણાનો તો છોડ. ભગવાન આત્મા, એની પ્રથમ શ્રદ્ધા તો કર કે આત્મા તરફના એકત્વના અનુભવથી જ મિથ્યાત્વનો નાશ થાય છે. ભ્રમનો નાશ બીજા કોઈ કારણથી થતો નથી. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'જો આ આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન...'** પછી તો એમાં રહેતો દેખાય છે, પણ છે નહિ. પોતે પોતામાં છે, શરીર શરીરમાં છે. **'આ આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે...'** ભગવાન આત્મા.. રાગાદિનો અનુભવ તો કરી શકે છે કે નહિ? તો રાગનો અનુભવ કરે છે તો પોતાના ભગવાન આત્માનો અનુભવ પણ થઈ શકે છે. આત્મા જ મહિમાવંત ભગવાન છે. સમજાય છે કાંઈ? રાગનો અનુભવ કરે છે કે નહિ? રાગનું ધ્યાન કરે છે કે નહિ? બે બે કલાક સુધી આમ એકાંત સ્થાન. તને ધ્યાન કરતાં તો આવડે છે, પણ વિકારનું. એ છોડીને અંદર ચૈતન્યનું ધ્યાન કેમ ન થાય? ધ્યાન કરવાનો અભ્યાસ તો તને છે, પણ ઊલટો. ઊલટું ધ્યાન છોડીને અહીંયાં અંદરમાં જા. સમજાય છે કાંઈ? ... એ શું ચીજ છે? .. તારા માટે બધા ઊંચા અને તું બધાથી નીચો. હાથે કરીને પોતાની મેળાએ પોતાની હીનતા કરે છે કે નહિ? હું બધામાં અધિક છું, જ્ઞાનાનંદ છું. રાગ એ મારાથી હિન છે, પૃથક્ છે, શરીર પણ મારાથી હિન છે, પૃથક્ છે. એમ **'બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે (તેમાં લીન થાય), પરિષહ આવ્યે પણ ડગે નહિ,...'** પરિષહ એટલે પ્રતિકૂળતા. પરિષહ એટલે પ્રતિકૂળતા. પ્રતિકૂળતા આવવા છતાં ક્ષણમાં આનંદનો અનુભવ કરવામાં ડગે નહિ. **'તો ઘાતીકર્મનો નાશ કરી,...'** તો ઘાતીકર્મનો નાશ થાય તો એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું કેવળજ્ઞાન થઈ જાય. એવી આત્મામાં તાકાત છે. સમજાય છે કાંઈ?

જેમ લીંડીપીપરમાં, છોટીપીપર હોય છે ને? એમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે અંદરમાં. લીંડીપીપર તો આવડી હોય છે. પણ અંદરમાં ચોસઠ પહોર તીખાશ ભરી છે. એને ઘૂંટવાથી પ્રગટ થાય છે કે નહિ? પત્થરથી થાય છે? પત્થરથી થતી હોય તો કાંકરા પીસે. ચોસઠ પહોરી, લીંડીપીરનો દાણો છે એમાં ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે તો મળે છે, છે તે પ્રાપ્ત થાય છે. પત્થરથી થતું નથી. પત્થરથી થતું હોય તો કોલસો

પીસી નાખે. નીકળે એમાંથી ચોસઠ પહોરી. હવે આ તો સૌ પૈસાનો એક રૂપિયો થઈ ગયો ને. પહેલા તો ચોસઠ પૈસા હતા ને. ચોસઠ પૈસા નામ સોળ આના. સોળ આના નામ રૂપિયો, રૂપિયો નામ પૂર્ણ. એક પીપરના આટલા દાણામાં ચોસઠ પહોરી તીખાશ અને લીલાશ પૂર્ણ ભરી છે. તેની એને પ્રતીત છે.

આ ભગવાન આત્મામાં પૂર્ણ આનંદ અને પૂર્ણ કેવળજ્ઞાન સ્વભાવ પડ્યો છે. સમજાય છે કાંઈ? કહે છે કે એકવાર સ્વરૂપની દૃષ્ટિ કરીને જો બે ઘડી લીન થઈ જાય તો કેવળજ્ઞાન થઈ જાય. ત્રણ કાળ ત્રણ લોકને જોવાની પર્યાય પ્રગટ થઈ જાય. '**મોક્ષને પ્રાપ્ત થાય,...**' પરમાનંદની પ્રાપ્તિ પૂર્ણ થઈ જાય. '**આત્માનુભવનું એવું માહાત્મ્ય છે તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે;...**' લ્યો. ભગવાન ચૈતન્યની એકાગ્રતાથી, જેમ પીપરના દાણાને ઘસવાથી ચોસઠ પહોરી તીખાશ પ્રગટ થાય છે, બાહ્યમાં વ્યક્ત થાય છે, શક્તિમાંથી વ્યક્ત થાય છે. એમ ભગવાન આત્મા અંતરમાં શક્તિમાં કેવળજ્ઞાન સર્વજ્ઞપદ ને પૂર્ણ અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એ શક્તિમાં એકાગ્રતા રૂપી ઘસારાથી એની દશામાં કેવળજ્ઞાન અને પૂર્ણ આનંદ પ્રગટ થાય છે, એવી તારી તાકાત છે. પણ એ તાકાતની પ્રતીત નથી.

કહે છે કે જ્યારે કેવળજ્ઞાન આવું એક ક્ષણમાં થાય તો એની પ્રતીત કરવી, અનુભવ કરવો તો સુગમ જ છે, એમ કહે છે. સોભાગભાઈ! દીવાસળી હોય ને? દીવાસળી. ટોપકું હોય ને? ટોપકું. એમાં અગ્નિ ભરી છે કે નહિ? દીવાસળી કહે છે ને? ભડકો થયો. ક્યાંથી થયો? ઘસવાથી થયો? ઘસવાથી થયો હોય તો લાકડી ઘસે. આ બાજુ ઘસે તો કંઈ નહિ થાય. એમાં અગ્નિ શક્તિ રૂપે પડી છે. દીવાસળીના લાલ ભાગમાં અગ્નિ શક્તિ રૂપ પડી છે. એમાંથી પ્રગટ વ્યક્ત થાય છે. છે તે પ્રાપ્ત થાય છે. આ બાજુની દીવાસળીની લાકડી છે એમાં છે? એમ આ શરીર લાકડી છે, પુણ્ય-પાપ ભાવ પણ લાકડી છે. એને ઘસવાથી કોઈ આત્મજ્ઞાન ને કેવળજ્ઞાન નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? અંદર ચૈતન્યઅગ્નિ બિરાજમાન છે. ચૈતન્ય પ્રકાશમય મૂર્તિ પ્રભુ છે. એની અંદર એકાગ્ર થઈને શક્તિમાંથી વ્યક્તતા કેવળજ્ઞાન પૂર્ણાનંદની (પ્રાપ્તિ) થાય છે. જેને એકવાર અનુભવ કરવાથી મિથ્યાત્વનો નાશ થાય એ વાત તો સહેલી છે, કહે છે. સમજાય છે કાંઈ?

'**આત્માનું એવું માહાત્મ્ય છે તો મિથ્યાત્વનો નાશ...**' ભ્રમણા. મિથ્યાત્વ નામ અસત્યતા. આ રાગ પુણ્ય મારું છે, એનાથી લાભ છે એ મિથ્યાત્વ છે. શરીરની ક્રિયા હું કરી શકું છું તો મને લાભ થશે, એ મિથ્યાત્વ અસત્ય પાપદૃષ્ટિ-દુઃખદૃષ્ટિ-ભ્રમદૃષ્ટિ છે. પાપદૃષ્ટિ છે. શરીરની ક્રિયાથી મને લાભ થશે, પુણ્ય પરિણામથી મને ધર્મ થશે, અંદર શાંતિ મળશે એ બધી પાપદૃષ્ટિ છે. મારી નાખ્યો આત્માને. આત્મા સચ્ચિદાનંદ પ્રભુનો અનાદર કરી નાખ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? તેથી '**મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી**

**તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.**' લો. 'કુંદકુંદાચાર્ય' મહારાજ નગ્ન મુનિ દિગંબર, આ 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ .. મુખ્યતાથી એ જ ... તારે કરવાલાયક હોય તો ભગવાન! એક વાર આ તો કર, આ કર. ક્ષણમાત્રમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એટલી તારી શક્તિ. એક ક્ષણમાત્રમાં ભ્રમનો નાશ કરવાની શક્તિ અનુભવમાં ન થાય, એમ કેમ બને? આહા..! પણ એને એની મહત્તા લાગતી નથી. શું કહે છે? કોને કહે છે? અહીં તો દેખાતું નથી. પણ તું દેખે ત્યારેને. છે તેને જોયા વિના? સમજાય છે કાંઈ? આખો દરિયો છે આમ, લ્યો! આંખ ઉપર આમ (પટ્ટી લગાવી દે). પાણીથી ભરેલો દરિયો છે. મને દેખાતો નથી. ક્યાંથી દેખાય? આડો પડદો છે ને આટલો થોડો. એમ ચૈતન્ય દરિયો અંદર આનંદકંદથી ભરેલો છે. પણ પુણ્ય-પાપનો રાગ અને શરીર મારું છે એવી આડમાં-મિથ્યા ભ્રમમાં ભગવાન ભાસતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે કે મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુલભ છે. એ તો તારે મુખ્ય કરવાની વસ્તુ આ છે. આ ન કર્યું તો એણે કાંઈ કર્યું નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૨, સોમવાર, તા. ૩૧-૧૦-૧૯૬૬**
**ગાથા-૩૧ પ્રવચન નં. ૯૦**

આત્મા એ કાંઈ શરીર, પુણ્ય કે એના ફળ એ કાંઈ આત્મા નથી. પ્રશ્ન કરે છે, એમાંથી તીર્થંકર અને કેવળીની સ્તુતિ હવે કહે છે. શબ્દ તો આ છે. તીર્થંકર ને કેવળીની સાચી સ્તુતિ કહે છે. પાઠ આમ છે. કહેશે આત્માની સ્તુતિ. સમજાણું કાંઈ? છે ને માથે? '**निश्चयस्तुतिमाह**' નિશ્ચય સ્તુતિ કહેશું, જ્યારે ભગવાનની નિશ્ચય સ્તુતિ કહેશું. તીર્થંકર અને કેવળજ્ઞાનીની સાચી સ્તુતિ કહેશું. હવે વાત એ છે અને કહેશે આત્માની સ્તુતિ. સમજાય છે? પ્રશ્ન આ છે કે સાચી સ્તુતિ ભગવાન આત્માની, કેવળીની, તીર્થંકરની કહેશું. એના ઉત્તરમાં આ આત્માની સ્તુતિ કહી છે એનું નામ તીર્થંકર અને કેવળીની સ્તુતિ છે. સમજાણું કાંઈ?

'**તેમાં પહેલા જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છે :-**' ઉપોદ્‌ઘાત. પહેલાં આ જડ ઈન્દ્રિય, ભાવઈન્દ્રિય ખંડ ખંડ અને વિષયો એ બધા જ્ઞેય છે. જાણવાલાયક જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. બેનું એકપણાનો સંબંધ માન્યો છે એ અનાદિનો મિથ્યાત્વ અજ્ઞાનદોષ છે. એ બેનું જ્ઞેય અને જ્ઞાયકનું ભિન્નપણું કરવું એનું નામ આત્માની સ્તુતિ અથવા સાચા તીર્થંકરની સ્તુતિ કહેવામાં આવે છે. કહો, સેઠી! પ્રશ્ન આ છે હોં! કે તીર્થંકર કેવળીની સ્તુતિ (કહેશું). પાછું એમ નહિ કે ભગવાન કેવળજ્ઞાની છે, ભગવાન અનંત દર્શન જ્ઞાનના ધણી છે એમ નથી લીધું આમાં. આત્મા જે અખંડાનંદ સ્વરૂપ છે, એમાં અંતરમાં સ્તુતિ નામ એકાગ્ર થવું એનું નામ તીર્થંકર અને કેવળીની સ્તુતિ કહેવામાં આવે છે. કેમકે તીર્થંકર અને કેવળીનો આત્મા જે છે એવો આ આત્મા છે. આ આત્માની એકાગ્રતા તે તીર્થંકર અને કેવળીની સ્તુતિ છે. સમજાય છે કાંઈ? કોઈ એમ કહે જુઓ, અહીં પૂછ્યું છે ભગવાનની સ્તુતિનું અને માંડી છે આત્માની. સાંભળને! ઈ એમ કહે છે.

તીર્થંકર અને કેવળીના આત્માની સ્તુતિ એટલે કે એનો આત્મા જે પરિપૂર્ણ અખંડાનંદ છે એવો જ આ આત્મા છે. એવા આત્માને ભાવઈન્દ્રિય જે આ ખંડ ખંડ ભાવઈન્દ્રિય છે... એ કહેશે. પાઠ તો એટલો છે કે '**जो इंदिये जिणित्ता**' પણ ઈન્દ્રિયમાં એ ખંડ ખંડ જ્ઞાન જે થાય છે પરને જાણતા એ ખંડ ખંડ ઈન્દ્રિય, ભાવઈન્દ્રિય પણ ખરેખર જ્ઞાયકસ્વરૂપ આત્મા નહિ. ઝીણી વાત છે. ખંડ ખંડ જે ભાવઈન્દ્રિય દ્વારા કામ લે છે એ ખંડ ખંડ ઈન્દ્રિય એ આત્મા નહિ, એ જ્ઞાયકભાવ નહિ. એ તો જ્ઞાયકભાવમાં પર રૂપે જણાય એવી એ ચીજ છે, ભાઈ! આહાહા..! ધ્યાન રાખજો આ સ્તુતિનું વર્ણન. સ્તુતિનો અર્થ એમ છે કે જેવો આત્મા છે તેવું તેમાં એકાગ્ર થવું એનું નામ ભગવાન કેવળીની સ્તુતિ છે. એનું નામ આત્માની સ્તુતિ છે. એનું નામ આત્મા જેવો છે તેવી એકાગ્રતા રૂપ સમ્યગ્દર્શન અને

સમ્યગ્જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી...**' જ્ઞેય એટલે આ ભાવઇન્દ્રિય, આ શરીર દ્રવ્યેન્દ્રિય જડ-પાંચ, જે શરીર પરિણામને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયો અને શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ કે સાક્ષાત્ ત્રણ લોકના નાથ ભગવાન કે ભગવાનની મૂર્તિ કે ભગવાનની વાણીના શબ્દો-એ બધા જ્ઞાયકમાં પરવસ્તુ જ્ઞેય તરીકે છે. એ જ્ઞેય તે જ્ઞાયકભાવ નથી અને જ્ઞાયકભાવ, તે ખંડ ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને તે પરમેશ્વર પર, જ્ઞાયકભાવ તે પરરૂપ નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે જ્ઞેય-જ્ઞાયક, એનો સંકર એટલે સંયોગ એટલે સંબંધ અથવા ખીચડો. બેને એક ગણવું. જ્ઞાયકભાવ ભગવાન અને ખંડ ઇન્દ્રિય એને એક ગણવું. જ્ઞાયક ભગવાન આત્મા અને જડ ઇન્દ્રિય શરીર પરિણામને પ્રાપ્ત એને એક માનવું. અને જ્ઞાયક આત્મા, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી-કુટુંબ બધા પરવસ્તુ કે એની વાણી-પર એને આત્માના જ્ઞાયકમાં એક માનવું એનું નામ જ્ઞેય-જ્ઞાયક સંકર-ખીચડો મિથ્યાદષ્ટિ એને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ સંકરદોષનો પરિહાર કરે છે.

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ, જે કેવળજ્ઞાન અને તીર્થંકરનો આત્મા તેવો જ આ આત્મા. તેથી ભગવાન કેવળી તીર્થંકરનું સ્તવન તે જ આત્માનું સ્તવન અને આત્માનું સ્તવન તે જ તીર્થંકર અને કેવળી આત્માનું સ્તવન. સમજાય છે કાંઈ? એ ૩૧ કહે છે, લ્યો.

**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।**

નીચે હરીગીત.

**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

આ લોકો ઇન્દ્રિયો જીતો... ઇન્દ્રિયો જીતો એમ કહે છે ને? વિષયોને જીતો. આંખ બંધ કરો વિષયને જીતો, કાન બંધ કરો વિષયને જીતો. એ વિષયનું જીતવું એમ છે જ નહિ. હવે કાન બંધ કર કે આંખ બંધ એ તો જડ છે. એમાં બંધ તેં શું કર્યું? સમજાણું કાંઈ? અંદર જ્ઞાનની વર્તમાન દશા ખંડ ખંડ રૂપે પરને જાણે એવા જ્ઞાનની ખંડ ખંડ ઇન્દ્રિયને બંધ કર અને જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કર. ત્યારે તેણે ઇન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ!

**ટીકા :- 'જે મુનિ...'** શબ્દાર્થ લ્યો પહેલા. **અન્વયાર્થ :- 'જે ઇન્દ્રિયોને...'** છે ને? ઇન્દ્રિય શબ્દ છે. પણ 'અમૃતચંદ્રાચાર્યે' એક ઇન્દ્રિયના ત્રણ અર્થ કર્યા. ભાવઇન્દ્રિય-ઇન્દ્રિયનું ખંડ ખંડપણું, આ જડઇન્દ્રિય અને એના વિષયો એ બધા ઇન્દ્રિયોમાં જાય છે. ભગવાનની વાણી અને ભગવાન પણ ઇન્દ્રિયોમાં જાય છે. ભાઈ! એ આત્મા અતીન્દ્રિય જ્ઞાયકભાવમાં આવતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહાર ઇન્દ્રિયો છે એ બધી. અહીં તો ઇન્દ્રિયો છે એમ કહે છે. ઇન્દ્રિયના વિષયો ઇન્દ્રિય, જડઇન્દ્રિય ઇન્દ્રિય, ખંડ ઇન્દ્રિય ઇન્દ્રિય. ત્રણે ઇન્દ્રિયો. આહાહા..! એટલે? એ ત્રણ અણિન્દ્રિય આત્મા નહિ, એમ. સમજાણું કાંઈ? અણિન્દ્રિય આત્મા ભગવાન જે સમ્યગ્દર્શનનો વિષય કે જે ખંડ ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયો એનાથી અધિક નામ જુદો નામ પરિપૂર્ણ, એનાથી અધિક, જુદો પરિપૂર્ણ એવો જે આત્મા તે ખંડખંડ ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયો ભગવાન આદિ એ બધા ઇન્દ્રિયો છે, એનાથી અધિક જુદો છે, એનાથી અધિક જુદો પરિપૂર્ણ છે એવા આત્મામાં એકાગ્ર થવું એને આત્માની સ્તુતિ કહે છે.

બીજી રીતે કહીએ તો એને જ્યાં સુધી ખંડખંડ ઇન્દ્રિયનું બહુમાન રહે છે, દ્રવ્યેન્દ્રિયનું બહુમાન રહે છે અને ઇન્દ્રિયના વિષયો ભગવાન આદિ તીર્થંકર કે એની વાણી એનું બહુમાન રહે છે ત્યાં સુધી ઇન્દ્રિયના વિષયો તે જીત્યો નથી. ભારે વાત! એય..! બાબુલાલજી! કહે છે કે સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા... જુઓ!

'**ઇન્દ્રિયોને જીતીને...**' એટલે કે જે ભાવઇન્દ્રિય, ખંડ ઇન્દ્રિય ભાવ, ક્ષણ ક્ષણમાં ખંડ ખંડ જે જણાવે તે, શરીર અને એના વિષયો એ બધા ઇન્દ્રિયો છે. એને જીતીને એટલે કે તેનાથી પાછો વળીને, એટલે કે તેનાથી જુદો પડીને, એટલે કે તેનાથી અધિક પરિપૂર્ણ આત્માને લક્ષમાં લઈને જે ઇન્દ્રિયોને જીતે તેને આત્માની સ્તુતિ અથવા ભગવાનની સ્તુતિ કરી, એમ કહેવામાં આવે છે. સોભાગભાઈ! વાત ભારે, ભાઈ!

'**જ્ઞાનસ્વભાવ વડે...**' દેખો! '**ઇન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે...**' ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય પ્રભુ, એના '**વડે અન્યદ્રવ્યથી અધિક...**' અન્ય દ્રવ્ય શબ્દે ખંડ ઇન્દ્રિય, શરીર પરિણામ પ્રાપ્ત દ્રવ્યઇન્દ્રિય અને ભગવાન સર્વજ્ઞ, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર અને સમ્મેદશિખર–એ બધા અન્ય દ્રવ્યથી. એ બધા ઇન્દ્રિયોમાં જાય છે.

મુમુક્ષુ :- ભગવાનની વાણી પણ?

ઉત્તર :- ભગવાનની વાણી ઇન્દ્રિયમાં જાય છે. નક્કી કરો. એય..! રાજેન્દ્રજી! પરદ્રવ્ય છે.

ભગવાન આત્મા અણિન્દ્રિય, જેમાં દ્રવ્યઇન્દ્રિય, ભાવઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો જેમાં એકરૂપ નથી, એકરૂપ નથી, અભિન્ન નથી, ભિન્ન છે. તો ભિન્ન છે એટલા બધાને અહીંયાં જ્ઞેય કહેવામાં આવ્યા છે. જ્ઞેય એટલે કે આ ભગવાન જ્ઞાયકસ્વરૂપ અને ભાવઇન્દ્રિય જે ખંડ ખંડ તે જ્ઞેય જાણવાલાયક છે. આત્માના જ્ઞાયકભાવમાં તે ભાવેન્દ્રિય અભિન્ન એક નથી. આહાહા..! એમ આ શરીર પરિણામ પ્રાપ્ત ઇન્દ્રિયો જ્ઞાયકભાવમાં એક નથી. ભિન્ન છે, જ્ઞેય છે. એમ ભગવાન અને ભગવાનની વાણી, સમ્મેદશિખર, શેત્રુંજય અને સિદ્ધગીરી એ આત્મા જ્ઞાયક અને એ જ્ઞેય છે. એ જ્ઞાયક અને જ્ઞેય એક નથી, ભિન્ન છે. સમજાણું કાંઈ? અરે..! ભારે વાત!

**'જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક...'** ભગવાન જ્ઞાનસ્વભાવ કીધો છે ને પાઠમાં? જ્ઞાનસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, પરિપૂર્ણ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, એકરૂપ જ્ઞાનમૂર્તિ સ્વભાવ, એ દ્વારા. એનો આશ્રય લઈને એ ઇન્દ્રિયોને **'અધિક આત્માને જાણે છે...'** એ ઇન્દ્રિયોને જીતીને ભિન્ન પડીને, જીતીને એટલે કે દ્રવ્યઇન્દ્રિય, ખંડ ઇન્દ્રિય અને વિષયોથી જુદો પડીને પોતાના આત્માના જ્ઞાન સ્વભાવને, જ્ઞાન સ્વભાવ વડે આત્માને જાણે છે. એમ લીધું. સમજાણું કાંઈ? ખંડ ઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય અને ભગવાનની વાણી અને ભગવાનથી જાણે એણે જ્ઞાનસ્વભાવથી આત્મા જાણ્યો નથી, ભાઈ! સમજાણું કાંઈ? બાબુલાલજી! ભગવાનની વાણીથી આત્મા જાણે, એણે આત્મા જ્ઞાનસ્વભાવ વડે જાણ્યો નથી. આહાહા..! એય..! રાજેન્દ્રજી! શું છે? દેખો એમાં છે હોં એમાં.

**'જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક...'** **'अधिकं'** છે ને? **'ज्ञानस्वभावाधिकं'** એનો એ અર્થ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે પરિપૂર્ણ વસ્તુ, એને વિષયો-ખંડ ખંડ ઇન્દ્રિય અને જડ ઇન્દ્રિય, એનાથી જુદો, જુદો જાણે. ક્યા (-શેના) વડે જાણે? જ્ઞાનસ્વભાવ વડે. ખંડ ઇન્દ્રિય, ભાવઇન્દ્રિય એટલે ખંડ ઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિયના વિષયો શબ્દ, રૂપ, આદિ. ચાહે તો શુભ કે અશુભ થાય, ચાહે તો ભગવાનનું સમવસરણ કે ભગવાનની પ્રતિમા એ બધા ઇન્દ્રિયોમાં જાય છે. ઇન્દ્રિયના વિષયો ઇન્દ્રિયમાં જાય એ અણિન્દ્રિય આત્મામાં આવતા નથી. સમજાણું કાંઈ? એવા **'આત્માને જાણે છે...'** આહાહા..!

ભગવાન આત્માને જ્ઞાનસ્વભાવ વડે ભાવઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય અને શબ્દ, રૂપ, રસ આદિ પર, એનાથી જ્ઞાનસ્વભાવ વડે આત્માને જુદો, પૃથક્, પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ વડે જાણે છે. **'તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ...'** ઓહોહો..! 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અમે કહીએ છીએ એમ નહિ, એમ નહિ. એ તો પોતે નિશ્ચયમાં સ્થિત છે ને. **'જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર જિતેન્દ્રિય કહે છે.'** એને જિતેન્દ્રિય કહે છે. પા શેર દૂધ પીવે છે અને બે પૂરી ખાય છે તો બહુ ઇન્દ્રિય જીતી. લોકો એમ કહે છે ને? ઓહો..! ભાઈ! એનું જીવન બહુ સાદું, બહુ સાદું. શું છે? બે પુરી અને પા શેર દૂધ. બીજું કાંઈ નહિ. એ પણ બકરીનું દૂધ. ગાયનું નહિ.

મુમુક્ષુ :- .. પચે નહિ.

ઉત્તર :- ન પચે નહિ. આ તો કદાચ સાદાઈથી રહે. સમજાય છે? તોપણ કહે છે, એણે ઇન્દ્રિય જીતી છે એમ અમે ભગવાન, મુનિઓ, સંતો કહેતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવની મૂર્તિ પ્રભુ, આ આત્મા સ્વભાવવાન અને આ જ્ઞાનસ્વભાવ. એ જ્ઞાનસ્વભાવ વડે આત્માને, એમ ભાષા છે ને? **'ज्ञानस्वभावाधिकं आत्मनम्'** સાધન ઇ કીધું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૃથક. અધિક નામ પૃથક, જુદો અને પરિપૂર્ણ એવો અર્થ થયો. પરથી પૃથક એનો અર્થ કે જુદો, એનો અર્થ કે પરિપૂર્ણ અહીંયાં. સમજાણું કાંઈ? આ તો ભગવાનની સ્તુતિમાં (આમ કહ્યું). એક જણો કહે, લ્યો, જ્યાં વ્યવહાર સ્તુતિ આવે ભગવાનની ત્યાં તમે આત્માને નાખો છો. પણ સ્તુતિ જ એને કહીએ. અમથી સ્તુતિના શુભરાગ, ભગવાનના શુભરાગ એ તો ખરેખર પુણ્યબંધનનું કારણ છે. એ કાંઈ ખરી સ્તુતિ આત્માની નથી. સમજાણું કાંઈ?

'**જે નિશ્ચયનયમાં...**' '**निश्चिताः साधवः**' ભગવાન સંતો જે સ્વરૂપમાં સ્થિત છે એવા સંતો એમ કહે છે કે જે કોઈ આત્મા પોતાના જ્ઞાનસ્વભાવ વડે જડ ને ભાવઇન્દ્રિય ને શબ્દ, રૂપ આદિથી લક્ષ છોડીને, એનાથી જુદો પડીને, એનાથી જુદો પડતાં અધિકપણે થઈને પોતાના સ્વરૂપને પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ વડે અંતરમાં આત્માને અનુભવે છે, જાણે છે, વેદે છે, તેને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. સહેલી ભાષા છે, હોં! ગુજરાતી બહુ અઘરી ભાષા નથી. થોડી થોડી સમજી લેવી. અહીં તો સદા હિન્દી હોય તો સદાય હિન્દી ચાલે. બિચારા આને ઉતારવું છે તો. નાઈરોબીવાળાને ગુજરાતી સમજાય. આ નાઈરોબીવાળા તરફથી ઉતરે છે 'સમયસાર'. પહેલું તો આપણે ઉતરી ગયું છે એક વાર. એ લોકોએ કાંઈક પૈસા નાખ્યા છે. સમજાય છે કાંઈ?

આ લ્યો! જીતવું. ભાઈ, ચાલો આપણે મમરા ખાઈએ અને પાણી પી લઈએ. લ્યો, ઇન્દ્રિય જીતી કહેવાય કે નહિ? સ્ત્રીનો વિષય ન લઈએ ઇન્દ્રિય દ્વારા. તો એ ઇન્દ્રિય જીતી કહેવાય કે નહિ? ના. કેમ? એ ઇન્દ્રિય જડ, એનું લક્ષ કરીને તેં કદાચિત એમાં રાગ મંદ કર્યો અને એ ક્રિયા બહારમાં ન થઈ, પણ એ તો બધું પરલક્ષી છે. સ્વલક્ષી અતીન્દ્રિય આનંદના લક્ષે ઇન્દ્રિયનું જીતવું થયું નથી. આહાહા..! નવમી ગ્રૈવેયકે દિગંબર જૈન સાધુ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી ગયો. હજારો રાણી છોડી, એકલો રહ્યો, બબ્બે મહિનાના અપવાસ કર્યા. છતાં એ જીતેન્દ્રિય નહિ. શેઠી! છે ને નવમી ગ્રૈવેયક? 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' સમજાણું કાંઈ?

સત્પુરુષો, જ્ઞાનીપુરુષો, જિતેન્દ્રિય પુરુષો એમ ન લેતાં નિશ્ચયમાં સ્થિત સંતો આને જિતેન્દ્રિય કહે છે. બીજાને જિતેન્દ્રિય કહેતા નથી. પોપટભાઈ! બહુ ઝીણું છે, હોં! આ તમારી મેળાએ વાંચો તો બહુ આમાં સમજાય એવું નથી. લાગે છે એમ? લ્યો! આ ડાહ્યા માણસ કહે અમને બરાબર સમજાય નહિ. ચોપડા તમારા સમજાય. એય..! છોટાભાઈ!

હવે ટીકા. જુઓ! ટીકા તે ટીકા છે ને ભાઈ! અમૃત રેડ્યા છે અમૃત! 'અમૃતચંદ્રાચાર્ય' કોઈપણ ગાથા ઉપાડો તમે. પરિપૂર્ણ વાત, આખી અખંડ વાત. '(**જે મુનિ...**)' કોઈ આત્મા, એમ લેવું. અહીં તો મુનિ પ્રધાન કથન કરનાર છે ને? જે કોઈ આત્મા '**દ્રવ્યેન્દ્રિયો,...**'

આ શરીર પરિણામ પ્રાપ્ત આ જડ માટી. '**ભાવેન્દ્રિયો...**' જે ખંડ ખંડ ઈન્દ્રિયથી ખંડ ખંડ જ્ઞાનને જણાવે '**તથા ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો-**' સારા શબ્દો કે ખોટા શબ્દો કે રૂપ સુંદર કે ભગવાનનું રૂપ, સમવસરણનું રૂપ કે ગધેડાનું સડેલું રૂપ-એ બધા ઈન્દ્રિયના વિષયભૂત પદાર્થો છે. '**એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને...**' એ ત્રણેને આત્મા પોતાના એટલે જ્ઞાયકસ્વભાવ દ્વારા એ ત્રણને ભિન્ન પાડીને '**સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન...**' અહીં તો ભાવઈન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય અને બીજા ભગવાન વાણી આદિ બધું, એ બધા અન્ય દ્રવ્ય છે. આ ભાવઈન્દ્રિય પણ અન્ય દ્રવ્ય છે. લ્યો! સમજાણું કાંઈ? જ્ઞાનનો ક્ષયોપશમ ભાવઈન્દ્રિય અન્ય દ્રવ્ય છે. ભગવાન! એ તારી ચીજ નહિ. સમજાણું કાંઈ?

એ '**અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે...**' પોતાનો આત્મા, એમ પાછું. ભગવાન જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અધિક, ખંડ અને પરથી ભિન્ન. અધિક એટલે ભિન્ન-જુદો અને અહીં આમથી જુદો એટલે આમથી પરિપૂર્ણ. પરથી જુદો એટલે સ્વથી પરિપૂર્ણ. એવા આત્માને અંતરદૃષ્ટિ દ્વારા અનુભવે છે '**તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે.**' અહીં સમ્યગ્દૃષ્ટિથી વાત કરી છે. વાત ભલે મુનિની છે. પણ મૂળ સમ્યગ્દૃષ્ટિ અહીંથી શરૂ થાય છે. આ જિતેન્દ્રિયને સમ્યગ્દૃષ્ટિ કહીએ અને સમ્યગ્દૃષ્ટિને જિતેન્દ્રિય કહીએ. સમજાણું કાંઈ? આ રીતે જિતેન્દ્રિય હોય તેને સમ્યગ્દૃષ્ટિ કહીએ અને સમ્યગ્દૃષ્ટિને જિતેન્દ્રિય કહીએ.

હવે દ્રવ્યઈન્દ્રિયની પહેલી વાત કરે છે. પાઠ તો એ છે ને '**निरवधि**'-અમર્યાદરૂપ, એમ. પછી અનાદિ શબ્દ વાપર્યો. '**निरवधि**' અનાદિથી અમર્યાદ જેની છે. અનાદિ. '**બંધ પર્યાયના વશે...**' બંધ કર્મના બંધ અને તેની પર્યાયના તાબે '**જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે...**' સ્વ જ્ઞાયકસ્વરૂપ ભગવાન અને આ પાંચ ઈન્દ્રિયો શરીર પરિણામ-શરીર પર્યાયરૂપે પરિણમેલી આ ઈન્દ્રિયો. શરીરની પર્યાય છે આ બધી. આ માટી શરીર, એની આ પર્યાયો ઈન્દ્રિયો જડ. એ '**સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે. (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી)...**' જાણે કે આ જડ પરિણામ ઈન્દ્રિયો અને આત્મા, જાણે બે એક હોય. કેમકે એનું લક્ષ કરીને જાણે જ્ઞાન એનાથી થતું હોય અને એ છે માટે જ્ઞાન થતું હોય, એમ એ એક જેવી થઈ દેખાય છે. સમજાય છે કાંઈ?

સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે, આથમી ગયો છે. સૂરજ આથમી ગયો એમ કહે છે ને? અસ્ત થઈ ગયો. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય અને જડ શરીર, પર્યાય પ્રાપ્ત ઈન્દ્રિયો, બેનું જાણે એકપણું હોય એ રીતે સ્વપરની જુદાઈ આથમી ગઈ હોવાથી, એક થઈ રહી હોવાથી બેના વચ્ચે ભેદ દેખાતો નથી. કારણ કે શરીર.. ભાઈ! આંખ હોય તો જણાય. આંખ હોય તો જણાય. બેય એક થઈ ગયું. પણ જ્ઞાન હોય તો જણાય કે આંખ હોય તો જણાય? જેમાં જે સત્તામાં જણાય છે એ તો ચૈતન્ય સત્તા છે. એને જાણવું

આ આંખની હયાતીથી જણાય છે? સમજાય છે કાંઈ? પણ એવું એને થઈ ગયું છે કે આ આંખ હોય તો જણાય, કાન હોય તો સંભળાય, કાન હોય તો સાંભળવાનું જ્ઞાન થાય, કાન હોય તો સાંભળવાનું જ્ઞાન થાય, નાક હોય તો સૂંઘવાનું જ્ઞાન થાય, સ્પર્શ હોય તો સ્પર્શનું જ્ઞાન થાય, રસ હોય તો આ ગોળના સ્વાદનું જ્ઞાન જીભ હોય તો હોય. જીભ હોય તો ખાટુ-ખારું જણાય. એમ ઇન્દ્રિયો અને આત્મા અનાદિથી જાણે એક થઈ ગયા હોય અને બેની જુદાઈ જાણે આથમી ગઈ હોય, એટલે કે બે જુદા દેખાતા ન હોય. આહાહા..! સાકર હોય એને જો જીભ અડાડે તો ફટ ગળ્યાનું જ્ઞાન થાય છે. જીભ દ્વારા થયું, કે નહિ? પહેલા કેમ નહોતું થયું સાકર નહોતી ત્યારે? જીભ દ્વારા થયું એમ એકમેક અજ્ઞાનીને ભાસે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આંખ દ્વારા નથી દેખાતું? આંખ બંધ કરી દે જો. કોણ બંધ કરે? પણ બંધ કોણ કરે? ઉઘાડે કોણ? એ તો જડની દશા છે. એ તો શરીરની પર્યાય, આ તો માટીની છે જડની. એને કારણે આ જાણવાનું જ્ઞાન થાય છે? પણ એને એમ થાય કે આંખ ફૂટી જાય તો.. બસ, હવે મારો અવયવ તૂટી ગયો. મારો અવયવ તૂટ્યો. એક ઇન્દ્રિય ખૂટતા એમ થઈ ગયું કે હાય.. હાય.. હવે આપણે વાંધા થઈ ગયા. આ ઇન્દ્રિય ક્યાં તારામાં હતી તે ફૂટે? તારું જ્ઞાન તો તારામાં છે. આહાહા..! ભારે ભાઈ! ફૂલું પડે તો એમ થઈ જાય કે મારી આંખમાં ફૂલું પડ્યું. ફૂલું પડે છે ને? ફૂલું શું કહેવાય? ફૂલું, મોતિયો, વેલ. વેલ-વેલ. વેલ થાય. ભાઈ! મને આંખમાં વેલ પડી ગઈ છે, હોં! તને એટલે તું કોણ? અને વેલ પડી એ કોણ? સમજાણું કાંઈ?

આ દ્રવ્યઇન્દ્રિય માટીના પરિણામ શરીરના. આ સ્પર્શ હોય તો જણાય. વીંછી હોય તો તરત આમ કરી લે. વીંછી-વીંછી ડંખ મારેને. અગ્નિ જેવો લાગે. અગ્નિ... અગ્નિ. આ ઇન્દ્રિયથી જણાણું કે નહિ? સમજાણું? એમ માને છે. એમ છે નહિ. દ્રવ્યેન્દ્રિયો, એ શરીરના પરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો, એને અને આત્માને જાણે એક હોય (એમ માને છે), એને હવે કેમ જીતવી? આ તો ક્રમ બતાવે છે, હોં! કાંઈ દ્રવ્યેન્દ્રિય પહેલી જીતાય અને ભાવઇન્દ્રિય પછી જીતાય અને વિષયો પછી જીતાય, એમ નથી. આ તો સમજાવવામાં ક્રમ પાડે છે. સમજવામાં ક્રમ નથી. એકસાથે પરથી જુદો પડીને સ્વરૂપનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ?

ભાઈ! કાન ન હોય તો કાંઈ શબ્દ સંભળાય? જ્ઞાન થાય? શબ્દનું જ્ઞાન થાય? માટે કાન તે હું છે અને એ છે તો મને જ્ઞાન થાય છે. એમ જડ અને આત્માને બેને કોઈપણ રીતે એકપણે માની રહ્યો છે. એ અજીતેન્દ્રિય છે. પછી ભલે દાળ-ભાત, રોટલા ખાતો ન હોય, સાદો ખોરાક પૂરી ને રોટલી લેશે બધું જાવ. અને એક ધોતિયું પાતળું. પહેરણ નહિ. નગ્ન ફરે.

મુમુક્ષુ :- સૂકા પાંદડા ખાય.

ઉત્તર :- હા. સૂકા પાંદડા ખાય. લીંમડાના પાંદડા સૂકા. એવા ફળ થાય છે જંગલમાં.

એવા ફળ એકલા ખાય. ગામમાં આવે નહિ, લ્યો.. પણ વાત ઈ છે કે આ જડ ઈન્દ્રિયના પર્યાયોમાં એ જે નિમિત્તથી કામ થાય એ કામ મને મારામાં થયું, એને લઈને થયું, એને લઈને થયું. જ્ઞેયને લઈને જ્ઞાન, એમ માનનાર દ્રવ્યેન્દ્રિયને અને આત્માને એક માને છે. સમજાણું કાંઈ? આ જડ ઈન્દ્રિય જ્ઞેય છે. જ્ઞાનમાં જણાવા લાયક. જ્ઞાનમાં પૃથક્ જણાવા લાયક, જ્ઞાનમાં ભિન્ન જણાવા લાયક. એને ઠેકાણે, તે જ્ઞેયથી મને જ્ઞાન થાય છે એમ માનનાર આત્માને અને શરીરની ઈન્દ્રિયોને એક માને છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આ સ્તુતિ.. આ આત્માની વ્યાખ્યા છે હોં! આ જીવમાં નાખ્યું છે. કેવા જીવની એકતાથી જીવની સ્તુતિ કહેવાય? આવો જીવ જ્ઞાનસ્વભાવે પરિપૂર્ણ (છે) એને બાહ્યથી અધિક ભિન્ન પાડીને સ્વભાવમાં પરિપૂર્ણની એકતા કરે, તેને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. આહાહા..!

કહે છે, '**એવી શરીરપરિણામને પ્રાપ્ત...**' પરિણામ એટલે પર્યાય. શરીર પર્યાય છે આ દ્રવ્યઈન્દ્રિય. '**જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો...**' હવે જ્ઞેયને જીતે છે. કઈ રીતે જીતવાની રીત? '**તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતા....**' આમ ખાવું ઓછું અને આમ કરવું, એમ નહિ કહે છે. એ દ્રવ્યેન્દ્રિયને જીતી એમ નહિ. કાનમાં નાખે ઓલા લાકડા નાખે. સાંભળવું નથી. બાયડું-બાયડુંના રૂપ જોવા નહિ. આંખો બંધ કરી દો. એ ઈન્દ્રિયનું જીતવું નથી પણ સમુળગો ઈન્દ્રિયથી જીતાઈ ગયો છે એ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે '**જે દ્રવ્યેન્દ્રિયો...**' જડ શરીર-પરિણામને પ્રાપ્ત છે-જ્ઞેય. જ્ઞાયકનું જ્ઞેય. જ્ઞાયકનું સ્વજ્ઞેય જ્ઞાયક અને એ જ્ઞાયકનું પરજ્ઞેય શરીરપર્યાય પ્રાપ્ત ઈન્દ્રિયો. એ પર ઈન્દ્રિયોને નિર્મળ ભેદ અભ્યાસ. અંતરમાં શરીરની પર્યાયથી ભિન્ન છું એમ નિર્મળ ભેદ-અભ્યાસ-જુદા પાડવાની કળા, જુદા પાડવાની ટેવ, જુદા પાડવાની આદત. એની પ્રવીણતાથી, એના સમજણના ડહાપણથી પ્રાપ્ત. શું? '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ, અતિસૂક્ષ્મ-વિકલ્પથી ગ્રહ્યો ન જાય. રાગથી અનુભવમાં આવી શકે નહિ એવો અતિસૂક્ષ્મ ભગવાન ચૈતન્યસ્વભાવ. અતિસૂક્ષ્મ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ '**તેના આલંબનના બળ વડે...**' જ્ઞાયક સ્વભાવના આલંબનના બળ વડે દ્રવ્યેન્દ્રિયોને જુદી પાડવાના અભ્યાસના કારણે '**સર્વથા પોતાથી જુદી કરી;...**' છે ને સર્વથા? છેલ્લો શબ્દ સર્વથા છે તો ત્રણેને લાગુ પાડ્યો છે. પહેલામાં નહોતો. છેલ્લો શબ્દ એક જ છે સર્વથા. એક જ શબ્દ છે. ત્રણ નથી. પણ છેલ્લો મૂળ તો એની સાથે સંબંધ છે ને. ત્રણેને લાગુ પડે. સર્વથા છેલ્લામાં છે. છેલ્લામાં સર્વથા છે, ભાઈ! સંસ્કૃતમાં. એટલે ત્રણેને સર્વથા લાગુ પડે છે. પહેલામાં સર્વથા અર્થ નહોતો. પાઠમાં નથી ને. કરતા... કરતા... કરતા... કરતા.. છેલ્લું રહે '**भावेन्द्रियावगृह्यमाणान् स्पर्शादीनिन्द्रियार्थांश्च सर्वथा**' એ ત્રણેમાં સર્વથા લેવું. હવે એમાં એક વિષય. સંસ્કૃતમાં સર્વથા છેલ્લે છે. ત્રણેમાં સર્વથા લઈ લેવું.

શું કહે છે? ખુબી તો એ છે કે '**ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત...**' પ્રવીણતાથી

પ્રાપ્ત-જુદા પાડવાની પ્રવીણતાથી પ્રાપ્ત મેળવાય એવો '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે...**' તેના જ્ઞાનના આલંબનના બળ વડે દ્રવ્યેન્દ્રિયોને '**સર્વથા પોતાથી જુદી કરી;...**' સર્વથા ન રાખો, કથંચિત્ કરો. નહિતર અનેકાંત નહિ થાય. એય..! જિનેન્દ્ર દેવમાં સર્વથા તો ક્યાંય લાગુ પડતું નથી. અરે..! સાંભળ તો ખરો. '**સર્વથા પોતાથી જુદી કરી...**' કથંચિત્ ઈન્દ્રિયો જુદી અને કથંચિત્ ઈન્દ્રિયો અભેદ. એનું નામ અનેકાંત નથી. સમજાય છે કાંઈ? અનેકાંતને ફૂદડીવાદ કરી નાખ્યો. કથંચિત્ લગાવ.. બધે કથંચિત્ લગાવો નહિતર અનેકાંત નહિ થાય.

સર્વથા પોતાથી... ભગવાન આત્મા પોતાના સૂક્ષ્મ પ્રગટ અતિ ચૈતન્ય સ્વભાવના બળ વડે જડ ઈન્દ્રિયોને જુદી કરી એટલે? જુદી થઈ ગઈ. જુદી કરી કે લ્યો આ જુદી. એમ નહિ. પણ આમ અતિસૂક્ષ્મ ચૈતન્યનના બળ વડે કરીને એકાગ્ર થયો ત્યાં જડેન્દ્રિયની પર્યાય ભિન્ન રહી ગઈ. જે માન્યતામાં એકત્વ માન્યતા હતી કે આ છે તો જ્ઞાન છે, આ છે તો જાણપણું થાય છે. આ છે તો મારું અસ્તિત્વ છે. ઈન્દ્રિય ફૂટી જાય તો .. સ્પર્શમાં કાંઈ તાકાત ન રહે, પક્ષઘાત થઈ જાય છે તો શુષ્ક જડ જેવું થઈ જાય. માટે હું જડ થઈ ગયો અંદર એને લઈને. એમ જે માન્યતા હતી એ માન્યતા પરની એકત્વબુદ્ધિમાં પરથી ભિન્ન પડી અતિસૂક્ષ્મ ચૈતન્યનના અવલંબન વડે એકાગ્ર થયો (અને) પોતાથી જુદી કરી.

સૂક્ષ્મ જ્ઞાયક સ્વભાવ એનાથી જે દ્રવ્યેન્દ્રિય શરીરપરિણામ પ્રાપ્ત જ્ઞેય, જેને અહીં ઈન્દ્રિય કીધી, જેને અહીંયાં જ્ઞેય કીધો, જેને સંકરદોષ હતો કે જ્ઞેય અને આત્મા એક માનતો, એ સંકરદોષનો પરિહાર કર્યો. સમજાણું કાંઈ? લ્યો, આનું નામ સમ્યગ્દર્શન. આ શું છે? જીતેન્દ્રિય શું લખ્યું છે? જિતેન્દ્રિય કહો કે સમ્યગ્દૃષ્ટિ કહો કે અણિન્દ્રિય આત્માને જાણનાર ને અનુભવનાર કહો.

આ તો 'સમયસાર' છે, ભાઈ! આ તો મહાન ગંભીર શાસ્ત્ર. ઊંડા... ઊંડા... ઊંડા.. અભિપ્રાયથી ભરેલું છે. સમજાણું કાંઈ? બહુ થોડામાં કહેવું છે ને. આટલા બધા શબ્દોમાં એટલું બધું કહેવા જાય તો પાર ક્યાં આવે? ૪૧૫ શ્લોકમાં આખો આત્મા અનાદિઅનંત (બતાવ્યો છે). ભૂલ કેમ કરી, ભૂલ કેમ તોડે, સાધક કેમ થાય અને સિદ્ધ કેમ થાય? આખું નાટક. ચાર કલાકમાં નાટક બતાવે છે ને? આ ૪૧૫ શ્લોકમાં આખું નાટક. અહીં તો એક એક શ્લોકે બતાવે છે. એક એક ગાથા છે.

કહે છે, તને તારું સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય તો અથવા તું છો તેમ થવું હોય તો અથવા તેં શરીર ઈન્દ્રિય અને આત્માને એક માની છે એની ભૂલ ટાળવી હોય તો. બે માન્યું છે ને? તો '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ...**' ભગવાન અતિસૂક્ષ્મ-અતિસૂક્ષ્મ. પુણ્ય-પાપ પરિણામ પણ હજી સ્થૂળ છે. પુણ્ય-પાપ પરિણામ પણ અતિસ્થૂળ છે. પુણ્ય-પાપ અધિકારમાં 'સમયસાર'માં આવે છે. સ્થૂળ સંક્લેશ પરિણામ અને સ્થૂળ વિશુદ્ધ પરિણામ. 'સમયસાર'માં

પાઠ આવે છે. પુણ્ય-પાપ અધિકાર. છે ને પુણ્ય-પાપ અધિકાર? કેટલામું છે ઈ? પુણ્ય-પાપ છે ને? કર્તા-કર્મ પછી પુણ્ય-પાપ છે. એટલામાં છે ક્યાંક જુઓને. ૧૫૪-૧૫૪. એ રહ્યું જુઓ. ઓલી ચોપડી જુદી જુઓ. '**અત્યંત સ્થૂલ વિશુદ્ધ પરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...**' અત્યંત સ્થૂલ સંક્લેશ પરિણામ-કર્મો નિવર્ત્યા છે. શુભભાવને પણ અત્યંત સ્થૂળ કહ્યો છે. એવો પાઠ છે, હોં! સંસ્કૃત પાઠ છે. '**स्थूलतमसंक्लेशपरिणामकर्मतया प्रवृत्तमान-स्थूलतमविशुद्धपरिणामकर्माणः**' ઓહો..! શુભ-અશુભભાવ. અહીં તો આપણે શુભ લેવું વિશેષ, પુણ્યભાવ પણ સ્થૂળ... સ્થૂળ... સ્થૂળ. ભગવાન આત્માની પર્યાય સૂક્ષ્મ, દ્રવ્ય અતિ સૂક્ષ્મ. આખું દ્રવ્ય મહા સૂક્ષ્મ. એવા અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ તેના આલંબનના બળ વડે. લ્યો! આમાં બીજા આલંબનના બળ વડે નહિ. રાગની મંદતાના બળ વડે ઈન્દ્રિયોને જીતાય કે આત્માની પ્રાપ્તિ થાય, એમ નહિ. નિમિત્તના અવલંબન વડે આત્માની ઈન્દ્રિયોને જિતાય અને આત્મા પ્રાપ્ત થાય, એમ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એના બળ વડે. અંતર ચૈતન્ય સૂક્ષ્મ વસ્તુ સ્વભાવ એના અંતર બળ વડે શરીર પર્યાય રૂપે પરિણમેલી આ માટી-ઈન્દ્રિયો જડ... આહાહા..! જેને અહીંયાં ભગવાને જ્ઞાયકભાવનું પરજ્ઞેય કહ્યું આને. પરજ્ઞેય, હોં! સ્વજ્ઞેય આત્મા. પરજ્ઞેય (ઈન્દ્રિયો). એને પોતાના સૂક્ષ્મ સ્વભાવના બળ વડે સર્વથા જુદી કરી. એટલે કે સ્વભાવમાં એકત્વ થવું. એટલે જુદી થઈ એ દ્રવ્યેન્દ્રિયનું જીતવું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો, આને જીતવું (કહેવાય), આ વ્યાખ્યા. આને મોળી પાડી દેવી ખોરાક ઓછો કરીને, જીર્ણ કરી દેવું, આ કરી દેવું એ ઈન્દ્રિય જીતવું નહિ. એ તો જડ-માટી છે, એમાં પામવું શું? અહીં જીર્ણ થાય તો શું અને આંખ ફૂટી જાય ને આમ થઈ જાય એમાં શું?

મુમુક્ષુ :- સુરદાસે આંખ ફોડી નાખી.

ઉત્તર :- સુરદાસે આંખ ફોડી નાખી. આંખનો શું વાંક છે? અંદર ઈન્દ્રિયથી... અંદર જીતને. બહાર ઈન્દ્રિય ભલે હો એવી ને એવી. એ તો જ્ઞેય પણ જડ છે. જડની પર્યાય એવી ને એવી રહે, એમાં જીતવામાં એણે શું અવરોધ કર્યો છે? એણે કાંઈ રોક્યું નથી. તું ત્યાં રોકાઈને (એમ માને છે કે) એ.. આનાથી જણાયું, આનાથી જણાયું. એ ઈન્દ્રિયથી જિતાઈ ગયો છે. સમજાણું કાંઈ? આંખ બંધ કરો, આંખ બંધ કરો. બાયડી-સ્ત્રીને જોવી નહિ. નવ વાડે બ્રહ્મચર્ય પાળવું. એય..! આંખ કોણ બંધ કરે? ભગવાન! જડને બંધ કરો એટલે જડને અટકાવી દયો, જડને.

અહીં તો દ્રવ્યઈન્દ્રિયથી ભિન્ન પડવું અને આત્મામાં એકત્વ થવું, તે ઈન્દ્રિયનું જીતવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો 'સમયસાર'ની કળા છે. એવી કળા બીજે ક્યાંય હોઈ શકે નહિ. ઓલા બાવા ને જોગી એવા હોય છે ને. એક સાધુને જોયો હતો, પાલેજમાં.

બાર વર્ષથી ઊભો હતો, એમ ને એમ ઉભો-ઉભો. બાર વર્ષથી ઊભો. અમારે પાલેજમાં એકવાર આવ્યો હતો. ધર્મશાળામાં હતો. બહાર ગયા હતા જોવા. એક રાખે આમ બાંધેલું. આખો દિ'. થોડીવાર ઊભો રહ્યો અને પાછો હાથ નાખીને પડ્યો રહે. બેસે નહિ. બાર વર્ષથી. લોકો કહે કે ઓહો..હો..હો..હો...! શું એણે ઇન્દ્રિયોને વશ કરી છે! સેઠી! અહીં તો બધું થોડો થોડો નમૂનો નાની ઉંમરમાં જોઈ લીધો છે. કીધું, હવે જડ છે, એમાં શું? ઉભો રહ્યો એમાં શું? ઊભો રહે કે બેસે એ તો જડ છે. આત્માના ભાન વિના આમ ઉભો રહે. પછી આમ નાચતો હતો આમ. થોડું લૂગડું રાખે, દોરડું બાંધ્યું હોય. લૂગડું નાખીને આમ (નાચે). આખો દિ' બેસવું અને રાત્રે પાછો આમ પડ્યો. લોકો કહે આહાહા..! હવે આ ઝાડ ઊભું છે, જુઓને કેટલા વર્ષથી! એ સેઠી! આ લીમડાનું ઝાડ કેટલા વર્ષથી ઊભું છે લ્યો. એમ ને એમ બિચારું. ઝાડ હોં! ઓલો પાંદડા તો વળી આમ આમ થાય. આને જરી આમ કરે. .. એમાં ઇન્દ્રિય જીતવું શું થયું?

અહીં તો કહે છે કે ભગવાન! શરીરની પર્યાય એ અજીવની દશા, એને જ્ઞાનસ્વભાવના અંતર બળ દ્વારા જુદી પાડીને પરિણમન ભિન્ન કરવું, એના નિમિત્તના લક્ષને છોડી, સ્વભાવના લક્ષે સ્વભાવને પરથી જુદો પાડવો એનું નામ દ્રવ્યેન્દ્રિય શરીરને જીતવું, એમ કહેવામાં આવે છે. બાકી છે તે છે. એ તો જે છે ઈ છે, રહી છે. આમાં એકત્વ થતો હતો એ છે એ છે. આમ કરે તો એ છે ને છે. વચ્ચે એકત્વ માન્યતા હતી એને છોડી (તેને) ઇન્દ્રિયને જીત્યું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, પ્રવીણભાઈ!

બાવા ૐ... ૐ... ૐ... કરે. ગયા હતા ને ત્યાં? ..માં. હમણા આવ્યા નહોતા એ બિચારા? ..માં ચોવીસ કલાક ધૂન લગાવે રામની. અને તમાકુનો મોટો વેપારી છે. જેમ ભગવાનદાસ છે ને એવો એક મોટો .. એનો જમાઈ. ..ભાઈ હતા એ ગુજરી ગયા હમણાં, તે દિ' હતા. બધાને જમણ આપ્યું હતું. આખા સંઘને. વૈષ્ણવ. તમે ભોજન કરજો. ભોજન કરીને પાંચસો રૂપિયા મૂક્યા. પણ નીચે ધૂન ચાલતી હતી. કીધું, આ શું ચાલે છે? કહે, અહીં તો ચોવીસ કલાક ધૂન. પણ શેની? કૂટતા કૂટતા પણ રામ... રામ... રામ.. કૂટેને શું કહેવાય? તમાકૂ. .. એક લાખ રૂપિયા કાઢ્યા હતા. એક મહિનામાં અમુક ધૂન લગાવે પચાસ હજારનો ખર્ચ. શેની ધૂન પણ? ભગવાન! તું ક્યાં ગરી ગયો? શેની વાણીની ધૂન? લાકડાની ધૂન? સમજાણું કાંઈ? ભગવાનને તો ભાળ્યા નહિ ને ધૂન લગાવી કોની?

ચૈતન્ય ભગવાન અતિસૂક્ષ્મ આનંદકંદ પ્રભુ, એને અંતરમાં બળ વડે કરીને રાગ, શરીરથી જુદો પડે એને જિતેન્દ્રિય કહ્યો. એને જિતેન્દ્રિય, સંતો એને જિતેન્દ્રિય કહે છે. બીજાને જિતેન્દ્રિય કહેતા નથી. લોકોને તો બહારનું એવું લાગે ને ઓહો..! એક રોટલો અને પાણી બે ખાય છે. ગૃહસ્થ માણસ. એક બાજરાનો રોટલો. ઘી નહિ. શાક આદિ નહિ. બહુ ત્યાગ. પોપટભાઈ! બહુ ત્યાગ સમકિતનો. સાચી તત્ત્વની શું શ્રદ્ધા અને તત્ત્વ શું છે એના ભાન

વિનાનો આ ત્યાગ તે ધર્મનો ત્યાગ છે. શરાફજી! આહાહા..!

ભગવાન! આમ ચૈતન્ય બાદશાહ અતિસૂક્ષ્મ સ્વભાવ સ્વરૂપે પડ્યો છે કે નહિ તું આમ? તો એના અસ્તિત્વના અવલંબે, એમ કહે છે. આના અસ્તિત્વ ઉપર જે તારી નજર હતી. આના અસ્તિત્વના અવલંબન વડે તેને જુદું પાડ. એ દ્રવ્યેન્દ્રિય એમ ને એમ ભલે રહો, એમ ને એમ હો. ભગવાનને નથી રહેતી કેવળજ્ઞાન થયું ને? કેવળજ્ઞાન થયું ને દ્રવ્યેન્દ્રિય તો ભગવાનની એવી ને એવી રહે છે. વઈ જાય છે ઈન્દ્રિય? .. શરીર એવું ને એવું રહે છે. ભલે હો. અહીં પણ એવી ને એવી ઈન્દ્રિય રહે. ભલે હો. એનાથી ચૈતન્ય અતિસૂક્ષ્મ જ્ઞાનના બળ વડે ભિન્ન પાડવું, એનું નામ ઈન્દ્રિયોને જીતી કહેવામાં આવે છે. ઓછું ખાય, આમ પીવે ને આમ પડે ને સૂવે નહિ. ઓલો માણસ કહે, એક જણો તો એક જ આસને સૂઈ રહે હોં! કહો, રાજેન્દ્રજી!

એ દ્રવ્યેન્દ્રિયનું જીતવું થયું, લ્યો. છે ને? એ દ્રવ્ય ઈન્દ્રિયનું જીતવું થયું. આવા સ્વરૂપને દ્રવ્યેન્દ્રિય જીતી એમ કહેવામાં આવે છે. બીજી વિધિ અને બીજી રીતે શરીરને જીત્યું અને દ્રવ્યેન્દ્રિયને જીતી, એમ સાચી વાત છે નહિ. કહો, સમજાણું આમાં? આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જુદો પડીને આત્માને અનુભવે છે. જુદો રહેશે. એ વખતે દૂધપાક અને લાડવો ખાવાની ક્રિયા દેખાય તોપણ તે દ્રવ્યેન્દ્રિયને જીતેલો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પછી ખાવામાં વાંધો નહિ.

ઉત્તર :- ખાય છે કોણ? એ પણ કે દિ' ખાતો હતો પહેલા પણ? આ તો જે ક્રિયા જડની જડમાં થાય તેમાં અધિકાર માનતો હતો કે એને લઈને હું અને મારે લઈને એ. શરીર કાંઈ એની મેળાએ ચાલે? હું છું, પ્રેરક છું એમ માને છે. એમ જે માનતો હતો એ શરીર તો એમ ને એમ હતું, ક્રિયા તો એમ ને એમ હતી. ભિન્ન પડતાં આત્મા રાગથી, દેહથી, જડ પર્યાયથી ભિન્ન પડ્યો ત્યારે ખરેખર તો રાગથી પણ ભિન્ન પડી ગયો. આહાહા..!

આમ બહિર્લક્ષી જ્યાં દૃષ્ટિ હતી, શરીર પર્યાય ઉપર, ત્યારે તો રાગની એકતાબુદ્ધિ સહિત શરીરની પર્યાયને એકપણે માનતો હતો. એ શરીર પર્યાયથી અતિસૂક્ષ્મ ભિન્ન ચૈતન્ય મારું તત્ત્વ છે, એમ અંતરના અવલંબનમાં ગયો ત્યારે શરીરની પર્યાયથી ભિન્ન પડ્યો, રાગથી પણ ભિન્ન પડ્યો. ત્યારે તેને શરીરની ઈન્દ્રિયો જીતી એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે? શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, એ તો દેહની પર્યાય એ સ્થિતિ થવાની નહોતી. એમાં તેં શું કર્યું? ભાઈ! શરીરથી મેં વિષય ન સેવ્યો. એ તો જડની પર્યાય છે. એ વખતે એ સંયોગી અવસ્થા સંયોગમાં થવાની નહોતી. એમાં તેં શું છોડ્યું? તેં શું છોડ્યું? ..લાલજી! આ વાત જુદી જાતની છે.

મુમુક્ષુ :- જુદાં થવાની.

ઉત્તર :- હા. એ બધી વાતું લાકડા એટલા ઘૂસી ગયા બહારના. આ વાત જ બેસતી

નથી. વીતરાગ પોકાર કરે છે. ભડનો દીકરો પણ અંદર આવવા દેતો નથી વાત. કાંઈક કાંઈક બીજું કરે, બીજું કરે. આ હોય.. આ હોય.. ધૂળ હોય.. સાધુ થઈને, નામ ધરાવીને જે એમ માને કે આ દ્રવ્યેન્દ્રિયની પર્યાય, જુઓ! આપણે અપવાસ કર્યા, શરીર સૂકાણું એટલી નિર્જરા થઈ. મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. શરીરની પર્યાયમાં મંદ-તીવ્ર થવું એ તો જડની દશા છે. એને પોતાની માની. ત્યાં મંદ પડ્યો ત્યારે નિર્જરા થઈ અને તીવ્ર પુષ્ટ હોય તો મને કર્મ બંધાણું. એ શરીરની પર્યાયને, આત્માને એક માનનારા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આમાં તો બહુ ઘણું કહેવા માગે છે. જુઓને! કેટલું સમાડે છે આચાર્ય! આહાહા..!

'સમયસાર.. સમયસાર... સમયસાર..' 'સમયસાર' આવ્યું હતું ને? કાંઈક ગાયન આવ્યું હતું ને? 'સમયસાર-સમયસાર' નહોતું આપણા ઉદ્‌ઘાટન (વખતે). 'જય સમયસાર.' આ ઉદ્‌ઘાટન થયું તે દિ'. સમજાય છે કાંઈ? આત્માનું હોવાપણું એટલે કે... અહીં ત્રણેની ભિન્ન-ભિન્ન વાત કરશે, હોં! આ જડ પરિણામ છે ને શરીર આ ઇન્દ્રિયો? એથી એને અતિસૂક્ષ્મ ચૈતન્યના અવલંબન વડે, એમ લીધું. આ સ્થૂળ-સ્થૂળ છે એથી એને જુદું પડવામાં અતિસૂક્ષ્મ ચૈતન્યના સ્વભાવના અવલંબન વડે અંતર એકાગ્ર થયો ત્યારે તેને દ્રવ્યેન્દ્રિયનું જીતવું કહેવામાં આવે છે. ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે, ત્યારે તેને ધર્મના પહેલે પગથિયે ચડ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ એક બોલ. બોલ કહેશે ત્રણ. પાઠ છે ઇન્દ્રિયો. એ તો 'અમૃતચંદ્રાચાર્ય' જ એની ટીકા આટલી સ્પષ્ટ. બીજાનું તો માને નહિ. અહીં તો ઇન્દ્રિયનું કહ્યું છે ને? ઇન્દ્રિયમાં વળી વિષયો ક્યાંથી આવી ગયા? સમજાય છે? વિષય પછી લેશે. ત્રીજા (નંબરે) પહેલા ભાવ લીધો. આ જડ લીધો.

હવે અંદર જ્ઞાનનો જે પર્યાય ભાવેન્દ્રિયના ક્ષયોપશમ રૂપે ખંડ ખંડ દેખાય છે એને અહીંયાં ઇન્દ્રિય કહેવામાં આવે છે. એ ઇન્દ્રિય અને એ ભાવઇન્દ્રિયમાં ખંડ ખંડપણું તે મારું છે, એમ માનનાર તે જ્ઞેયને જ્ઞાન માને છે. સમજાણું કાંઈ? જડ એક બાજુ રહ્યું અહીંથી. જ્ઞાનમાં ઉઘાડનો ક્ષયોપશમ જે આમ અંશ અંશ ઇન્દ્રિયનું કામ કરે છે એ ખરેખર જ્ઞાયકનું જ્ઞેય છે. જ્ઞાયકનું એકરૂપ નથી. જ્ઞાયક સ્વભાવનું એકરૂપ નથી. એ ખંડ ખંડ ઇન્દ્રિય, અરૂપી ઇન્દ્રિય અંદરમાં ખંડ ખંડ એ જાણવાનું કાર્ય કરે, એ અખંડને ચૂકે છે. તેથી તે ખંડ ખંડ જ્ઞેય ઇન્દ્રિયને અખંડ જ્ઞાન દ્વારા એને ભિન્ન પાડીને જ્ઞેયને જ્ઞેયપણે કરીને જ્ઞાનને ભિન્ન પાડવું, એનું નામ ભાવ ઇન્દ્રિયને જીતવું કહેવામાં આવે છે. એની વ્યાખ્યા વિશેષ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૩, મંગળવાર, તા. ૧-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૧ પ્રવચન નં. ૯૧**

... ભેદજ્ઞાનની પ્રવીણતાથી પ્રાપ્ત. એમ બે છે સામે સામે. શું કહ્યું? સેઠી! સમજાણું કાંઈ? શું કહ્યું? ખબર નથી. તમે કહો, કહે છે.

આ તો અલૌકિક વાત છે! 'સમયસાર' એટલે અહીં જીવ અધિકારમાં જીવના ગુણો જે શુદ્ધ આનંદકંદ છે એવા આત્માના ગુણોમાં એકાગ્ર થવું, એને અહીંયાં જીવ સ્વભાવ કહેવામાં આવે છે. જીવ-અજીવ અધિકાર છે ને. સમજાણું? એમાં આ ઇન્દ્રિયો જે પાંચ જડ છે એ અજીવ છે, એ જ્ઞેય છે. એ પાંચ ઇન્દ્રિયો આ શરીર પર્યાયને પ્રાપ્ત થયેલી છે. શરીરના પરિણામરૂપ ઇન્દ્રિયો છે આ. ત્યારે એનું જીતવું કેમ કહેવાય? એનાથી '**નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતા...**' એનાથી જુદો નિર્મળ, જૂદું પાડવાની કુળશતાથી પ્રાપ્ત. શું? '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' અંતરમાં પ્રગટ ચૈતન્ય અતિસૂક્ષ્મ ભગવાન આત્મસ્વભાવ, તેના આલંબન વડે અર્થાત્ તેમાં એકાગ્ર થતાં દ્રવ્યેન્દ્રિયો પૃથક્ થઈ ગઈ, તેને દ્રવ્યઇન્દ્રિયો જીતી એમ કહેવામાં આવે છે. આમાં તો સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ (અઘરું નથી). ભાવ ભલે ઝીણા હોય પણ ભાવ તો એને સમજવા પડશે કે નહિ? સમજાણું કાંઈ?

બે વસ્તુ. એક ઇન્દ્રિયો, એક કોર અતીન્દ્રિય આત્મા. હવે અહીંયાં અતીન્દ્રિય આત્માના અંતરબળ વડે ઇન્દ્રિયોને જીતવી એનું નામ જિન, એનું નામ સમ્યગ્દૃષ્ટિ, એનું નામ વાસ્તવિક ભગવાનના ગુણોનું સ્તવન, એનું નામ વાસ્તવિક અનંત ગુણનો પિંડ આત્મા તેમાં એકાગ્ર-સાવધાન થા એ એની સ્તુતિ. સમજાય છે કાંઈ? કહે છે કે '**અતિસૂક્ષ્મ...**' જેવું આ શરીર પરિણામ સ્થૂળ તદ્દન છે. ભગવાન આત્મા અંતર અતિસૂક્ષ્મ પ્રગટ ચૈતન્ય સ્વભાવ છે. જ્ઞાનમૂર્તિ ચૈતન્યસ્વભાવ. તેના અવલંબન વડે, તેના આશ્રય વડે, '**બળ વડે સર્વથા...**' પોતાથી જુદી કરી. કાલે જ આવ્યું છે કે સર્વથા ન હોય વીતરાગમાર્ગમાં. અહીં તો (કહે છે), સર્વથા જુદી કરી.

સિદ્ધ પૂર્ણ અને સદા સ્વતંત્ર એમ ન હોય, એમ કહે છે. સિદ્ધ પૂર્ણ અને સદા સ્વતંત્ર (કહેતાં તેમાં) એકાંત મિથ્યાત્વ થાય છે. એમાં અનેકાંત આવતું નથી. કહો, વજુભાઈ! અહીં કહે છે કે સિદ્ધ ભગવાન પૂર્ણ સ્વતંત્ર અને સુખી છે અને સ્વતંત્ર છે. જરીએ અપૂર્ણતા અને પરતંત્રતા નથી એનું નામ અનેકાંત છે. અહીંયાં પણ ભગવાન આત્મા અતિસૂક્ષ્મ એના અંતરંગના બળ દ્વારા અર્થાત્ અંતર્મુખ થઈને સ્વના લક્ષમાં જડની શરીરપ્રાપ્ત ઇન્દ્રિયો, તેનું લક્ષ છૂટતા અંતરના અતિસૂક્ષ્મ ચૈતન્યને પ્રગટપણે અવલંબતા એ ભિન્ન પડી ગઈ. આત્માના

જ્ઞાનમાં એ દેહની ઇન્દ્રિયોનું પરિણમન, એનો અભાવ થઈ ગયો. પરિણમન તો હતું જડમાં, પણ ચૈતન્યના લક્ષે અવલંબન કરતાં શરીર પરિણામનું પરિણમન સ્વભાવમાં નિમિત્તપણે પણ રહ્યું નહિ. એને એણે દ્રવ્યેન્દ્રિય જીતી, એણે અણિન્દ્રિય આત્માને પ્રાપ્ત કર્યો, એણે ભગવાનની સ્તુતિ કરી. કહો, રાજેન્દ્રજી! ભારે આ સ્તુતિનું વર્ણન! '**સર્વથા પોતાથી જુદી કરી...**' એમ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ૫૦-૫૦ ટકા રાખો.

ઉત્તર :- ૫૦-૫૦ ટકા, કહો, પંડિતજી! ૫૦-૫૦ ટકા રાખો. પંડિતજી બેસી ગયા એક કોર, હવે ઓલા બધા મારે ગપ્પા આડાઅવળા. શું કરે પણ ન કરે ત્યારે. આટલી વાત આવી પણ અરે..! પ્રભુ! શું કહે છે?

પરમાત્મા સિદ્ધ પ્રભુ પૂર્ણાનંદની પ્રાપ્તિ, જેનામાં પ્રભુત્વ નામનો તો ગુણ છે. એ પ્રભુત્વ નામના ગુણને કારણે.. એ પ્રભુવત્વ ગુણ છે ને? જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ. સાતમો ગુણ છે. જુઓ! આમાં સાતમો. જુઓ! અહીં કહ્યું એના ઉપર જરી લેવું છે ને. સ્વતંત્ર ઉપર. જુઓ! સ્વતંત્ર સ્વતંત્ર. આહાહા..! શું કહે? એ તો બધી વ્યાખ્યા આવી ગઈ છે. અત્યારે જુદી જાતની આવશે.

જુઓ! સાતમો બોલ છે-સાતમો ગુણ. ભગવાન આત્મામાં એક ગુણ એવો છે, ભગવાન પરમેશ્વરે એવો ગુણ આત્મામાં જોયો છે અને છે, કે જે ગુણનો ગુણ, જે ગુણનો ગુણ, જે ગુણનું કાર્ય. અહીં ગુણનો ગુણ એટલે ગુણનું કાર્ય. શું છે? '**જેનો પ્રતાપ અખંડિત છે...**' દેખો! '**કોઈથી ખંડિત કરી શકાતું નથી એવા સ્વતંત્રથી, સ્વાધીનતાથી શોભાયમાનપણું જેનું લક્ષણ છે. એવી પ્રભુત્વ શક્તિ.**' ભગવાન આત્મામાં બિરાજમાન અનાદિઅનંત છે.

મુમુક્ષુ :- શાલીત્વ છે.

ઉત્તર :- હા, એ શોભાયમાન છે. શાલીત્વ એટલે શોભાયમાન. સમજાય છે કાંઈ? સ્વતંત્રતાથી શોભાયમાન, એમ કહેવું છે. સમજાય છે કાંઈ? '**अखण्डितप्रतापस्वातन्त्र्य-शालित्वलक्षणा प्रभुत्वशक्तिः**' સમ્યગ્દૃષ્ટિ પણ આત્માને એવો જાણે-માને છે કે હું એક પ્રભુત્વ નામના ગુણથી ભરેલો છું. તેથી પ્રભુત્વગુણને કારણે મારા પ્રતાપને કોઈ ખંડ કરી શકે એવો છે નહિ. હું અખંડ પ્રતાપથી સ્વતંત્રતાથી શોભાયમાન ભગવાન હું આત્મા છું. એમ સમ્યગ્દૃષ્ટિ આત્માને માનતા આવા પ્રભુત્વ ગુણવાળો માને છે. છે કે નહિ? બાબુલાલજી! આ શું થયું ગડબડ આટલી? શું કહે છે? દેખો! કેટલી વાત સ્પષ્ટ કરી છે! '**अखण्डितप्रतापस्वातन्त्र्यशालित्वलक्षणा**' હવે એને કહેવું કે કથંચિત્ સ્વતંત્ર અને કથંચિત્ પરતંત્ર. એય..! ભીખાભાઈ! છે? ક્યાં? વાંચો જોઈએ.

મુમુક્ષુ :- '**જેનો પ્રતાપ અખંડિત છે કોઈથી ખંડિત કરી શકાતું નથી...**'

ઉત્તર :- બરાબર, હવે આવી ગયું. વાંધો નહિ.

એ પ્રભુત્વ નામના ગુણનું સામર્થ્ય એવું છે કે, પ્રભુત્વ નામના એક ગુણનું સામર્થ્ય એવું છે કે જેથી બધા ગુણોનું સામર્થ્ય એવું છે કે. અહીં તો ભાઈ ઓલા ગતિ ને સ્થિતિ બધું. સમજાણું? જેટલા આત્મામાં ગતિ થવાની લાયકાત, સ્થિર થવાની લાયકાત, શ્રદ્ધા આદિના ગુણો (છે) એ બધા ગુણોમાં પ્રભુત્વ ગુણ વિભુ નામ વ્યાપક છે. સમજાણું કાંઈ? એ પ્રભુત્વ પછી જ વિભુ લીધું છે. ભગવાન આત્મામાં અનંત ગુણમાં એક પ્રભુત્વ નામનો ગુણ (છે) કે જેનો પ્રતાપ અખંડ છે. જેના પ્રતાપને કોઈ ખંડ કરી શકે એવી જગતમાં કોઈ ચીજ નથી. અને જેની સ્વતંત્રતાથી શાલીત્વ નામ શોભાયમાનપણું છે. એ પ્રભુત્વ ગુણનું સ્વતંત્રપણે શોભાયમાનપણું જેનું લક્ષણ અને સ્વરૂપ છે. એને કારણે આત્માના અનંતા ગુણો અખંડ પ્રતાપપણે શોભિત અને સ્વતંત્રપણે અખંડ પ્રતાપપણે રહેલાં અને સ્વતંત્રપણે શોભિત એવા અનંતા ગુણો છે. એની અનંતી પર્યાય એવી છે. શું કીધું સમજાણું આમાં?

જેનો ગુણ છે સ્વતંત્રપણે શોભિત અખંડ પ્રતાપ એવો આત્માનો ગુણ છે. એ ગુણનો ધરનાર આત્મા છે. એવા આત્માની દૃષ્ટિ થતાં તે પ્રભુત્વ નામના ગુણનું પર્યાયમાં પણ પરિણમન થયું. સેઠી! ન્યાયથી સમજજો, ન્યાયથી. પ્રભુત્વ નામના ગુણનો ધરનાર ભગવાન આત્મા છે. એ પ્રભુત્વગુણનું કારણ ધરનાર અખંડ પ્રતાપ અને સ્વતંત્રથી શોભાયમાન ગુણ છે. એવા ગુણને ધરનાર દ્રવ્ય, એવા દ્રવ્યની દૃષ્ટિ થતાં એ દ્રવ્યમાં જેટલા ગુણો છે તેની બધી પર્યાયોમાં આ સ્વતંત્રપણે શોભાયમાન એવો જે પ્રભુગુણ દ્રવ્યમાં છે, ગુણમાં છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં પર્યાયમાં એનું વ્યાપવાપણું થઈ ગયું. આહાહા..! પ્રભુત્વપણે પર્યાયમાં અખંડ પ્રતાપપણે સ્વતંત્રતાથી શોભાયમાન છે એવી પર્યાયનું પરિણમન સ્વતંત્ર દ્રવ્યના આશ્રયે આ રીતે થઈ ગયું. સેઠી! અરે..! ભગવાન! શું કરે છે આ? આવી આટલી બધી વાત! પ્રભુ! સિદ્ધને પણ હજી પૂર્ણ સ્વતંત્ર અને સદા સ્વતંત્ર માનો તો એકાંત મિથ્યાત્વ છે. કોઈ પૂછનાર, કોઈ કહેનાર (નથી). આવી વાત પ્રભુ તને શોભે, બાપુ! આવા જૈનદર્શનમાં આવું? જુઓ તો ખરા.

એક સમ્યગ્દૃષ્ટિ ભગવાન આત્મામાં રહેલો એક ગુણ અને એ ગુણમાં વિભુપણું છે. અનંતા ગુણમાં એ વ્યાપક થઈ ગયો છે. એથી તે પ્રભુત્વ નામના ગુણને પરમેશ્વર નામનો ગુણ ભગવાન આત્માનો, એને ધરનાર દ્રવ્ય છે એ દ્રવ્ય એટલે આત્મવસ્તુ, એની દૃષ્ટિ થતાં એ પ્રભુત્વ ગુણની પર્યાયમાં પરિણમવું થઈ ગયું. અનાદિ દ્રવ્ય-ગુણમાં હતું, પણ દૃષ્ટિ દ્રવ્યની નહોતી તેથી પર્યાયમાં પ્રભુત્વ ગુણનું સ્વતંત્ર અખંડ પ્રતાપણે શોભાયમાનપણું પર્યાયમાં નહોતું એ પ્રગટ થઈ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી રાગ, વિકલ્પ એક અંશ દૃષ્ટિ હતી, આત્માનો અંશ વ્યક્ત જે જ્ઞાન અંશ, દર્શન અંશ, વીર્ય અંશ આદિ એના ઉપર દૃષ્ટિ હતી અને રાગ ઉપર દૃષ્ટિ હતી ત્યાં સુધી એ પરાધીન ખંડ ખંડપણે પરિણમતો. એ પણ

સ્વતંત્રપણે. કોઈ એને પરિણમાવતું, એમ નહિ. સમજાય છે કાંઈ?

પણ જ્યારે ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત ગુણનો પિંડ, એમાં પ્રભુત્વ નામનો ગુણ પ્રસરી રહેલો છે. અસંખ્ય પ્રદેશે અનંત ગુણમાં પ્રભુત્વ પ્રસરી રહ્યો. પ્રભુત્વ પ્રસરી રહ્યો. પામરતા હવે રહી નથી. સમજાણું કાંઈ? એ પ્રભુત્વ નામના ગુણનો ધરનાર ગુણી એવો ભગવાન આત્મા, એ ગુણીને શ્રદ્ધા અનુભવમાં, પ્રતીતમાં લેતાં પ્રભુત્વ ગુણ પર્યાયમાં પ્રસરી ગયો. પર્યાયમાં પ્રગટ થઈને પ્રસર્યો તો અખંડ પ્રતાપ, મારી પર્યાયનો અખંડ પ્રતાપ અને સ્વતંત્રતાથી શોભાયમાન મારી પર્યાય છે. આહાહા..! એમ તો સમ્યગ્દૃષ્ટિ પહેલે થતાં જ માને છે. હવે સિદ્ધનું તો શું કહેવું? વિજયમૂર્તિ! આહાહા..!

કહે છે અહીંયાં, જુઓ! '**શરીર પરિણામને પ્રાપ્ત...**' ઓલા પ્રાપ્ત ઉપર બે શબ્દ લીધા છે. અહીં '**शरीरपरिणामापन्नानि**' અને અહીં '**उपलब्धान्तः**' છે. '**अभ्यासकौशलोपलब्धान्तः**' પંડિતજી! આમ '**आपन्नानि**' છે, આમ '**उपलब्धान्तः**' બેય પ્રાપ્ત છે, બેય અર્થ. આમ શરીર પરિણામને પ્રાપ્ત. એક. ત્યારે ભગવાન આત્મા. જુઓ! '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે...**' સમજાય છે? ભેદ અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત. પ્રાપ્ત નામ ઉપલબ્ધ. આમ શરીર પરિણામને પ્રાપ્ત છે, અહીંયાં ભગવાન ભેદજ્ઞાનના અભ્યાસથી પ્રાપ્ત છે. 'અમૃતચંદ્રાચાર્ય' આમ ગુલાંટ ખાઈને વાત બબ્બે કરે છે. એમાં આત્મામાં પ્રભુત્વ નામનો ગુણ પડેલો છે. અતિસૂક્ષ્મ પ્રગટ ભગવાન પરમાત્મા પોતે છે. એમાં એક પ્રભુત્વ નામનો સ્વતંત્ર અખંડ પ્રતાપથી શોભાયમાન એવો ગુણ છે. એથી તેના ગુણનું આલંબન ગુણીનું લેતા એની પર્યાયમાં પ્રગટ પ્રભુતાની અખંડ પ્રતાપથી શોભાયમાન પર્યાયનું પરિણમન થાય છે. એની પામરતા રહેતી નથી. ખંડ ખંડનો આશ્રય રહેતો નથી. એની સ્વતંત્રતામાં અપૂર્ણતા તેને રહેતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવો ભગવાન પણ એને બેસે નહિ. હું પરમેશ્વર...? હું પરમેશ્વર..? બાપા! તું તો અનંતો અનંત પરમેશ્વર. સમજાણું કાંઈ? આહાહા..!

'**સર્વથા પોતાથી જુદી કરી;...**' હોં! સર્વથા શબ્દ છે હોં! દરેકને. પાછળ શબ્દ સર્વથા છે ને. સંસ્કૃતવાળા જાણે પંડિતજી. સર્વથા જુદું છે એ ત્રણેને લાગુ પડે છે. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ.. એમ જ હોય ને. સમજાણું કાંઈ? આહાહા..! થોડું એનાથી જુદું પાડ.. થોડું એનાથી જુદું પાડ, એમ હશે? ૫૦ ટકા જુદું અને ૫૦ ટકા ભેળસેળ. ભેળસેળને હિન્દીમાં શું કહે? મિલાવટ. ૫૦ ટકા મિલાવટ દ્રવ્યેન્દ્રિય સાથે. ૫૦ ટકા ભિન્ન. રાજેન્દ્રજી! એમ હોય નહિ લ્યો ભાઈ. નાના પંડિત કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- માલમાં મિલાવટ...

ઉત્તર :- માલમાં મિલાવટ કરે છે. આહાહા..! જુઓ તો ખરા એક શબ્દ છે.

હવે એ દ્રવ્યેન્દ્રિયનું જીતવું થયું. અહીં વાત ક્રમે કરશે. પણ છે એક સમયે ત્રણેય.

દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય, વિષયોનું લક્ષ છૂટતા અહીંયાં આત્માનું અવલંબન થતાં એકાગ્ર થાય, તેને આત્માની સ્તુતિ અથવા તેને સમ્યગ્દર્શન કહે છે. પાઠ સમજાવવામાં તો ક્રમ પડે ને. કાંઈ પહેલું આ દ્રવ્યેન્દ્રિય જુદી પડે અને પછી ભાવ ઈન્દ્રિય (જુદી પડે) એવું કાંઈ અંદર નથી. એ તો સમજાવવાની રીત છે. સમજાય છે કાંઈ?

હવે ભાવઈન્દ્રિય. એ વિષય તો કાલે આવ્યો હતો. એને તો જરી.. હવે આ રીતે આવ્યું. હવે આમાં ખંડ અને અખંડ મેળવે છે. ઓલામાં આમ શરીર પરિણામને પ્રાપ્ત, ત્યારે ભેદજ્ઞાનના પ્રવિણપણાથી ભગવાન પ્રાપ્ત. એમ દ્રવ્યેન્દ્રિયમાં લીધું. હવે ભાવેન્દ્રિય. આ દ્રવ્ય ઈન્દ્રિય એટલે શરીર પરિણામને પ્રાપ્ત. એનાથી અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવના અવલંબને સર્વથા જુદી કરીને પ્રાપ્ત કર્યો આત્માને.

**'જુદા જુદાં પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે...'** આ પહેલો શબ્દ. '**आकर्षन्ति**' શબ્દ છે ને ભાઈ! સંસ્કૃતમાં એમ છે. '**आकर्षन्ति**' એટલે ગ્રહણ કરે છે. જાણે છે. '**ખંડખડરૂપે જણાવે છે...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. જુદા શું કહે છે? ધ્યાન રાખીને (સમજવું). આપણે તો અહીં અત્યારે તો ગુજરાતી છે. કાંઈ બહુ એવું પડે એવું નથી. અને ગુજરાતી પણ સાદું છે. એ કાંઈ હવે આમાં એવું કાંઈ નથી. ધ્યાન રાખે તે પકડાય એવું છે.

'**જુદાં જુદાં પોતપોતાના વિષયોમાં...**' ભાવઈન્દ્રિય, ખંડ ખંડ ઈન્દ્રિય. જ્ઞાનના ક્ષયોપશમવાળો અંશ. એ ખંડ ખંડપણે પોતાને જાહેર કરે છે. ખંડ ખંડપણે જણાવે છે. કોને? '**પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને...**' એટલે શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ પદાર્થને '**ખંડ ખંડ ગ્રહણ કરે છે (અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે)...**' એક અંશ અંશરૂપે ખંડ ખંડ રૂપે જણાવે છે. એવી જે ભાવઈન્દ્રિય તે ખરેખર આત્માના જ્ઞાયકનો વિષય જ્ઞેય છે. અહીં સંકરદોષનો નિષેધ કરવો છે ને? જ્ઞેયજ્ઞાયક સંકરદોષનો પરિહાર. એટલે પહેલો દ્રવેન્દ્રિય જ્ઞેય, ભગવાન આત્મા જ્ઞાયક. એના અવલંબન વડે સંકર નામ બેનું એકપણું-ખીચડો માન્યો હતો તેનો દોષનો પરિહાર થયો.

બીજો આ ભાવેન્દ્રિય. જ્ઞાનનો વર્તમાન અંશ ખંડ ખંડ વિષયને જણાવે અથવા જ્ઞાનને ખંડ ખંડપણે જણાવે એવો જે જ્ઞાનનો ભાવઈન્દ્રિયનો વિષય, ભાવઈન્દ્રિયનો અંશ એ જ્ઞાયકસ્વભાવનું જ્ઞેય છે. એ જ્ઞેયને જ્ઞાયકની સંકરતા નામ એકતા માની છે, એકતા માની છે એ ભગવાનના ગુણના સ્તવનથી ઊલટી સ્તુતિ જ્ઞેયની સ્તુતિ છે. ખંડ ખંડની સ્તુતિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેટલી ટીકા તે કાંઈ ટીકા! એક એક શબ્દમાં કેટલું ભરી દે છે! આવી ટીકા અને આનું વાચ્ય પાછળ શું કેટલી ગંભીરતા એનામાં! ગજબ વાત છે. 'અમૃતચંદ્રાચાર્ય'નો ક્ષયોપશમ, અનુભવ, ચારિત્ર સ્થિરતા, એની દશા. આહાહા..! હાલતા

પરમેશ્વર! ચાલતા .. ભિન્ન હોં! પણ એ ભિન્ન. જ્યારે આ ટીકા થતી હશે અને એ જ્ઞાનનો ઉપયોગ કામ કરતો હશે ને.. આહાહા..!

ભાઈ! એક એક જ્ઞાનનો ખંડ ભાવઇન્દ્રિય, તેના તેના વિષયોને, જુદા જુદા વિષયોને એક એક ઇન્દ્રિય એના પણ જ્ઞાનને ખંડ-ખંડ ભાગપણે, અંશપણે જણાવે છે. એવી ભાવઇન્દ્રિયોને '**એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા અખંડ...**' એની સામે આ શબ્દ છે. સામે ઓલું ખંડ છે ત્યારે આ અખંડ છે. '**પ્રતીતિમાં આવતા અખંડ...**' ભગવાન આત્મા અખંડ પ્રતીતિમાં આવે છે એમ કહે છે. જુઓ તો ખરા! અહીં અખંડ છે. ખંડ ખંડ, સામે અખંડ છે. ખંડ ખંડ તે જ્ઞેયમાં જાય છે, અખંડ તે જ્ઞાયક છે. એવો અખંડ ભગવાન જ્ઞાયકની દૃષ્ટિ થતાં. કેવી રીતે? કે '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...**' અખંડ એક ચૈતન્ય. પાછી ભાષા આ છે. અખંડ અને એક. બે શબ્દ વાપર્યા છે. અખંડ-અખંડ પ્રતીતિમાં આવતા, અખંડ એક ચૈતન્ય. સમજાણું? અહીં છે ને આપણે, જુઓને. '**જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી...**' 'શ્રીમદ્'નું વાક્ય છે ખૂણામાં. બે શબ્દ વિશેષણ વાપર્યા છે. એ ખૂણામાં તદ્દન ખુણામાં. '**જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.**' એ ચાર લીટી છે એટલો ચાકળો. આ ઓલા ફૂલની ઓલી કોર. છે? ભીખાભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ નથી જણાતું. એ તો કાચી આંખ છે. એ તો મને ખબર છે. આની કોર. ઓલા 'શ્રીમદ્'ના ચાંદીના બે પુસ્તક પડ્યાને? એની ઓલી કોર ખૂણામાં જુઓ. '**જીવ એક અખંડ.**' બે શબ્દ વાપર્યા છે. અહીં એ બે શબ્દ થયા. '**જીવ એક અખંડ, સંપૂર્ણ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી.**' વસ્તુ એક સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનો જ્ઞાન ગુણ સ્વભાવ સામર્થ્ય અખંડ છે. પૂર્ણ-સંપૂર્ણ છે. અને સંપૂર્ણ વીતરાગ થાય, જે રાગરહિત સંપૂર્ણ થાય એ સંપૂર્ણ સર્વજ્ઞ થાય. સંપૂર્ણ થાય એમ કેમ કહ્યું? પહેલું સમ્યગ્દર્શનમાં સર્વજ્ઞ છું એમ પ્રતીતિ થઈ. પણ સર્વજ્ઞ પર્યાય સંપૂર્ણ વીતરાગ થાય ત્યારે સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'ના વાક્યમાં ઘણું ઘણું ભર્યું છે, હોં! બહુ ક્ષયોપશમ હતો ઘણો. એમની તો ઘણી શક્તિ. પણ નાની ઉંમરમાં દેહ છૂટી ગયો. પાંચ વર્ષ હોત તો ખળભળાટ થઈ જાત. ભાગ્ય ક્યાંથી પણ જગતના ભાગ્ય નહિ ને.

કહે છે, '**પ્રતીતિમાં આવતા અખંડ એક...**' ભાષા અહીં છે. ત્યાં એક અખંડ એમ શબ્દ છે. '**પ્રતીતિમાં આવતા...**' આ આત્મા પ્રતીતિમાં, શ્રદ્ધામાં, ભરોસામાં આવતા. આ પ્રતીતિ લક્ષણ સમ્યગ્દર્શનનું અહીં વર્ણવ્યું છે. '**પ્રતીતિમાં આવતા અખંડ એક...**' અખંડ એક. અખંડ અને એક ચૈતન્ય સ્વભાવ, એક ચૈતન્ય શક્તિ, એક ચૈતન્ય સામર્થ્ય, ચૈતન્ય સામર્થ્ય. શક્તિ કહો કે સામર્થ્ય કહો. '**તે વડે...**' ત્યાંય એમ કીધું છે જુઓ! એક અખંડ

સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. અહીં પણ ચૈતન્યશક્તિ સંપૂર્ણ છે. અખંડ એક ચૈતન્ય શક્તિ સંપૂર્ણ ભગવાન આત્મા છે. આહાહા..!

એ '**વડે...**' ભાવ ઇન્દ્રિય ખંડખંડ જે જણાતું જ્ઞાન તેને અંતરમાં પ્રતીતિમાં લેતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે તે જુદી થઈ ગઈ. સર્વથા જુદી થઈ ગઈ. કાંઈ ખંડ ઇન્દ્રિય થોડી ભેગી રાખી હોય અને થોડા અખંડનું જ્ઞાન, એમ અહીં નથી કીધું. આહાહા..! આવા સર્વથા શબ્દ તો ઘણા વાપર્યા છે, ભાઈએ-'રાજમલજી'એ. ઘણા વાપર્યા છે. સર્વથા... સર્વથા... આ રહ્યા. ... થાય? ક્ષાયિક સમ્યક્ થાય (ત્યારે) સર્વથા સમ્યગ્દર્શન ચોખ્ખું છે. વળી જરીક કાંઈક મિથ્યાત્વ અને જરીક કાંઈક ક્ષાયિક સમ્યક્ એમ હોતું હશે? આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્ય અખંડ પ્રતીતિમાં આવતા એક અખંડ ચૈતન્ય શક્તિ એટલે સામર્થ્ય તેને પ્રતીતમાં લેતા એ વડે ભાવ ઇન્દ્રિય ખંડ ખંડને અખંડના અવલંબને ખંડ ખંડ જુદી પડી ગઈ. એ જ્ઞેય અને જ્ઞાયક એક માનતા હતા એ જ્ઞેય જ્ઞાયકના સંકરદોષનો પરિહાર થયો. સમજાય છે કાંઈ? આહાહા..! તમે તો ગુજરાતી ઘણું જાણો છો.

મુમુક્ષુ :- 'શ્રીમદ્'નો વારસો છે.

ઉત્તર :- કોને? સૌનો વારસો સૌની પાસે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે '**અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી...**' પોતાથી એટલે અપનેસે હોં! એમ લેવું. હિન્દીમાં અપનેસે. પોતાથી એટલે પોતાના આત્માથી એ ખંડ ખંડ ઇન્દ્રિયનું લક્ષ છોડી અખંડ પ્રતીતિમાં આવતા ચૈતન્યશક્તિને અવલંબતા એ ભિન્ન પડી ગઈ. ભિન્ન પડી ગઈ. આશ્રય રહ્યો નહિ, એકત્વ રહ્યું નહિ. સમજાણું કાંઈ? આનું નામ આત્માની સ્તુતિ, સ્તવન અને સમ્યગ્દર્શન કહેવાય છે. એણે કેવળીના ગુણ ગાયા. છે કે નહિ? સેઠી! શું આવ્યું? કહો, સમજાય છે કાંઈ? એ હોંશિયાર માણસ છે. ક્યાં આવ્યું? પણ આ એની સામે પાઠ રાખ્યો છે એનું કારણ એ કે ક્યા શબ્દનો (અર્થ થાય છે ખબર પડે).

કો'કે લખ્યું છે કાલે હોં! આ ભાઈએ લખ્યું છે. ધન્યકુમાર. આ ધન્ય શેઠ નથી આવ્યા? કટનીના. એણે કાલે લખ્યું છે. એ લોકો બરાબર પુસ્તક સામે રાખે અને એ શબ્દનો શું અર્થ, એને આળસ ન થાય, જોલું ન આવે એ માટે સામે પુસ્તક રાખીને અર્થ કરે છે. એમ લખ્યું છે. જૈન સંદેશમાં. કટનીવાળા આવ્યા હતા ને? જગમોહનલાલજી અને એ બે. એણે ખુબ લખ્યું છે અહીંનું. ત્યાં પુસ્તક સામું રાખે તેથી એનું ધ્યાન રહે અને તેથી એને આળસ આવે નહિ, એમ લખ્યું છે એણે, હોં! તમારા વતી એમ લખ્યું છે એણે. તમે આમ ન રાખો ને સાંભળવામાં ધ્યાન રાખો અને અહીં ધ્યાન ન રાખો. કહો, સમજાણું આમાં? ઘણી વાત લખી છે. પહેલેથી લખ્યું છે. આ વળી બીજું લખ્યું. હજી બાકી છે કાંઈક. બીજું બાકી છે. .. બાકી છે. .. ક્રમ. ..સામને પરસ્પર એક ઓર પુરુષવર્ગ દૂસરી

ઓર મહિલાવર્ગ બૈઠને કી વ્યવસ્થા હૈ. વહાં ભી સોનગઢ.. રાજકોટની વાત છે. સોનગઢકી તરહ સ્વાધ્યાય કી પ્રવૃત્તિ હૈ. જિતને શ્રોતા હૈ ઉન સબકે પાસ એક એક પુસ્તક રહતે હૈં. પુસ્તક સામને રખકર હી સબ લોગ વ્યાખ્યાન સુનતે હૈં. યહ પદ્ધતિ બહુત બડા લાભ હૈ. લોગ પુસ્તક મેં સાથ સાથ પઢતે જાતે હૈં ઔર ઉસસે .. બઢતી હૈ ઔર આલસ નહીં આતી હૈ. જો ધ્યાન રાખે તો. કહો, સમજાય છે કાંઈ?

એ ભાવઇન્દ્રિયનું જીતવું થયું. દ્રવ્યઇન્દ્રિય અને ભાવઇન્દ્રિયનું જીતવું એકસાથે જ છે. એ તો જેવા શરીર પરિણામની વ્યાખ્યા કરી તો અતિસૂક્ષ્મ ચૈતન્યના આલંબનને પ્રાપ્ત કહ્યું. અહીં ભાવેન્દ્રિયનું કહ્યું તો અખંડ ચૈતન્યની પ્રતીતિનું પ્રાપ્ત કહ્યું. સમજાણું? હવે ત્રીજો બોલ રહ્યો '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધ...**' શબ્દ. ખુબી તો જુઓ. પાઠમાં '**इंदिये जिणित्ता**' (છે). 'અમૃતચંદ્રાચાર્ય' આવું ક્યાંથી કાઢ્યું? આવી ટીકા? ઇન્દ્રિયને જીતવું કહ્યું છે. ત્યાં તો વળી તમે કહો, ભગવાનની વાણી અને બધા શબ્દ રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ બધા ગ્રાહ્ય-જણાવા લાયક અને આત્મા જાણનાર. એ પરવસ્તુ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ગ્રાહ્ય જણાવાલાયક, આત્મા જાણનાર. એવા '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા...**' દેખો! આ ઇન્દ્રિયમાંથી કાઢ્યું છે એમણે. '**સંબંધની નિકટતા...**' સંબંધની નિકટતા. જણાવા યોગ્ય શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આ પુસ્તક, પાના, ભગવાન, વાણી આદિ બધું. એ જણાવાયોગ્ય અને ગ્રાહક જાણનાર આત્મા એવા લક્ષણવાળા સંબધની નિકટતાને લીધે. બહુ નિકટપણું છે ને. એ જણાવાલાયક અને જાણનાર, જણાવાલાયક અને જાણનાર, પ્રમેય અને પ્રમાણ, એમ. એવી નિકટતાને લીધે '**જેઓ પોતાના સંવેદન સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે...**' શબ્દ અને શબ્દનું જ્ઞાન જાણે એક થઈ ગયું હોય, જાણે શબ્દથી જ્ઞાન ઊપજતું હોય, જાણે મૂર્તિ દેખવાથી શુભભાવ થતો હોય, એ જ્ઞેયથી જાણે અહીંયાં પર્યાય પ્રગટ થતી હોય. સમજાણું કાંઈ?

એમ '**જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે...**' ભાષા કેટલી સમાડી દીધી છે! ગ્રાહ્યમાં જેટલા આત્માના જ્ઞાન સિવાયના પદાર્થો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ બધા ઇન્દ્રિયોના વિષય તરીકે તેને ઇન્દ્રિય ગણીને, તેને જણાવાયોગ્ય પદાર્થ જ્ઞેય ગણીને જ્ઞાન જ્ઞાયક જુદો છે, એ જણાવાલાયક પદાર્થથી જાણે જ્ઞાન થતું હોય અને જ્ઞાન એને અવલંબે તો જ જ્ઞાન થાય, એવું ગ્રાહ્ય ગ્રાહકનું એકપણું જેવું અજ્ઞાનીને દેખાય છે.

'**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબધની નિકટતાને લીધે...**' બીજી ભાષાએ કહીએ તોજ્ઞેય અને જ્ઞાયક જાણે નિકટ સંબંધને લઈને '**જેઓ પોતાના સંવેદન સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા...**' હોય. જાણે કે શબ્દનું જ જ્ઞાન હોય, જાણે કે રૂપનું જ જ્ઞાન હોય, જાણે કે એ છે તો આ જ્ઞાન હોય. એવા પરસ્પર એક જેવા થઈ ગયેલા, હોં! થયા નથી. પણ માન્યતામાં એને એમ થઈ ગયું છે કે આ શબ્દ છે તો જ્ઞાન થયું, રૂપ છે તો જ્ઞાન

થયું, ભગવાનની વાણીથી જ્ઞાન થયું. ભગવાન છે, સમવસરણ છે તો અહીં જ્ઞાન થયું. સમવસરણ જ્ઞેય છે કે નહિ? સમવસરણ પણ જ્ઞેય છે. આહાહા..!

એ '**પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે...**' શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, અશુભ કે શુભ. સમજાય છે? આ પુસ્તક-પાના આ પુસ્તક પણ ખરેખર તો ગ્રાહ્ય જ્ઞેય છે. આ પુસ્તક પણ ગ્રાહ્ય છે. ગ્રાહક ભગવાન આત્મા છે. પણ જાણે ગ્રાહ્ય અને ગ્રાહક અને જ્ઞેય ને જ્ઞાન એક થઈ ગયા હોય. એક કાળે જ્ઞાન એને નિમિત્તના લક્ષે ઉત્પન્ન થતું એટલે જાણે એને કારણે થયેલું આ બે એક હોય, એ જ્ઞેયથી જ્ઞાન જુદું ન હોય એમ અનાદિથી અજ્ઞાનમાં વિપરીત જ્ઞેયને પોતાપણે ભાસે છે. સમજાણું કાંઈ?

'**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા...**' કેટલું સમાવ્યું છે! એક ફેરી ટીકા કરી હતી. લ્યો! આ તો કહે છે કે ભગવાનની વાણી એ પણ વિષય કહેવાય. ઇન્દ્રિયનો વિષય. આ શું કહે છે અહીં? એય..! અરે..! ભગવાન! અહીં ગ્રાહ્ય એટલે વાણી હો કે સાક્ષાત્ ભગવાન હો, એ બધા જ્ઞેય છે, પરજ્ઞેય છે. એ ઇન્દ્રિયના વિષય છે. એને તો અહીં ઇન્દ્રિય કીધી છે. આહાહા..! જગતને તત્ત્વની પાસે જાવું એવું કઠણ પડ્યું એને. બહારથી ભટક્યા ભટક.. ભટક્યા ભટક (કરે છે). કહો સમજાણું આમાં? અહીં તો કહે છે કે ભગવાનની વાણી હો, સમવસરણ હો, તીર્થંકરનું મંદિર હો, એ બધા તીર્થંકર પોતે ઇન્દ્રિયનો વિષય છે. એય..! ...લાલજી! અને તે વખતે જ્ઞાનમાં જાણે આ જણાય (તો) આ બધા એક છે, જ્ઞેય અને જ્ઞાયક એક છે એમ જાણતાં મિથ્યાદષ્ટિપણું થાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

'**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા...**' જણાવા યોગ્ય અને જાણનારો ભગવાન બેના સંબંધની સમીપતાને લીધે, બેના સંબંધની નિકટતા, નજીકતા છે એવું જ જ્ઞાન થાય તે ટાણે. એટલે જાણે કે આ જ્ઞેયથી જ્ઞાન થયું, શબ્દથી જ્ઞાન થયું. ભગવાનની વાણી છૂટી એટલે અહીં જ્ઞાન થયું, ભગવાને દેખ્યા માટે એનું જ્ઞાન થયું. એ બધો ભ્રમ અજ્ઞાનીનો છે, કહે છે. આહાહા..! એય..! મલૂકચંદભાઈ! શું કરવું આ? હજી તો મંદિર કરવું છે તમારે. અહીં તો કહે છે, મંદિર જ્ઞેય છે.

મુમુક્ષુ :- તો નહિ કરે.

ઉત્તર :- નહિ કરે. કોણ કરતું હતું તે નહિ કરે? કરી શકાય છે તો નહિ કરે? અટકી જાવ. શું અટકાવી શકે છે? જે વસ્તુ તેની અવસ્થા થવાની એને અટકાવી શકાય છે?

અહીં તો ઇ જ કહે છે. શબ્દ જ્ઞેય, આત્મા જ્ઞાન. બેના નિકટ સંબંધને લઈને જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ લાગ્યો છે. સંકર નામ ખીચડો થઈ ગયો છે. આહાહા..! ભાઈ! વીતરાગમાર્ગ બાપુ! એવો કોઈ અલૌકિક છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વીતરાગે કહ્યું છે એટલે છે (એમ નહિ). એ તો વસ્તુ એવી છે. એને ખબર ન મળે એટલે સાંભળી ન હોય એટલે કાંઈ બીજી ચીજ થઈ જાય?

અહીં તો કહે છે કે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. ભગવાનની પ્રતિમા (કે) તીર્થંકર સાક્ષાત્ બિરાજમાન હો તોપણ ઇન્દ્રિયના વિષય છે, એ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. પણ જાણે જ્ઞેય છે માટે જ્ઞાન થયું, એમ જ્ઞેય અને જ્ઞાયકની નિકટતાના સંબંધને લઈને બેની એકતા માની છે તેનું નામ ભગવાન મિથ્યાદૃષ્ટિ ભ્રાંતિ કહે છે. સમજાય છે? એણે ઇન્દ્રિયને જીતી નથી એમ કહે છે. લ્યો, આ વળી આવું ક્યાંથી ઇન્દ્રિયને જીતવું? ભગવાન દેખાય આમ જ્ઞાનમાં એ જ્ઞેય અને આ જ્ઞાન. એ જ્ઞેય છે માટે અહીં જ્ઞાન થયું એણે ઇન્દ્રિય જીતી નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહે છે. ઈ તો કહે છે.

'**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા...**' પરસ્પર હોં! જ્ઞેય ને જ્ઞાન અને જ્ઞાન ને જ્ઞેય. જાણે '**એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા...**' દેખો! ભગવાનને પણ ભાવઇન્દ્રિય વડે ગ્રહવામાં આવતા. '**જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને,...**' હવે તેમને જીતવાની વાત કરે છે. '**પોતાની ચૈતન્ય શક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગ...**' અહીં અસંગ ઉપર જોર છે. ઓલું સંગ- આ અસંગ. પરસંગ એવ. કાલે આવ્યું હતું. પરસંગ એવ. ખોટો અર્થ તમે કરો છો. ત્યાં ગુનામાં ચર્ચા થઈ. પરસંગ છે ને. ત્યાં ચર્ચા થઈ રાજેન્દ્ર સાથે. રાજકુમાર શું કહેવાય? રાજેન્દ્ર. આ લોકો તરફથી કહે કે પરસંગ એવ. પરનો સંગ કર્યો છે માટે વિકાર થાય છે. એમ નહિ ખોટો અર્થ કરો છો. પરને કારણે વિકાર થાય એવો અર્થ છે. વિકાર તારાથી થાય, એમ નહિ. નહિ, પરને કારણે વિકાર થાય. વળી વ્યાપ્તિ લાવ્યા રાજેન્દ્રજી. બીજા પાસે. ઓલો કહે જુઓ, ઉદય હોય તો વિકાર થાય. એવું લાવો કે વિકાર થયો હોય અને ઉદય ન હોય. પણ એનો અર્થ શો? વિકાર હોય ત્યારે વિકાર કરે તો સામે નિમિત્ત હોય. અને ઉદય હોય છતાં વિકાર ન કરે તો તે વિકાર થતો નથી. આહાહા..! એ કહેશે, ૩૨માં કહેશે. ૩૨માં લેશે. એમાં પણ ઊંધો અર્થ કરે છે. એનો ઊંધો અર્થ જ એમાંથી ખોટો પડે છે. ૩૨મી ગાથામાં. પહેલા આવ્યું હતું એનું છાપામાં. અરે..! ભગવાન! શું કરે છે આ?

પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરના વિરહ પડ્યા, ભરત ક્ષેત્રમાં સાક્ષાત્ કેવળજ્ઞાનીના વિરહ પડ્યા અને કોઈ અવધિ અને મનઃપર્યયજ્ઞાની આદિ સાક્ષાત્ વાત કરીને બતાવે કે જેથી એને ભરોસો આવે એના વિરહ પડી ગયા. એથી જગતના જીવો પોતાની કલ્પનાથી વીતરાગના માર્ગને માને અને કલ્પે તો બહુ વિરાધક થાય. ભાઈ! આ કાંઈ એકલું હાંકે... આ તો ત્રણ કાળના જ્ઞાની પરમાત્મા બિરાજે છે. અનંત કેવળીઓ બિરાજે, લાખો કેવળીઓ બિરાજે મહાવિદેહમાં. ચાર જ્ઞાનના ધણી ગણધરો આદિ બિરાજે, ત્રણ જ્ઞાનના ધણી બિરાજે, ત્રણ

જ્ઞાનના ધણી ઈન્દ્રો આદિ બિરાજે છે. એ કાંઈ તારા ઘરનું એકલું કરવા જાય તો નહિ થાય. મુશ્કેલ પડશે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**ઈન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ...**' આહાહા..! સ્પર્શ, રંગ, ગંધ, રસ, સ્પર્શ એ '**પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું...**' ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવના સામર્થ્યવાળું તત્ત્વ. એને '**સ્વયમેવ અનુભવમાં આવતું...**' જુઓ! ઓલો પરસંગથી આવતું. આ તો '**સ્વયમેવ અનુભવમાં આવતું...**' સ્વયમેવ અનુભવમાં આવતું, રાગ અને પરની અપેક્ષા વિના અનુભવમાં આવતું, એમ કહે છે. '**પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું...**' ભગવાન આત્મા એ પાંચ ઈન્દ્રિયના વિષયો શુભ કે અશુભ, એના તરફનું લક્ષ છોડીને ભગવાન આત્મા સ્વયમેવ પોતાથી ચૈતન્યપણું જેના અનુભવમાં આવતું એવું ચૈતન્યનું અસંગપણું '**તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા;...**' તે વડે ભગવાનની વાણીને, ભગવાનને પણ આત્માના જ્ઞાનથી જુદા કર્યા. આહાહા..! ભગવાનને જુદા કર્યા? આ ભગવાનની સાથે તે ભગવાન જુદા કર્યા. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન એમ કહે છે. ભગવાન એમ કહે છે કે અમારા સામું જોવું છોડી અને તારા સામું જોઈને એકાગ્ર થા એ ભગવાનની સ્તુતિ છે. એય..! વિજયમૂર્તિજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કહે છે કે સામું જોયા પછી થાય એ વાત વસ્તુમાં છે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- એક વખત તો જોવા દયો.

ઉત્તર :- પણ એક વખત ક્યારનું એક વખત? ક્યારનું એક વખત?

મુમુક્ષુ :- જ્યારે કરે ત્યારે એક વખત.

ઉત્તર :- તો થઈ રહ્યું એક વખતનો કાંઈ મેળ રહ્યો નહિ.

અહીં તો કહે છે, ભાઈ! જુઓ! શું કહે છે? ઈન્દ્રિયોના વિષયો એ શબ્દ, આ પુસ્તક, ભગવાનની મૂર્તિ બધા ઈન્દ્રિયના વિષય છે. આ સમ્મેદશિખર, શેત્રુંજય અને ગિરનાર. સાક્ષાત્ તીર્થંકર ઈન્દ્રિયનો વિષય (કહ્યું) પછી પ્રશ્ન ક્યાં? જ્યાં સુધી આમ ઈન્દ્રિયના વિષયને લક્ષમાં લઈને આ છે તે અહીં જ્ઞાન થાય છે. જ્ઞાયકનું જ્ઞેય ભિન્ન છે એમ નથી જાણતો. પણ એ જ્ઞેય છે તે જ્ઞાન થાય છે એમ જ્ઞેય અને જ્ઞાયકને એકપણે માને છે તેનું નામ ઈન્દ્રિયથી જીતાઈ ગયો, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આ ઈન્દ્રિયથી જીતાઈ ગયો કહો, ભાવેન્દ્રિયથી જીતાઈ ગયો કહો, પરથી જીતાઈ ગયો, જ્ઞેયથી જીતાઈ ગયો, જ્ઞાયક ભિન્ન રહ્યું નહિ. આહાહા..! ભારે કથની. '**इंदिये जिणित्ता**' 'અમૃતચંદ્રાચાર્યે' આવી જો ટીકા ન કરી હોત તો આટલું સ્પષ્ટીકરણ સમજાય નહિ. આહાહા..! પાઠમાં તો '**इंदिये जिणित्ता**' (એટલું છે). એ ઈન્દ્રિય જેણે જીતી અને અતીન્દ્રિય આત્માનો અનુભવ દૃષ્ટિ કરી તેને ધર્મ કહેવાય છે. તેણે ભગવાનની

સાચી સ્તુતિ કરી. બાકી રાગડા તાણી ભગવાનને ગાય અને એમાં થાય રાગ શુભ થાય અને એમાં ધર્મ માને તો મિથ્યાદષ્ટિ છે. સેઠી! બહુ .. ન આવ્યું.

'**ઇન્દ્રિયોના વિષયભૂત...**' અહીં કેટલા વિષય? આ બાયડી, છોકરા, ફલાણું એ અહીં નહિ. અહીં તો આખા ઇન્દ્રિયના વિષય સર્વ. આહાહા..! શાસ્ત્ર ઇન્દ્રિયનો વિષય.

મુમુક્ષુ :- સાંભળવું એ?

ઉત્તર :- સાંભળવું એ ઇન્દ્રિયનો વિષય, ભગવાનને જોવા ઇન્દ્રિયનો વિષય. કહો.

મુમુક્ષુ :- મનમાં વિચાર આવે એ પણ...

ઉત્તર :- મનનો વિકલ્પ આમ કરવો એ ઇન્દ્રિયનો વિષય.

મુમુક્ષુ :- એકલો રહી શકે?

ઉત્તર :- એકલો જ છે. રહી શકે શું? આહાહા..!

કહે છે કે એવા પરસ્પર એક થઈ ગયેલા જેવા ભાવઇન્દ્રિય વડે ગ્રહવામાં આવતા. જુઓને! ભાવઇન્દ્રિય વડે ગ્રહવામાં આવે છે ને એ તો કહે છે. એવા જે ઇન્દ્રિયના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થ તેમને. હયાતી રાખી એની. પોતાની ચૈતન્ય શક્તિના સ્વયમેવ અનુભવમાં આવતું... ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવના સામર્થ્યથી ભરેલો ભગવાન સ્વયમેવ અનુભવમાં આવતું. એટલે શું કહે છે? કે નિમિત્તનું સાંભળ્યું માટે અનુભવમાં આવતું એમ નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- સાંભળવું તો પહેલું પડે ને?

ઉત્તર :- એ જ કહે છે ને આ.

મુમુક્ષુ :- .. લક્ષ છોડે..

ઉત્તર :- લક્ષ છોડ્યું એટલે ખલાસ થઈ ગયું. એને લઈને ન થયું. સ્વયમેવ અનુભવમાં આવતું. આહાહા..!

ભગવાન આત્મા અંતર્મુખ વળતાં, અંતર્મુખ વળતાં બહિર્મુખના આશ્રયને અવલંબનનું જ્ઞાન પણ ક્યાં રહ્યું? બહિર્મુખ વસ્તુ તો ન રહી લક્ષમાં પણ એને (અવલંબને) થયેલું જે જ્ઞાન એ પણ લક્ષમાં ક્યાં રહ્યું? શું કીધું? બહિર્મુખના ભગવાન આદિ અને બહિર્લક્ષવાળું જે લક્ષ છે એ તો ન રહ્યું પણ પરલક્ષે કાંઈક રાગની મંદતા, ક્ષયોપશમ જ્ઞાન એ પણ લક્ષમાં રહ્યું નહિ. એવો અખંડ ભગવાન અસંગ ચૈતન્ય પ્રભુ, એનું અંતરમાં અવલંબન લેતાં જે સમ્યગ્દર્શન થાય એણે કેવળીના ભગવાનના ગુણગ્રામ કહ્યા, એમ કહેવામાં આવે છે. આહાહા..! આ કેવળીના ગુણગ્રામ, પૂછ્યું છે એમ કે ભગવાન તીર્થંકર અને કેવળીની સ્તુતિ કેમ થાય? ત્યારે કહ્યું કે આ આત્મા દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને એના વિષયો તરફથી ખસી અખંડ ચૈતન્યના અવલંબનમાં એકાગ્ર થાય ત્યારે એણે કેવળીના ગુણગ્રામ કહ્યા, કર્યા કહેવાય છે. પાછો દોષ કાઢે કે લ્યો! તમે ભગવાનની સ્તુતિની વાત કરી ત્યાં વળી આત્મા ક્યાં

નાખ્યો? પણ એ ભગવાન આ જ આત્મા ભગવાન છે. સાંભળને! કેવળીની સ્તુતિ એ તો પર, એ તો શુભરાગ છે. એ ક્યાં ધર્મ હતો? સમજાણું કાંઈ? આહાહા..!

એક જણા કહેતા કે લ્યો, કેવળી ભગવાનની સ્તુતિમાં ક્યાં રાગ આવ્યો? ત્યાં ક્યાં રાગ આવ્યો? પણ એ રાગ જ પોતે છે. ભગવાનની સામું જોયું અને ગુણગાન ગાયા ત્યાં શુભરાગ જ છે. અને એમાં મને ધર્મ થાય છે. મિથ્યાદષ્ટિનો ધર્મ થાય છે. ધર્મ એટલે સ્વભાવ મિથ્યાત્વપણાનો પ્રગટ થાય છે. બહુ આકરું. ..લાલજી! આવું ભારે આકરું. આ બધા બિચારા કરતા હશે. કોણ કરે છે તે કરતા હશે. કરે છે કે દિ'? સાંભળ તો ખરો. એ તો શુભભાવ હોય ત્યારે એ હોય. હોય તો એનો અભાવ કરીને દષ્ટિ કરે ત્યારે ઓલાને વ્યવહાર કહેવામાં આવે. બાકી કેવો વ્યવહાર-ફ્યવહાર. આહાહા..! સમજાણું? કેટલી ટીકા! એક **'इंदिये जिणित्ता'**ની આવી ટીકા છે.

**'તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા;...'** ભાઈ! કથંચિત્ તો ભગવાનને સાથે રાખો આમાં. ભગવાનની વાણીને તો આત્મા સાથે કાંઈક તો રાખો. કથંચિત્ એક અને કથંચિત્ જુદા. કેમ હશે? ભીખાભાઈ! એમ છે? કહે છે, અસંગ ભગવાન આત્મા ચિદાનંદ જ્યોત પડી છે અંદર. જેને રાગનો સંગ નથી એને વિષયના સંગની તો વાત શેની કરવી? વિષય એટલે કે આ બાહ્ય પદાર્થ. બાહ્ય પદાર્થ. એવા બાહ્ય પદાર્થથી ભિન્ન ભગવાન આત્મા અંતર અસંગ ચૈતન્ય સ્વયમેવ અનુભવવામાં આવવા લાયક તે વડે કરીને વિષયો એટલે બાહ્ય પદાર્થને અંતર પદાર્થના અવલંબન દ્વારા જુદાં કર્યા. એનો આશ્રય રહ્યો નહિ, એનું લક્ષ રહ્યું નહિ, એનો સંબંધ રહ્યો નહિ. અહીં લક્ષ આત્માનું, આશ્રય આત્માનો, સંબંધ આત્માનો. આહાહા..! કથન તે કથન પણ. આ તો હજી પાંચમા આરાના મુનિ. હજી ૯૦૦ વર્ષ પહેલાં થયા. એ પાંચમા આરાના જીવને ભગવાનની સ્તુતિ કેમ સાચી થાય એની વ્યાખ્યા કરે છે. કહો, સમજાણું આમાં?

**'પોતાથી જુદા કર્યા;...'** ભગવાનને પોતાથી જુદા કર્યા? વાણીને? સમયસારને? શેત્રુંજયને? સમ્મેદશિખરને? કહે છે કે સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય અને તારી નજર આમ ને આમ રહ્યા કરે તો એ જ્ઞેય છે અને તું જ્ઞાન છે. એમાં એકાકાર થઈ ગયેલી બુદ્ધિ તે મિથ્યાત્વ છે. આ જ્ઞેય છે માટે અહીં જ્ઞાન થાય છે અને આ જ્ઞાન થાય છે માટે જ્ઞેયનો એને આશ્રય છે, એવી જ્ઞેય-જ્ઞાયકની એકપણાની બુદ્ધિ એ મિથ્યાદષ્ટિ છે. ચાહે તો સમવસરણમાં બેઠો હોય તોપણ. અને સાતમી નરકમાં રહેલો હોય સમ્યગ્દષ્ટિ, એને પરદ્રવ્યના સંગથી ભિન્ન અસંગ ચૈતન્યની અનુભવ દૃષ્ટિ થતાં તેને ભગવાન આત્મા અને ભગવાનનું સમવસરણ આદિ પણ આત્માથી ભિન્ન જેણે જાણ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

શબ્દ, રૂપ. રૂપમાં ભગવાનની મૂર્તિ ને એ. શબ્દમાં વાણી, રસ, ગંધ, સ્પર્શ. બહુ ભક્તિ થાય ને ત્યારે એવી ભક્તિ થઈ કે ઓહોહો...! એક જણો કહે, તીર્થંકર ગોત્ર બંધાશે. બહુ

ભક્તિ આવે તો ૐ... ૐ... કર્યા કરે ને? એક છે ને એક જણો ઓલો સુરતમાં? નથી એક કોઈ .. ચીમન-ચીમન. એ આવ્યો હતો. એ ઓ.... કર્યા કરે. ઓલા કહે, આહાહા..! આ ધૂન લગાવે. કહે, આહાહા..! તીર્થંકરગોત્ર બાંધશે. કીધું, તેતર ગોત્ર બાંધશે, સાંભળને હવે. તારી દૃષ્ટિ જ રાગ ઉપર અને પર ઉપર પડી છે. દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. તીર્થંકરગોત્ર ક્યાંથી બાંધતો હતો? દૃષ્ટિમાં રાગનો તો આદર છે. ભગવાનનો આદર છે નહિ. આવા ને આવા અંદરમાં જૈનમાં.. જાવ કલ્યાણ થઈ ગયું.. કલ્યાણ થઈ ગયું. જાવ, ભવનો અભાવ થઈ જશે હવે તારો. ભવનો અભાવ એટલે આવો ભવ પાછો ફરી મનુષ્યનો મળવો મુશ્કેલ થઈ જશે. એવી વાત હતી, હોં! ભાઈ!

ઘણા વર્ષ પહેલાં એક સાધુ હતા સ્થાનકવાસી. પછી હતા એ સાધુ. પછી ઓલા પગે લાગે ને. એ વળી પગે લાગે છે કે નથી લાગતા, એ જોયા કરે. એ વખતે ગુલાબચંદજી થયા હતા ને ગાંધી? એને લઈને કેટલાક સાધુને પગે નહોતા લાગતા. સાધુ છે નહિ, આ કોઈ સાધુ છે નહિ. ગુલાબચંદજી હતા રાજકોટમાં. પછી જોયા કરે આ. પછી એમ કહે, ચરમશરીરી લાગે છે આ. એમ બોલે. કોઈ પગે ન લાગે ને એટલે કહે, આ ચરમશરીરી લાગે છે. ચરમશરીરી. એટલે એવો વ્યંગ-વ્યંગ (કરે). ચરમશરીરી એટલે આ છેલ્લું શરીર લાગે છે હવે નિગોદમાં જવાનું. ભાષા એવી બોલે. પગે ન લાગે એટલે. ત્યારે કોઈને પગે નહોતા લાગતા કેટલાક. ગુલાબચંદજીના ભગત જે થયેલા એ કોઈને પગે ન લાગે. જેટલા અપાસરા સાધુ વાપરે એ બધા મિથ્યાદૃષ્ટિ, ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે, જાવ. સાધુ અપાસરા એના માટે કરેલા વાપરે એ સાધુ નથી. એમ પોકાર કરીને ગુલાબચંદજી કહેતા. (સંવત) ૧૯૬૮ની સાલમાં. બોટાદમાં. એટલે કેટલાકે પગે લાગવાનું બંધ કરી દીધું. ઓલાને પગે ન લાગે એટલે કહે ચરમશરીરી લાગે છે. ઓલો જાણે કે વખાણ કરે છે. પણ ચરમશરીરી એટલે છેલ્લો ભવ લાગે છે હવે. આવા ને આવા.

અહીં કહે છે, બાપુ! આ આત્માને ભગવાનથી પણ જુદાં કર્યા એવું આત્માનું ભાન થયું એનું નામ ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૪, બુધવાર, તા. ૨-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૧, ૩૨ પ્રવચન નં. ૯૨**

આ જીવ-અજીવ અધિકાર. ૩૧મી ગાથા. એમાં જ્ઞેય-જ્ઞાયકના એકપણાના દોષનો પરિહાર છે. સમજાણું આમાં? ૩૧મી ગાથામાં જ્ઞેય એ પર ચીજ છે અને જ્ઞાયક તે સ્વ છે. એમાં અનાદિથી જે જ્ઞેય અને જ્ઞાયકનું એકપણે માનવું એનું નામ મિથ્યાદૃષ્ટિપણું છે. એ એકપણાની માન્યતાનો પરિહાર, અભાવ એનું નામ આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. અથવા તે જ્ઞેય દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિય જ્ઞેય ખંડ ખંડ જ્ઞાન અને વિષયો એ બધાને ઇન્દ્રિયો કહેવામાં આવી છે. એ ત્રણેને પોતાના જ્ઞાન સ્વભાવના અતિસૂક્ષ્મ સ્વભાવ વડે, અખંડ જ્ઞાન વડે અને અસંગ જ્ઞાન વડે. પોતાના આત્માને પરથી જુદો અનુભવવો એનું નામ ઇન્દ્રિયનું જીતવું કહેવાય છે, એનું નામ ધર્માત્મા કેવળજ્ઞાનીના ગુણનું સ્તવન કહેવાય છે, એનું નામ આત્માનો અનુભવ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. સમજાય છે કાંઈ?

આ જીવ અધિકાર છે ને? કે જીવમાં જીવપણાની સ્તુતિની મર્યાદા શું એ બતાવે છે. જીવ અધિકાર છે ને? ખરેખર જડ ઇન્દ્રિયો એ અજીવ, ભાવઇન્દ્રિય પણ ખરેખર જીવ નહિ માટે અજીવ. અને ઇન્દ્રિયોના બધા વિષયો આ જીવ નહિ માટે બધા અજીવ. સમજાણું કાંઈ? ભગવાન આ અપેક્ષાએ અજીવ. ભગવાન સર્વજ્ઞનો આત્મા આ જીવની અપેક્ષાએ અજીવ. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માના અનંત ગુણમાં અખંડ... ત્રણ બોલ લીધા ને? અતિસૂક્ષ્મ, અખંડ અને અસંગ એવો પરિપૂર્ણ આત્મા, એને ખંડ ઇન્દ્રય, દ્રવ્યેન્દ્રિય અને વિષયો ત્રણે જે જ્ઞેય છે, અજીવ છે, એનાથી પોતાના આત્માને અંદરમાં શુદ્ધમાં એકાગ્ર થઈને સાક્ષાત્ આત્માના શાંતિ અને આનંદનું વેદન, એનું નામ ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. કાલે નહોતા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ શું કરવા .... કાલે વાત થઈ હતી ને. સેઠી! સમજાણું કાંઈ? ... કહો, સમજાણું આમાં? શું કહ્યું? આટલા બોલ આમાં સમાડ્યા છે, હોં! આ વસ્તુ તો અલૌકિક ગંભીર છે.

સ્તુતિ કેમ કીધી? એ જીવ અધિકારની અંદર, આ જીવ અધિકારમાં સ્તુતિ કેમ વર્ણવી? સમજાણું કાંઈ? કે જીવ અધિકારમાં સ્તુતિનું વર્ણન એટલે કે જીવ જે જ્ઞાયક સ્વરૂપ અખંડ, અસંગ, અભેદ એકાકાર સ્વરૂપ. એની અંદર એકાગ્રતા તેનું નામ જીવ સ્વરૂપ, તેનું નામ જીવ સ્તુતિ, તેનું નામ ભગવાનની સ્તુતિ, તેનું નામ જ્ઞાયક સ્વભાવ તેની સ્તુતિ નામ, ગુણગ્રામ

નામ એકાગ્રતા. નથી પકડાતું? એય.. શેઠી! શું નથી પકડાતું? વન્સ મોર કરે છે ઈ. આહાહા..! અહીંયાં જીવ-અજીવ અધિકાર છે. એમાં આ સ્તુતિનું વર્ણન લીધું. એ સ્તુતિ લેશે બારમા ગુણસ્થાન સુધી.

મુમુક્ષુ :- બારમાની એમ ને?

ઉત્તર :- બારમા સુધી કીધું. બારમાની આ ન કીધું. આ તો ચોથા ગુણસ્થાનથી છે. તે બારમા સુધી લેશે સ્તુતિ. પછી તો સ્તુતિનું ફળ પરમાત્મા છે એમ લેશે. આ બારમાની નથી. આ તો ચોથાની જ છે. પણ મુનિ છે તો મુનિપ્રધાનથી વાત કરી છે. બાકી છે ચોથા ગુણસ્થાનથી આ ૩૧મી ગાથા. ૩૨માં ઉપશમ શ્રેણીની છે, ૩૩માં ક્ષપકક્ષેણીની છે. એ ત્રણેમાં જીવ ભગવાન આત્મા અખંડ... આ ત્રણ વિશેષણ આપ્યા એટલે લીધું. અતિસૂક્ષ્મ પ્રભુ, ચૈતન્યસ્વભાવ, અસંગ સ્વભાવ અને અખંડ સ્વભાવ. એના સ્વભાવ દ્વારા અંતર એકાકાર થઈ અને જે આત્માના સ્વભાવની સ્તુતિ શબ્દે ગુણગ્રામ જે કર્યા તેને જીવની દશાના વર્ણનમાં એને જીવ કહ્યો. એને જીવ કહ્યો. એ સિવાય ખંડ ઈન્દ્રિય, ભાવઈન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય અને વિષયો. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર પણ ઈન્દ્રિયના વિષય. એને આ જ્ઞાયકભાવથી અન્ય જ્ઞેય તરીકે કહ્યું, એને જીવ સ્વભાવથી અન્ય એટલે આ જીવસ્વભાવથી અન્ય-આ નહિ એવા અજીવ સ્વભાવ એને કહ્યું. શેઠી! એક '**इंदिये जिणित्ता**' એમાંથી આ કાઢ્યું છે. એટલો શબ્દ. આહાહા..! ટીકા તે કાંઈ ગજબ વાત છે ને.

'**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' જે કોઈ આત્મા, ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે કે કોઈપણ આત્મા ઈન્દ્રિયને જીતીને જ્ઞાનસ્વભાવ દ્વારા અધિક નામ જુદો નામ પરિપૂર્ણ પ્રભુ એવા આત્માને જે અનુભવે છે, વેદે છે, જાણે છે, સાક્ષાત્ અંતરમાં આનંદના વેદનથી આત્માને જાણે છે તેને જીતેન્દ્રિય સંતો તેને જીતેન્દ્રિય કહે છે. સમજાણું કાંઈ? ભારે આકરું! એક એક વાક્ય ઝીણા બધા. સમજાણું કે નહિ આમાં? વજુભાઈ! જ્ઞેય-જ્ઞાયક સંકર, જીવ-અજીવની એકતા, ભિન્નતાની વાત, એક્તા છે એની ભિન્નતાનું આ વર્ણન છે.

ભગવાન આત્મા અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ દ્વારા એ દ્રવ્યેન્દ્રિયો જે જડ આ માટી, એનું લક્ષ છોડી અથવા એ અને હું એમ એકત્વ જે આમ એક સમયમાં બે જાણે સાથે (છે) માટે એકત્વ છે એવી માન્યતા છોડી. છોડીનો અર્થ? અહીં જ્યાં સ્વભાવની એકાગ્રતા કરે ત્યારે એ માન્યતા છૂટી જાય છે. સમજાણું કાંઈ? અને આ આત્મા અસંગ, અખંડ, એકરૂપ આત્મસ્વભાવ ચૈતન્ય એકલો ગાંગડો પરિપૂર્ણ સ્વભાવ, પરથી ભિન્ન સ્વભાવ, પરથી અધિક સ્વભાવ, પરથી અધિક ભિન્ન પૂર્ણ સ્વભાવ, એવા સ્વભાવનો આશ્રય અને લક્ષ કરીને જે જ્ઞાયક સ્વભાવમાં એકાગ્ર થવું તે જ ખરેખર પરમેશ્વરની સ્તુતિ, પરમેશ્વર પોતે અને એની સ્તુતિ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? કહો, ભીખાભાઈ! આહાહા..! લ્યો, અહીં સુધી આવ્યું, જુઓ!

**'તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા;...'** ત્યાં સુધી આવ્યું. ત્રણેની વાત. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય, ઇન્દ્રિયના વિષયો ત્રણેને ઇન્દ્રિય તરીકે અહીંયાં ગણવામાં આવ્યા છે. બીજી ભાષાએ કહીએ તો ત્રણેને ભગવાન જ્ઞાયક સ્વભાવના લક્ષે એને જ્ઞેય-પરજ્ઞેય ગણવામાં આવ્યા છે. બીજી રીતે કહીએ કે જ્ઞાયક સ્વભાવના આશ્રયે જ્ઞાયક સ્વભાવ, જીવ સ્વભાવના આશ્રયે એને જીવ સ્વભાવથી અન્ય સ્વભાવ ગણવામાં આવ્યા. એટલે એને અજીવ સ્વભાવ-આ જીવ સ્વભાવ નહિ એમ ગણવામાં (આવ્યા છે). ખંડ ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને ભગવાન પરમેશ્વર કે સમ્મેદશિખર આદિ બધાને આ જીવ સ્વભાવની અપેક્ષાએ તેને અજીવ સ્વભાવ ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ?

આમ જે **'ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું,...'** ત્રણ થઈ ગયા ત્રણ. **'આમ જે...'** આ રીતે જે આત્મા **'દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો-'** ચાહે તો ભગવાનની વાણી હો, સાક્ષાત્ સમવસરણ હો, ભગવાન હો-એ બધા ઇન્દ્રિયના જ વિષયો છે. એય..! પાટણીજી!

મુમુક્ષુ :- ભગવાનની પ્રતિમા તો નહિ.

ઉત્તર :- પ્રતિમા વળી ક્યાં રહી ગયા. એ તો હેઠે રહી ગયા. સાક્ષાત્ ભગવાન ઇન્દ્રિયનો વિષય કીધો ત્યાં. શેઠી! એની ટીકા આવી હતી. લ્યો! આ તો હજી ભગવાન અને પ્રતિમાને પરમાત્માને વિષય કહે છે. અરે..! ભગવાન સાંભળ તો ખરો. આ સ્વ અખંડ વિષય સિવાય બધા પરવિષય તે પર છે. સાંભળને ભાઈ, તને ખબર નથી. એ ભગવાન એમ કહે છે. ભગવાન એમ કહે છે. સમજાણું કાંઈ? પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં એમ ફરમાવે છે કે ભાઈ! જે કોઈ આત્મા અમારું પરલક્ષ છોડીને, ઇન્દ્રિય જડનું લક્ષ છોડીને, ભાવેન્દ્રિય ખંડ ખંડનું લક્ષ છોડીને જે અખંડ જ્ઞાયક સ્વભાવ તરફ જઈને એકાગ્ર થશે, તેણે વાસ્તવિક ભગવાનની-પરમાત્માની સ્તુતિ કરી એમ અમે કહીએ છીએ. એમ ભગવાન કહે છે. રાજેન્દ્રજી! કહો, સમજાય છે આમાં?

**'એ ત્રણેને જીતીને,...'** જીતીને, એની વ્યાખ્યા આ. જીતીને એટલે શું? એટલે શું સમજ્યા ને? એટલે ક્યા? એમ તમારે સમજી લેવું થોડી થોડી હિન્દી ભાષા. દ્રવ્યેન્દ્રિય આ જડ, ભાવ ઇન્દ્રિય ખંડ ખંડ અંશ અને ઇન્દ્રિયોના વિષય **'એ ત્રણેને જીતીને,...'** એટલે કે ત્રણ તરફના લક્ષને છોડી દઈને ભગવાન જ્ઞાયક સ્વરૂપ પરિપૂર્ણ પ્રભુ, એના લક્ષમાં આવીને એકાગ્ર થાય છે તેણે આ ત્રણને જીત્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'જ્ઞેય-જ્ઞાયક સંકર નામનો દોષ આવતો હતો તે...'** ત્રણેને જીતીને. ભગવાન જ્ઞાયકસ્વરૂપ આત્મા ચૈતન્યબિંબ આત્મા, એને અને એ ભાવઇન્દ્રિય જ્ઞાનને ખંડ ખંડ જણાવે પદાર્થને અથવા જ્ઞાનને ખંડખંડપણે જણાવે એ પણ જ્ઞાનનું ખરેખર પરજ્ઞેય છે. પરજ્ઞેય સમજાય છે? સ્વજ્ઞેય નહિ. એવું જે ભાવ ઇન્દ્રિયનું પરજ્ઞેયપણું, દ્રવ્યેન્દ્રિયનું પરજ્ઞેયપણું અને વિષયોનું

પરજ્ઞેયપણું. સમજાણું?

ભાવઇન્દ્રિયના ખંડ ખંડ જ્ઞાન દ્વારા જ્ઞાયકભાવ જણાતો નથી. દ્રવ્યેન્દ્રિય દ્વારા એ જણાતો નથી. તેમ દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયના વિષયો ભગવાન આદિ દેવ-ગુરુ-શાસ્ત્ર કે કુટુંબ-સ્ત્રી-પરિવાર આદિ, એ દ્વારા જ્ઞાયકભાવ જણાતો નથી. એના ત્રણ તરફના ભાવના પરજ્ઞેય તરફના લક્ષને છોડી સ્વજ્ઞેય એવો જે જ્ઞાયકભાવ, તેના લક્ષે એકાગ્ર થાય તેણે આને ત્રણેને જીત્યા એટલે જ્ઞેય-જ્ઞાયકની એકતા જે હતી તે તૂટી. જ્ઞેય-જ્ઞાયક સંકર. સંકર નામ ખીચડો. ખીચડો કહે છે તમારામાં? મિલાવટ, મિલાવટ. દાણા-દાણા. દાણા હોય છે ને? દાણામાં કાંકરા. મગનું શાક કરે ને મગનું? એમાં નાખે કાંકરા થોડા. ખીચડો કહેવાય. અહીં તો ખીચડો બીજો કહે. ઘણા દાણા હોય. અહીં તો આ ખીચડો. આ તો દાણા અને કાંકરા. નહિતર તો આ ખીચડો અત્યારે એમ કહે બાજરો, ઘઉં, મગ, અડદ એમ બધું નાખે એને ખીચડો કહે. પણ એ તો નહિ.

અમારે ભાઈ સાથે વાત ચાલતી હતી. ઓલા હતા ને પંડિત લાલન. ૯૫ વર્ષની ઉંમર. ૧૬ વર્ષથી અભ્યાસ તે ૯૫ વર્ષ સુધી અભ્યાસ. બધું જ્ઞાન ખીચડો. બાર મહિના અહીં રહ્યા હતા. મલૂકચંદભાઈના મકાનમાં રહેતા ને? રહ્યા હતા. પછી બોલાવ્યા. કીધું, શું કરો છો આ તમે? ઊંધું. પછી રોવે. અમે પણ ઊંધું શીખ્યા. એમ કહે, હોં! વળી કોઈવાર ધૂન ચડી જાય. અમારા એડવર્ડ શું કહેવાય તમારે? જ્યોર્જને એક રાણીને ચક્રવર્તીને છન્નું હજાર રાણી! નહિ. એ વાત નહિ. શું છે? પંડિતજી! શું છે? કો'કના રજકણ ઝાઝા શરીરમાં અને કો'કને થોડા એટલે આમ કેમ? એમ કરવું છે તમારે? એ તો સંખ્યા બહારની કો'કને ઝાઝી હોય અને કો'કને થોડી હોય એમાં એની સાથે સંબંધ શું છે? પણ એ બહુ ઓલા અંગ્રેજીનું કર્યું. મહારાજ જ્યોર્જને એક રાણી, ચક્રવર્તી તમે મોટા ધર્માત્મા ક્ષાયિક સમકિતી એને છન્નું હજાર? નહિ, ખોટી વાત છે. બધો વ્યભિચાર છે. ભાઈ! સાંભળ તો ખરો. પ્રભુ! વળી કહે, વળી પાછું ... સમજાણું?

અહીંયાં તો કહે છે, એકલો જ્ઞાયકભાવ ખંડ ઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય, ભાવઇન્દ્રિયને જ્ઞેય તરીકે જાણી, જ્ઞેય લાખ સ્ત્રી હોય ને છન્નું હજાર. સમજાણું? સાક્ષાત્ ત્રણ લોકના નાથ હો કે સ્ત્રી હો, જ્ઞાન તરીકે પર વિષય તરીકે છે એ. સમજાય છે કાંઈ? એ સ્વવિષય જ્ઞાયક નહિ. એટલે કહે છે કે એવો જ્ઞેય અને જ્ઞાયકનો સંકર નામ એકપણાનો માન્યતાનો મિથ્યાભાવ હતો એ દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી. લ્યો! કેમ દૂર થયો? જ્ઞાયક સ્વભાવની એકાગ્રતામાં ખંડ ઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય અને તેની એક્તાના ભાવને અહીં એક્તાથી નાશ કર્યો. તેથી '**સઘળો દૂર થવાથી...**' શું થયું? શું રહ્યું? શું થયું અને શું રહ્યું?

ભાવઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય અને વિષયો, એમાં જે જ્ઞાયક પ્રભુ, એના તરફ વળીને, ઢળીને એને પોતાનું સ્વરૂપ અને એ પોતે છે એમ માનતો હતો એમાંથી ખસીને સ્વભાવ તરફની

એકતાથી એ પરની એકતા ટળી ત્યારે શું રહ્યું? કે '**એકત્વમાં ટંકોત્કીર્ણ...**' પોતાનો જ્ઞાયકસ્વભાવ, એકત્વમાં જેવું ટંકોત્કીર્ણ... નીચે (ફૂટનોટમાં અર્થ) છે. 'પત્થરમાં ટાંકણાથી કોરેલી મૂર્તિની જેમ એકાકાર જેવો ને તેવો સ્થિત.' ચિદ્‌બિંબ, ચિદ્‌ઘન અનાદિઅનંત જેવો શુદ્ધ ધ્રુવ છે તેઓ આ '**જ્ઞાનસ્વભાવ વડે...**' અહીં તો આત્મા કહેવો છે, હોં! ટંકોત્કીર્ણ એવો કોણ? કે જ્ઞાનસ્વભાવ વડે. આમ જ્ઞાન સ્વભાવ દ્વારા '**સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા...**' જુઓ! અહીં પાછા દ્રવ્ય લીધા. '**સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા...**' એ ભાવઈન્દ્રિય પણ અન્ય દ્રવ્ય છે, દ્રવ્યેન્દ્રિય અન્ય દ્રવ્ય છે અને ઈન્દ્રિયના વિષયો પણ અન્યદ્રવ્ય છે. ઘણી ઘણી રીતથી આચાર્યનું કથન ગંભીર. જ્ઞેય કહ્યું, અન્યદ્રવ્ય કહ્યું, આ જીવ નહિ એમ અજીવ પણ કહ્યું. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ, પરના એકત્વથી ખસીને સ્વના એકત્વમાં આવ્યો, સ્વના એકત્વમાં આવ્યો તો '**જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને...**' એવા પોતાના આત્માને '**અનુભવે છે...**' ભગવાન આત્મા પોતાના પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ દ્વારા આત્માને અનુભવે છે તો પરદ્રવ્ય જ્ઞેય-જે ભાવઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય આદિ બાહ્ય શબ્દો, શાસ્ત્ર આદિ પુસ્તક, પાના, ભગવાનની મૂર્તિ કે જાત્રા એ બધાથી જુદો પડી આત્મા આત્માના જ્ઞાનસ્વભાવ વડે ટંકોત્કીર્ણ એકત્વપણાને પ્રાપ્ત થઈને આત્માને અનુભવે, એને આત્મા પ્રાપ્ત થયો એમ કહેવામાં આવે છે. એને આત્મા મળ્યો, એને આત્મા પ્રાપ્ત થયો, એને આત્માનો સાક્ષાત્કાર થયો, એને આત્માનો અનુભવ થયો, એ આત્માના આનંદનું વેદન થયું, એ આત્માને સમ્યગ્દર્શન અને સ્વસંવેદન જ્ઞાન અને ચારિત્ર આદિ થયું. સમજાણું કાંઈ?

'**અન્ય દ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી જિતેન્દ્રિય જિન છે.**' લ્યો! તેને ભગવાન જિતેન્દ્રિય જિન કહે છે. એણે ઈન્દ્રિયોને જીતી અને તે જીન કહેવામાં આવ્યો. લ્યો, આ જિન કોઈ સંપ્રદાય નથી, જિન કોઈ વાડો નથી. જિન એટલે જ્ઞાયકભાવ દ્વારા આ ત્રણનું એકત્વપણું છૂટીને સ્વભાવની એકતા થવી તેને જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? જિન શબ્દ વાપર્યો. પાઠમાં જિતેન્દ્રિય છે. '**तं खलु जिदिंदियं**' એમાં આચાર્યે વધારે શબ્દ વાપર્યો. સમજાણું કાંઈ? જિતેન્દ્રિયમાંથી કાઢ્યું એ. છે ને આ છે ને છેલ્લું? '**स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुति**' છેલ્લો શબ્દ છે. '**स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुति**' શું કહે છે? ઓહોહો..! સંતોની કથન પદ્ધતિ અને થોડામાં ગાગરમાં સાગર ભરી દેવાની તાકાત. સ્વભાવમાં, હોં!

મુમુક્ષુ :- સ્વભાવમાં કે લખાણમાં?

ઉત્તર :- સ્વભાવમાં. લખાણ તો લખાણને કારણે (થાય). કેવળજ્ઞાન સમાડ્યું અંદર આત્મામાં.

કહે છે કે ધર્મ કેમ થાય એની આ વાત છે. અથવા જીવ સ્વભાવની પ્રાપ્તિ કેવી થાય તો તેને જીવ પ્રાપ્ત થયો કહેવાય. અથવા જીવ સ્વભાવની કેવી એકતાથી તેના ગુણની સ્તુતિ કરવામાં આવી એમ કહેવામાં આવે છે. હવે આમાં તો રાગ પણ વયો ગયો. ભાવઈન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય અને ઈન્દ્રિયના વિષયો એનાથી લક્ષ છોડીને જ્ઞાયકભાવમાં આવ્યો તો રાગને લઈને અંદરમાં આવ્યો, એમ આવ્યું નહિ. કહો, એ વ્યવહાર ક્યારે કહેવાણો? કે જ્યારે ખંડ ઈન્દ્રિય તરફથી છૂટીને અખંડ ભગવાન, આ દ્રવ્યેન્દ્રિય છૂટીને અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવને પકડ્યો અને વિષયોના સંગનું લક્ષ છોડીને અસંગ ચૈતન્યને પકડ્યો. એવા જ્ઞાયક સ્વભાવ વડે, જ્ઞાન સ્વભાવ વડે આત્માને જાણ્યો. એમ કીધું છે ને. જ્ઞાનસ્વભાવ વડે કીધું છે. રાગ વડે, નિમિત્ત વડે, વ્યવહાર વડે, એમ નથી કહ્યું. એમ હોતું નથી. એ તો પછી કથન વ્યવહારનયના ઘણા આવે. પણ વસ્તુસ્થિતિ આ છે. સમજાય છે કાંઈ? છે કે નહિ પણ? જુઓને, એમાં પાઠના અર્થમાં ભર્યું છે બધું. રાજેન્દ્રજી! છે કે નહિ એમાં?

ભગવાન આત્મા આમ જ્ઞાનસ્વભાવ એને રાગભાવથી પણ ભિન્ન પડ્યો, ખંડ ઈન્દ્રિયથી દ્રવ્યેન્દ્રિય એનાથી ભિન્ન પડ્યો ત્યારે જ્ઞાનસ્વભાવ વડે આત્માને જાણ્યો. એટલે જ્ઞાનસ્વભાવ વડે, છે ને. પાઠમાં પણ એ છે ને? '**णाणसहावधियं मुणदि आदं**' જ્ઞાનસ્વભાવ વડે કરીને અધિક નામ ભિન્ન અને પરિપૂર્ણ જુદો જાણે તેને જિતેન્દ્રિય જિન ભગવાન કહે છે. આમાં ક્યાં આ તો વસ્તુનું સ્વરૂપ છે. આ કહે, તમારો જિનનો આ ધર્મ છે. પણ વસ્તુ જ આ છે. જિનધર્મ શું? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ, એનો અંતર આશ્રય લઈને પરનું એકત્વ તૂટવું, છૂટવું અને સ્વમાં એકત્વ થવું એને જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? આહાહા..! એને પણ પોતાની અંતર મોટપની મોટપ સૂઝતી નથી. એની પોતાની મહત્તાની મોટપ આવતી નથી. એને આ રાગ અને આ ખંડ અને આ ને આ ને આની મહત્તા એને આવે છે. પરની જ્યાં મહત્તા આવે ત્યાં સ્વની મહત્તા રહેતી નથી.

પહેલી શ્રદ્ધામાં તો કહે, કબુલ કર કે ભગવાન આત્મા... રાગ અને ખંડઈન્દ્રિય એ બધું પર છે. એનાથી ભિન્ન પડીને સ્વભાવની એકાગ્રતા થવી એનું નામ ભગવાન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર કહે છે. એનું નામ ભગવાન મોક્ષનો માર્ગ કહે અને એને જિન જિતેન્દ્રિય કહેવામાં આવે છે. ઈન્દ્રિયને ફોડી નાખે, ખાય થોડું, બે રોટલી ખાય, દૂધ પીવે, સાદા કપડા પહેરે માટે જિતેન્દ્રિય છે એમ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો લોકો એમ કહે કે કેટલું ખાય છે. એક બાજરાનો અડધો રોટલો ઘી ચોપડ્યા વિનાનો અને છાશ. બહુ જિતેન્દ્રિય છે. છાશ સમજો છો? મઠ્ઠા. મઠ્ઠા અને રોટલો. આવું અમારે થયું હતું ભાઈ! (સંવત) ૧૯૮૩ની સાલમાં. લુગડા પહેરેને. .. ઓહોહો..!

શું સાદાઈ! શું સાદાઈ! એમ કહેતો હતો એક જણો. મેં કીધું, સાદાઈની વ્યાખ્યા શું? સમજાણું? મોટા શેઠ હોય ને એટલે એક લુગડું સાધારણ પહેરે, રોટલો અને દાળ ખાય. શું સાદાઈ! પણ એ સાદાઈ ક્યાં હતી? સાદાઈ તો એને કહીએ કે જેને રાગ અને ખંડ ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિયના વિષયોનું લક્ષ છોડી જ્ઞાયકમાં ચૈતન્ય એકાગ્ર થાય તેને સાદું જીવન અને સાત્વિક જીવન અને સમ્યગ્દર્શન જીવન કહેવામાં આવે છે. શેઠી!

મુમુક્ષુ :- ન્યારી વાત છે.

ઉત્તર :- અહીં તો જુદા પડવાની વાત છે. ન્યારી કહો કે જુદી. આહાહા..!

'**પોતાના આત્માને અનુભવે છે...**' ભગવાન આત્મા એના લક્ષમાં એકલો ભગવાન આખો પરિપૂર્ણ લીધો પોતે. એની વેદના-એનું વેદન જે થયું પર્યાયમાં એને જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. '**(જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી)...**' આ ભગવાન જ્ઞાનસ્વભાવ અહીં જ્ઞાનસ્વભાવને ભગવાન કહેશે, હોં! નીચે. '**એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' નીચે કહેશે. છેલ્લો. સમજાણું કાંઈ? '**परमार्थसता भगवता ज्ञानस्वभावेन**' સંસ્કૃત છે. અહીં ભગવાન આત્માને જ્ઞાનસ્વભાવને ભગવાન કહ્યો. જ્ઞાનસ્વભાવ મહિમાવંત પ્રભુ એનો જ્ઞાન સ્વભાવ છે, એવો મહિમાવંત ભગવાન જ્ઞાનસ્વભાવ '**અન્ય અચેતન દ્રવ્યોમાં નથી...**' એટલે કે જ્ઞાનસ્વભાવ એ રાગમાં નથી, ખંડ ઇન્દ્રિયમાં નથી. આ જ્ઞાનસ્વભાવ પરપદાર્થમાં નથી. પરમેશ્વર પરમાત્મા હોય આ સ્થાને તોપણ આ જ્ઞાનસ્વભાવ એમાં નથી.

મુમુક્ષુ :- .. અચેતન કહ્યું.

ઉત્તર :- કહો. અચેતન કહો, અજીવ કહ્યું. આ જીવની અપેક્ષાએ અજીવ કહો, આ ચેતનની અપેક્ષાએ અચેતન કહો. શું છે? વીતરાગ માર્ગ તો અલૌકિક છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીંયાં તો ચૈતન્યના દર્શન-જ્ઞાનઉપયોગની અપેક્ષાએ ચૈતન્ય પણ કહેવામાં આવે અને બીજા ગુણની અપેક્ષાએ એને અચેતન, એકને અચેતન કહેવામાં આવે. સપ્તભંગી જ્યાં ચાલી છે... સમજાય છે? જાણવા-દેખવાનો ઉપયોગ તે જીવ. બાકી બધા ગુણો જાણવા-દેખવાનું કામ કરતા નથી માટે અજીવ. એની સપ્તભંગી. તો હવે આ ભગવાન ચૈતન્ય સ્વભાવની અપેક્ષાએ બીજા બધા અચેતન. આ ચેતન નહિ માટે બધા અચેતન, માટે બધા જ્ઞેય અને માટે બધા પર. આહાહા..! સમજાણું કાંઈ?

'**(જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી)...**' આ ભગવાન જ્ઞાનસ્વભાવ... એ ખંડ ઇન્દ્રિય પણ ખરેખર અચેતન છે. આહાહા..! ચેતનસ્વભાવ ત્રિકાળી નથી માટે. રાગ અચેતન છે, પર અચેતન છે. ભગવાન આત્મા ચૈતન્યદળ, ચૈતન્યસ્વભાવ એ અન્ય અચેતન પદાર્થ.. '**તેથી તે વડે આત્મા સર્વથી અધિક,...**' તેથી તે વડે. સમજાય છે? કોના વડે? જ્ઞાનસ્વભાવ. '**અન્ય અચેતન દ્રવ્યમાં નથી તેથી તે વડે...**' એટલે જ્ઞાનસ્વભાવ

વડે **'આત્મા સર્વથી અધિક,...'** તે વડે એટલે? **'જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે...'** એટલે જ્ઞાનસ્વભાવ વડે. જ્ઞાન જાણવા સ્વભાવ વડે **'આત્મા સર્વથી અધિક,...'** સર્વથી જુદો અને પરિપૂર્ણ ભગવાન ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા..! આ મહેનત, પ્રયત્ન અંદરમાં કરવો જોઈએ એ કરે નહિ અને વાદવિવાદના ઝઘડા (કરે). અરે..! ભગવાન! સમજાય છે કાંઈ? જ્યાં પ્રયત્ન કરવો જોઈએ ત્યાં કરતો નથી અને વાદવિવાદ ભણીગણીને.. ભણીગણીને.. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' 'બનારસીદાસે' કહ્યું. 'બનારસીદાસ'નું.

ભગવાન આત્મા ભાઈ! પ્રભુ પરિપૂર્ણ ચૈતન્યસ્વભાવ છે ને. અને વસ્તુ હોય એ પરિપૂર્ણ ન હોય તો શું હોય? અને તેમાં એનો જ્ઞાનસ્વભાવ તો બધાને જાણે, પોતાને જાણે એવો એક અસાધારણ સ્વભાવ કે બીજા ગુણો એવા નથી. એક ગુણ બીજામાં તો નથી, એ જ્ઞાનસ્વભાવ અસાધારણ બીજામાં આ તો નથી પણ એ સ્વભાવ બીજા અનંત ગુણમાં પણ નથી. એવો ભગવાન જ્ઞાનસ્વભાવ, એના વડે પરથી ભિન્ન, અધિક જુદો કરીને જાણવો એનું નામ આત્મા જાણ્યો કહેવામાં આવે છે. આમ આત્મા-આત્મા તો બધા વાતું કરે. આત્મા આમ જાણો... આત્મા જાણો. અન્યમતિ બહુ વાતું કરે. એ આ રીતે હોય એનું નામ આત્મા. આમ આત્મા કહે એ શું કામ આવે? સમજાણું કાંઈ? જુદો કર્યો ત્યારે એનો અર્થ થયો કે બીજી ચીજ છે. એક જ છે એમ છે નહિ. એકમાં બે ભાગ પાડ્યા અહીં તો ખંડ ઈન્દ્રિય પણ પર અને સ્વભાવજ્ઞાયક તે સ્વ. સમજાણું કાંઈ?

ચૈતન્યભાવ એવો સ્વભાવ જીવન જેનું જાણવું-દેખવું એવું જેનું જીવન. જેનું જીવવું એટલે એવું ચેતવું એનો સ્વભાવ. એવા દ્વારા આત્માને પરથી તદ્દન જુદો, પરથી જુદો અધિક એવો જે જાણે **'તે કેવો જ્ઞાનસ્વભાવ છે? આ વિશ્વની ઉપર તરતો...'** જુઓ! પાછું નાખ્યું. બીજી ચીજ છે. ખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય બીજી ચીજો છે. એને જાણતા છતાં તે રૂપે નહિ થતો. તરતો એટલે? પોતે જ્ઞાયકસ્વભાવ પોતે પોતાને અને પરને જાણતો છતાં પરરૂપે નહિ થયો. પોતાના જાણવારૂપે રહીને પરને જાણતો અને પરરૂપે નહિ થતો, એ વિશ્વ ઉપર તરતો એમ કહેવામાં આવે છે. એટલે કે જેમ પાણીમાં ઉપર તરતો માણસ પાણીમાં બૂડતો નથી. બૂડતો નથી કહે છે? બૂડતા નહિ, ડૂબતા નહિ. પાણી ઉપર તરે એ અંદર ડૂબતો નથી. એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવે ભિન્ન કરીને જાણતો તે પરમાં ડૂબતો નથી એટલે પરરૂપે થતો નથી. આહાહા..!

**'વિશ્વ ઉપર તરતો...'** ભાષા કેવી છે! વિશ્વ અનંત. બધું હો. અનંત આત્મા અનંત રજકણો પણ એ એને જાણતો છતાં, એને જાણતો છતાં એમાં એકત્વ થતો નથી, એમાં ડૂબી જતો નથી, એનાથી ભિન્ન રહે છે. આહાહા..! એણે આત્માના વાસ્તવિક ગાણા સાંભળ્યા નથી. આહાહા..! કેમ ..જી! આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ. કહ્યું ને? **'णिच्छिदा**

**साहू**' ઇન્દ્રિયોને જીતી છે જેને એવા સંતો આને જિનને જિતેન્દ્રિય કહે છે. અજ્ઞાનીઓ ગમે તે કહે એથી કરીને વસ્તુસ્વરૂપ ક્યાંથી થઈ જાય બીજું? એમ કહે છે. સમજાણું કાંઈ? '**जिदिंदियं साहू णिच्छिदा**' નિશ્ચિત જે જિતેન્દ્રિય આત્માઓ પરમાત્મા છે એવા પરમાત્મા કે સંતો આવા ભગવાન આત્માને પરિપૂર્ણ સ્વભાવ દ્વારા પોતાને અનુભવે. પરને જાણતા છતાં પરરૂપ થતો નથી, પરથી જુદો રહે છે, પરથી તરતો રહે છે, પરથી ભિન્ન રહે છે, પરથી એકત્વ થતો નથી તે વિશ્વ ઉપર તરતો એમ કહેવામાં આવે છે. આહાહા..! રાગથી તરતો. સમજાય છે કાંઈ? રાગાદિ થાય તેને પણ રાગથી ભિન્ન પડેલું જ્ઞાન રાગને પર તરીકે જાણતા છતાં રાગરૂપ જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? આનું નામ આત્માની સ્તુતિ અને આત્મા જાણ્યો અને અનુભવ્યો અને આત્મા છે તેને પ્રાપ્ત કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**આ વિશ્વની ઉપર તરતો પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી...**' કેવો છે ભગવાન આત્મા? પ્રત્યક્ષ છે. એ કાંઈ પરોક્ષ રહી જાય છે એવી ચીજ છે જ નહિ. એના ગુણમાં જ પ્રત્યક્ષ થવું એવો એનો સ્વભાવ છે. સમજાય છે? પ્રકાશત્વ નામનો એનામાં ગુણ છે. ૪૭ ગુણો છે જીવમાં. એવા અનંત છે. એમાં એક ૧૨મો ગુણ પ્રકાશત્વ છે. ગુણ છે એનો કે જે પ્રત્યક્ષ થાય એવો જ એનો ગુણ છે. પરોક્ષ રહે એવો એનો ગુણ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા પરથી ભિન્ન પડીને પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી. સ્વસંવેદનજ્ઞાનમાં પ્રત્યક્ષપણે પ્રગટ થયો ભગવાન આત્મા. પ્રત્યક્ષ ઉદ્યોત જેનો છે. પ્રગટ છે.

'**સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' સદાય અંતરંગમાં ચૈતન્યસૂર્યથી પ્રકાશમાન ભગવાન આત્મા છે. કેવો છે એ? સમજાય છે? અહીં જ્ઞાનસ્વભાવ વર્ણવવો છે, હોં! કેવો છે જ્ઞાનસ્વભાવ? '**વિશ્વની ઉપર તરતો...**' એક બોલ. '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરમાં પ્રકાશમાન,...**' જ્ઞાનસ્વભાવ. આહાહા..! પ્રત્યક્ષ પરમાત્મા પોતે પોતાથી પ્રત્યક્ષ થાય એવું એનું સ્વરૂપ છે. પ્રવીણભાઈ! વાત સાંભળવી આમ મોટી મોટી લાગે જાણે આમ. આવડો મોટો હું? અરે..! ભાઈ! મોટી નથી. એ જેમ છે તે એ છે. જેમ છે તે એ જ વાત છે. બીજી વાત નથી. મોટી કહે, નાની કહે, વચલી કહે. જે કહે એ આ છે. એને કાંઈ ઓલું આવતું નથી કે રાગ કરો, વ્યવહાર કરો, આ કરો.. આ કરો.. તો ઓલું થાશે. એવી વાતું (આવે નહિ). આ તો મોટી વાતું.. એ ટીકા કરી છે. સમજાણું? દિગપટ ૮૪ બોલમાં. ભાઈ! એમ નથી, ભાઈ! તું તારી મહત્તાને મૂકી અને કો'કની મહત્તા વડે તારી મહત્તા પ્રગટે એમાં તને લાજ૫ નથી? સમજાણું? લાજ૫ નથી તને?

ભગવાન આત્મા સીધો પ્રત્યક્ષ સ્વભાવથી ઉદ્યોતમાન પ્રકાશમાન જ્ઞાનસ્વભાવ છે. સમજાણું કાંઈ? '**સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' છે. સદાય ત્રિકાળ અંતરંગમાં પ્રકાશમાન જ્યોત છે. અવિનશ્વર છે. જ્ઞાનસ્વભાવ નાશ થાય એવો નથી. સ્વતઃસિદ્ધ ભગવાન જ્ઞાનસ્વભાવ,

ચૈતન્યસ્વભાવ સ્વતઃસિદ્ધ છે. સ્વતઃસિદ્ધ છે. પોતાથી જ ચોક્કસપણે રહેલો છે. એ કોઈને કારણે છે નહિ. '**સ્વતઃસિદ્ધ...**' સ્વતઃસિદ્ધ '**અને પરમાર્થ સત્‌-**' પરમાર્થ રૂપી આત્માનો જ્ઞાનસ્વભાવ પરમાર્થરૂપ છે. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્માનો પરમાર્થરૂપ છે. આ પરમાર્થ કરવો-કરવો એ પરમાર્થ કોઈ કરતું નથી. આ પરમાર્થનું જ્ઞાન સ્વભાવ પરમાર્થરૂપ છે. '**એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' આહાહા..! સમજાણું કાંઈ?

'**णाणसहाव**' શબ્દ હતો ને '**णाणसहावधियं मुणदि आदं**' '**आदं**' એમ છે ને? આત્માને જ્ઞાનસ્વભાવથી અધિક-પરથી જુદો અનુભવવો. એ જ્ઞાનસ્વભાવ આવો, એમ વર્ણવ્યો. એ દ્વારા આત્મા જાણ્યો. એ દ્વારા આત્મા જણાય છે. બાકી કોઈ વિકલ્પ અને રાગ અને નિમિત્ત ને સંયોગ કોઈ કારણે શાસ્ત્રના જ્ઞાનથી પણ એ જણાય એવો નથી. સમજાણું કાંઈ? લ્યો! એ એક શ્લોક પૂરો થયો. ૩૧.

'**આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.**' સ્તુતિનું વર્ણન છે ને. સમજાણું કાંઈ? એના કૌંસમાં કહ્યું છે. '**(જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો),...**' પરજ્ઞેય, હોં! પરજ્ઞેય એ તો '**દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો,...**' ખંડ ખંડ જ્ઞાન '**તથા ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો...**' એ જ્ઞેય. '**અને જ્ઞાયક પોતે આત્મા-**' ભગવાન આત્મા જાણનાર અને એ પરરૂપે જણાય એવા જ્ઞેય. પરરૂપે જણાય એવા જ્ઞેય. '**એ બન્નેનું અનુભવન,...**' એ બંનેની એક્તાનું અનુભવન '**વિષયોની આસક્તતાથી, એક જેવું થતું હતું;...**' પરલક્ષી ભગવાનનું ભજન કરે ને ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... કહે છે કે એ પણ પરજ્ઞેય છે. રાગ પરજ્ઞેય છે. એની સાથે આત્માનું એકત્વ હતું એ સંકરદોષ હતો. ખીચડો થાતો. રાગ અને જ્ઞાનસ્વભાવવાળો આત્મા બે એક માનતો. અથવા જેના વડે આત્માને લાભ માને એનાથી જુદો છે, એમ એ માની શકે નહિ. તો એ ખંડ ઈન્દ્રિય અને રાગ પુણ્યાદિના ભાવથી જીવને લાભ થાય એમ માને, એ જીવને એનાથી જુદો કરી શકે નહિ. સમજાણું કાંઈ? ઘરે બેઠા આ બહુ સમજાય એવું નથી, નહિ? ચંદ્રકાંતભાઈ! એની મેળાએ શું સમજાય છે? શું હશે આ? એસોમાં કામ કરે પણ આમાં ન કામ કરી શકે, હોં! નહિ? આવું તે 'સમયસાર' હશે? બાપુ! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. એકલું આત્માને બતાવનારું અદ્વૈત અજોડ આંખ છે. અદ્વૈત અજોડ ચક્ષુ છે. સમજાય છે? એ બંનેનું વિષયોની આસક્તતાથી. એટલે કે જ્ઞેય ખંડ ખંડ ઈન્દ્રિયની આસક્તિ, દ્રવ્યેન્દ્રિયમાં એકાગ્રતા, વિષયો લીનતા. એટલે તેમાં એકાગ્રતા. '**એક જેવું થતું હતું;...**' જ્ઞેય અને જ્ઞાયકભાવ એક જેવું લાગતું હતું.

'**ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું...**' જ્ઞેય-રાગ, ખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયો. તેને ભેદજ્ઞાનથી પરથી જુદો પડીને ભિન્નપણું જાણ્યું. '**ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો...**' ત્યારે તે ભગવાન જાણનાર આત્મા અને પરજ્ઞેય તરીકે જ્ઞેય ખંડ ઈન્દ્રિય આદિ જે પર હતા તેને એકરૂપે માનતો હતો એ પરથી ભેદજ્ઞાન કરીને બેનો સંકરદોષ દૂર થયો.

અર્થાત્ મિથ્યાદષ્ટિપણાનો દોષ દૂર થયો. બેને એક માનવાનો દોષ હતો મિથ્યાત્વનો તે દૂર થયો. **'એમ અહીં જાણવું.'** એનું નામ ભગવાન આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

હવે બીજી સ્તુતિ. અહીંયાં કઈ ઢબે વાત લીધી છે, કઈ રીતે? કે આત્માની સ્તુતિ તરીકે આ એક પહેલી દરજ્જાની પછી ઉપશમ શ્રેણીની બીજા દરજ્જાની સ્તુતિ. કારણ કે ઓલો વિશેષ ઊંચે ચડ્યો. અને પછી ક્ષપક શ્રેણીની. એ સ્તુતિ છે. સ્તુતિનું પછી ફળ આવે કેવળજ્ઞાન. એ સ્તુતિ ન કહેવાય. સ્તુતિ તો અહીં સુધી, જ્યાં સુધી આમ ત્રણ પ્રકારનો ભાવ, અધૂરો ભાવ છે તેને સ્તુતિ કહેવામાં આવે. જીવના પૂર્ણ સ્વભાવની સ્તુતિ. એનાથી પછી પૂર્ણની પ્રાપ્તિ થઈ જાય પછી સ્તુતિ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્તુતિથી ...

ઉત્તર :- ક્યાં? આ તો ચોથેથી માંડી છે. છઠ્ઠાની ક્યાં વાત છે. ચોથેથી તે બારમા સુધીની સ્તુતિનું વર્ણન છે. એમાં પહેલી આ ચોથા ગુણસ્થાનની વાત કરી છે. મુનિ છે તો મુનિપ્રધાનથી વાત કરી.

હવે અહીંયાં આત્માની સ્તુતિ એટલે વિશેષ ગુણગ્રામ અને એકાગ્રતા, વિશેષ આત્મામાં એકાગ્રતા. જે ભાવ્યભાવક દોષ છે તેનું જીતવું. અભાવ નહિ. અભાવ ૩૩માં આવશે. જે કર્મનો ઉદય આવે... ભિન્ન પડ્યું છે, ભિન્ન પડ્યું છે, ભાન થયું છે પણ હજી પોતાની પર્યાયમાં કર્મનો ઉદય હોય એને અનુસરીને પોતે પોતામાં ભાવ્ય-વિકારની પર્યાય થાય, એને છોડીને પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય એને બીજા નંબરની ઊંચી સ્તુતિ ગણવામાં આવી છે. સમજાણું કાંઈ?

ભાવ્યભાવક. ભાવ્ય નામ આત્મામાં પરથી ભિન્નપણાનું ભાન થયું છતાં હજી કર્મના ઉદયના કાળમાં તેના તરફના વલણવાળો જે ભાવ છે તેને ભાવ્ય કહેવામાં આવે છે અને કર્મના ઉદયને ભાવક કહેવામાં આવે છે. એ બેની જે અંદરમાં એક્તાબુદ્ધિ નથી પણ હજી અસ્થિર બુદ્ધિને લઈને જે થાય છે એવા ભાવ્યભાવકનો નાશ-અભાવ કરવો અથવા જીતવું તેને બીજા પ્રકારની શુદ્ધતાની વૃદ્ધિ થઈ અંદર, એથી બીજા પ્રકારની એને સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાવ્ય એટલે વિકારી થવા યોગ્ય આત્માની દશા. સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો છતાં હજી દશામાં ભાવ્ય છે કે નહિ? અને ભાવક-કર્મનો ઉદય. એનું સંકર એટલે એના ઉદયમાં આમ જતો એ સંકર. એ દોષને દૂર કરીને સ્વભાવમાં ઠરે છે એને અહીંયાં ભાવ્યભાવક દોષને દૂર કરી સ્તુતિ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ આમાં? આમાં કોઈ ભાષા એવી આકરી નથી આવતી. પણ જરી ખ્યાલ તો આવવો જોઈએ કે નહિ? એને એમ થાય કે આ ઝીણું છે એમ કરીને કાઢી નાખે. એ પકડવા દેતો નથી. ઝીણું નથી, બાપુ! એ તારા ઘરની સાદી અને સીધી વાત છે. મીઠી, સાદી સીધી વાત.

એ શરણભૂત શું છે એની વાત છે, ભાઈ! .

કોઈ શરણભૂત નથી. મરી જા બહારમાં. કાલે છોકરો મરી ગયો નહિ? ૨૮ વર્ષનો લ્યો. શું થયું કોણ જાણે ઊલટી થઈ. ખલાસ. સલવાઈ ગયું અહીંયાં. એવા અનંત ભવ કર્યા, ભાઈ! અનંતા અવતાર કર્યા, બાપુ! તારી અનંતતાની આદિ ક્યાં છે તારી? અનાદિની આદિ ક્યાં? એટલો બધો કાળ ક્યાં ગાળ્યો? ક્યાં ગાળ્યો? પ્રભુ! તેં પરની એકત્વબુદ્ધિમાં ગાળ્યો, ભાઈ! એમાં ક્યાંય શરણ હતું નહિ. આહાહા..! અરે..! શરણના કાળ આવ્યા. એ ટાણે આ શરણ ન કરે તો શરણ કરશે કે દિ'? સમજાણું કાંઈ? આ મનુષ્યનો ભવ માંડ દુઃખથી બહાર આવીને મળ્યો. આહાહા..! એમાં જો આ વાત એની દૃષ્ટિમાં, લક્ષમાં અને અનુભવમાં ન લે તો ક્યાંય શરણ નથી, ભાઈ! ચોર્યાશીના અવતાર પાટું પડી છે, પાટ ચોર્યાશીની. માટે ભગવાન અને પરમેશ્વર અને સંતો 'કુંદકુંદાચાર્ય' કરુણાથી આ વાત કરે છે, ભાઈ! ભગવાન! તું એકત્વપણે માનીને પરથી જુદો થયો નથી એટલે રખડે છો. પરથી પરને એકત્વની માન્યતા છે એટલે એનો અર્થ કે જુદું પડવું નથી. એટલે પરમાં એકત્વપણે રખડવું છે. બાપુ! એવું તો અનંત વાર તેં કર્યું છે હવે? એ તેં શું નવું કર્યું? સમજાણું કાંઈ? નવું તો ભગવાન! તારા સ્વભાવને સંભાળ અને એકત્વતાને તોડ, એ નવું છે. એ એકત્વ તૂટ્યું એટલે જુદો પડ્યો એને મુક્તિ થયા વિના રહે નહિ. એને પર સાથે એકત્વ રહેશે નહિ. સમજાણું કાંઈ?

૩૨.

**जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं जिदमोहं साहुं परमट्ठवियाणया विंति।।३२।।**

ત્યાં **'जो इंदिये जिणित्ता'** હતું.

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

અહીં એ નાખ્યું, જોયું! પરમાર્થના જાણનાર પરમેશ્વરો અથવા મહાસંતો, એને જીતવું એ કહે છે. કે જેણે જ્ઞેય અને જ્ઞાયકના એકપણાની બુદ્ધિ તો તોડી છે પણ જેણે ઉદય સાથેની પોતાની ભાવ્ય થવાની દશાને પણ છોડી છે. સમજાણું કાંઈ? જેણે રાગ અને ખંડ ઇન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિયની એકતા તો છોડી છે. પણ જેણે હજી કર્મના તે કાળના ઉદય તરફને પોતાના વલણને વાળે છે એવી અવસ્થા જેણે છોડી નથી તે તેનો દોષ છે. તે જે પર તરફના વલણની દશાને છોડીને સ્વભાવમાં એકાગ્ર થાય છે તેના બીજા નંબરની– ઊંચા નંબરની. બીજા નંબરની એટલે? નંબર પહેલો ઊંચો અને બીજો હલકો એમ નહિ. બીજા પ્રકારની એક સ્તુતિ તેને ભગવાન કહે છે.

ટીકા. જુઓ! આમાં વાંધા. આ શબ્દમાં વાંધા. એક પત્રમાં આવ્યું હતું. અરે..! ભગવાન!

સાંભળને પ્રભુ! શું કહે છે? અરે..! તને શાસ્ત્રના અર્થ કરવાની રીતને પણ ખેંચાતાણ! એ તને અંદર ખેંચાતાણ કેમ મટશે? આહાહા..! સમજાય છે કાંઈ? આ શબ્દો આવ્યા હતા પત્રોમાં, કે જુઓ આમાં એમ કહે છે. શું કહે છે? કે '**મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે...**' લ્યો! એમ કે કર્મ આવ્યું ભાવકપણે. જીવને વિકાર કરાવવા માટે સમર્થ. પણ સાંભળ તો ખરો એ શું કહે છે?

અહીંયાં ધર્માત્મા મુનિ છે, સંત છે, હજી કર્મ બાકી છે. સમ્યગ્દર્શન-ચારિત્ર આદિ થયા છે. હવે એને કર્મનો ઉદય આમ આવ્યો છે. કેવો કર્મ? કે ફળ દેવાનું સામર્થ્ય. ફળ દેવાનું એટલે? અનુભાગ એને પ્રગટ થાય છે એની પર્યાયમાં. કોની પર્યાયમાં? કર્મના ઉદયમાં. એવું '**પ્રગટ ઉદયરૂપ થઈને...**' એટલે સત્તારૂપ હતું એ પ્રગટ ઉદયમાં આવ્યું. એ '**ભાવકપણે...**' ભાવકપણે એટલે અહીં ભાવ્ય થાય તો તેને ભાવક કહેવામાં આવે છે. અહીં ભાવ્ય તેને અનુસરીને. અનુસરીને એટલે? એ પ્રમાણે એમ નહિ પણ આમ અનુસરવું છોડી દઈને આમ જે અનુસરે, કર્મના ઉદય તરફને અનુસરે તો ઓલાને ભાવક કહે છે અને અનુસરવાની પર્યાયને ભાવ્ય કહે છે. સમજાણું કાંઈ?

ફરીને. '**મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે...**' ભાષા તો એવી છે કે જાણે ફળ દેવાનું સામર્થ્ય હોય. એનો અર્થ શું? કોને ફળ દે? એની સત્તામાં જે હતું એ અનુભાગના વિપાકપણે પાકપણે આવ્યું. સમજાણું? એ '**પ્રગટ ઉદયરૂપ થઈને...**' જુઓ! એ રીતે પ્રગટ ઉદય થયું ત્યાં. જડના પર્યાયોમાં એ પર્યાય પ્રગટ થઈ કર્મમાં. '**ભાવકપણે પ્રગટ થાય છે...**' હવે '**તોપણ...**' વજન અહીં છે એને ઠેકાણે ત્યાં વજન આપે છે. જોયું! આ ભાવકર્મ ... ભાવ કરાવ્યો માટે ભાવ થાય છે. અહીં તો કહે છે કે ભગવાન આત્મા પોતાના સ્વભાવ સન્મુખની એક્તા દૃષ્ટિ થઈ છે પણ હજી અસ્થિરતા ટળી નથી. એ અસ્થિરતાનો ભાવ્યભાવ પોતાના પુરુષાર્થને કારણે નબળાઈ રહી ગઈ છે. એ ભાવ્યમાં નિમિત્તપણે ભાવકકર્મ છે. તો ભાવકકર્મને '**તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' જુઓ! કર્મનો ઉદય આવ્યો, એના આમ થવાને, એને અનુસરીને. સ્વભાવને અનુસરીને નહિ પણ હજી ભાવ્ય, વિકાર થવાની લાયકાતથી એને પરને અનુસરીને થવાની લાયકાત પોતામાં. એવી '**જેની પ્રવૃત્તિ છે...**' અહીં લેવું. '**ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે...**' એટલે કે આત્માની વર્તમાન દશામાં નિમિત્ત તરફના વલણવાળી જેની દશા છે એવી પ્રવૃત્તિ '**એવો જે પોતાનો આત્મા...**' સમજાણું કાંઈ? ફરીને હોં! વિશેષ (લઈશું) આ તો...

આ તો વસ્તુસ્થિતિ છે, ભાઈ! આમાં કોઈના ઘરની આ વાત છે એમ માનવી જોઈએ. એમ નથી. સમજ્યાને? આ તો લ્યો એ તો એમના ઘરની વાત સિદ્ધ કરે છે એમાંથી કાઢીને. પણ જે છે એમ તો કહે. માન તો ખરો હવે. એના ઘરની અને એના ઘરની પડી રહી એને.

અહીં તો કહે છે, કર્મ ભાવકપણે આવ્યું ઉદયમાં એને ભાવક કહેવામાં આવે છે. પણ ભાવક હોવા છતાં, એમ કહે છે ને? '**તોપણ તેના અનુસારે...**' એટલે હજી આત્માની પર્યાય આ બાજુ વળી નથી. સ્થિરતા. '**તેના અનુસારે...**' નિમિત્તના લક્ષે પોતામાં વિકાર થવાની, ભાવ્ય થવાની લાયકાત છે '**એવો જે પોતાનો આત્મા...**' ભાષા જુઓ! '**એવો જે પોતાનો આત્મા ભાવ્ય તેને ભેદજ્ઞાનના બળ વડે...**' એટલે કે ભાવ્ય થવા દેતો નથી ભેદજ્ઞાનથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં છે આમાં? કાંઈ વાતેય નથી. હો ગયા .. કીધું ને ઓલું કે ક્યા હુઆ? મનખા મેં ક્યા હુઆ? કે ભાઈ સમજ્યા? રાવણે લીધી રામડી, રામે લીધી ગામડી, હો ગઈ રામા રામડી. મોટી રામાયણની વાત. રામાયણમાં શું હતું? રામાયણ આવે છે ને રામાયણ? રામાયણમાં શું હતું? આ રાવણે લીધી રામડી. રામડી એટલે સીતા. આ રામે મારી લીધી ગામડી. એટલે લંકા. હો ગઈ રામા–રામડી. આખી રામાયણ એમાં છે. એમ આમાં છે.

ભાવક અહીં છે. સ્વભાવની દૃષ્ટિ છે પણ હજી અસ્થિરતાની ભાવ્ય થવાની લાયકાત છે. આ તો લાયકાત છે હજી. હવે લાયકાત તોડશે. અહીં તો કહે છે કે અહીં જે ભાવ્ય થવાની તેને અનુસારે જેની પ્રવૃત્તિ જે હજી અત્યાર સુધી. કર્મનો ઉદય છે તેને અનુસારે, અનુસારે એટલે તેના વલણવાળી, તેના પ્રમાણમાં એમ નહિ, તેના વલણવાળી હજી પ્રવૃત્તિ છે જેની ત્યાં સુધી એને આ ઉપશમ શ્રેણીની જે સ્તુતિ છે એ સ્તુતિ બીજા નંબરની એને પ્રગટી નથી. હવે પ્રગટે કેમ? એની વાત અહીં લેવી છે. સમજાણું કાંઈ? થઈ ગયો વખત, હોં! ઘણો વધ્યો. એ કેમ લેશે ઈ હવે આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોંની નોંધ માટે

# પાઠકોંની નોંધ માટે

# પાઠકોંની નોંધ માટે

ૐ

હું પરમાત્મા છું એમ નક્કી કર.
હું પરમાત્મા છું એમ નિર્ણય કર.
હું પરમાત્મા છું એમ અનુભવ કર.